પ્રસ્તાવના

'સમાચાર', આ શબ્દ સાંભળતા, વાંચતા જ સ્મૃતિ પટલ પર વિવિધ પ્રસંગોની હારમાળા સર્જાય છે, અને તે સમાચાર વિશેષથી, વ્યક્તિને હર્ષ કે શોકની લાગણી અનુભવે છે, વર્તમાન પત્રમાં આવતાં સમાચારો, વાંચીને, સાંભળીને માત્ર દુઃખ, શોક, ઈર્ષ્યા, ધિક્કાર કે દુર્ભાવનાં મનમાં ઉપજે છે, જ્યારે પૂર્વના કાળમાં આવા કોઈ સમાચાર પત્રોનું ચલણ, ન હોવા છતાં, માત્ર દૂતના મોઢે સાંભળેલા વીરપ્રભુના વિહારના સમાચારથી વધતા ભાવોલ્લાસના કારણે પરમાત્માના વિચરણની દિશા સન્મુખ રહીને કેટલી ભક્તિથી વન્દન બહુમાન કરતાં કરતાં શ્રેણીક મહારાજા તીર્થંકર પદ સુધી પહોંચ્યા તો આજે એ જ શ્રેણીમાં પૂજ્યપાદ સ્વર્ગસ્થ ગુરુદેવશ્રીની વિહાર ચર્યા પ્રસંગે બનેલી અદ્‌ભુત ઘટનાઓને માણીએ.

- પંન્યાસ શ્રી પદ્મસેનવિજયજી ગણી

અનુક્રમણિકા

ક્રમ	નામ	પાના નં.
૧.	પૂ.પં.શ્રી ભાનુવિજય મ.સા. - ૧૦૦મી ઓળી પૂર્ણાહુતિ-ભવ્ય પ્રતિષ્ઠા, પુસ્તક વિમોચનાદિ કલકત્તા શાનદાર મહોત્સવ	૧
૨.	કલકત્તા - ૧૦૧ મી ઓળી પારણું તથા ઉપધાનતપ	૪૩
૩.	જોધપુર હાઈકોર્ટનું જજમેન્ટ (મહાવીરજી)	૪૮
૪.	આચાર્ય પદવીનાં મંગલાચરણ (પૂ.ઉપા.શ્રીમાનવિ., પૂ.પં. શ્રી હેમંતવિ.મ.સા., પૂ.પં.શ્રી ભાનુવિ. મ.સા.)	૫૨
૫.	દીક્ષા ધર્મનો જય હો	૯૦
૬.	પૂ.પં.શ્રી ત્રિલોચનવિજયજી મ.સા.ને આચાર્ય પદ	૧૧૩
૭.	પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.-૧૦૪ મી ઓળી પારણું	૧૧૫
૮.	ગુરુમંદિર - પાલીતાણા	૧૧૭
૯.	ભાવનગર - સામાયિક શાળા	૧૧૯
૧૦.	પાદરલી - 'પયડી બંધો' ઉદ્‌ઘાટન	૧૨૨
૧૧.	ઉસ્માનપુર - ''પ્રતિક્રમણસૂત્રચિત્રઆલ્બમ'' પુસ્તકનું વિમોચન	૧૨૫
૧૨.	સાબરમતીથી સિદ્ધગિરિનો છ'રી પાલિત સંઘ	૧૩૫

ક્રમ	નામ	પાના નં.
૧૩.	અમરેલીમાં દીક્ષા મહોત્સવ	૧૪૦
૧૪.	સંગમનેરમાં દીક્ષા	૧૪૪
૧૫.	સાવરકુંડલા નૂતન ઉપાશ્રય નિર્માણ	૧૪૬
૧૬.	શાંતિચંદ ઝવેરી - ૧૦૦ ઓળીનું પારણું	૧૪૯
૧૭.	સાવરકુંડલા - પદવી - પ્રવ્રજ્યા મહોત્સવ	૧૫૩
૧૮.	મુનિશ્રી જયઘોષવિજય મ.સા. ને ગણિપદ પ્રદાન	૧૭૧
૧૯.	ભાવનગરમાં દીક્ષા	૧૭૨
૨૦.	આશાકુંજ સોસાયટી (રાજનગર) પ્રતિષ્ઠા મહોત્સવ	૧૭૭
૨૧.	પિંડવાડા - દીક્ષા તથા શિબિર	૧૭૯
૨૨.	જામનગરમાં ભવ્ય પ્રવેશ, ઉપધાન તપ	૧૯૦
૨૩.	સુરતમાં યુવક - મહેરામણ	૧૯૭
૨૪.	અમલનેરમાં ૫૦૦ આયંબિલની અનુમોદના (પારણું)	૨૦૨
૨૫.	અમલનેરમાં તપશ્ચર્યાના પૂર - ભવ્ય વરઘોડો	૨૦૫
૨૬.	મુંબઈમાં ૧૦૦ દીક્ષાર્થીઓનો સન્માન સમારોહ	૨૧૩
૨૭.	દીક્ષા ઘેલું મહારાષ્ટ્ર (૨૬ દીક્ષાઓની ભવ્ય ઉજવણી)	૨૧૬
૨૮.	આંધ્રપ્રદેશમાં વાવાઝોડું	૨૩૨
૨૯.	માલેગાંવમાં પ્રતિષ્ઠા	૨૩૪
૩૦.	તપ-પારણાનો મહોત્સવ (અમદાવાદ-૨૦૦ ઓળી)	૨૪૭
૩૧.	ડભોઈમાં પ્રતિષ્ઠા	૨૫૦
૩૨.	પિંડવાડા અંજનશલાકા, પ્રતિષ્ઠા મહોત્સવ	૨૫૩
૩૩.	જલગામ નગરે તપશ્ચર્યા	૨૫૫
૩૪.	૧૦૮ મી ઓળીનું પારણું - લાલબાગ	૨૫૬/૨૫૯
૩૫.	નાસિક નગરે પ્રતિષ્ઠા	૨૫૭
૩૬.	પુણ્યશાળીના પગલે નિધાન	૩૦૩
૩૭.	વાર્ષિક ૧૧ કર્તવ્યોની સામુદાયિક ઉજવણી	૩૨૬
૩૮.	શ્રીપાળ નગર - ઉપધાન તપ	૩૩૦
૩૯.	કાળુશીની પોળ - ૧૦૦ ઓળીના પારણા મહોત્સવ	૩૩૩
૪૦.	શ્રીપાલનગરે અનોખો પ્રસંગ	૩૩૭

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૯,અંક-૬,તા.૧૭-૧૦-૧૯૭૦

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

પ્રભાવકપ્રવચનકાર તપોનિધિ પૂ. પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવરની વર્ધમાન આયંબિલ તપની ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે કલકત્તા જૈનસંઘે ઊજવેલ શાનદાર મહોત્સવ

⁜ ⁜ ⁜

જ્ઞાન-દર્શન ચારિત્રનાં સુંદર ઉપકરણો સાથે

૧૭૧ છોડનું ભવ્ય ઉદ્યાપન

⁜ ⁜ ⁜

પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ વિરચિત **કર્મસાહિત્યના મહાગ્રંથનું ઉદ્‌ઘાટન**

⁜ ગુજરાત-મહારાષ્ટ્ર-રાજસ્થાન વગેરે પ્રાંતોમાંથી **ભક્તવર્ગનું આગમન**

⁜ તપશ્ચર્યા - વ્રત - નિયમોની પ્રભાવના વગેરેથી **સંઘમાં ધર્મરંગના ઉછળેલાં પૂર**



આ બે કુમાર છે, પ્રદીપ અને અજય. પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૦ મી ઓળીની પૂર્ણાહૂતિ પ્રસંગે વર્ધમાન તપનો પાયો નાંખ્યો !



શેઠશ્રી સવાઈલાલ પૂ. ગુરુદેવશ્રીના ચરણે પાવનસ્પર્શ કરી કૃતાર્થ થઈ રહ્યા છે. સંઘપ્રમુખ શેઠશ્રી સવાઈલાલ કે. શાહ ગુણાનુવાદ કરી રહ્યા છે. સાથે ઊભા છે સંઘમંત્રીશ્રી અંદરજીભાઈ.



શ્રી બાબુલાલ છોટાલાલ પરિવાર સાથે. પોતાની સુપુત્રીઓ મનીષા અને પ્રીતિને ચારિત્રના સન્માર્ગે વાળે છે !





આ છે રંગોળીનું દશ્ય. દ્વૈપાયન દ્વારિકાને બાળી શકતો નથી !! કેમ ?
આયંબિલ આદિ તપના પ્રભાવે !



ઉદ્યાપન-ઈન્દ્રપુરીમાં આ છે નૂતન ડીઝાઈનનો ભંડાર !
લોકોને આ ભંડારે આકર્ષ્યા અને રૂપિયાથી લોકોએ એને ભરી દીધો.



સિદ્ધાંતમહોદધિ શાસનશિરતાજ સ્વ. પરમપૂજ્ય આચાર્ય ભગવંતશ્રી
વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા



પ્રભાવક પ્રવચનકાર ન્યાયવિશારદ તપોનિધિ પૂજ્ય પંન્યાસપ્રવર
ભાનુવિજયજી ગણિવર



૧૭૧ છોડના ભવ્ય "ઉદ્યાપન-ઈન્દ્રપુરી"ના ઉદ્‌ઘાટન પ્રસંગે શેઠશ્રી સવાઈલાલ કે. શાહને તથા એમનાં ધર્મપત્ની તારાલક્ષ્મીબેનને સંઘ તરફથી ક્રમશઃ શેઠશ્રી દેવચંદ ઝીણાભાઈ તથા શ્રીમતિ લીલાવતી અંદરજીભાઈ તિલક કરી રહ્યાં છે.

શ્રી વર્ધમાન આયંબિલ-તપની પ્રેરણા : આયંબિલતપમાં આવેલાં વિઘ્ન અને એનું નિવારણ : કલકત્તા તરફ પ્રયાણ :

"તપ આયંબિલનો કર, એકાંતર ઉપવાસમાં તો પારણે રસલાલસા વિશેષ રીતે પોષાવાનો સંભવ રહે છે ને તેથી રાગ-દ્વેષ અને વાસનાઓને પુષ્ટિ મળે છે... આયંબિલની તપસ્યામાં એ રસલાલસાદિ દોષો ઘટે છે."

આ કલ્યાણકારી સોનેરી હિતશિક્ષા હતી સ્વર્ગસ્થ પરમગુરુદેવ પૂજ્ય આચાર્યભગવંતશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની. એ વખતે...વિ. સં. ૧૯૯૧ના વર્ષે... પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવરની દીક્ષા અને એકાંતર ઉપવાસની તપશ્ચર્યા. પૂજ્યપાદ ગુરુદેવશ્રીની આયંબિલતપ કરવાની પ્રેરણા પામી શ્રી ભાનુવિજયજીએ વર્ધમાન આયંબિલ તપનો પાયો નાંખ્યો. એમને તો રાગ-દ્વેષ અને વાસનાઓને મૂળમાંથી ઊખેડી નાંખવાની તમન્ના હતી. ગુરુદેવની પ્રેરણા એમને ગમી ગઈ.

પરંતુ....તેઓની અદમ્ય ઈચ્છા હતી શાસ્ત્રગ્રંથોનું તપસ્પર્શી અધ્યયન કરવાની...! તેઓશ્રી આજે તેઓના એ કાળનાં સંસ્મરણો યાદ કરતાં કહે છે : **"મને ત્યારે કલ્પના પણ ન હતી કે હું વર્ધમાનતપની ૧૦૦ ઓળી પૂર્ણ કરી શકીશ. પાયો નાંખ્યા પછી દસ વર્ષમાં માત્ર અગિયાર ઓળી જ ઉપર થઈ. એ વખતે એવી એક ભ્રમણા મારા મનમાં હતી કે રોજ એકાસન કરવામાં ઘી-દૂધ...વગેરે લેવા છતાં જો કબજિયાત રહે છે તો આયંબિલના લુક્ખા ખોરાકમાં તો કણેકના લોચા આંતરડાઓમાં ચોંટી રહે... કેવી ભયંકર કબજિયાતનો રોગ થાય ? અને રસ-કસ વિના ભણવાનું કામ કેમ થાય ? આમ આયંબિલતપ કરવામાં મન શિથિલ બન્યું."**

પરંતુ આ માનસિક શિથિલતાને વિ. સં. ૨૦૦૨માં જોરદાર ધક્કો લાગ્યો. રાજસ્થાનમાં શિવગંજ શહેરમાં એક ઘટના બની.

મદ્રાસવાળા શ્રી ઋષભદાસજી જૈન, જેઓ મૂળ શિવગંજના વતની છે, તેઓ શિવગંજ આવેલા. પૂજ્ય પંન્યાસજી મહારાજ સાથે તેઓનો વાર્તાલાપ થયો, તેમાં તેઓએ પોતાની દૃઢવાણીમાં કહ્યું : "સાહેબ, આજે દુનિયા આત્મશક્તિ અને તપશક્તિ ભૂલીને જડની પાછળ દોડી રહી છે; પરંતુ એનાથી તામસી વૃત્તિઓ અને રાગદ્વેષના ઉકળાટ જ વધ્યા છે... દુનિયા સંતપ્ત છે. જેમ ગ્લાસમાં કચરાવાળા

પાણીને જરાય ન હાલવા દેતાં એમ જ શાંત રખાય તો કચરો આપોઆપ નીચે ઠરી જાય અને પાણી સ્વચ્છ બની જાય, તેમ તપ અને ત્યાગથી ખાનપાનાદિ પ્રવૃત્તિઓ જેટલી બંધ કરવામાં આવે એટલો આત્માનો ઉકળાટ બંધ પડે અને શાંતિ-પ્રસન્નતા આવે.''

આ વાર્તાલાપની ગંભીર અસર પૂજ્ય પંન્યાસજી મહારાજ ઉપર થઈ. અને વિ.સં. ૨૦૦૨ના જેઠ માસથી વર્ધમાન આયંબિલ તપની ઓળીઓ શરૂ કરી દીધી.

''**श्रेयांसि बहुविघ्नानि**'' શુભ કાર્યમાં વિઘ્નો તો આવે જ. પરંતુ શુભ કાર્યના આરંભમાં દૃઢ પ્રણિધાન હોય છે તો વિઘ્નો ઉપર વિજય મેળવી શકાય છે. પૂજ્ય પંન્યાસજી મહારાજ એ દિવસોની તપશ્ચર્યાનું વર્ણન કરતાં કહે છે : ''આયંબિલની ઓળીમાં કબજિયાતનો અનુભવ તો થયો, પરંતુ એની સામે બળવો જ પોકારવો હતો.... ત્રણ-ચાર ઓળી થતાં એક દિવસ કબજિયાત અને શરદીથી ૧૦૪ ડીગ્રી તાવ ચઢી આવ્યો ! ઓળીમાં ૪ આયંબિલ બાકી હતાં. તાવના બીજા દિવસે ઉપવાસ કર્યો... તાવની અસર ગઈ નહીં... ત્રીજા દિવસે માત્ર ઘેંસ અને મગનું પાણી લઈ આયંબિલ કર્યું.... ચોથા દિવસે ઉપવાસ ને ઓળી પૂરી ! પેલો તાવ તો ભાગી જ ગયો પરંતુ માત્ર ચાર દિવસ પારણું કરીને નવી ઓળી ચાલુ કરી દીધી !''

કેવું દૃઢ પ્રણિધાન ! કેવું સંકલ્પ બળ ! પરમાત્મ શાસનની તપશ્ચર્યાનો મહિમા જ એવો છે કે જેથી બાહ્ય અને અભ્યંતર રોગો ભાગી જાય. જો એ વખતે દૃઢતાથી તપશ્ચર્યા ચાલુ ન રાખી હોત અને ઓળી છોડી દઈ દવા અને અનુપાનોના ચક્કમાં પડી ગયા હોત તો ? તપશક્તિ પરનો વિશ્વાસ ડગી જાત અને બીમારી કદાચ લંબાઈ પણ જાત.

કબજિયાતનો ભય ભાગી ગયો. આયંબિલનો લુક્ખો આહાર ફાવી ગયો. ''આયંબિલની ઓળી ક્યારે પૂરી થશે ? કેટલા દિવસ બાકી રહ્યા...?'' આવા બધા વલોપાત શમી ગયા. એટલું જ નહીં પરંતુ એક ઓળી પછી... પારણું કર્યા વિના બીજી ઓળી કરીએ તો ? બીજીનું પારણું કર્યા વિના ત્રીજી ઓળી કરીએ તો ?'' એમ આયંબિલ કરવામાં મન ને તન ઉલ્લસિત થવા લાગ્યાં. પછી તો ઓળીઓની એવી રમઝટ જામી ગઈ કે વિ.સં. ૨૦૨૩માં ઠેઠ ૯૯ મી ઓળીએ પૂજ્ય પંન્યાસજી મહારાજ પહોંચી ગયા.

વિ. સં. ૨૦૨૩ ના ઉનાળામાં તેઓશ્રી મુંબઈ-મલાડમાં બિરાજતા હતા. ગ્રીષ્મકાલીન દાર્મિક શિક્ષાયતન ચાલી રહ્યું હતું ત્યારે તેઓશ્રીએ ૯૯ મી ઓળીનું

પારણું કરેલું પછી તો માત્ર ૧૦૦ મી ઓળી જ બાકી હતી... મુંબઈમાં જ એ ઓળી થઇ જાત... પરંતુ પૂજ્ય પરમગુરુદેવ આચાર્યભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા ખંભાત બિરાજતા હતા અને પૂ. પંન્યાસજી મહારાજની ઇચ્છા ૧૦૦મી ઓળીનું પારણું પૂ. પરમગુરુદેવશ્રીના વરદ હસ્તે કરવાની હતી ! એટલે ચોમાસા પછી તેઓશ્રી ખંભાત પધાર્યા અને ત્યાંથી ગ્રીષ્મકાળના શિક્ષાયતન માટે અમદાવાદ પધાર્યા. ત્યાં ૧૦૦મી ઓળી શરૂ કરી દીધી ! પરંતુ અહીં કસોટી નડી ગઈ. પૂજ્ય પંન્યાસજી મહારાજને 'કમળા'નો વ્યાધિ થયો. ધીખતો તાવ અને કમળો ! ખંભાતથી ગુરુદેવશ્રીની આજ્ઞા આવી કે ''પારણું કરો !'' ૭૪ મું આયંબિલ કરીને પારણું કર્યું... અને ત્યારબાદ તો ભયંકર આઘાત લાગે તેવી દુર્ઘટના બની ગઇ **પરમ કૃપાળુ પૂજ્ય આચાર્ય ભગવંત વિ.સ. ૨૦૨૪, વૈશાખ વદ ૧૧ના દિવસે કાળધર્મ પામ્યા.** ભવિતવ્યતાના આ ભયાનક ફટકાથી પૂજ્ય પંન્યાસજી મહારાજ ઉપર વજ્રઘાત થયો. તેઓનું સ્વાસ્થ્ય વધુ બગડ્યું... પરંતુ શાસનદેવની સહાયથી પુનઃ સ્વાસ્થ્ય સુધરી ગયું. ચાતુર્માસ અમદાવાદમાં કરીને સૌરાષ્ટ્રમાં વિચરીને પૂજ્યશ્રી ખંભાતમાં ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાના મહોત્સવમાં પધાર્યા.

બીજી બાજુ કલકત્તામાં એક ભવ્ય નવનિર્માણનું કાર્ય ચાલી રહ્યું હતું. **શેઠશ્રી મણિલાલ વનમાળીદાસની** અથાગ મહેનત અને આત્મભોગથી, સાથે સાથે શ્રી સંઘના મોટા સહકારથી કલકત્તાના ભવાનીપુર-લત્તામાં શ્રી જિનમંદિરનું નવનિર્માણ થઈ રહ્યું છે. રૂા. છ લાખનું કામ દેરાસરનું અને રૂા. ચાર લાખનું કામ ઉપાશ્રયનું હતું. બંને કાર્યો ધમધોકાર ચાલતાં હતાં... સાથે સાથે શેઠશ્રી મણિલાલ વનમાળીદાસ નવનિર્મિત ઉપાશ્રયમાં **પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી ભાનુવિજયજી ગણિવર**નું ચાતુર્માસ કરાવવા બે વર્ષથી પાછળ પડ્યા હતા. અંતે તેમની ઇચ્છા ફળી ! કલકત્તા શ્રી સંઘની આગ્રહપૂર્ણ વિનંતીને સ્વીકારી પૂજ્યશ્રીએ સંઘને આનંદિત કર્યો.

ખંભાતથી વિહાર કરી પિંડવાડા પધાર્યા. ત્યાં ઉનાળાનું ધાર્મિક શિક્ષાયતન કરીને જયપુર તરફ વિહાર લંબાવ્યો... કારણ કે જયપુર સંઘના અતિ આગ્રહથી વચલું ચોમાસું જયપુર કરવાનો નિર્ણય થયો હતો. જયપુરમાં પ્રાચીન જિનપ્રતિમાઓને ગાદીનશીન કરવાનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો અને પૂજ્યશ્રીએ કલકત્તા તરફ વિહાર લંબાવ્યો. શ્રી સમેતશીખરજી વગેરે કલ્યાણક ભૂમિઓની સ્પર્શના કરતા પૂજ્યશ્રી પંન્યાસજી મહારાજ પોતાના શિષ્યો મુનિરાજશ્રી જયશેખરવિજયજી મ., મુનિરાજશ્રી વિમલસેનવિજયજી મ., મુનિરાજશ્રી પદ્મસેનવિજયજી મ. આદિ પરિવાર સાથે કલકત્તા પધાર્યા. વિ. સં. ૨૦૨૬ ચૈત્ર સુદ ૧ના દિવસે કલકત્તામાં ભવ્ય સ્વાગત સાથે પધરામણી થઈ.

કલકત્તામાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ : ધાર્મિક શિક્ષાયતન : ૧૦૦મી ઓળીના પ્રારંભે અપૂર્વ તપ પ્રભાવના : ૧૭૧ છોડનું ઉજમણું : રંગોળીઓનું આકર્ષણ

ભવાનીપુરમાં નવનિર્મિત જિનમંદિરનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. ત્યારબાદ ધાર્મિક શિક્ષાયતનનું આયોજન થયું. તેમાં વિવિધ પ્રાંતોના તથા સ્થાનિક વિદ્યાર્થીઓએ જ્ઞાન-દર્શન-ચારિત્રની ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કરી.

એ અરસામાં કેનિંગસ્ટ્રીટના જિનમંદિરની સાલગીરી આવી લાગી. શેઠશ્રી સવાઈલાલ કે. શાહ વગેરેની વિનંતીથી કેનિંગસ્ટ્રીટમાં પૂજ્ય પંન્યાસજી મહારાજ પધાર્યા. ત્યાં પ્રૌઢ ગૃહસ્થો અને વિદ્યાર્થીઓ માટે **'જ્ઞાનસત્ર'**નું આયોજન થયું. કલકત્તા સંઘનો હર્ષોલ્લાસ પૂનમની સમુદ્રભરતીની જેમ ઉછળી રહ્યો હતો.

ચાતુર્માસ માટે પૂજ્યશ્રીને ભવાનીપુરમાં પધારવાનું જ હતું, પરંતુ કેનિંગસ્ટ્રીટના સંઘને પણ પૂજ્યશ્રીની જ્ઞાનગંગામાં સ્નાન કરી નિર્મળ થવાના કોડ જાગ્યા હતા. એટલે સંઘે ખૂબ આગ્રહ કરી પર્યુષણા બાદ કેનિંગસ્ટ્રીટમાં પધારવાનું નક્કી કરાવ્યું; અને અષાઢ સુદ ૨ના દિવસે પૂજ્યશ્રીએ કેનિંગસ્ટ્રીટમાં જ ૧૦૦મી ઓળીનો મંગલપ્રારંભ કરી દીધો. એ દિવસે સંઘમાં સામુદાયિક ૪૫૦ આયંબિલ થયાં. અનેક સ્ત્રી-પુરુષોએ વર્ધમાન આયંબિલ તપના પાયા નાંખ્યા.

મૂળનાયક જિનેશ્વરભગવંતની પાછળની દીવાલ ઉપર અષ્ટ પ્રાતિહાર્યની રચના, દેરાસરના પ્રવેશદ્વાર પર વિશાળકાય બે હાથી પર શ્રીપાલ અને મયણા... અને વચ્ચે ફરતું સિદ્ધચક્રજીનું મંડળ ! આ નિર્માણથી દેરાસરનું આકર્ષણ ઘણું વધી ગયું. પૂજ્યશ્રીનું જ્યાં ભવ્ય માર્ગદર્શન હોય ત્યાં પૂછવું જ શું !!

પૂજ્યશ્રીની ૧૦૦મી ઓળીના પ્રારંભની સાથે પૂજ્યશ્રીના પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજીએ ઉપવાસની તપશ્ચર્યા મૌન અને સ્વાધ્યાય સાથે શરૂ કરી દીધી ! આ મુનિરાજે પૂર્વ-દેશના ઉગ્રવિહારમાં પણ વર્ધમાન આયંબિલ તપની ૫૭-૫૮-૫૯મી ઓળીઓ સળંગ કરી હતી. તેમણે ૩૮ ઉપવાસ કર્યા. તપશ્ચર્યાની અનુમોદનાર્થે જુદા જુદા ભાવિકજનો તરફથી શ્રી પાર્શ્વમહિલા મંડળે દિવસો સુધી સાંગીઓ ગાઈ અને પૂજાઓ ભણાવી.

એક મશાલમાંથી અનેક મશાલો જલી ઊઠે ! એમ પૂજ્યશ્રીની ૧૦૦મી ઓળીની એક ભવ્ય તેજોમય મશાલમાંથી અનેકવિધ તપશ્ચર્યાઓની મશાલો જલી ઊઠી. શ્રાવક-શ્રાવિકાવર્ગમાં ૩૩-૩૦-૨૧-૧૬-૧૧-૧૦-૯-૮ ઉપવાસની તપશ્ચર્યાઓ

થઈ. દસવર્ષનાં બાળકોથી માંડી ૬૦-૭૦ વર્ષની ઉંમર સુધીના સો ઉપરાંત વર્ધમાન તપના પાયા નંખાયા. આમાં એવા જીવો પ્રભાવિત થયા કે જેમણે જીવનમાં ક્યારેય આયંબિલ કરેલું નહીં ! જ્ઞાની-તપસ્વી એવા પૂજ્યશ્રીએ જ્ઞાનના હજારો દીપકો પ્રગટાવ્યા અને તપના અજવાળા પાથર્યા...

• • •

• ભવાનીપુરમાં ધર્મપ્રભાવના : શેઠશ્રી નરભેરામ પાનાંચદ તથા શેઠશ્રી મણિલાલ વનમાળીદાસ વગેરેના ઉલ્લાસપૂર્વકના ધર્મ પુરુષાર્થ : અનેક સંઘપૂજન : 'ઉપમિતિ' શાસ્ત્ર પર સંવેગ - વૈરાગ્યથી તરબોળ પ્રવચનો :

"ઝાઝા હાથ રળીયામણા !" ઠેઠ ગુજરાતથી પૂજ્ય પંન્યાસજી મહારાજને બંગાળની રાજધાનીમાં લાવીને ભવાનીપુર સંઘના આગેવાનો હાથ જોડીને બેસી ન રહ્યા ! શ્રી નરભેરામ પાનાચંદ શ્રી મણિલાલ વનમાળીદાસ, અમૃતલાલ પ્રાણલાલ, શ્રી ચંદુલાલ નેમચંદ, શ્રી વસંતલાલ છગનલાલ ચુડાવાળા, શ્રી જેઠાભાઈ નાનચંદ, માસ્તર શ્રી કાન્તિલાલ ભાયચંદ વગેરે કાર્યકરો પરમાત્મશાસનની આરાધના-પ્રભાવનાના કાર્યમાં ઉલ્લાસભેર લાગી ગયા.

બાબુ દીપચંદજી કાંકરીયા વગેરે દ્વારા મૂળનાયક શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવંત આદિનો ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ થયા પછી બીજા દિવસે શેઠશ્રી મણિલાલ વનમાળીદાસ તરફથી દ્વારોદ્ઘાટન થયું. તેઓશ્રીએ સંઘને પોતાના ઘેર નિમંત્રિત કરી સંઘપૂજન કર્યું.

તપસ્વી પૂજ્ય મુનિરાજશ્રી જયસોમવિજયજી મ. ની સળંગ ૫૭-૫૮-૫૯મી આયંબિલ-ઓળીના પારણે શ્રી ચંદુલાલ નેમચંદે પોતાના આંગણે શ્રી સંઘને વાજતે-ગાજતે પધરાવીને સંઘપૂજન કર્યું. એ રીતે એ જ મુનિરાજે ગુરુભક્તિથી પ્રેરાઈને કરેલી ૩૮ ઉપવાસની તપશ્ચર્યાના પારણે 'શ્રી શાન્તાબેન રાયચંદ મોટી ઉછામણી બોલીને શ્રી સંઘને પોતાના ઘરે લઈ ગયાં અને સંઘપૂજન કર્યું.' તપસ્વીનાં સંસારીબેન સુભદ્રાબેન છનાલાલે ગીની મૂકીને ગુરુપૂજન કર્યું અને શ્રીફળની પ્રભાવના થઈ.

પૂજ્યશ્રીની ૧૦૦મી ઓળી સાથે, તપશ્ચર્યાના ભાવ ઉલસતાં શ્રી મણિલાલ પાનાચંદે માસખમણની તપશ્ચર્યા કરી ! પારણે વાજતે ગાજતે સકલ સંઘને પોતાના ઘેર તેડીને સંઘપૂજન કર્યું.

બડા બજારવાળા શ્રી મંગળદાસ વિઠ્ઠલદાસ વોરાના ધર્મપત્ની **શ્રી વિમળાબેને** ગુરુભક્તિ-નિમિત્તે કરેલા માસખમણના પારણે ચતુર્વિધસંઘને વાજતે ગાજતે પોતાના ઘેર પધરાવી સંઘપૂજન કર્યું.

ભવાનીપુર ઉપાશ્રયમાં પૂજ્ય પંન્યાસજી મહારાજે "ઉપમિતિ ભવપ્રપંચા કથા" નામના મહાનગ્રંથ ઉપર પ્રવચનો આપ્યા. ૧૦૦મી આયંબિલ-ઓળી ચાલુ અને ઉપદેશની હેલી ચાલુ ! સેંકડો સ્ત્રી-પુરુષોને ધર્મરંગ લાગ્યો. આજીવન બ્રહ્મચર્યવ્રત વગેરે વ્રતો અને નિયમો, તપ અને જપ...! વાતાવરણ ધર્મમય બની ગયું, પૂજ્યશ્રીનાં પ્રવચનોથી આકર્ષાઈને વૈષ્ણવસંપ્રદાયના ભાઈઓએ પૂજ્યશ્રીનું એક વ્યાખ્યાન **"સીતાજીના જીવનપ્રસંગ અને માનવજીવનના આદર્શ"** વિષય પર યોજેલું, ને તેની જાહેરપત્રિકા બહાર પાડેલી.

કલકત્તાની પ્રજાને આ તપોમૂર્તિ ધર્મપ્રભાવક પૂજ્ય પંન્યાસજી મહારાજનો પ્રથમ પરિચય હતો ! તેમને કદાચ આવી કલ્પના પણ નહીં હોય કે આવી આશાતીત ધર્મપ્રભાવના થશે ! લાખોની દ્રવ્ય ઉપજ ! હજારો જીવોના જીવન-પરિવર્તન યુવાનવર્ગમાં અપૂર્વ ધર્મજાગ્રતિ ! ઉગ્ર અને વીર તપશ્ચર્યા ! કલકત્તાએ અપૂર્વ ધર્મોત્સવ જોયો.

પૂજ્યશ્રી અને એમના મુનિમંડળની ધર્મઆરાધના અને શાસનપ્રભાવનાએ કલકત્તામાં જે ધર્મસુવાસ ફેલાવી છે તે વર્ષો સુધી એક સંભારણું બની રહેશે. અનેક જીવોને પ્રેરણા આપતી રહેશે.

શેઠશ્રી સવાઈલાલ કે. શાહ (J.P.) ની ધર્મધગશ : 'પરમતેજ' ગ્રંથનું ભવ્ય ઉદ્‌ઘાટન આકર્ષક આમંત્રણ-પત્રિકાનું પ્રકાશન : મહોત્સવનાં મંગલ મંડાણ :

પૂજ્યપાદ પંન્યાસજી મહારાજે "લલિતવિસ્તરા" ગ્રંથ ઉપર ગુજરાતી ભાષામાં (બે ભાગમાં) તત્ત્વપૂર્ણ વિવેચન લખેલું છે ને તે **"પરમતેજ"** રૂપે છપાયેલું, બીજો ભાગ પ્રકાશિત કરવાનો હતો. એ ગ્રંથનું પ્રકાશન એવી રીતે કરવાની ધારણા હતી કે જૈન સંઘ ઉપરાંત જૈનેતર પ્રજા અને આગેવાન શિક્ષિત વ્યક્તિઓને પણ જૈનધર્મ-દર્શન વિષે સાચો ખ્યાલ બંધાય. આ ભાવના શેઠશ્રી સવાઈલાલ કે. શાહ **(J.P.)** પ્રેસીડેન્સી મેજિસ્ટ્રેટની સમક્ષ વ્યક્ત કરતાં તેમણે એ ભાવનાને મૂર્તરૂપ આપવાની ધગશ બતાવી.

પં. બંગાળ-હાઈકોર્ટના ચીફ જસ્ટીસ માનનીય શ્રી પી.બી.મુખરજીના વરદહસ્તે "પરમતેજ" ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને વહોરાવવાનું નક્કી થયું. તે પૂર્વે પ્રકાશન-સમારોહ અંગે અંગ્રેજી-બંગાળી અખબારવાળાઓની પ્રેસ-કોન્ફરન્સ થઈ. ત્યારબાદ કલકત્તાની અનેક સામાજિક-ધાર્મિક સંસ્થાઓનો સંપર્ક પત્રિકા બહાર

પડી અને હજારો સ્ત્રી-પુરુષોની હાજરીમાં ચીફજસ્ટીસના હાથે પ્રકાશન થયું. આ પ્રસંગે ચીફજસ્ટીસ અને પૂજ્ય ગુરુદેવશ્રીનાં અંગ્રેજીભાષામાં વ્યક્તવ્યો થયાં.

બીજી બાજુ ઓળીના પારણાને પ્રસંગ નજીક આવતો હતો. જો કે ૧૭૧ છોડ ભરાવવા વગેરે કામ ભાઈશ્રી નવીનચંદ્રે ઉપાડી જ લીધું હતું અને વિશાળકાય આયોજન પાછળ સંઘના આગેવાનો લાગી જ ગયા હતા. **"મહોત્સવ અભૂતપૂર્વ ઉજવાવઓ જોઈએ."** આ દૃઢ સંકલ્પવાળા શેઠશ્રી સવાઈલાલે કેનિંગસ્ટ્રીટ સંઘ અને ભવાનીપુર સંઘનો સહકાર સાધીને આયોજન કરવા માંડ્યું.

શ્રી નવીનચંદ્ર ચોકસી અને મહાવીર મહિલામંડળે ૧૭૧ છોડ નોંધવાનું અને જ્ઞાન દર્શન-ચારિત્રનાં ઉપકરણ તૈયાર કરાવવાનું કામ પૂરઝડપે ઉપાડ્યું.

પૂજ્ય પંન્યાસજી મહારાજે કેનિંગસ્ટ્રીટ સંઘના આગ્રહથી પૂ. મુનિરાજશ્રી જયશેખરવિજયજી મ. આદિને ચાતુર્માસાર્થે કેનિંગસ્ટ્રીટના ઉપાશ્રયે મોકલ્યા હતા. પૂ. મહારાજશ્રીનાં વૈરાગ્યમય પ્રવચનોથી સંઘમાં સારી ધર્મઆરાધના થઈ. તદુપરાંત પૂ. મુનિરાજશ્રી રોજ કર્મગ્રંથ ઉપર વિસ્તારથી તત્ત્વ વાચના આપતા હતા જેમાં ૪૦-૫૦ ભાઈઓ રસ લેતા હતા.

શ્રી પર્યુષણા મહાપર્વને અનુલક્ષીને ૨૫૦ સ્ત્રી-પુરુષોએ અક્ષયનિધિ તપ કર્યો. બીજી પણ ૧૬-૧૫-૧૦-૮ વગેરે ઉપવાસની તપશ્ચર્યા થઈ. પર્યુષણા મહાપર્વના સમાપન સાથે સંઘમાં આતુરતા વધી ગઈ કે "ક્યારે પૂ.પંન્યાસજી મહારાજ ભવાનીપુરથી કેનિંગસ્ટ્રીટમાં પધારે !"

ભાદરવા સુદ ૯ના દિવસે પૂજ્યશ્રી કેનિંગસ્ટ્રીટમાં પધારતાં સંઘનો હર્ષોલ્લાસ વધી ગયો. પૂજ્યશ્રીએ "યોગદૃષ્ટિ" ગ્રંથ ઉપર પ્રવચનો શરૂ કર્યા. પૂજ્યશ્રીની ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિ સાથે જ પારણાં આવે એ રીતે ૭૧ ભાઈ-બહેનોએ વર્ધમાન આયંબિલ તપના પાયા નાંખ્યા. આ પુણ્યશાળીઓનાં અક્ષર-વાયણાં શેઠશ્રી સવાઈલાલ કે. શાહ તરફથી થયાં અને દરેકને રૂા. ૨નો ચાંલ્લો કરવામાં આવ્યો.

કલકત્તાના સમગ્ર જૈનસંઘમાં આનંદ-ઉમંગ અને તપની અનુમોદના ઉછળવા લાગ્યાં. "વર્ધમાન આયંબિલ તપની ૧૦૦મી ઓળીના પારણાનું ભવ્ય ઉદ્યાપન કરવાનો આવો સુવર્ણ અવસર મહાન પુણ્યોદયથી પ્રાપ્ત થાય છે," આ વિચાર સહુને ઉલ્લાસથી ભરી દેતો હતો. જીવનનો આ અપૂર્વ લહાવો લૂંટવા સહુ થનગની રહ્યા હતા.

આ પ્રસંગની સ્મૃતિ ચિરસ્મરણીય બની રહે તે માટે કેનિંગસ્ટ્રીટના દેરાસરમાં જામનગરના પ્રસિદ્ધ કલાકાર વેલજી નારણભાઈ એમની મંડળી સાથે કામે લાગી

ગયા હતા. આ દેરાસરમાં વર્ષો પૂર્વે પરમ શાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે ભવ્ય અંજનશલાકા મહોત્સવ ઉજવાયો હતો. શ્રીયુત શાન્તિલાલ ચુનીલાલ ચુડાવાળા વગેરેએ મૂળનાયકશ્રી મહાવીરસ્વામી વગેરે જિનબિંબોને ગાદીનશીન કરેલા.

જનસંખ્યા મોટી અને દેરાસર નાનું ! એટલે મંદિરની બાજુમાં સંગેમરમરની સુંદર દેવકુલિકાનું નિર્માણ થયું.

સંઘ સેક્રેટરી શ્રી સુંદરજીભાઈ, શ્રી છગનભાઈ, શ્રી સુરેશભાઈ વગેરે વોલન્ટરી કોરે દેરાસરને સજાવવામાં, ઉપાશ્રયને શણગારવામાં, ઉદ્યાપનના ૧૭૧ છોડને બાંધવામાં અને જ્ઞાન-દર્શન-ચારિત્રની સામગ્રીની આકર્ષક ગોઠવણી કરવામાં ભારે મહેનત ઉઠાવવા માંડી. બહારગામથી પધારનારા મહેમાનોને ઉતારવાની સુંદર વ્યવસ્થા, સ્નાન-ભોજનાદિની સરભરા અને દસહજાર જૈનોનું સાધર્મિક વાત્સલ્ય કરવાની યોજના... વગેરે કામો આ ઉત્સાહી કાર્યકરોએ ઉપાડી લીધાં.

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૦મી ઓળીનું પારણું નજીક આવી રહ્યું હતું. ભવ્ય મહોત્સવનો ખર્ચ પણ ભવ્ય હતો ! પરંતુ સંઘના પ્રમુખશ્રીએ કેનિંગસ્ટ્રીટસંઘ અને ભવાનીપુર સંઘના સહયોગથી હજારો રૂપિયાનું ફંડ એકત્રિત કરી લીધું...અને ભારતના ગામેગામના સંઘોને આમંત્રણ-પત્રિકા મોકલવા માટે, પત્રિકા તૈયાર કરવામાં આવી. ખૂબ જ આકર્ષક પુસ્તિકાકારની પત્રિકા છપાઈ...ને ગામોગામ રવાના થઈ...આ પત્રિકા આ પ્રમાણે હતી.

પ્રભાવક પ્રવચનકાર પૂ.પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવરની વર્ધમાન આયંબિલ તપની ૧૦૦મી ઓળીની ભવ્ય તપશ્ચર્યાની પૂર્ણાહુતિ

• ૧૭૧ છોડનું ભવ્ય ઉજમણું, કર્મસાહિત્ય પાંચમા ગ્રંથનું પ્રકાશન	પ્રસંગે	• શાન્તિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ

શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

શુભ સ્થળ : ૯૬ કેનિંગસ્ટ્રીટ, કલકત્તા-૧.

સમય : વિ.સં. ૨૪૯૬, આસો સુદ-૮ થી વદ-૧

સ્વસ્તિ શ્રી મહાવીર જિન પ્રણમ્ય શ્રી જિનપ્રાસાદાદિ ધર્માયતન વિભૂષિત... નગરે શ્રી આર્હત્ ધર્મોપાસક શેઠશ્રી... આદિ સંઘ સમસ્ત કલકત્તાથી શ્રી (ગુજરાતી) જૈન શ્વેતામ્બર તપગચ્છ સંઘના બહુમાનપૂર્વક પ્રણામ વાંચશો.

અમને જણાવતાં અતિ આનંદ થાય છે કે અત્રે એક દિવ્ય-પાવન પ્રસંગની

ઉજવણીનું આયોજન મહિનાઓ પૂર્વેથી થઈ રહ્યું છે. આપ જાણો છો કે આ વર્ષે અમારા કલકત્તા નગરમાં પૂજ્યપાદ પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવાર સાથે પાવન પગલાં થયાં ત્યારથી સંઘમાં ધર્મ-ઉદ્યોતનો ઝગમગ પ્રકાશ રેલાઈ રહ્યો છે. ભવાનીપુર લત્તાના વિશાળ શિખરબંધી અને ભારતભરમાં વિશિષ્ટ રંગમંડપથી અલંકૃત જિનપ્રાસાદમાં વૈ.સુ.૬ના ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ, મે વેકેશનમાં મૈસુર, મહારાષ્ટ્ર, ગુજરાત, કલકત્તા વગેરેના વિદ્યાર્થીઓનું ધાર્મિક, શિક્ષાયતન, પછી અમારા શ્રી સંઘ તરફથી કલકત્તા વિદ્યાર્થીઓનું જ્ઞાન સત્ર, "પરમતેજ" ભા.૨નું કલકત્તાની પ્રમુખ વ્યક્તિઓ તથા સંસ્થાઓના આમંત્રણપૂર્વકની જાહેર સભામાં બંગાળ હાઈકોર્ટના ચીફ જસ્ટીસના હાથે પ્રકાશન, કેનિંગસ્ટ્રીટ જિન મંદિરમાં વિશાળ ઘુમટમાં પ્રભુ મહાવીરદેવનાં જીવન પ્રસંગોના દર્શનીય અનેરા સોનેરી ૨૪ ચિત્ર, પર્યુષણ મહાપર્વની આરાધના ઈત્યાદિ અનેક ધર્મ આરાધના અને શાસન પ્રભાવનાનાં કાર્યો ઉલ્લાસ ઉમંગ સાથે ઉજવાયા.

હવે અમારા સંઘને આ યુગનો એક અદ્વિતીય ધાર્મિક પ્રસંગ ઉજવવાનો સુઅવસર મહાન ભાગ્યોદયથી જ પ્રાપ્ત થયો છે. સમગ્ર જૈન સંઘ પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રીની વર્ધમાન આયંબિલ તપની આરાધનાથી પ્રાયઃ સુપરિચિત છે; તેઓશ્રી આ મહાન તપની છેલ્લી ૧૦૦મી ઓળીની આરાધના કલકત્તામાં કરી રહ્યા છે.

આ ૧૦૦મી ઓળીના શુભ પ્રારંભ દિન અષાઢ સુદ બીજના દિવસે ૪૫૦ ભાગ્યશાળીઓએ આંબેલ કર્યા. અનેક નવા વર્ધમાન તપ પાયા નંખાયા એમાં ૧૦-૧૧ વર્ષના બે બાળકો તથા એક બેબીએ પણ પાયો નાખ્યો, બીજાઓની પણ ઓળીઓ ધમધોકાર ચાલી. તેમજ પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજના મૌન અને આખો દિવસ સ્વાધ્યાય-ધ્યાન સાથે સુખપૂર્વક ૩૮ ઉપવાસ બીજા પણ ભાઈ બહેનોના ૩૦-૩૦ ઉપવાસ, અનેક ૧૬ ભત્તા અઠ્ઠાઈઓ વગેરે તપનાં મંગળ વાજા વાગ્યા. બીજી બાજુ પૂ. પંન્યાસજી મહારાજની ઓળીનું પારણું અભૂતપૂર્વ ઉજવવા ઓળીની શરૂઆતથી જ ભાવિકો તરફથી ઉજમણાના છોડ ભરાવવાનું કાર્ય શરૂ થઈ ગયું.

ખરેખર ! જૈનશાસનના તપ ધર્મની બલિહારી છે. • જગદ્‌ગુરુ આચાર્યશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તરફ હિંસક મોગલ સમ્રાટ અકબરની ગુરુદૃષ્ટિ કરાવી એને દયાળુ બનાવનાર શ્રીમતી ચંપાશ્રાવિકાનો ૧૮૦ ઉપવાસનો તપ હતો. • દ્વારિકામાં દ્વૈપાયન દેવના દાહને ૧૨ વર્ષ સુધી ન થવા દેનાર દ્વારિકા પ્રજાનો આયંબિલાદિ તપ હતો. • સનતકુમારની ૧૬ ભયંકર રોગ સંયમ સાથે ૭૦૦

વર્ષની તપસ્યાએ નિવાર્યા. • ૬ માસના તપે દઢપ્રહારીના ઘોર પાપ ધોઈ નાખ્યા. • નંદીષેણ મહામુનિનાં કામ-વિકારોને તપ દબાવતો રહ્યો. • બાહુબલજીને દીક્ષા ભૂમિ પર જ ૧૨ મહિને કેવળજ્ઞાન સંવત્સરી તપે અપાવ્યું. • કદ્રુપા નંદીષેણ મુનિના છઠ્ઠના પારણે છઠ્ઠના તપ સાથે વૈયાવચ્ચના ઈન્દ્રે ગુણ ગાયા અને પરભવે એ કૃષ્ણજીના પિતા વાસુદેવ થયા. • મહાવીર પ્રભુએ કઠોર પણ કર્મોને ૧૨।। વર્ષમાં ૧૧।। વર્ષ જેટલા ઉપવાસ સાથે ધ્યાન-સાધનાથી નષ્ટ કરી કેવળજ્ઞાન લીધું. • શ્રી પુંડરિકગણધર સાથે ૫ ક્રોડ મુનિઓ, પાંડવો સાથે ૨૦ ક્રોડ મુનિઓ, વગેરેએ અનશન કરી ઘાતી કર્મોના ચૂરા કર્યા, કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા.

તપ સર્વમંગળનું માંગલ્ય છે. એમાંય આયંબિલ તપની વિશિષ્ટતા છે. એથી વિકારોનું શમન, શુભ ભાવનાઓના જુવાળ, પરમાત્મા સાથે પ્રીતિ, જ્ઞાનાવરણ, અંતરાયાદિ કર્મોનો વિધ્વંસ, વિષય-વૈરાગ્ય, વગેરે વગેરે હૃદય-પ્રદેશે સ્ફુરાયમાન બને છે. અનાદિની આહારસંજ્ઞા, રસસંજ્ઞા કપાતી આવી મોક્ષના પુનીત પંથે મંગળ પ્રયાણના પગરણ આંબેલથી મંડાય છે. • શ્રીચંદ્ર કેવળીએ પૂર્વભવે પાંચમા ભવે એકાંતરે ૫૦૦ આયંબિલ શરૂ કરી આ પ્રયાણ આરંભ્યા. પૂર્વના ત્રીજે ભવે વર્ધમાન આંબેલ તપ કર્યો. સ્વર્ગે જઈ અહીં શ્રીચંદ્ર વિદ્યાધર ચક્રવર્તી બની કેવળી થયા. • સુંદરીએ ૬૦ હજાર વર્ષ આંબેલ કરી ભરતચક્રવર્તીનો મોહ ઉતારી નાખીને ચારિત્રમાં એની સંમતિ મેળવી. • શ્રેણિક રાજાની મહાસેન કૃષ્ણા રાણીએ વર્ધમાન તપ ૧૦૦ ઓળી કરી મોક્ષપદ સાધ્યું. • વર્ધમાનસૂરિજી મહારાજે વર્ધમાન આંબેલ તપ કરતાં કરતાં શ્રી શંખેશ્વરજી પહોંચી પારણું ધાર્યું. પરંતુ વચમાં કાળ કરી જતાં શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના અધિષ્ઠાયક દેવ થયા. • આજે પણ કેઈ ભાગ્યવાનોએ ૧૦૦ ઓળી પૂર્ણ કરી છે, ને કોઈ એના પંથે વિચરે છે.

કર્મવન બાળવા દાવાનળ, મોહસાગર પાર કરવા જહાજ અને ભવાટવી લંઘવા સાર્થવાહ સમાન વર્ધમાન આંબેલ તપનો અલૌકિક મહિમા શ્રી ગૌતમ ગણધરે ચેડા મહારાજાને કહેલો.

પરમ સુખ અને પરમ શાંતિ પામવા માટે આત્માની પૂર્ણદશા પ્રાપ્ત કર્યે જ છૂટકો. આત્માની પૂર્ણતા કર્મોના ક્ષયથી જ પ્રાપ્ત થાય. તે કર્મક્ષય કરવા માટે તપશ્ચર્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી. તપશ્ચર્યા જ પરમ સુખનો એક ધોરી માર્ગ છે.

અમોને આવા મહામહિમાવંત વર્ધમાન આંબેલ તપની આવા પદસ્થ મહાત્માની ૧૦૦મી ઓળીની આસો સુદ ૧૫ના પૂર્ણાહુતિ થતી હોવાથી એ ઉજવવા અવસર મળ્યો છે એ અમારા કલકત્તા નગરમાં અમારા જીવનમાં પહેલો જ અને

દુર્લભ પ્રસંગ છે એથી હૈયે આનંદના પૂર ઉછળે છે.

સિદ્ધાંતમહોદધિ શાસન-શિરતાજ વાત્સલ્ય-મહોદધિ સ્વ. પરમગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ પોતાના જીવનકાળમાં જે અનેક મહાન કાર્યો કર્યા છે તેમાંનું એક મહાન કાર્ય સેંકડો સુસંયમી સાધુઓના ઘડતરનું કર્યું છે. તપસ્વી પૂજ્ય પંન્યાસજી મહારાજનું જીવન એ સ્વર્ગસ્થ સૂરિદેવનું જીવંત સર્જન છે. પૂ.પંન્યાસજી મહારાજની પ્રૌઢ વિદ્વત્તા, અપૂર્વ વ્યાખ્યાન પ્રતિભા, તેજસ્વી સંયમ અને વિશાળ શિષ્યસંપત્તિ...આ બધું એ સ્વર્ગસ્થ ગુરુદેવની પરમકૃપાના રસભરપૂર ફળો છે.

પૂજ્યશ્રીને દૈનિક પ્રવચનો, સાધુઓને અધ્યાપન, સંઘ અને શાસનના અનેક કાર્યો... સેંકડો સ્કૂલ-કૉલેજના વિદ્યાર્થીઓને જ્ઞાનદાન... આ બધી ભરચક પ્રવૃત્તિઓની સાથે... વર્ષમાં નવ-નવ મહિનાના આયંબિલ ! જ્ઞાન અને તપશ્ચર્યાનો આવો વિરલ સંગમ આ કાળમાં જોવા મળે છે એ આપણું અહોભાગ્ય છે. એઓશ્રીએ પોતાનું જીવન જ્ઞાન અને તપશ્ચર્યાની ચરણે ધરી દઈ આત્માનું તો પરમશ્રેય સાધ્યું જ છે... સાથે સાથે બીજા હજારો જીવોને એક અપૂર્વ આલંબન પૂરું પાડ્યું છે.

પૂજ્યશ્રીએ ગૃહસ્થાવસ્થામાં ઈન્સ્ટીટ્યુટ ઑફ બેંકર્સ ઈંગ્લેન્ડની સપુરસ્કાર પ્રથમ પરીક્ષા તથા સી.એ. ચાર્ટડ એકાઉન્ટન્ટની પરીક્ષા પસાર કરેલ છે. ભરયુવાનીમાં જૈનમુનિ દીક્ષા સ્વીકારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની ભવ્ય આરાધનાને અપનાવી છે. જિનાગમોનું અને જૈન પ્રાચીન સંસ્કૃત પ્રાકૃત ધાર્મિક આધ્યાત્મિક તથા જૈન દાર્શનિક શાસ્ત્રો ઉપરાંત ભવ્ય-પ્રાચીન ન્યાયદર્શન સહિત આર્યદર્શનોનું અવગાહન કર્યું છે અને હૃદય સ્પર્શી મનનીય તાત્ત્વિક આધ્યાત્મિક સાહિત્યનું સર્જન કર્યું છે. 'ઉચ્ચપ્રકાશના પંથે' 'નિશ્ચય-વ્યવહાર,' 'પરમતેજ', 'લલિત વિસ્તરા હિંદી વિવેચન' 'અમીચંદની અમીદૃષ્ટિ' 'સમરાદિત્ય ચરિત્ર'ના ભાગો વગેરે અનેક ગ્રંથોનું સર્જન કર્યું છે. એમાં **'પરમતેજ'** એ તો એઓશ્રીના જીવનની જ સાધનાનું પ્રતિબિંબ છે." જેઓ એક પ્રભાવક પ્રવચનકાર હોઈ દિવ્યદર્શન સાહિત્ય સમિતિ છેલ્લા ૧૯ વર્ષથી તેઓશ્રીનાં આધ્યાત્મિક પ્રવચનોને **'દિવ્યદર્શન'** સાપ્તાહિક દ્વારા પ્રકાશિત કરી અધ્યાત્મનું ઉપાસકોને અતિપ્રિય વાંચન આપે છે. પંન્યાસજી મહારાજ તો કહે છે કે -

પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનું તેજોમય જીવન

"આ બધો પ્રભાવ પરમ ઉપકારી ગુરુદેવ આચાર્ય ભગવંત **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ**નો છે. જેમણે બાલ્યવયથી અંતિમ ક્ષણ સુધી અખંડ બ્રહ્મચર્યનું

અદ્‌ભુત પાલન કરેલું. ૬૭ વર્ષના દીક્ષા પર્યાયમાં સંયમની ભારે ચીવટ અને ગુર્વાજ્ઞાંકિતતા જાળવેલી. આગમો પ્રકરણો, શાસ્ત્રો આચાર શુદ્ધિના (છેદ) ગ્રંથો, સ્યાદ્‌વાદરત્નાકરાદિ દર્શન શાસ્ત્રો ઉપરાંત કર્મપ્રકૃતિ વગેરેમાં અદ્‌ભુત પ્રવીણતા ગીતાર્થતા પ્રાપ્ત કરેલી, જેમણે નવીન ભવ્ય કર્મસાહિત્યનું સર્જન કર્યું-કરાવ્યું. પરમશાસન-પ્રભાવકો...તપસ્વીઓ જ્ઞાનીધ્યાની, દેશના-લબ્ધિવાળા વગેરે શ્રમણરત્નો પકવ્યા. બાલદીક્ષા પ્રતિબંધક બીલ વગેરેને રદ કરાવવામાં ભારે જહેમત લીધી અને બીલ રદ થયાં; જેમની નિશ્રામાં સંઘયાત્રાઓ-ઉપધાન-પ્રતિષ્ઠા-અંજનશલાકા વગેરે મહાન શાસનપ્રભાવક કાર્યો થયેલા અને જેઓશ્રી ૩૦૦ શ્રમણોના ગચ્છાધિપતિ હતા.'' આવા યુગપુરુષની કૃપાએ આપણને પૂ.પંન્યાસજી મહારાજ સાંપડ્યા; અને પરમ શાસન પ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ પૂ.આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા આગમપ્રજ્ઞ પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજ તેમજ વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના કૃપામય આશીર્વાદથી પૂર્ણ થતી, પૂ. પંન્યાસજી ગણિવર શ્રી ભાનુવિજયજી મહારાજની ૧૦૦મી ઓળીનું પારણું ઉજવવાનું પ્રાપ્ત થયું.

આનંદની વાત છે કે એ જ પૂ.સ્વ.ગચ્છાધિપતિએ સ્વકીય પ્રશિષ્યો પાસે શરૂ કરાવેલ મહાકાય કર્મ-સાહિત્યના સર્જનમાંનો પાંચમો ગ્રંથ **'રસબંધો-ઉત્તર પયડિ'** કે જે પૂ.પંન્યાસજી મહારાજના પ્રશિષ્ય-શિષ્યરત્ન પૂ.મુનિપુંગવો શ્રી જયઘોષવિજયજી મ. તથા શ્રી ધર્માનંદવિજયજી મ.ના માર્ગદર્શન મુજબ અને પૂ.પં.શ્રી હેમંતવિજયજી મ. ના શિષ્યરત્ન પૂ.મુનિશ્રી વીરશેખરવિજયજી મહારાજે બનાવેલ મૂળગાથા ઉપર પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ.ના શિષ્યરત્ન પૂ. તપસ્વી મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજે રચેલ છે. તેમજ જેનું મુદ્રણકાર્ય અમારા સંઘના જ્ઞાનખાતામાંથી રૂા. ૧૦,૦૦૦ હજારના ખર્ચે થયું છે. એ મહાન ગ્રંથરત્નનો પ્રકાશન સમારોહ આ જ ઉત્સવ દરમિયાન ઉજવાનાર છે. રચયિતા મુનિવર્યે વર્ષો સુધી અઠ્ઠમને પારણે અઠ્ઠમની તપસ્યા કરતાં કરતાં આ મહાન ગ્રંથરત્નનું સર્જન કર્યું છે અને જેનું નિરીક્ષણ-સંશોધન સ્વ.પૂ.પરમગુરુદેવ શ્રી આચાર્યભગવંતે તથા ઉક્ત મુનિપુંગવોએ કર્યું છે.

દેવગુરુપસાયે આ દુર્લભ પ્રસંગને શક્ય તન-મન-ધનના ભોગથી વિશિષ્ટ રીતે ઉજવવા ૧૭૧ છોડના ઉદ્યાપન સહિત અઠ્ઠાઈ મહોત્સવ શાંતિસ્નાત્ર વગેરેનું આયોજન કર્યું છે.

હવે આપશ્રીને સકુટુંબ પરિવાર આનો લાભ લેવા અમારું હાર્દિક સ્નેહભર્યું

આમંત્રણ છે. અત્રે પધારવાથી પૂજ્ય પંન્યાસજી મહારાજના તપ-ત્યાગ અને વૈરાગ્યનો ધોધ વહાવતા હૃદયસ્પર્શી પ્રવચનો સાંભળવાનો દુર્લભ સુઅવસર પણ પ્રાપ્ત થશે, જીવન સફળ બનાવવાનું સચોટ માર્ગદર્શન પ્રાપ્ત થશે સાથે પૂ. પંન્યાસજી મ. ને પૂ. મુનિરાજો શ્રી જયશેખરવિજયજી મ., શ્રી વિમલસેનવિજયજી મ., **શ્રી પદ્મસેનવિજયજી મ.,** શ્રી જયતિલકવિજયજી મ., આદિ પૂ. પંન્યાસજી મહારાજના પરિવારના તથા ભવાનીપુરસ્થિત મુનિશ્રી ચિદાનંદવિજયજી મ. અને અત્રે બિરાજમાન સાધ્વીજી શ્રી સુલોચનાશ્રીજી મ. તથા સાધ્વીજી શ્રી ઈન્દ્રપૂર્ણાશ્રીજી મ. ના દર્શન વંદનના લાભ ઉપરાંત અત્રેના બાબુ બદ્રીપ્રસાદનું વિશ્વવિખ્યાત જૈન મંદિર વગેરે જિનમંદિરોના દર્શન-પૂજનનો લાભ, તેમજ શ્રી સંમેતશીખરજી પાવાપુરીજી વગેરેની સ્પર્શનાનો લાભ પણ સુલભ બનશે.

બહારગામથી આવનાર ભાગ્યશાળીઓ માટે અત્રે ઊતરવા-રહેવા વગેરેની તથા ભોજન આદિની ખાસ વ્યવસ્થા રાખવામાં આવી છે. આપ કઈ ટ્રેનમાં કેટલા વાગે કલકત્તા-હાવરા સ્ટેશને ઉતરશો તે અગાઉથી જણાવી આભારી કરશો જેથી સ્વયંસેવકો આપનું સ્ટેશન પર સ્વાગત કરી શકે.

પૂજા ભાવનામાં સંગીતકારો ઉપરાંત અમદાવાદવાળા શ્રી ચતુરભાઈ ભક્તિરંગ જમાવશે, શાન્તિસ્નાત્રાદિ વિધિવિધાન માટે અમદાવાદ જ્ઞાનમંદિરવાળા શ્રી રમણલાલ કેશવલાલની મંડળી આવશે.

લિ.શ્રી (ગુજરાતી) જૈન શ્વેતામ્બર તપગચ્છ સંઘ (૯૬ કેનિંગસ્ટ્રીટ, કલકત્તા)

દા. સવાઈલાલ કેશવલાલ, ગીરધરલાલ મગનલાલ, અમૃતલાલ પ્રાણલાલ, ગીરધરલાલ પાનાચંદ, કે. છોટાલાલની કું., શ્રીમતી જીવનબેન ચાંદબેન, અમૃતલાલ કાલીદાસ, બાબુ હરખચંદજી કાંકરીયા, કેશવલાલ દુર્લભજી, ખીમચંદ ઉજમશી, શ્રી મહાવીર મહીલા મંડળ, દામોદરદાસ ઝીણાભાઈ, બાબુ જીવરાજજી રામપુરીઆ, ખુશાલચંદ વનેચંદ, નરભેરામ પાનાંચદ, ઝીણાભાઈ વીરજી વોરા, અનોપચંદ મંગળજી, શ્રીમતી લીલાવતી વાડીલાલ, મનમોહન લીલાધર, બાબુ પુખરાજજી કાનમલજી, રસીકલાલ ગંભીરદાસ, દ્વારકાદાસ કેશવજી, મણિલાલ વનમાળી, ભોગીલાલ હરજીવન સંઘવી, પ્રાણલાલ ઘેલાભાઈ, લક્ષ્મીચંદ દેવચંદ સલોત, લક્ષ્મીચંદ ફતેચંદજી કોચર, ચંપકલાલ હ. ભણસાલી.

મહોત્સવમાં વિશિષ્ટ દર્શનીય

- ૧૭૧ છોડનું ભવ્ય ઉજમણું (ઉદ્યાપન) એમાં ભાવભરી દૃષ્ટિએ દેખાય એવા જરીયાન છોડો સમ્યગ્‌દર્શન જ્ઞાન ચારિત્રના ઉપકરણો વગેરેથી દીપતી ઈન્દ્રપુરી

જેવો વિશાળ હોલ.

- સ્વ.પૂ.આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના વિશિષ્ટ ગુણગીત સાથે કર્મસાહિત્યના પાંચમા ગ્રંથ "રસબંધો"નું ભવ્ય પ્રકાશન.
- અષ્ટાપદજીની પૂજાના સ્પેશીયાલિસ્ટ અમદાવાદની જૈનધર્મ આરાધક મંડળના આગેવાન ભાઈશ્રી ચતુરભાઈ ચીમનલાલની ભક્તિ-સંગીત રમઝટ સાથેની શ્રી અષ્ટાપદજીની પૂજા.
- દેરાસરમાં તાજેતરમાં થયેલ વિશાળ ઘુમટમાં શ્રી મહાવીર ભગવાનના તથા શ્રી શાલીભદ્ર-મેઘકુમાર-દશાર્ણભદ્ર વગેરેના સોનેરી અને એમ્બોસ કારીગરીવાળા ૨૪ નયનરમ્ય ચિત્રો તથા પ્રભુજીની પાછળ સોનેરી એમ્બોસ કામમાં ભવ્ય અષ્ટપ્રાતિહાર્યના દશ્ય તેમજ મંદિર પ્રાંગણે વિશાળકાય બે સુંદર નવ્ય નિર્મિત હાથી.
- પ્રસિદ્ધ રંગોળીકાર શ્રી રમણિકલાલ શાહથી નિર્મિત **૩ ભવ્ય રંગોળીમાં** જીવંત જેવા ઐતિહાસિક પ્રસંગો.
- ૮ કર્મના વિપાક અંગેના ચિત્રો વગેરે કર્મસાહિત્યનું પ્રદર્શન.

મહોત્સવનો મંગલ કાર્યક્રમ

આસો સુદ ૮ થી આસો વદ ૧ સુધી

આસો સુદ ૮, ગુરુવાર તા. ૮-૧૦-૭૦
મહોત્સવનો પ્રારંભ, બપોરે શ્રી પંચકલ્યાણક પૂજા

શુક્રવાર **તા. ૯-૧૦-૭૦**
બપોરે શ્રી અંતરાયકર્મ નિવારણ પૂજા

શનિવાર **તા. ૧૦-૧૦-૭૦**
કુંભ સ્થાપના, બપોરે શ્રી બારવ્રતની પૂજા

રવિવાર **તા. ૧૧-૧૦-૭૦**
સવારે ૯-૧૫ વાગે, રથયાત્રાનો વરઘોડો, બપોરે શ્રી અષ્ટાપદજીની પૂજા

સોમવાર **તા. ૧૨-૧૦-૭૦** બપોરે નવાણું પ્રકારી પૂજા

મંગળવાર **તા. ૧૩-૧૦-૭૦**
નવગ્રહાદિ પૂજન તથા શ્રી સત્તરભેદી પૂજા

બુધવાર **તા. ૧૪-૧૦-૭૦**
સવારે ૮-૧૫ વાગે કર્મસાહિત્ય ગ્રંથ **(રસબંધો-ઉત્તરપયડિ)** ના પ્રકાશનનો સમારોહ તથા સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના ગુણગીત.
બપોરે શ્રી નવપદજીની પૂજા.

આસો વદ ૧, ગુરુવાર તા. ૧૫-૧૦-૭૦

વિજય મુહૂર્તે શ્રી શાંતિસ્નાત્ર (અમદાવાદવાળા ભાઈઓ તરફથી)

तपसा पापकर्माणि जन्मकोटि-कृतान्यपि ।
दह्यन्ते ह्यपि दाह्यं क्षणादेव शिखिना यथा ।

જેમ અગ્નિ વડે ઘણું પણ દાહ્ય ક્ષણમાં બાળી નખાય છે, એમ તપ વડે ક્રોડો જન્મમાં કરેલા પાપ બાળી નંખાય છે.

अथिरेण धिरो, समलेन निम्मलो, परवसेण साहिणो ।
देहेण जइ विढप्पइ धम्मो ता किमजुत्तं ॥

અસ્થિર, મલિન અને પરાધીન દેહથી જો સ્થિર, નિર્મળ અને સ્વાધીન (તપ, દયા આદિ) ધર્મ કમાઈ શકાય છે તો (એમ કરવામાં) શું અજુગતુ છે ?

यद् दूरं, यद् दुराराध्यं; दुर्लभं यत्सुरैरपि ।
तत्सर्वं तपसा साध्यं, तपो हि दुरतिक्रमम् ॥

જે દૂર છે, જે દુઃસાધ્ય છે, અને જે દેવોથી પણ પ્રાપ્ત કરવું મુશ્કેલ છે તે સઘળું તપથી સાધ્ય છે, કારણ કે તપને (દુઃસાધ્ય વગેરે)ઓળંઘવું-અવગણવું મુશ્કેલ છે.

श्रीहेतुर्भवहारि दारितगदं सन्निर्जराकारणम्
सद्यो विघ्नहरं हृषीकदमनं माङ्गल्यमिष्टार्थकृत् ।
देवाकर्षण- मारदर्पदलन संज्ञाविघात-क्षमम्
तीर्थाधीश्वरतान्तपुण्यजनकं सिद्धिप्रदं सत्तपः ॥

સમ્યક્ તપ એ (૧) લક્ષ્મીનું કારણ છે. (૨) ભવને હરનારો છે. (૩) રોગને તોડી નાખનાર છે. (૪) સકામ નિર્જરાનો હેતુ છે. (૫) શીઘ્ર વિઘ્નોને દૂર કરનાર છે. (૬) ઈન્દ્રિયોનું દમન કરનારો છે. (૭) મંગળકારી છે. (૮) ઈષ્ટ વસ્તુને કરી આપનાર છે. (૯) દેવનું આકર્ષણ. (૧૦) કામદેવના ગર્વનું દલન અને (૧૧) આહારાદિ સંજ્ઞાઓનો ઘાત કરવામાં સમર્થ છે. (૧૨) તીર્થંકરપણા-સુધીના પુણ્યોને પેદા કરનારો છે, અને (૧૩) મોક્ષ (સર્વ સિદ્ધિ)ને આપનારો છે.

કર્મસાહિત્યના પાંચમા ગ્રંથ "રસબંધો-ઉત્તરપયડી"નો ભવ્ય ઉદ્‌ઘાટન વિધિ:

ગુરુપૂજનમાં થયેલો રૂપિયાઓનો ઢગલો : શેઠશ્રી રમણલાલ વજેચંદનું પ્રેરક વક્તવ્ય : ભવ્ય સંઘપૂજન :

આસો સુદ : ૧૨ - આજે પ્રવચનમાં પ્રભાવક પ્રવચનકાર પૂજ્ય ગુરુદેવશ્રીએ સાધર્મિકભક્તિથી આયંબિલ કેમ કરાવવું ? કેવી રીતે સુકૃત પુષ્ટ થાય... વગેરે

એવું માર્મિક રીતે સમજાવ્યું કે આયંબિલ ખાતું સદ્ધર બની ગયું ! ટ્રસ્ટીમંડળના સભ્યો તથા કમિટીસભ્યો વગેરેએ રૂા. ૧૦૦૧, રૂા. ૫૦૧, રૂા. ૪૦૧, રૂા. ૨૫૧ વગેરે રકમો લખાવી. બાલમુનિશ્રી ચૈતન્યવિજયજી મહારાજના સંસારી પિતાજી ભૂરમલજી ખોડવાળા તરફથી રૂા. ૩૦૧ આયંબિલ ખાતામાં લખાવાયા. શેઠશ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા તરફથી રૂા. ૨૫૧ નોંધાવાયા. આમ કુલ રૂા. ૧૧૦૦૦ અગિયાર હજાર આયંબિલ ખાતામાં નોંધાયા.

વ્યાખ્યાન પૂર્ણ થયા પછી અમદાવાદવાળા ગુરુભક્ત શેઠશ્રી મયાભાઈ લક્ષ્મીચંદ તરફથી સંઘપૂજન કરવામાં આવ્યું હતું. તેમણે પૂજ્ય ગુરુદેવશ્રીનું **ગીની** મૂકીને ગુરુપૂજન કર્યું હતું. સર્વે મુનિરાજો અને સાધ્વીજી મહારાજનું રૂા. ૧૦-૧૦ મૂકીને ગુરુપૂજન કર્યું હતું. ત્યારબાદ દરેક સાધર્મિક ભાઈ-બહેનોને ચાંલ્લો કરીને એક-એક રૂપિયો આપીને સંઘપૂજન કર્યું હતું.

આજે બપોરે નવાણું પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી અને રાત્રે ભાવનામાં પ્રભુભક્તિ જામી હતી.

આસો સુદ : ૧૪ - આજે વ્યાખ્યાનમાં તપોનિધિ પૂજ્ય ગુરુદેવશ્રીએ તપધર્મનું મહત્ત્વ અને સક્રિય અનુમોદના સમજાવતાં અનેક ભાઈ-બહેનોએ ૫૦૦ આયંબિલ કરવાના, ૧૦૦ આયંબિલ કરવાના... ઉપવાસ કરવાના અભિગ્રહ લીધા હતા. ત્યારબાદ સંઘપ્રમુખ શ્રી સવાઈલાલ કે. શાહે દેરાસર સાધારણ ખાતે એક વર્ષ માટે રોજની રૂા. ૨૫ની તિથિઓ નોંધાવવા અપીલ કરી. પૂજ્ય પંન્યાસજી મહારાજે એ પ્રસ્તાવને વધાવી લેવાનો ઉપદેશ આપતાં જિનપૂજાનું ગણિત સમજાવ્યું. "રોજ મોટા દેરાસરમાં ૫૦૦ માણસો પૂજા કરે; દરેક ભગવાન પર નવતિલકથી પૂજા અને વધારાનું તિલક હથેળીમાં પણ કરે છે...એટલે રોજ પચીસ હજાર તિલક પ્રભુજીને થાય. એક મહિનામાં સાડાસાત લાખ તિલક થાય. બાર મહિને નેવું લાખ તિલક થાય ! આમાં જે પુણ્યશાળીના કેશર-ચંદન વપરાય, એ કેટલા બધા ભાગ્યશાળી !! એવી રીતે દૂધ, ઘી, ધૂપ વગેરે પણ વપરાય...ને ?" પૂજ્યશ્રીની પ્રેરણા થતાં ભાગ્યશાળીઓએ ટપોટપ તિથિઓ લખાવવા માંડી.

આ કામ પતી જતાં મુંબઈ-લાલબાગવાળા ભાઈઓ તરફથી સંઘપૂજન કરવામાં આવ્યું હતું.

આજે અમદાવાદથી શેઠશ્રી રમણલાલ વજેચંદની આગેવાની નીચે ચાલીસ પુણ્યશાળી સ્ત્રી-પુરુષો મહોત્સવનિમિત્તે અને કર્મસાહિત્યના નવનિર્મિત પાંચમા ગ્રંથના ઉદ્‌ઘાટન-અર્થે આવવાના હોવાથી સંઘપ્રમુખ શેઠશ્રી સવાઈલાલ કે. શાહ

સંઘના બીજા આગેવાનો સાથે સ્વાગતાર્થે સ્ટેશન પર ગયા હતા.

આ તપ-ઉદ્યાપનના મહોત્સવ પ્રસંગે મુંબઈથી શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ, શેઠશ્રી શાંતિલાલ સોમચંદ (ભાણાભાઈ), શેઠશ્રી લાલચંદજી છગનલાલ, શેઠશ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા (મુંબઈ-આયંબિલખાતાના માનદ્ સેક્રેટરી,) શ્રી સુધાકરભાઈ મણિલાલ, (મુંબઈ-ચોપાટી જૈનસંઘના માનદ્ સેક્રેટરી,) શ્રી બાબુલાલ છોટાલાલ ઘીવાળા સહકુટુંબ, શ્રી ચીમનભાઈ મોંઢેરાવાળા, શ્રી બાલાભાઈ મગનલાલ, શ્રી જયસુખલાલ ચુનીલાલ દાદરવાળા, શેઠશ્રી મયાભાઈ લક્ષ્મીચંદ (અમદાવાદ-સુરદાસશેઠની પોળના પંચના પ્રમુખ,) શેઠશ્રી ચંદુલાલ જીવાભાઈ (અમદાવાદ-દશાપોરવાડ સોસાયટી, જૈન મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી,) પૂજ્ય પંન્યાસજી મહારાજના સંસારી ભાઈશ્રી ચતુરદાસ ચીમનલાલ (બહેનો, ભોજાઈઓ, મામા-મામી, ભાણેજ-ભત્રીજા વગેરે સાથે,) ખાવડવાળા શ્રી જશવંતકુમાર, સુરતથી રતનચંદ નાણાવટી, દાંતરાઈવાળા શ્રી હંસરાજ પીથાજી, પિંડવાડાથી શેઠશ્રી સમરથમલજી રાયચંદ, ફલોદીથી શેઠશ્રી સંપતલાલ પદમચંદ, પાલીથી પારસમલજી ભંસાલી, પાલનપુરથી શ્રી છનાલાલ કકલદાસ, જયપુરથી શ્રી ઉદયચંદજી મહેતા તથા શ્રી ઈન્દ્રચંદજી, સોલાપુરથી શેઠશ્રી સંપતલાલજી લુંકડ, ઉદયપુરથી શ્રી નરેન્દ્રકુમાર (M.A.) ઘાણેરાવવાળા શ્રી અંજનાબેન, મુંબઈથી શિક્ષાયતનના વિદ્યાર્થીઓ શ્રી કુમારપાલ વિ. શાહ વગેરે, વડોદરાથી શ્રી હસમુખ શાહ, યોગેશ ઘીઆ વગેરે...લગભગ બધા મળીને બસો મહેમાનો પધારેલા હતા.

બહારગામથી આવેલા મહેમાનોની સમસ્ત સગવડો જાળવવા માટે ત્રણ મકાનોની અલગ અલગ રસોડા વગેરની વ્યવસ્થા કરવામાં આવી હતી. વોલંટિયરો જુદા જુદા સમયે સ્ટેશન ઉપર જઈ, મહેમાનોને લઈ આવતા અને જરાય તકલીફ પડવા દેતા નહીં. પાછા જવા માટે ટીકીટ-રીઝર્વેશન વગેરેની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી, 'કચ્છીભુવન' 'સ્થાનકવાસી જૈનભવન' તથા 'લોહાણા મહાજનવાડી'ના કાર્યકરોએ પોતાના મકાનો મહેમાનો માટે આપીને સારો સહકાર આપ્યો હતો.

આજે બપોરે નવગ્રહાદિપૂજન અને સત્તરભેદી પૂજા, ભણાવવામાં આવી હતી.

આસો સુદ : ૧૫ - પૂજ્યપાદ પંન્યાસજી મહારાજના તપસ્વી શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજે લખેલ કર્મસાહિત્યનો પાંચમો ગ્રંથ **"રસબંધો-ઉત્તરપયડી"** નો આજે ઉદ્‌ઘાટન સમારોહ હતો. અમદાવાદથી પધારેલા

શ્રીયુત રમણલાલ વજેચંદના શુભ હસ્તે ઉદ્‌ઘાટન હતું. પત્રિકાઓ બહાર પાડીને જાહેરાત કરવામાં આવી હતી. માનવમેદનીથી હોલ ચિકાર ભરાઈ ગયો હતો.

સમારોહનો પ્રારંભ ધાર્મિક શિક્ષાયતનના વિદ્યાર્થીઓએ ગુરુસ્તુતિથી કર્યો હતો. ત્યારબાદ પૂજ્ય તપોનિધિ ગુરુદેવશ્રીએ સ્વ. પરમ ગુરુદેવ શાસનશિરતાજ પૂ. આચાર્ય ભગવંતશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના અનેક ગુણો વર્ણવ્યા હતા. તેઓશ્રીએ કરેલાં સુકૃતો, સંઘ-ઉપકારો અને શાસન પ્રભાવનાઓનું વર્ણન કર્યું હતું.

ત્યારબાદ, સંઘપ્રમુખશ્રી સવાઈલાલ કે. શાહ સ્વર્ગસ્થ ગુરુદેવશ્રીને ભવ્ય અંજલિ આપતાં, ભૂતકાળનાં સ્મરણો વર્ણવતાં કહ્યું કે, **"પરમોપકારી આચાર્યદેવશ્રી તેઓની દીક્ષા પૂર્વે ૧ મહિનો ઘોઘામાં રહ્યા હતા; ત્યારે અમારા ઘેર તેઓશ્રીએ (સંસારી અવસ્થામાં) ઊતરવાનું કરી અમોને સુંદર લાભ આપ્યો હતો."**

ત્યારપછી જૈનરત્ન શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ, શ્રી લાલચંદજી છગનલાલ, શ્રી સુધાકરભાઈ, શ્રી જેઠાલાલ ઘીવાળા, કુમારપાલ વિ. શાહ વગેરેએ સ્વ. પરમ ગુરુદેવશ્રીને કર્મસાહિત્યના સર્જનને અને પૂ. પંન્યાસજી મહારાજની ૧૦૦ ઓળીની તપશ્ચર્યાને ભવ્ય અંજલિ આપતાં વક્તવ્યો કર્યા હતા.

સંઘપ્રમુખ શ્રી સવાઈલાલ કે. શાહે વિનંતી કરતાં શેઠશ્રી રમણલાલ વજેચંદે ગ્રંથનું ઉદ્‌ઘાટન કરતાં પૂર્વે સ્વ.આચાર્યદેવના ગુણોને યાદ કર્યા હતા. બીમાર સાધુની વૈયાવચ્ચ, તપ-ત્યાગ, આશ્રિત સાધુઓના સંયમ અને જ્ઞાનની કાળજી નિઃસ્પૃહતા...વગેરે ગુણો સ્વર્ગસ્થના જીવનપ્રસંગો ટાંકીને વર્ણવ્યા હતા. શ્રોતાઓના મન દ્રવિત થઈ ગયા હતા. પ્રવચન પછી રમણભાઈએ **"रसबंधो-उत्तरपयडी"** મહાગ્રંથનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે તેમણે અમદાવાદના રાજનગર-સુમતિનાથ સ્નાત્રમંડળ તરફથી રૂા. ૧૧૧૧ કલકત્તા શ્રી વર્ધમાન આયંબિલ ખાતાને ભેટ જાહેર કર્યા હતા.

ત્યારબાદ ગુરુપૂજનની ઉછામણી બોલાતાં રૂા. ૨૦૦૦ બોલીને મુંબઈથી પધારેલા ભાણાભાઈએ ગીની મૂકીને ગુરુપૂજન કર્યું હતું. બીજા મુનિભગવંતોનું પણ રૂપિયા મૂકીને, ગુરુપૂજન કર્યું હતું. પછી તો ભાવિક ભક્તજનોની ગુરુપૂજન માટે પડાપડી થઈ અને ગુરુપૂજનના રૂપિયાનો ઢગલો થઈ ગયો !

ગુરુપૂજનનો વિધિ પૂર્ણ થયા પછી, કર્મસાહિત્યનો પાંચમો ગ્રંથ લખનારા પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ. તથા કર્મસાહિત્યનો પ્રથમગ્રંથ લખનારા પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ. ના સંસારી બંધુશ્રી સરદારમલજીએ સંઘપૂજન કર્યું હતું.

"જનમ-જનમનાં કર્મ બાળવા પ્રગટાવી આ હોળી
વર્ધમાન - આયંબિલ તપની પૂરી થઈ સૌ ઓળી
મુનિશ્રી કીર્તિચંદ્રવિજયજી રચિત ભક્તિગીત લોક જબાને"

આ કાર્યક્રમ જંગી માનવમેદનીના ભારે ઉલ્લાસ વચ્ચે સતત ત્રણ કલાક ચાલ્યો હતો. એક સરખી શાંતિ અને શિસ્તના દર્શન થતા હતા. કલકત્તાની જનતાને લાખો માણસોની જંગી સભાઓ તો જોવા અવારનવાર અવસર મળતો હોય છે પરંતુ આવી શુભ ભાવોને ઉલ્લસિત કરનારી સભા, તો કવચિત્ જ જોવા સાંભળવા મળે. કર્મસાહિત્ય પ્રકાશક, શ્રી ભારતીય તત્ત્વપ્રકાશન સાહિત્ય સમિતિના ટ્રસ્ટીઓમાંથી શ્રી રમણલાલ દલસુખભાઈ, શ્રી રમણલાલ વજેચંદ, શ્રી લાલચંદજી છગનલાલજી, શ્રી સમરથમલજી, શ્રી જેઠાલાલ ચુનીલાલ, શ્રી શાંતિલાલ સોમચંદ વગેરે આવેલા હતા.



શેઠશ્રી રમણલાલ વજેચંદ સ્વ. પૂજ્ય આચાર્ય ભગવંતના જીવન પ્રસંગો વર્ણવી રહ્યા છે. સાથે ઊભા છે ચતુરભાઈ ચીમનલાલ.

આ પુણ્યપ્રસંગે મુંબઈ ચોપાટી જૈન સંઘના જ્ઞાનખાતા તરફથી માનદ્‌મંત્રી શ્રી સુધાકરભાઈએ કર્મસાહિત્યના ૧૬ ગ્રંથના રૂા. ૩૦૧ના એક સેટ લેખે ચાર સેટ નોંધાવ્યા હતા. "પરમતેજ" ભાગ બીજાની ૫૦ નકલ નોંધાવી હતી. શેઠશ્રી સવાઈલાલ કે. શાહે પાંચ સેટ અને પરમતેજ ભાગ ૧-૨ની ૧૧ નકલ નોંધાવી હતી. એજ રીતે ખંભાત, અમદાવાદ, મુંબઈ-શ્રીપાલનગર, પિંડવાડા વગેરે તરફથી પણ નકલો નોંધાવામાં આવી હતી.

આજે બપોરે શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવી હતી. તથા શેઠશ્રી

મયાભાઈ લક્ષ્મીચંદ અમદાવાદવાળા તરફથી પ્રભુજીને રૂા. ૨૦૦ની ભવ્ય અંગ રચના કરાવવામાં આવી હતી. તેમના તરફથી રાત્રે બહેનોને સાંજી ગવડાવવામાં આવી હતી અને મોટા પ્લાસ્ટીકના ડબાની પ્રભાવના કરવામાં આવી હતી.

આસો વદ : ૧ - આજનો દિવસ એટલે મહોત્સવનો પ્રાણભૂત દિવસ ! શેઠશ્રી સવાઈલાલ કે. શાહને ઘેર તો આજે હર્ષ હિલોળે ચડ્યો હતો. ઘરઆંગણે ભવ્ય મંડપ બંધાવ્યો હતો... તોરણો, કમાનો, ઝુમ્મર અને ઝાલરોથી મંડપની શોભા મનોહર થઈ હતી. આજે એમને ઘેર હજારો...લાખો જીવોના તારણહાર મહાતપસ્વી વિશુદ્ધ સંયમી એવા ગુરુદેવ પધારવાના હતા ! આજે એમના ઘેર ચતુર્વિધ સંઘનાં પાવન પગલાં થવાના હતા !

આજે વહેલી સવારથી ૯૬ કેનિંગસ્ટ્રીટના ઉપાશ્રયમાં જનમેદની ઉભરાવા માંડી હતી. હજારો સ્ત્રીપુરુષોની હર્ષઘેલી આંખો એમના પ્રાણપ્યારા પરમતપસ્વી ગુરુદેવના તપઃતેજોમય દેહનાં દર્શન કરવા આતુર હતી. સમય થતાં શેઠશ્રી સવાઈલાલ કે. શાહ ઉપાશ્રયે આવ્યા અને પૂજ્ય તપોનિધિ ગુરુદેવશ્રીને પ્રાર્થના કરી.

"ગુરુદેવ ! અમારા આંગણા પાવન કરો... ચતુર્વિધ સંઘને સાથે લઈ પધારો... આપશ્રીની વૈરાગ્યવાહિની દેશનાનો લાભ આપો."

બેન્ડવાજાં બજી ઉઠ્યાં. "પરમતપસ્વી ગુરુદેવકી જય"ના પોકારોથી વાતાવરણ ગૂંજી ઉઠ્યું. પૂજ્ય પંન્યાસજી મહારાજ પોતાના શિષ્યરત્નો મુનિરાજશ્રી જયશેખર વિજયજી મ., મુનિશ્રી વિમલસેનવિજયજી મ. મુનિરાજશ્રી પદ્મસેનવિજયજી મ. આદિ સાથે જેવા નીચે પધાર્યા... પાંચથી સાત હજારની જનમેદની હર્ષઘેલી બની નાચી ઉઠી ! સ્વાગત વરઘોડો શરૂ થયો. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા...સાથે અનેક જૈનેતરો પણ વરઘોડામાં જોડાયા હતા.

ઈન્ડિયા-એક્ષ્ચેન્જ, ઈઝરાસ્ટ્રીટ, અમરતલ્લા સ્ટ્રીટમાંથી જ્યારે વરઘોડો પસાર થતો હતો ત્યારે રસ્તાઓ એવી રીતે જનમેદનીથી પેક ભરાઈ ગયેલા કે ઉપરથી થાળી પસાર થઈ જાય ! ઠેરઠેર ગહુંલીઓમાં રૂપિયાના ઢગલા થતા હતા. એક ઊંચા મકાનની અગાસીમાંથી રૂપિયાની કરંસીનોટોની વૃષ્ટિ થયેલી. રસ્તામાં વર્ષીદાન સતત ઉછાળવામાં આવી રહ્યું હતું.

જ્યારે પૂજ્ય તપસ્વી ગુરુદેવ સાથે ચતુર્વિધ સંઘ શેઠશ્રી સવાઈલાલ કે. શાહના ઘેર પધાર્યા ત્યારે ત્યાં ઊભો કરવામાં આવેલો વિશાળ મંડપ ચિકાર ભરાઈ ગયેલો હતો ! પહેલેથી જ હજારો માણસ ત્યાં પહોંચી ગયેલા ! મંડપના પ્રાંગણમાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીનું અધેલીઓના (આઠઆની) મોટા નંદાવર્તથી સ્વાગત કરવામાં

આવ્યું હતું. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીને અક્ષતથી વધાવીને મંડપમાં પધરામણી કરાવી, ઉપરાઉપર ચઢાવેલી ત્રણ પાટો ઉપર તેઓશ્રીને બિરાજમાન કરવામાં આવ્યા.

સંગીતકાર શ્રી બાલુભાઈ અને અમદાવાદવાળા **ચતુરભાઈ** હાજર જ હતા ! અને પૂજ્ય ગુરુદેવશ્રીના મુનિપરિવારના **મુનિરત્ન** શ્રી **કીર્તિચન્દ્રવિજયજીએ** ઠેઠ રાજસ્થાન રોહીડાથી બનાવીને મોકલેલું ભક્તિગીત પણ છપાયેલું તૈયાર હતું ! છાપેલું ગીત સભામાં વહેંચાયું અને ચતુરભાઈએ ગીત લલકાર્યું ! બાલુભાઈએ બુલંદ અવાજે સભાને ઝીલાવ્યું ! આ રહ્યું એ ગીત :

..... વંદન કોડી કોડી .....
આજે પૂરી થઈ સો ઓળી

(સોરઠી દુહા)

વીરપ્રભુના શાસને, તપાગચ્છ જયવંત.
તેમાં સૂર્યસમા થયા, પ્રેમસૂરીશ્વર સંત-૧

પ્રેમગુરુના લાડલા, શિષ્યરત્ન કહેવાય
એંશી શિષ્યોના ગુરુ, ભાનુવિજય ગણિરાય-૨

જ્ઞાની ધ્યાની ને વળી, ક્રિયામહીં અપ્રમત્ત
મહા તપસ્વી સંયમી, દેવગુરુના ભક્ત-૩

સો ઓળી પૂરી કરી, સંઘ સકલ ગુણગાય
કલકત્તામાં એહનો, મહા મહોત્સવ થાય-૪

(રાગ-એક હતી અજવાળી પુનમને, બીજી રાતડી કાળી)

જનમ જનમના કરમ બાળવા, પ્રગટાવી એ હોળી
વર્ધમાન-આયંબિલ તપની, પૂરી થઈ સો ઓળી;
આજે પૂરી થઈ સો ઓળી
મહાતપસ્વી ગુરુદેવને, વંદન કોડી કોડી
વર્ધમાન આયંબિલ તપની, પૂરી થઈ સો ઓળી
આજે પૂરી થઈ સો ઓળી...૧

જ્ઞાન ક્રિયા ને ભક્તિયોગનો સંગમ છે જીવનમાં
એ સંગમથી જંગમ-તીર્થ સમા છો આ ભવવનમાં

ભવ્યોને ભવસાગર તરવા, માટે સુંદર હોડી
મહા તપસ્વી ગુરુદેવને વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૨

દૂર દેશમાં આપ વિચરતા, સકલ સંઘને ભાવ્યા
નવા જિનાલય કેરી પ્રતિષ્ઠા, કરવા ખેંચી લાવ્યા,
ઉગ્રવિહારે આપ પધાર્યા, અમ આશા નવ તોડી
મહા તપસ્વી ગુરુદેવને વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૩

બંગાલદેશના પાટનગરમાં, પાવન પગલાં થાતા
પગલે પગલે ગુરુદેવના, જય મંગલ વરતાતાં
ગુરુવરની વાણી સુણવાને, સહુએ આવે દોડી
મહા તપસ્વી ગુરુદેવને, વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૪

ત્યાગ અને વૈરાગ્ય છલકતી, જ્ઞાનભરી તુજ વાણી
પથ્થર જેવા અંતરને પણ, કરતી પાણી પાણી
અજ્ઞાને પોઢેલા સહુને, આપ રહ્યા ઢંઢોરી
મહા તપસ્વી ગુરુદેવને વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૫

થઈ શિબિરને થઈ પ્રતિષ્ઠા, અંતરના ઉછરંગે
'પરમતેજ' નું થયું પ્રકાશન, થયા પર્યુષણ રંગે
એહ બધાના શિખરસમી આ, પૂરી થતી સો ઓળી,
મહા તપસ્વી ગુરુદેવને, વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૬

કલકત્તામાં આજે એની, ભવ્ય ઉજવણી થાતી
નાના - મોટા સૌના હૈયે, ગુરુભક્તિ ઉભરાતી
ભારતના ખૂણે - ખૂણેથી, ભક્તો આવે દોડી
મહા તપસ્વી ગુરુદેવને વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૭

સો ઓળીના ઉત્સવનો આ, મંડપ કેવો સોહે

શત એકને સિત્તેર છોડનું, ઉજમણું મન મોહે
ભક્તજનોએ ગુરુભક્તિમાં, તન-મન દીધાં તોડી
ધનની મમતા છોડી
મહા તપસ્વી ગુરુદેવને વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૮

શ્રીમદ્ પ્રેમસૂરીશ્વર કેરા, શિષ્યરત્ન જે પ્યારા
ભાનુવિજય પંન્યાસ પ્રસિદ્ધા, જિનશાસન શણગારા
જુગ જુગ સુધી અમર બની એ, **'પ્રેમ-ભાનુ'**ની જોડી
મહા તપસ્વી ગુરુદેવને વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૯

દેહ થકી એ ગુરુ શિષ્યને જુદા કીધાં કાળે
પણ બંનેના અંતરને એ, ક્યાંથી જુદા પાડે ?
એક મેક છે આજે પણ એ, ગુરુ - શિષ્યની જોડી
મહા તપસ્વી ગુરુદેવને વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૧૦

સ્વર્ગ મહીં બેઠાં બેઠાં એ, **'પ્રેમ'** બધું ય નિહાળે
દિવ્ય શક્તિથી પ્રિય શિષ્યના, પ્રસંગને અજવાળે
છલકાવે આશિષ વરસાવી, ભાનુવિજયની ઝોળી
મહા તપસ્વી ગુરુદેવને વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૧૧

જયશેખરજી, વિમલસેનજી, પદ્મસેનજી સાથે
જયતિલક જયસોમને વિશ્વાનંદવિજય સંગાથે
બાલમુનિ ચૈતન્ય વિજય એ, સપ્તર્ષિની ટોળી
મહા તપસ્વી ગુરુદેવને વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૧૨

અન્ય શિષ્ય સિત્તેર આપના, દેશો દેશ વિચરતા
જિન શાસનને શોભાવે છે, નિજ - પરહિતને કરતા
એ સહુના ઓ ! જીવન શિલ્પી ! મળે ન તારી જોડી
મહા તપસ્વી ગુરુદેવને વંદન કોડી - કોડી

આજે પૂરી થઈ સો ઓળી...૧૩

દૂર રહેલા એ શિષ્યો પણ અંતરથી છે પાસે
ગામોગામે આજ આપના મંગલ ગીતો ગાશે
અંતરના આંગણીએ રચશે, તુજગુણની રંગોળી
મહા તપસ્વી ગુરુદેવને વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૧૪

હજ્જારો યુવકોને આપે, ધર્મ - મર્મ સમજાવ્યો
અને સેંકડો મુમુક્ષુઓને, શિવનો પંથ બતાવ્યો
'દિવ્યદર્શનને' નિત્ય ચખાડો અમૃત ઘોળી ઘોળી
મહા તપસ્વી ગુરુદેવને વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૧૫

યાવચ્ચન્દ્ર દિવાકર જીવો, ભાનુવિજય ગુરુદેવા
છો પંન્યાસ પરંતુ શોભો આપ સૂરીશ્વર જેવા
'પ્રેમગુરુપદરેણું' વિનવે, 'કીર્તિચન્દ્ર' કરજોડી
મહા તપસ્વી ગુરુદેવને વંદન કોડી - કોડી
આજે પૂરી થઈ સો ઓળી...૧૬

"વંદન કોડી કોડી...આજે પૂરી થઈ સો ઓળી"નું ગીત પૂરું થયા પછી બહેનોએ ગહુંલી ગાઈ હતી. આ પ્રસંગે અમદાવાદથી પ્રાપ્ત થયેલ શ્રી રસિકલાલ ભોગીલાલના ગુરુભક્તિ-ગીતનો પણ સભાને સ્વાદ અનુભવવા મળ્યો. સહુ ગુરુભક્તિમાં ઝીલ્યા.

શેઠશ્રી સવાઈલાલ કે. શાહ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી તારાલક્ષ્મીબેનના હર્ષની કોઈ સીમા ન હતી. આવો પુનીત પ્રસંગ પોતાના ઘેર ઉજવાતો જોઈ અને જિનશાસનના શણગાર પૂજ્ય મહાતપસ્વી પંન્યાસજી મહારાજને પોતાના ઘેર પધારેલા જોઈ તેઓ કૃતકૃત્યતા અનુભવતા હતા. દંપતિએ બે ગીની મૂકીને ગુરુદેવનું બહુમાનપૂર્વક પૂજન કર્યું. ત્યારબાદ જૈનરત્ન શ્રી રમણલાલ દલસુખભાઈએ, શેઠશ્રી રમણલાલ વજેચંદે, ભાઈશ્રી ચતુરદાસ ચીમલાલ વગેરેએ પણ ગુરુપૂજન કર્યા.

ગુરુપૂજન-બહુમાનનો વિધિ પૂર્ણ થયા પછી પૂજ્ય પંન્યાસજી મહારાજે મધુર-ધ્વનિથી મંગલાચરણ કરી આજના દિવસનું યાદગાર પ્રવચન કરતાં ફરમાવ્યું કે,

"અહિંસા-સંયમ-તપમય ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. એવા ઉત્કૃષ્ટ મંગળમય ધર્મમાં

જેનું મન રમે છે એને દેવલોકના દેવો પણ નમે છે. આમાં અહિંસા અને સંયમના પાલનપૂર્વકના તપધર્મની બલિહારી છે. વર્તમાનકાળે સંઘમાં તપશ્ચર્યાનો સુંદર પ્રચાર જોવા મળે છે. જેઓ તપ ન કરી શકે તેઓ પણ પોતાનું મન તપધર્મમાં રમતું રાખે તો તેમને વૈરાગ્યાદિનો મહાન લાભ પ્રાપ્ત થાય."

તપધર્મની આરાધનાની પાછળ પ્રધાન કારણ હોય તો તે દેવ-ગુરુનો અચિંત્ય પ્રભાવ જ છે. એટલે તપ કરનારાઓ દેવ-ગુરુને જ અનુપમ ઉપકારી માને છે. દેવગુરુની મહાન કૃપાને માનનારા તપસ્વીને ત્યાગ-તપમાં વિશેષ જોમ પ્રગટે છે. સતી દમયંતીને જંગલમાં રાતે સૂતી મૂકીને નળરાજા ચાલ્યા ગયા, સવારે દમયંતીને ખબર પડતાં પોતાના પ્રિય સ્વામીની ખાતર અને શીલરક્ષા માટે કેવો ત્યાગ કર્યો હતો તે જાણો છો ? જ્યાં સુધી પતિ મળે નહીં ત્યાં સુધી છ વિગયનો ત્યાગ ! દેહ-શણગારનો ત્યાગ ! સુંદર વસ્ત્રો અને સુંવાળી શય્યાનો ત્યાગ ! ભાગ્યવાનો, શું આપણે આપણા વહાલા દેવગુરુની ખાતર પણ ત્યાગ અને તપ શું ન કરી શકીએ ?

"ઓ દેવાધિદેવ ! ઓ ગુરુદેવ ! તમે મને બહુ વહાલા છો, પણ મારું ખાવાનું, મારું શરીર... મારા પૈસા ટકા મને વધુ વહાલા !" આ હિસાબ જો હોય તો દેવગુરુની ખાતર પણ ત્યાગ-તપ શાના થાય ? દાનાદિધર્મની આરાધનામાં ઉલ્લાસ કેવી રીતે જાગે ? માટે પુણ્યશાળીઓ દેવગુરુના અનુપમ ઉપકાર અને એમના અચિંત્ય પ્રભાવને દિલમાં વસાવો. આ એવી **"માસ્ટર કી"** છે કે તપ-ત્યાગના અંતરાયો દૂર થઈ જશે... આત્મધનની તિજોરીઓ ખૂલી જશે !"

આજે પ્રવચનમાં જાણે પૂજ્ય ગુરુદેવશ્રીનો તપસ્વી અંતરાત્મા બોલી રહ્યો હતો. તપની પરિણતિનો અવાજ રણકી રહ્યો હતો. પ્રવચન પૂરું થયા પછી શેઠશ્રી રમણલાલ વજેચંદે મુંબઈ, ગુજરાત, રાજસ્થાન આદિ બહારગામથી આવેલા ભાઈઓ વતી કલકત્તા સંઘને, સંઘપ્રમુખ શેઠશ્રી સવાઈલાલ કે. શાહને અને બીજા સ્વયં-સેવકભાઈઓને તન-મન-ધનના સદ્વ્યય કરી આયોજિત કરેલું ૧૭૧ છોડનું અભૂતપૂર્વ ઉજમણું, ઉજવેલો ભવ્ય મહામહોત્સવ...વગેરે અંગે ખૂબખૂબ અભિનંદન આપ્યાં હતા.

આ મંગલમય આયોજન સમયે પાંચથી સાત હજાર ભાઈ-બહેનોની ઉપસ્થિતિ હતી. સૌનાં દિલ તપધર્મની અનુમોદના કરતાં હતા અને તપસ્વી પૂજ્ય ગુરુદેવશ્રીની ઉગ્ર સંયમ આરાધના પર ઓવારી જતાં હતા. સમય ઘણો થઈ જવાથી અને પાર વિનાની ભીડ હોવાથી સંઘપૂજન મંડપમાં કરવું અશક્ય હતું તેથી મંડપના દરવાજે

શેઠશ્રી સવાઈલાલ તરફથી દરેકને તિલક કરી એક-એક રૂપિયાની પ્રભાવના કરવામાં આવી હતી. બહારગામથી પધારેલા મહેમાનો વગેરે ભક્તિનો (ભોજનાદિ) લાભ આપવા વિનંતી કરવામાં આવી હતી.

આજે નવપદજીની ઓળી કરનારાઓનાં તથા વર્ધમાન તપની ઓળી કરનારાઓનાં પારણાની ભક્તિ બાબુશ્રી પુખરાજજી કાનમલજી તરફથી કરવામાં આવી હતી તથા મહેમાનોની ભક્તિ પણ એમના તરફથી કરવામાં આવી હતી.

આજે બપોરે અમદાવાદના ભાઈઓ તરફથી શ્રી શાન્તિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. વિધિકારક અમદાવાદવાળા શ્રી રમણલાલ કેશવલાલે તથા ચંદુભાઈએ ખૂબ સારી રીતે વિધિવિધાન કરાવ્યાં હતાં. **આજે એકહજાર ચારસો પચીસ પશુઓને કતલખાનેથી મુક્ત કરવામાં આવ્યા હતા** અને આસોપૂનમે પણ તેરસો છોત્તેર જીવોને અભયદાન આપવામાં આવ્યું હતું.

પૂનમના દિવસે વ્યાખ્યાન-સમયે હજારો સ્ત્રી-પુરુષની ઉપસ્થિતિમાં કલકત્તા શ્વેતામ્બર જૈન સંઘ તરફથી જૈનરત્ન શ્રી રમણલાલ દલસુખભાઈને એમના તીર્થરક્ષા વગેરે શાસન-સેવાનાં મહાન કાર્યોની અનુમોદના નિમિત્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

૧૦૦મી ઓળીના પારણાના આજના ઐતિહાસિક દિવસે મુંબઈથી આવેલા શેઠ શ્રી બાબુલાલ છોટાલાલ ઘીવાળાએ પૂજ્ય ગુરુદેવશ્રીને પોતાના ઉતારે પધરાવીને ગુરુપૂજનાદિ કર્યા પછી એમણે, એમના માતુશ્રી શ્રીમતિ સમરથબેને તથા એમના ધર્મપત્ની શ્રીમતિ પદ્માબેને એમની બે મુમુક્ષુ બેબી **મનીષા** અને **પ્રીતિ**ને શાસન માટે અર્પિત કરી હતી. આ પ્રસંગ ઘણો જ અનુમોદનીય બન્યો હતો.

આજે પૂજ્ય મહાતપસ્વી ગુરુદેવશ્રીને સુખશાતા પૂછવા માટે જનપ્રવાહ ચાલુ જ રહ્યો હતો. અન્ય સંપ્રદાયોનાં સ્ત્રી-પુરુષો પણ તપશ્ચર્યાની સુવાસથી ખેંચાઈને આવતા હતા અને પૂજ્ય ગુરુદેવશ્રીને સુખશાતા પૂછી કોઈને કોઈ વ્રત-નિયમ લઈ જતાં હતાં. અમુક આયંબિલ કરવાં, અભક્ષ્યનો ત્યાગ, બ્રહ્મચર્યનું પાલન ઇત્યાદિ પ્રતિજ્ઞાઓ ઘણી થઈ હતી.

આ મહોત્સવના આયોજનમાં એવું લક્ષ રાખવામાં આવ્યું હતું કે જૈન ઉપરાંત જૈનેતર પ્રજાને પણ શ્રી જૈનધર્મ-શાસનની અદ્‌ભુતતાનો ખ્યાલ આવે અને અહોભાવ પેદા થાય. બંગાલના પ્રસિદ્ધ હિન્દી દૈનિક **"વિશ્વામિત્ર"**ના પ્રેસ-પ્રતિનિધિએ જાતે મહોત્સવ સ્થળ ઉપર આવીને ૧૭૧ છોડના ઉજમણાની રચના અને કલાત્મક રંગોળીઓ જોઈ હતી. આયંબિલની તપશ્ચર્યા અંગે પૂજ્ય ગુરુદેવશ્રી પાસેથી જાણકારી

મેળવી હતી અને ત્યારબાદ એક વ્યવસ્થિત રીપોર્ટ તૈયાર કરી તા. ૧૩-૧૦-૭૦ ના **"વિશ્વામિત્ર"**માં રીપોર્ટ પ્રકાશિત કર્યો હતો.

આ વાંચીને જૈનેતર પ્રેક્ષકોનો પણ પ્રવાહ **'ઉદ્યાપન-ઈન્દ્રપુરી'**માં શરૂ થઈ ગયો હતો. સવારે નવ વાગ્યાથી રાત્રે દસ વાગ્યા સુધી સતત જનપ્રવાહ વહેતો હતો. ૧૭૧ છોડનું ઉદ્યાપન દર્શનીય રંગોળીઓ અને કર્મસાહિત્યનાં દર્શનીય ચિત્રો જૈનધર્મના માર્મિક ઉપદેશોનાં આકર્ષક બોર્ડ અને સ્વ. આચાર્યભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની ગૌરવપૂર્ણ ચરિત્રગાથાનું બોર્ડ...આ બધું નિરીક્ષણ કરવામાં લોકો તલ્લીન બની જતા હતા.

પૂજ્યપાદ પંન્યાસજી મહારાજનું જ્ઞાનદાન અને સંસ્કારદાન લઈને ઉપકૃત થયેલા શિક્ષાયતનના સેંકડો વિદ્યાર્થીઓને ગામેગામ પૂજ્યશ્રીની ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિના સમાચાર કુમારપાલ વિ. શાહે અલગ પત્રિકાઓ દ્વારા પાઠવ્યા હતા. ને ગામેગામ આ મહાન તપશ્ચર્યાની અનુમોદના માટે દસસૂત્રી કાર્યક્રમ આપ્યો હતો.

મુંબઈ-વડોદરાના કેટલાક વિદ્યાર્થીઓ કુમારપાળ વિ. શાહની સાથે કલકત્તા મહોત્સવ પ્રસંગે આવી ગયા હતા. કર્મસાહિત્ય સંસ્થા તરફથી મફતલાલ શાહ પણ આવ્યા હતા. આ યુવાનોએ કર્મસાહિત્યનાં વિવિધ બોર્ડ-ચિત્રોનું સુંદર પ્રદર્શન ગોઠવ્યું હતું અને પ્રવચન હૉલને ખૂબ શણગારી દીધો હતો.

મહોત્સવમાં સંગીતકાર તરીકે પધારેલા અમદાવાદના શ્રી બાલુભાઈ ચંપકલાલે પોતાની મંડળી સાથે પૂજા-ભાવનાઓમાં ભક્તિરસની રેલમછેલ કરી દીધી હતી. શ્રી બાલુભાઈએ અમદાવાદના જૈન ધર્મ આરાધક મંડળમાં બે-ત્રણ વર્ષ પૂજા ભણાવવાનો અનુભવ લીધો હોવાથી પૂજાઓમાં ઘણી રંગત જમાવી ગયા. એમાં વળી મંડળના પ્રમુખ શ્રી ચતુરભાઈ પૂજામાં પધારતાં ભક્તિરંગ ઉછળી રહેતો હતો.

મહોત્સવમાં દેવદ્રવ્યની ઉપજ ઘણી સારી થઈ. જ્ઞાનપૂજનની આવક પણ સારી થઈ. લોકોએ ધન-સંપત્તિની જાણે મમતા છોડી દીધી હોય એ રીતે સદ્‌વ્યય કર્યો.

આસો વદ ચોથ રવિવારે શ્રી સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવ્યું હતું; જેમાં હજારો સાધર્મિક ભાઈ-બહેનોએ લાભ આપ્યો હતો.

બહારગામથી પધારેલા મહેમાનો કલકત્તા સંઘનો ઉલ્લાસ અને ઉત્સાહ જોઈને ભૂરીભૂરી અનુમોદના કરી ગયા. જિનભક્તિ અને ગુરુભક્તિનો મહોત્સવ કેવા

ઉછરંગથી ઉજવી શકાય, તેનું જ્વલંત ઉદાહરણ કલકત્તા સંઘે પૂરુ પાડ્યું. મહેમાનોને લાગી ગયું કે જો ઘેર વિચાર કરતા બેસી રહ્યા હોત અને કલકત્તા ન આવ્યા હોત તો જીવનમાં હંમેશાં માટે અનુમોદનીય બને એવો ધર્મ મહોત્સવનો લહાવો લેવાનું ચુકાઈ ગયું હોત !

જ્યારથી પૂજ્ય તપોનિધિ ગુરુદેવશ્રીના પુણ્યવંતા પગલાં બંગલાદેશની રાજધાનીમાં થયાં ત્યારથી એક એક દિવસ મહોત્સવ સમાન બની ગયો હતો. જંગમતીર્થની યાત્રા કરી હજારો લાખો સ્ત્રી-પુરુષો પાવનતા પામી રહ્યા હતાં. ગુરુદેવશ્રીની એક એક પ્રેરણાને સહર્ષ સ્વીકારી તે મુજબ આરાધના-પ્રભાવના કરવા કલકત્તાનો સંઘ તત્પર રહ્યો હતો. કલકત્તાના ધર્મ ઈતિહાસમાં વિ.સં. ૨૦૨૬નું પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી ભાનુવિજયજી ગણિવરનું ચાતુર્માસ ચીર સ્મરણીય... ભવ્ય અનુમોદનીય બની રહેશે.

દર્શનીય "ઉપધાન-ઈન્દ્રપુરી" દર્શનાર્થીઓની અપાર ભીડ :

રૂા. ૧૧૧૧૧ નું સુકૃત જાહેર કરી શેઠ શ્રી સવાઈલાલ કે. શાહે

પૂ. ગુરુદેવશ્રી આદિ ચતુર્વિધ સંઘની પોતાના ઘેર કરાવેલી પરઘરામણી :

ભવ્ય વરઘોડો : દૂર દૂરથી ઉતરી પડેલા મહેમાનો

મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન... મુંબઈ... અમદાવાદ વગેરેથી અનેક ગુરુભક્તોના આગમનના પત્રો આવવા લાગ્યા; તારો આવવા લાગ્યા. મહોત્સવના દિવસો ખૂબ નજીક આવી ગયા હતા. બંગાળના રીવાજ મુજબ દુર્ગાપૂજાના દિવસોમાં કલકત્તાના બજારો બંધ રહે છે, તેથી લોકોને મહોત્સવનો 'મહાનંદ માણવાનો સુઅવસર મળી ગયો. વ્યાખ્યાનમાં હજારો સ્ત્રી-પુરુષોની ભીડ ! પૂજા અને ભાવનામાં ખૂબ જ સારી હાજરી.'

આસો સુદ : ૭ - આજે **"ઉદ્યાપન-ઈન્દ્રપુરી"**ના ઉદ્‌ઘાટનની ઉછામણી બોલવાની હતી. આયંબિલ શાળાના વિશાળ હોલમાં ૧૭૧ છોડનું દિવ્ય ઉજમણું ગોઠવવામાં આવ્યું હતું. તે હોલને જ "ઉદ્યાપન ઈન્દ્રપુરી" નામ આપવામાં આવ્યું હતું. વ્યાખ્યાનમાં ઉદ્‌ઘાટનની બોલી બોલતાં શેઠશ્રી સવાઈલાલ કે. શાહ (જે.પી.)ને રૂા. ૧૨૦૦ માં આદેશ પ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીએ ઉદ્યાપનનું મહત્ત્વ સમજાવ્યું.

આસો સુદ : ૮ - આજે વ્યાખ્યાન પછી "ઉદ્યાપન ઈન્દ્રપુરી"નું ઉદ્‌ઘાટન કરવાનું હતું તે મુજબ વ્યાખ્યાન પૂર્ણ થયા પછી શેઠ શ્રી દેવચંદ ઝીણાભાઈએ શેઠશ્રી સવાઈલાલ કે. શાહ તથા તેમના ધર્મપત્ની શ્રીમતિ તારાબેનને શ્રી સંઘ તરફથી તિલક કર્યું અને ત્યાર પછી પૂજ્ય પંન્યાસજી મહારાજ આદિ ચતુર્વિધ

સંઘની હાજરીમાં બેન્ડ બુલંદ મંગલનાદો સાથે શેઠશ્રી સવાઈલાલે ઉદ્યાપન ઈન્દ્રપુરીનું ઉદ્‌ઘાટન કર્યું.

દર્શનાર્થીઓનો ધસારો ઘણો હતો. જો કે શ્રી નવીનભાઈ ચોકસી તથા વોલંટિયરકોરના ભાઈઓએ ખૂબ જ વ્યવસ્થા રાખી હતી. પ્રવેશ અને નિર્ગમનના દરવાજા જુદાં હતા. હજારો દર્શનાર્થીઓ ઉદ્યાપન અને રંગોળીઓના દર્શનથી ખૂબ ખુશ થઈ ગયા. એકવાર જોવાથી તૃપ્ત થવાય એવું ન હતું એટલે વારંવાર પ્રેક્ષકો જોવા માટે ધસારો કરતા હતા. જો કે બધું જ સારી રીતે પ્રેક્ષક જોઈ શકે તે માટે માર્ગ એવી રીતે જ કાઢેલા હતા. દર્શક પશ્ચિમના દરવાજેથી પ્રવેશ કરીને રંગોળી તથા બધા છોડ-ચંદરવા-પૂંઠિયા-તોરણોનાં દર્શન કરતો પૂર્વ-પશ્ચિમ અને મધ્યભાગમાં ફરી, ઉત્તરદિશાના દરવાજેથી બહાર નીકળી જતો હતો.

"ઉદ્યાપન ઈન્દ્રપુરી"નું પ્રવેશદ્વાર પણ શણગારેલું હતું. એ પ્રવેશદ્વારમાંથી દર્શક જમણી બાજુ સીડી ચઢી ઊંચા સ્ટેજ ઉપર આવતો...જ્યાં જમણી બાજુ જોતો... એની આંખો ચમકી જતી હતી ! હજારો વર્ષ પૂર્વના યુગનું ત્યાં દર્શન થતું હતું ! ત્યાં ભવ્ય ત્રણ રંગોળીઓ આલેખાઈ હતી.

(૧) તપનો પ્રભાવ : દ્વારિકાનો દાહ અટક્યો : દ્વૈપાયન ઋષિએ શાંબ આદિ રાજકુમારોનાં તોફાન પર પ્રતિજ્ઞા કરી કે **"દ્વારિકા બાળી નાખીશ"** દ્વૈપાયન મરીને દેવ થયો છે. આકાશમાંથી દ્વારિકા ઉપર આગ વરસાવી રહ્યો છે, પરંતુ શ્રી નેમનાથ પ્રભુનાં વચનથી દ્વારિકાના લોકો આયંબિલ તપ, જિનભક્તિ-ધ્યાન વગેરે ૧૨ વર્ષ સુધી કરતા રહ્યા. આ તપતેજથી દ્વૈપાયન દ્વારિકાને બાળી ન શક્યો.

(૨) બ્રહ્મચર્યનો પ્રભાવ : શૂળીનું સિંહાસન : સુદર્શન શેઠ પૌષધ-ધ્યાનમાં હતા. રાજરાણી અભયા પ્રપંચથી શેઠને મહેલમાં ઉપડાવી મંગાવે છે. કામભોગ માટે ખૂબ પ્રાર્થના અને ઉપદ્રવ કરે છે. શેઠ બ્રહ્મચર્યમાં દૃઢ રહે છે. રાણી શેઠ ઉપર આરોપ મૂકે છે. રાજા સુદર્શનને સત્ય પૂછે છે. શેઠ રાણી ઉપરની દયાથી મૌન રહે છે. રાજા શેઠને શૂળી ઉપર ચઢી જવાની સજા આપે છે. પરંતુ શેઠના બ્રહ્મચર્યના પ્રભાવે શાસનદેવ શૂળીનું સિંહાસન બનાવી દે છે, પુષ્પવૃષ્ટિ કરે છે અને સત્યઘટના જાહેર કરે છે. રાજા ક્ષમા માંગે છે લોકો આશ્ચર્ય ચકિત થઈ જાય છે.

(૩) ચારિત્ર એ જ જીવનલક્ષ્ય : વજ્રબાહુનું પરાક્રમ - શ્રી રામચન્દ્રજીના પૂર્વજ વજ્રબાહુ અપ્સરા જેવી રાજકુમારીને પરણી રથમાં ચાલી આવે છે. પર્વત પર મુનિને જોઈ રથ હાંકનાર પોતાના સાળાને કહે છે, "રથ રોકો મુનિને વંદન કરવા જઈએ. સાળો મશ્કરી કરે છે; શું વૈરાગ્ય થયો છે ? વજ્રબાહુ કહે છે,

શ્રાવકને તો જન્મથી જ વૈરાગ્ય હોય.'' સાળો કહે છે; ''તો મુનિ થવામાં કોણ રોકે છે ? હું સહાય કરવા તૈયાર છું.'' વજ્રબાહુ મુનિ પાસે જઈ લોચ કરે છે; સાળો પસ્તાઈને કહે છે; ''માફ કરો, આ મારી બહેનનું શું થાય ? વજ્રબાહુ કહે છે, તારી બેન કુલીન હોય તો પતિને અનુસરે.'' વજ્રબાહુનું આ પરાક્રમ જોઈ પત્ની, સાળો, ૨૫ રાજકુમાર અને પિતા ચારિત્ર લે છે.

ડભોઈના રંગોળી-કલાકાર રમણિક શાહે આ રંગોળીઓથી કલકત્તાની પ્રજાને મુગ્ધ કરી દીધી.

આસો સુદ : ૧૧ - આજે એક મહત્ત્વપૂર્ણ ઉછામણી બોલવાની હતી. પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૦મી ઓળી પૂર્ણ થતાં પારણે પૂ. ગુરુદેવશ્રી આદિ ચતુર્વિધ સંઘને પોતાના આંગણે પધરાવી યથાશક્તિ સંઘભક્તિ કરવી. આ માટે જે પુણ્યશાળી સહુથી વધુ સુકૃત-દ્રવ્ય બોલે તેને આ મહાન લાભ પ્રાપ્ત થાય. ઉછામણીનો પ્રારંભ જ રૂા. ૨૫૦૧થી થયો ! પછી તો ૩૬૦૧...૪૭૦૧...વધતાં ૬૧૦૧ સુધી આંકડો પહોંચ્યો. પરંતુ ત્યાં તો શેઠશ્રી સવાઈલાલ કે. શાહ તરફથી રૂા. ૧૧૧૧૧) અગિયાર હજાર એકસો અગિયારનું સુકૃત બોલાયું ! સંઘના આનંદનો પાર ન રહ્યો. જય બોલાઈ અને આ શ્રેષ્ઠ લાભ શેઠશ્રી સવાઈલાલ કે. શાહ લઈ ગયા !

આ પ્રસંગે અમદાવાદવાળા શેઠશ્રી મયાભાઈ લક્ષ્મીચંદ તરફથી કલકત્તા વર્ધમાન-આયંબિલ ખાતામાં રૂા. ૧૦૦૦ સંઘના સાધારણ ખાતામાં રૂા. ૧૦૦૦ પાઠશાળામાં રૂા. ૭૫૦ અને સ્ટાફના માણસોને ઈનામ માટે રૂા. ૨૫૦નું દાન જાહેર કરવામાં આવ્યું.

ભવ્ય વરઘોડો : પૂર્વનિશ્ચિત કાર્યક્રમ મુજબ આજે સવા નવ વાગે વરઘોડો નીકળવાની તૈયારીઓ થઈ ચૂકી હતી. આજના વરઘોડાના ત્રણ મહાન નિમિત્તો હતા. (૧) રથયાત્રા, (૨) ગુરુભક્તિ અને (૩) જ્ઞાનભક્તિ ! કર્મસાહિત્યના નવનિર્મિત મહાન ગ્રંથનો પ્રકાશન-વિધિ પણ આજ મહોત્સવ દરમિયાન કરવાનો હતો.

બરાબર સવા નવ વાગે બેન્ડના મધુર સરોદો વચ્ચે વરઘોડો શરૂ થયો હતો. જેમાં સહુથી મોખરે બે ઘોડાની શણગારેલી સુંદર અને ભવ્ય બગીમાં પરમકૃપાળુ સ્વ. પરમગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાનો વિશાળ ફોટો મુકવામાં આવ્યો હતો. શેઠશ્રી ખીમચંદ ઉજમશીએ રૂા. ૪૨૫નો ચઢાવો લઈ બગીમાં તેમના સુપુત્રો નીલેશકુમાર તથા સુનીલકુમાર બેઠા હતા. ત્યારબાદ ચાર ઘોડાની મયુરાસનવાળી વિશિષ્ટ બગીમાં કર્મસાહિત્યનો નવનિર્મિત ગ્રંથ લઈને શેઠશ્રી

ખીમચંદ ઉજમશીભાઈનાં ધર્મપત્ની શ્રીમતિ કંચનબેન તથા તેમની સુપુત્રીઓ પ્રજ્ઞા અને દક્ષા બેઠેલાં હતાં. આ લાભ તેમને રૂા. ૫૦૧ની બોલીથી મળ્યો હતો. આ ઉપરાંત બે બેંડ, ધર્મોપદેશનાં બોર્ડો, મંગલકુંભ માથે લઈને ચાલતી કુમારિકાઓ, પૂજ્ય પંન્યાસજી મહારાજાદિ મોટું સાજન, ભક્તિમંડળ, શિક્ષાયતનના વિદ્યાર્થીઓનું મંડળ...વગેરે હતું. પ્રભુજીના રથને ભાગ્યશાળીઓ સ્વયં ખેંચતા હતા. પ્રભુજીને લઈને શેઠશ્રી મોતીલાલ કસ્તુરચંદ ઝવેરી બેઠા હતા. સારથી તરીકે શેઠશ્રી જેસીંગલાલ વાડીલાલ બેઠા હતા. રામણદીવડાનો લાભ શેઠશ્રી ચતુરભાઈ અમદાવાદવાળાએ લીધો હતો.

કલકત્તાની જૈન-જૈનેતર જનતા આ ભવ્ય વરઘોડો જોઈને ખૂબ હર્ષાન્વિત બની હતી. ઠેર ઠેર ગહુંલીઓથી ભગવંતને તથા ગુરુદેવને વધાવતા હતા. શિક્ષાયતનના વિદ્યાર્થીઓએ દાંડીયારાસ અને ગીતોની રમઝટ મચાવેલી. ઠેરઠેર પુષ્પવૃષ્ટિ થતી હતી. સતત ત્રણ કલાક વરઘોડો કલકત્તાના રાજમાર્ગો ઉપર ફર્યો. શ્રી જિનશાસનનો જયજયકાર વર્તવ્યો.

અષ્ટાપદજીની મહાપૂજા : આજે બપોરે અષ્ટાપદજીની મહાપૂજા ભણાવવાનો કાર્યક્રમ હતો. આ અંગે જાહેરપત્રિકા પ્રકાશિત કરવામાં આવી હતી. પૂજા વ્યાખ્યાન હોલમાં રાખવામાં આવી હતી. ટપોટપ હજારો સ્ત્રી-પુરુષોથી હૉલ ભરાઈ ગયો ! આ મહાપૂજાના ખાસ ગાયક અને પૂજ્ય પંન્યાસજી મહારાજાના સંસારી લઘુબંધુ ચતુરભાઈ ત્યાં હાજર ! પૂજાઓની વિવિધ સંગીત-તર્જના તેઓ નિષ્ણાત ! તેમણે પૂજામાં ભક્તિ-સંગીતની ભારે રંગરેલ વહેવડાવી. વળી વચ્ચે પૂજ્ય ગુરુદેવશ્રી પૂજાઓમાં વણાયેલા આદિનાથકાલીન પ્રસંગોનું નિરૂપણ સગરચક્રવર્તીના ૬૦ હજાર પુત્રોની અષ્ટપદયાત્રાનું વર્ણન...'સિદ્ધદંડિકા' નું વિવેચન કરતા જતા હતા ! પૂજાના ગંભીર ભાવો શ્રોતાઓને સમજાતાં સમજાતાં શ્રોતાઓના હૃદય ગદ્‌ગદ થઈ જતા હતા. આવી રીતે કલકત્તા સંઘને પ્રથમવાર જ પૂજા સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

આ રીતે આસો સુદ ૧૧નો દિવસ ધર્મપ્રવૃતિઓથી ધમધમતો રહ્યો. રાત્રે પ્રભુભક્તિનો કાર્યક્રમ તો હતો જ. બહારગામથી ભક્તજનોનું આગમન પણ ચાલુ હતું. આ રીતે મહોત્સવના મંગલમંડાણ થયાં. ધર્મપ્રાણના ધબકારે ભાવિકપ્રાણ નાચતા હતા. એક મહાનતપસ્વીની ભવ્ય તપશ્ચર્યાની અનુમોદનાનું ઉદ્યાપન ભારતના મોટામાં મોટા શહેરનો સંઘ ઉજવી રહ્યો હતો.

• • •

શુભ સંદેશ

શુભેચ્છા તાર

(૧) પૂજ્ય આચાર્યદેવેશશ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ...જામનગર
(૨) પૂજ્ય આચાર્યદેવેશશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજા ...શિરોહી
(૩) પૂજ્ય આચાર્યદેવેશશ્રી વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજા ...બીજાપુર
(૪) પૂજ્ય આચાર્યદેવેશશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજા ...અહમદનગર
(૫) પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર ...સાદડી
(૬) પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી હેમંતવિજયજી ગણિવર. ...વાપી
(૭) પૂજ્ય મુનિરાજશ્રી મતિધનવિજયજી મહારાજ આદિ મુનિવરો ...પિંડવાડા
(૮) પૂજ્ય મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મહારાજ ...અમદાવાદ

સ્વામી ! શાતા છે જી ?

(તારથી સુખશાતા પૂછનારા)

અમદાવાદથી

- શેઠશ્રી જીવતલાલ પરતાપશી
- હીરાલાલ મણીલાલ
- કાળુશીની પોળ જૈન સંઘ
- અમૃતલાલ દલસુખભાઈ
- યંગમેન્સ જૈન સોસાયટી
- મનુભાઈ કલ્યાણભાઈ રાવ
- શાન્તિલાલ જગાભાઈ
- અનુભાઈ ચીમનલાલ
- શાન્તિનગર જૈન સંઘ
- જૈન ધર્મ આરાધક મંડળ
- ચંદ્રકાન્ત મશરૂવાળા
- વનેચંદ જવાનમલ
- ચીનુભાઈ કેશવલાલ કડિયાં
- ડૉ. દિનકરભાઈ દલાલ

(તારથી શુભકામનાઓ)

મુંબઈથી

- શાંતિલાલ રાયચંદ
- બેચરદાસ હરિચંદ
- અમૃતલાલ મગનલાલ
- કુંદનમલજી ખીચીયા
- પ્રતાપરાય દલીચંદ
- સોભાગચંદ નવલચંદ
- કેસરીમલ ભીમાજી
- લાલબાગ જૈન સંઘ
- આરાધના ભવન. દાદર.

મદ્રાસથી

- રીખવદાસજી જૈન
- જયંતિલાલ કચરાભાઈ **જામનગર**
- દેવચંદજી દાંતરાઈવાળા
- બાબુલાલ ગુલાબચંદ **બીજાપુર**

"અમારો સંઘ મહોત્સવની ભવ્ય સફળતા ઈચ્છે છે."-તાર

- પિંડવાડા જૈન સંઘ
- દહેગામ જૈન સંઘ
- અમૃતસર જૈન સંઘ
- સુરત જૈન સંઘ
- વાપી જૈન સંઘ
- છાણી જૈન સંઘ
- બનારસ જૈન સંઘ
- રોહીડા જૈન સંઘ
- નિપાણી જૈન સંઘ
- પૂના જૈન સંઘ
- જાવાલ જૈન સંઘ
- બીજાપુર જૈન સંઘ
- બોટાદ જૈન સંઘ
- પાલનપુર જૈન સંઘ

વંદના

મહામોહાન્ધારે પરમપથનો દીપ ધરતા,
વહાવી વાણીને જગત જીવનાં પાપ હરતા,
અને દેવેન્દ્રો સૌ તુમચરણની સેવ કરતા,
નમ્ર ભાવે અર્હન્ ! તુમથી ભવી સંસાર તરતા.

卐

જીવન-વન નંદનવન કીધાં કરુણા ઉરમાં ધારી,
તન-મનના સંતાપ મિટાવ્યા જ્ઞાનામૃત છંટકારી,
જિનશાસન શિરતાજ બનીને રાજ કીધાં દુઃખહારી,
નમન કરો **સૂરિપ્રેમ-ચરણમાં** જનવત્સલ હિતકારી

卐

વંદન હો **સૂરિ રામચન્દ્રને** ધર્મધજા ફરકાવી,
વંદન હો **શ્રી જંબૂસૂરિને** આગમજ્યોત જલાવી,
વંદન હો **સૂરિ યશોદેવને** વિરાગ-મસ્તી જગાવી,
વંદન હો **શ્રી જિનશાસનને** શાંતિ પરમ દરશાવી.

卐

પ્રણામ હો પંન્યાસપ્રવરને ! પ્રેમસૂરિના પનોતા
ધન્ય કીધું સાધક જીવનને ત્યજી બંધન સહુ ખોટાં,
વર્ધમાન આયંબિલ તપના હે મહાતપસ્વી મુનિ !
જ્ઞાન-ધ્યાન શાસન સેવામાં **ભાનુવિજયજી** ધુની !

❋ ❋ ❋

ગુણ દરીયા તુમે ભવતરીયા (રાગ-રહો રહો રે યાદવ)

ગાઉં ભાનુવિજયજી ગુરુ ગુણ દરીયા, ગુણ દરીયા તુમે ભવ તરીયા
ધન્ય માતા જેની કુખે જાયા, ધન્ય પિતા જસકુલ દીપાયા
ધન્ય તપસી ગુણ ગણ ભંડાર, નયન દીઠે નાસે પાપ હમારા-ગાઉં૦
આયંબિલ તપનો લાગ્યો રંગ, વિગઈનો ગમે ના જરીયે સંગ
ધન ધન તુમારો ઉછરંગ, ક્યારે મને લાગે એવો રે રંગ-ગાઉં૦
જ્ઞાન ધ્યાનમાં તુમે સદા રત, રાતદિન સંયમની રે લત
ઉપદેશી સુધારી કેઈની ગત, હોજો સદા અમને એવી રે લત-ગાઉં૦
તુમ ગુણ થુણતા નાવે પાર, થોડો કર્યો છે મેં ઉચ્ચાર,
અહો નિશ કરું એહ વિચાર, ધન તપસી ધન ધન અણગાર-ગાઉં૦
ચરણે લાગી તુમ લઘુ રે ભ્રાત, પૂછે અંતરની કહું એક વાત,
તુમ ગુણનો નથી પામ્યો રે લેશ, કેમ દિપાવું આપ્યો તુમે વેષ-ગાઉં૦

– પરમ પૂજ્ય મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી

કલકત્તાથી પ્રગટ થતા "વિશ્વામિત્ર" હિન્દી દૈનિકમાં તા. ૧૩-૧૦-૭૦

उद्यापन इन्द्रपुरी

जैन मन्दिरमें दर्शनीय आध्यात्मिक प्रदर्शनी

(नगर प्रतिनिधि द्वारा)

कलकत्ता १२ अक्टूबर । यहां के केनिंग स्ट्रीट स्थित गुजराती जैन मन्दिरमें एक दर्शनीय आध्यात्मिक प्रदर्शनीका आयोजन 'उद्यापन इन्द्रपुरी' के नामसे किया गया है । पंन्यास श्री भानुविजयजी गणिवर्य, जिन्होंने चौबीस वर्ष की आयु में संन्यास ग्रहण कर लिया था, गत बीस साल से आयंबिल (रुक्ष

व्रत) कर रहे थे, इस साधना की पूर्णाहूति के उपलक्षमें उक्त आयोजन किया गया है । प्रदर्शनीमें जैन मन्दिर के लिये आवश्यक वस्तुओं तथा जैन साधुओं द्वारा व्यवहृत होनेवाली चीजों के अतिरिक्त साधना सामग्री एवं आध्यात्मिक साहित्य भी रखे गये हैं । भगवान महावीर के निर्वाण स्थल पावापुरी (राजगृह के समीप) मन्दिर का प्रतिरुप आदि भी प्रदर्शनी में है । बम्बई, अहमदाबाद, बड़ौदा, जयपुर, सुरत और कलकत्ता के जैन धर्मावलम्बिओं ने उक्त अवसर पर १७१ जरीके चंदवे भेट किये हैं । जिन्हें आयोजन समापनके पश्चात् विभिन्न मन्दिरों में भेज दिया जायगा । प्रदर्शनी आगामी रविवार तक बनी रहेगी । उल्लेखनीय है कि आयंबिल बहुत कठिन तपस्या है ।

रंगोली के तीन चित्र

'उद्यापन इन्द्रपुरी' प्रदर्शनी में सबसे उल्लेखनीय रंगोली के तीन कलात्मक बृहत् धार्मिक चित्र हैं । इन्हें रंगोली चित्रकारिता में सिद्धहस्त निपुण कलाकार बम्बई के श्री रमणीकलाल शाहने बनाया है । एक चित्रमें आयंबिल (रुक्षव्रत) का प्रभाव, दूसरे में ब्रह्मचर्य का सुफल और तीसरे में चरित्र ही जीवन लक्ष्य कथा को सराहनीय, सुंदर अंकित किया गया है । श्री शाहने रंगोली के और भी अनेक चित्र बनाये है जिसे देखकर विभिन्न अवसरों पर कला प्रेमीयों से उन्हें साधुवाद मिल चुका है ।

ग्रन्थ विमोचन

आगामी शरद पूर्णिमा के दिन जैन धर्म के कर्म सिद्धांत ग्रंथ के पंचम खण्ड का विमोचन मन्दिर प्रांगण में होगा । उक्त ग्रंथ रचना की प्रेरणा स्व. श्री प्रेमसूरीश्वरजी आचार्य से मिली थी । अब सोलह खण्ड को दीक्षाप्राप्त उनके शिष्य पूरा करने में संलग्न हैं ।

वर्धमानतप सोहाया...

રચયિતા : **રસિકલાલ ભોગીલાલ શાહ અમદાવાદ.**
(તમે રે સહારા રે... એ રાગ)

ભાનુવિજય **ગુરુજીને રે... હોજો અમારી વંદના,**

હે... જેને, વર્ધમાન તપને સોહાયા... ગુરુજીને રે૦

પંચ પરમેષ્ઠીને વંદન કરતાં, અનુપમ જ્યોત હૃદયમાં ધરતાં,
હે... જેને, સમકિત નિર્મળ કરાયા... ગુરુજીને રે૦ ૧

રાજનગર રૂડા મંદિરોથી શોભતું, જૈનપુરીની ઝાંખી કરાવતું,
હે... જેના દર્શનથી દીલડાં લોભાયા... ગુરુજીને રે૦ ૨

દાનસૂરીશ્વરજી સમુદાયા, પ્રેમસૂરીશ્વર શીતળ છાયા,
હે... સોહે રામચંદ્રસૂરીરાયા... ગુરુજીને રે૦ ૩

ધર્મ પિતાશ્રી ચીમનભાઈ જાણો, ધન્ય ભૂરીબેન માતા વખાણો,
હે... સુત કાન્તિલાલ નામ ધરાયાં... ગુરુજીને રે૦ ૪

સંવત ઓગણી એકાણું વર્ષે, કાન્તિ-પોપટ લે સંયમ હર્ષે,
હે... બન્યા, ભાનુ-પદ્મ મુનિરાયા... ગુરુજીને રે૦ ૫

પ્રેમસૂરીશ્વર અસીમ કૃપાથી, ભવ સફલો કરવા બન્યા સાથી,
હે... જેના, શિષ્ય પદે સોહાયા... ગુરુજીને રે૦ ૬

જોડ્યા લઘુ બાંધવ-ભગીનીને સંયમથી, તરુણ વિજય હંસકીર્તિશ્રી નામથી,
હે... જેમાં, પદ્મ-તરુણ સ્વર્ગે સીધાયા... ગુરુજીને રે૦ ૭

તપનો મહિમા આગમમાં અપાર છે, ભાવ મંગલ વળી મુક્તિ સથવાર છે,
હે... જેને, જીવન કર્તવ્યો ગણાયા... ગુરુજીને રે૦ ૮

તપનો આદર્શ આપ્યો વીર વર્ધમાને, સાડાબાર વર્ષ સુધી તપસ્યાના તાને,
હે... પ્રભુ, કેવળજ્ઞાન પદ પાયા... ગુરુજીને રે૦ ૯

શ્રીચંદ્ર કેવળીનો તપ છે અવિચલ, આઠસો ચોવીશું જેનું નામ રહે નિશ્ચલ,
હે... જિન શાસનના રત્નો કહાયા... ગુરુજીને રે૦ ૧૦

વીરના મુખેથી જેનો તપગુણ પંકાય રે, ચઢતે પરિણામે શ્રી ધન્નો મુનિરાય રે,
હે... એતો, મહાવીરના હૈયે સ્થપાયા... ગુરુજીને રે૦ ૧૧

દ્વારિકા બાળવા દ્વૈપાયન આયો, આયંબીલ આરાધના જોઈ ગભરાયો,
હે... એવા, તપના મહિમા ન ભૂલાયા...ગુરુજીને રે૦ ૧૨

આયો મહાસેનકૃષ્ણા શાસ્ત્રે ગવાણી, વર્ધમાન આયંબીલની વાત ના અજાણી,
હે... જેને, તપના ભાવો ઉલસાયા... ગુરુજીને રે૦ ૧૩

વર્ધમાન તપની એકસો ઓળી ધરતાં, કલકત્તા નગરીએ પૂરણ કરતાં,
હે... કેઈ, જીવોને સંયમ સધાયા... ગુરુજીને રે૦ ૧૪

ગુરુજીએ તપને પૂરણ કર્યો રંગથી, ધન્ય ધન્ય છે સહુ બોલે ઉમંગથી,
હે... જેના **"ધર્મરસીકે"** ગુણગાયા... ગુરુજીને રે૦ ૧૫

પૂજ્ય તપોનિધિ ગુરુદેવશ્રીએ વહાવેલી જ્ઞાનગંગા

- પરમતેજ : ભાગ : ૧-૨
- નિશ્ચય અને વ્યવહાર
- ગુણસેન-અગ્નિશર્મા(પ્રવચનો)
- ગંગાપ્રવાહ(પ્રવચનો)
- વાર્તાવિહાર
- પ્રેરણા
- પ્રભુનો પંથ
- ललित विस्तरा [हिन्दी]
- જૈન ધર્મનો સરળ પરિચય ભાગ : ૧-૨
- અરિહંતની ઓળખાણ
- સિંહ અને આનંદ (પ્રવચનો)
- અમિચંદની અમીદૃષ્ટિ
- ઉચ્ચપ્રકાશના પંથે (પંચસૂત્ર)
- પ્રીતની રીત
- મદનરેખા
- जैन धर्म का सरल परिचय [हिन्दी] વગેરે...

• • •

• **મહેસાણા :** પૂજ્ય તપોનિધિ પંન્યાસપ્રવરશ્રી ભાનુવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં, કલકત્તા મુકામે પૂ. ગુરુદેવશ્રીની ૧૦૦ મી ઓળીની મંગળમય પૂર્ણાહુતિના ઉપલક્ષમાં, આસો સુદ ૧૪ ના દિવસે સામુદાયિક આયંબિલની આરાધના થઈ. તેમાં છ વર્ષનાં બાળકોથી માંડી એંશી વર્ષના વૃદ્ધો જોડાયા હતા. લગભગ આઠસો આયંબિલ થયાં હતાં. પૂજા-ભાવના પણ થયેલ. વ્યાખ્યાનમાં પૂ. મુનિરાજશ્રીએ પૂ. ગુરુદેવશ્રીનું કઠોર સંયમજીવન, અપ્રમત્તભાવ, શાસનપ્રભાવકતા, યુવાનોમાં ધર્મસંસ્કારોનું દાન...સાહિત્યસર્જન ઈત્યાદિ વર્ણવ્યું હતું. ઘેરઘેર **"તપધર્મનાં અજવાળાં"** પુસ્તકની પ્રભાવના કરવામાં આવી હતી.

• **અમદાવાદ :** પૂ. ગુરુદેવશ્રીની ૧૦૦ મી ઓળીની પૂર્ણાહુતિના નિમિત્તે શ્રી જૈન ધાર્મિક શિક્ષાયતન સમિતિ તરફથી આસો વદ ૧૧ રવિવારે આયંબિલતપ તથા જાહેર પ્રવચનનો એક ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અંગે શ્રી રમણલાલ વજેચંદ, રમેશચંદ્ર બકુભાઈ, ચંદ્રકાન્ત મશરૂવાળા તરફથી જાહેરપત્રિકા બહાર પાડવામાં આવી હતી. ગાંધીમાર્ગ ઉપરના શ્રી મહાવીર સ્વામીજીના મોટા દેરાસરમાં ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઊજવાયો હતો. લગભગ ૧૧૦૦ આયંબિલ થયા હતા. બપોરે પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી કેવળવિજયજી ગણિવરના સાંનિધ્યમાં પૂ.

મુનિરાજશ્રી હેમચન્દ્રવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મહારાજે પ્રવચનો કર્યા હતાં. તેમાં પૂજ્યપાદ પંન્યાસજી મહારાજશ્રી ભાનુવિજયજી ગણિવરના શ્રમણસર્જન, જ્ઞાનદાન, તપશ્ચર્યા...વગેરે ગુણો વર્ણવ્યા હતા. સભા હર્ષાશ્રુથી ગદ્‌ગદ થઈ ગઈ હતી.

● **સુરત :** અત્રેના શિક્ષાયતન-વિદ્યાર્થી ચંદ્રસેન ફકીરચંદ લાકડાવાળાના પ્રયત્નથી ૧૦૦ મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કેટલાય જીવોને અભયદાન આપવામાં આવ્યું હતું.

દિવ્ય-દર્શન'' - **''શાસન પ્રભાવના''** વર્ષ-૧૯,અંક-૨૩,તા.૬-૩-૧૯૭૧

૧૦૧મી ઓળીનું પારણું

● **કલકત્તા :** અત્રે પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજાની નિશ્રામાં ઉપધાન તપની આરાધના સુંદર ચાલી રહી છે. ભાવિકો છઠ્ઠ, અઠ્ઠમ, ૫-૮ ઉપવાસ વગેરે વિશેષ તપ તથા દ્રવ્યોના ત્યાગ વગેરે તેમજ નિયમો લેવાનું પણ કરે છે. પૂજ્યશ્રીને મહા ૦)) વર્ધમાન આંબેલ તપની ૧૦૧મી ઓળી સારી રીતે પૂર્ણ થઈ. આજે ફાગણ સુદ ૧ પારણા દિવસ હતો. લીંબડીવાળા શેઠશ્રી ખીમચંદભાઈ ઉજમશી જેમણે સુરેન્દ્રનગરમાં પૂજ્યપાદ આચાર્યદેવશ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં થયેલ સોસાયટીના બે દેરાસરોની પ્રતિષ્ઠા બાદ સારી ઉછામણી બોલી દ્વારોદ્‌ઘાટન કરેલાં એમણે આજે ઘર આંગણે ચતુર્વિધસંઘને તેડી સંઘપૂજન તથા વ્યાખ્યાન કરાવવા નક્કી કર્યું. તે મુજબ આજે મોટી સંખ્યામાં સંઘની હાજરી સાથે દબદબાભર્યો વરઘોડો કાઢી પોતાના નિવાસ સ્થાને લઈ ગયા. રસ્તે સ્થળે સ્થળે ગહુંલીઓ થયેલ. આ પૂર્વે અત્રેના ઉપધાન આરાધકો વહોરાવવા માટે ઉછામણીઓ બોલેલા એમાં ૩૦ જણાએ આદેશ લીધેલ. એમાં ૫ વર્ષમાં ૫૦૦-૫૦૦ આયંબિલ તથા ૪૦૦-૩૦૦ આંબેલ તેમજ બીજા સેંકડો આંબેલ-એકાસણા-ઉપવાસો વગેરે બોલાયેલ. બાદ ખીમચંદભાઈને ત્યાં વ્યાખ્યાન અપાતા લગભગ આખી સભાએ મહીને બે એક આયંબીલ ઘી ત્યાગ, ગોળ ત્યાગ વગેરેના અભિગ્રહ લીધેલ. તેમજ ૫૦૦-૩૦૦-૨૫૦ આયંબીલ વગેરે પણ કેટલાય ભાવિકોએ કરવાનું નોંધાવ્યું. એકંદરે ત્યાગ અને તપસ્યાની ખૂબ જ પ્રભાવના થઈ. ત્રણ દિવસ પૂજાનો કાર્યક્રમ રખાયો હતો. લોકોના મન એટલા બધા ગદ્‌ગદ થઈ ગયા હતા કે ઝંખના કરવા લાગ્યા કે મહારાજ સાહેબ અત્રે ચોમાસું કરે તો અમારા જીવનમાં જે અદ્‌ભુત સુધારો

આવ્યો છે એના પર ખૂબ ઉન્નતિ આવી જાય. આ પૂર્વ નજીકમાં મુનિશ્રી જયશેખર-વિજયજી મહારાજને ૬૨મી ઓળીનું તથા મુનિશ્રી જયસોમવિજયજી મહારાજને ૬૧મી ઓળીનું પારણું થયેલ. એ પ્રસંગે પણ ઉપધાન આરાધકો દશ આદેશ સુધી સેંકડો આંબેલ બોલેલા.

દિવ્ય-દર્શન'' - **''શાસન પ્રભાવના''** વર્ષ-૧૯,અંક-૨૪,તા.૨૭-૩-૧૯૭૧

કલકત્તામાં ધર્મની રંગરેલ

અત્રે ઉપધાનની માળારોપણનો પ્રસંગ ફા.સુ. ૧૧ને રવિવારે ભવ્ય ઉજવાયો. પૂ.**પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મહારાજ**ની નિશ્રામાં ૧૭૬ આરાધકો ઉપધાન વહી રહ્યા હતા. એમાં ૧૦૦ જણા માળાના ઉપધાનમાં હતા. શાંત સુધારસ શાસ્ત્રની વાંચનામાં ૧૨ ભાવના પદનાં વ્યાખ્યાનો સાંભળીને ઘણાઓને લાગતું કે આજ સુધી અમે અંધારામાં હતા. ધર્મના મર્મ જ સમજતા નહોતા, સંસારના અસાર સ્વરૂપનો આબેહૂબ ખ્યાલ પણ પહેલા નહિ આવેલ. ત્યાગ અને તપની એવી હોંશ જાગતી નહોતી. વ્યાખ્યાનથી અમારા હૃદય પરિવર્તન થઈ રહ્યા છે...વળી ઉપધાનની ક્રિયા કરાવ્યા બાદ ૧૦૦ ખમાસમણા દેવરાવતા ૨૫-૨૫ ખમાસમણાના આંતરે પૂ.પંન્યાસજી મહારાજ સૂત્રના રહસ્ય, ક્રિયાના રહસ્ય, વિરતીના અનુપમ લાભ, દેવાધિદેવ અને ભક્તિનું મહત્ત્વ, અણમોલ શાસનપ્રીતિનું અહોભાગ્ય, ૮૪ આશાતના ગુરુની આશાતના વગેરે પર ઉપદેશ આપતા. આ બધા ઉપદેશ અને ઉત્સાહી આરાધકોના સહયોગના ફળરૂપે ઉપધાનવાહીઓ નવીન દ્રવ્યોમાં સંક્ષેપ, મીઠાઈ ત્યાગ, મૌન, સ્વાધ્યાય, નવી ગાથાઓ યાદ વગેરે કરતા. સંખ્યાબંધ છઠ્ઠ, અઠ્ઠમો વગેરે પણ થયા; ક્રિયા કાઉસ્સગ્ગ ખમાસમણ ઊભા થઈ થઈને કરાતા; તેમ ઉપધાન પછી ચોક્કસ આરાધના માટે અનેકાનેક પ્રકારના નિયમ લેવાતા; જેવા કે મહિને અમુક સંખ્યામાં પ્રતિક્રમણ, સામાયિક, શક્ય રાત્રિ ભોજન ત્યાગ બ્રહ્મચર્ય, વર્ષમાં પૌષધ, શક્ય ગરમ પાણી સચિત્ત ત્યાગ, રોજ અરિહંતપદ કાઉસ્સગ્ગ ખમાસમણા ધાર્મિકવાંચન, દેરાસર પોતાનું પૂજા દ્રવ્ય લઈ જવું, અમુક વર્ષમાં, ૫૦૦ આંબેલ, ૫ તિથિ લીલોતરી ત્યાગ, ઘી ત્યાગ અગર આંબેલ, જીવનભર રોજ માટે ખાનપાનની ચીજ અમુક સંખ્યાથી વધુ નહિ, રોજ ૧ નવકારનું બીજા વિચાર વિના સ્મરણ, મુઠ્ઠિસહિયં પચ્ચક્ખાણ, વર્ષમાં અમુક ગાથા યાદ કરવી, વધુ પડતો ક્રોધ થાય તો અમુક દંડ તેમજ ક્રિયા પ્રતિક્રમણ વગેરેના સૂત્રો

બોલવા અંગે પણ ત્યાગ નિયમો લેવાતા.

ઉપધાન માળારોપણના દિવસ નજીક આવતાં ઉલ્લાસ ઓર વધી ગયો. ફા.સુ. ૪ રવિવારે માળાની બોલી બોલાવાની હોવાથી વ્યાખ્યાન સભા ચિકાર ભરાઈ ગયેલી. બોલી શરૂ થતાં આંકડા રૂા. ૫૦૦-૫૦૦ એ વધવા માંડ્યા. પહેલી માળ શ્રીમતી હંસાબેન માટે શેઠશ્રી દામોદર ઝીણાભાઈવાળા શ્રી બચુભાઈએ રૂા. ૧૪૦૦૦માં લીધી. બીજી માળ શેઠશ્રી છગનલાલ ચુનીલાલ ચુડાવાળાએ શ્રીમતી શાંતાબેન માટે રૂા. ૮૫૦૧માં લીધી. ત્રીજીમાળ શેઠશ્રી ભીખમચંદજી રામપુરીઆએ શ્રી નિર્મળકુમાર માટે રૂા. ૮૫૦૧માં લીધી. કુલ સો એ માળની બોલીના રૂા. ૧,૨૧,૫૦૦ થયા. માળારોપણના ઉત્સવની પૂજાઓ શરૂ થઈ. ઉપધાન દરમિયાન પણ રોજ પ્રભુજીને ભવ્ય અંગરચનાઓ થતી. હવે એથી પણ વિશેષ ઠાઠ થતો. કુંભસ્થાપન ગ્રહપૂજન શ્રી શાન્તિસ્નાત્ર ભારે ભક્તિ ઉછરંગથી ભણાવાયું. ફા.સુ.૧૧ સવારે ૭॥ વાગે માળનો ભવ્ય વરઘોડો નીકળ્યો. મોખરે શ્રી બચુભાઈની ચાર ઘોડાની ઊંચી બગીને બગીચા સાથેના રાજમહેલ જેવી શણગારેલી. એમાં શ્રીમતી હંસાબેન પોતાની માળા લઈને બેઠેલા અને વરસીદાન ઉછાળી રહ્યા હતા. ચુડાવાળા શેઠશ્રી છગનલાલની બગી પણ ભવ્ય શણગારેલી. શ્રી નિર્મળકુમાર પણ શણગારેલી ગાડીમાં બેઠેલા હતા. બીજી પણ ગાડીઓના ઠાઠ સુંદર હતા. બેનો માથે મંગળકળશ તથા ૧૪ સ્વપ્ન લઈને ચાલતા. રથમાં પ્રભુજીને લઈને શેઠશ્રી કપૂરચંદ વીરચંદ વસાવાળા બેઠેલા તથા સારથિ શેઠશ્રી ખુશાલભાઈ બનેલા. રથને શેઠશ્રી સવાઈલાલ કેશવલાલ જે.પી.ની આગેવાની નીચે ભાવિક શ્રાવકોએ ખેંચવાનો શરૂ કર્યો; તે ઠેઠ સુધી શ્રાવકોએ જ ખેંચેલ.

લગભગ ૧૦॥ વાગે માળારોપણની ક્રિયા શરૂ થઈ. સંઘને હરખનો પાર નહોતો. વિધિ પૂર્ણ થયા પછી માળારોપણનું કાર્ય ચાલ્યું. માળ પહેરાવનારા તથા સાથે આવેલ ભાઈ બેનો જ્ઞાનપૂજન, ગુરુપૂજન કરવા સાથે કંદમૂળ ત્યાગ, દેવદર્શન, મહિને ૧ આંબેલ વગેરેના નિયમ લેતા. ઉપધાનમાં પંદર છોકરા-છોકરીઓની આરાધના જોઈ શ્રીમતી કંચનબેન ખીમચંદ ઉજમશીએ દરેકને સોનાની કંઠી પહેરાવી બહુમાન કર્યું. આ પ્રસંગે ત્રણ જણાએ સંપૂર્ણ બ્રહ્મચર્ય ઉચ્ચર્યું. અંતે લાડુની પ્રભાવના થઈ. એકંદરે ઉપધાન પ્રસંગથી ખૂબ ધર્મ પ્રભાવના થઈ.

કલકત્તામાં દીક્ષાર્થીનાં સન્માન

અત્રેના વતની શ્રી મગનલાલ મોતીચંદના સુપુત્ર પ્રદીપકુમાર જેઓને અમદાવાદમાં **પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજ**ની પાસે માગશર સુદ ૩ શનિવારે દીક્ષા લેવાનું નક્કી થયું છે, એમને કલકત્તામાં ભવાનીપુર સંઘ, બડાબજાર સંઘ તથા તુલાપટ્ટી સંઘ તરફથી ત્રણ માનપત્ર-મેળાવડા અને એક મેળાવડામાં શેઠશ્રી છોટમલજી સુરાણા તરફથી સંઘપૂજન થયા. શ્રી મગનભાઈ લખે છે કે, "ચિ. પ્રદીપ એની ઉંમરના પ્રમાણમાં મેળાવડામાં વૈરાગ્યનું સારું બોલેલ. ચિ. પ્રદીપનો પ્રભાવ કેવો કે તદ્દન નાસ્તિક મતવાળા ઉપર પણ પ્રભાવ પડે છે. ઊલટાના તે ટાઈમ કાઢી પ્રદીપની પાછળ રાગી થઈને આવે છે, ને ટેલિફોન વગેરે કર્યા જ કરે છે. તેના ચિલ્લો રહેણી-કહેણી અને સામા ઉપર છાપ જોઈ મને લાગતું હોય તે સહેજે લખાઈ જાય છે. શ્રી મગનભાઈ તરફથી કારતક સુદ ૬ રવિવારે ચિ. પ્રદીપકુમારનો દીક્ષા-વરસીદાનનો અને રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળેલ. એનો અહેવાલ સ્થાનકવાસી કાર્યકર ભાઈશ્રી જયસુખલાલ વનમાલી શેઠ આ પ્રમાણે લખી મોકલે છે,-

"આજે મુમુક્ષુ પ્રદીપકુમારનો વરસીદાનનો વરઘોડો હતો... ૯૬, કેનિંગ સ્ટ્રીટના દેરાસરથી સવારે ૮॥ વાગે શરૂ થયો હતો. સાથે રથયાત્રા તેમજ ભજન મંડળી હતી. બે ભવ્ય બેન્ડ હતાં... પ્રદીપકુમાર ચાર ઘોડાની ઊંચી ગાડીમાં બેસી ખૂબ જ હોંશથી વરસીદાન દઈ રહ્યા હતા... રાજકુમાર જેવા ડ્રેસમાં મુમુક્ષુ પ્રદીપકુમારને જોઈને જૈનેતર ભાઈઓ પણ કહેવા લાગ્યાં કે આવા નાનાં બાલુડાને શો વૈરાગ્ય લાગ્યો છે !' કા. સુ. ૬ રવિવારે વરઘોડો સવારે ૮॥ વાગે શરૂ થયો... અને બરાબર ૧૧-૧૧॥ વાગે પુનઃ દેરાસર આવ્યો. માનવમેદની પણ ચિક્કાર હતી...

વરઘોડો દેરાસરથી શરૂ થઈ બ્રેબોનરોડ... પગીઆ પટ્ટી.... હેરીસન રોડ... સુતાપટ્ટીનાં દેરાસરે ચૈત્યવંદન કરી મલીક સ્ટ્રીટ.. અમરતલા સ્ટ્રીટ... ચીતપુર રોડ... નીસન રોડ... થઈ પાછો ફરીને સ્થાનકનાં પોલોક સ્ટ્રીટનાં ઉપાશ્રય પાસે થઈ દેરાસર આવ્યો... રસ્તામાં જગ્યાએ જગ્યાએ મોટી મોટી કોઠીઓ (મકાનો)માંથી સેંકડો-હજારો બહેનો પુષ્પની વૃષ્ટિ કરતા હતા... અને પ્રદીપભાઈ પણ ખૂબ જ

ઊછળી ઊછળીને છૂટા પૈસા, ને નોટો વરસીદાનમાં ઊછાળતા હતા.... વાતાવરણ ખૂબ જ ઉલ્લાસમય હતું.

પ્રદીપકુમારનાં બડભાગી માતા-પિતા પણ ખૂબ જ આનંદમાં તેમજ પ્રફુલ્લિત હતા. જૈન શ્વે. મૂ. સંઘનાં આગેવાન કાર્યકરો તથા મેમ્બરોની વિશાળ હાજરી ઉપરાંત સ્થાનકવાસી ભાઈ-બહેનોની પણ હાજરી સારા પ્રમાણમાં હતી. ઠેઠ સુધી મેદની સારી ચાલી. ખાસ કરીને ગુજરાતી અ-જૈન ભાઈ-બહેનોએ પણ મુમુક્ષુ પ્રદીપકુમારનાં દર્શન કરવાની ઈચ્છાથી એકત્રિત થઈ વરઘોડાની શોભામાં વધારો કર્યો હતો. વરઘોડો ૧૧॥ વાગે દેરાસરે ઊતર્યો ત્યારે પણ ચિક્કાર માનવમેદની હતી. વરઘોડામાં ભવાનીપૂરથી પૂ. આચાર્યશ્રી વિજય નવીનસૂરિજી મહારાજ આદિ પધારેલ; તેમજ ૯૬, કેનિંગના ઉપાશ્રયથી પૂ.મુ. શ્રી ભુવનવિજયજી મહારાજ આદિ હતા... એકંદરે કલકત્તાના ઈતિહાસમાં યાદગાર એવો વરઘોડો નીકળ્યો...''

કા. સુદ ૭ રાત્રે જ્યારે ભાઈશ્રી મગનભાઈ તથા એમના ધર્મપત્ની ચિ. પ્રદીપકુમારને લઈને પોતાના મૂળ વતન સૌરાષ્ટ્ર જામકંડોરણા જવા નીકળ્યા ત્યારે કલકત્તા હાવરા સ્ટેશન પર રાતના જે ભવ્ય વિદાય મળી એનો ટૂંક અહેવાલ બીજા પત્રથી લખતાં સ્થા. ભાઈશ્રી જયસુખલાલ આ પ્રમાણે જણાવે છે કે,- ''વિ. ગઈકાલે રાત્રે ૧ વાગે નાગપુર મેલમાં પ્રદીપભાઈ વગેરે દેશ માટે રવાના થયા છે. સ્ટેશને સ્ત્રી-પુરુષોની બહુ હાજરી હતી, ૬૦૦-૭૦૦ હશે બાકી કેઈ ભાઈ-બહેનો સ્ટેશને મળીને ચાલ્યા ગયા હતા. વિદાયમાં કેઈ ભાઈ-બહેનોએ પસ ભરાવેલ; તથા ફૂલહાર પણ સારા પ્રમાણમાં પહેરાવેલ; બહેનો સારા પ્રમાણમાં ગીતો ગાઈ રહી હતી. સૌની આંખમાંથી હર્ષના આંસુ વહી રહ્યા હતા. એમના માતા-પિતા વગેરે સર્વે પ્રફુલ્લિત તેમજ મસ્ત હતા. સ્ટેશનમાં જાણે રોનક હતી. 'શાસનદેવની જય, ભાનુવિજય મહારાજની જય, દીક્ષાર્થી પ્રદીપકુમારની જયના જયનાદોથી સ્ટેશન ગાજી રહેલું હતું. અન્ય જ્ઞાતિવાળા પૂછીને જાણતા કે, 'આ રાજકુમાર જેવો છોકરો દીક્ષા લેવાનો,' ત્યારે અચબો તેઓને લાગતો. હારતોરાથી સુશોભિત પ્રદીપભાઈ બહુ જ ભાવવાહી હતા; તેમણે ટ્રેન ઉપડતી વખતે આવેલ ભાઈ-બહેનોને જ્ઞાનના-વૈરાગ્યના થોડા શબ્દો કહ્યા જે સાંભળી હૈયું ભરાઈ જતું.''

જોધપુર હાઈકોર્ટના જજમેન્ટનો સાર

ધી પ્રબન્ધકારિણી કમિટી દિગમ્બર જૈન અતિશય ક્ષેત્ર શ્રી મહાવીરજી વિરુદ્ધ નારાયણલાલ અને બીજા.

બાબતમાં : નામદાર રાજસ્થાન હાઈકોર્ટ મુ. જોધપુર સમક્ષ દિવાની રીટ પિટિશન નં.-૬૦ સને ૧૯૭૧ ની અરજી ભારતના બંધારણની કલમ ૨૨૬ હેઠળ કરવામાં આવેલી, જેનો ચુકાદો તા. ૮-૧-૧૯૭૨ના રોજ નામદાર જજ શ્રી વી.પી. ત્યાગી સાહેબે આપેલો છે. જે કેસમાં અરજદાર તરફી વકીલ શ્રી એમ.બી.એલ. ભાર્ગવ અને તેઓની સાથે શ્રી એન.એમ. કસલીવાલ અને શ્રી એ.કે. ભંડારી હાજર રહ્યા હતા અને સામાવાળા શ્રી નારાયણલાલ તરફ વકીલ શ્રી અર્જુનલાલ મહેતા અને તેઓની સાથે શ્રી એસ.એમ. મહેતા હાજર રહ્યા હતા. નામદાર હાઈકોર્ટ જજે તેમના હુંદીમ ગામ નૌરંગાબાદ શ્રી મહાવીરજીનું મંદિર એ નામનું મંદિર આવેલું છે. જે સાર્વજનિક ટ્રસ્ટ છે જેનો વહીવટ ધી પ્રબન્ધકારિણી કમિટી કરે છે. સદર મંદિરની મિલકતો છે.

શ્વેતામ્બર જૈનોનું કહેવું એવું છે કે અ ટ્રસ્ટ તેમનું હતું પણ દિગમ્બર જૈનોએ જ્યારે તેમની લાગવગ તે વખતના જયપુર રાજ્યના વહીવટમાં હતી તે વખતે સદર ટ્રસ્ટનો વહીવટ મેળવ્યો. સને ૧૯૪૩ના સામાવાળા નં.-૧ નારાયણલાલ અને તેમની સાથે બીજા ત્રણ સશખ્સોએ સીવીલ પ્રોસીજર ક્રોડ કલમ ૯૨ હેઠળ અરજી કરી સદર મિલકતો વહીવટ કરવા માટેના તેમના અધિકારો સ્થાપિત કરવા દિવાની કોર્ટમાં દાવો કરવા માટે પરવાનગી માગી તે વખતના સવાઈ માધોપુરના ડેપ્યુટી કમિશનરે તા. ૨૦-૨-૪૭ના રોજ સદર અરજી મંજૂર કરી અને સામાવાળા નં.-૧ શ્રી નારાયણલાલ તથા મુલચંદ ગેંડાલાલ અને મલુકચંદને સદર હું અરજીમાં તેઓએ માંગેલી દાદ માટે યોગ્ય દિવાની કોર્ટમાં દાવો દાખલ કરવાની પરવાનગી આપી. પણ તેમાં એવો પ્રતિબંધ મૂકવામાં આવ્યો કે તેઓએ સદર હું મંદિરના મકાનો અંગે માલિકી હક્કો માંગવા માટેની દાદ માગવી નહિ.

સદર હું દાવો દાખલ કરતા અગાઉ ઉપરોક્ત ચાર શખ્સો પૈકી શ્રી ગેંડાલાલ અને શ્રી મલુકચંદ ગુજરી ગયા. બાકીના બે અરજદારોને લાગ્યું કે નવેસરથી પરવાનગી મેળવ્યા સિવાય તેઓ દાવો કરી શકે નહિ. એટલે સામાવાળા નં.-૧ શ્રી નારાયણલાલ સહિત બીજા ચાર સખ્શોના નામે સવાઈ માધોપુરના કલેકટર

પાસે સીવીલ પ્રોસીજર કોડની કલમ ૯૨ હેઠળ ફરી અરજી તા. ૨૨-૯-૫૧ના રોજ કરવામાં આવી. કલેકટર તા. ૪-૬-૫૩ના રોજ સદર હું અરજીને મંજૂરી કરી.

શ્રી નારાયણલાલ અને બીજા ત્રણ શખ્સોએ તારીખ ૧૩-૭-૫૩ના રોજ **એડવોકેટ જનરલ સમક્ષ** અપીલ પ્રોસીજર કોડની કલમ ૯૨ હેઠળ સદર હું અરજીમાં માંગેલી દાદ મેળવવા માટે દાવો કરવા અરજી કરી. એડવોકેટ જનરલે તા. ૧૦-૯-૫૫ના રોજ વિગતવાર હુકમ કરી અરજદારોને યોગ્ય દિવાની કોર્ટમાં દાવો કરવા માટે પરવાનગી આપી. પરંતુ તે દાવો દાખલ થતા અગાઉ અરજદારો પૈકીના એક ગુજરી ગયા. બાકીના ત્રણ અરજદારોએ એડવોકેટ જનરલે ચાર સખ્શોને આપેલી પરવાનગી હેઠળ દાવો કરવાનું યોગ્ય માન્યું.

અરજદાર પ્રતિવાદીએ તે દાવામાં પ્રાથમિક તકરાર લીધી કે એડવોકેટ જનરલે સીવીલ પ્રોસીજર કોડની કલમ ૯૨ હેઠળ આપેલી પરવાનગી મુજબ દાવો કરવામાં આવેલો નહિ હોવાથી દાવો ચાલી શકે નહિ. પ્રતિવાદીએ લીધેલો સદર હું પ્રાથમિક વાંધો વિદ્વાન ડીસ્ટ્રીકટ જજ સાહેબે નામંજૂર કર્યો; પરંતુ સીવીલ પ્રોસીજર કોડની કલમ ૧૧૫ અને ભારતના બંધારણની કલમ ૨૨૭ હેઠળ પ્રતિવાદીએ કરેલી અરજીમાં નામદાર હાઈકોર્ટ સદર હું વાંધો મંજૂર રાખ્યો, અને દાવો રદ કર્યો. નામદાર હાઈકોર્ટનું જજમેન્ટ સુપ્રીમ કોર્ટે પણ અપીલમાં મંજૂર રાખ્યું. જ્યારે સુપ્રીમ કોર્ટ સમક્ષ બાબત જારી હતી. તે દરમ્યાનમાં સામાવાળા નં.-૧ નારાયણલાલે સને ૧૯૫૯ના શ્રી રાજસ્થાન પબ્લીક ટ્રસ્ટ એકટની કલમ ૩૮ હેઠળ સદર કોર્ટ સમક્ષ સદર બાબત રજૂ કરવા પરવાનગી માગી. પરંતુ સુપ્રીમ કોર્ટ સમક્ષ બાબત જારી હોવાથી દેવસ્થાનના આસીસ્ટન્ટ કમિશનરે નારાયણલાલની અરજીનો નિકાલ કર્યો નહિ. સુપ્રીમ કોર્ટે સદર બાબતનો છેવટનો નિકાલ કર્યો.

પછી સવાઈ માધોપુરના સબ ડીવીઝનલ ઑફિસર જેમને આસીસ્ટન્ટ કમિશનર દેવસ્થાનના અધિકારો હતા. તેમણે સદર બાબત હાથ ધરી, અને તા. ૨૩-૧૨-૧૯૭૦ના હુકમથી કલમ ૩૮ હેઠળ દિવાની કોર્ટને અરજી કરવા સામાવાળા નં.-૧ નારાયણલાલને પરવાનગી આપી. પરિણામે તા. ૨૦-૧-૧૯૭૧ના રોજ કલમ ૩૮ હેઠળ નારાયણલાલે ભરતપુરના ડીસ્ટ્રીકટ જજ-સાહેબની કોર્ટમાં નીચેની દાદ માટે અરજી કરી.

(૧) સામાવાળા પ્રબંધકારિણી કમિટી દિગંબરને શ્રી મહાવીરજીના મંદિરના વહીવટમાં દૂર કરવા.

(૨) સમગ્ર જૈન સમાજની નવી કમિટી નીમવી.

(૩) વરઘોડામાં તીર્થંકરોની મૂર્તિઓનો વહીવટ શ્વેતાંબરની નવી કમિટીને સોપવો.

(૪) શ્વેતામ્બર સંઘના અનુયાયી શ્રી જોધરાજ પાલીવાલે આ મંદિર બંધાવેલું છે. તે પ્રમાણે જાહેર કરવું અને મંદિર અને તેની મિલકતોનો વહીવટ શ્વેતામ્બરને સોંપવો.

(૫) સદર હું મંદિર અને તેના કટલા (Katla) તથા તેની તમામ મિલકતો જૈન શ્વેતામ્બર સાર્વજનિક ટ્રસ્ટની હોવાથી અને પ્રાર્થના તથા ક્રિયાઓ વગેરે મંદિરમાં કરવા માટે તથા વરઘોડો કાઢવા માટે જૈનસંઘના આધ્યાત્મિક લાભ માટેની હોવાથી, શ્વેતામ્બર સંઘની પ્રણાલિકા અનુસરવાનો હંમેશાં રિવાજ છે અને તેથી સામાવાળાને તેમાં ડખલ કરતા રોકવા.

(૬) શ્વેતામ્બરની નવી કમિટીને મેળા મહાવીરજીનો વહીવટ સોંપવો.

(૭) રથયાત્રા પ્રસંગે શ્વેતામ્બર જૈન ચામર વિંઝે તેમાં દિગમ્બરોએ હરકત કરવી નહીં.

એડવોકેટ જનરલે નારાયણલાલ અને બીજા ત્રણને સીવીલ પ્રોસીજર કોડની કલમ ૯૨ હેઠળ દાવો કરવા માટે આપેલી પરવાનગી મુજબની ઉપરોક્ત દાદ હતી.

પરંતુ અરજદાર (પ્રબંધકારિણી દિગબંર કમિટી) તરફથી એની સામે આ દલીલો રજૂ થઈ સબ ડીવીઝનલ ઑફિસર સવાઈ-માધોપુરનો હુકમ આસીસ્ટન્ટ કમિશનર દેવસ્થાનને સંતોષ થયાનું જણાવતો નથી; અને કલમ-૩૮માં જણાવ્યા મુજબની તપાસ કરાવ્યા વગરનો કરેલો છે; અને તેનો અમલકારી ભાગ અસ્પષ્ટ અને કલમ-૩૮ની જોગવાઈઓ મુજબનો નથી; વગેરે કારણો જણાવી અરજદારો સબ ડીવીઝનલ ઑફિસર સવાઈ માધોપુરનો હુકમ ચેલેન્જ કર્યો.

સામાવાળા નં.-૧ નારાયણલાલે સદર હું અરજી સામે વાંધો લીધો અને સને ૧૯૬૫માં સીવીલ પ્રોસીજર કોડની કલમ ૯૨ હેઠળ એડવોકેટ જનરલે જે આધારે પરવાનગી આપેલી તેના તમામ સંબંધક કાગળો પોતાના જવાબ સાથે રજૂ કર્યા. સામાવાળા નારાયણલાલે રજૂઆત કરી કે સબ ડીવીઝનલ ઑફિસરે જરૂરી તપાસ કરીને અને ગુણદોષ ઉપર પક્ષકારોને વિગતવાર સાંભળીને તા. ૨૩-૧૨-૭૦ના રોજ સદર હું હુકમ કરેલો છે.

નામદાર હાઈકોર્ટ જજે ઠરાવ્યું છે કે કાયદાની જોગવા મુજબ આસીસ્ટન્ટ

કમિશનર જેની સત્તાઓ હાલમાં સબ ડીવીઝનલ ઑફિસર સવાઈ માધોપુર પાસે છે, તેઓ પોતાની જરૂરી તપાસ કરીને અને પોતાને સંતોષ થયાના કારણોની નોંધ કરીને સાર્વજનિક ટ્રસ્ટમાં હિત ધરાવનાર શખ્સે કરેલી અરજીનો નિકાલ કરી શકે છે. અરજદારની તકરાર એવી છે કે 'આ કેસમાં સબ ડીવીઝનલ ઑફિસરે કોઈ તપાસ કરી નથી અને આ કેસની હકીકતને ધ્યાનમાં લેતાં કલમ ૩૮ હેઠળનો હુકમ કરવાની જરૂરિયાત છે તેવું પોતાને સંતોષ થયાનું તેમણે નોંધેલ નથી.' સુનાવણી દરમ્યાન અરજદારના વિદ્વાન વકીલે એવી તકરાર લીધી કે 'પક્ષકારોને સાંભળ્યા સિવાય સબ ડીવીઝનલ ઑફિસરે સદર હું હુકમ કરેલો છે.'

સામાવાળા નં.-૧થી નારાયણલાલે લેખિત જવાબ તથા તે સાથે રજૂ કરેલ સોગંદનામામાં સ્પષ્ટ જણાવ્યું છે કે સબ ડીવીઝનલ ઑફિસરે તપાસ કરેલી અને પક્ષકારોને ગુણદોષ ઉપર સાંભળ્યા પછી તેમણે સદર હું હુકમ કરેલો. સામાવાળા નં.-૧ ના આ કથનને સદર હું હુકમમાંથી ટેકો મળી રહે છે. સદર હું હુકમમાં સબ ડીવીઝનલ ઑફિસરે જણાવ્યું છે કે તેમણે પક્ષકારોને લંબાણથી સાંભળ્યા છે. તેથી અરજદારના વકીલની જે દલીલ છે કે પક્ષકારોને સાંભળ્યા સિવાય સદર હુકમ કરેલો હોવાથી કુદરતી ન્યાયના મૂળભૂત નિયમોનો ભંગ કરે છે. તેવી દલીલમાં (...) તથ્ય જણાતું નથી. પક્ષકારોને લંબાણથી સાંભળેલા તેવું હુકમમાં જમાવેલું છે. શ્રી નારાયણલાલે પોતાના સોગંદનામામાં સ્પષ્ટ જણાવ્યું છે કે બંને પક્ષકારોને ગુણદોષ પર લંબાણથી સાંભળેલા; અને તેથી (દિગંબર તરફના વકીલ) શ્રી ભાર્ગવની તકરાર કે કુદરતી ન્યાયના નિયમો અનુસારનો નહિ હોવાથી સદર હું હુકમ ખોટો છે તેવી તકરાર હું સ્વીકારી શકતો નથી.

તપાસનું લાગે વળગે છે ત્યાં સુધી કલમ ૩૮ મુજબ આસીસ્ટન્ટ કમિશનરે જરૂરી જણાય તેવી તપાસ કરીને પોતાને સંતોષ થાય તેમ કરવાનું હોય છે. સદર બાબત સને ૧૯૪૩થી ચાલતી હતી અને સને ૧૯૫૩માં સીવીલ પ્રોસીજર કોડની કલમ ૯૨ હેઠળ એડવોકેટ જનરલને અરજી કરવામાં આવી ત્યારે સદર હું સઘળા કાગળો રજૂ કરવામાં આવેલા. સામાવાળા નં.-૧ જણાવે છે કે એડવોકેટ જનરલ સમક્ષ રજૂ કરેલા સંબંધક કાગળોની નકલો સબ ડીવીઝનલ ઑફિસર સમક્ષ રજૂ કરવામાં આવી હતી. સદર હું કાગળો કલમ ૩૮ હેઠલ સદર હું બાબતનો નિર્ણય કરવા માટે પક્ષકારોને ઉપસ્થિત કરેલી તકરારો સંબંધે પૂરતો પ્રકાશ ફેંકે છે. સદર હું હુકમ કરવા માટે વધારે તપાસની જરૂર ન હતી અને તેથી સબ ડીવીઝનલ ઑફિસરે મૌખિક પુરાવો લીધો ન હતો તેમજ અરજદારે પણ તેમની તકરારના

સમર્થનમાં પુરાવો રજૂ કરવા માટે સબ ડીવીઝનલ ઑફિસરે સમક્ષ માગણી પણ કરી ન હતી. કલમ ૩૮ હેઠળ દિવાની અદાલત સમક્ષ દાદ માગવા નારાયણલાલને પરવાનગી આપતો હુકમ સબ ડીવીઝનલ ઑફિસરે કર્યો. **સદર હુકમ ધ્યાનપૂર્વક જોતાં ચુકાદામાં જ તેમને સંતોષ થવાનું જણાઈ આવે છે અને તે કારણસર તે હુકમ ખામીવાળો કહી શકાય નહિ. શ્રી નારાયણલાલ સને ૧૯૪૩થી યોગ્ય દિવાની અદાલત પાસે ઉપરોક્ત દાદ મેળવવા મથી રહ્યા હતા.** પણ ટેકનીકલ કારણોસર તેઓ દિવાની અદાલત સમક્ષ દાવો કરી શક્યા નહીં અને શ્વેતામ્બર કોમના પ્રતિનિધિ તરીકે યોગ્ય કોર્ટથી દાદ મેળવવા તેઓ ચાહતા હતા, તે દાદ ત્રીસ વર્ષ સુધી તેઓ મેળવી શક્યા નહિ. **હુકમમાં ટેકનીકલ ખામીઓના કારણોસર આ કોર્ટ દરમ્યાનગીરી કરવાનું યોગ્ય ગણશે નહિ અને તેથી અરજદારો (દિગંબરો)ની અરજી ચાલી શકે નહિ તેથી સદર હું (એમની) રીટ પિટિશન રદ કરવામાં આવે છે.** ખર્ચ માટે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૧,અંક-૧૩,તા.૯-૧૨-૧૯૭૨

આચાર્યપદવીના મંગલાચરણ

અમદાવાદ : અત્રે પરમશાસન પ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્ર-સૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી પૂ.ઉ.શ્રી માનવિજયજી ગણિવર્ય, પૂ.પં.શ્રી હેમંતવિજયજી ગણિવર્ય અને પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવર્યના શ્રી આચાર્ય પદારોહણના મંગલ પ્રસંગે સંઘ આમંત્રણ પત્રિકા બહાર પાડવામાં આવી હતી. જેમાં વિશેષતયા જણાવવામાં આવેલ કે સકલાગમરહસ્યવેદી, પરમજ્યોતિર્વિદ્, સ્વ.પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાંત મહોદધિ, સ્વ.પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્નો પરમ ગીતાર્થ નિઃસ્પૃહશિરોમણિ પૂ.પં. મહારાજ **શ્રી હેમંતવિજયજી** ગણિવર્ય તથા વિદ્વાન તપસ્વીરત્ન પ્રભાવક પ્રવચનકાર પૂ.પં. મહારાજ **શ્રી ભાનુવિજયજી** ગણિવર્ય આદિ ઠાણા ૩૧ સાથે પરમ શાસનપ્રભાવક, ગચ્છાધિપતિ વ્યા. વા. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાની આજ્ઞાથી અત્રે સં. ૨૦૨૮ ના ચાતુર્માસાર્થ પધાર્યા ત્યારથી નિત્ય પ્રાતઃ પ્રવચન, મધ્યાહ્ન વાંચના તથા રાત્રે તત્ત્વ ગોષ્ઠી દ્વારા અત્રેના સંઘને અપૂર્વ લાભ આપી રહેલ છે.

વિશેષમાં જણાવતાં આનંદ થાય છે કે પૂ. પ્રાતઃસ્મરણીય, સિદ્ધાંતમહોદધિ,

સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર પૂ. પંન્યાસજી મહારાજ **શ્રી ભાનુવિજયજી** ગણિવરથી પ્રતિબોધિત જામકંડોરણાવાળા કલકત્તા નિવાસી મહેતા મગનલાલ મોતીચંદના સુપુત્ર શ્રીયુત **પ્રદીપકુમાર** અનન્ત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ સ્વયં આચરીને જીવ માત્રના કલ્યાણના હેતુથી ઉપદેશેલી શ્રી પારમેશ્વરી પ્રવ્રજ્યા વિ.સં. ૨૦૨૯ ના માર્ગશીર્ષ સુદિ દ્વિ. તૃતિયા, તા. ૯-૧૨-૧૯૭૨ને શનિવારે શુભ મુહૂર્તે ગ્રહણ કરવાના હોઈને, મહેતા મગનલાલ મોતીચંદ સહકુટુંબ અત્રે પધાર્યા છે અને તેમના તરફથી શ્રી પ્રદીપકુમારની ભાગવતી દીક્ષા નિમિત્તે શ્રી જિનભક્તિના ભવ્ય મહોત્સવનું આયોજન કરીને નિમંત્રણ પત્રિકા પ્રગટ કરવામાં આવી છે.

આ દરમ્યાનમાં, એક મહામંગલકારી શાસનપ્રભાવક પુણ્ય અવસરની ઉજવણી કરવાનું સદ્‌ભાગ્ય શ્રીસંઘને સાંપડ્યું છે. પૂ. સુવિશાલગચ્છાધિપતિ કર્મશાસ્ત્રસુનિપુણ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટધરરત્ન પૂ. પરમ પ્રવચનપ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાની આજ્ઞાનુસારે પ.પૂ. પાઠકપ્રવર શ્રીમદ્ **માનવિજયજી** ગણિવરને, પ.પૂ. સાધુવત્સલ, નિઃસ્પૃહી પરમ ગીતાર્થ પંન્યાસપ્રવર શ્રીમદ્ **હેમન્તવિજયજી** ગણિવરને અને વર્ધમાનતપોનિધિ ન્યાયશાસ્ત્રનિપુણ, ત્યાગમૂર્તિ પંન્યાસપ્રવર શ્રીમદ્ **ભાનુવિજયજી** ગણિવરને શ્રી પંચ પરમેષ્ઠિપદો પૈકીના ત્રીજા આચાર્યપદે વિ.સં. ૨૦૨૯ના માર્ગશીર્ષ સુદી ૨ ને ગુરુવારે શુભ લગ્ને શુભ નવમાંશે અને વિજય મુહૂર્તે આરૂઢ કરવાનું સુનિશ્ચિત થયું છે.

આ શુભ નિર્ણયની જાણ થતાં, ચતુર્વિધ શ્રીસંઘના અંતઃકરણમાં આનંદ અને ઉલ્લાસનું ભવ્ય આંદોલન ઉપસ્થિત થવા પામ્યું છે, અને આ તૃતીયપદારોહણના પુણ્ય પ્રસંગને શક્ય એટલી સુંદર રીતિએ ઉજવવાનો સૌએ નિર્ણય કર્યો છે. આ નિમિત્તે શ્રી અષ્ટોત્તરી બૃહત્સ્નાત્રથી સમલંકૃત એવો અષ્ટાહ્નિકા મહોત્સવ કાર્તિક વદી ૧૨ થી પૂ. આ. શ્રી **વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને પૌષધશાળામાં** ઊજવવાનો નિર્ણય થયો છે. દીક્ષા મહોત્સવનું આયોજન કરનારા પુણ્યવાન શેઠ મગનભાઈ પણ આ રીતિએ મહોત્સવ યોજવામાં સાનુમોદન સંમત થયા છે. તેમણે માર્ગશીર્ષ સુદી પ્ર. ત્રીજના દિને શ્રી શાન્તિસ્નાત્રને બદલે શ્રી સિદ્ધચક્રપૂજન કરાવવાનું નક્કી કર્યું છે એટલે શ્રી આચાર્યપદારોહણ નિમિત્તક મહોત્સવનો શુભ કાર્યક્રમ નીચે જણાવ્યા મુજબનો રાખવામાં આવ્યો છે.

શ્રી આચાર્યપદારોહણ મહોત્સવનો મંગલ કાર્યક્રમ

કાર્તિક વદિ ૧૨ તા. ૨-૧૨-૭૨ **શનિવાર** મહોત્સવનો શુભારંભ. સવારે ૧૦ વાગે શ્રી કુંભસ્થાપન, અખંડ દીપક સ્થાપન, જવારારોપણ આદિનો મંગળવિધિ, બપોરે ૨-૦૦ વાગે મહેતા મગનલાલ મોતીચંદ તરફથી શ્રી પંચકલ્યાણકની પૂજા, આંગી અને રાતે ૮-૦૦ વાગે ભાવના.

કાર્તિક વદિ ૧૩ તા. ૩-૧૨-૭૨ **રવિવાર** બપોરે ૨-૦૦ વાગે શ્રી અષ્ટાપદજી મહાતીર્થની પૂજા તથા આંગી. શાહ ચતુરભાઈ ચીમનલાલ તરફથી.

કાર્તિક વદિ ૧૪ તા. ૪-૧૨-૭૨ **સોમવાર** બપોરે ૧-૦૦ વાગે બેનોની બારવ્રતની પૂજા તથા આંગી. મહેતા મગનલાલ મોતીચંદ તરફથી.

કાર્તિક વદિ ૦) તા. ૫-૧૨-૭૨ **મંગળવાર** શ્રીઆચાર્યપદારોહણ નિમિત્તે સવારે ૯-૦૦ વાગે રથયાત્રાનો વરઘોડો કલકત્તા નિવાસી શેઠ વસંતલાલ છગનલાલ ચૂડાવાળા તરફથી. બપોરે ૨-૦૦ વાગે શ્રી નવપદજીની પૂજા આંગી શાહ વસ્તુપાળ હીરાલાલ તરફથી.

માર્ગશીર્ષ સુદિ ૧ તા. ૬-૧૨-૭૨ **બુધવાર** બપોરે વિજય મુહૂર્તે નવગ્રહાદિના પાટલાના પૂજનનો વિધિ.

માર્ગશીર્ષ સુદિ ૨ તા. ૭-૧૨-૭૨ **ગુરુવાર** પૂ. ઉપાધ્યાય **શ્રી માનવિજયજી** ગણિવરને સવારે ૮-૫૩ શુભ સમયે શ્રી જ્ઞાનમંદિરમાં આચાર્યપદારોહણ. તે પછી તેઓશ્રી તેમજ પૂ.પં. **શ્રી હેમંતવિજયજી** ગણિવર અને પૂ.પં.શ્રી **ભાનુવિજયજી** ગણિવર આદિ મુનિવરો શ્રીસંઘ સાથે વાજતે ગાજતે સવારે ૧૦-૩૦ વાગે શ્રી જ્ઞાનમંદિરેથી નીકળી નગરશેઠના વંડે પધારશે. ત્યાં ખડા કરાવાયેલા રોનકદાર વિશાળ મંડપમાં બપોરે ૧૧-૧૫ વાગે શ્રી આચાર્ય-પદારોહણ અંગેની મંગલક્રિયા શરૂ થશે. અને બપોરે ૧૨-૨૩ વાગે શ્રી આચાર્ય પદારોહણનો શુભ વિધિ થશે. બપોરે વિજય મુહૂર્તે શ્રી જ્ઞાનમંદિરમાં શ્રી અષ્ટોત્તરી બૃહત્સ્નાત્રનો શુભારંભ થશે તથા આંગી રચાશે. શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર અને આંગી શેઠશ્રી બકુભાઈ મણીલાલ અને શેઠશ્રી રમણલાલ વજેચંદ તરફથી. રાતના ૭-૩૦ વાગે ભાવના બેસશે અને ત્યારબાદ ધારાવાડી દેવાશે. પૂજા ભાવના માટે શ્રી જૈન ધર્મ આરાધક મંડળ પધારશે અને વિધિવિધાન શ્રી રમણલાલ કેશવલાલ આદિ કરાવશે.

વધુમાં જણાવતાં આનંદ થાય છે કે પૂ.આ. શ્રી **વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને પૌષધશાળાના** જ્ઞાનદ્રવ્યના ખાતામાંથી કર્મસાહિત્યના **'બંધવિધાન'નો 'ઉત્તર પ્રકૃતિ પ્રદેશ બંધ'** નામનો આઠમો ગ્રંથ છપાઈ બંધાઈને તૈયાર થઈ ગયો છે,

જે ગ્રંથના ગાથાકાર પૂ. મુનિરાજશ્રી **વીરશેખરવિજયજી** મહારાજ છે અને વૃત્તિકાર પૂ. મુનિરાજશ્રી **જયઘોષવિજયજી** મહારાજ છે. નગરશેઠના વંડામાં ઉછામણી બોલાવવા પૂર્વક આ ગ્રંથ વહોરાવવાનો વિધિ થશે.

શ્રી આચાર્યપદારોહણ મહોત્સવ નિમિત્તે રંગોળીની ભવ્ય રચના અ.સૌ. **કંચનબેન શાન્તિલાલ જગાભાઈ નાણાવટી** તરફથી કરવામાં આવશે. જેમાં (૧) અગીયાર ગણધર દેવોને ભગવાન શ્રી મહાવીર પરમાત્મા તીર્થની અનુજ્ઞાનો વાસક્ષેપ નાંખે છે. (૨) પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજયહીરસૂરીશ્વરજી** મહારાજાના સદ્‌ઉપદેશથી મોગલસમ્રાટ અકબર બાદશાહ ડાબર સરોવરે પૂરી રાખેલાં લાખ્ખો ચકલાંઓને મુક્ત કરાવે છે. અને પોતાના સમગ્ર રાજ્યમાં દર વર્ષે ૧૮૦ દિવસનાં અહિંસાપાલનના ફરમાન આપે છે. (૩) પ્રાતઃસ્મરણીય પરમકૃપાળુ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજા આશિષ આપી રહ્યા છે.

પૂ. પંન્યાસજી **શ્રી ભાનુવિજયજી** ગણિવરની શ્રી વર્ધમાનતપની ૧૦૩ મી ઓળી નિમિત્તક **૧૧ છોડનું ઉદ્યાપન**, મહોત્સવના શુભારંભથી યોજાશે. મહોત્સવ દરમિયાન રોજ સવારે ૯-૦૦ વાગે તેઓશ્રીનું મંગળ પ્રવચન થશે.

ઉપર્યુક્ત મહામંગલકારી શાસનપ્રભાવક પુણ્ય પ્રસંગોના મહોત્સવમાં આપને આપના કુટુંબ પરિવાર અને મિત્રમંડળ સહિત પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે. આપના પધારવાથી શાસનની શોભામાં અભિવૃદ્ધિ થવા સાથે આપને પણ શુભ ભાવની વૃદ્ધિનાં અનેકાનેક નિમિત્તો પ્રાપ્ત થશે. તો આપ જરૂરથી પધારશોજી.

લી. પૂ. આ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને
પૌષધશાળાના ટ્રસ્ટીઓના સબહુમાન પ્રણામ વાંચશોજી.

"દિવ્ય-દર્શન" - **"શા. પ્ર." વિશેષાંક** વર્ષ-૨૧,અંક-૧૬,તા.૩૦-૧૨-૧૯૭૨

અમદાવાદને આંગણે

પૂ. ઉપાધ્યાયજી મહારાજને તથા બે પૂ.પંન્યાસજી મહારાજને એમ

ત્રણ પૂજ્યોને આચાર્યપદ પ્રદાન : તે નિમિત્તે

શુભ મુહૂર્ત : સં. ૨૦૨૯ મા.સુદ ૨ ગુરુવાર તા. ૭-૧૨-૭૨
સ્થળ : નગરશેઠનો વંડો, અમદાવાદ

વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં

જિનભક્તિનો મહામહોત્સવ
ત્રણ ભવ્ય પ્રસંગોની રંગોળી

પૂ.પંન્યાસપ્રવરશ્રી ભાનુવિજયજી ગણિવરની ૧૦૩મી શ્રી વર્ધમાન આયંબીલ તપની ઓળી નિમિત્તે

૧૧ છોડનું ભવ્ય ઉદ્યાપન

પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય-પ્રશિષ્ય તરીકે થયેલી

ભવ્ય દીક્ષાઓ

- નૂતન મુનિશ્રી પરમહંસવિજયજી
- નૂતન મુનિશ્રી વરબોધિવિજયજી
- નૂતન મુનિશ્રી માનહંસવિજયજી

પ.પૂ.ગચ્છાધિપતિ સિદ્ધાંત મહોદધિ સ્વ. આ.શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન ગચ્છાધિપતિ વ્યાખ્યાનવાચસ્પતિ આ.શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાનુસારે રાજનગરમાં

શ્રી માન-હેમંત-ભાનુવિજય સૂરિપદ પ્રદાને વંદના

સં. ૨૦૨૯ મા.સુ. ૨ ગુરુવાર તા. ૭-૧૨-૭૨ નગર શેઠનો વંડો અમદાવાદ.

શ્રી વીરશાસન શત પચ્ચીસે આજે જયવંતુ દીસે
માતા સમાન સૂરીશ્વરોથી અબાધિત રહે જગ વિષે... ૧

નય નિશ્ચય ને સ્યાદ્‌વાદે જિનઆગમ છે રસાળ
હેય જ્ઞેયને ઉપાદેયનું તત્ત્વ સમજાવે વિશાળ... ૨

મંગલ કરણ શ્રીપ્રેમસૂરીશ્વર પાટે પંચોતેરમાં
તસ પટ્ટધર રામચંદ્રસુરિ આજ ગચ્છપતિ સમુદાયમાં... ૩

ભાગ્યોદયે નિજ સકલ સંઘે જય મંગલ વર્તાય છે
નુપૂરના ઝણકાર સમગુરુ શિષ્યગણ સોહાય છે... ૪

વીર શાસન સુકાન લેવા આજ્ઞા દેતા હર્ષથી
જયનાદે શ્રી તૃત્તીયપદ ઉત્સવ કરે સંઘ રંગથી... ૫

યત્ન અને અભિલાષા આજે પૂરણ સંઘની થાય છે
જીવનમાં આવા પ્રસંગો મહાપુણ્યે પમાય છે... ૬

સૂરિપદને અર્પતા ગુરુ આશિષ ઉરની પાઠવે
રિતિનીતિ સુકાન કેરી પદપ્રદાને દાખવે... ૭

પડિમા વહીને તપસ્યા કરજો ભાવો ભાવના બારને
દર્શન-વંદન સહુના ઝીલતા દીપાવજો આચારને... ૮

પ્રત્યેક સ્થાપ્યા સૂરિપદે **ગણિ ભાનુહેમંત માનને**
દાનસૂરીશ્વર પરમગુરુના ધન્ય આ સમુદાયને... ૯

ને **પ્રેમસૂરીશ્વર** પરમગુરુવરને સદા વંદન કરો
વંદન કરો વળી ત્રણ સૂરિને પુણ્યનું ભાતું ભરો... ૧૦

દયા નિધિ ઉદ્ધાર કરજો સંઘ વિનંતી કરો સ્વીકાર
નાવિક થઈને મહેન્દ્ર નૈયા ઉતારો ભવજલધિ પાર... ૧૧

રચયિતા : મહેન્દ્ર રસિકલાલ શાહ

સૂરિપદ પ્રદાનનો...

રચયિતા : (આજ કલમે ઢલ ગયા...) કલ્યાણ મિત્ર

ભાનુવિજય ગણિરાજનો જ્ઞાની મહા ગુરુરાજનો
સૂરિપદ પ્રદાનનો ઉત્સવ મહા ઉજવાય છે.
ગુણિયલ ગુરુના શિષ્યનો મહા ઉજવાય છે.

માતા ભૂરિબાના રત્ન તમે, ચીમનલાલના પુત્ર તમે,
રાજનગર રળીયામણું, જન્મધામ સોહામણું. સૂ૰ ૧

યૌવનવયમાં ત્યાગી બન્યા, સંયમના અનુરાગી બન્યા,
પ્રેમસૂરીશ્વરરાજના, ચરણ મળ્યા ગુરુરાજના. સૂ૰ ૨

તર્કશાસ્ત્રમાં નિપુણમતિ, આગમશાસ્ત્રમાં રસ અતિ,
કાપી વિષયની પરિણતિ, દેશના વૈરાગ્ય નીતરતી. સૂ૰ ૩

બુદ્ધિતણા ભંડારને, વિનયનિધિ અણગારને,
ગુરુકૃપાના ધોધ મળ્યા, જ્ઞાનના અદ્‌ભુત બોધ મળ્યા. સૂ૰ ૪

વર્ધમાન તપ પૂર્ણ કર્યો, જિનશાસન ઉદ્યોત કર્યો,
તપ પ્રભાવક આપતણા, ઉપકારો વરસ્યા ઘણા. સૂ૰ ૫

ત્યાશી શિષ્ય પ્રશિષ્યો તણા, ઉદ્ધારક સોહામણા,
શાસન ખૂબ દીપાવજો, મુક્તિપદને પામજો. સૂ૰ ૬

માનવિજય ઉવજઝાયની, યોગ્યતા શું કહીએ ઘણી,
સૂરિપદને નકારતા આગ્રહથી જ સ્વીકારતા. સૂ૰ ૭

ગીતાર્થ મૂર્ધન્ય સોહાય છે, નિસ્પૃહ પરમ ગણાય છે,
હેમંતવિજય મહારાજનો; ગચ્છચિંતક ગણિરાજનો. સૂ૰ ૮



સદાગમરહસ્યવેદી, પરમતત્ત્વજ્ઞાતિવિદ્ વર્ય, પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર, કર્મસાહિત્યનિષ્ણાત સાક્ષરશિરોરત્ન સિદ્ધાન્તમહોદધિ સમ્યગ્જ્ઞાનપ્રભાવિ પરમતારક પૂજ્યપાદ પ. પૂ. આચાર્યદેવશ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા



સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્યશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટધરરત્ન ભા. વા. સંઘનાયક આચાર્યશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પ. પૂ. **આચાર્યદેવશ્રી વિજયમાનતુંગસૂરીશ્વરજી મહારાજશ્રી** આચાર્યપદ પ્રદાન બાદ દેશના સમયની તસ્વીર



સુવિશુદ્ધસંયમી સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્યશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પરમગીતાર્થ પ. પૂ. **આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજશ્રીની** આચાર્યપદ પ્રદાન બાદ વિનયવંત દર્શક તસ્વીર.



સંયમોદ્ધારપરાયણ સિદ્ધાંતમહોદધિ પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના અનન્યકૃપાપાત્ર શિષ્યરત્ન, વર્તમાને નવયુગોદ્ધારક તારણહાર પ. પૂ. **આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રી** આચાર્યપદ પ્રદાન બાદ સાક્ષરોત્તમશ્રી રજનભાઈ ભેટી વાસક્ષેપ તસ્વીર.



શાસન સ્થાપના યાને ૧૧ ગણધરને તીર્થ અનુજ્ઞા

ઇન્દ્રભૂતિ વગેરે ૧૧ વિદ્વાન બ્રાહ્મણોના મનમાં જીવ-કર્મ પરલોક-પુણ્ય-પાપ વગેરે અંગે સંશયો હતાં તેનું ભગવાન શ્રી મહાવીર પ્રભુએ નિરાકરણ કરતા એ બ્રાહ્મણો પ્રભુના શિષ્ય બન્યા અને પ્રભુ પાસેથી મળેલ ત્રિપદીના તત્ત્વજ્ઞાનથી આગમની રચના કરી. એના પર સત્યતાની મહોર છાપ મારવા પ્રભુ એ અમીયાર ગણધરભગવંતોને વાસક્ષેપ કરે છે.



વીર પ્રભુને કેવળજ્ઞાન

ભગવાનશ્રી મહાવીર પ્રભુએ ચારિત્ર લઇને ૧૨॥ વર્ષ કઠોર તપસ્યા ઘોરપરિસહ સહન કરતાં કરતાં વૈ. સુ. ૧૦ ના રોજ સાંજે ઋજુવાલિકા નદીના તીરે ભગવાન ગોદોહિકા આસને શુક્લધ્યાનમાં એકતાન થઇ ચાર ઘાતી કર્મને સર્વથા ક્ષય કરી કેવલજ્ઞાન પામી રહ્યા છે.



ગુરુદેવની આશિષ

સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ પોતાના જીવનકાળમાં સેંકડો સુસંયમી સાધુઓનું ઘડતર કરી મહાન ઉપકાર કર્યો છે. પૂ. પં. શ્રી હેમંતવિજયજી મહારાજ તથા પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજ તેઓશ્રીનું જીવંત સર્જન છે પરમગુરુદેવ પોતાના કૃપાપાત્ર શિષ્યો પર આશિષ વરસાવી રહ્યા છે.



આચાર્ય પદારોહણ નિમિત્તે કલકત્તા નિવાસી શેઠ વસંતલાલ ઉગ્રનલાલ ચુડાવાળા તરફથી નિકળેલ શાસન શોભાવર્ધક રથયાત્રાનો વરઘોડામાં પૂ. પાઠકપ્રવરશ્રી માનવિજયજી ગણિવર, પૂ. પં. શ્રી હેમંતવિજયજી ગણિવર્ય તથા પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્ય બાજુમાં શેઠ વસંતભાઈ ઉભા છે.



તપોનિધિ પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરની શ્રી વર્ધમાન આયંબિલતપની ૧૦૩ મી ઓળીની અનુમોદના નિમિત્તે જ્ઞાનમંદિરના ત્રીજા માળની ગેલેરીમાં ભાવિકો તરફથી યોજવામાં આવેલ ૧૧ સુશોભિત છોડનું ભવ્ય ઉદ્યાપન



શ્રી વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં આબાલ બ્રહ્મચારી પ. પૂ. આ. શ્રી સિદ્ધાંતમહોદધિ પ્રેમસૂરીશ્વરજી મહારાજની મૂર્તિ સમક્ષ ચતુર્વિધ સંઘની હાજરીમાં પં. શ્રી હેમંતવિજયજી ગણિવર પાસે પૂ. પાઠકપ્રવર શ્રી માનવિજયજી ગણિવર આચાર્યપદ પ્રસંગે શ્રી સૂરિમંત્રને વિશુદ્ધ મન વચન કાયાથી ગ્રહણ કરી રહ્યા છે



પ. પૂ. પં. શ્રી હેમંતવિજયજી ગણિવર તથા પ. પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરને આચાર્યશ્રી માનદેવસૂરીશ્વરજી મહારાજ આચાર્યપદ પ્રદાનની વિધિમાં "સૂરિમંત્ર" આપવાની મહત્ત્વની ક્રિયા કરી રહ્યા છે.



પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી હેમંતવિજયજી ગણિવર્યશ્રીને તથા પ. પૂ. પંન્યાસપ્રવરશ્રી ભાનુવિજયજી ગણિવર્યશ્રીને સૂરિ-મંત્રના દૈનિક જપ માટે મંત્રિત-આસન પૂ. આચાર્યદેવશ્રી માનદેવસૂરીશ્વરજી મહારાજ આપી રહ્યા છે.



પદ-પ્રદાનના મહોત્સવ પ્રસંગે યોજાયેલા શ્રી બૃહદ્-અઢોત્તરી-સ્નાત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ શ્રી રમણલાલ વજેચંદ તેમજ શ્રી રમેશભાઇ બકુભાઇ ઊભેલા જણાય છે.



આચાર્યપદ પ્રદાન પ્રસંગે નગરશેઠના વંડે એકત્ર થયેલા જૈન આગેવાનો શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી, શેઠશ્રી ચંદ્રકાંત બકુભાઇ, શેઠશ્રી રમેશભાઇ બકુભાઇ, શેઠશ્રી રમણલાલ વજેચંદ, શેઠશ્રી મયાભાઇ લક્ષ્મીચંદ, શેઠ શ્રી ચતુરદાસ ચીમનલાલ વગેરે જણાય છે.



સમ્યગ્ચારિત્રચૂડામણિ સિદ્ધાંતમહોદધિ સ્વ. પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે સર્વ કલ્યાણકર કર્મસિદ્ધાન્તનો ૮ મો ગ્રંથ "ઉત્તર પ્રકૃતિ પ્રદેશબંધ" ને સિદ્ધાંતી નિષ્ણાતી શૈલીથી મંગલાચરણ કરતાં નૂતન આચાર્યદેવોને સમર્પણ કરી રહ્યા છે.

આચાર્યપદપ્રદાન પ્રસંગે નીકળેલા ભવ્ય વરઘોડામાં સતુર્વિધ-સંઘ વિશાળ-સંખ્યામાં જોડાયેલો નજરે ચડે છે. આગળી હરોળમાં શ્રી રમણલાલ વખેચંદ, શ્રી કાંતિલાલ અમૃતલાલ, શ્રી ચંદ્રકાંત ખુશાલભાઈ આદિ અગ્રણીઓ દેખાય છે.

મુમુક્ષુ પ્રદીપકુમાર વરમાળી મહાનિનિષ્ક્રમણ કરી રહ્યા છે. પિતાશ્રી ભગવાનદાસ અને માતુશ્રી સુરજબેન વઘાસીયા પ્રદીપનો ચોસ્તાકારી વિદાયવેદના સંપન્નના ઉપકરણોની જળથી રોપી રહ્યા છે.

અમદાવાદનો ગાંધીરોડ માનવ-મહેરામણથી ઊભરાતો ઊભેલા છે. વરઘોડાનું અનોખું આકર્ષણ બની છે. ભવ્ય-વેશમાં ઊભેલા બાલમુનિ પ્રદીપકુમાર ઘુંટે લાંબે ગજની ઊછળી રહ્યા છે.

માથે મનોહર સાફો છે. હેમ પર સરવાણી સટ્ટાક શોભી રહ્યો છે આવકારથી અળખ થવાનું વિદાય કદમ ઉઠાવતા પ્રદીપકુમાર સંયમના વિધિ-વિધાન કરવા પ્રભુ સમક્ષ બેસવાને બાજોઠ ઉપર છે.

વિશેષાંકમાં શું વાંચશો ?

- અમદાવાદને આંગણે ઉજવાયેલ આચાર્યપદ-પ્રદાનનો ભવ્યાતિભવ્ય મહોત્સવ.
- લાખો માણસોએ જોયેલ બેનમૂન રંગોળી.
- પૂ.પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવર્યની ૧૦૩મી ઓળી નિમિત્તે ૧૧ છોડનું દર્શનીય ઉજમણું.
- ભારતના દૂરદૂરથી ઉલટેલો ભાવિક ગણ.
- આચાર્ય પદ પ્રદાન નિમિત્તે નીકળેલો ચિરસ્મરણીય વરઘોડો.
- કલકત્તાનિવાસી મુમુક્ષુરત્ન પ્રદીપકુમારની દીક્ષાનો ઉજવાયેલ અભૂતપૂર્વ શાનદાર પ્રસંગ.
- બૃહદ્ અષ્ટોત્તરી સ્નાત્ર તથા સિદ્ધચક્રપૂજન, પૂજાઓ તથા ભાવનામાં થયેલ અનુપમ જિનભક્તિ.
- કર્મસાહિત્યના ૮માં ગ્રન્થનું પ્રકાશન-પૂજન.
- નડિયાદને આંગણે મુમુક્ષુરત્ન બિપિનકુમારની દીક્ષાનો ઉજવાયેલ ભવ્ય પ્રસંગ.
- બારેજામાં ઉજવાયેલી દીક્ષાર્થી મીશ્રીમલજીની દીક્ષા.

અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવનું શાસન મહાન પ્રભાવક અને રક્ષક આચાર્ય ભગવંતોથી જયવંતુ વર્તે છે. જૈનશાસનના આરાધક અને રક્ષક આચાર્ય ભગવંતો તીર્થંકર પરમાત્માની ગેરહાજરીમાં શાસનના સુકાની છે. જેવું આ મોટું માનભર્યું સ્થાન છે એવી જ આ સ્થાન (પદ)ની જવાબદારી પણ ખૂબ મોટી છે. સુયોગ્ય આત્માઓ જ એ જવાબદારીએ અદા કરી શકે. સ્વપરશાસ્ત્ર પારંગતતા, શિષ્ય પરિવાર, પ્રભાવ, ગીતાર્થતા, આજ્ઞાબદ્ધતા વગેરે આચાર્યપદની શાસ્ત્રીય યોગ્યતા છે.

પરમપૂજ્ય સિદ્ધાંત મહોદધિ કર્મશાસ્ત્રરહસ્યવેદી સુવિશાલગચ્છાધિપતિ સંયમત્યાગતપોમૂર્તિ સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પરમકૃપાથી ઉપરોક્ત આચાર્યપદને લાયક બનેલા, તે તારક પરમ ગુરુદેવની જીવનભર અનલ્પ-સેવા ઉઠાવનાર સંયમ અને સ્વાધ્યાયના અખંડ ઉપાસક, તપ અને ત્યાગના રંગે જીવનને રંગી નાખનાર પૂ. પરમગુરુદેવના વિનીત શિષ્યો પૂ. પંન્યાસ પ્રવર શ્રી **હેમંતવિજયજી ગણિવર્ય** તથા પૂ. પંન્યાસપ્રવર **શ્રી ભાનુવિજયજી ગણિવરને** અન્ય પૂ. પદસ્થ મહાત્માઓની સાથે વિ.સં. ૨૦૨૯ના માગશર સુદ ૨ના તા. ૭-૧૨-૭૨ ગુરુવારના શુભદિવસે શુભ લગ્ન શુભ નવમાંશે આચાર્યપદે શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે નિર્ણય લીધો. પૂ.પં. શ્રી ભાનુવિજયજી

મહારાજે પૂ.પં. હેમંતવિજયજી મહારાજને પદ સ્વીકારવાની વિનંતી કરવા સાથે પોતાને એમાંથી બાદ રાખવા ખૂબ આગ્રહ કર્યો અને આ બાબત તેઓશ્રીએ પૂ. આચાર્ય દેવેશ પર પણ પત્ર લખીને તૈયાર કર્યો, પરંતુ પૂ. પં. હેમંતવિજયજી મહારાજે મોટા સમુદાયનો દીર્ઘદૃષ્ટિનો વિચાર બતાવી ખૂબજ આગ્રહપૂર્વક પત્ર રદ કરાવ્યો અને પદવી સ્વીકારવાનું નક્કી કરાવ્યું. તે પછી સંઘના આગેવાનો આચાર્યપદ પ્રદાન માટે દશાપોરવાડ સોસાયટીના ઉપાશ્રયમાં બિરાજમાન જ્ઞાનદિવાકર પૂ. પાઠક પ્રવર શ્રી માનવિજયજી ગણિવર્યને વિનંતી કરવા ગયા. તેઓશ્રી વિનંતીનો સ્વીકાર કરી શ્રી વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરે પધાર્યા. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ તરફથી આચાર્યપદ લેવા માટે તેઓશ્રી ઉપર પણ આજ્ઞા આવેલી, પણ પૂ. પાઠકપ્રવરશ્રીએ પોતાની અનિચ્છા દર્શાવેલી. પરંતુ બંને પૂ.પંન્યાસજી મહારાજે તેઓશ્રીને ખૂબ આગ્રહભરી વિનંતી કરી આચાર્યપદ સ્વીકારવા સમજાવ્યા. પૂ. આચાર્યદેવશ્રીનો તે માટે ફરીથી પણ પત્ર આવેલો તેથી ન છૂટકે તેઓશ્રીએ સ્વીકાર કર્યો. આ રીતે ત્રણે પૂજ્યોને આચાર્યપદ પ્રદાનનો નિર્ણય થયો. એથી શ્રી સંઘમાં સર્વત્ર આનંદ છવાયો. આ શુભ સમાચારથી રાજનગરમાં એક અનેરો ઉમંગ પ્રગટ્યો. કારણ કે આ સુયોગ્ય મહાત્માઓની આચાર્ય પદવીની રાહ આતુરહૃદયે વર્ષોથી સહુ કોઈ જોઈ રહ્યા હતા, એટલું જ નહિ પણ દરનજીકના કલકત્તા, કાનપુર, મહારાષ્ટ્ર, ગુજરાત વગેરેમાં પણ એવો જ આનંદ પ્રસર્યો. અને પત્રો દ્વારા પણ અભિનંદન એવા આવ્યા કે વર્ષો પૂર્વે જે થવું જોઈતું હતું તે પદપ્રદાન હવે થાય છે એ પણ આનંદનો વિષય છે. કલકત્તા નિવાસી શ્રેષ્ઠિવર્ય શા. મગનલાલ મોતીચંદના કુલદીપક સુપુત્ર પ્રદીપકુમાર (ઉં.વ. ૧૭) ની ભાગવતી દીક્ષાનો ચાતુર્માસ પહેલેથી નિર્ણય લેવાયો હતો તેના ભવ્ય મહોત્સવની તડામાર તૈયારી ચાલુ થઈ ગઈ હતી. મગનભાઈને પોતાનાં પાંચમાં સૌથી નાના આ લાડકવાયા દેવકુંવરશા પુત્રના દીક્ષા પ્રસંગને ખૂબ સુંદર રીતે ઉજવવાના કોડ હતા. તેમાં આ શુભપ્રસંગ ઉપસ્થિત થયો. તેથી લાગ્યું કે જાણે સોનામાં સુગંધ ભળી. આ કલ્યાણકર પ્રસંગનો લાભ લેવા ભક્ત હૈયા ભક્તિસભર બન્યા. કુમકુમ પત્રિકા દ્વારા ગામેગામના સંઘોને આમંત્રણો પાઠવવામાં આવ્યા, તાર ટેલીફોનથી સમાચાર અપાયા.

સુયોગ્ય મહાત્માઓને સુયોગ્યપદે આરૂઢ કરવાના આનંદદાયક શુભ સમાચારથી ભક્તહૈયા નાચી ઉઠ્યા ચોમેરથી આ વાતને વધાવતા પત્રો તારો અને શુભેચ્છાના સંદેશાઓનો ઢગલો થયો.

समाचार पत्रो बोले छे-

• आचार्यपद अलंकृत करवा अंगेनो समारंभ :

स्वर्गस्थ सिद्धांतमहोदधि आचार्यदेव श्रीमद् विजय प्रेमसूरीश्वरजी महाराजना पट्टप्रभावक व्या.वा. आचार्यदेवश्री विजय रामचंद्रसूरीश्वरजी महाराजे भारत भरना भिन्न भिन्न प्रदेशमां विचरता पोताना आज्ञावर्ती पदस्थोने आचार्यपदे आरूढ करवाना निर्णय लेता अत्रे बिराजमान पू. उपाध्यायश्री मानविजयजी महाराज, पू. पंन्यास श्री हेमंतविजयजी म. अने पू. पंन्यास श्री भानुविजयजी महाराजने पण गुरुवार ता. ७-१२-७२ना आचार्यपदथी अलंकृत करवामां आवनार छे.

आ निमित्ते काळुपुर टंकशाळमां विजयदानसूरीश्वरजी ज्ञानमंदिरमां महोत्सव शरू थयो छे. जेमां विशेषतया का.व. ०)) सवारे ९ वागे कलकत्तावासी श्रीमान वसंतलाल छगनलाल चूडावाळा तरफथी भव्य वरघोडो नीकळशे तथा मागशर सुद २ गुरुवारे सवारे ८ वागे ज्ञानमंदिरमां पू. उपाध्याय श्रीमानविजयजी म. ने आचार्य पदे आरूढ करवामां आवशे. तथा सवारे ११ वागे नगरशेठना वंडे घीकांटा रोड पर पू.पं.श्री हेमंतविजयजी गणिवर तथा पू.पं.श्री भानुविजयजी गणिवरने आचार्य पद प्रदाननी मंगळविधि शरू थशे.

आ प्रसंगे ज्ञानमंदिरमां प्रसिद्ध कलाकार श्री रमणिक शाहे आलेखेली ७ रंगोळीमां वीरशासन स्थापवानुं आबेहूब दृश्य तथा अन्य दृश्यो जाहेर जनता माटे खुल्ला मूकवामां आव्या छे. तेमज जरीयान पडदाओ अने ज्ञान-दर्शन-चरित्रना उपकरणो सहित उद्यापन मूकवामां आव्युं छे.

— ता. ४-१२-७२ गुजरात समाचार.

• ज्ञानमंदिर कालुपुरमां जैन धर्मना प्रसंग चित्रोनुं रंगोळी द्वारा थयेलुं आलेखन :

कलाकारने मन कोईपण साधन केवळ कलाना सर्जन माटेनुं उपकरण ज होय छे. खरी वस्तु तो छे कलानी अभिव्यक्ति. मंगळ दिवसोमां रंगोळीथी आंगणा शोभावामां आवे छे परंतु एज रंगोळीने पोतानी कला व्यक्त करवानुं माध्यम बनावी. डभोईना मूळ वतनी श्री रमणिकभाई शाह नामना युवान रंगोळी कलाकारे अहीं कालुपुर टंकशाळ पासे आवेल श्री दानसूरीश्वरजी जैन ज्ञानमंदिरमां पहेला माळे श्री महावीर स्वामी भगवान ११ गणधरोनी प्रथम स्थापना करे छे अने ईन्द्र वासक्षेप लईने ऊभा छे. ए जैन कल्पसूत्रमां आवता प्रसंगनुं चित्र साडासात बाय नव फूटनी साईझमां रंगोळीथी बनाव्युं हतुं.

ગુરુવારના રોજ જે જૈન મુનિરાજો પ.પૂ.પંન્યાસશ્રી હેમંતવિજયજી અને પૂ.પં.શ્રી ભાનુવિજયજીને આચાર્યની પદવીથી અલંકૃત કરવાના છે તેઓને આશીર્વાદ આપી રહેલા આચાર્ય પ્રેમસૂરીશ્વરજી મહારાજનું દૃશ્ય પણ રંગોળીથી તૈયાર કરાઈ રહ્યું છે. એક ત્રીજુ દૃશ્ય ઋજુવાલુકા નદીને કિનારે ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે તેનું આલેખવામાં આવેલ. જૈન ધર્મના આ ત્રણેય રંગોળી ચિત્રો આવતી કાલથી ખુલ્લા મૂકાશે.

મૂળ ડભોઈના વતની અને હાલ મુંબઈ વસતા ૪૪ વર્ષની વયના આ કલાકાર શ્રી રમણિકભાઈએ વડોદરાની ફાઈન આર્ટસ અને મુંબઈની જે.જે. સ્કૂલ ઓફ આર્ટસમાં તાલીમ લીધી છે. રંગોળી દ્વારા માનવ આકૃતિઓ આલેખવાની કળા આંતરસૂત્રથી હસ્તગત કરી છે, અને ૧૨ વર્ષથી આવા ચિત્રો બનાવે છે. એક ચિત્ર બનાવતાં તેમને ત્રણથી ચાર દિવસ થાય છે.

એક પ્રશ્નના જવાબમાં શ્રી શાહે કહ્યું હતું કે જૈન ધર્મના પ્રસંગ ચિત્રો આલેખવા ગમે છે. જે મુખ્ય પ્રસંગ ચિત્ર પર રંગોળીથી કર્યું છે તે કલ્પનાથી જ આલેખ્યું છે. **— તા. ૫-૧૨-૭૨, જનસત્તા**

પરમ પૂજ્ય પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર :

તા. ૭મી ને ગુરુવારે ઘીકાંટા ખાતે નગર શેઠના વંડે પ.પૂ.ઉપાધ્યાયશ્રી માનવિજયજી તથા પૂ.પં.શ્રી હેમંતવિજયજી મહારાજ સાહેબ સાથે પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવરને આચાર્ય પદ અર્પણ થઈ રહેલ છે. પૂજ્યશ્રી એક સમર્થ પ્રવચનકાર છે સાથે ઉચ્ચ વ્યવહારિક C.A. સુધીના અભ્યાસી છે. ૧૦૩ વર્ધમાન, આયંબીલની ઓળી કરનાર ઉગ્ર તપસ્વી છે. ૮૦ ઉપરાંત શિષ્યોના ગુરુ છે. ન્યાયશાસ્ત્ર અને દર્શન શાસ્ત્રોના નિપુણ અભ્યાસી છે. સાત્ત્વિક સાહિત્યકાર છે. ભારતભરના હજારો નવયુવાનોમાં જૈન ધાર્મિક શિબિરોની માધ્યમથી તેમનામાં ધર્મના આચાર અને સંસ્કૃતિના દીવડા પ્રગટાવ્યા છે.

— તા. ૬-૧૨-૭૨, ગુજરાત સમાચાર

આચાર્યપદ ધારણ કરનાર શ્રી ભાનુવિજયજી ઉંમર ૬૩ શ્રી માનવિજયજી ઉંમર ૭૩ શ્રી હેમંતવિજયજી ઉંમર ૭૬

ત્રણ જૈન મુનિઓને અર્પણ થશે આચાર્ય પદ

આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી શ્રી માનવિજયજી, શ્રી હેમંતવિજયજી અને શ્રી ભાનુવિજયજી મહારાજને આજે સવારે **'આચાર્ય'**ની પદવી ધામધૂમથી અર્પણ કરવામાં આવશે.

કાલુપુર ટંકશાળ પાસે આવેલ શ્રી વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરેથી સવારે ૧૦-૩૦ વાગે વાજતે ગાજતે નીકળી મુનિવરો શ્રી સંઘ સાથે ઘીકાંટા નગરશેઠના વંડે પધારશે અને ત્યાં ખડા કરાયેલા મંડપમાં બપોરે ૧૧-૧૫ વાગે શ્રી આચાર્ય પદારોહણની મંગલ ક્રિયા શરૂ થશે અને બપોરે ૧૨-૨૩ મિનિટે આચાર્ય પદારોહણના શુભવિધિ થશે. બપોરે વિજયમુહૂર્તે જ્ઞાનમંદિરમાં શ્રી બૃહત્ અષ્ટોત્તરી સ્નાત્રનો શુભારંભ થશે. શ્રી આચાર્ય પદારોહણ મહોત્સવ પ્રસંગે બેનમૂન રંગોળીની રચના કરવામાં આવી છે. પૂ.પંન્યાસજી શ્રી ભાનુવિજયજી ગણિવરની શ્રી વર્ધમાનતપની ૧૦૩મી ઓળી નિમિત્તે ૧૧ છોડનું ઉદ્યાપન પણ યોજાશે. પત્રકાર પરિષદમાં આજે શ્રી ભાનુવિજયજી મહારાજ તથા શ્રી મયાભાઈ લક્ષ્મીચંદ, શ્રી ચતુરભાઈ ચીમનલાલ અને શ્રીકાંતભાઈએ આ મહોત્સવની વિસ્તૃત માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે દેશમાં જૈન સમાજની વસ્તી ૩૦ લાખ જેટલી છે અને આશરે એક હજાર સાધુઓ અને ત્રણ હજાર સાધ્વીજીઓ છે. જેમાં ૬૦ આચાર્ય મહારાજો છે. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો ૩૦૦ જેટલા સાધુઓનો પરિવાર છે. જેમાંથી ૧૬ને જુદી જુદી જગાએ **'આચાર્ય'**ની પદવી અપાનાર છે. **— તા. ૭-૧૨-૭૨, જનસત્તા**

• • •

ત્રણ જૈન મુનિઓને આચાર્યપદથી અલંકૃત કરવા અંગે આજે સમારંભ :

કાળુપુર રોડ ટંકશાળ પાસે આવેલા વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં આવતી કાલે ગુરુવારે પૂ. ઉપાધ્યાય શ્રી માનવિજયજ ગણિવર પૂ.પં.શ્રી હેમંતવિજયજી ગણિવર તથા પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવરને આચાર્યપદ આપવામાં આવશે. આ અંગેનો કાર્યક્રમ સવારે દસ વાગે શરૂ થશે.

પૂ.શ્રી ભાનુવિજયજીએ આ અંગે જણાવ્યું હતું કે, મુંબઈ સ્થિત આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસરીશ્વરજી મહારાજના આદેશાનુસાર આ પ્રમાણે આખા દેશમાં લગભગ ૧૬ જૈન મુનિઓને આચાર્ય પદ મળશે. આચાર્યદેવશ્રી ૩૦૦ શ્રમણોના પરિવારવાળા છે.

તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે આચાર્યો જગતમાં પંચાચારનું સ્વયં ચુસ્તપણે પાલન કરે છે અને પ્રચાર કરે છે. આચાર્યપદે પહોંચવું અને પછી તેને નિભાવવું ખૂબ જ કઠીન હોય છે. **— તા. ૭-૧૨-૭૨, ગુજરાત સમાચાર**

• • •

આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી શ્રી માનવિજયજી શ્રી હેમંતવિજયજી અને શ્રી ભાનુવિજયજી મહારાજને ગુરુવારે સવારે **'આચાર્ય'**ની પદવી અર્પણ કરવામાં આવશે. કાલુપુર ટંકશાળની પોળ પાસે આવેલા જૈન ઉપાશ્રયમાં આજે યોજાયેલ પત્રકાર પરિષદમાં શ્રી ભાનુવિજયજી મહારાજ તથા શ્રી મયાભાઈ લક્ષ્મીચંદ શાહે ઉપર મુજબ જણાવ્યું હતું.

મહોત્સવ અંગે કેટલીક માહિતી આપતાં શ્રી ચતુરભાઈ ચીમનલાલ અને શ્રીકાંતભાઈએ જણાવ્યું હતું કે કાલુપુર ટંકશાળની પોળ પાસેના ઉપાશ્રયે સવારે ૭-૦૦ થી ૯-૦૦ પૂ.ઉ.શ્રી માનવિજયજી ગણિવરને આચાર્ય પદ પ્રદાન થશે. ત્યારબાદ સવારે ૯-૦૦ વાગે જ્ઞાનમંદિરથી વરઘોડો ચઢીને નગરશેઠના વંડામાં જશે અને ખડા કરાયેલા મંડપમાં બપોરે ૧૧-૧૫ વાગે પૂ.પં. શ્રી હેમંતવિજયજી અને પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવરને આચાર્યપદ પ્રદાન થશે. બપોરે જ્ઞાનમંદિરમાં બેનમૂન રંગોળીથી (૧) પૂ. પ્રેમસૂરિજ મહારાજ (૨) ગાંધર્વ રૂપ અને (૩) મહાવીરસ્વામીને ઋજુવાલિકા નદી કાંઠે જે વૃક્ષ નીચે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું તે દશ્યોને તૈયાર કરવામાં આવ્યા છે.

અંતમાં મહારાજશ્રીએ એવી માહિતી આપી હતી કે દેશમાં જૈન સમાજની ૩૦ લાખ જેટલી વસતી છે, અને એક હજાર સાધુઓ અને ત્રણ હજાર જેટલી સાધ્વીજીઓ છે. જેમાં ૬૦ આચાર્ય મહારાજો છે. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો ૩૦૦ સાધુઓનો પરિવાર છે જેમાંથી ૧૬ જણાંને જુદી જુદી જગાએ **'આચાર્ય'**ની પદવી અપાનાર છે. **— તા. ૭-૧૨-૭૨, પ્રભાત**

❋ ❋ ❋

ત્રણ જૈનાચાર્યોના આચાર્યપદારોહણ સમારંભ ૭મીએ જ્ઞાનમંદિર ખાતે યોજાયેલ કાર્યક્રમો

પત્રકારને માહિતી આપતાં શ્રી અનુભાઈ મયાભાઈએ જણાવ્યું હતું કે જાણીતા જૈનમુનિઓ શ્રી માનવિજયજી ગણિવર્ય પૂ.શ્રી હેમંતવિજયજી ગણિવર્ય, પૂ.શ્રી ભાનુવિજયજીને આચાર્ય પદારોપણ પ્રસંગે શાનદાર ઉત્સવ સવારે કાળુપુર યોજવામાં આવલે છે.

આ પ્રસંગે શહેર અને ગુજરાતના હજારો જૈન ભાઈ-બહેનો વગેરે મોટી સંખ્યામાં હાજરી આપશે.

જ્ઞાનમંદિર તા. ૭ ના પૂ. ઉ. શ્રી માનવિજયજી ગણિવર પૂ. પં. શ્રી

હેમંતવિજયજી ગણિવર તથા પૂ. શ્રી ભાનુવિજયજી ગણિવરને આચાર્યપદ આપવાનું છે. પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગૃહસ્થાવસ્થામાં ઈન્સ્ટીટ્યૂટ ઓફ બેન્કર્સ ઈંગ્લેન્ડની સપુરસ્કાર પરીક્ષા તથા સી.એ. ચાર્ટડ એકાઉન્ટન્ટની પરીક્ષા આજથી ૪૦ વર્ષ પૂર્વે પસાર કરેલ છે. ભરયુવાનીમાં જૈન મુનિ દીક્ષા સ્વીકારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તપની ભવ્ય આરાધનાને અપનાવી છે.

જિનાગમોનું અને જૈન પ્રાચીન સંસ્કૃત પ્રાકૃત ધાર્મિક અધ્યાત્મિક તથા દાર્શનિક શાસ્ત્રો ઉપરાંત ભવ્ય પ્રાચીન ન્યાયદર્શન સહિત આર્યદર્શનોનું અવગાહન કર્યું છે અને હૃદયસ્પર્શી મનનીય તાત્વિક આધ્યાત્મિક સાહિત્યસર્જન કર્યું છે. એમાં **"પરમતેજ"** એ તો એઓશ્રીના જીવનની જ સાધનાનું પ્રતિબિંબ છે. તેઓશ્રી એક પ્રભાવક પ્રવચનકાર હોઈ દિવ્ય દર્શન સાહિત્ય સમિતિ છેલ્લા ૨૧ વર્ષથી તેઓશ્રીના આધ્યાત્મિક પ્રવચનોને **'દિવ્ય-દર્શન'** સાપ્તાહિક દ્વારા પ્રકાશિત કરી આધ્યાત્માના ઉપાસકોને વાંચન આપે છે. તેઓશ્રી દૈનિક પ્રવચનો, સાધુઓને અધ્યાપન સંઘ અને શાસનના અનેક કાર્યો, સેંકડો સ્કૂલ કૉલેજના વિદ્યાર્થીઓને શિબિર દ્વારા જ્ઞાનદાન, આ બધી ભરચક પ્રવૃત્તિઓની સાથે વર્ષમાં નવ નવ મહિના આયંબિલ (૧ વાર રૂક્ષ ભોજન) જેવી તપશ્ચર્યા કરી બીજા હજારો જીવોને એક અપૂર્વ આલંબન પૂરું પાડ્યું છે. **— તા. ૭-૧૨-૭૨, જયહિંદ**

❋ ❋ ❋

આજે આચાર્ય પદ પ્રસંગે પં.શ્રી ભાનુવિજયજી ગણિવર

આપશ્રી સમર્થ વેધક વક્તા છો. સુયોગ્ય સાત્વિક સાહિત્યકાર છો. ૧૦૩ વર્ધમાન તપ (૧૪ વર્ષ લુખું ૧ ટંક ભોજન) આયંબીલની ઓળી પૂર્ણ કરનાર ઉગ્ર તપસ્વી છો. ઉગ્રપાદ વિહારી છો. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સુધીના ઉચ્ચ વ્યવહારિક શિક્ષણ પ્રાપ્ત આપશ્રીને ૨૪ વર્ષની નવયુવાન વયે સંસારથી વિરકત થઈ જૈન મુનિ બન્યા છો. આપશ્રી ૮૦ ઉપરાંત આત્માઓના ગુરુતા વિનાના ગુરુ છો. ભારતભરના હજારો કૉલેજિયન નવયુવાનો માટે યોજાતી જૈન ધાર્મિક શિબિરોના માધ્યમથી હજારો નવયુવાનોમાં ધર્મના આચાર અને સંસ્કૃતિના દીવડાં પ્રગટાવનાર ધર્મનેતા છો.

આપશ્રી સૂરિપદ અર્થે સુયોગ્ય અને સમર્થ છો. આપશ્રી વધુ શાસન પ્રભાવક અને ધર્મ પ્રસારક બનો એ જ એક માત્ર અભ્યર્થના સાથે આપના ચરણોમાં કોટીશ વંદના.

લી. ભારતભરના જૈન ધાર્મિક શિબિરના યુવાનો વતી શિબિર સંચાલક **કુમારપાળ વિ. શાહ** (વિજાપુરવાળા)

– ગુજરાત સમાચાર-સંદેશ તા. ૭-૧૨-૭૨

• • •

આજે ગુરુવાર આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી ઉપાધ્યાય શ્રી માનવિજયજી ગણિવર તથા પૂ.પં.શ્રી હેમંતવિજયજી ગણિવર તથા પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવરને આચાર્યપદ અર્પણનો મહામહોત્સવ ઉજવાયો હતો. ઉપાધ્યાય માનવિજયજી ગણિવરને વહેલી સવારે આચાર્યપદ અર્પણ બાદ તેઓશ્રીને શ્રી માનદેવસૂરીશ્વરજી તરીકે જાહેર કરાયા બાદ દાનસૂરિ જૈન જ્ઞાનમંદિર કાળુપુરથી હજારો માનવો સાથેનો એક વરઘોડો ઘીકાંટા પરના નગર શેઠના વંડે પહોંચ્યો હતો.

નૂતન આચાર્યોને અનુક્રમે પૂ. આચાર્ય શ્રી **વિજયહીરસૂરીશ્વરજી** તથા પૂ. આચાર્ય શ્રી **ભુવનભાનુસૂરીશ્વરજી** તરીકે જાહેર કરાયા હતા.

આ પ્રસંગે જ્ઞાન ગુરુ આદિ પૂજનોની ૮ હજાર રૂપિયા ઉપરાંત ઉપજ થઈ હતી. આ પ્રસંગે સ્વ. આચાર્યશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સંસ્થાપિત ૮માં કર્મ સાહિત્ય નૂતન ગ્રંથનું પ્રકાશન પણ કરવામાં આવ્યું.

નૂતન આચાર્ય પૂજ્યશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે ઉપસ્થિત હજારો માનવો સમક્ષ પ્રવચન આપતાં જણાવ્યું હતું કે, "આજના નબળા કાળમાં આચારનું રક્ષણ ખૂબ કરવા જેવું છે. નવી પ્રજામાં પંચાચારનું પાલન જરૂરી છે."

– તા. ૮-૧૨-૭૨, ગુજરાત સમાચાર, સંદેશ.

"જય જિનેન્દ્ર"- સંપાદક : ધર્મપ્રિય

• • •

આચાર્ય પદ પ્રદાન મહોત્સવ.

જૈન કર્મગ્રંથના મહાન અભ્યાસી સિદ્ધાંતમહોદધિ સ્વ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજીના શિષ્યરત્ન પં.શ્રી ભાનુવિજયજી મહારાજ સંવત ૨૦૨૯માં માગશર સુદ ૨ને રોજ આચાર્યપદે પ્રતિષ્ઠિત થયા છે. જૈન શ્રમણ સંઘમાં તેમનું સ્થાન આગવું અને અનોખું છે.

અમદાવાદમાં કાળુશાની પોળના ભગત ચીમનભાઈના સહધર્મચારિણી શ્રીમતી ભૂરીબાઈની કુક્ષિએ તેઓનો જન્મ વિ.સં. ૧૯૬૭ના ચૈત્ર વદી ૬ને બુધવારના દિવસે થયો હતો. શાળામાં અભ્યાસ કરતાં તેઓ મોખરાનું સ્થાન દિપાવતા હતા.

જી.ડી.એ. અને બેન્કીંગની બીજી પરીક્ષાઓ તેમણે પસાર કરી. લંડનની બેન્કીંગ પરીક્ષામાં તેઓ પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે આવ્યા. પરંતુ આ હિસાબનીશ અજોડ હતા. તેમાં શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજનો સમાગમ થયો એટલે રૂપીયા, આના, પાઈના હિસાબો કરવાનું માંડીવાળી ધર્મ અને કર્મનો હિસાબ કરવા માટે આત્માનો વિકાસ સાધવા વિ.સં. ૧૯૯૧ના પોષ સુદ ૧૨ને મંગળવારે તેઓ કાંતિલાલ મટી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી મુનિ ભાનુવિજયજી બની ગયા.

કુશાગ્ર બુદ્ધિ, રહસ્યને પામવાની શક્તિ, સાધુજીવનચર્યાનું સુંદર કઠોર પાલન, અણથક તપશ્ચર્યા આ તેમની વિશિષ્ટતા છે. ન્યાયશાસ્ત્રમાં તેઓ નિષ્ણાત છે. પ્રકરણ ગ્રંથો, આગમ ગ્રંથો, છેદ સૂત્રો, હારિભદ્રીય ગ્રંથાવલી અને યશોવિજયજી ઉપાધ્યાયની ગ્રંથાવલીના તેઓ તલસ્પર્શી જ્ઞાતા છે. છેલ્લા એકવીસ વર્ષથી 'દિવ્ય-દર્શન' સાપ્તાહિક તેઓની મધુર વાણી મુમુક્ષુઓને સંભળાવે છે. તેઓએ જૈન સાહિત્યના ક્ષેત્રમાં લગભગ વીસેક જેટલા ગ્રંથોની રચના કરી છે.

જૈન શિક્ષાયતન યાને શિબિરની પ્રવૃત્તિથી તેમણે લગભગ એક હજાર ઉપરાંત નવયુવકોને પ્રતિબોધ પમાડી મોક્ષમાર્ગમાં પથિક બનાવ્યા છે.

દર્શન અને જ્ઞાનની આરાધનાની સાથોસાથ જો ચારિત્રનો સમન્વય થાય તો જ આત્મા ઉર્ધ્વગામી બને. રત્નત્રયીની સાધનાનો દૃષ્ટિ સન્મુખ દાખલો એટલે પં. શ્રી ભાનુવિજયજીનું જીવન. વર્ધમાન તપ આયંબિલની ૧૦૩ ઓળીઓ તેઓએ પૂરી કરી છે અને ૧૦૪થી અત્યારે ચાલે છે. તેમાં પણ અલ્પ આહાર અને શ્વાનનિંદ્રા એ તેમણે અપનાવેલ છે.

આવી યોગ્ય વ્યક્તિ ભગવાન જિનેશ્વરની ધુરાને ગ્રહક કરી, આચાર્ય પદે આવવાથી વીતરાગના શાસનને જયવંતુ વર્તાવવામાં સંપૂર્ણ સફળ નીવડશે એમાં જરાય શંકા નથી.

તેઓશ્રીની સાથોસાથ પૂ.ઉપાધ્યાય શ્રી માનવિજયજી મ. તથા પૂ.પં.શ્રી હેમંતવિજયજી મ.ને પણ આચાર્ય પદાલંકૃત કરવામાં આવ્યા છે.

– મુનિ પદ્મસેનવિજયજી તા. ૧૨-૧૨-૭૨ મુંબઈ સમાચાર

• • •

અમને જણાવતા આનંદ થયો છે કે સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદ પૂર્વક પરમ પૂ.પં.શ્રી હેમંતવિજયજી ગણિવર અને પરમ પૂજ્ય પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવરને માગશર

સુદ ૨ને તા. ૭-૧૨-૭૨ના રોજ અમદાવાદ નગરે આચાર્ય પદ અર્પણ થશે.

તા. ૯-૧૨-૭૨ના રોજ અમદાવાદ મુકામે કલકત્તા નિવાસી શિબિર વિદ્યાર્થી પ્રદીપકુમાર તથા શિબિર વિદ્યાર્થી બીપીનકુમાર B.Com. નડીયાદ મુકામે ૧૧-૧૨-૭૨ના રોજ પંન્યાસ ભાનુવિજયજી પાસે દીક્ષા અંગીકાર કરશે.

અપૂર્વ પ્રસંગે અવસરે...

આ સમર્થ અને સુયોગ્ય મહાત્માઓના ચરણમાં અમો અમારી કોટીશઃ વંદના કરીએ છીએ.

શિબિર વિદ્યાર્થીઓને...

પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર આપણા પરમ ઉપકારી છે. એમના ઋણથી દબાયેલા આપણને એમના આચાર્યપદ અર્પણના સમાચારથી અત્યધિક આનંદ થાય તેમાં નવાઈ નથી. તારીખ ૭-૧૨-૭૨ના રોજ દાનસૂરી જૈન જ્ઞાનમંદિર કાળુપુર રોડ, અમદાવાદ-૧. હાજર રહી ઉપરોક્ત પ્રસંગને દીપાવવા નમ્ર સૂચન છે. આ પાવન દિને વ્રત નિયમ કરીશું તો આ પ્રસંગની વાસ્તવિક અનુમોદના કરી ગણાશે.

- કુમારપાળ વિ. શાહ સંપાદક "વર્ધમાન" (માસિક), ડીસેમ્બર ૧૯૭૨

આજે જેઓ 'આચાર,' પદથી અલંકૃત થાય છે તે મહામનીષી મહાત્મા
- પ. પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણી.

આધિ-વ્યાધિને ઉપાધિની આંધીમાં અટવાતા માનવ સમાજને નિરંતર શાન્તિ પ્રસન્નતા અને પવિત્રતાની આવશ્યકતા છે. એ આવશ્યકતાની પૂર્તિ કોણ કરી શકે ? સ્વયં આંધીમાં અટવાતો મનુષ્ય બીજાને કેવી રીતે બચાવી શકે ? આંધીથી મુક્ત મહાત્મા જ જીવોને શાન્તિ પ્રદાન કરી શકે, પ્રસન્નતાનું અમૃત પાઈ શકે અને પવિત્રતાનો પ્રકાશ પાથરી શકે.

ભવ્ય ભારત-ભૂમિ આવા મહાન પુરુષોથી નિરંતર પાવન બનેલી છે. ભારતીય પ્રજાએ નિરંતર આવા મહાત્મા પુરુષો પાસેથી શાન્તિ પ્રાપ્ત કરી છે. આવા જ એક મહાત્મા પુરુષ છે પૂજનીય પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર. આજના પુનીત પ્રભાતે તેઓને આચાર્ય પદથી અલંકૃત કરવામાં આવી રહ્યા છે.

તેઓશ્રીની જન્મભૂમિ છે અમદાવાદ કાળુશીની પોળ. વિ.સં. ૧૯૬૭ ચૈત્રવદ ૬ના દિવસે તેમનો જન્મ પિતાનું નામ ચીમનલાલ અને માતાનું નામ ભૂરીબેન તેમનું પોતાનું નામ કાન્તિલાલ. C.A. સુધીનું ઉચ્ચ વ્યવહારિક શિક્ષણ પ્રાપ્ત કરી

ચોવીસ વર્ષની ઉંમરે તેઓ આ સંસારના સુખોથી વિરકત બન્યા. પૂજ્યપાદ આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજના સત્સંગથી અને પ્રેરણાથી કાન્તિલાલે શ્રમણ જીવન અંગીકાર કર્યું, મુનિશ્રી ભાનુવિજયજી બન્યા. ગુરુચરણોમાં વિનયવંત શિષ્ય બની તેઓએ જ્ઞાનોપાસના આરંભી તપ અને ત્યાગથી તન-મનને નિર્મલ બનાવ્યા.

એક બાજુ આયંબિલની ઉગ્ર તપશ્ચર્યા અને બીજી બાજુ જૈન જૈનેતર ગ્રંથોનું તલ સ્પર્શી અધ્યયન. એક તરફ ત્યાગ-વૈરાગ્યનો ભરપૂરા ઉપદેશ અને બીજી બાજુ તાત્વિક માર્મિક સાહિત્યનું સર્જન !

ગુરુદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના કૃપાપાત્ર શિષ્ય બની તેઓશ્રીએ બહુમુખી પ્રતિભા પ્રગટાવી.

તેઓશ્રી ભારતીય ષડ્દર્શનના પ્રકાંડ વિદ્વાન મહાત્મા છે. તેમાંય ન્યાયદર્શનના તો તેઓ અદ્વિતીય જ્ઞાતા છે. અધ્યેતા છે અને મર્મજ્ઞ છે. જૈનધર્મના આગમગ્રંથો પ્રકરણ ગ્રંથો; દાર્શનિક ગ્રંથોના ઉચ્ચકોટિના વિદ્વાન છે. તેઓશ્રીએ અનેક મૌલિકગ્રંથોનું સર્જન કર્યું છે. અનેક પ્રાચીન સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથો પર ગુજરાતી ભાષામાં સરળ-સુબોધ વિવેચનો લખ્યાં છે. તેઓના પ્રવચનો અમદાવાદથી **દિવ્ય-દર્શન**ના સાપ્તાહિક દ્વારા નિયમિત પ્રકાશિત થાય છે.

તેઓશ્રીની પ્રવચનશૈલી લાક્ષણિક છે, પ્રભાવોત્પાદક છે. તેમના પ્રવચનોથી હજારો યુવાનો ધર્મ સન્મુખ બન્યા છે. પચાસથી પણ અધિક યુવાનોએ એમના ચરણે જીવન-સમર્પણ કર્યું છે. શ્રમણ બન્યા છે.

અંતિમ દસ વર્ષથી ગ્રીષ્મકાળમાં તેઓના સાનિધ્યમાં ભિન્ન ભિન્ન સ્થળોએ શિબિરનું આયોજન થાય છે. જેમાં નૈતિક ધાર્મિક અને આધ્યાત્મિક સંસ્કાર-શિક્ષણ આપવામાં આવે છે. દરેક શિબિરમાં બસો-અઢીસો યુવાનો સ્કૂલ-કૉલેજના આવે છે અને શ્રદ્ધાવાન, જ્ઞાનવાળા બનીને જાય છે. પૂજ્ય ભાનુવિજયજી ગણીએ આ રીતે જૈન સંઘમાં યુવાનોમાં જ્ઞાનજ્યોતિ પ્રગટાવી છે તેઓશ્રી સંસ્કૃત, પ્રાકૃત, અંગ્રેજી, હિન્દી, મરાઠી, ગુજરાતી ભાષાના જાણકાર છે. ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, મહારાષ્ટ્ર, બિહાર, બંગાળ, મધ્યપ્રાંત વગેરે પ્રાંતોમાં તેઓશ્રી વિચરેલા છે અને લાખો જીવોને ધર્મબોધ આપીને મોક્ષમાર્ગના પથિક બનાવ્યા છે.

તેઓ પાસે દિવય કલ્પનાશક્તિ છે. ભવ્ય આયોજન પદ્ધતિ છે. તેઓ આત્મસંયમના દૃઢ આગ્રહી છે. અનુશાસનના ચુસ્ત હિમાયતી છે આજે તેઓ આચાર્ય બની રહ્યા છે. જૈનધર્મમાં આચાર્યપદ ગૌરવવંતુ પદ મનાય છે. શ્રેષ્ઠ પદ

મનાય છે. આચાર્યની જવાબદારીઓ પણ મહાન હોય છે. સમગ્ર સંઘના હિત માટે કલ્યાણ માટે તેમને સતત જાગ્રત રહેવું પડે છે.

આપણા મહામના મનિષી તપસ્વી અને પ્રૌઢ વિદ્વાન પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર આચાર્ય પદને શોભાવશે અને જીવ માત્રના હિત માટે સતત ચિંતીત રહેશે એ નિર્વિવાદ હકીકત છે. — **તા. ૭-૧૨-૭૨**

• • •

શુભેચ્છાના સંદેશા

• પૂ. સાધુ સાધ્વીજી મહારાજ •

(૧) પૂ. મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. રતલામ
(૨) પૂ. મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા. ભુજ
(૩) પૂ. મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી મ.સા. મુંબઈ
(૪) પૂ. મુનિશ્રી રાજેન્દ્રવિજયજી મ. સુરેન્દ્રનગર
(૫) પૂ. મુનિશ્રી કેવળવિજયજી મ. પુના
(૬) પૂ. મુનિશ્રી લબ્ધિવિજયજી મ. ભાવનગર
(૭) પૂ. મુનિશ્રી મહાબળવિજયજી મ. મુંબઈ
(૮) પૂ. સાધ્વીશ્રી ઉમંગશ્રીજી મ. સુરત
(૯) પૂ. સાધ્વીશ્રી જયાનંદાશ્રીજી મ. સુરત
(૧૦) પૂ. આ.શ્રી જિનેન્દ્રસૂરિજી મહારાજ શિવગંજ
(૧૧) પૂ. મુનિશ્રી નયરત્નવિજયજી મ. કલકત્તા
(૧૨) પૂ. મુનિશ્રી નંદીવર્ધનવિજયજી મ. વાંકાનેર
(૧૩) પૂ. મુનિશ્રી ધર્માનંદવિજયજી મ. સુરત
(૧૪) પૂ. મુનિશ્રી ગુણરત્નવિજયજી મ. ઉમેદાબાદ
(૧૫) પૂ. મુનિશ્રી જયશેખરવિજયજી મ. સુરત

• શ્રી સંઘો તરફથી... •

શ્રી ગુજરાતી જૈન સંઘ (૯૬ કેનિંગ) કલકત્તા
શ્રી ભવાનીપુર જૈન સંઘ કલકત્તા
શ્રી તુલાપટ્ટી જૈન સંઘ કલકત્તા
શ્રી કાનપુર જૈન સંઘ કાનપુર
શ્રી મલાડ જૈન સંઘ મુંબઈ
શ્રી પાલનગર સંઘ મુંબઈ
અમર શાળા સંઘ ખંભાત

ઉત્સવનું એક આકર્ષણ રંગોળી

સૂરિપદ સમારોહનાં પુણ્ય પ્રસંગે રાજનગર નિવાસી **કંચનબેન શાંતિલાલ જગાભાઈ નાણાવટીએ** રંગોળીનો લાભ લીધો હતો. રંગોળીની રચના જ્ઞાનમંદિરના પહેલા માળના વિશાળ હોલમાં કરવામાં આવી હતી.

૧લી રંગોળીમાં ભગવાન શ્રી મહાવીરદેવે વૈ. સુ. ૧૦ના કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી વૈશાખ સુદ ૧૧ના ધર્મતીર્થની સ્થાપના કરી, ૧૧ ગણધરને તીર્થની અનુજ્ઞા આપી તેનું દશ્ય હતું. સહેજ દૂરથી અને સહેજ અંધારામાં આ દશ્ય જોવામાં આવતું ત્યારે સાક્ષાત્ જાણે ભગવાન શ્રી મહાવીરપ્રભુ નતમસ્તકે ઊભેલા ૧૧ ગણધર ભગવંતોને વાસક્ષેપ નાખી રહ્યા હોય એમ લાગતું હતું.

૨જી રંગોળીમાં ઋજુવાલિકા નદીના કિનારે સમી સાંજના સમયે ગોદોહિકા આસને ધ્યાનમાં બેઠેલાં પ્રભુ શ્રી મહાવીરદેવને કેવળજ્ઞાન થયાનું દશ્ય હતું. પ્રભુની ધ્યાનસ્થ મુદ્રા, ભવ્ય દેહ, સમી સાંજનો દેખાવ ઋજુવાલિકા નદી-આ બધાનો તાદેશ ચિતાર ખડો કરાયો હતો.

૩જી રંગોળીમાં પરમપૂજ્ય સિદ્ધાંત મહોદધિ સૂરિશેખર આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા પોતાન વિનીત, આજીવન ઉપાસક શિષ્યરત્નો પૂ.પં.શ્રી હેમંતવિજયજી ગણિવર તથા પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવર ઉપર પોતાના પાવન-વરદ હસ્તે આશીર્વાદ વરસાવી રહ્યા છે. ત્રણે પૂજ્યોની હૂબહૂ આકૃતિ જોતાં એક વાર માણસ આશ્ચર્યમુગ્ધ બની જાય એવું આ બેનમૂન દશ્ય હતું.

આ ઉત્સવમાં લાખો લોકોનું આકર્ષણ આ રંગોળીની રચનાનું હતું. રંગોળીથી પ્રજા મુગ્ધ બની હતી. રંગોળી જોતાં ખસવાનું મન નહોતું થતું. પૂ. ઉપાધ્યાય શ્રી માનવિજયજી ગણિવરનો ફોટો ન મળવાથી તેઓની રંગોળી થઈ શકી ન હતી.

કર્ણોપકર્ણ રંગોળીની વાત સાંભળી અને છાપામાં સમાચાર વાંચી આ રંગોળી પૂરનાર આર્ટીસ્ટ ડભોઈવાળા રમણિકલાલ શાહની મુલાકાતે પ્રેસ રીપોર્ટરો આવેલા, અને ફોટાઓ સાથે એનો રીપોર્ટ છાપાઓમાં આપેલો. રંગોળીના ચિત્રો આગળ આપેલા છે.

ઉત્સવનું બીજું આકર્ષણ : ૧૧ છોડનું ભવ્ય ઉદ્યાપન

પૂ.પંન્યાસપ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવર્યની શ્રી વર્ધમાન આયંબિલ તપની ૧૦૩મી ઓળી પૂર્ણ થયેલી તેની ઉજવણી નિમિત્તે ભાગ્યશાળીઓને ઉજમણું કરવાની

ઇચ્છા થઈ અને એમાં આચાર્ય પ્રદપ્રદાનના શુભ પ્રસંગની સોનેરી તક મળી ગઈ. જ્ઞાનમંદિરના વ્યાખ્યાનહોલની ગેલેરીમાં રત્નત્રયીના સાધનો સહિત કિંમતી અને દર્શનીય ૧૧ છોડનું ઉજમણું ગોઠવાયું. એક બાજુ સ્વ. પરમગુરુદેવ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવનો ચિત્તાકર્ષક મોટઓ ફોટો ને બીજી બાજુ પાવાપુરીની સુંદર શોભા કરવામાં આવી હતી. રંગોળીના દર્શનની સાથે સાથે આ ઉજમણાના દર્શન અને પૂજ્યશ્રીના તપની અનુમોદનાનો લાભ લોકો વહેલી સવારથી રાતના દસ વાગ્યા સુધી લઈ રહ્યા હતા. શ્રી કુમારચંદ્ર બુધાભાઈએ ઉજમણાનું કાર્ય ઉપાડી લીધું હતું.

૧૧ છોડની વિગત :

(૧) શેઠશ્રી નાનચંદ મૂળચંદ દેપલાવાળા તરફથી સોનેરી અક્ષરમાં મંત્રાધિરાજ શ્રી નમસ્કાર મહામંત્ર તથા તે તે વર્ણમાં અનંત પંચપરમેષ્ઠિ ભગવંતો.

(૨) સુશ્રાવક નાનચંદ મૂળચંદ દેપલાવાળા તરફથી મગધ સમ્રાટ શ્રેણીક રાજા પુણીયા શ્રાવકના સામાયિકનું ફળ માંગે છે.

(૩) વિમળાબેન રતિલાલ તરફથી કર્મસૂદન તપનો.

(૪) વૃંદાબેન લક્ષ્મીચંદ મુંબઈ તરફથી શાલિભદ્રનો જીવ પૂર્વ ભવમાં સંગમ ગોવાળ માસખમણના તપસ્વી મહાત્માને અપૂર્વ ભાવથી ખીર વહોરાવે છે.

(૫) જસીબેન ભગુભાઈ અમદાવાદ તરફથી અનંત ઉપકારી ભગવાન તીર્થંકર દેવના પંચકલ્યાણક પ્રસંગો.

(૬) માણેકબેન રતિલાલ તરફથી ઉપર મરુદેવા માતાને હાથીની અંબાડી પર કેવળજ્ઞાન-સામે સમવસરણ નીચે ચક્રવર્તી ભરતેશ્વરને આરિસા ભવનમાં કેવળજ્ઞાન.

(૭) રતનબેન મણીલાલ અમદાવાદ તરફથી વીસસ્થાનક અને સિદ્ધચક્રજી.

(૮) સતીશકુમાર ચંપકલાલ ઝવેરી પાલણપુરવાળા તરફથી ભામંડલ અને ચામર વિંઝતા ઈંદ્રો.

(૯) શા. મગનલાલ મોતીચંદ કલકત્તાવાળા તરફથી શ્રી ગૌતમસ્વામીનો.

(૧૦) અંજનાબેન મુલતાનમલજી ઘાણેરાવવાળા તરફથી વંકચૂલનો ભવ્ય પ્રસંગ.

(૧૧) શા. અમૃતલાલ કાળીદાસ અમદાવાદવાળા તરફથી વીસસ્થાનકનો.

મહોત્સવનો શુભ પ્રારંભ

કા.વ. ૧૨ : મહોત્સવનો મંગલ પ્રારંભ થયો. જ્ઞાનમંદિરના આંગણે વિશાળ સુશોભિત મંડપ ખડો કરવામાં આવ્યો હતો અને ધ્વજા પતાકા અને બોર્ડોથી

શણગારવામાં આવેલ. પહેલે માળે રંગોળી રચના તૈયાર કરાઈ હતી. બીજે માળે વ્યાખ્યાન પીઠ પર ત્રણ ચાંદીના સિહાસન ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુ આદિના સુંદર પાષાણના બિંબોની પધરામણી થઈ. શેઠશ્રી રમેશભાઈ બકુભાઈ તથા શેઠશ્રી રમણલાલ વજેચંદ તરફથી કુંભસ્થાપના અખંડ દીપક સ્થાપન, જવારારોપણ વગેરેનો મંગળ વિધિ થયો. બપોરે મહેતા મગનલાલ મોતીચંદ તરફથી પંચ કલ્યાણકની પૂજામાં જૈન આરાધક મંડળે અનેરી રંગત જમાવેલી. સવારે બેનોએ પ્રભાતિયાં ગાયેલા. શેઠશ્રી મનસુખભાઈની પોળના દેરાસરે તથા જ્ઞાનમંદિરમાં પધરાવેલ પ્રતિમાજીને ભવ્ય અંગરચના કરવામાં આવેલ. રાત્રે ભાવના થયેલ.

કા.વ. ૧૩ : સવારે ૯-૦૦ વાગે પ્રવચન થયેલ. બપોરે શા. ચતુરભાઈ ચીમનલાલ તરફથી શ્રી અષ્ટાપદજીની પૂજા હતી. એમની આગેવાની નીચે શ્રી જૈનધર્મ આરાધક મંડળે ભક્તિ સંગીતની રમઝટ મચાવી, બે એક પૂજા પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણિવરે એવી ભાવવાહી રીતે ઝીલાવી કે સાંભળતાં ને ઝીલતાં હૃદયમાં ભક્તિરસની છોળો ઉછળી. પ્રભુજીને ભવ્ય અંગ રચના થઈ.

કા.વ. ૧૪ : ના સવારે પ્રવચન થયું. બપોરે મહેતા મગનલાલ મોતીચંદ તરફથી મોટી સંખ્યામાં બેનોએ બારવ્રતની પૂજા ભણાવી, પ્રભુજીને ભારે આંગી રચાઈ.

કા.વ. ૩૦ : આજે આચાર્ય પદારોપણ નિમિત્તે રથયાત્રાનો ભવ્ય વરઘોડો કલકત્તા નિવાસી ધર્મપ્રેમી શેઠશ્રી વસંતલાલ છગનલાલ ચૂડાવાળા તરફથી નીકળવાનો હતો. દૈનિક સમાચાર પત્રોમાં તેની અગાઉથી જાહેરાત થઈ હતી. ઉદારદિલ વસંતભાઈ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી સરોજબેનની ઈચ્છા સુંદર શાસન પ્રભાવના થાય તે રીતે વરઘોડો કાઢવાની હતી. એમની ભવ્ય ભાવનાને વધાવી શા. રમણલાલ વજેચંદ તથા શ્રી ચતુરભાઈ, શ્રી રસીકભાઈ આદિ કાર્યકરોએ ભારે તૈયારી પૂર્વક આયોજન કર્યું. સવારે ભવ્ય વરઘોડો નીકળતા મોખરે નિશાન ડંકો, ઈન્દ્રધ્વજ, ૬૪ ઈન્દ્ર (વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર પાઠશાળાના વિદ્યાર્થીઓ) બાદ હાથમાં ચામર, દર્પણ, મોરપીંછી, દીપક વગેરે સામાન લઈ સુસજજ થયેલી ૫૬ દિગ્કુમારી-કાઓ, સુંદર સજાવટવાળી ચાર બગી, બેન્ડ, રાજકુમારની જેમ શોભતો કિશોર સ્વારવાળા ૧૮ ઘોડાઓ, કર્મસાહિત્યના ૮માં **'પએસબંધ'** ગ્રંથ પધરાવેલી, તેમજ સિદ્ધાંત મહોદધિ સ્વ.પૂ.આચાર્યભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના ફોટા પધરાવેલી બગી હતી તેમાં દીક્ષાર્થી પ્રદીપકુમારના હાથમાં જરિયાન કવરવાળો ગ્રંથ શોભી

રહ્યો હતો. મંગલકુંભ (બેડા) માથે લઈ સુંદર વસ્ત્રમાં શોભતી ૩૬ સૌભાગ્યવતી બેનો, બેન્ડ પૂ. ઉપાધ્યાયજી મહારાજ આદિ વિશાલ મુનિગણ, નોંધપાત્ર વિશાળ સાજન, ૧૮ બળદ જોડેલો પ્રભુજીનો રથ તથા બહોળો શ્રાવિકાગણથી વરઘોડો ખૂબ શોભતો હતો. વરઘોડો જોવા રાજમાર્ગો પર લોકોની ઠઠ જામી હતી. જ્ઞાનમંદિરથી નીકળી વરઘોડો રીલીફરોડ, ઘીકાંટારોડ, પાનકોરનાકા ફુવારા-ગાંધીરોડ, ખાડીયા ચાર રસ્તા, ઝકરીયા મસ્જીદ થઈ પાછો જ્ઞાનમંદિરે ઉતર્યો હતો. પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબે મંગલ પ્રવચન કર્યું હતું. સહુના મુખપર અનેરો ઉલ્લાસ દેખાતો હતો. શ્રી વસંતભાઈ તથા શ્રીમતી સરોજબેનને પણ શાનદાર વરઘોડો અને લોકોનો ઉમંગ જોઈ આત્મ સંતોષ થયો હતો. બપોરે પૂ.પં. શ્રી હેમંતવિજયજી મહારાજના સંસારીપણે પુત્ર શા. વસ્તુપાલ હીરાલાલ તરફથી શ્રી નવપદજીની પૂજા ભણાવાઈ.

મા. સુદ ૧ : સવારે ૯-૦૦ વાગે પૂજ્યશ્રીનું પ્રવચન થયું. બપોરે વિજય મુહૂર્તે નવગ્રહાદિ પૂજન થયું. પ્રભુજીને ભવ્ય અંગરચના થઈ.

મા. સુદ ૨ : આ દિવસ ત્રણે પૂજ્યોને આચાર્યપદ આરૂઢ કરવાનો મંગલમય દિવસ હતો. જે દિવસની ખૂબ જ આતુરતા પૂર્વક રાહ જોવાતી હતી. સવારે સ્ટા.ટા. ૭ કલાકે પૂ. પાઠક પ્રવર શ્રી માનવિજયજી ગણિવરને આચાર્યપદ પર આરૂઢ કરવામાં માટે મંગલક્રિયા શરૂ થવાની હતી. વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર વ્યાખ્યાન હોલમાં નાણ મંડાઈ ગઈ હતી. ચતુર્મુખ પ્રભુજીને પધરાવવામાં આવ્યા. પાંચ સ્વસ્તિક પૂરાયા. ચારબાજુ ચાર દીપક પ્રગટાવ્યા. વ્યાખ્યાનની પાટપર વચમાં પરમપૂજ્ય ત્રણસો શિષ્યરત્નોના તારણહાર ૬૮ વર્ષ સુધી સ્ફટીરત્ન સમું નિર્મળ ચારિત્ર પાળનાર કર્મશાસ્ત્રારહસ્યવેદી સિદ્ધાંત મહોદધિ સ્વર્ગસ્થ આચાર્યદેવેશ પ્રેમસૂરીશ્વરજી મહારાજની પ્રતિષ્ઠિત-મૂર્તિની પધરામણી થઈ. આજુબાજુ સૂર્યચન્દ્રની જેમ પૂ. પંન્યાસપ્રવર શ્રી હેમંતવિજયજી ગણિવર તથા પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર બિરાજમાન થયા. ૬૫ થી ૭૦ જેટલા સાધુ મહારાજો ૭૫ થી ૧૦૦ જેટલા સાધ્વીજી મહારાજો અને શ્રાવક શ્રાવિકાઓથી હોલ તથા ગેલેરી ચિક્કાર ભરાઈ ગઈ. આચાર્ય પદ-પ્રદાનની ક્રિયા સુંદર રીતે થઈ. તપોનિધિ પૂ.પંન્યાસ પ્રવર ભાનુવિજયજી મહારાજે ૭૦૦ ગાથાનું બૃહદ્ નંદીસૂત્ર બુલંદ અવાજે સંભળાવ્યું. નામ સ્થાપનવિધિ વખતે નૂતન આચાર્ય ભગવંતનું પુણ્ય નામ આચાર્ય શ્રી વિજય માનદેવસૂરીશ્વરજી મહારાજ રાખવામાં આવ્યું. તેઓશ્રીને પ્રથમ કામળી વહોરાવવાની ઉછામણીમાં રૂા. ૧૫૫૧ બોલી સોલાપુરવાળા શેઠ સંપતલાલ લક્ષ્મીચંદે લાભ લીધો. આચાર્ય થયા બાદ પ્રથમ ગુરુપૂજન કરવાનો આદેશ રૂા. ૧૨૦૧માં શા. શાંતિલાલ

કચરાભાઈએ (પૂ.આ. માનદેવસૂરિ મ. ના સંસારી બંધુ) લાભ લીધો. શ્રીફળની પ્રભાવના પણ તેમના તરફથી થઈ. લગભગ ૯-૩૦ કલાકે ક્રિયા પૂર્ણ થઈ. આ પ્રસંગે એકત્ર થયેલ ચતુર્વિધ સંઘ અને ઉપરાંત સેંકડો નરનારીઓ જ્ઞાનમંદિરની બહાર પૂજ્યશ્રી સાથે નગરશેઠના વંડે જવા સજ્જ થઈ ઊભા હતા. પૂ. આચાર્ય ભગવંતાદિ વિશાલ મુનિગણે પ્રયાણ કર્યું. આબાલ વૃદ્ધોએ હર્ષવિશમાં જયનાદોથી વાતાવરણને ગજવી મૂક્યું. વાજતે ગાજતે વરઘોડો નગરશેઠના વંડે પહોંચ્યો ને ત્યાં ઊભા કરેલા રોનકદાર વિશાલ મંડપમાં સભાના રૂપમાં ફેરવાઈ ગયો. સંયમ તપથી કસાયેલા દેહવાળા બંને પૂજ્યો-૧, ૭૬ વર્ષની ઉંમરવાળા નિસ્પૃહ શિરોમણિ પૂ. પંન્યાસ હેમંતવિજયજી મ. તથા ૧, તપત્યાગના તેજથી દિપ્તિમંત દેહવાળા, જિનશાસનના ગગનાંગણમાં ભાનુ સમાન ૬૨ વર્ષની વયવાળા પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજશ્રીએ શ્રદ્ધા સંવેગ અને જિનશાસન પ્રત્યેની કૃતજ્ઞતાથી ભરપૂર હૃદયે આચાર્યપદવીની ક્રિયા શરૂ કરવા માંડી એ દૃશ્ય ખૂબ સોહામણું લાગતું હતું. સભાજનોની મીટ તેમના પ્રત્યે મંડાયેલી હતી. થોડીવારમાં ૫-૬ હજાર માણસો બેસી શકે તેવો વિશાળ મંડપ ભરાઈ ગયો. પ્રારંભમાં સકલ સંઘે દેવવંદનની મંગલક્રિયા સાથે કરી. **પૂ. મુનિરાજશ્રી જયઘોષવિજયજી મહારાજે ૭૦૦ ગાથાનું બૃહદ્ નંદીસૂત્ર સંભળાવ્યું.** જેમાં લગભગ એક કલાક લાગ્યો. તપોનિધિ પૂ.પંન્યાસજી મહારાજે નંદિસૂત્ર ઊભા ઊભા સાંભળ્યું. સાત ખમાસમણા આવ્યા. ત્યારબાદ ક્રમશઃ વિધિ આગળ વધતા સ્ટા. ટા. ૧૨-૨૩ કલાકે શુભ મુહૂર્તે પૂ.આ.ભ. માનદેવસૂરીશ્વરજી મહારાજે બંને પૂ. પંન્યાસપ્રવરોને કાનમાં સૂરિમંત્ર સંભળાવ્યો. સભામાં જયનાદ ગુંજી ઉઠ્યો. બંને પૂ. નૂતન આચાર્ય ભગવંતોના શુભનામ ક્રમશઃ **પૂ.આચાર્યશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ** અને **પૂ. આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** રાખવામાં આવ્યા. સભામાં નીરવ શાંતિ છવાઈ હતી. સહુ નામશ્રવણ માટે આતુર હતા. નામ જાહેર થતાં જ સૌએ બુલંદ અવાજે નૂતન આચાર્ય ભગવંતોને તેમના નૂતન નામથી વધાવી લીધા. નૂતન આચાર્યભગવંતોનું પ્રથમ ગુરુપૂજન કરવાની ઉછામણી બોલાઈ. રૂા. ૨૬૦૧)માં કિરીટકુમાર ધરમચંદવાળાએ આ લાભ લીધો. પ્રથમ કામળી વહોરાવવાની ઉછામણીનો રૂા. ૩૫૦૧)માં શ્રી કાન્તિલાલ અમૃતલાલ હરગોવનદાસ (શ્રીપાળનગર ઉસ્માનપુરા) અમદાવાદવાળાએ લાભ લીધો અને એમના વિશાલ કુટુંબે કામળી ઉપરાંત ચારિત્રના અનેક ઉપકરણો પણ વહોરાવ્યા. સુપુત્ર મહેન્દ્રભાઈનું બનાવેલું પ્રસંગ ગીત તેમના પિતાશ્રી રસિકભાઈએ મધુર અવાજે સભાને ઝીલાવ્યું. આચાર્યપદની ખુશાલીના આવેલા તાર અને સંદેશાઓ એટલા બધા હતા કે દરેક

વાંચી સંભળાવવા જેટલો સમય નહોતો તેથી માત્ર એની સંખ્યા જાહેર થઈ. સચિત્ર મહાવીર ચરિત્રની યોજનામાં રૂા. ૧૧૦૦૦નું ફંડ થયું. નૂતન પૂ.આ. હીરસૂરીશ્વરજી મહારાજે થોડા પણ માર્મિક શબ્દોમાં ધર્મદેશના આપ્યા પછી નૂતન પૂ.આ.ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે જૈનશાસનના આચારધર્મની મહત્તા પર પ્રેરક પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે મુનિઓને ભણાવતા પંડિતો, જ્ઞાનમંદિરના મહેતાજી, કાન્તિભાઈ ને ત્યાં કામ કરતા માણસો અને ત્રણેય આચાર્ય ભગવંતો મૂળ જે પોળના હતા તે પોળના તથા જ્ઞાનમંદિરવાળી મનસુખભાઈ શેઠની પોળના પૂજારીઓને ઈનામ જાહેર કરાયા. ત્યારબાદ સકલસંઘે કામળી વહોરાવી. કામળીઓનો જાણે વરસાદ વરસ્યો. વહોરાવવાની પડાપડી અને વહોરાવવાની સંખ્યા એટલી બધી હતી કે કેટલાયને કામળી સાથે ઘરે પાછા જવું પડ્યું તે પાછળથી જ્ઞાનમંદિરે જઈ વહોરાવી આવ્યા.

પએસબંધો ગ્રંથનું ઉદ્‌ઘાટન

પરમપૂજ્ય સિદ્ધાંત મહોદધિ કર્મશાસ્ત્ર રહસ્યવેદી આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના માર્ગદર્શન મુજબ કર્મસાહિત્યનું સર્જન જે મહાન કાર્ય ચાલી રહ્યું છે તે ગ્રંથ શ્રેણીનો ૮મો ગ્રંથ અમદાવાદ દાનસૂરીશ્વર જૈન જ્ઞાનમંદિરના જ્ઞાનખાતા તરફથી છપાયો હતો. તેનું આચાર્યપદ પ્રદાનના શુભ પ્રસંગ સાથે જ ઉદ્‌ઘાટન રાખવામાં આવ્યું હતું.

આ ગ્રંથના ગાથાકાર પૂ. મુનિરાજશ્રી **વીરશેખરવિજયજી મ.** છે અને એના પર સંસ્કૃતમાં વિવેચનકાર પૂ. મુનિરાજશ્રી **જયઘોષવિજયજી** મહારાજ છે.

મખમલના જેકેટ ઉપર જરીના ભરતથી ગ્રંથના તથા કર્મસાહિત્યપ્રેરક પૂ.સ્વ. પરમગુરુદેવના નામ અક્ષરોથી સજ્જ સુશોભિત આ ગ્રંથ વહોરાવવાની ઉછામણી રૂા. ૨૫૦૧માં, મંછારામ જગરુપજી સિરોહીવાળાએ લીધી અને ગ્રંથના પૂજનનો આદેશ રૂ. ૭૦૧, લાલભાઈ વાડીલાલવાળા વિમલભાઈએ લીધો હતો. સ્વ.પૂ. પરમગુરુદેવની કૃપાથી કર્મસાહિત્યના ગ્રંથોનું કામ સુંદર રીતે ચાલી રહ્યું છે.

આ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સૌ શ્રીફળની પ્રભાવના લઈ વીખરાયા. ત્યારબાદ સોલાપુર નિવાસી સંપતલાલ લક્ષ્મીચંદ તરફથી વાજતે ગાજતે ચતુર્વિધ સંઘ સાથે ત્રણેય પૂજ્ય આચાર્ય ભગવંતો જ્ઞાનમંદિરે પધાર્યા. રસ્તામાં મૂળીયા પાર્શ્વનાથ પ્રભુના દર્શન કર્યા. આજે મૂળીયા પાર્શ્વનાથ ભગવંતને આચાર્ય પદવી નિમિત્તે શેઠ કલ્યાણભાઈ મણીભાઈ રાવ તરફથી ભારે આંગી રચાઈ હતી. ત્રણે પૂ. નૂતન આચાર્ય ભગવંતોને જ્ઞાનમંદિરમાં પ્રવેશ પ્રસંગે ગહુલીથી વધાવવાની ઉછામણી રૂા.

૭૦૧ બોલીને અમરચંદ સોબાચંદ મદ્રાસવાળાએ એનો લાભ લીધો.

આજે બૃહદ્‌સ્નાત્ર શા. રમણલાલ વજેચંદ તથા શેઠ બકુભાઈ મણીલાલ તરફથી હતું. વિજયમુહૂર્તે સ્નાત્રની શરૂઆત થઈ ગઈ હતી. બાદ લાડુની પ્રભાવના થઈ. રાત્રે શ્રી જૈન આરાધક મંડળની ભાવના હતી. લોકોની હાજરી સારી હતી. ભાવના બાદ ધારાવાડીમાં પણ લોકોએ લાભ લીધો હતો.

મહોત્સવ દરમિયાન જૈન ધર્મ આરાધક મંડળે પૂજા-ભાવનાઓમાં ભક્તિરસની રેલમ છેલ કરી દીધી હતી. વિધિકારક શ્રી રમણલાલ કેશવલાલે સારી રીતે વિધિવિધાન કરાવ્યા હતા.

આ મહોત્સવમાં શેઠશ્રી રમણલાલ વજેચંદ, શેઠશ્રી મયાભાઈ લક્ષ્મીચંદ શ્રી ચતુરભાઈ ચીમનલાલ, શ્રી રસીકલાલ ભોગીલાલ, શ્રી કુમારપાળ વિ. શાહ વગેરે કાર્યકરો પરમાત્મશાસનની આરાધના ને પ્રભાવનાના કાર્યમાં ઉલ્લાસભેર લાગી ગયા હતા. તેમજ જૈનધર્મ આરાધક મંડળ, શ્રી શાંતિચન્દ્ર સેવા મંડળ, કાળુશીની પોળના યુવકો, વડોદરા શ્રુતોપાસક મંડળ યોગેશ્વર ધિઆ આદિ વ્યવસ્થામાં ખડે પગે ઊભા હતા, અને બાળસેવકો શ્રી કુલીનકુમાર ઈન્દ્રવદનભાઈ મૃગેશકુમાર કુમારચંદ, જૈમીનકુમાર રાજેશકુમાર, વિજયકુમાર, સુરેશકુમારે ઉદ્યાપન સાચવેલું હતું.

મહોત્સવ પ્રસંગે બહારગામથી પધારેલ સાધર્મિકોની ભક્તિનો લાભ એક સદ્‌ગૃહસ્થ તરફથી ટંકશાળમાં આવેલ શેઠ શંકરલાલ છોટાલાલના મકાનમાં લેવામાં આવેલ.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય માનદેવસૂરીશ્વરજી મહારાજની જીવન જ્યોત

ત્રણ પદવીધર મહાત્માઓ પૈકી પૂ. ઉપાધ્યાયજી શ્રી માનવિજયજી ગણિવર્ય અમદાવાદ-નાગજી ભુદરની પોળના વતની હતા. ધર્મશીલ વિશાલ કુટુંબમાં ધર્મસંસ્કાર પામ્યા હતા. આજથી ૪૬ વર્ષ પૂર્વે તેઓશ્રીએ પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનો સમાગમ પામી તેઓશ્રીની જવલંત વૈરાગ્ય પ્રેરણા અને પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની પ્રભાવક ધર્મદેશના સાંભળી સંસારથી વિરકત બન્યા. ભરયુવાનીમાં દીક્ષા અંગીકાર કરી પૂ.આ.ભ. રામચંદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્ય થયા. સાધુજીવનમાં તપ-સંયમની સાધના સાથે સંસ્કૃત-પ્રાકૃતના જ્ઞાન ઉપરાંત જૈન આગમો તર્કશાસ્ત્ર, ચરિત્રગ્રંથોના અધ્યયન

દ્વારા સારી એવી વિદ્વત્તા પ્રાપ્ત કરી છે. પૂજ્યોની કૃપા મેળવી છે, અનેક ગામ-નગરોમાં ચાતુર્માસ કરી લોકોને ધર્મ માર્ગે વાળ્યાં છે. સંઘોના વહીવટી ચોપડાઓ તપાસી દેવદ્રવ્યના દેવામાંથી ઘણાંને મુક્ત કર્યા છે. શાસ્ત્રાધ્યયન સચોટ કર્યું હોવાથી કેટલાય મુનિઓને તથા શ્રાવકોને જ્ઞાનદાન કરતા રહે છે. શાસ્ત્ર સંશોધન અને સંપાદનમાં પણ તેઓને રસ હોવાથી અપ્રમત્તપણે આજે ૭૫ વર્ષની વયે પણ તે કામ એક યુવાનની અદાથી કરી રહ્યા છે. જીવનભરની રત્નત્રયીની સુંદર આરાધનાથી આજે તેઓ જૈન શાસનના સર્વોચ્ચપદે આરૂઢ થઈ રહ્યા છે. સં. ૨૦૦૫માં તેઓ ગણિ પંન્યાસ બન્યા હતા હતા. સં. ૨૦૨૮માં તેઓને ઉપાધ્યાય પદ પ્રદાન થયું હતું.

પૂ. આચાર્યદેવશ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાનું જીવન-દર્પણ

રાજનગરનો એક રાજમાર્ગ રીચિરોડ ત્યાં ભવ્યાતિભવ્ય શ્રી મહાવીરસ્વામી ભગવાનની અલૌકિક ચમત્કારિક મૂર્તિથી શોભતુ જૈનદેરાસર રીચિરોડનું આભૂષણ. નજીકમાં જ પાડાપોળ તેમાં વસતા જૈનો માટે ૩ શિખરવાળું ભોયરાવાળું દેરાસર એટલે એક અનોખું આકર્ષણ. આ પોળમાં વસતા શ્રાવિકા સમરથબેનની રત્નકુક્ષીએ નરરત્નનો જન્મ થયો સ્વજન કુટુંબના હર્ષનો પાર નથી. ભાવિમાં જૈનશાસનના હીરા બનવાનું સૂચક હોય તેમ નામ પણ હીરાભાઈ પાડવામાં આવ્યું. સમયના વેગને કોઈ રોકનાર નથી. એનો સદુપયોગ કરનારા પણ વિરલા હોય છે. હીરાભાઈ બને તેટલો વધુ સમય જિનભક્તિ અને જિનવાણીના શ્રવણમાં પસાર કરતા. વિનય, શિસ્તપાલન, ન્યાયનિષ્ઠા અને સદાચારનો પ્રેમ બાલ્યકાળથી દેખાતો હતો. જોત જોતામાં કૉલેજનો અભ્યાસ પૂર્ણ કરી સુરતની રત્નસાગર બોર્ડિંગમાં ગૃહપતિ તરીકે જોડાયા, ગૃહપતિ તરીકે તેઓએ ખૂબ સફળતા મેળવી. તેઓની દેખરેખ નીચે ભણેલા કેળવાયેલા સેંકડો વિદ્યાર્થીઓ આજે પણ તેઓનો મોટો ઉપકાર માની રહ્યા છે. લગભગ ૩-૩॥ વર્ષ બાદ સં. ૧૯૭૮માં ત્યાંથી છૂટા થઈ વાપી શહેરમાં હરખચંદ હીરાચંદની પેઢીમાં ભાગીદાર તરીકે જોડાઈને કાપડનો વ્યાપાર શરૂ કર્યો. વિ.૧૯૭૨ વાપીમાં સદ્ધર્મસંરક્ષક પૂ.પાદ સૂરિપુરંદર, આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વરજી મ.સા.ની પધરામણી થઈ. જિનવાણી શ્રવણના સદ્ગુણને લઈને હીરાભાઈને પૂ. આચાર્યદેવનો સત્સમાગમ થયો હૃદયમાં વૈરાગ્યનું બીજ પડ્યું અંકુર પણ પ્રગટ્યા. હીરાભાઈએ પૂ. આચાર્યદેવેશની પુણ્યનિશ્રામાં મંગલમય ઉપધાન વહન કર્યા. ત્યારબાદ પાત્રીસું અને અઠ્ઠાવીશું પણ એક જ વર્ષમાં આરાધ્યા. આ સમય દરમ્યાન જીવનમાં ધર્મ આરાધનાની પ્રબળ ઈચ્છા અને તત્ત્વજિનાજ્ઞાસાએ

સ્થાન જમાવ્યું. ત્યાં સહસ્રાવધાની મુનિસુંદરસૂરિ મહારાજ વિરચિત અધ્યાત્મ-કલ્પદ્રુમના વાંચનની તક મળી, વાંચન મનન સાથે થયું. આથી વૈરાગ્યાંકુરને પાંગરવા માટે જાણે મેઘવૃષ્ટિ થઈ. પરિણામે વૈરાગ્ય પ્રબળ બન્યો. આત્મસ્વરૂપની તાત્ત્વિક ઓળખાણ થઈ. મોક્ષની તાલાવેલી જાગી તેથી પરમપૂજ્ય સુવિશુદ્ધ સંયમમૂર્તિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પરમતારક ચરણારવિંદમાં સં. ૧૯૮૮ ના વૈશાખ સુદ ૭ના દીક્ષા અંગીકાર કરી જીવન સમર્પિત કરી દીધું. હવે હીરાભાઈ મુનિશ્રી હેમંતવિજયજીના નામે પ્રસિદ્ધ થયા. આ મુનિશ્રીએ પૂ. ગુરુદેવશ્રીજીની આજ્ઞા અને અંતરની ઈચ્છાને જીવનમંત્ર બનાવ્યો સંયમને પ્રાણ ગણ્યા. મુનિજીવન એટલે સાક્ષાત્ સાચા સુખની અનુભૂતિ. એ તેની પ્રાપ્તિના પ્રધાન સાધનો સદ્ગુરુની ઉપાસના જિનાજ્ઞા પાલન અને સમ્યગ્ અધ્યયન આ ત્રણેયને મુનિશ્રીએ આત્મ સાત કરવા માંડ્યા.

તેઓશ્રીની બાલ્યકાલથી ચાલી આવતી ન્યાયનિષ્ઠા, સદાચાર પ્રેમ, શિસ્તપાલન અને નિર્મળ સદાચારને કારણે તેઓ પોતાના તારક ગુરુદેવ અને એક વિશાલ ગચ્છના નાયક પૂ.આ.ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના કૃપાપાત્ર બન્યા, વિનમ્ર સલાહકાર બન્યા અને સાધુસમુદાયના હિત ચિંતક બન્યા. જાહેર જીવનથી સદા અલિપ્ત રહ્યા આગમ શાસ્ત્રનું વારંવાર વાંચન કરતા રહ્યા. પ્રસિદ્ધિમાં આવવાની તેઓએ કદી કોશીશ કરી નથી.

શ્રમણસંઘમાં ગીતાર્થ મૂર્ધન્ય તરીકે તેઓની પ્રસિદ્ધિ થઈ, ચતુર્વિધ સંઘમાં નિસ્પૃહ શિરોમણિ તરીકે પ્રસિદ્ધ થયા. સં. ૨૦૧૧ ના ફાગણ સુદ ૧૧ રોજ પુના મુકામે તેઓને ગણિપદથી અને સં. ૨૦૧૫ના વૈશાખ સુદ ૬ના રોજ પંન્યાસ પદથી વિભૂષિત કરાયા. છેદગ્રંથોના રહસ્યોને પચાવ્યા. નાની મોટી ક્રિયાઓમાં અપ્રમાદભાવ સર્વ પ્રત્યે સમભાવ વિષયો પ્રત્યે નફરત અને કષાયો પ્રત્યે શત્રુભાવ વિકસાવતા રહ્યા. સમુદાયવર્તી સાધુઓના સંયમજીવન પ્રત્યે સારણા વારણા વગેરેની યોગ્ય જવાબદારી વફાદારી પૂર્વક બજાવતા ગયા.

પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના જીવનના વિશિષ્ટ પાસાઓ

૧. પોતાની સાથે દીક્ષિત થયેલા પોતાના નાના ત્રીજા નંબરના સંસારી બંધુ **પોપટલાલ** (પૂ.પં.શ્રી પદ્મવિજયજી મહારાજ)ને પાવર પૂરી ચારિત્રનો વીર્યોલ્લાસ વધાર્યો.

૨. પોતાના સૌથી નાના પાંચમા નંબરના ભાઈ **જયંતિભાઈને** ૨૧ વર્ષની ભરયુવાનવયે પ્રતિબોધી ચારિત્ર આપ્યું. બે વર્ષના દીક્ષા પર્યાયમાં તેઓને (મુનિશ્રી તરુણવિજયજીને) જ્ઞાન, ધ્યાન અને સંયમમા ઝીલાવી અંતે ખૂબ સુંદર આરાધના કરાવી.

૩. પોતાના સૌથી નાના ત્રીજા નંબરના બેન **બેબીબેન**ને સંયમના અભિલાષી બનાવી દીક્ષિત કર્યા. સાધ્વીજી હંસકીર્તિશ્રીજી તરીકે બન્યા. બાદ ૨૦ વર્ષના દીક્ષા પર્યાયમાં સુંદર પ્રેરણાઓ દ્વારા આરાધકભાવનું સુંદર ઘડતર કર્યું. જે જે સંઘમાં તેઓ ચોમાસા કરે છે ત્યાં તેઓના તપ-ત્યાગ સંયમાદિની સુંદર છાપ ઉપસી આવે છે.

૪. દીક્ષાબાદ પૂજ્યપાદ પરમ ગુરુદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાને કૉલેજમાં સંસ્કૃત સારું કરેલું જાણી અને કુશાગ્રબુદ્ધિવાળા જાણી ન્યાયદર્શનના અધ્યનનમાં પ્રવિણ બનાવવાની ઈચ્છા હતી. સાધુઓને પણ ભણાવી શકે, પંડિતની જરૂર ન રહે એ ભાવનાથી પૂજ્યપાદશ્રીએ પૂ. ગુરુદેવશ્રીને ન્યાયનું અધ્યયન કરાવ્યું. કઠિન અને ક્લિષ્ટ વિષય હોવા છતાં ગુરુકૃપાથી એ અધ્યયનમાં ૧૨ વર્ષના સખત પરિશ્રમને અંતે નોંધપાત્ર વિદ્વત્તા પ્રાપ્ત કરી અને સમુદાયના સંખ્યાબંધ સાધુઓને ખૂબ સરળ સુબોધ શૈલીમાં એ વિષયનું અધ્યયન કરાવ્યું. સાથે પ્રકરણ ગ્રંથો અને આગમશાસ્ત્રોનું તલસ્પર્શી અધ્યયન કર્યું, પોતાની મધુર બુલંદ કંઠથી તથા વૈરાગ્ય અને ભક્તિસભર હૈયાથી ગવાયેલ સ્તવન સજ્ઝાય, અજિત શાંતિ આદિથી હજારો આત્માઓને વૈરાગ્ય તથા ભક્તિના રસથી તરબોળ કર્યા.

૫. પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવેશની આજ્ઞાથી **સં. ૧૯૯૬ની** સાલથી લગાતાર વ્યાખ્યાનની જવાબદારી સંભાળી. વૈરાગ્યરસ નીતરતી ધર્મદેશના દ્વારા ૧૫૦ ઉપરાંત ભવ્યાત્માઓને સંયમના માર્ગે વાળ્યા. વળી છેલ્લા વીસ વર્ષથી **દિવ્ય-દર્શન** સાપ્તાહિકમાં મનનીય પ્રવચનો દ્વારા જૈન જૈનેતરોને ધર્મ-યોગ-અધ્યાત્મ અને મોક્ષમાર્ગનો દિવ્યપ્રકાશ આપી રહ્યા છે.

૬. વૈરાગ્યના રંગથી રંગાઈને સર્પની કાંચળીની જેમ સંસારનો ત્યાગ કરી સંયમ માર્ગે પ્રયાણ કરનાર આબાલવૃદ્ધ મુનિઓને યતિદિન ચર્યા, પંચસૂત્ર, ઉપદેશમાળા, પુષ્પમાળા, ધર્મપરીક્ષા, દશવૈકાલિક, લલિત વિસ્તરા, આવશ્યક નિર્યુક્તિ વિંશતિવિશંકા, ષોડશક, નિશીથ, મહાનિશીય, આચારાંગ, જ્ઞાનસાર, યતિશિક્ષા, પ્રવચનસારોદ્ધાર પાક્ષિકસૂત્ર ટીકા ગ્રંથોની

વાંચનાઓ આપી જયણા, મહાવ્રતોની શુદ્ધિ મહાવ્રતની દૃઢતા, શાસનરાગ, ભવનો ભય, વિરાગ, ગુરુભક્તિ, બહુમાન વિનય અંતર્મુખતા વગેરે ભાવ પ્રાણો પોષી જે મહાન ઉપકાર કર્યો છે તે ઉપકારને મુનિઓ ભવોભવ ભૂલી શકે તેમ નથી.

૭. ગામ નગરોમાં સ્કૂલ કૉલેજોમાં જાહેર સ્થળોમાં જૈન ઉપાશ્રયોમાં જાહેર પ્રવચનો કરી વેધક પ્રેરક વાણીથી હજારો જીવોમાં ધર્મચૈતન્ય જાગ્રત કર્યું છે.

૮. પરમપૂજ્ય સ્વર્ગીય પરમગુરુદેવના આદેશથી નાસિક, આબુ, દેલવાડા, અચલગઢ, પાટણ, ખંભાત, અમદાવાદ, મુંબઈ, મલાડ, કલકત્તા, ભવાનીપુર, પિંડવાડા વગેરે સ્થળોમાં સ્કૂલ, કૉલેજના બેએક હજાર વિદ્યાર્થીઓને ગ્રીષ્મ શિક્ષાયતનમાં મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી જૈન તત્ત્વજ્ઞાન આચાર પ્રતિક્રમણ સૂત્રના અર્થ, રહસ્ય જૈન ઈતિહાસ, ધ્યાન વગેરે વિષયો પરનું જ્ઞાન આપી આચારધર્મનું મહામૂલ્ય સમજાવી સમ્યગ્જ્ઞાનની જ્યોત જગાવી. આજના જડવાદી વાયરે વહી ગયેલા નવયુવકોને આસ્તિક બનાવ્યા. નાટક સિનેમા અને વિલાસના માર્ગેથી પાછા વાળી વ્રતનિયમ અને વિરાગના માર્ગે ચઢાવ્યા ને કેઈક સુયોગ્ય આત્માઓને સંયમના માર્ગે ચઢાવ્યા. આજે એ યુવકો પોતાના જીવનમાં થયેલ અદ્‌ભુત પરિવર્તન કરીને તેઓશ્રી પાછળ ભમરાની જેમ ગુંજ્યા કરે છે.

૯. પૂનામાં સં. ૧૯૯૫ના ચોમાસામાં દિવાળી રજાના એક માસ માટે બનારસથી પંડિતજી બદરીનાથજી આવેલા. આત્મતત્ત્વવિવેક સુધીના ઊંચા ન્યાયતર્કશાસ્ત્રોનું અધ્યયન પૂરજોશમાં ચાલતું હતું. રાતના અંધારે પણ સામાન્ય લક્ષણનો પાઠ પંડિતજી મોઢે આપતા. દિવસ રાત પાઠ વિચારવામાં સમયનો ખૂબ સંકોચ રહેતો. તેથી છઠના પારણે છઠ કરીને પણ અધ્યયન રાખેલું. સ્વાધ્યાયની લગનમાં વિ.સં. ૧૯૯૯ની સાલમાં પણ તેઓશ્રીએ ચોમાસામાં ૧-૧॥ મહિનો છઠના પારણે છઠ કરેલા. તબિયત નરમ સિવાય લગભગ નિત્ય એકાસણ કરતા. વિ.સં. ૨૦૦૩થી વર્ધમાન આંબેલ કરતા. તપ સાથે જ્ઞાન, જ્ઞાન સાથે વ્યાખ્યાનશક્તિ, અપ્રમત્તતા, ગુરુસેવા, શાસનપ્રભાવના વગેરે ગુણોનો સુમેળ આ કાળમાં આ મહાપુરુષમાં જોવા મળે છે.

શ્રી વર્ધમાન આયંબિલ તપ એટલે એક ઉગ્ર તપ છે. ૧. આંબેલ. ૧ ઉપવાસ, ૨ આંબેલ ૧ ઉપવાસ, આંબેલ ૧ ઉપવાસ એમ ચડતાં ચડતાં

૧૦૦ આંબેલ ૧ ઉપવાસ, ૧૦૦ ઓળી પૂરી કરતાં ૧૪ વર્ષ ૨ માસ ૨૦ દિવસ લાગે. એમાં ૫૦-૫૦ આંબેલ, ૧૦૦ ઉપવાસ થાય. વર્ષે ૯-૯ મહિના આ દીર્ઘ તપ ૧૮-૧૮ કલાક અધ્યયન અધ્યાપન લેખન આબાલવૃદ્ધ સાધુઓની આરાધનાની કાળજી અને ગ્લાન સાધુઓને આરાધના નિર્યામણા, વાંચના, ક્યારેક બે-બે-ત્રણ-ત્રણ વ્યાખ્યાન ઉગ્ર વિહાર સાથે તેઓશ્રીએ પણ કર્યા છે તે જોનારના આજે હજારો હૈયા હેરત પામી ગયા છે. તેમાં તેઓશ્રીની સ્ફૂર્તિ, ક્રિયામાં અપ્રમાદ વગેરે જોવા જેવા હોય છે અને ખાસ તો નિર્દોષ આહારથી આયંબિલ કરવું એ આ કાળમાં ચોથા આરાના મહાન તપસ્વીઓની યાદી આપી જાય છે. ચાલુ દિવસોમાં બનતા સુધી આયંબિલ ખાતાઓમાં દોષ લાગવાની સંભાવના હોવાથી ત્યાંથી ન લેતા બહારથી મસાલો-વઘાર કર્યા પહેલાની દાળ અને લુખ્ખી રોટલી પર આયંબિલ કરતા. ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે ૧૭૧ છોડના ભવ્ય ઉદ્યાપન પૂર્વકનો મહામહોત્સવ ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે નોંધાય તે રીતે ઉજવવા કલકત્તાનો જૈનસંઘ ભાગ્યશાળી બન્યો.

૧૦. તેઓશ્રીની વૈરાગ્યરસભરપૂર કસાયેલી કલમથી લખાયેલું સાહિત્ય પણ વાચકોને પરમ આશીર્વાદરૂપ બન્યું છે. ગહનવસ્તુની પણ રજૂઆત એવી સરળ ભાષામાં અને અસરકારક રીતે તેઓશ્રી કરે છે કે સામાન્ય વાચકો પણ એ પણ સમજી જાય અને પોતાના આત્માને તેમાં તન્મય કરી દે છે, વાંચન કરતાં કરતાં પણ અપૂર્વ રસિકતા અનુભવે છે. એમાંથી ભવ્ય પ્રેરણાઓ મેળવે છે. આ સાહિત્યમાં **પરમતેજ ભા.** ૧/૨ નિશ્ચય વ્યવહાર, તત્ત્વાર્થ ઉષા, પ્રકરણદોહન, પાપને પેલે પાર, અરિહંત પરમાત્માની ઓળખાણ, **ઉચ્ચ પ્રકાશના પંથે, હિંદી લલિત વિસ્તરા** ગંગાપ્રવાહ વાર્તાવિહાર **યોગદૃષ્ટિ સમુચ્ચય પિઠિકા,** ગુણસેન અને અગ્નિશર્મા, સિંહ અને આનંદ, **અમીચંદની અમી**દૃષ્ટિ જૈન ધર્મનો સરળ પરિચય ભા. ૧/૨, ગણધરવાદ, ધ્યાનશતક, ધ્યાન અને જીવન, કલ્યાણમિત્ર મદનરેખા, માર્ગાનુસારીજીવન, ષોડશક, વગેરે ગ્રંથો તેઓશ્રીની અસાધારણ વિદ્વતા તર્કનિપુણતા અને વિશદ વિવેચન શૈલીનો પરિચય કરાવી જાય છે.

૧૧. ધન્ના શાલિભદ્ર વગેરેના ૧૨ ફોટાઓનો સેટ, ૫૧ ફોટાવાળુ સચિત્ર મહાવીર ચરિત્ર પ્રતિક્રમણના સૂત્રોનું સચિત્ર આલ્બમ તેઓશ્રીની અકલ્પ્ય કલ્પનાશક્તિ ખ્યાલ આપે છે. તેઓશ્રી વસ્તુના મર્મમાં કેટલા ઊંડા જઈ શકે છે તે સમજી શકાય છે.

૧૨. આસન્નોપકારી ચરમતીર્થપતિ ભગવાન મહાવીરદેવના ૨૭ ભવના એક એક ભવના અનેક પ્રસંગોનો તાદેશ ચિતાર આર્ટીસ્ટ આગળ ખડો કરી તેની પાસે એ ચિત્રો તૈયાર કરાવ્યા. તેના આધારે રાજસ્થાનના કાર્યકરોએ શિલ્પી પાસે સિરોહી, પિંડવાડા, પાસેના બ્રાહ્મણવાડા તીર્થના બહારના વિશાળ મંડપમાં પોરબંદરી પથ્થરમાં ૭-૭ ઈંચના ઊંડા કોતરાવ્યા. પેઈન્ટર પાસે પેઈન્ટ કરાવ્યા છે. ખરેખર ભારતભરમાં ભગવાન મહાવીર પરમાત્માના જીવન ચિત્રોની આ એક બેનમૂન આર્ટ ગેલરી બની છે. એમાં ભગવાનનું જીવનદર્શન અપૂર્વ આત્મબળ આપી જાય છે.

૧૩. **વિ.સં. ૧૯૯૩ની સાલમાં મુંબઈ શાંતિનાથજીના ઉપાશ્રયમાં** પર્યુષણમાં ગણધરવાદ વાંચવાનો પ્રસંગ આવ્યો. પૂ. ગુરુદેવશ્રીના સંસારી પિતાશ્રી શ્રી ચીમનભાઈ આ સાંભળી ચારિત્ર લેવાની ઇચ્છાવાળા બનેલા પણ ઉંમર અને તબીયતના કારણે ઇચ્છા પૂર્ણ ન થઈ.

૧૪. વિ. ૨૦૧૦ના અહમદનગરના ચોમાસામાં શ્રી મહાનિશીથ સૂત્રના પહેલા અને બીજા અધ્યયન પર વાંચના એવી અસરકારક આપેલી કે જેના યોગે મુનિઓમાં સંવેગ-વૈરાગ્યના પૂર ઉલટેલા.

૧૫. મુનિવર માટે પાંચ મહાવ્રત પંચાચાર તેમજ સાધુ સમાચારીમાં કયા કયા દોષોનું પ્રાયશ્ચિત્ત લાગે છે તેની સરસ નોંધ કરી આપીને તેના પર વિસ્તૃત સમજ આપી. તેમજ ચાતુર્માસિક વિશિષ્ટ અભિગ્રહો તેમજ બીજા જીવન માટેના અભિગ્રહોની સુંદર ઝીણવટભરી સમજુતી અને નોંધ કરાવી.

૧૬. સાધુઓ તથા શ્રાવકો પર આરાધનાની પ્રેરણા અંગે લખેલા સેંકડો પત્રોનો વૈરાગ્ય પ્રેરક તત્ત્વજ્ઞાન સભર એક દલદાર ગ્રંથ બને એમ છે.

૧૭. વિ.સં. ૨૦૧૦માં અંધેરી ઉપધાનમાં પૂજ્યશ્રીનો ઉપદેશ સાંભળી ૩૪ આત્માઓએ એક સાથે બ્રહ્મચર્યવ્રત નાણસમક્ષ લીધું. તેમજ બીજા ઘણે સ્થળે મોટી સંખ્યામાં ૧૨ વ્રતો તથા તપો ઉચ્ચરાવ્યા. તેમજ અનેક ગામનગરોના ચાતુર્માસોમાં ચોમાસી નિયમો, ચૌદ નિયમ, જીનવભરના વિવિધ અભિગ્રહો હજારો ભાવ્યાત્માઓએ લીધા.

૧૮. પૂજ્યશ્રીની વરદ હસ્તે કલકત્તા, ભવાનીપુર, જયપુર, કાનપુર વગેરે સ્થળે ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયા. તેમજ પૂજ્યશ્રીની ૧૦૦મી ઓળી પ્રસંગે ૧૭૧ છોડનું ઉદ્યાપન, ૧૦૧મી ઓળી પ્રસંગે કાનપુરમાં ઉદ્યાપન તેમજ ૧૦૩મી ઓળી પ્રસંગે અમદાવાદ ઉદ્યાપન થયેલા.

સ્વ-પર શાસ્ત્રનું અવગાહન

ષડદર્શન	ન્યાયદર્શન	સામાન્ય લક્ષણ
તર્કપરિભાષા	ન્યાયવાર્તિક	ન્યાય કુસુમાંજલિ
સ્યાદ્વાદમંજરી	મુક્તાવલી (દીનકરીરામરુદ્રીય)	વેદાંતપંચદશી
રત્નાકર અવતારિકા	વ્યાપ્તિપંચક	ચિત્સુખી
સ્યાદ્વાદ રત્નાકર	સિદ્ધાંતલક્ષણ	મિમાંસા દર્શન
અનેકાંત જયપતાકા	વ્યધિકરણ	અર્થસંગ્રહ
શાસ્ત્રવાર્તાસમુચ્ચય	અવચ્છેદનિરુક્તિ	સાંખ્યતત્ત્વકૌમુદી
સન્મતિતર્ક પ્રકરણ	પક્ષતાવચ્છેદક	પાંતંજલયોગદર્શન
જ્ઞાનબિંદુ	સામાન્ય નિરુક્તિ	ખંડનખંડખાદ્ય
જ્ઞાનાર્ણવ	સવ્યભિચાર	બૌદ્ધપ્રમાણવાર્તિક
ઉત્પાદાદિસિદ્ધિ	સપ્રતિપક્ષ	આત્મતત્ત્વ વિવેક
એકાંત વ્યવસ્થા	અનુમિતિ સંગતિ	તત્ત્વસંગ્રહ
નયોપદેશ	વ્યુત્પત્તિવાદ	સર્વદર્શન સંગ્રહ
નયરહસ્ય	શક્તિવાદ	વગેરે...વગેરે...
ધર્મ પરીક્ષા	શબ્દશક્તિપ્રકાશ	

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી સ્તુતિ-અષ્ટક
(રચયિતા પં. શીવલાલ નેમચંદ પાટણ)

- રત્નત્રયીપવિત્રો યો ભુવનભાનુસૂરિજિત
  ગુણાનન્દાદિભિ : શિષ્યૈ રશ્મિભિર્ભાતિ ભાસ્કરઃ ॥૧॥

જે રત્નત્રયીથી પવિત્ર છે સૂરિસમૂહમાં શ્રેષ્ઠ છે, તે ભુવનભાનુસૂરિ મ. ગુણાનંદ વિજયાદિ શિષ્યો રૂપ કિરણોથી સૂર્યની જેમ શોભે છે.

- શાન્તં દાન્તં મુનીદ્રન્તં કાન્તિમન્તં જિતેન્દ્રિયમ્ ।
  સમન્તાત્ સજજના ગત્વા શરણં સ્મરણં શ્રિતાઃ ॥૨॥

ચારે બાજુથી સજ્જન પુરુષોએ શાંત, દાંત, તેજસ્વી અને જિતેન્દ્રિય એવા તે મુનીન્દ્રના(સૂરીશ્વરના) શરણે જઈ સ્મરણનો આશ્રય કર્યો છે ।

- શાસ્ત્રાણામવગાહેન તપસાં સેવનેન ચ
  કામાદ્યા અરયો યેન વશીકૃતા મહાત્માના ॥૩॥

શાસ્ત્રોના અવગાહનથી અને ઉગ્ર તપના સેવનથી જે મહાત્માએ કામાદિ શત્રુઓને વશ કર્યા છે.

- આચારણાં પ્રચારાય પ્રતિબોધયિતું જનાન્
  સર્વાન્વિહરતે દેશાન્ નમસ્તસ્મૈ તપસ્વિને ॥૪॥

ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા જ્ઞાનાદિ પાંચે આચારોના પ્રચાર માટે અને ભવ્યજીવોના પ્રતિબોધ માટે જે અનેક દેશોમાં વિહાર કરે છે તે તપસ્વી સૂરિદેવને નમસ્કાર હો.

- જગત્પ્રકાશાદ્ભાનોરુગ તેજો વિજૃમ્ભતે
  પ્રાપ્ય યસ્માજજનો બોધિ મુક્તિ પ્રતિ પ્રતિષ્ઠતે ॥૫॥

જગતને પ્રકાશિત કરી રહેલા સૂર્ય કરતા પણ જેમનું તેજ ઉગ્ર છે. જે તેજથી લોકો બોધિ (સમ્યગ્દર્શન) પ્રાપ્ત કરી મુક્તિ તરફ પ્રયાણ કરે છે.

- કનકવત્પ્રદીપ્તસ્ય પ્રસન્નસ્ય મૃગાંકવત્
  હેમન્તવતું પ્રશાન્તસ્ય તસ્ય ગુણાન્વયં સ્તુમઃ ॥૬॥

સુવર્ણ જેવા તેજસ્વી, ચંદ્ર જેવા પ્રસન્ન, હેમંત ઋતુ જેવા પ્રશાંત એવા તે સૂરીશ્વરની ગુણાવલિની હું સ્તવનમાં કરું છું.

- રત્નાનિ રોહણાખ્યાદ્રૌ સરિતઃ સાગર યથા ।
  ભુવનભાનુસૂરીશે સમન્વિતા ગુણાસ્તથા ॥૭॥

રોહણાચલમાં જેમ રત્નો, સમુદ્રમાં જેમ નદીઓ એકત્રિત થાય છે તેમ ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજમાં ગુણો એકત્રિત થયા છે.

- વિજય પ્રેમસૂરીણાં પટ્ટામ્બર પ્રભાકર.
  ભુવનભાનુસૂરીશં શિવમાર્ગ સદાદિશ ॥૮॥

વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પાટ રૂપ ગગનમાં સૂર્ય સમાન હે ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ ! શ્રઅમને સદા શિવમાર્ગ બતાવો.

વિ.સં. ૨૦૨૯ના માગશર સુદ બીજના શુભ દિવસે અમદાવાદ નગરમાં આચાર્ય પદવી પ્રસંગે પંડિત શિવલાલે આ અષ્ટક દ્વારા સ્તુતિ કરી છે.

શુભેચ્છાના સંદેશા શ્રી સંઘો તરફથી : સુરેન્દ્રનગર, રાધનપુર, મોરબી, ભૂજ, આમોદ, જામનગર, નીપાણી, કોલ્હાપુર, વણી, નંદુરબાર, ચાણસ્મા, રાજપુર (ડીસા), વાંકાનેર, ગોધરા, નડીયાદ, દમણ, સુરત, સાણંદ, ફલોધી, ચાંદરાઈ, મોકલસર, નવસારી, ધર્મજ, દાદરા, લીંચ, માલેગાવ, અમલનેર, ઉમેદાબાદ, જયપુર, ગુડા.

ભાવિકોના સંદેશા

● **ભાવનગર :** છોટાલાલ નાનચંદ, પ્રતાપરાય અનોપચંદ, મૂળચંદ ગોરધનદાસ, નરેન્દ્રકુમાર જસવંતભાઈ, મહાસુખભાઈ તલકચંદ

સુરત : શાંતિલાલ ઉમેદચંદ, રતનચંદ બાલુભાઈ, સુતરીયા ઉપાશ્રય જૈનસંઘ, જીવરાજ નાનચંદ ચાહવાળા, ગીરીશકુમાર ચંપકલાલ, ફકીરચંદ મગનલાલ લાકડાવાળા.

● **કલકત્તા :** જિનેન્દ્ર સ્નાત્ર મંડળ, મહાવીર મહિલા મંડળ, ભીખમચંદજી રામપુરીયા, હીરાલાલભાઈ, જયાનંદ બાપાલાલ, વીરચંદભાઈ લધાભાઈ, બકુલેશ રસીકલાલ, વોલન્ટીયર ગ્રુપ, નેમચંદ સલોત, ઇચ્છાબેન નીલમબેન, કનૈયાલાલ માણેકચંદ, બાપુભાઈ કેશવજી, ચંદુલાલ મગનલાલ, ચંપકલાલ ભણસાલી, બાબુલાલ એમ. શેઠ, જયસુખલાલ વનમાળીદાસ, રમણલાલ ચુનીલાલ

કાનપુર : મહેશકુમાર (શાહ બ્રધર્સ), વિજયચંદ્ર અંચીબાબુ

મુંબઈ : તારાચંદ બંસીભાઈ, ધીરુભાઈ રામચંદ, બાબુભાઈ છગનલાલ શ્રોફ, નેમચંદ મગનલાલ, રમણલાલ દલસુખભાઈ શ્રોફ, ભુપેન્દ્ર ભગવાનદાસ, હિંમતલાલ લાલજીભાઈ, પ્રકાશ દેસાઈ, પુનમચંદ નગીનચંદ બાબુ, જયંતીલાલ કચરાભાઈ, સોભાગચંદ નવલચંદ, પ્રભુલાલ છોટાલાલ, સેવંતીલાલ નગીનદાસ, હરસુખભાઈ ઓ. શાહ (શીવ)

જામનગર : શંકરચંદ હરખચંદ, વીસા શ્રીમાળી જૈન સંઘ, રતિલાલ જીવણભાઈ (**વઢવાણ**), હિંમતભાઈ ઝવેરી (**રાજકોટ**), આણંદજી કલ્યાણજી પેઢી (**સુરેન્દ્રનગર**), બાબુભાઈ ઉત્તમચંદ (**અમરેલી**), માણેકલાલ ચુનીલાલ (**સુરેન્દ્રનગર**), અનોપચંદ ઉત્તમચંદ (**ભૂજ**), ભોગીલાલ બાદરમલ (**પાલનપુર**), શાંતીલાલ રમેશકુમાર (**આદોની**), સુરેન્દ્રકુમાર લોઢા (**મંદસૌર**), રસીકલાલ સાકરચંદ (**ઉજ્જૈન**), તેજરાજ ગાંધી (**સીતાપુર**), ચતુરદાસ નગીનભાઈ (**બેલગામ**), સુમતીલાલ ચંદુલાલ (**નાસીક**), નેમીચંદ મીશ્રીમલ (**અમલનેર**), ઋષભદેવ કેસરીમલ પેઢી (**રતલામ**), વિનોદચંદ વિમલચંદ (**રતલામ**), હીરાલાલ રાજારામ (**કરાડ**), હરગોવિંદદાસ લક્ષ્મીચંદ (**ધર્મજ**), ઉદેચંદ ચુનીલાલ (**આમોદ**), જેચંદ અમુલખ (**બોરડી**), હિંમતલાલ કસ્તુરચંદ (**ખંભાત**), જૈન યુવક મંડળ (**ગોધરા**), દિલીપકુમાર શાંતીલાલ (**અંકલેશ્વર**), અમૃતલાલ ઉકાજી, ભુવનકુમાર રમણલાલ (**ડભોઈ**), પનાલાલ રતિલાલ ચુનીલાલ (**પાલેજ**), જયંતીલાલ મણીલાલ (**આણંદ**), પ્રફુલકુમાર રસીકલાલ (**ખેડબ્રહ્મા**), સંપતલાલ પદમચન્દ (**ફલોધી**), લાલચંદ વૈદ્ય, હંસરાજ ઝવેરીલાલ (**બ્યાવર**),

છગનલાલ રીખવદાસજી (**મદ્રાસ**), અંબાલાલ ઓટમલ (**વિજયવાડા**), પુનમચંદ માણેકચંદ (**પૂના**), વર્ધમાન એસ. શાહ (**મદ્રાસ**).

પદવી પ્રસંગે ઉગ્ર પાદવિહાર કરી મુનિરાજો દૂર દૂરથી દોડી આવ્યા

પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી (બોરસદ), પૂ. મુનિરાજશ્રી હેમચંદ્ર-વિજયજી (પાટણ), પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી (રાધનપુર), પૂ. મુનિરાજશ્રી જગતચંદ્રવિજયજી (ઈડર), પૂ. મુનિરાજશ્રી જયતિલકવિજયજી (સુરત), પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી (દાંતરાઈ), પૂ. મુનિરાજશ્રી પદ્માકરવિજયજી (બાવળા), પૂ. મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી (બારેજા)

● **પદવી પ્રસંગે સંઘ સેવકો દોડી આવ્યા** ●

શાંતાક્રૂઝ ચોપાટી, કોટ, (મુંબઈ) શીવ, ભાઈંદર, દાદર, વાલકેશ્વર, પિંડવાડા, રતલામ, મદ્રાસ, સોલાપુર, કોલ્હાપુર, મલાડ, કલકત્તા, કાનપુર, ઈંદોર, ઉદયપુર, પાદરલી, જયપુર, શિવગંજ, દાદાઈ, નાણા, સિરોહી, પાટણ, બોરસદ, છાણી, નડીયાદ, સુરત, સીસોદરા, વાપી, ખંભાત, વિસનગર, વડનગર, ઉંઝા, મહેસાણા, પેટલાદ, ભાવનગર, સિદ્ધપુર, કાલીન્દ્રી, બ્યાવર, પુના, જામખંભાળીયા, ખડકી, સંગમનેર, રાધનપુર, હીરાપુર, નાંદેજ, કલોલ વગેરે.

દીક્ષાધર્મનો જય હો !

અમદાવાદને આંગણે શાનદાર રીતે ઉજવાયેલી દીક્ષા
:: ત્યાગધર્મને નમી પડેલા હજારો હૈયા ::

દીક્ષાર્થી : કલકત્તા નિવાસી દેવકુંવરશા કિશોર વિરાગમૂર્તિ **પ્રદીપભાઈ** (ઉં.૧૭)

ધન્ય પિતા જેને કુલે અવતરિયા...

સૌથી નાના પાંચમા લાડીલા પુત્રને શાસનના..... સદ્‌ગુરુના ચરણે ધરનાર, શાસનપ્રેમી ધર્મપ્રિય કલ્યાણ પિતા - **શ્રી મગનભાઈ મોતીલાલ**

ધન્ય માતા જેણે ઉદરે ધરિયા.....

પલ્લવ હૃદયને પથ્થર બનાવી વહાલસોયા પુત્રને મોહકસાઈને ન સોંપતા દયાળુ સદ્‌ગુરુને સોંપનાર રત્નકુક્ષી ધર્મપ્રિય વીરમાતા - **અ.સૌ. સૂરજબેન**

ધન્ય ગુરુ જેણે દીક્ષિખયાએ.....

ત્યાગ અને તપ, જ્ઞાન અને ક્રિયા, જપ અને ધ્યાન, વિનય અને ગુરુકૃપાનો અદ્‌ભુત સુમેળ સાધનાર પ્રભાવક પ્રવચનકાર વર્ધમાનતપ આયંબિલ ૧૦૪ ઓળીના અનુપમ આરાધક સહસ્રશઃ નવયુવકોના તારણહાર સદા અપ્રમત્ત પૂ. નૂતન આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**

:: ૧૭ વર્ષની ઉંમર હોવાથી દીક્ષા દિવસે ૧૭ જીવ છોડાવ્યા ::

અદ્‌ભુત ફળ-માતા-પિતા-કુટુંબ-અદ્‌ભુત ગુરુયોગ-અદ્‌ભુત પ્રેરણા-વિરાગ-અધ્યયન-સંયમધર્મની તાલીમ અદ્‌ભુત, દીક્ષામહોત્સવ અદ્‌ભુત વાયણા, અદ્‌ભુત મેળાવડા, અદ્‌ભુત વરઘોડો, અદ્‌ભુત અનુમોદના, અદ્‌ભુત શાસન પ્રભાવના !

સંસાર ચાલ્યો જાય છે :

દીક્ષાઓ તો અનેક થાય છે, પરંતુ પ્રદીપકુમારની દીક્ષાનો પ્રસંગ એક અનેરો પ્રસંગ બની ગયો. મૂળ તો એમાં પૂર્વ જન્મની સાધનાના સંસ્કાર કેટલું અજબ કામ કરે છે એ આ બાળકમાં જોવા મળ્યું. કલકત્તા નિવાસી આ બાળક, માતા પિતા ધર્મિષ્ઠ છતાં મોજમજાહમાં પડેલો, એને ધર્મની કશી લગન નહિ. મા પૂછે 'દેહરે જઈ આવ્યો ?' ત્યારે આ મોજી બાળક કહે 'દેહરું આઘું છે. સાઈકલના પૈસા આપે છે ? તો સાઈકલ પર જઈ આવું ! એમ કરી પૈસા લઈ સાઈકલ ભાડે કરી દેહરે તો નામનું જઈ આવે, બાકી બજારમાં સાઈકલ ઘુમાવી લહેર કરીને ઘરે આવે. ચાર મોટા ભાઈને ચાર મોટી બેનોનો લાડિલો તે ગમે તે ગમે તેની પાસેથી પૈસા લઈ મહિને પંદર પણ સિનેમા જોઈ નાખે, મિત્રો સાથે હોટલોમાં જાય, વળી ઇંગ્લિશ-મીડિયમની સ્કૂલમાં મહિને ૪૦ રૂા. સ્કૂલ ફી અને ૨૦ રૂા. બસ ફી એમ માસિક ૬૦ રૂા.ની ફીથી ભણે; કે સવારે ૯ વાગ્યાથી બપોરે બે વાગ્યા સુધીનો સ્કૂલ-ટાઈમ, એટલે તે પછી ઘરે આવી જમીને વિશાળ બિલ્ડિંગની મેદાન જેવડી અગાશી પર ચડી છોકરાઓ સાથે બીઝનેશ વગેરેની રમત મોડી સાંજ સુધી ખેલ્યા કરે. ભાઈને રાડો પાડી નીચે બોલાવે ત્યારે આવી બાની સાથે સૂર્યાસ્ત પહેલાં જેવું તેવું જમે; વળી પાછા ઉપર ચડી જાય. તે રાતના નીચે આવી ભાઈઓ સાથે જમે.

સદ્‌ગુરુનો યોગ, ગુરુદર્શન : હૃદયપલટો :

આવા બાળકમાં એકાએક પલટો શી રીતે આવે ? પરંતુ કહે છે ને કે ઉત્તમ આત્માને એક ચિનગારી બસ છે. આમ તો પ્રદીપકુમારના પિતાશ્રી મગનભાઈ કોઈકોઈવાર એને સાધુ પાસે લઈ જાય, પરંતુ પ્રદીપને કશી ધર્મની લગન ન લાગે. છતાં નિમિત્ત બળવાન છે, તે કલકત્તામાં મુખ્ય બડાબજારથી ચાર માઈલ દૂર

ભવાનીપુરના રૂા. ૬ લાખના ખર્ચે તૈયાર થયેલ નૂતન શિખર બંધી ભવ્ય જિનાલયની પ્રતિષ્ઠા નિમિત્તે પૂ. પં. ભાનુવિજયજી મહારાજ સાહેબને ત્યાં પધારવું થયું, રૂા. ૫।।-૬ લાખની બોલીથી મૂળનાયક ભગવાન શ્રી મનમોહન પાર્શ્વનાથ વગેરે પ્રભુજીની પ્રતિષ્ઠા ભારે સમારોહથી ઉજવાયા પછી ભવાનીપુર શ્રી સંઘે દેશ-પરદેશના હાઈસ્કૂલ-કૉલેજના ૨૦૦ વિદ્યાર્થીઓની ધાર્મિક શિક્ષણ શિબિર યોજી. ત્યાં સુધી ભાઈ પ્રદીપકુમારનો સિતારો ચમક્યો નહિ. પરંતુ ત્યારબાદ પરમશાસન પ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ પૂજ્યપાદ આચાર્યદેવ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ, બડાબજાર ૯૬ કેનિંગસ્ટ્રીટના જિનમંદિરની સાલગીરી નિમિત્તે સંઘના આગ્રહથી પંન્યાસજી મહારાજને બડાબજાર ભવ્ય સ્વાગત સાથે પધારવાનું થયું. ત્યારે પ્રદીપકુમારને પૂજ્યશ્રીનાં દર્શન થતાં 'આ મહારાજ સાહેબ બહુ સારા લાગે છે.' કોને ખબર કે આમાં કોઈ પૂર્વ ભવના સંબંધનો સંકેત હોય. પણ ત્યાર પછી એણે ઉપાશ્રયે આવવું શરૂ કર્યું. પંન્યાસજી મહારાજ તો નવી પ્રજા પ્રત્યે મમતાળુ સ્વભાવવાળા તેથી પ્રદીપ તો જાણે એમને એક આત્મીય જન દેખી એમની સાથે હળી ગયો. ત્યાં પૂજ્યશ્રીએ સો એક વિદ્યાર્થીઓને તત્ત્વજ્ઞાનનાં પ્રવચન આપવા માંડ્યા. એમાં પ્રદીપને ખૂબ મજા આવી, તે પછીથી પૂજ્ય પંન્યાસજી મહારાજને ભવાનીપુર પાછા પધારવાનું થતાં બીજા કેટલાક વિદ્યાર્થીઓ સાથે પ્રદીપ પણ મહારાજની જોડે જઈ ત્યાં જ રહેવા લાગ્યો. સ્કૂલ-ટાઈમે સ્કૂલે જઈ આવે બાકી પૂજ્યશ્રીની સાથે રહી દેવદર્શન-પૂજા-પ્રતિક્રમણ ઉપરાંત સામાયિકો કર્યે જાય અને સૂત્રો ગોખે જાય.

સ્કૂલત્યાગ વર્ધમાન તપનું પરાક્રમ :

પર્યુષણ આવતાં આવતાં તો વૈરાગ્ય ભાવના વધતી ચાલી. તે ઘરે બાપુજીને કહી દીધું કે મને પાપ નિશાળમાંથી છોડાવો. મારે તો મહારાજ સાહેબની સાથે રહી ધાર્મિક અભ્યાસ કરવો છે. મગનભાઈનું દિલ પુલકિત થયું કે, "વાહ ! મારા કુટુંબમાંથી એક કુળ-દીપક પાકશે !" તે પોતે તો સંમત, પણ પ્રદીપના મોટાભાઈઓને અત્યારથી સ્કૂલ મૂકાવી દેવાનું પસંદ નહિ. તેથી પ્રદીપ પર દબાણ કરવા લાગ્યા. કિન્તુ જેના દિલમાં સાચા વૈરાગ્યની આગ સળગી છે એ શાનો દબાય ? લોભાવ્યો શાનો લોભાય ? હઠ કરીને પર્યુષણ બાદ સ્કૂલ મૂકી દીધી. મહારાજશ્રી બડાબજારના ઉપાશ્રયે પધાર્યા. પ્રદીપકુમાર એમની સાથે રહીને બે પ્રતિક્રમણ તથા પ્રભુ પૂજા ઉપરાંત રોજના ૧૦-૧૧ સામાયિક કરવા તથા ધર્મનું ગોખવું, ભણવું બસ એજ વ્યવસાય રાખ્યો. આ જોઈ હવે તો ભાઈઓ પણ પ્રસન્ન થયા. પ્રદીપકુમારે ત્યાં તેર વરસની ઉંમરે બીજા બાળક-બાળીકાઓ સાથે

વર્ધમાન આયંબીલ તપનો પાયો નાખ્યો. ઉપરાંત પોષ માસમાં ત્યાં શરૂ થનાર ઉપધાન તપમાં જોડાવા પણ ભાવના કરી. પરંતુ મોહગ્રસ્ત કુટુંબીઓ એમાં સંમત ન થયા છતાં પ્રદીપનો ઉપધાન પ્રવેશનો આગ્રહ ચાલુ હતો.

ઉપધાન તપની ભવ્ય સાધના :

કુદરતને કરવું તે એના માતુશ્રીને આ પૂર્વે પગે ફેકચર થયેલું તે ખાટલા વશ હતા, એમને ઉપધાન પ્રવેશ દિનની આગલી રાતે વિચાર આવ્યો કે, 'કાળનો કે કર્મનો શો ભરોસો છે ? આ મને નહિ ધારેલ ફેકચરની આફત આવી તે કેટલીય ધર્મ સાધનાથી વંચિત રહું છું. તો આ બાલુડાને પણ, કાળ બળ-કર્મબળને વિસારી ધર્મમાં અંતરાય કરવાનું શા માટે કરવું ?' બસ, પરોઢિયે ચાર વાગે પોતાના મોટા દીકરા જયંતીલાલને જગાડી કહી દીધું કે આપણે પ્રદીપને ઉપધાનમાં અંતરાય કરવાનો નથી. માટે તું હમણાં ને હમણાં ઉપાશ્રયે જઈ તારા બાપુજીને કહી આવ કે પ્રદીપને આપણે ઉપધાનમાં પેસવા દેવાનો છે. ભાઈએ આવી આ સંદેશો કહેતાં મગનભાઈએ પ્રદીપને એની બાનો સંદેશો આપી સંમતિ દર્શાવતાં પ્રદીપ હર્ષઘેલો થઈ ગયો. ખૂબ ઉત્સાહ-ઉમંગથી પ્રતિક્રમણાદિ કરી સવારે ૧૦-૧૧ બાળક-બાળકીઓ સાથે ૧૭૫ આરાધકો ઉપધાનમાં પ્રવેશ કર્યો.

ઉપધાનની અનુપમ ચર્યા :

પ્રદીપકુમારના ઉપધાનની ચર્યા કોઈ ઓર જ હતી. રાતના ૨-૨॥ વાગે ઊઠી જાય અને ૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ એટલી બધી સ્થિરતાથી ઊભા ઊભા કરે કે એમાં ખાસો એક કલાક લાગતો. આ કાંઈ એકાદ બે દિવસનું કામ નહિ, પણ સળંગ ૪૭ દિવસ સુધીની ચર્યા. પોષ-મહાની ઠંડીની રાતમાં આ એકવડિયા રૂપાળા શરીરના કુમળા બાળકને આમ કાઉસ્સગ્ગ ધ્યાને કલાક સુધી ખડો રહેલો જોઈ દિલમાં દયા આવી જાય. પણ જૈન શાસનની બલિહારી છે કે જે આત્માના સામર્થ્યની ઓળખ કરાવી કુમળા બાળકના આ ખુશખુશાલ દિલથી કરાતા કઠોર પરાક્રમ આગળ દયાને બદલે ભારોભાર અનુમોદના-અભિનંદનથી શિર ઝુકાવી દે !

પ્રદીપકુમારની એકેક ઈરિયાવહિયા અને એનો કાઉસ્સગ્ગ પણ અક્ષરે અક્ષર સ્પષ્ટ બોલવા સાથે થતા. સૂક્ષ્મ પણ જીવજંતુ ન મરે એ માટે મુલાયમ ચરવળાથી પૂંજવા પ્રમાર્જવાની પણ ભારે તકેદારી. વાતવાતમાં પણ ગુરુ-આજ્ઞા લેવાની. ૩૬ દિવસ સુધી તો ઉપવાસને પારણે નીવી-એકાસણું આવે એમાં પારણું જમવાની ઉતાવળ નહિ, તે સ્થિરતાથી મધ્યાહ્ન દેવવંદન કરવાનું, સ્થિરતાથી પચ્ચક્ખાણ પારવાનું, પછી એકાસણું કરવાનું.

ઉપધાનમાં રોજે રોજ ૧૦૦ ખમાસણાં દેવાનાં; તે પહેલાં સૌ ઊભા ઊભા હાથ જોડી 'ઇચ્છામિ ખમાસમણો વંદિઉં' પછી 'જાવણિજ્જાએ નિસીહિયાએ' બોલી બાદ નીચે પડી જમીનને માથું અડાડતાં 'મત્થએણ વંદામિ' બોલે એ માટે પૂજ્ય પંન્યાસજી મહારાજની સમક્ષમાં બધાને ખમાસમણા દેવાનાં. એમાં તપસ્વીઓને રાહત મળે તથા બોધ મળે એ સારુ મહારાજશ્રી ૨૫-૨૫ ખમાસમણાંની વચ્ચે આચારનો થોડો ઉપદેશ આપતા, અવસર યોગ્ય નિયમ પણ કરાવતા. આ બધામાં પ્રદીપકુમારને ઉલ્લાસ માય નહિ.

અંતે રૂા. ૧૦૦૦/-ની ઉછામણીથી પ્રદીપે માળા પહેરી. બહોળા કુટુંબનો ય ભારે ઉલ્લાસ હતો. ઉપધાનની ૪૭ દિવસની તપસ્યાથી આ એકવડિયા શરીરનો બાળક અડધાવડિયા શરીરનો થઈ ગયેલો છતાં માળા પછી તરત જ પૂજ્યશ્રીના વિહારમાં સાથે જવા ઉત્સુક હતો. કુટુંબીઓનાં દિલ શે ચાલે ? વહાલસોયી માતાને તો આ પોતાના સૌથી નાના લાડિલા પર ભારે લાગણી; તે વિહાર માટે એ પણ સંમત નહિ કિન્તુ ધન્યવાદ પિતા મગનભાઈને કે એમણે કુટુંબને સમજાવ્યું કે 'જુઓ ઉપધાનમાં પ્રદીપની મક્કમતા અને બળનું પારખું થઈ ગયેલું છે. માટે 'બાળક' સમજી એની ખોટી દયા ન ખાઓ. વળી મહારાજ સાહેબ એને કેવો દીકરાથી અધિક રાખે છે, એ આપણે જોઈએ છીએ. તેમ એની ચારિત્ર લેવાની ભાવના છે. તો વિહારમાં ભલે જાય, કસાશે. જરૂર લાગશે તો વચમાંથી આપણે પાછો લઈ આવશું.'

ઉપધાનમાં સુકાઈ ગયેલા બાળક માટે એક કલ્યાણ પિતાની આ શુભ ભાવના ! ત્યારે શું સાધુ મહારાજને દયા નહોતી કે આવા સુકાયેલાને વિહારમાં તાણી જાય ? પણ ના, મહારાજશ્રીએ એની સાથે કરાર કર્યો હતો કે જો રોજ તું ચાર ટંબલર દૂધ પીવાનો હોય તો જ વિહારમાં સાથે લઈ જઈએ. એ કરાર એણે બરાબર પાળેલો. વિહારમાં આગળ વધતાં પ્રદીપનું શરીર ગુલાબના ગોટા જેવું બની ગયું. આનું એક કારણ એ હતું કે ચાર ટંબલર દૂધ રોજના ૧૫-૧૫ માઈલના વિહારના ભારે શ્રમમાં પચીને શરીરના અણુએ અણુમાં પ્રસરી જતું.

ઉગ્રવિહાર :

વિહારમાં પ્રદીપનું પરાક્રમ તથા આરાધનાની જ એક લગની એવી કે સવારે ૫-૭ માઈલ વિહાર થયા પછી નવકારશીનો મુકામ થયા બાદ કહેવામાં આવે કે, 'જો હવે આગળ ચાલતાં તું થાકી જઈશ. માટે આ મોટર જાય છે એમાં તારે જઈ શકાશે;' ત્યારે આ આરાધના-પ્રેમી બાળક કહે, 'ગુરુને છોડીને જાઉં ?

તે ય મોટરમાં ? મોટર નીચે કીડીઓ કેટલી કચરાઈ મરે ?' બસ, ચાલીને જ જવાનું. કલકત્તાથી ચંપાપુરી કાકંદી, ક્ષત્રિયકુંડ, ગુણિયાજી રાજગિર, પાવાપુરી, પટણા, આલ્હાબાદ, બનારસ વગેરે થઈ કાનપુર ૮૦૦-૯૦૦ માઈલના વિહારમાં રોજના રોજ ૧૪-૧૫-૧૬ માઈલ પગે ચાલીને કાપવાના પણ વાહનમાં બેસવાની વાત નહિ.

સંયમધર્મની તાલીમ :

કલકત્તાથી ફાગણ વદ ૨ માળ પછી તરત વિહાર કરી કાનપુર ચોમાસા માટે પહોંચવાનું હતું. તેથી વિહાર ઉગ્ર હતો છતાં એક દિવસ પણ આ બાળકે કંટાળો દાખવ્યો નથી. બલ્કે મોટા વિહાર કરી મુકામે પહોંચતાં એ સામાયિક લઈને બેસી જાય, ને સ્વાધ્યાય કરે. આટલા વખતમાં પાંચ પ્રતિક્રમણ, શ્રાવકના મોટા પાક્ષિક અતિચાર અને જીવવિચારાદિ ૪ પ્રકરણ ૩ ભાષ્ય અને ૫ કર્મગ્રંથ સુધી ગોખી લીધું. સ્તવન સજઝાયો પણ ગોખ્યાં.

ત્યાગનો રંગ અને પ્રભુભક્તિ-પ્રતિક્રમણનો ઉમંગ :

તીર્થોમાં પ્રભુભક્તિ પણ એવી જ ઉમદા કરે. પોતાનું કેસર વરખથી રોજ પૂજા કરવા જોઈએ. વહાલાઓમાં વાયણા પતાવવા ગયા. ત્યાં પ્રદીપકુમારે **પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના** ચારિત્ર માટેના ખૂબખૂબ આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ત્યાંથી કલકત્તા જઈ પ્રદીપને સમ્મેત શિખર પાવાપુરી વગેરેની યાત્રાઓ કરાવી, આમાં નડિયાદના વતની શ્રી ચંદુલાલ મગનલાલ પણ પોતાના B.Com. પાસ દીક્ષાર્થી સુપુત્ર બિપિનકુમારને તથા એની માતા વગેરેને લઈને સાથે જોડાયા.

કલકત્તાનો ઉછરંગ :

યાત્રા બાદ કલકત્તામાં પ્રદીપભાઈનાં વાયણાં ચાલ્યાં. મગનભાઈ એક સારા ધર્માત્મા શ્રાવક એટલે કલકત્તાની અલબેલી નગરીમાં એમના સ્નેહી સંબંધી ઘણા તે વાયણાની માગણીનો ધસારો ચાલ્યો. બીજી બાજુ ભવાનીપુર સંઘે જાહેર પત્રિકા બહાર પાડી પૂજ્ય આચાર્યદેવો શ્રી જયંતસૂરીશ્વરજી મહારાજ શ્રી વિક્રમસૂરીશ્વરજી તથા શ્રી નવીનસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં દીક્ષાર્થી પ્રદીપકુમારનો અભિનંદનનો મેળાવડો કર્યો. સંઘના અગ્રણી અને દાનવીર તથા ધર્મચુસ્ત શ્રાદ્ધરત્ન શેઠ મણીલાલ વનમાળીદાસ વગેરેએ સુંદર અભિનંદન વક્તવ્ય કર્યા. પૂજ્ય આચાર્યદેવોએ આશીર્વાદ આપવા સાથે સુંદર પ્રોત્સાહન આપતાં ત્યાગ માર્ગ અને જૈન શાસનની બલિહારી પર ભવ્ય પ્રવચન કર્યા. **બીજો મેળાવડો** બડાબજાર ૯૬ કેનિંગસ્ટ્રીટના

ઉપાશ્રયે પ્રખર વક્તા પૂજ્ય મુનિપુંગવ શ્રી ભુવનવિજયજી ગણિવરની નિશ્રામાં ગુજરાતી તપગચ્છ જૈન સંઘે કર્યો એમાં પણ પૂજ્ય મહારાજશ્રીએ ચારિત્ર માર્ગના અભિનંદનનું રોચક પ્રવચન કરી દીક્ષાર્થીને આશીર્વાદ આપ્યા. અહીં મૂર્તિ પૂજક અને સ્થાનકવાસી શ્રાવકોએ પણ ઉલ્લાસ ભેર અભિનંદનના વક્તવ્ય કર્યા. **ત્રીજો મેળાવડો** તુલાપટ્ટી સંઘે પૂજ્ય મુનિરાજશ્રી નયરત્નવિજય મહારાજની નિશ્રામાં કરી ભારે અભિનંદન આપ્યા. ત્રણ મેળાવડામાં પ્રદીપકુમારે વૈરાગ્ય ભર્યો વળતો જવાબ આપ્યો. તેની ખૂબ અનુમોદના થઈ. શ્રી મગનભાઈ તરફથી ભવ્ય પૂજા ભણાવાઈ તથા ધાર્મિક ખાતાઓ અને મંડળોને સારી રકમો ભેટ અપાઈ. કારતક સુદ ૬ રવિવારે શ્રી મગનભાઈએ ભારે દબદબા સાથે ચિ. પ્રદીપકુમારનો દીક્ષા વરસીદાનનો વરઘોડો કાઢ્યો. કલકત્તાના વિશાળ રાજમાર્ગો પર આ વરઘોડો ૩ કલાક ફર્યો. પ્રદીપકુમાર ઊંચી બગીમાં રાજકુમાર શા શોભી રહ્યા હતા, અને ઊછળી ઊછળીને વરસીદાન દઈ રહ્યા હતા. રસ્તા પરની મંજિલોની ઊંચી બારીઓમાંથી એમના પર પુષ્પવૃષ્ટિ થઈ રહી હતી. એમનો વરઘોડો યાદગાર બની ગયો. બાદ મગનભાઈ એમના ધર્મપત્ની, પ્રદીપને લઈને સુદ ૭ રાતે મુંબઈ તરફ આવવા નીકળ્યા. ત્યારે હાવરા સ્ટેશન પર રાતે સેંકડો માણસો વિદાય આપવા આવી ગયા. છેલ્લે ગાડી ઉપડવા સુધીમાં ૫૦૦-૬૦૦ માણસ હાજર હતું. ગાડી ઉપડવાની ૫-૧૦ મિનિટ પહેલાં પ્રદીકુમારે જે અસરકારક વૈરાગ્ય વાણી ઉચ્ચારી, તેથી લોકોની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. ગાડી ઉપડી સુરત સ્ટેશને ગાડી રોકાતાં સુરતના આગેવાન શ્રાદ્ધરત્નો શ્રીયુત રતનચંદ બાલુભાઈ નાણાવટી વગેરેએ સ્ટેશન પર એમના અભિનંદન કર્યા અને પકવાન્ન વગેરેથી ખૂબ ભક્તિ કરી. રાત્રે અમદાવાદ સ્ટેશને શેઠશ્રી મયાભાઈ લક્ષ્મીચંદ, શ્રી ચતુરદાસ ચીમનલાલ વગેરેએ અભિનંદન કર્યા.

વતનમાં ઉજવણી :

એમ કરતાં શ્રી મગનભાઈ સકુટુંબ પોતાના મૂળ વતન સૌરાષ્ટ્ર જામકંડોરણા મુકામે પધાર્યા. ગામવાસીઓએ ભવ્ય સ્વાગત-સામૈયું કર્યું. અહીં ઘરઘર વાયણા થયાં. શ્રી મગનભાઈ તરફથી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાયો તથા સંઘને જમણ અપાયું. તેમજ વરસીદાનનો ભવ્ય વરઘોડો કાઢવામા આવ્યો. ગામમાં ખૂબ જ શાસન પ્રભાવના થઈ. સંઘે સુંદર **માનપત્રનો મેળાવડો** કર્યો. ત્યાર પછી રાજકોટમાં પણ પોતાની "પ્રદીપ એન્જિનિયરીંગ કોર્પોરેશન" નામની શાખા હોવાથી તેમજ પ્રદીપના મોટાભાઈ રમણિકભાઈ અહીં રહેતા હોવાથી શ્રી મગનભાઈ સકુટુંબ રાજકોટ આવ્યા અહીં પણ વાયણા, પૂજા, મેળાવડો વગેરે સુંદર રીતે થયું.

ધર્મસ્નેહી ચતુરભાઈ :

કારતક વદ-૫ શ્રી મગનભાઈ સકુટુંબ અમદાવાદ બસમાં પધાર્યા. બસ સ્ટેન્ડ પર સામે આગેવાન શ્રાવકો સ્વાગત માટે ગયા. જ્ઞાનમંદિરે આવ્યા બાદ વાયણાના ઉપરાપર આમંત્રણો છૂટ્યા. અહીં મગનભાઈની વિનંતીથી ભાઈશ્રી ચતુરદાસ ચિમનલાલે એમના આવતાં પહેલાં બહારથી આવનાર એમના ૧૫૦-૨૦૦ સ્નેહીઓ ઉતરી શકે, આરામથી રહી શકે તે માટે મરચીપોળની ધર્મ-શાળામાં સગવડ નક્કી કરાવી લીધેલી. તદ્ઉપરાંત દીક્ષા સ્થળ માટે નગરશેઠનો વંડો નક્કી કરાવી લીધેલ. તેમજ શ્રી જૈનધર્મ આરાધક મંડળના સભ્યોમાં બીજા બીજા કામોની વહેંચણી કરી લીધેલી. શ્રી મગનભાઈ તરફથી જ રસોડા પાણીની બધી સગવડ, બેન્ડ વાજાં, પ્રભાવના ઓચ્છવની પૂજાઓ વગેરે વગેરેની તમામ વ્યવસ્થા રખાયેલી. તેમજ આ પૂર્વે કલકત્તાના વરઘોડા વખતે કંકોત્રીઓ રૂબરૂ આપી શકાય એટલા માટે ભવ્ય કંકોત્રી વહેલી છપાવી લીધેલી. શ્રી ચતુરભાઈના આ બધા સહયોગથી શ્રી મગનભાઈને ઘણો ઉલ્લાસ રહ્યો અને પરદેશ જેવા અમદાવાદમાં અમે શી રીતે સ્નેહી સંબંધીઓની સરભરા કરશું ? શી રીતે દીક્ષા પ્રસંગ ઠાઠથી ઉજવી શકશું ? વગેરે ભયથી મુક્ત બનેલા.

ગુરુદેવને આચાર્યપદ :

જ્ઞાનમંદિરમાં તો અઠ્ઠાઈ મહોત્સવ શરૂ થવાના ચાર દિવસ પહેલાંથી રોજ સવારે અમદાવાદની બેનોએ દીક્ષાના પ્રભાતિયાં ગાવાં શરૂ કરી દીધેલ. એટલામાં સુવર્ણાક્ષરે અંકિત થાય એવો એક જબરદસ્ત મહાન શુભ અવસર એના પૂ. ગુરુ મહારાજની આચાર્ય પદવીનો ઉપસ્થિત થયો. પ્રદીપકુમાર કેવો ભાગ્યશાળી કે એના દીક્ષા ઉત્સવ સાથે એના ગુરુની આચાર્ય પદવીનો ઉત્સવ સંમિલિત થયો. કુદરતનો કેવો સંકેત કે 'આ ધર્મ રંગથી રંગાયેલા બાલુડાને ગુરુનો શિષ્ય બનાવું. તે ગુરુને પંન્યાસમાંથી આચાર્ય બનાવીને બનાવું !' જાણે એથી જ ગુરુ પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજય મહારાજની બીજા વડીલો પૂજ્ય ઉપાધ્યાયશ્રી માનવિજયજી મહારાજ તથા પૂજ્ય પંન્યાસશ્રી હેમંતવિજયજી મ. અને દેશદેશાવરમાં બીજા પૂજ્ય પદસ્થોની આચાર્ય પદવી સાથે આચાર્ય પદવી કરવાનો ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવશ્રીએ નિર્ણય લીધેલો. આચાર્ય પદવીનો ઉત્સવ પણ ભેગો ચાલ્યો. કારતક વદ ૦)) આચાર્ય પદવીનો અદ્ભુત વરઘોડો નીકળ્યો અને માગશર સુદ ૨ ના ત્રણે પૂજ્ય પદસ્થ મહાત્માઓની આચાર્ય પદ પ્રદાનની ઉજવણી થઈ એટલે હવે પ્રદીપના ગુરુ થનાર પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવર આચાર્ય શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** બન્યા.

શ્રી સિદ્ધચક્ર મહાપૂજન :

પ્રદીપકુમારની દીક્ષાના મહોત્સવ દરમિયાન આચાર્ય પદ પ્રદાનનો મહોત્સવ નિશ્ચિત થયો. તે નિમિત્તે અષ્ટોત્તરી-સ્નાત્ર સુ. ૨ના નક્કી થયું. તેથી દીક્ષાર્થીઓના પિતાશ્રી મગનભાઈ તરફથી શાંતિસ્નાત્રને બદલે મા સુ. ૧ થી ત્રીજના શ્રી સિદ્ધચક્ર મહાપૂજનનો લાભ લેવાનો નિર્ણય લેવાયો, તે મુજબ સિદ્ધચક્રપૂજન ભવ્ય રીતે ભણાવાયું. ક્રિયાકારક ચીનુભાઈ લલ્લુભાઈએ સુંદર રીતે પૂજન ભણાવી સહુને નવપદભક્તિમાં રસલીન બનાવ્યા. ભાવિકોએ મોટી સંખ્યામાં આ પૂજનનો લાભ લીધો.

હાર્દિક અભિનંદનો :

પ્રદીપકુમારના અભિનંદન મેળાવડા શ્રી શાંતિચંદ્ર સેવા સમાજે, ગલા મનજીની પોળના શ્રી સંઘે, શ્રી કાળુશીની પોળના સંઘે, તથા શ્રી જૈન આરાધક મંડળે, ઉસ્માનપુરા જૈનસંઘે સુંદર ઉજવ્યા. કાળુસીની પોળ તો અભિનંદનના ગીતો ભાષણો અને ચાલ્લા કરવાની પડાપડીમાં ગાંડીઘેલી થઈ, રાતના અગીયાર વગાડી દીધેલ. બધેજ પ્રદીપકુમારે વૈરાગ્ય ભરી વાણીથી વિશેષ જનતાના દિલ પીગળાવી નાખ્યા.

માગશર સુદી બીજ ૩ પ્રદીપકુમારનો દીક્ષા-વરસીદાનનો વરઘોડો બરાબર ૯ વાગે જ્ઞાનમંદિરથી શરૂ થયો તે કાળુપુર રોડ ગાંધીરોડ, કંદોઈઓળ, ચાંલ્લાઓળ, માણેકચોક કુવારે થઈ ગાંધીરોડ ખાડીયા ચાર રસ્તે થઈ રીલીફરોડ પર અનેક પોળોના નાકા વટાવતો વટાવતો ઘીકાંટા પર નગરશેઠના વંડે ઉતર્યો. વરઘોડામાં મોખરે નિશાન ડંકો, ઈન્દ્રધજા, બે ઘોડાની બગીઓ, મોટરો, ઘોડેસ્વારો, બાળક બાળિકાઓ, બેન્ડ, પૂજ્ય મહારાજ સાહેબો સહિત વિશાળ સાજન, બેન્ડ, ઊંચી ચારઘોડાની બગી પર દાન ઉછાળતા દીક્ષાર્થી પ્રદીપકુમાર એમની બે બાજુમાં એમના માતાપિતા, પાછળ પ્રભુજીનો રથ તથા મહિલા સમુદાય ભવ્ય શોભી રહેલ. દરબારી ડ્રેસમાં રૂપાળા પ્રદીપકુમાર રાજકુમાર શા શોભી રહેલા હતા. રાજમાર્ગો પર દાન ઉછાળતા પસાર થઈ રહ્યા હતા ત્યારે જૈનેતરોના હૈયા એ જોઈ જૈનધર્મની અને જૈન ધર્મના ત્યાગમાર્ગની ખૂબ વાહવાહ પોકારતા હતા.

સર્વત્યાગનો ધન્ય દિવસ :

વરઘોડો નગરશેઠના વંડે પહોંચતાં ત્યાં ખડો કરાયેલ વિશાળ દેદીપ્યમાન મંડપ જનતાથી ચિક્કાર ભરાઈ ગયો હતો. નૂતન આચાર્યદેવશ્રી **વિજયમાનદેવ-સૂરીશ્વર મહારાજ, શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ** તથા **વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજ** મુખ્ય પાટ પર બિરાજમાન થયા. પ્રદીકુમારે ગુરુપૂજન કામળીથી

ગુરુભક્તિ તથા જ્ઞાનપૂજન કર્યું. દીક્ષાની ક્રિયા પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયમાનદેવ-સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે શરૂ થઈ. પ્રદીપકુમાર માટે ઓઘો વહોરાવતાં શ્રી મગનભાઈ અને એમના ધર્મપત્ની સૂરજબેનનો ઉલ્લાસ માતો ન હતો. 'જૈનં જયતિ શાસનં' કે જેના માતાપિતા વહાલસોયા નાનડિયા દીકરાને સંસાર ત્યાગ કરવામાં હરખ અનુભવી રહ્યા હોય છે. પૂજ્ય આચાર્યદેવે જ્યારે પ્રદીપને રજોહરણ આપ્યું ત્યારે હર્ષિત થઈ પ્રદીપભાઈ નાચી ઉઠતાં વિશાળ સભાએ જયજયકાર પોકાર્યો, ભાઈઓએ કામળી વહોરાવી. બીજા ઉપકરણો સગાંવહાલાંઓએ વહોરાવ્યાં. મુંડન-સ્નાન વિધિમાં મુનિપણાના કપડાં ઓઢતાં જોઈ ભાઈ બહેનો લાડિલા ભાઈના વિયોગથી રોતાં હતાં ત્યારે માતા-પિતાને આ કુંમળું બાળક છોડતાં આંખમાં દુઃખનું એક અશ્રુબિન્દુ નહિ પણ હર્ષાતિરેક હતો. ધન્ય કલ્યાણ મિત્ર ! ધન્ય શાસન ! સાધુવેશમાં પ્રદીપકુમારને મંડપમાં આવતાં સભાએ ફરી શાસનના જયનાદથી મંડપ ગજાવી મૂક્યો. શુભ મુહૂર્તે લોચ થયો તથા યાવજ્જીવનું સામાયિક ઉચરાવાયું. બીજી વિધિમાં સમવસરણને ૩ પ્રદક્ષિણા વખતે સભાએ ઉછળી ઉછળીને અક્ષતથી વધાવ્યા. નામકરણ વખતે નૂતનમુનિનું નામ મુનિશ્રી **પરમહંસવિજયજી** રખાયું અને આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજીના શિષ્ય તરીકે જાહેર કરાયા.

પૂ. ગુરુદેવનો વિહાર :

વચમાં શ્રી રસિકલાલ ભોગીલાલે કલકત્તાના સ્થાનકવાસી ભાઈશ્રી જયસુખલાલે બનાવેલ **'ચંદાશા મુખડાવાળો એ કોણ બાલુડો જાગ્યો છે'** ગીત ગાતાં ગાતાં સભાના હૈયા ભીનાં ભીનાં કરી નાખ્યા, પછી રસિકભાઈએ સ્વરચિત ગીત સભાને ઝીલાવ્યું. બાદ પૂજ્ય આચાર્યદેવે પ્રવચન કરતાં ગજસુકુમારનું દૃષ્ટાન્ત આપ્યું ત્યારે કેઈકનાં હૈયાં ગદ્‌ગદ થઈ ગયાં. દીક્ષા વિધિ બાદ વાજતે ગાજતે પૂજ્ય આચાર્યદેવ તથા નૂતનમુનિ વગેરે બપોરે ૧॥ વાગે જ્ઞાનમંદિરે પધાર્યા. નડિયાદમાં માગશર સુદ ૫ બિપિનકુમારની દીક્ષા કરવા પહોંચવાનું હોઈ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સપરિવાર બપોરે ૨। વાગે વિહાર કર્યો ત્યારે સેંકડો ભાઈ-બેનો લાંબે સુધી વળાવવા ગયા. મંગળાચરણ બાદ ગુરુથી છૂટા પડતાં નૂતનમુનિના આંખમાંથી આંસુ ખર્યા ત્યારે ગુરુનું દિલ પણ દ્રવિત થઈ ગયું. એ દૃશ્ય બીજાઓનાં પણ દિલને પીંગળાવી નાખે એવું હતું.

દીક્ષા પ્રસંગે કલકત્તા મુંબઈ, રાજકોટ, જામકંડોરણા તથા અન્ય ગામોથી સારું માણસ આવેલું. મરચીપોળની નૂતન ધર્મશાળામાં ટીપટોપ સગવડ રખાવેલ. આ બધા આયોજનમાં ભાઈશ્રી ચતુરદાસ ચીમનલાલની અદ્‌ભુત વ્યવસ્થા શક્તિને ખૂબ યશ મળ્યો.

સર્વવિરતિ ચારિત્રનાં મંગલમાર્ગે.....

:: નડિયાદને આંગણે ઉજવાયેલો ભવ્યાતિભવ્ય દીક્ષા મહોત્સવ ::

જેના સંસારત્યાગના મહાપરાક્રમે સહુને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા.

કેઈકના મોહ-મહામોહને હચમચાવી દીધો.

દીક્ષાર્થી : સાપની કાંચળીની જેમ ભોગવૈભવને છોડી, થયેલ સગાઈને તોડી B.Com. પાસ થયા પછી C.A. ના આર્ટિકલ્સ ભરતા વૈરાગ્યના રંગે રંગાયેલા નવજવાન **બિપિનભાઈ !**

દીક્ષાદાતા : બિપિનકુમારને વૈરાગ્યનો ચોળ મજીઠ રંગ લગાડનાર સ્વ. પૂ. આ. ભ. **પ્રેમસૂરીશ્વરી મ. સા.**ના કૃપાપાત્ર, હજારો નવયુવાનોના ધર્મદાતા ગુરુ, ૮૮ શિષ્ય-પ્રશિષ્યોના તારણહાર, ઉગ્રતપસ્વી પૂ. પાદ નૂતન આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

દીક્ષાગુરુ : બિપિનભાઈના સંસારીકાકા તપસ્વીરત્ન વૈયાવચ્ચી ચોથા આરાના મહામુનિઓને યાદ કરાવનાર પૂ. મુનિરાજશ્રી **મણિપ્રભવિજયજી મહારાજ.**

માતા-પિતા : નડિયાદને આંગણે સં. ૨૦૦૭માં મુનિશ્રી મણિપ્રભવિ. મ.નો ભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવનાર, સં. ૨૦૨૨ માં મુનિશ્રી મણિપ્રભવિજયજી મ.ની વર્ધમાન તપની ૧૦૦ ઓળીની ઉજમણા સાથે ઉજવણી કરીને ઉત્તરોત્તર પ્રભુશાસનની શ્રદ્ધાને અસ્થિમજ્જા બનાવનાર લાડકવાયા બિપિનકુમારને દીક્ષાનો અંતરાય ન કરતા ભારે ઉમંગથી ઔદાર્યથી જિનભક્તિ મહોત્સવપૂર્વક નડિયાદ સંઘના ઉલ્લાસપૂર્વકના સહકારથી કલેજાની કોર સમા કુલદીપકને સદ્‌ગુરુના ચરણે ધરનાર ધર્મશીલ રત્નકુક્ષી માતા **શાંતાબેન !**

ધર્મનિષ્ઠ પિતા **શા. ચંદુલાલ મગનલાલ !**

ભવ્ય દીક્ષા :

૫. પૂ. નૂતન આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના વરદ્ હસ્તે તાજેતરમાં ત્રણ પુણ્યાત્માઓની દીક્ષાઓ થઈ. એકબીજીને ભૂલાવે તેવી દીક્ષાઓમાં નડિયાદને આંગણે મુમુક્ષુરત્ન બિપિનકુમાર B.Com. ની દીક્ષાનો પ્રસંગ શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. એ પ્રસંગ નજરે જોતાં દેખાતું હતું કે આ દીક્ષા આ રીતે ત્યાગધર્મ પ્રત્યે જૈનેતર લોકોના પણ હૈયાનાં કેવા નમાવી દે છે, મોહને હચમચાવી મૂકે છે અને અનેરા આનંદમાં ગરકાવ કરી દે

છે ! તો ભગવાન શ્રી શાલિભદ્ર-જંબુકુમાર વગેરેએ દીક્ષા લીધી હશે, ત્યારે તો વળી, કેવું વાતાવરણ દૃશ્ય હશે !

કોલેજીયન બિપિનકુમારની વૈરાગ્યની કહાની ખૂબ જ રસમય હોઈ તૂટ્યા-ફૂટ્યા શબ્દોમાં અહીં રજૂ થાય છે, જેથી નવયુવાન ભવ્યાત્માઓને ધર્મનું આકર્ષણ વધે, તેમજ માતા-પિતા બનનારને સંતાન પ્રત્યેની કલ્યાણ મિત્રતાનો ખ્યાલ આવે.

ભાવિ ચમકતો સિતારો :

પ્રાચીન નડિયાદ નગરમાં ગાંધી ચંદુલાલ મગનલાલનાં ધર્મનિષ્ઠ ધર્મપત્ની શ્રીમતી શાન્તાબેને વિ. સંવત ૨૦૦૭ના ભાદરવા વદી-૪ને રવિવારે સાંજે સાત વાગે એક આછા ગૌરવર્ણી શિશુને જન્મ આપ્યો, જે નડીયાદ જૈનસંઘનો એક ચમકતો સિતારો થશે તેવી કલ્પના શે આવે ? પરંતુ એના જન્મતાની સાથે જન્મ-દાત્રી માતાએ એના કાનમાં નમસ્કાર મહામંત્ર સંભળાવેલ. એણે શો જાદુ કર્યો ! જેની કૂખે જન્મ થયો તે આ માતાને પણ નવજાતશિશુને નવકાર સંભળાવતાં શિશુના ભાવી મહાન ઉદયની કલ્પના હશે કે કેમ ? "વીર થજે તું બાળ જગતમાં, ધીર ગંભીર થજે જીવનમાં" વીર થજે તું બાળ જગતમાં, ધીર ગંભીર થજે જીવનમાં" આ બાળકના બે મોટાભાઈ કિરીટકુમાર અને હસમુખભાઈને આના જન્મની સાથે ખૂબજ આનંદ હતો. બંને ભાઈને ભાઈ કહે 'હું રમાડીશ' 'ના કાલીદાસને હું જ રાખીશ.' એમના મોટા કાકા (હાલ મહાતપસ્વી પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી) એ તેને છ માસનો થયો ત્યાં સુધી ખૂબજ મલહાવ્યો તેઓએ એકજ અંતર ભાવના વ્યક્ત કરી હશે !

"સંસારના સહુ સંબંધ કાપી, દીક્ષા લઈ થા સંયમ રાગી"

આવી ભાવના પહેલાં તો પોતાના જીવનમાં ઉતારી પોતે ૬ મહિનામાં પ્રવ્રજ્યા (સર્વવિરતિ ચારિત્ર) ગ્રહણ કરી મોક્ષ માર્ગના પથિક બન્યા.

સંસ્કારનું વાવેતર :

પાંચ વર્ષની ઉંમર થતાં ચંદ્ર રાશિ પ્રમાણે બિપિન નામ આપ્યું. તે શિયાળાની કડકડતી ઠંડીમાં પણ દરરોજ સવારે ૬-૦૦ વાગે એના પિતાશ્રી સાથે પ્રભુપૂજા કરવા જાય. બાળ હતો ત્યારે તો પોતે કોઈની સાથે બોલવાનું નહિ. કામથી કામ, એ તેનું એક સુંદર લક્ષણ હતું, પરંતુ સમય જતાં કકળાટ કરે હઠાગ્રહ કરે ને જે ધારે તે મેળવી લીધે છૂટકો કરે. આથી બે મોટાભાઈને નાસ્તો મંગાવવામાં તેની મદદ મળતી. આ હઠાગ્રહ યાને દૃઢ નિર્ણયની વૃત્તિ આગળ કેવા કેવા કામોમાં કામે લાગી તેનો ખ્યાલ આવશે.

અભ્યાસમાં હોશિયાર જણાતાં ૬ વર્ષની ઉંમરે એક જ વર્ષમાં બે ચોપડી કરાવી નિશાળમાં તેણે ચાર ધોરણ સુધી અભ્યાસ કર્યો. પાંચમી કલાસમાં ભણતો ત્યારે દીવાળીની રજાઓમાં તેને અમદાવાદ ગુરુ મહારાજ પાસે મૂક્યો. ઘરે આવતાં પાછો ઉનાળાની રજાઓમાં મૂકી આવ્યા. તેના સ્વભાવને કારણે તેને વધારે રહેવાનું મળ્યું. ત્યાં પંદર દિવસ સારી રીતે ગાથાઓ કરતાં તેને પાલીતાણા સંઘમાં જવાનું મળ્યું. નવ વર્ષનો બાળક છ'રી' પાળતાં સંઘમાં ચાલતો જ જતો. સિદ્ધગિરિ ફાગણ સુદી ૧૩ના રોજ સાત માઈલની છ ગાઉની યાત્રા કરી. ખૂબ જ કઠણ અને સહનશીલ તેથી કાકા મહારાજ મુનિશ્રી મણિપ્રભવિજયજીને ગમી ગયો.

બાળલીલા :

ચાતુર્માસમાં સુરેન્દ્રનગર પૂજ્ય મહારાજશ્રીની સાથે રહ્યો પાંચ પ્રતિક્રમણનો અભ્યાસ કર્યો, પર્યુષણા મહાપર્વની સુંદર આરાધના કરી. ૪૫ આગમના ૪૫ દિવસ પૌષધ કર્યા. નવપદની ઓળી કરી. તોફાનની વૃત્તિ ખરી તે ઉપાશ્રયમાં કાંકરી ફેંકતા ગુરુદેવના હાથની થપાટ પણ ખાધી. જે ગુરુદેવ આજે એના ભવોદધિ-તારણહાર બન્યા. પૂજ્ય આચાર્ય ભગવંતે એનો તોફાની તથા હઠી સ્વભાવ જોઈ એના પિતાજીને કહ્યું બિપિનને હાલ લઈ જાઓ. જરાં વધુ સમજણી ઉંમર પછી મૂકી જજો.

બોર્ડિંગનું જીવન :

એ પછી બિપિનને કડી જૈન બોર્ડીંગમાં મૂક્યો. પ્રથમ વર્ષે પૂજ્ય મહારાજશ્રી પાસે સુંદર વાતાવરણમાં જઈને આવેલો એટલે વ્રત પચ્ચક્ખાણ નવકારમંત્રની આરાધનામાં મોખરે રહેતો. મને રાત્રે નવકાર દેખાય છે તેમ બધાને જણાવતો. ત્યારે સાથીદારો તેની મશ્કરી કરતા, કે આ ભગતને વળી નવકાર દેખાતા હશે. પણ છદ્મસ્થને શો ખ્યાલ કે થોડા વર્ષોમાં આ જીવન પરમેષ્ઠિના પંચમ પદે બિરાજમાન થશે !

આજના કુસંસર્ગ કેવું ખતરનારક કામ કરે છે ! બોર્ડીંગના બીજા વર્ષમાં ગૃહપતિના દીકરા સાથે હરિફાઈએ ચઢ્યો અને મહા તોફાની સાયક્લિસ્ટ તરીકે નામના મેળવતાં એને નડિયાદ લાવી હાઈસ્કૂલમાં ધોરણ આઠમામાં પ્રવેશ કરાવવો પડ્યો. સાયકલના શોખીનને હવે ક્રિકેટની લત લાગી, અને ના કહેવા છતાં આખો દિવસ બોલ-બેટ રમવા ભાગી જતો. ક્રિકેટના લોભમાં જમવાનું છોડતો, અભ્યાસ અધુરો કરતો. દહેરાસરે પરાણે જતો. આમ કરતાં કરતાં - હાયર મેથ્સ સાથેનો વિદ્યાર્થી બન્યો.

ધર્મભાવના ઘટી હતી. પ્રભુ પૂજા મૂકી દીધી હતી. અભિમાનમાં અક્કડ બની ફાંકડો થઈ ફર્સ્ટ કલાસ પાસ થવાની વાતો કરતો પણ બિપિન આ પરીક્ષામાં ફેઈલ થયો ત્યારે એને ભારે નિરાશા આવી ગઈ.

ધર્મવત્સલ માતા :

પરંતુ વહાલસોઈ માતાએ આશ્વાસન આપ્યું કે, 'બચ્ચા ! હું તને કહેતી હતી કે આ ધર્મશ્રદ્ધા ઘટાડ્યાનું ખરાબ પરિણામ આવશે. માટે બેટા ! ધર્મ ઉપર શ્રદ્ધા કેળવ. ભગવાનની પૂજા કર' એમ ધર્મમાં ઉત્સાહિત કરી નવપદની આરાધનાના દિવસોમાં ક્રિયા સહિત આંબેલની ઓળી કરાવી. ફાજલ સમયમાં બિપિન દુકાને બેસતાં. વહેપારી તેમજ ગ્રાહક વર્ગમાં એવો તો પ્રિય થઈ પડ્યો કે ચાર વર્ષ પછી પણ દીક્ષાનું મુહૂર્ત આવતાં સૌ વહેપારી તેને મળવા બોલાવવા આવતાં.

કૉલેજજીવન :

ફરીથી S.S.C. પરીક્ષા આપી પાસ થયો. હવે આવ્યો કૉલેજકાળ ! ડાક્ટરીનું ભણવાની ઘણી હોંશ, પણ વિષયોમાં દેડકા ચીરવા પડે તે માટે મા-બાપની સખત અનિચ્છા અરુચિ, તેથી એમની અવજ્ઞા ન થાય એ માટે કોમર્સ ફેકલ્ટીમાં દાખલ થયો.

અમદાવાદ નવગુજરાત કૉલેજમાં દાખલ થયો. F.Y. કરી પછી B.Com. અર્થ H.L. College of Commerce માં અને છેલ્લું વર્ષ G. College of Commerce માં કર્યું. આમ અમદાવાદની મુખ્ય કૉલેજોમાં અભ્યાસ કર્યો. કૉલેજ અભ્યાસ દરમિયાન એ છોટાલાલ લલ્લુભાઈ બારીયાવાળા છાત્રાલયમાં રહેતો. ત્યાં દરેક નીતિ નિયમો પાળવામાં અગ્રેસર રહેતો. મોર્નિંગ કૉલેજ વખતે પણ પૂજા, રાત્રિભોજન ત્યાગ, અભક્ષ્ય ત્યાગ, નવકારશી વગેરે અંગે તેની માતાના શીખવેલા મુખ્ય નિયમો હતા.

લીંબુની ચીરી :

દોસ્તો સાથે કોઈકવાર સિનેમા જોતો. હોટેલમાં જતો પરંતુ કુસંસ્કાર પેસવા દેતો નહિ. હવે તો કૉલેજ જીવન અને બોર્ડીંગ વસવાટમાં બિપિન પોતાની ફરજો પાળવા પરત્વે સજાગ થઈ ગયો. કિન્તુ એમાં એક લગન એવી ઊભી થઈ કે બોર્ડિંગમાં જમતી વખતે જે એક લીંબુની ચીરી દરેક વિદ્યાર્થીને આપવામાં આવતી એને બંધ કરવામાં આવતાં વિદ્યાર્થીઓ ઉશ્કેરાયા, આ હક કેમ જતો કરાય ? બિપિને એમાં નેતાગીરી લીધી. પરંતુ કોને ખબર હતી કે આ સાહસિક, સ્પષ્ટ વકતા, ભોળો, ખુલ્લે ખુલ્લું મોંઢા ઉપર કહી દેનારો લીંબુની ચીરીના હક્કનો દાવો

કરનારો આ નવયુવાન એક દિવસ માનવપણાના સર્વ વિરતિ-ચારિત્ર માર્ગ લેવાના હકનો પણ દાવો કરશે ?

અમેરિકા જવાના અરમાન :

B.Com. પાસ થતાં, હવે પછી હવે શું કરવું તેનો પ્રશ્ન આવ્યો. ભાઈને અમેરીકા જવાની લગન લાગી, કોરસપોન્ડન્સ શરૂ કર્યો. એના પિતાશ્રી ચંદુભાઈને જાણ થતાં અમેરિકા જવાની સ્પષ્ટ ના પાડી કે આપણે વિદેશ જઈને ધર્મ ખોઈ નથી નાખવો. હક દાવા ને સાહસના પ્રેમી બિપિનમાં મા-બાપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની જરાએ ઇચ્છા નહિ. તેથી ગમે તેવી વિદેશ ગમનની ઉત્કટ આતુરતા પણ પડતી મૂકી.

સંસારને પારખવાની તકો :

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સનદ માટે સી.સી. ચોકસીની કંપનીમાં રૂા. ૫૦૦) ભરીને આર્ટિકલ્સ જોઈન્ટ કર્યા. અહીં તો મોટા મોટા વહેપારીઓના ચોપડા તપાસવાનું મળ્યું. એમાં એને પ્રેક્ટીકલ લાઈફનો અનુભવ થયો. કે, "દુનિયામાં એક પૈસાની પાછળ આંધળી દોટ મૂકનાર કેટલાં કાળાં ધોળા કરે છે ! આમ કાળાં ધોળાં કરવા છતાં કાળાં માથાના એ માનવીની ટિકિટ ક્યારે કપાઈ જશે તેની તેને પોતાને પણ ખબર નથી હોતી. તેનો પ્રત્યક્ષ અનુભવ થતો.

અજબ ઘડી એક આવે :

આ આર્ટિકલ્સ ભરવાના જીવનમાં જે B.Com. સુધીના કૉલેજ જીવનમાં રાત્રિ ભોજન ત્યાગ ને રોજ પ્રભુ પૂજા સાચવેલી તે મૂકવી પડી. ઉપરાંત માંસાહાર કરનારની સાથે જ બેસવું પડતું. અલબત્ત એ માંસાહાર શું પણ કંદમૂળ પણ ન ખાતો છતાં એવાની સાથે બેસવું આ તેને ન ગમ્યું, અને કુટુંબીઓને ય ન ગમ્યું. જીવનમાં અણધાર્યો મળેલ સત્સંગ કેવું લોઢાને કંચન બનાવનાર પારસમણિ જેવું કામ કરી જાય છે. એનો હવે બિપિનના જીવનમાં ચમત્કાર જોવા મળે છે. બન્યું એવું કે રાત્રિ ભોજન ત્યાગ વગેરે ધર્મ ગુમાવીને C.A. કરવાના જીવન માટે કુટુંબને અરુચિ હતી. એમાં પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબ જયપુર, કલકત્તા, કાનપુર ચાતુર્માસ પછી વડોદરા દીક્ષા પતાવી ખંભાત થઈ પાલણપુર દંપતીની દીક્ષા અને શિબિર અર્થે વિહાર કરી અમદાવાદ તરફ પધારી રહ્યા હતા. બિપિનના મોટાભાઈ હસમુખભાઈની ખૂબ જ આગ્રહ ભરી વિનંતીને કારણે એકાદ દિવસ માટે આડો રસ્તો લઈને પણ નડિયાદ પધાર્યા. નડિયાદ સંઘે ઉત્સાહભેર સામૈયું કર્યું.

ગુરુદેવનો અનંત ઉપકાર :

સંઘ સાથે બિપિનકુમારે પૂ. ગુરુદેવના બે ભારે અસરકારક વ્યાખ્યાન સાંભળ્યા ઉપરાંત રાત્રે સત્સંગ મેળવ્યો. પૂ. ગુરુદેવને પહેલેથી હસમુખભાઈની બિપિનને C.A. છોડવાનું સમજાવવા વિનંતી હતી. તેથી ગુરુદેવે બિપિનને સમજાવ્યો. એની સામે મહત્ત્વના પોઈન્ટ મૂક્યા. એને ઉચ્ચ માનવજીવનના એવા જ ઉચ્ચ ઉદ્દેશો પર તાત્ત્વિક અને દુન્યવી દૃષ્ટિએ બતાવી અસરકારક બોધ આપ્યો, ત્યારે જવાબમાં બિપિને કીધું કે, 'સાહેબ ! કાલે સવારે ઘરે પગલાં કરો. વિચારીને જવાબ આપીશ.' કુટુંબના આગ્રહથી દેવદર્શન પછી સવારે ગુરુદેવ ઘર આંગણે પધાર્યા. ચંદુભાઈ, શાંતાબેન, બે મોટા પુત્રો, બે પુત્રવધુઓ વગેરેને થોડો ઉપદેશ આપી પૂછ્યું. બોલો પગલાં કરાવ્યાં છે તો શું કરવું છે ? પ્રત્યુત્તરમાં રાતભર વિચાર કરી ચુકેલા ધર્મવીર બિપિનભાઈએ બ્રહ્મચર્યના મહાન વ્રતની દૃઢ મનથી માગણી કરી. પૂજ્ય મહારાજશ્રીએ બિપિનના માતા-પિતાને પૂછ્યું, 'બોલો, આ વ્રત માગે છે, આપું ? કુટુંબમાંથી એક પણ કુળદીપક પાકે એવી અંતરેચ્છા ધરનાર એમણે,' કહ્યું, 'એની ઈચ્છા હોય તો ખુશીથી આપો.' વ્રત અપાયું. પચ્ચક્ખાણ પણ લીધું. પૂજ્યશ્રીના સંપર્કમાં છોકરા તો સેંકડો આવે છે, પરંતુ આવા ભીષ્મ પરાક્રમ કરનારા કેટલા ? સેંકડે ૧-૨ મુશ્કેલીથી મળે. છતાં સામાન્ય પરાક્રમથી કેટલાયનાં જીવન ધર્મવાસિત બન્યા છે, અને એથી એમના માબાપનાં દિલ ઠર્યાં છે. એવા પણ માબાપ છે કે જેમણે પૂ. મહારાજશ્રીને કહ્યું છે કે, 'સાહેબ ! આપે તો અમારા છોકરાને સુધારી અમારું આખું ઘર સુધારી દીધું. અહીં બિપિનભાઈએ વ્રત લીધાથી એમની માતાને એના પર જે પારાવાર હર્ષ થયો એનું વર્ણન કરવું મુશ્કેલ છે.

અંતરમાં પ્રકાશ પથરાયો :

કાળી રાત્રિમાં બિપિને શું વિચાર કર્યો હશે ? 'મહાનલ એકજ દે ચિનગારી' એમ પૂ. ગુરુદેવે શી ચિનગારી આપી હશે ? એ તો એ જ જાણે. પરંતુ આજ દિન સુધીના જીવનમાં આવું સગાઈ થઈ ગયેલી હોવા પર બ્રહ્મચર્યની કલ્પના બહારની બીના બિપિને કુટુંબીઓની સમક્ષમાં સહર્ષ સ્વીકારી લીધી.

પિતાને કલ્પના નહોતી કે આ જીવનભર માટેનું બ્રહ્મચર્ય લેતો હશે. તેમ એ વૈરાગ્યવાસિત બન્યો હશે. એ તો સમજ્યા કે 'એક બે વરસનું બ્રહ્મચર્ય લેતો હશે. ભલે લે' પરંતુ આ વિરાગીનું મન જુદું જ કામ કરતું હતું. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવ તરફથી પાલણપુર ધાર્મિક શિક્ષણ શિબિરમાં જોડાવાની વાત આવી ત્યારે

એને થયું કે C.A. નું બગાડીને કેમ જવાય ?' પણ પિતા ચંદુભાઈએ એને ગમે તેમ કરી C.A.નું છોડાવવું હતું તેથી એમણે શિબિરમાં જવા આજ્ઞા કરી. પોતાને આમ તો મિલો કંપનીઓના ચોપડા તપાસવા બીજાઓની સાથે જવું પડતું. ત્યાં તેમજ ઑફિસમાં પણ કંપની કે ઑફિસના ખરચે રાજાશાહી નાસ્તાપાણી અને બીજી પણ પૂરેપૂરી ટીપટોપ સિનેમા-દર્શન વગેરે આધુનિક સગવડો મળતી એટલે બાદશાહી જીવન. પરંતુ એકરાતના સત્સંગમાં મહારાજશ્રીએ કેવું કેવું તત્ત્વજ્ઞાન આપ્યું અને એણે કેવા કેવા પ્રશ્ન કરી કેવા ઉત્તર મેળવ્યા કે એના પર રાતભરના ચિંતનથી આંખ ખુલી ગઈ પોતાના હૃદયનું પરિવર્તન કરી નાખ્યું ! ઑફિસજીવનની લહેરો-લહેજતો 'કુછ નહિ' લાગી, એટલે હવે શિબિરમાં જોડાવા મન મક્કમ કરી લીધું; અને પિતાજીના ફરમાનને સહર્ષ માથે ચડાવ્યું. ચંદુભાઈએ એની ઑફિસમાંથી કામચલાઉ રજા મેળવી લીધી. ને બિપિન પાલણપુર શિબિરમાં જોડાયા કે જેમાં સ્કૂલ-કૉલેજના ૨૩૦ વિદ્યાર્થીઓ જોડાયેલા હતા.

શિબિરની અનોખી દેન :

શિબિરમાં જૈનધર્મના તત્ત્વો અને મહાપુરુષોના જીવન પ્રસંગો પર રોજના ૪-૫ પ્રવચન અપાતાં. દિવસના વિદ્યાર્થીઓ સાથે બેસી એ સાંભળવા એની નોટસ્ લેવી, વાંચવી, એના પર મનન કરવું તથા દૈનિક દેવદર્શન સામાયિક પ્રાર્થના વગેરે ધાર્મિક ચર્યા પાળવી, દિવસના એ કામ ચાલતું. ઉપરાંતમાં બિપિનના અંતરાત્માના કમાડ ઊઘડી ગયેલા તેથી રાતના પૂ. મુનિરાજો પાસે સત્સંગ સાધી તત્ત્વગોષ્ઠી કરે. વળી એના પર ઊંડું મનોમંથન કરે. એમાં એના મનને લાગી ગયું કે **'આ માનવભવ જેટલો ઉચ્ચ છે એટલું હૃદય ઉચ્ચ ઉમદા બનવું જોઈએ; અને તે નિષ્પાપ સાધુ જીવનથી જ બને. ખાનપાન તો કાગડા-કૂતરાય કરે છે. વિષય-વિલાસ તો ગધેડા-ગધેડીય કરે છે. પરિગ્રહ તો ક્ષુદ્ર કીડીઓય કરે છે. ધનના ઢગલાને તો એરુ ય સાચવી રાખે છે.** આરામી તો પથ્થરની ખાણનાય જીવો કરે છે. વિશિષ્ટ માનવ અવતારમાં વિશિષ્ટ કામ કરવાનાં હોય; ને તે પાપરૂપ ઘરવાસનો ત્યાગ કરી મુનિજીવનમાં જ થઈ શકે.' બસ, બિપિનના મનમાં ચારિત્ર લેવાનો દૃઢ નિશ્ચય થઈ ગયો.

એક અદ્‌ભુત ઘટના :

એક ઘટના અદ્‌ભુત બની. બિપિનના વૈરાગ્યની વાત એના સાસરે પહોંચી. સગાઈ થયેલી કન્યા ગભરાઈ, ને સાહેલીઓ સાથે બિપિનને પિંગળાવવા પાલણપુર શિબિરમાં પહોંચી. વાત કરવા બિપિનકુમારને અલગ બોલાવ્યો. નવોઢા બનવા

યોગ્ય ઉંમરવાળી કૉલેજિયન પ્રેમાળ યુવતી એકાંતમાં સામે આવે, વિનંતી કરે, ત્યાં ભલ-ભલાના છક્કા છૂટી જાય. પણ અહીં તો બિપિનકુમારે સ્પષ્ટ કહી દીધું કે, 'મારે તો ચારિત્ર માર્ગ લેવાનો અડગ નિર્ધાર છે. તમે છૂટા છો.' બાઈ નિરાશ થઈ પાછી વળી. સાંસરિયાને પણ લાગી ગયું કે આ જમાઈ હવે સંસાર માંડે નહિ. છતાં એમની ખાનદાની અને ધર્મપ્રેમ કેવો સુંદર તે આગળ જોવા મળે છે. વાહ ! જૈન શાસનની કેવી બલિહારી છે !

કોહિનૂરના નૂર :

શિબિરમાં વિશેષ યોગ્યતાવાળા તો બીજા વિદ્યાર્થીઓ પણ હતા. પરંતુ આ નૂર, આ મનોમંથન, ને આ વીયોલ્લાસ ક્યાંથી લાવવો ? બિપિનનું નૂર વગેરે બધું જ અનેરું ! એણે ઘરે કાગળ લખી નાખ્યો કે, 'મારે પહેલાં મુહૂર્તે દીક્ષા લેવાની છે.' ઘરેથી જવાબ આવ્યો કે, 'હાલ સંજોગ અનુકૂળ નથી માટે ઉતાવળ કરવાની જરૂર નથી. આપણી બંને દુકાનનો એકાઉન્ટ કમ્પલીટ કરવાનો ભાર તારા માથે છે. વળી અધુરા વરસમાં ભાગીદારી અંગે નવી પંચાત ઊભી થાય. તેથી આ વરસમાં રજા નહિ મળે !' આમ તો કુટુંબ પર બિપિનને મમતા સારી હતી, તેથી આ કામો અંગે ખેંચાણ થાય. પરંતુ વૈરાગ્યની આગ સળગી હોય ત્યાં એ બધું શી વિસાતમાં ? ઘરે બીજો પત્ર લખ્યો કે, 'હું વિહારમાં પૂ. ગુરુ મહારાજ સાથે છું; ત્યાં જવાબ મળ્યો કે, 'ઘરે જરૂરી કામ છે તો આવી જાઓ.' એવો જ પત્ર ગુરુદેવશ્રી ઉપર પણ આવ્યો.

અહીં બિપિનને ઘેર જવાની જરૂર જણાઈ. ગુરુદેવની રજા માંગી ને એમણે જરાય ઈન્કાર ન કર્યો. ત્યાં બિપિનને ખાતરી થઈ કે 'આ ગુરુદેવ કાંઈ ફસાવી રાખે એવા નથી.' ઘરે આવી નિર્ધાર જણાવ્યો. એની થોડી પરીક્ષા કરાઈ. પણ વૈરાગ્યથી પૂરેપૂરા રંગાયેલાને કશી અસર ન થઈ. 'ઘરની બે દુકાનોમાં જરૂર છે' એ નિમિત્ત મૂકી C.A. ના આર્ટિકલ્સ ભરવામાં રાજીનામું મૂકી છૂટા થયા. ઘરે એકાઉન્ટ તૈયાર કર્યો. પર્યુષણ પર્વ પર વીસેક દિવસ અમદાવાદ જઈ ગુરુ-નિશ્રામાં રહ્યા. વૈરાગ્યને વેગ મળ્યો ઘરે આવ્યા; ઘરેથી એક વરસ ગુરુદેવ સાથે રહી તાલિમ લેવા આગ્રહ થયો પણ એ વાતનો એણે સ્પષ્ટ ઈન્કાર કરી ચોમાસું ઉઠ્યે તરત ચારિત્ર લેવાનો નિર્ધાર દર્શાવ્યો.

કુટુંબની કુલીનતા :

હવે કુટુંબીઓએ જોયું કે 'આ કાંઈ ડગે એમ નથી' તેથી ચારિત્ર લેતાં પહેલાં શિખરજી વગેરેની એને યાત્રા કરાવી લેવી જોઈએ. એ હિસાબે માતા પિતા

એને સાથે લઈ કલકત્તા ઉપડ્યા. ને ત્યાંથી દીક્ષાર્થી પ્રદીપકુમાર અને એના માતા-પિતા સાથે જોડાઈ શિખરજી, અજીમગંજ, જિયાગંજ, ચંપાપુરી, પાવાપુરી, રાજગિર વગેરે તીર્થોની યાત્રા કરી. પ્રદીપને એના માતા પિતા કલકત્તા પાછા ગયા ને આમણે બનારસ, લખનો, કાનપુર જયપુર વગેરે સ્થળોની યાત્રાઓ કરી ઘરે પાછા આવ્યા. એકાઉન્ટનું કામ બાકી હતું પણ દીક્ષાની તત્પરતાવાળા બિપિનકુમારે ૨૦૨૮ના ચોપડા તૈયાર કરી આપવાની ખાતરી આપી અને જલ્દી દીક્ષા મુહૂર્ત કઢાવવા વિનંતી કરી.

શ્રી ચંદુભાઈએ ધનતેરસના દિવસે અમદાવાદ જઈ દીક્ષાનું મુહૂર્ત માગ્યું. માગશર સુદ ૫ નું શુભ મુહૂર્ત મળ્યું. પરંતુ સુદ-૩ કલકત્તાવાળા પ્રદીપકુમારની અમદાવાદમાં દીક્ષા હોઈ તે પહેલાં મુનિઓ મોકલવા, અને સુદ-૩ ના જ દીક્ષા પછી વિહાર કરી સુદ-૫ સવારે વરઘોડા તથા દીક્ષા પર નડિયાદ આવવાને પછી સ્થિરતા કરવા પૂ. ગુરુદેવને આગ્રહભરી વિનંતી કરી અને પૂ. ગુરુદેવશ્રીએ તે મંજૂર કરી. માતા શાંતાબેને એની ખુશાલીમાં દિવાળીમાં અઠ્ઠમ કર્યો.

પાવન આશિષ :

ભાઈશ્રી બિપિનકુમાર મુંબઈ જઈ બેસતા વરસે પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો આશીર્વાદ તથા હિતશિક્ષા લઈ આવ્યા. કારતક સુદ ૧૫ શ્રી શંખેશ્વર, રાધનપુર થઈ શ્રી સિદ્ધિગિરિની યાત્રા કરી આવ્યા.

રાગી અને વિરાગી :

યાત્રાએથી પાછા ફરતાં જ નડિયાદમાં દીક્ષાના વાયણા શરૂ થયાં. આખી જ્ઞાતિ ઉછળેલી. નગરમાં જૈનો જ શું, જૈનેતરો પણ મોઢામાં આંગળાં ઘાલી ગયા કે આ શું ? B.Com. પાસ થયેલો, રૂપાળો, સુખી, સાધનસંપન્ન અને C.A.નો અભ્યાસી સંસારનો ત્યાગ કરે છે. દીક્ષા લે છે !! લોકને ચમત્કાર; ત્યારે ભાઈઓને એ મુંઝવણ કે ત્રણ ભાઈઓમાં આ વચેટભાઈ તે પણ સૌમાં વધુ હોશિયાર, ઘરમાં ઊભા થતા પ્રોબ્લેમ્સ (સમસ્યાઓ) ઉકેલવાની સૂઝવાળો પાછો ખુશમિજાજી ને રમુજી સ્વભાવવાળો, બીજાઓમાં ભળી જઈ પ્રેમ જીતી લેનારો, ને વેપારમાં બહુ ઉપયોગી આવો નવયુવાન ધીર વીર અને સાહસિક ભાઈ જશે તો અમારું ઘર કેવું શૂન્યાગાર થશે ! બિપિનના મન પર આ માયાજાળની હવે કોઈ અસર નથી. નડિયાદની આજુબાજુના કેટલાય ગામોમાં વાયણે જવાનું થયું. તેમજ અમદાવાદમાં વિશાળ જ્ઞાતિજનોમાં વાયણા શરૂ થયા. બધે લગભગ કોઈ વ્યક્તિ બાકી નહિ હોય કે જેણે દર્શન, પૂજન કે ત્યાગનો નિયમ ન લીધો હોય. જ્ઞાતિજનો કહે, 'તમે

તરવા જઈ રહ્યા છો તો અમને પણ તારજો.'' ત્યારે આ વૈરાગીનો એક જ ઉત્તર કે, 'તરવું હોય તો કુસંસ્કાર ઊભા કરનાર અભક્ષ્યાદિનો ત્યાગ કરો, અને દેવ દર્શનાદિનો નિયમ કરો, તો જ તરશો. નહિતર તરાશે નહિ. તરવા માટે ત્યાગ જોઈએ. નિયમ જોઈએ. એને લોકો તરફથી અવનવા ને અટપટા પ્રશ્નો ય પૂછાતા પણ એનો બિપિન પાસેથી સુંદર રમત રમુજી તત્ત્વપૂર્ણ ઉત્તર સાંભળી સાંભળનાર ઠરી જતાં.

તમારા શા કરીયે સન્માન ? :

બિપિનકુમારને ઘણા માનપત્ર અપાયાં. નડિયાદ સંઘ તરફથી અમદાવાદના માજી મેયર શ્રી નરોત્તમભાઈના પ્રમુખપદે મેળાવડો થયો. જૈનેતરો પણ એ જોવા ઉલટેલા. અમદાવાદ મુકામે જ્ઞાતિના મકાનમાં છાત્રાલયમાં મેળાવડો થયો. તેમાં વિશાળ જ્ઞાતિજનોની વચમાં દીક્ષાર્થીએ પોતાના માતાપિતા ઉપરાંત સાસુ સસરાનો પણ આમાં અનુકૂળ થવા બદલ ઉપકાર માન્યો, એની એટલી સુંદર છાપ પડી કે સાસુ સસરાએ એમને વાયણે નોતર્યા અને કંસાર જમાડતાં કહ્યું, 'તમે સુંદર માર્ગે જઈ રહ્યા છો એમાં તમને ન રોકતાં પ્રોત્સાહન આપવું એ અમારી ફરજ છે.' તમારા આ માર્ગે પ્રયાણની અમે ભારોભાર અનુમોદના કરીએ છીએ. એ પછી જેની સાથે સગાઈ થયેલી તે કૉલેજ કન્યા વિલાસ બેને પણ બિપિનભાઈને સુંદર અભિનંદનનો પત્ર લખ્યો હતો.

હવે દીક્ષા દિવસ નજીક આવતાં હૃદયંગમ કંકોત્રીઓ અને કાર્ડો મોકલ્યાં.

સોનામાં સુગંધ ભળી :

શ્રી ચંદુભાઈ તરફથી દીક્ષા મહોત્સવ નક્કી થયેલ. એમાં પુણ્યશાળીના પગલે પૂ. પં. શ્રી ભક્તિ વિજય મ. ને આચાર્યપદ પ્રદાન નક્કી થતાં નડિયાદ સંઘે એનો પણ ઉત્સવ એમાં સામેલ કર્યો. માગશર સુદ ૨ ગુરુવારે ઠાઠથી પદવી અપાઈ. સુદ ૪ રવિવારે અમદાવાદ શ્રી જૈન આરાધક મંડળે આવી શ્રી નવપદજી પૂજાનો ઠાઠ જમાવ્યો. રાતના ભવ્ય ભાવના કરી.

ઉપકારી ગુરુદેવ પધાર્યા :

દીક્ષાના પ્રસંગ પર અમદાવાદથી પૂજ્ય નૂતન આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ મા. સુ. ઉના પ્રદીપકુમારની દીક્ષા કરી બપોરે ૩ વાગે સપરિવાર વિહાર કરી ૨૮/૩૦ માઈલ દૂર નડિયાદ મુકામે મા.સુ. પની સવારે ૮ વાગે પધારતા બહારની સ્કૂલથી સામૈયું ચઢ્યું. તે ૯ વાગે ઉપાશ્રયે

પહોંચતા દીક્ષાના વરસીદાનના તથા રથયાત્રાના વરઘોડા સાથે ભળી ગયું. પૂજ્યગુરુદેવની પધરામણીથી દીક્ષાર્થી એના કુટુંબીજનો શ્રીસંઘનો ઉત્સાહ અમાપ વધી ગયો. વરઘોડાની ભવ્યતા કોઈ અનોખી હતી. નડિયાદના ઈતિહાસમાં આ વરઘોડો રેકોર્ડરૂપ હતો. નિશાનડંકો, ઈન્દ્રધજા, મિલીટરીબેન્ડ, ઘોડેસ્વારો, સાંબેલા, બીજુ બેન્ડ, પૂ. આચાર્યદેવાદિ મુનિવરો, વિશાળ સાજન, દીક્ષાર્થીની બગી, પ્રભુજીનો રથ અને પાછળ શ્રાવિકા વર્ગથી વરઘોડો ખૂબ જ શોભી ઉઠ્યો. ચોમેરથી નગરલોક કીડીયારાની જેમ જોવા ઉમટેલું. દીક્ષાર્થી બિપિનભાઈ દરબારી રાજકુમારના વેશમાં ઊંચી બગીમાં બે બાજુ પોતાના માતાપિતાથી પરિવરેલા બિપિનકુમાર ઉછળી ઉછળીને વરસીદાન ઉછાળી રહ્યા હતા. વેપારીઓએ પોતપોતાની દુકાનો અને રસ્તાઓ શણગારી મૂકેલા. વરઘોડો આગળ વધે જતો હતો તેમ લોકો તરફથી ચાંલ્લા તરીકે અને વરસીદાનમાં આવતી, ઉછાળવા માટે રૂપીયા, બે રૂપીયા, પાંચ રૂપીયાની ઢગલાબંધ નોટો બીજુ નાણું, અખરોટ, જરદાળું વગેરે સુકો મેવો, નવા કપડાપીસ બિપિનભાઈ વરસીદાનમાં ઉમંગભેર આપે જતા હતા. રૂપિયાની નોટો પગનીચે ન આવે ને ફાટે નહિ એ માટે અંદર પરચુરણ મૂકી પડીકાવાળી વાળીને ઉછાળાતી. સોનાની ત્રણ વીંટી પણ આવી એ પણ છૂટ્ટા હાથે ઉછાળી. રસ્તાઓ પ્રેક્ષકોથી ઠઠ ભરેલા. આ દશ્ય જોઈ મુસલમાન તથા ભાંડભૂંજાએ પણ ત્યાગધર્મની અનુમોદના કરી ચાંલ્લો કર્યો. જૈનેતરો તો મોંમાં આંગલા ઘાલી ગયા. દેવકુંવર શા રૂપાળા દીક્ષાર્થી નવયુવકને જોઈ રમણીયો મોહી પડતી અને ભારે અભિનંદન આપતી. વરઘોડાનું દશ્ય જોઈ ચમરબંધીના માન ગળી ગયેલા. દિલ ગદ્ગદ થઈ ગયા. ''ઓહો ! જૈન ધર્મમાં આ ત્યાગ છે ? સેંકડો-હજારો જૈનેતરોને ઓ હો ! થતાં બોધિબીજ વવાયા. આખા નગર માટે એક મહાન ઉત્સવ બની ગયો. નડિયાદના રાજમાર્ગોએ વરઘોડો ફરીને દીક્ષા સ્થળ સરદાર હાઈસ્કૂલના વિશાલ પટાંગણમાં આવી પહોંચ્યો.

દીક્ષાની પુણ્ય પળ :

અહીં રોનકદાર ભવ્ય વિશાળ મંડપ ખડો કરવામાં આવેલો. જાણે કનૈયા રાજકુંવરના લગન લેવાના ન હોય ! ઊંચી પાટ પર બંને પૂજ્ય આચાર્ય ભગવંતો તથા વિશાળ મુનિ મંડળ સાથે મોટા સ્ટેજ પર નાણ અને દીક્ષાર્થી એની સામે તથા જમણી બાજુ પુરુષો, ડાબી બાજુ મહિલાસમૂહ બધુ વ્યવસ્થિત ગોઠવાઈ ગયેલું. દીક્ષાની ક્રિયા શરૂ થઈ. દીક્ષાર્થી માટે ચંદુભાઈ, શાંતાબેને ઓઘો વહોરાવ્યો, ભાઈએ તથા દિવ્યાબેને કામળી વહોરાવી. દીક્ષાર્થીને પૂ. આચાર્યદેવ શ્રી વિજય

ભક્તિ સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે ઓઘો અપાતાં એ નાચી ઉઠ્યા. નાણની ચારે બાજુ સ્ટેજ પર નાચતા નાચતા ફર્યા ત્યારે જનતાના છાતીના પાટિયાં જ બેસી ગયાં કે 'હાય' ! મારા બાપ ! આ રમણીઓને લોભાવે એવો રૂપાળો કનૈયો ગ્રેજ્યુએટ સંસાર છોડે છે ? પછી મુંડન સ્નાન વિધિ અને મુનિવેશ પરિધાન અર્થે બિપિનભાઈને લઈ જવામાં આવ્યા. સભામાં દીક્ષાના બાકીના ઉપકરણોની લગભગ રૂા. નવ હજારની ઉછામણી થયા બાદ શ્રી ચતુરભાઈ તથા રસીકભાઈએ દીક્ષા ગીત ગવરાવ્યું.

સાધારણ ખાતાની તથા જીવદયાની માતબર ટીપો થઈ. પૂજ્યશ્રીએ વૈરાગ્ય પ્રેરક પ્રવચન આપ્યું. મુનિવેશમાં બિપિનભાઈ મંડપમાં પધારતાં સભામાં જયજયકારના ધ્વનિએ ગગન ગજવ્યું. શુભ મુહૂર્તે લોચ તથા જીવનભરના સામાયિકની પ્રતિજ્ઞા થઈ. બાકી વિધિમાં ચારે બાજુ નાણને ૩ પ્રદક્ષિણામાં ચતુર્વિધ સંઘે નવ દીક્ષિતને વાસક્ષેપ તથા અક્ષતથી હરખભેર વધાવ્યા. પછી નવદીક્ષિતનું નામ **મુનિશ્રી વરબોધિ વિજયજી** રાખી એમને પૂ. આ. શ્રી વિજયભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન તપસ્વી મુનિશ્રી મણિપ્રભવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરાયા. સકલ સંઘે વંદન કર્યા બાદ ઉપકરણો વહોરાવ્યા. વાજતે ગાજતે જિનમંદિરે પધાર્યા. ઘડીભરમાં થયેલા આ ગજબનાક વેશપલટા અને જીવનપલટાએ લોકોનાં લોચન આશ્ચર્યથી ચમકાવી દીધાં અને અશ્રુભીનાં કરી દીધાં, આ પ્રસંગોમાં શ્રી સાધ્વીજી શ્રી તીર્થશ્રીજી મહારાજ અત્રે સપરિવાર ઉપસ્થિત હતા તથા દીક્ષાર્થીના કુટુંબીઓના ભારે આગ્રહથી અમદાવાદથી ઉગ્ર વિહાર કરી પૂ. સાધ્વીજી હંસકીર્તિશ્રીજી મહારાજ પણ સપરિવાર પધારેલા.

મંગલ તપની ઉજવણી :

બીજે દિવસે પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મહારાજને વર્ધમાન આંબેલ તપની ૧૧૦મી ઓળીનું પારણું થયું. એ નિમિત્તે શ્રી ચંદુભાઈએ ચતુર્વિધ સંઘને ઘરે તેડી ૧-૧ રૂા. થી સંઘ પૂજન કર્યું.

વસમી વિદાય :

એકંદરે નડિયાદમાં કોઈ અભૂતપૂર્વ અનેરા ઉત્સાહથી દીક્ષા પ્રસંગ ઉજવાયો. પૂ. નૂતન મુનિશ્રીનો અવર્ણનીય ઉછરંગ હતો. એમની મુખ મુદ્રા પર દેખાતું કે ક્યાં કૉલેજિયન જીવનની મજા ! ને ક્યાં ત્યાગ જીવનની મજા ! પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરિ મહારાજે નૂતન દીક્ષિતના ઘરેથી અમદાવાદ તરફ માગશર સુદ ૧૩ બપોરે વિહાર કર્યો ત્યારે નડિયાદ સંઘે અને દીક્ષિતના સંસારી

પક્ષે કુટુંબીઓએ અશ્રુ ભીની આંખે વિદાય આપી. અહીં નડિયાદમાં શ્રી સાબરમતી સંઘ આગ્રહ ભરી વિનંતી કરવા આવેલ તેથી પૂજ્યશ્રી સપરિવાર પૂ. આ. શ્રી વિજય માનદેવસૂરીશ્વરજી મહારાજ આદિ સાથે માગશર વદ ૪ સાબરમતી પધારશે. વિહારમાં ઈન્દોરના ભાઈઓ શ્રી મીઠાલાલજી વગેરે નૂતન ઉપાશ્રયમાં પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજના ચોમાસા માટે આગ્રહપૂર્વક વિનંતી કરવા આવેલા.

પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં મહામાસમાં નૂતન ઉપાશ્રયના ઉદઘાટન તથા ચોમાસા માટે કાળુશીની પોળના સંઘની અતિ આગ્રહભરી વિનંતી છે. ભાવનગર, જીરાવલાજી તથા વરકાણામાં શિબિર અર્થે પણ વિનંતીઓ છે. નડિયાદમાં સુ ૭ થી રાત્રે ચાર દિવસ પૂ. પ્રભાવક પ્રવચનકાર આચાર્યદેવના **'જીવનનું લક્ષ્ય'** એ વિષય પર જાહેર પ્રવચનો થયા. એનો જૈનજૈનેતરોની વિશાળ મેદનીએ લાભ લીધો. મૌનએકાદશીની આરાધના કરી. આજુબાજુના ગામડાના સંઘોની આગ્રહભરી વિનંતી હોવાથી ઉલ્લાસભેર સામૈયા સાથે પાડગોલ, મહેલાવ, કરોલી, રામોલ, વસો, ખેડા, બારેજા થઈ અમદાવાદ જ્ઞાનમંદિરે એક દિવસ કરી સાબરમતી પધાર્યા.

પૂજ્યશ્રીના ત્યાગવૈરાગ્યભર્યા મોહનિદ્રામાંથી જગાડી દેતા પ્રવચનો સાંભળવા જૈનો ઉપરાંત જૈનેતરો ઉમટી પડતાં. કરોલીમાં ગૃહમંદિર કરવાનો નિર્ણય લેવાયો, એક દિવસમાં બે બે, ત્રણ ત્રણ પ્રવચન થતા. સાબરમતીમાં નૂતન પાંચ આચાર્ય ભગવંતોની આચાર્યપદની અનુમોદનાર્થે શ્રીસંઘ તરફથી પંચાન્હિકા મહોત્સવ થયો. પાંચ આચાર્યદેવોનું દબદબાભર્યું સામૈયું થયું હતું.

• બારેજાના આંગણે ઉજવાયેલી ભવ્ય દીક્ષા •

રાજસ્થાનના રાણીગામના મુમુક્ષુ શ્રી મિશ્રિમલજી (ઉં.વ. ૫૨)ની બારેજા સંઘના અમાપ ઉત્સાહ વચ્ચે મા. સુ. પના પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મહારાજના હસ્તે દીક્ષા થઈ. ત્યાંના ભાવનાશીલ સંઘના આગેવાનોએ કોણ જાણે આપણે ક્યારે દીક્ષા લઈશું અને આપણા સંતાનોને અપાવશું. પણ આ શુભ અવસર મળ્યો માટે લાભ લઈએ એવા શ્રેષ્ઠ ભાવથી ઉપકરણોની બોલી બોલીને લાભ લઈએ એવા શ્રેષ્ઠ ભાવથી ઉપકરણોની બોલી બોલીને લાભ લીધો. રૂા. ૮૫૦)ની ઉપજ થઈ. તેઓને પૂજ્યપાદ પ્રભાવક પ્રવચનકાર આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મ.ના શિષ્ય તરીકે જાહેર કરી, **પૂ. મુનિશ્રી માનહંસવિજયજી મહારાજ** નામ

રાખવામાં આવ્યું.

ભવ્યાત્મા મિશ્રિમલજી લગ્ન પહેલાથી જ સંયમના અનુરાગી હતા. પણ કર્મયોગે લગ્નગ્રંથીથી જોડાયા. બાદ દાદર (મુંબઈ) મુકામે બાર વર્ષ પૂર્વે પૂ. પંન્યાસ પ્રવર શ્રી પદ્મવિજયજી ગણિવર્યના ઉપદેશથી પાછો સંયમનો વીર્યોલ્લાસ જાગ્યો. ૨-૩ વાર પ્રયત્ન કરવા છતાં ચારિત્ર માર્ગે જવામાં જોઈએ તેવી કુટુંબની અનુકૂળતા ન મળી. આ વખતે પૂ. આચાર્ય ભગવંત પાસે વિનંતી કરતા બારેજા મુકામે દીક્ષા થઈ. ત્યાર બાદ આણંદ મુકામે તેમના પુત્ર વગેરે કુટુંબીઓ આવ્યા. મોહના કારણે થોડું દુઃખ થયું પણ પણ ધર્મપ્રેમી હોવાથી અંતે રાજી થઈ તેમના તરફથી આણંદ સંઘમાં ઘર દીઠ રૂપીયાની અને નડીયાદ સંઘમાં ઘર દીઠ શ્રીફળની પ્રભાવના કરી.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૧,અંક-૧૯,તા.૨૭-૧-૧૯૭૩

મહારાષ્ટ્ર અમલનેરમાં પ.પૂ.પં. મહાતપસ્વી શ્રી ત્રિલોચનવિજયજી મહારાજની આચાર્યપદવી ઉજવણીના સંસ્મરણ

સ્વર્ગસ્થ પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના મહાન તપસ્વી સંયમમૂર્તિ શિષ્યરત્ન પૂજ્ય પંન્યાસ શ્રી ત્રિલોચનવિજયજી મહારાજ જેઓશ્રીએ અત્યારસુધીમાં લગભગ ૧૨૫ અઠ્ઠાઈઓ, કેટલીય વાર ૧૬-૧૬ ઉપવાસ તેમજ એક વરસમાં ૪ વખત ૩૨-૩૨ ઉપવાસ કરેલા અને એમાંથી નિશીથ જેવા ગંભીર શાસ્ત્રસુધીના સ્વાધ્યાય કરેલા. જેઓશ્રીની સંયમ-સાધના અન્ય મુનિઓને આદર્શરૂપ ચાલી રહી છે. એવી જ જેઓશ્રીએ આદર્શ ગુરુ-સેવા કરી છે. અને આજે જેઓ ખાનદેશ મહારાષ્ટ્રના સંઘોને અદ્‌ભુતધર્મ-પ્રેરણા આપવા સાથે જિનમંદિર-પ્રતિષ્ઠાદિ કાર્યોમાં પ્રબળ પ્રેરક બની રહેલ છે. એઓશ્રીને માગશર સુદ બીજના રોજે અમલનેરમાં આચાર્યપદારોહણની વિધિ કરતા બાજુના ચિત્રમાં દૃષ્ટિગોચર થાય છે.



બાજુમાં ચિત્રમાં પૂજ્ય પંન્યાસજી ત્રિલોચનવિજયજી મહારાજને આચાર્યપદ અર્પણ કરાતી વખતે અમલનેરવાસી મહારાષ્ટ્રના ભડવીર આગેવાન શ્રીયુત નેમિચંદ મિશ્રીમલ કોઠારી એકત્રિત જંગી મેદનીને પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રીનો જીવન-પરિચય આપી રહ્યા દેખાય છે. પૂજ્યશ્રીનું આ કાળે અદ્‌ભુત આરાધનામય સંયમજીવન વર્ણવતાં નેમિચંદજી પોતે અને સભા પણ ગદ્‌ગદ બની રહી છે.



બાજુના ચિત્રમાં પૂ. પંન્યાસ શ્રી પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયત્રિલોચનસૂરિજી બન્યા પછી ત્યાં ઉપસ્થિત થયેલ માનવ મેદનીને સંવેગ-વૈરાગ્ય ઝરતું પ્રવચન આપી રહેલા દેખાય છે. મહારાષ્ટ્રના અનેક ગામ-નગરોમાંથી આવેલા ભાવિકો આ આચાર્યપદ-પ્રદાન ઉપર ધન્યતા અનુભવી રહેલ છે.

અત્રેના શ્રી શિતલનાથસ્વામી જૈન મંદિર આગળના વિશાળ પટાંગણમાં પદવીપ્રસંગ ઊજવાયેલ. આ નિમિત્તે રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળેલ. અમલનેરમાં જ પ્રસંગ ઊજવાય એ માટે સંઘને ઉત્સાહ અમાપ હતો. પ્રસંગ પર ઘણા સંઘોના પ્રતિનિધિઓ આવેલ. પદવી થયા બાદ દેવસી માલા તરફથી શ્રીફળની પ્રભાવના થયેલ. સુદ-૩ ના રોજે શ્રી નેમિચંદજીએ પૂ. આચાર્યદેવશ્રી સહિત સંઘને પોતાને આંગણે પધરાવી ગુરુપૂજન-સંઘપૂજન કરેલ. શ્રી મણિલાલ ભાગચંદના કુટુંબીઓ તરફથી શ્રી સિદ્ધચક્રપૂજન ભણાવાયેલ.



પરમપૂજ્ય પરમતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજની ૧૦૪મી વર્ધમાનતપ-ઓળીની ભવ્ય ઉજવણી

અમદાવાદ : નારણપુરા ચાર રસ્તા આજે છેલ્લા ૨૦-૨૨ દિવસથી જિનેન્દ્રભક્તિના એક પછી એક ત્રણ ઉત્સવથી ઈન્દ્રપુરી જેવું બની ગયું છે. અમદાવાદના જૈનોની મીટ નારણપુરા ભણી મંડાયેલી છે. સં. ૨૦૨૯ના મહા સુદમાં પૂ.આ.ભ. **કૈલાસસાગરસૂરીશ્વરજી** મ. ની નિશ્રામાં **અંજનશલાકા** પ્રતિષ્ઠાની મહોત્સવની શાનદાર ઉજવણી થયા પછી મહા વદ ૯થી પૂ.તપોનિધિ આચાર્યદેવ(ભુવનભાનુસૂરિજી)ની ૧૦૪મી ઓળીની નિર્વિઘ્ને પૂર્ણાહુતી તથા દીર્ઘસંયમી વાગડ સમુદાયમાં વડીલ સુશીલસાધ્વીરત્ન **ઉત્તમશ્રીજી** મ. (ઉં.વ. ૮૫) સમાધિપૂર્ણ સ્વર્ગવાસ નિમિત્તે મહોત્સવનો પ્રારંભ થયો. મહા વદ ૧૩ના પૂ.આ.ભગવંતની ભવ્યસ્વાગત સાથે પધરામણી થઈ. જુદા જુદા મંડળોએ ભાવના તથા પૂજામાં પ્રભુભક્તિની રમઝટ જમાવી. પૂ.આ.દેવનાં ત્યાગ વૈરાગ્ય અને

ધર્મભાવનાની છોળો ઉછાળતા પ્રવચનો શરૂ થયા.

પૂ.આ.ભગવંતની ૧૦૪મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગને અનુલક્ષીને મહા વદ ૦)) ના વ્યાખ્યાનમાં તપોનિધિ પૂ.આ.ભગવંતના સકલસંઘ સાથે પાવન પગલાં. સંઘપૂજનાદિ માટે પાંચ ઉછામણી બોલાઈ હતી. તેમાં સૌથી પહેલા સુશ્રાવક ભોગીલાલ સુખલાલ, શીવાભાઈ મણીલાલ બહિયલવાળાએ અનુપમ સોસાયટીમાં ઘરઆંગણે વાજતે ગાજતે સકલસંઘની પધરામણી કરાવી સંઘપૂજાનો લાભ લીધો. ત્યાંથી ક્રમશઃ (૨) શા. રસિકલાલ મોહનલાલ (૩) શા. કાંતિલાલ દલસુખરામ (૪) શા. મગનલાલ ભોગીલાલ (૫) નગરશેઠ વિમલભાઈ મયાભાઈને ત્યાં પૂ. ગુરુદેવાદિ સકલસંઘના પગલા પૂજનાદિ થયું. પારણા નિમિત્તે આજે જ્ઞાનમંદિર, શાંતિનગર, દશાપોરવાડ સોસાયટીથી ઘણા મુનિવરો તથા શહેર તેમજ સોસાયટી એરિયામાંથી વિશાલ શ્રાવક-શ્રાવિકાગણ આવેલ, મુનિવરોએ ઓળીઓ, આયંબિલ ૧૦૪ કલાક મૌન, ૧૦૪ શ્લોક ગોખવા, ૧૦૪ દિવસ મુનિઓને ઊભા ઊભા વંદન. સમ્મતિતર્કાદિ વાંચવું, નિશીથ સૂત્ર ગોખવું દ્રવ્ય સંક્ષેપ વગેરેના અભિગ્રહો લઈ પારણું કરાવ્યું.

પૂજ્યશ્રીની ૧૦૪મી ઓળીની ઉજવણી નિમિત્તે **નવ લાખ** નમસ્કાર મહામંત્ર આરાધના પ્રભાવક સમિતિએ એક વિશિષ્ટ પ્રસંગ યોજ્યો હતો. વ્યાખ્યાન સમયે જેઓએ પૂર્વે ૯ લાખ જાપના અભિગ્રહ લીધા હતા તેઓનું બહુમાન કરવું (બી.એ.શાહ એન્ડ કું. મુંબઈ તરફથી) અને ૧૦૪ નવા અભિગ્રહધારકો નારણપુરા સંઘમાં થાય એવી ટહેલ નાખી.

મહા વદ ૧ના પૂજ્યશ્રીનું સુખ શાતાપૂર્વક પારણું થયા બાદ સંવેગ વૈરાગ્ય નિતરતી ધર્મદેશના આપી. ત્યારબાદ સંઘનો ઉલ્લાસ વધતા ગુરુપૂજનની બોલી બોલાઈ. ૧ લું પૂજન ખંભાતવાળા શાંતિલાલ વકીલે, ૨ જુ પૂજન શા. અમૃતલાલ હરગોવનદાસે, ૩ જુ પૂજન શા. રમણલાલ વજેચંદભાઈએ કર્યું છે. ૧૦૪થી અધિક નવા અભિગ્રહધારકોને બાદ સુરેશચંદ્ર સી. શાહે નવકારની ધૂન ગવરાવ્યા બાદ ખંભાત નિવાસી શાંતિભાઈ વકીલના હસ્તે પહેલાના અભિગ્રહ ધારકોનું રૂપીયો શ્રીફળથી બહુમાન થયું. આજે અષ્ટોત્તરીસ્નાત્ર નગરશેઠ વિમલભાઈ મયાભાઈ તરફથી હતું. તેમના વિશાળ કુટુંબ ઉપરાંત શ્રેણીકભાઈ કસ્તુરભાઈ, રમણલાલ દલસુખભાઈ વગેરે સગા-સ્નેહી સંબંધીઓએ પણ સારી સંખ્યામાં લાભ લીધો હતો. રાત્રે શેઠ રમણભાઈ દલસુખભાઈના પ્રમુખપદે દીક્ષાર્થી બેનો અમિતાબેન તથા પૂર્ણિમાબેનના અભિનંદનનો મેળાવડો યોજાયો હતો. મહા વદ ૨ના શુભ દિવસે બે બેનોની દીક્ષાનો મહોત્સવ શરૂ થયો. સવારે ૮-૩૦ કલાકે પાઠશાળાનો મેળાવડો

શા. વનેચંદ જવાનમલના પ્રમુખપદે યોજાયો. ૯-૩૦ કલાકે પાલણપુરમાં ગતવર્ષે પૂ.આ.દેવના હસ્તે જે દંપતીની દીક્ષા થઈ હતી. તેમાંના સા. ભવ્યનંદાશ્રીજીની વડીદીક્ષા થઈ. બપોરે સિદ્ધચક્રપૂજન ભણાવાયું. આજે રાત્રે વિજયનગર સોસાયટીના જૈનસંઘની વિનંતીથી વ્યાખ્યાનનો લાભ ત્યાં આપવામાં આવ્યો. વદ ૩ ના નમિઉણ પૂજન, વદ ૪ ના વર્ષીદાનનો વરઘોડો વદ પના બે બેનોની દીક્ષાના પ્રસંગો ખૂબ વધારે ઉલ્લાસે ઉજવાયા.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૧,અંક-૩૨,તા.૫-૫-૧૯૭૩

ગુરુમંદિર-પાલીતાણા : અત્રે મહારાષ્ટ્ર ભવનમાં નાસિક નિવાસી શા. કેશવલાલ મગનલાલ તથા સ્વ. શા. ચંદુલાલ વીરચંદના કુટુંબીજનો તરફથી પ્રખરવક્તા પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજીની નિશ્રામાં વૈશાખ સુદ ૩ ના શુભ મુહૂર્તે સિદ્ધાંતમહોદધિ, વાત્સલ્યવારિધિ, સચ્ચારિત્ર વિશુદ્ધમૂર્તિ, કર્મશાસ્ત્રનિપુણમતિ, સંઘકૌશલ્યાધાર, જિનશાસન શિરતાજ, ભવોદધિતારક, ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબશ્રી**ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાનો ભવ્ય સમારોહ શ્રી સિદ્ધચક્રપૂજન સાથે ઊજવવાનું નક્કી થયું છે. એ નિમિત્તની શ્રી સંઘ નિમંત્રણ પત્રિકામાં જણાવવામાં આવ્યું છે કે સકલાગમરહસ્યવેદી, પરમગીતાર્થ, જ્યોતિર્વિદ્ સ્વ. આચાર્ય ભગવંત વિજય દાનસૂરીશ્વરજી મહારાજા સાહેબના પટ્ટાલંકાર, તપાગચ્છ ગગનદિનમણિ, વાત્સલ્યમૂર્તિ પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબ વિ.સં. ૨૦૨૪ ના વૈશાખ વદિ ૧૧ શનિવારની રાત્રિએ સ્વજીવનનો અંત સમય પામી જઈને સર્વને ખમાવી લેતાં, ચતુઃશરણાદિનું શ્રવણ કરી લઈને અંતે સ્વમુખે વીર... વીર... વીર...જપતાં જપતાં અદ્ભુત સમાધિપૂર્વક ૧૦ કલાકને ૪૦ મિનિટે ખંભાતનગરે કાળધર્મ પામી ગયા ! જ્યાં જ્યાં એ સમાચાર જતા ગયા ત્યાં ત્યાં ધરતીકંપના કડાકાને પણ વામણો બનાવી દે એવા વજ્રઘાતશા ભયાનક કડાકા ભાવુકભક્તજનોના અંતરમાં બોલાઈ ગયા. સમસ્ત મહારાષ્ટ્ર ઉપર તો તેઓશ્રીનો અનુપમ ઉપકાર હતો. તેઓશ્રીના સુવિનીત શિષ્યરત્નોને વર્ષો સુધી મહારાષ્ટ્રમાં વિહાર કરાવીને મહારાષ્ટ્રની પ્રજાની આધ્યાત્મિક કાયાપલટ કરી નાંખી હતી. આ કૃપાલુ ભગવંતનો ઉપકાર મહારાષ્ટ્રના તમામ સંઘો કદી પણ વિસરી શકે તેમ નથી.

જગદ્ગુરુ ભગવંત હીરસૂરીશ્વરજી મહારાજે ચતુર્વિધ સંઘની જે વાડીને

લીલીછમ બનાવી હતી તેની ઉપર થયેલા અનેક હિચકારા બાહ્યાભ્યંતર આક્રમણોએ એને ખેદાનમેદાન કરી નાખી હતી. પોતાના પરમ પૂજનીય ગુરુદેવની મહતી કૃપા પ્રાપ્ત કરીને આ સૂરિદેવ એ વાડીના અનેકોમાંના રખેવાળ બન્યા. એમણે રખોપું આદર્યું. શાસન સુરક્ષાના એ ભગીરથ કાર્ય તેઓશ્રીએ ઉગ્ર સંયમધર્મની આરાધના આરાધી આજીવન કેરી ત્યાગ, તમામ ફળો, સૂકોમેવો, તમામ મીઠાઈઓ વગેરેનો ૫૦ વર્ષથી ત્યાગ કર્યો. એકાશન તપનું ૬૦ વર્ષ સુધી લગાતાર આરાધન કર્યું. બળબળતા બપોરે ધોમધખતી રેતીમાં ઉઘાડા પગે આરામથી ચાલવાની આશ્ચર્યજનક સિદ્ધિ પ્રાપ્ત કરી. રાત્રે ૨॥ વાગે ઊઠી જઈને કલાકો સુધી કર્મના, તત્ત્વજ્ઞાનના અનુપમ સ્વાધ્યાય આત્મસાત્ કર્યા; ભક્તજનોથી પણ સદૈવ વેગળા રહ્યા. મેલાઘેલાં કપડાંના પ્રેમી બન્યા. આધ્યાત્મિક બળના સુવિશુદ્ધ સંયમ ધર્મની સફળ સાધના આરંભાઈ ! પછી તો પૂછવું જ શું ? અધ્યાત્મબળનો સ્વામી એ પારસમણિ જેને જેને સ્પર્શ્યો એ બધાય સુવર્ણ બની ગયા; જલી ગયેલો એ દીપ, બુઝાયેલા જે જે દીપને અડ્યો એ દીપો પણ જલી ગયા. જેની જેની ઉપર એની અમોઘ કૃપા ઊતરી એ બધાયના પુણ્યના કે પાવિત્ર્યના જીવનને આસમાને ચડાવ્યા ! એવા અનેકોને શાસન સુરક્ષાનું રખોપું સોંપીને એ મહાન રખોપો સ્વર્ગલોકમાં સિધાવી ગયો.

એ સદૈવ સ્મરણીય ગુરુમાતાએ ભારે કષ્ટવેઠીને પ્રાપ્ત કરેલા વિશુદ્ધ સંયમ બળથી કેટલાયના જીવનમાં વિધવિધ પ્રકાશ પાથરી દીધા છે. આજે પણ એ ગુરુદેવ પોતાના સેંકડો હાથે શાસનનું સુકાન સંભાળી જ રહ્યા છે ને ? સેંકડો હૃદયે ભગવદ્ ભક્તિના ગીત ગાઈ જ રહ્યા છે ને ? સેંકડો મુખે જિનવાણીની ગંગોત્રી સર્વત્ર વહાવી જ રહ્યા છે ને ? નહિ વિસરાય હજારો વર્ષો સુધી એ વાત્સલ્યમૂર્તિ, શાસનસંરક્ષક સુવિશુદ્ધ સંયમધર મહામનાનો એ વિરાટ આત્મા કદી નહીં વિસરાય, શત શત માંગલ્યોથી ભરેલી એમની સેવા !

શાસનપતિ મહાવીર દેવના શાસનના એ પનોતા પુત્રને સહુ શિર ઝુકાવીને પ્રણામ કરશે અને બોલી ઊઠશે કે, "હડહડતા કળિકાળમાં પણ બળ તો સંયમનું જ, સંયમધરોનું, જિનાજ્ઞાની વફાદારીનું જ." ૨૦-૨૧ સદીના ઈતિહાસકારોને પણ આ મહામાનવની નોંધ લેવી જ પડશે. અન્યથા એ ઈતિહાસ અપૂર્ણ બની રહેશે. એ સંયમપૂત મહાત્માના મહાસંયમની ગૌરવ ગાથાને સંયમધર્મના પ્રેમીઓ લલકારીને જ વિશુદ્ધિના પંથે કદમ બઢાવશે.

વીર... વીર...ના નાદ સાથે પ્રાણ મૂકતા ઓ કૃપાલુ આચાર્ય ભગવંત, પ્રેમસૂરીશ્વરજી ! મહારાષ્ટ્ર જૈનસંઘનો પ્રત્યેક નાગરિક આપના સંયમપૂત, વાત્સલ્યપૂત આત્માને આ પળે અંતરથી નમસ્કાર કરે છે.

આવા અસીમોપકારી સ્વ. સૂરિવર અમારા હૈયે તો પ્રતિષ્ઠિત થયા જ હતા. પરંતુ એક એવો સુંદર યોગાનુયોગ બની ગયો, જેથી ગુરુમંદિરના નિર્માણની ભાવના અમારા અંતરમાં જાગી. પૂ. પાદ શાસનપ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ, ગચ્છાધિપતિ આ. ભગવંત શ્રીમદ્ રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્યરત્ન મહારાષ્ટ્ર દેશમાં લગભગ વીસ વર્ષ સુધી વિહાર કરીને ત્યાંની જનતાના રોમરોમમાં ધર્મનો પ્રાણ ધબકતો કરી ચૂકેલા; ૩૩ ક્રોડ નમસ્કારમંત્રના આરાધક; સંયમમૂર્તિ સ્વ. સૂરિદેવના અનન્ય ગુરુભક્ત પૂ. પાદ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ યશોદેવસૂરીશ્વરજી મહારાજા સાહેબ અને તે કૃપાલુના પરમવિનેય; ઘોર તપસ્વીરત્ન, હાલમાં મહારાષ્ટ્રમાં આબાલ ગોપાલમાં ધર્મશાસનની અહાલેક જગાડી રહેલા, પૂ. પાદ આ. દેવ શ્રીમદ્ ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજા સાહેબે; સ્વ. સૂરિદેવના સ્મારક માટે અમને પ્રેરણા કરી. અને અમે બંનેએ એ ઉપકારી સૂરિભગવંતોની પ્રેરણાને વધાવી લીધી. આજે હવે તે કલ્પના મહારાષ્ટ્ર ભુવનમાં ગુરુમંદિરના રૂપમાં સાકાર બની ચૂકી છે. વિ.સં. ૨૦૨૯ ના વૈ. સુ. ૩ ના શનિવારે સવારે ક. ૧૧-૧૧ મિનિટે મહારાષ્ટ્ર ભુવનમાં બનેલા ભવ્ય ગુરુમંદિરમાં સ્વ. સૂરિદેવની મૂર્તિની પ્રતિષ્ઠા એ જ સ્વ. સૂરિદેવના પ્રખરવક્તા શિષ્ય મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબના શુભહસ્તે કરાવવાનો અમે નિર્ણય કર્યો છે.

આ પુણ્ય પ્રસંગે આપ સહુ સપરિવાર અવશ્ય પધારશો એવી અમે આશા રાખીએ છીએ.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૧,અંક-૪૦,તા.૭-૭-૧૯૭૩

ભાવનગરની પુનઃ પ્રારંભાયેલ અદ્‌ભુત સામાયિકશાળા

અત્રે દર રવિવારે ૬૦૦-૭૦૦ છોકરાઓની સમૂહ સામાયિકશાળા સુંદર ચાલી રહી હતી. તે માનદ્ સંચાલક શિબિર વિદ્યાર્થી શ્રી રાજુભાઈને અઘટિત ઠપકા-આક્ષેપો મળતાં બંધ કરવી પડેલી. પરંતુ સંઘના આગેવાનોની ખૂબ પ્રેરણા-પ્રોત્સાહન મળવાથી ફરીથી સામાયિકશાળા ચાલુ થઈ. એ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.ને લખે છે કે,-

મંગલરંગ વધે જિનધ્યાને, પાપવેલિ જાયે કરમાઈ;
શીતલતા પ્રગટે ઘટ અંતર, મીટે મોહકી ગરમાઈ.
- પ્રભુ પાર્શ્વજિણંદ સુખદાયી.

વિશ્વના પ્રાણીમાત્રના પરમ હિતસ્વી શ્રી અરિહંત પરમાત્માની વિશ્વશ્રેયની પ્રકૃષ્ટ ભાવના અને પ્રબળ સંકલ્પના પ્રભાવે અરિહંતકૃપાએ અંતરની અભિલાષા ફળી. ધારણા મુજબ પુનઃ **સ્થાપના અભૂતપૂર્વ થઈ.** પ્રભાતે ભવ્ય ઠાઠભરી નીકળેલ પ્રભાતયાત્રાએ અને ઊમંગે ચઢેલા બાળકોએ તો ગજબ કરી નાખ્યો. ભલભલા વરઘોડાને ય પાણી ભરે એવી અદ્‌ભુત-ભવ્ય પ્રભાતયાત્રા નીકળેલ.

સામુદાયિક-સામાયિક નીરખવાનો પ્રસંગ પૂ. આચાર્યદેવશ્રીના જીવનમાં તો પ્રથમ જ હતો. વિશાળ સંખ્યા-અદ્‌ભુત આયોજન-ભાવપૂર્ણ નવકારધૂન આદિ નીરખતા આચાર્યદેવશ્રી પણ મૌન મંત્રમુગ્ધ બન્યા વિના નહિ જ રહ્યા હોય. વાતાવરણ અદ્‌ભુત હતું. જે પ્રભાવકતાથી પ્રારંભની ભાવના હતી તે પરમાત્મ સુપસાયે ફળીભૂત બની.

'સમૂહ-સામાયિક'માં પ્રવચન સમયે તો **શ્રી હીરાલાલ જુઠાલાલ શાહે** બહુ જ ખુલ્લા દિલે અને મુક્તકંઠે પ્રવૃતિની પ્રશંસા કરતાં એમણે પ્રવૃતિને ન સમજી શકનાર ઉપર આડકતરી રીતે કઠોર પ્રત્યાઘાતો આપી દીધા. લાગણીસભર તેઓએ ત્યાં સુધી કહી નાખ્યું કે "છ આઠ મહિના બંધ રહ્યું તેમાં શું કારણ છે તે તો હું સ્પષ્ટ જાણતો નથી પણ આ પ્રવૃત્તિ ચલાવવા અન્ય કોઈ શક્તિમાન નથી તે તો નિશ્ચિત થાય છે જ. ભવિતવ્યતાની આંધીએ બધું થઈ ગયું પણ છઃ મહિના બંધ રહ્યું એ ય એક કસોટી કાળ હતો. સુવર્ણની રૂપે જ સવાઈ તેજસ્વિતા અને વધુ લોકપ્રિયતા સાથે બહાર પડ્યું છે. **છઃ આઠ મહિના પછી ય પ્રવૃત્તિ કાજેની સમાજની પ્રબળ માંગ એ જ પ્રવૃત્તિની અદ્‌ભુતતાનો સજ્જડ પુરાવો છે. હું તો કહું છું કે પ્રવૃત્તિના બંધ પડવાથી જ પ્રવૃત્તિની મહત્તા અને આવશ્યક્તાનો ગહરો ખ્યાલ સમાજ અને આગેવાનોને મળેલ છે.**" વગેરે વગેરે...

શેઠશ્રી ભોગીલાલ મગનલાલે ય પ્રવૃત્તિ બંધ રહ્યાનો અને વલણનો ખેદ દર્શાવ્યો. લગભગ કલાકેક ચર્ચા થઈ એમાં કહેલ કે આ ગંભીર ભૂલ છે. શું રામચંદ્રસૂરિ કે એ કોઈ જ્ઞાની યા સાધુ નથી ? આવી મતાગ્રહ ન જ ચાલી શકે. વગેરે વગેરે. તથા **પ્રવૃત્તિને અભિનંદનપત્ર આદિ મોકલાવેલ. એમના તરફથી બાળકોને બોલપેન-૧ ભેટ આપવામાં આવેલ.**

દેરાસરોમાં ખાસ તૈયાર કરેલા સામાયિક મંડળના વિશાળ સુશોભિત બોર્ડો અને તેમાં રહેલ ભાવી પેઢીના ઉર્ધ્વીકરણાર્થેના મૌલિક લખાણો વાંચવા માણસોની ઠઠ જામતી. સારા ય ગામમાં સામાયિક મંડળ, સામાયિક મંડળ જ સાંભળવા મળતું. પાઠશાળાને પાંચ દિવસ સિરિઝો-ઘીનાદીવા-ફૂગા-તોરણ આદિથી ભવ્ય

શણગારાયેલ. 'આ તો આવ્યા રે અવસર આનંદના' પ્રતિષ્ઠાનો પ્રભાવ પણ ખૂબ ન્યારો પડ્યો.

સામાયિક મંડળ પૂર્વવત્ શરૂ થશે એવી જાહેરાત માત્રથી જ બાળકોનો તથા સમસ્ત સંઘમાં ઉલ્લાસ અવર્ણનીય હતો. ગામમાં નવું જ આનંદસભર વાતાવરણ સર્જાયેલ. ત્યારબાદ વૈશાખ વદ ૩ની એક બહેનની દીક્ષા પણ ભવ્ય ઠાઠથી ઉજવી. તેમાં રથયાત્રાનો વરઘોડો બાળકોની વિશાળ સંખ્યાથી જ ત્રણ ગણો લાંબો થઈ ગયેલ. રથયાત્રામાં બાળકોને વિવિધ સૂત્રો દ્વારા (માઈક ગાડી પર) ગામ ગજાવેલ.

પ.પૂ.આ.શ્રી પ્રભવચંદ્રસૂરીશ્વરજી મ.સા. (વિજય કેશરસૂરિજીના સમુદાયમાંથી) આદિની નિશ્રામાં **'સમૂહ-સામાયિક' ભવ્ય આયોજાયેલ. આઠસો કિશોરો** પીન ડ્રોપ સાયલેન્સ-સુવ્યવસ્થિત આયોજન-શહેનાઈવાદન સહ નવકાર ધૂન **મહામંત્રની એકી હલકે પ્રાર્થના...** આ બધું જોઈ તેઓશ્રી ખૂબ જ આશ્ચર્યચકિત બની ગયેલ. એમણે પ્રવચનમાં ખૂબ જ હૃદયપૂર્વક નિર્દેશ કરેલ, કે મારા જીવનમાં આવી અદ્વિતીય પ્રવૃત્તિ પ્રથમ જ નીરખી રહ્યો છું. અમો ગામો-ગામ વિહાર કરશું ત્યાં આની મુક્તકંઠે પ્રશંસા કર્યા વિના અમારાથી રહી શકાશે નહિ. વગેરે... વગેરે...

પ.પૂ.આ.શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા. પણ ખૂબ જ ખુશ થયેલ. પ્રવૃત્તિ બંધ પડ્યાનો તેઓશ્રીને ખૂબ જ ખેદ થયેલ. પ.પૂ.મુનિભગવંતશ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ને પણ પ્રવૃત્તિની પ્રભાવકતા અને બંધ પડ્યાની વાત સાંભળવા મળતાં ખૂબ જ આશ્ચર્ય થયેલ. પ્રવૃત્તિનો સમસ્ત અહેવાલ તેઓને ભાવનગરના કેટલાય શ્રાવકોના મુખેથી શિહોર ઓળી પ્રસંગે જાણવા મળેલ. તેઓને હું મળેલ ત્યારે ખૂબ જ ખુશી થયેલ. કેટલીય ચર્ચાઓ થઈ. પ્રથમ જ સંપર્ક તેઓશ્રીની સાથે થયો. પ્રવૃત્તિને સારો એવો સહયોગ અને વેગ આપવા પૂજ્યશ્રીએ ભાવી આશા આપેલ છે.

ભાવી આયોજનો અને નવું નવું કરવાની મહત્ત્વાકાંક્ષાઓ વધતી જાય છે. આર્થિક સહયોગની સારી એવી આવશ્યકતા છે. વરઘોડા માટે વિશિષ્ટ પ્રકારના કિંમતી બોર્ડ બનાવવા છે. સંગીતકલાસ-સ્નાત્રમંડળ અને સામાયિક-મંડળ બેન્ડ કલાસ ખોલવા ય ભાવના છે. પાંચ તિથિ પ્રતિક્રમણ મંડળ તો અલ્પ સમયમાં જ શરૂ થઈ જશે. સવારના સામાયિકશાળા જે ખાલી પડી રહેતી ત્યાં ૮૦ થી ૯૦ બાળકો રોજ સામાયિકની આરાધના કરતા થયા છે. દરેક શેરીએ પાંચ-પંદર-પચ્ચીસ બાળકો એકઠા થઈ કોઈ એક જણાના ઘરે નિત્ય સામાયિક કરે છે. સિવાય બાળકોને પૌષધ પ્રતિક્રમણ, પૂજામાં ય આગળ વધારવા પ્રોત્સાહની જરૂર છે.

પર્યુષણમાં ચોસઠપહોરીપોસહ તપશ્ચર્યા કરનાર ઓળીમાં આરાધન કરનાર થશે. દિવાળી પર હું ધારું છું ૪૦૦ થી ૫૦૦ બાળકો ફટાકડા નહિ ફોડે. તેઓને પ્રોત્સાહનાર્થે સારી એવી રકમોની જરૂરિયાત છે. આયોજનો ભવ્ય છે આર્થિક સગવડતા ય એટલી જ ભવ્ય છે. હજુ જો કોઈ સાતસો બાળકોને પૂજાની જોડ આપનાર ભાગ્યશાળી મળી જાય તો તો રંગ રહી જાય. સાતસોય બાળકો ભાવપૂર્ણ પૂજા કરે તે જવાબદારી અમારી...

બાકી પ્રવૃત્તિ પુનઃ ખૂબ જ સારી જામી છે. **પ્રભાવના નોંધાવવામાં ય અગાઉ માફક સામે માથે તડાપડી ચાલે છે.** બોલપેન-અલ્પાહાર-પચીસપૈસા-હાફુસકેરી જેવી કિંમતી પ્રભાવનાઓ થાય છે. આઠ-દશ ભારે પ્રભાવના તથા અન્ય દસેક પ્રભાવના Stockમાં છે. ગમે ત્યારે કોઈની પ્રભાવના ન હોય ત્યારે પોતાની પાંચ પ્રભાવના પેંડીગમાં રાખવા એક સદ્ગૃહસ્થનું સૂચન આવેલ છે. અક્ષયતૃતિયાના દિને રૂા. ૧૫૦૦ નો ખર્ચ થયો. પૂ. દેવસુંદરવિજયજી મ.સા.ની પ્રેરણાના રૂા. ૫૦૦+૧૦૦ (વ્યાજ) પણ વપરાઈ ગયા છે. સારા એવા સહયોગની આકાંક્ષા રાખીયે છીએ. પ્રારંભની આટલી વિરાટ ભવ્યતા સર્જવા પાછળ આંતરહેતુ એકમાત્ર લોકોને પ્રવૃત્તિની અદ્વિતીયતા અને આવશ્યકતાની સમજ તરફ દોરવાનો જ હતો. બાકી તો સ્વ-પર-શ્રેયના ગર્ભિત-ધ્યેય સિવાય આડંબર કે આયોજનમાં હું ક્યારેય માનીશ નહિ.

પ્રવૃત્તિના પરમ પારમાર્થીક વિકાસ કાજે આપશ્રીના હૃદયાશિષની પરમ આંતરભાવે અભિલાષા છે. આપશ્રીની પરમ પરમાત્મ-પ્રાર્થનાના પ્રભાવથી અમારું કિસ્મત પલટાવી આપો એ જ આંતર અભ્યર્થના.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૨,અંક-૪,તા.૨૯-૯-૧૯૭૩

પાદરલી (રાજ.)માં કર્મસાહિત્યના નવમાં ગ્રંથરત્ન 'પયડીબંધો'નો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ

પુણ્યશ્લોક સૂરિદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા...! જેઓની અદ્ભુત જીવનીએ તપ-ત્યાગની કમાલ કરણીએ ભારતભરમાં અનન્ય પ્રકાશ પાથર્યો છે. તેઓની સ્મૃતિને કાયમ રાખનાર એક સ્મારક છે કર્મસાહિત્યનું સર્જન...! એનું ઉત્થાન અહીં,-

સુરેન્દ્રનગરનો એ વિશાલ ઉપાશ્રય...! મધ્યમાં ભવ્ય કાષ્ઠાસન...! ઉપર

બિરાજેલા જૈનજગતના જ્યોતિર્ધર...! ચોમેરે છવાયેલા વિશાલસંખ્ય મુનિ ભગવંતો...! વિ.સં. ૨૦૧૫માં કેવું એ અનોખું દશ્ય...!

સુપ્રસન્નમૂર્તિના મુખ-કમલનું એક સુવાસ-સભર વચન-પુષ્પ : "જૈનજગતનું અનન્ય સાહિત્ય એટલે કર્મવાદ...! આજે પૂર્વ પુરુષોની પનોતી આલેખાયેલ તત્સંબંધી કેટલાક ગ્રંથરત્નો અર્થે મહાસાગર પણ શબ્દે ગાગરસમા છે...! મારી એક આંતર કામના છે, મારા સમુદાયના પચ્ચીસ યુવાન શ્રમણો તૈયાર થાય. કર્મશાસ્ત્રોના આધારે ચિંતન અને નવીન અર્થસંકલન કરી પ્રાકૃત વાણીમાં મૂળ શ્લોકો અને સંસ્કૃત ભાષામાં ટીકાનું નવીન સર્જન કરાય...!"

સૂરિ પુરંદરની આ આંતરતમન્નાનું સ્વાગત થઈ ગયું. સૂરિદેવના લાડકવાયા પૂજ્યપાદ પંન્યાસપ્રવર ગુરુદેવશ્રી **ભાનુવિજયજી મહારાજે** ગુરુદેવના હૈયા-બોલને વધાવી લીધા...

પંન્યાસપ્રવરશ્રીએ નવ-દીક્ષિત અને નવયુવાન શ્રમણોને વ્યાકરણ પછી ન્યાયનું ગહન અધ્યયન શરૂ તો કરાવી જ દીધું હતું. સૂક્ષ્મબુદ્ધિ મુનિવરોએ તન તોડીને અધ્યયનના સાગરમાં ઝંપલાવી દીધેલું.

દરિયાના તળેથી મોતી લાવવા એ મરજીવાનું કામ. ત્યાં પ્રાણની પરવાહ રાખનારો સિદ્ધિ ન મેળવી શકે. આ મુનિવરોએ મરજીવાનું પદ પ્રાપ્ત કરી એ ન્યાયના નિષ્ણાત બન્યા.

સૂરિદેવને પૂર્વે શ્રમણ-વિદ્યા-અધ્યયનનું સત્ર આરંભેલું. કર્મશાસ્ત્રના ગહન વિષયોને ખુલ્લં-ખુલ્લાં કરીને શ્રમણ હૃદયમાં પ્રવેશ અપાવી દીધેલો. પછી તો કેમ તો કે બની ગયા એ મુનિવરો કર્મશાસ્ત્રના વિશારદ...!

વિદ્વદ્રત્ન પૂજ્ય મુનિભગવંત **શ્રી જયઘોષવિજયજી મહારાજ** તથા વિદ્વદ્વર્ય પૂજ્ય **મુનિપ્રવરશ્રી ધર્માનંદવિજયજી મહારાજે** નૂતન કર્મસાહિત્ય માટે પદાર્થોની સંકલના શરૂ કરી. પ્રાકૃત-નિષ્ણાત પ્રત્યે મુનિરાજશ્રી વીરશેખરવિજયજી મહારાજે પ્રાકૃતમાં શ્લોક રચના શરૂ કરી અને અન્ય વિદ્વાન મુનિવરોની કલમે સંસ્કૃત ટીકા આરંભી દીધી. તે પછી અન્ય ગ્રંથો તૈયાર થઈ ગયા... અને તેમનું ઉદ્ઘાટન પણ થઈ ગયું.

અર્થ-સહાયની યાચના કરવાની વાત નહીં. આવાં મહાન કર્મશાસ્ત્રોની રચના થાય છે એ જાણી એનો પ્રકાશ લાભ લેવા સામેથી જ હજારોની સંપત્તિ એકત્રિત થઈ ગઈ. સૂરિદેવની જન્મભોમમાં સ્પેશિયલ સંઘદ્વારા જ્ઞાનોદય પ્રેસની સ્થાપના કરાઈ. જૈન-જગતના શ્રેષ્ઠ ગણાતા શ્રમણોપાસક ટ્રસ્ટી-મંડલમાં ગોઠવાઈ ગયા.

સૂરિદેવની આગેવાની નીચે જોત-જોતામાં બે ગ્રંથરત્ન તો છપાઈને તૈયાર થઈ ગયા. પ્રથમ ગ્રંથ છે ખવગસેઢી... ક્ષપકક્ષેણીની અદ્ભુત પ્રક્રિયા આમાં ઠાંસી-ઠાંસીને ભરવામાં આવી. દ્વિતીય ગ્રંથ એટલે ઠિઈબંધો... આની રચનામાં પણ કમાલ દક્ષતા વપરાઈ...!

ઉપરોક્ત બંને ગ્રંથરત્નોના ઉદ્ઘાટન સમારોહ રાજનગરને આંગણે શાનદાર ઉજવાઈ ગયેલો, ત્યાર પછી તો પૂર્ણજોશથી છાપકામનું કામ વેગ પકડતું ગયું. દમણને આંગણે તૃતીય ગ્રંથરત્ન અને કલકત્તાની ધરતીએ ચતુર્થ ગ્રંથરત્નનો પ્રકાશ પથરાયો...

પિંડવાડાનાં પ્રેસમાં કામ તો ધમ-ધોકાર ચાલતું હતું પણ અચાનક સૂરિદેવનો સ્વર્ગવાસ ખંભાતમાં થઈ ગયો. ભારતભરમાં આ પ્રસંગે વજ્રઘાત સમો આંચકો લાગી ગયો...

સૂરીશ્વર ગયા, પણ તેઓનું કાર્ય થોડે જ સ્થગિત થઈ જાય ? વિદ્વાન મુનિવરોએ સ્વર્ગસ્થ ગુરુદેવની ઇચ્છાને હૈયે રાખીને કર્મસાહિત્યનાં સર્જનનું કામ ચાલુ જ રાખ્યું. ૫-૬-૭-૮માં ગ્રંથ પ્રગટી ચૂક્યા અને નવમો ગ્રંથરત્ન તૈયાર થઈ ગયો. જેનું ઉદ્ઘાટન પાદરલીમાં ઉજવાયું.

આ મહાન નવમાં ગ્રંથરત્નના ટીકાકાર છે : પ્રભાવક પ્રવચનકાર નવયુવક પ્રતિબોધક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન પરમતપસ્વી મુનિપ્રવરશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજાના પ્રથમ શિષ્યરત્ન વિદ્વદ્વર્ય મુનિવર્ય શ્રી ગુણરત્નવિજયજી મહારાજ...! જેઓની કલમે કર્મસાહિત્યના પ્રથમ ગ્રંથરત્ન "ખવગસેઢી"ની સૃજના કરી હતી.

આ ગ્રંથરત્ન 'પ્રકૃતિબંધ' પ્રકાશનમાં સંપૂર્ણ અર્થ સહાયક બની ગયા. પાદરલી (રાજ.) નિવાસી શા. હીરાચંદજી જેરૂપજી...! અને આ ગ્રંથરત્નનો ઉદ્ઘાટન સમારોહ પણ પાદરલીમાં જ ટીકાકારના ગુરુદેવશ્રીની પુનીત નિશ્રામાં શાનદાર રીતે ઉજવાઈ ગયો...

પાંચ દિવસનો ઉત્સવ...! પૂજા-ભાવના અને પ્રભાવના...! પૂજા-ભાવનામાં ઘાણેરાવ શ્રી વર્ધમાન સેવા મંડલના નવયુવાનોએ સંગીતની સરિતા વહેવડાવી. પ્રભુભક્તિમાં બહુ તલ્લીન બની ગયા...

જ્ઞાનનો શાનદાર વરઘોડો...! વિશાલ સાજ સાથે... વાંજિત્રોના ગંભીર નાદ સાથે... નૃત્યગાનના તાન સાથે... વરઘોડાની શોભા અભૂતપૂર્વ બની ગઈ... ભાદરવા સુદ દશમથી ઉત્સવનો આરંભ થયો અને પૂર્ણિમાંએ પૂર્ણ બન્યો.. શાસનની

સુંદર પ્રભાવના થઈ.

સુદ તેરસના પૂજ્ય મુનિપ્રવરશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજને ગ્રંથરત્નને અર્પણ કરવામાં આવ્યો. ઉત્સવ દરમ્યાન પ્રભુજીને ભવ્ય-અંગરચનાઓ કરવામાં આવી...! સાથે રોશનીનો ઝલકાટ...!

આ રીતે પાદરલીનાં આંગણે કર્મસાહિત્યનાં પંચમ ગ્રંથરત્નનો ઉદ્‌ઘાટન સમારોહ અર્થ સહાયક શા. હીરાચંદ જેરૂપજી દ્વારા શાનદાર ઉજવામાં આવ્યો... સ્વર્ગસ્થ સૂરિદેવની ઇચ્છાને ફલીભૂત કરનારા વિદ્વાન મુનિવરોને શત શત વંદન...!

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૨,અંક-૬,તા.૧૩-૧૦-૧૯૭૩

● **ઉસ્માનપુરા (અમદાવાદ) :** અત્રે પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની ૧૦૫ મી વર્ધમાનતપ ઓળી,** પર્યુષણા, નવપદની આરાધના ને **'પ્રતિક્રમણસૂત્ર ચિત્રાવલિ મહાગ્રંથ'** ઉદ્‌ઘાટન નિમિત્તે શ્રી સિદ્ધચક્રપૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ થનાર છે તે નિમિત્તે શ્રીસંઘ આમંત્રણ પત્રિકા ભારતભરના ગામેગામ મોકલવામાં આવેલ. તેમાં જણાવ્યું હતું કે,-

વિશેષ જણાવતાં આનંદ થાય છે કે અત્રે સિદ્ધાંત-મહોદધિ સુવિશાળ ગચ્છાધિપતિ કર્મસાહિત્યનિષ્ણાંત સ્વ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનાં વિદ્વાન શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર ન્યાયવિશારદ પૂ. આચાર્યદેવ **શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** આદિ ઠાણા ૧૬ તથા પૂ. બાપજી મહારાજના સમુદાયના સાધ્વીશ્રી વિજ્ઞાનશ્રીજી આદિ ઠાણા ૭ અને વાગડવાળા પૂ. સાધ્વીશ્રી મૃગાંકશ્રીજી આદિ ઠાણા ૪ ચાતુર્માસાર્થે બિરાજમાન છે. એઓશ્રીની પુણ્ય નિશ્રામાં અત્રે શ્રી સંઘમાં પર્યુષણા મહાપર્વમાં અનેક તપસ્યાઓ, ચોસઠ પહોરી પૌષધ, કલ્પસૂત્ર શ્રવણ આદિ ભવ્ય આરાધનાઓ થઈ, તથા આયંબિલ ખાતે રૂા. ૨૦ હજાર, પાઠશાળા ખાતે રૂા. ૧૫ હજાર વગેરે ઊપજો સુંદર થઈ. એ બધાં સુકૃતોની અનુમોદના તથા સાકાર કરવા માટે,

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને જેઠ વદ ૧૦ થી શરૂ થયેલ. અને આસો સુદ ૧૨ ના પૂર્ણ થઈ આસો વદ ૧ પારણે પહોંચનારી શ્રી વર્ધમાન આયંબિલતપની ૧૦૫ મી ઓળીની નિર્વિઘ્ન આરાધનાની અનુમોદના સક્રિય કરવા અર્થે,

વળી અત્રે બિરાજમાન પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી

મહારાજની વર્ષોની મહેનત પછી વર્તમાન શાસનમાં પહેલી જ વાર શ્રી નમસ્કાર મંત્રાદિ આવશ્યક (પ્રતિક્રમણ) સૂત્રોનાં પદ-પદ, ગાથા-ગાથાનાં ચિત્રો તૈયાર કરાવવામાં આવ્યા. ચાર કલરના એ ચિત્રો સાથે સૂત્ર-અર્થ અને ચિત્રોની સમજનું **'પ્રતિક્રમણ સૂત્ર ચિત્રાવલી'** (આલ્બમ) નામે મહાન ગ્રંથ ગુજરાતી અને હિંદીમાં મુદ્રિત થઈ ગયો છે. એ મહાન ગ્રંથનો ભારતના સંઘોમાં પ્રચાર થાય એ માટે તથા અમને આવા મહાકિંમતી અને ચૈત્યવંદનની ક્રિયાને ચૈતન્યવંતી બનાવે એવા ગ્રંથરત્નરૂપી શ્રુતની ભક્તિનો લાભ મળે એ હેતુથી એનો ઉદ્‌ઘાટન સમારોહ ઊજવવા માટે,

અમોએ દેવગુરુની કૃપાથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત શ્રી અષ્ટાહ્નિકા જિનેન્દ્ર ભક્તિમહોત્સવ ઊજવવાનું નિરધાર્યું છે.

શ્રી જૈનશાસન કહે છે કે સુકૃતના સુખે સુખી હોય એ દુન્યવી દુઃખે દુઃખી ન થાય. કેમકે સુકૃતની સાચી અનુમોદના સુકૃતનાં ઊંચા મૂલ્યાંકનમાંથી ઊઠે છે, અને એ મૂલ્યાંકનની સામે દુન્યવી સુખ કિંમત વિનાનું ભાસે છે. તેથી બિનકિંમતી સુખ જઈ દુઃખ આવ્યું તો ય એ વિસાતમાં નથી લાગતું. આમ સુકૃતનાં આનંદથી સુખી દુન્યવી દુઃખથી દુઃખી થતો નથી. તેથી જ અમે સંઘના ભાગ્યવાનોનાં અને આચાર્ય મહારાજના તપ આદિ સુકૃતની સક્રિય અનુમોદના કરવા પ્રેરાયા છીએ.

વળી, શ્રુત-શાસ્ત્ર એ દીવો છે, એ ગુરુ છે, એ મોક્ષમાર્ગે સુકાની છે. એની ભક્તિ કરતાં કરતાં જ્ઞાનાવરણાદિ કર્મ તૂટે, અથાગ પુણ્યલાભ થાય. જિનવાણીના આકર્ષણના સુસંસ્કાર નિષ્પન્ન થઈ ભવાંતરે જૈનધર્મ-જિનવાણી સુલભ બને, પાપિષ્ઠ ભૌતિકજ્ઞાનની સામે તારક સમ્યક્‌ જ્ઞાનનાં કર્મપીડિત વિશ્વને દર્શન થાય, એટલા માટે એ તારકશ્રુતની ભક્તિ કરવાનો અમને સુંદર ઉલ્લાસ જાગ્યો છે."

"ઉત્સવ દરમિયાન પૂજાઓ, ભાવનાઓ વગેરેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. એમાં આસો સુદ-૧૦ ના રવિવારે પૂ. આચાર્યદેવે તૈયાર કરાવેલ **પ્રતિક્રમણસૂત્ર ચિત્રાવલિ ગ્રંથની ઉદ્‌ઘાટનવિધિ** શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફના વરદ હસ્તે થશે. બપોરે પીસ્તાલીસ આગમની પૂજા તથા હજારો રંગબેરંગી ફૂલોથી પ્રભુજીની અંગરચના થશે. સુદ-૧૧ ના શ્રી શાંતિલાલ વૃજલાલે ઘડીયાળી તરફથી સિદ્ધચક્રપૂજન છે."

'પ્રતિક્રમણસૂત્ર ચિત્રાવલિ'ના પ્રકાશનસમારોહ નિમિત્તે ઉસમાનપુરા જૈન સંઘ તથા સંઘ આયોજિત સમારોહ સમિતિ વતી રાજનગરના અગ્રગણ્ય ગૃહસ્થો તરફથી સમારોહનો લાભ લેવા નિમિત્તે જાહેર આમંત્રણ પ્રગટ કરવામાં આવ્યું છે,

અને આ સમારોહ પૂ. આચાર્યદેવો આદિ શ્રમણસંઘની નિશ્રામાં થાય એ માટે ઉસમાનપુરા જૈન સંઘ તરફથી અમદાવાદ અને સોસાયટીમાં બિરાજમાન પૂજ્ય આચાર્યદેવ આદિ મહાત્માઓને રૂબરૂ જઈ વિનંતી કરવામાં આવી છે.

પ્રસંગનું મહત્ત્વ સમજાવનારી પત્રિકાઓ પણ બહાર પાડવામાં આવેલ. જેમાંની એક નીચે મુજબ છે.

પતિતપાવની પ્રતિક્રમણસૂત્ર ચિત્રાવલિ

આ યુગમાં બહાર પડેલા જૈન સાહિત્ય તરફ નજર કરતા એક ઉણપ છેલ્લાં કેટલાંય સમયથી દિલમાં ઘોળાતી હતી. સાહિત્ય તો ઘણું બહાર પડી રહ્યું છે. પરંતુ આબાલવૃદ્ધને ઉપયોગી ક્રિયાનું સાહિત્ય ક્યાં ?

હજાર-શબ્દો પણ એક ચિત્રની અસર તો ન જ જન્માવી શકે. ચિત્રની આવી અસરકારક શક્તિ છે. ત્યારે ધાર્મિક ચિત્રમય સાહિત્યની દિશામાં થયેલા પ્રયત્નો ઘણા ઓછા જોવા મળે છે.

શ્રી કલ્પસૂત્ર ને શ્રી ઉત્તરોધ્યયન જેવા આગમ-ગ્રંથોના સચિત્ર પ્રકાશનો પ્રકાશિત થયેલા છે. આ પદ્ધતિ અર્વાચીન નથી, પ્રાચીન છે. સૈકાઓ પહેલાં લખાયેલી હસ્તલિખિત પ્રતો એની સાખ પૂરે છે.

આવશ્યક સૂત્રો ! દૈનિક-જીવનની ઉપયોગિતાનું એક આવશ્યક-અંગ ! આબાલવૃદ્ધો માટે આની આવશ્યકતા લગભગ સમાન છે. આ આવશ્યક-સૂત્રોનું સચિત્ર-પ્રકાશન ઘણા સમયથી જરૂરી હતું. 'યોજકસ્તત્ર દુર્લભઃ'નો આ યુગ છે. રંગ ને પીંછીઓનો તો ક્યાં તોટો છે ? પણ એની યોજનાથી એક સપ્રાણ-સૃષ્ટિને ઊભી કરનારી કલા તો ક્યાંક જ જોવા મળે છે !

સચિત્ર-પ્રકાશનની પ્રવૃત્તિ ઘણો-ઘણો આત્મભોગ માંગી લે છે. પોતાના હૈયામાં ઘોળાતી દુનિયા સામાના હૈયે જચી જાય એ રીતના ચોક્કસ કલ્પના-ચિત્રના ઉદ્‌ભાવના પછી જ થતી આ પ્રવૃત્તિ પ્રાણવાન બને છે.

પ્રવચન-પ્રભાવક તપોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌-વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની યોજના-શક્તિને હાથ-કંકણમાં નિહાળ્યા પછી હવે આરસીની જરૂર નથી. **'સચિત્ર મહાવીર ચરિત્ર' 'સચિત્ર-તત્ત્વજ્ઞાન બાળપોથી'**ને હૈયાંને સ્પર્શી જાય એવા **'મહાપુરુષોના કેલેન્ડર સાઈઝનાં ચિત્રો'** રૂપી હાથ-કંકણ એઓશ્રીની યોજના-શક્તિનું પ્રતિબિંબ ઝીલવાં સમર્થ નીવડ્યા છે. આ બધાં પ્રકાશનોની લોકપ્રિયતાના લેખ લખવાની જરૂર નથી. આજે એઓશ્રીના દિગ્‌દર્શન હેઠળ તૈયાર થયેલા એક અત્યંત ઉપયોગી પુસ્તક 'પ્રતિક્રમણ સૂત્ર-ચિત્રાવલી'નો પ્રકાશન-મહોત્સવ યોજવા

અમે બડભાગી બન્યા છીએ.

આવશ્યક ક્રિયાઓની ફલશ્રુતિ છે,-એકાગ્રતા અને વિશુદ્ધ ભાવોલ્લાસ પૂર્વક પાપનાશ-પુણ્યવૃદ્ધિ. એકાગ્રતા અને ભાવોલ્લાસનું અનન્ય સાધન છે. હૂબહૂ આકાર ! આમાં ચિત્રની શક્તિ તો જગજાહેર છે. આકાર સામે આવે એટલે એ મનના ભાવોને કેવા ચમકાવે છે ! સામે આકારના અભાવે ખાલી અર્થથી અંતરની ચેતના ક્યાં ખડખડી ઊઠે છે ?

આવશ્યક-સૂત્રો તો તીર્થંકર ભગવાનના પટ્ટશિષ્ય શ્રી ગણધર ભગવંતની રચના છે. જેમના જીવનની ઉષામાં મહાન ચૌદ પૂર્વના તેજપુંજ ચકમક પ્રસરી રહ્યા હોય. જેમના જીવનને આરે મતિ-શ્રુત-અવધિ ને મન પર્યવજ્ઞાનના ચતુર્ભેદ ઉપર કેવળજ્ઞાન ઝળકી ઊઠ્યું હોય-એઓશ્રીની રચનાના રહસ્ય તો, 'જાણ્યા છતાં અજાણ્યા' રહે-એવા ગહન ને ગંભીર જ હોય ! પણ આપણી દશા આજે શોચનીય બની છે. પ્રતિક્રમણ કરતાં આપણે કોઈ અલૌકિક-આલમ પર ઊભીને- કરુણાસાગર શ્રી અરિહંત ભગવંતની સાખે પાપના પશ્ચાત્તાપ કાજે અનરાધાર આંસુ વહાવી રહ્યા હોઈએ-એવોભાવ અનુભવતા નથી. એક નવકાર-મંત્ર એટલે પંચ-પરમેષ્ઠીને નમસ્કાર ! આટલી જ આપણી સમજણ છે. પણ ના, એની પાછળ તો પંચ-પરમેષ્ઠીની અનંત-અનંત દુનિયા ઊભી છે.

આપણી પ્રજ્ઞા પર આજે પડદો પડ્યો છે. આ પ્રકાશન એ પડદો હટાવીને આપણને એક અનેરી સૃષ્ટિ તરફ દોરી જાય છે. જો અત્યારે ગતિને પ્રગતિમાં પલટાવવી જ હોય તો આ પ્રકાશન જરૂર આપણી ક્રિયાને પ્રગતિપ્રેરક ભાવક્રિયા બનાવવાની તાકાત ધરાવે છે, માટે આને દિલમાં ઉતારો.

એકેક પાને સૂત્ર પદો, ને એની સામે આકર્ષક-કલરમાં એ સૂત્ર પદોનાં રહસ્યો બતાવતાં ચિત્રો ! યથાર્થ ઘટનાએ મુદ્રિત સૂત્રો ! એના પર શાસ્ત્રે કસેલ ગુજરાતી વિવેચન ! ચિત્ર-સમજૂતી અને એ સમજૂતી અને ચિત્રોનું અનુસંધાન કરાવતા નંબરો ! આવી તો કઈ વિશેષતાઓએ આ પ્રકાશનને પ્રભાવવંતુ બનાવ્યું છે.

એક બાળકને આકર્ષવાની સાથે એક બુઢ્ઢાને ય આકર્ષવાની તાકાત આ પ્રકાશન ધરાવે છે, કારણ એ રંગીન ચિત્રમય છે. દરેક ક્રિયાઓના ભાવ આંખ આગળ તાદેશ ઉપસી આવે એવા હૂબહૂ-ચિત્રો આ પ્રકાશનની પ્રતિષ્ઠાનો પાયો પણ છે, અને કળશ પણ છે !

પ્રાંતે આપ સહુ પાસે એક આશા રાખવી વધુ પડતી નહિ ગણાય કે આપ આ પ્રકાશનને નિહાળો; અને નિહાળીને આના દ્વારા પોતાની ક્રિયાઓ પ્રાણવંતી

બનાવો ! પછી આપને કોઈ અલૌકિક અનુભૂતિ થશે જે અનુભૂતિ અનોખી હશે.

પુણ્યશ્લોક વિભૂતિ આ. વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ

યુગના પુણ્ય પણ કદીક-કદીક જાગે છે; જાગે છે અને એને એવી વિભૂતિઓ સાંપડી જાય છે કે, જે આગળ પાછળના ઇતિહાસમાં તેજનો એક લિસોટો દોરી જાય !

કર્મસાહિત્ય કર્ણધાર, સુવિશુદ્ધ સંયમમૂર્તિ, પૂ. સ્વર્ગીય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજને બિરદાવવા વિભૂતિથી ય વધારે ગૌરવવંતો અને સાર્થક શબ્દ ન જડે ત્યાં સુધી તો એઓશ્રીને આ યુગની એક વિભૂતિ તરીકે જ બિરદાવી શકાય !

એઓશ્રીના જીવનમાં શું શું હતું, એની નોંધ લેવી શક્ય નથી. ત્યાં શું શું નહોતું, એ જ પ્રશ્ન છે ! એઓશ્રીના જીવનનાં કંઈ વિશિષ્ટ કાર્યોમાંનાં એક કાર્ય તરીકે કર્મસાહિત્યનાં વિરાટ સર્જનને ગણાવી શકાય ! જીવનની અગણિત-પળો એઓશ્રીએ આ કાર્ય પાછળ રેડી દીધી ! એમણે સર્જન કર્યું અને કરાવ્યું. એની ફલશ્રુતિ કેવી સુંદર છે ! આજે આપણી પાસે અઢી હજાર વરસથી પુસ્તક પાને અંકિત નહિ એવા હજારો શ્લોક પ્રમાણ કર્મસાહિત્યના દળદાર સર્જનો ખડા છે. સર્જનની એ સરવાણી હજી વહ્યે જ જાય છે. જીવનનાં આ એક ચિર દૃષ્ટ-સ્વપ્નની સાકારતા ખાતર એમણે જે આત્મભોગ આપ્યો, એનો તો ઇતિહાસ લખાય એવો છે !

આગમ અને પ્રકરણ વિષયક જ્ઞાનના તો એઓશ્રી એક અજોડ સ્વામી હતા. સ્વબળે, વર્ષો સુધી રાત દિ'ના ઉજાગરા વેઠ્યા પછી આ જ્ઞાન-ખજાનાની કૂંચી એઓશ્રીને જડી હતી. એ જ્ઞાન ખજાનાનું એક તેજસ્વી રત્ન એટલે કમ્મ-પયડી ! વર્ષોથી આમ જનતામાં અણઉઘડ્યા કમ્મપયડીના એ જ્ઞાન-દ્વારનું એમણે ઉદ્ઘાટન કર્યું. આજે યે એ દ્વાર ખુલ્લા છે-સૌભાગ્યવંતા જ્ઞાનયાત્રીઓ એમાં પ્રવેશે છે ને ત્યાં એમને આ જ્ઞાનયોગીનું દર્શન લાધી જાય છે. આ યુગના વિશિષ્ટ **'કર્મશાસ્ત્રી અને આગમ અભ્યાસી'** તરીકે એઓશ્રીનું પુણ્ય નામ વિશ્વવિશ્રુત છે.

આરાધના કરવી જ જ્યાં આસાન નથી ! ત્યાં એને કરવી અને કરાવવાની વાત તો ક્યાં રહી ? છતાં સ્વયં સંયમને આત્મસાત્ કરીને એઓશ્રીએ પોતાના ગચ્છમાં એક સંયમચુસ્ત જીવનનું પ્રતિષ્ઠાન કરી જાણ્યું. દિવસથી રાત સુધી પોતાના ગચ્છની પળ-પળની હિત-ચિંતામાં એઓશ્રી સદૈવ ડૂબેલા રહેતા, અને સંયમદાન કાજેની સિદ્ધિ તો એમની હથેળીમાં જ હતી. આ સિદ્ધિએ બિંદુઓથી સિંધુ સજર્યો.

ત્રણસો ત્રણસોની સાધુસેનાના એઓશ્રી સેનાની હતા, છતાં એ તનબદન પર ગર્વની રેખ પણ કેવી ? કે મોટાઈનો વૈભવ કેવો ? આ લઘુભાવ ને નિસ્પૃહતા ક્યાં જોવા મળશે ? આવું વિરાટ શિષ્ય-સર્જન થયું. છતાં એઓશ્રીએ પોતાના શિષ્યો તો આંગળીના વેઢે ગણી શકાય એટલા પણ નહિ કરેલા !

સંયમથી સ્વચ્છ ગચ્છ કેવો હોય-એની આછી પાતળી કલ્પના કરાવી જાય-એવો સમુદાય એઓશ્રીના ચારિત્ર-પૂત હાથ નીચે ઘડાય એવી એઓશ્રીની નેમ હતી, નૈયત હતી. સંયમના ટાંકણે થયેલા એ ઘડતરમાંથી આજેય ઠેર ઠેર નવલોહિયાઓમાં ચારિત્રના ચણતર થઈ રહ્યાં છે.

શાસન રક્ષાની એઓશ્રીની તમન્ના મુંબઈ દ્વિભાષી રાજ્યની વિધાન સભામાં આવેલ બાળદીક્ષા પ્રતિબંધક બીલને વિશાળ લોકમતથી ઊંરાડી દેવાના એઓશ્રીના ભગીરથ પ્રયત્નમાં દિન દિવાકર સમી હતી.

જૈન સંઘનું અજોડ નેતૃત્વ મળ્યા પછી પણ જે નિરીહવૃત્તિને એઓશ્રીએ જાળવી જાણી એ દિંગ કરાવી જાય એવી હતી. આજીવન કેરી સુધ્ધાં ફળ-ફૂટનો ત્યાગ, મેવાની પ્રતિજ્ઞા વર્ષો સુધી મિષ્ટાન્નનો નિયમ અને જીવનના મોટા ભાગ સુધી એકાસન વ્રતનું આરાધન, આવાં તો કંઈ તારલાઓ એ જીવનગગનમાં ટમટમતા હતા.

તપ, ત્યાગ ને તિતિક્ષામય જીવનની સિદ્ધિ સમી સમાધિને તો એઓશ્રીએ છેલ્લી પળ સુધી પણ સમાલી રાખી, જીવનના છેલ્લાં દિવસોમાં વ્યાધિઓ આવી, હુમલાઓ ખાળકી ગયા. છતાં 'વીર-વીર'ના જાપ જપતાં એઓશ્રીએ દેહને મૂક્યો. ખંભાતનો ખોળો આંસુથી ભરાઈ ગયો.

જન્મથી પિંડવાડા છતાં જીવનથી ભારતભરની ગણી શકાય એવી એ વિભૂતિએ આમ 'જ્ઞાન-ક્રિયાનો' એક યુગ સજર્યો. એ વિભૂતિએ દુનિયાને દેન આપીને જે અભૂતપૂર્વ ઇતિહાસ સજર્યો, એ ઇતિહાસના પુનર્નિર્માણ કાજે આપણને ભવિષ્યમાં ત્યાં સુધી આશામીટ જ માંડી રાખવી પડશે. જ્યાં સુધી જ્ઞાનક્રિયામયી આવી બીજી કોઈ વિરલ વિભૂતિના આગમનની છડીઓ ન સંભળાય !

આ યુગપુરુષની કૃપાનું એક સુખદ સરસ ફળ તે યુગો પછી સાંપડતી આવશ્યક સૂત્ર ચિત્રાવલિ. એનાં ઉદ્ઘાટનનાં મંગળવાજાં વાગી રહ્યા છે.

'પ્રતિક્રમણ સૂત્ર ચિત્રાવલિ' પ્રકાશન સમારોહ
વિજયાદશમી પ્રભાતે ૯ વાગે એક અભિનવ જ્ઞાન-દીપક પ્રગટશે !

ઉસ્માનપુરા : વર્ધમાન જૈન સંઘ આયોજિત 'પ્રતિક્રમણસૂત્ર ચિત્રાવલિ' ગ્રંથ પ્રકાશન સમારોહ સમિતિ તરફથી નીચે પ્રમાણે સકલ જૈનસંઘને હાર્દિક આમંત્રણ પત્રિકા બહાર પાડવામાં આવી હતી.

પ્રાયઃ કોઈ એવો જૈન નહીં હોય કે જેણે 'પ્રતિક્રમણ' નહીં કર્યું હોય ! નહીં સાંભળ્યું હોય ! છેવટે વર્ષમાં એક **'સંવત્સરી-પ્રતિક્રમણ'** પણ કરેલું હશે. પરંતુ બહુ થોડા સ્ત્રી-પુરુષો હશે કે જેઓ પ્રતિક્રમણની ક્રિયા સમજણપૂર્વક અને વિધિપૂર્વક કરતા હશે. એ ત્યારે જ થઈ શકે કે જ્યારે તે ક્રિયાનાં સૂત્રોનું અને એના અર્થનું જ્ઞાન થાય, અર્થમાં... ભાવમાં મન પરોવાઈ જાય ! તે માટે સૂત્રોને અનુરૂપ ચિત્રોની કલ્પના મનમાં ઉપસી આવે ! પ્રતિક્રમણનાં સૂત્રોમાં છુપાયેલાં ચિત્રોને જોવાં જોઈએ... તો ક્રિયા ભાવક્રિયા બની જાય !

પૂર્વે શ્રદ્ધાનો યુગ હતો, ત્યારે સૂત્રના ગંભીર અર્થ ધ્યાન પર આવતાં દિલમાં એની લેશ્યા-ભાવોલ્લાસ ઝગમગતા વાર લાગતી નહિ; તેથી ચિત્રોની ઉણપ જણાતી નહિ. પરંતુ આજે બુદ્ધિ અને ચિત્રના યુગમાં સામે ચિત્ર આવે ત્યારે હૈયાના ભાવોલ્લાસ ઝગમગવા લાગે છે, એવું ચિત્રપટો-આર્ટ-ગેલેરીઓ કથાચિત્રો વગેરે પરથી અનુભવાય છે. શ્રી કલ્પસૂત્ર, શ્રી ઉત્તરાધ્યયન વગેરે સૂત્રો પર ચિત્રો થયેલા જોવા મળે છે. પ્રતિક્રમણ-સૂત્રોના પદ પદના ભાવનાં ચિત્ર બનેલા જોવામાં આવ્યા નથી. તે હવે આ રીતે તૈયાર થયા છે.

વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**એ પ્રતિક્રમણનાં સૂત્રોનાં ચિત્રોની ભાવપૂર્ણ કલ્પનાઓ દ્વારા, પોતાના જીવનમાં એ ક્રિયાને ભાવક્રિયા બનાવી છે અને અપૂર્વ આનંદ અનુભવ્યો છે. એવો અપૂર્વ આનંદ એ ક્રિયા કરનારા સહુ જીવો અનુભવી શકે એ માટે તેઓશ્રીએ પોતાની એ કલ્પનાઓ ચિત્રકારને આપી...ચિત્રકારે ભાવપૂર્ણ ચિત્રો બનાવ્યાં અને ચાર રંગમાં એક-એક ચિત્ર છપાવવામાં આવ્યું. સાથે સાથે એ સૂત્રોનાં ભાવાર્થનું પૂજ્ય આચાર્યદેવે આલેખન કર્યું અને ચિત્રો સાથે ભાવાર્થ પણ છપાવવામાં આવ્યો; આ રીતે **"પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ"** તૈયાર થયું... વર્ષોના પરિશ્રમના અંતે નયનરમ્ય રૂપમાં તે આલ્બમ પ્રકાશિત થઈ રહ્યું છે.

એક ચિંતકપુરુષની વિશિષ્ટ જ્ઞાનોપાસનાના પરિપાકરૂપે તૈયાર થયેલાં આ અદ્વિતીય ચિત્ર-આલ્બમના બહુમાન માટે, કે જે શ્રુતજ્ઞાનનું બહુમાન છે, એક ભવ્ય

પ્રકાશન સમારોહ યોજવાનો અમે નિર્ણય કર્યો છે.

આ ચિત્ર-ગ્રંથ-પ્રકાશન સમારોહ, પરમપૂજ્ય આચાર્યદેવોના સાંનિધ્યે ચતુર્વિધ સંઘની સભામાં યોજવાનું અમને સૌભાગ્ય સાંપડ્યું છે.

જ્ઞાન પ્રકાશના પ્રતિકરૂપ ઘૃત-દીપક પ્રગટાવીને **શ્રીયુત સંઘરત્ન શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ** આ ચિત્રગ્રંથનું પ્રકાશન જાહેર કરશે. સમિતિના અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી **શ્રી કાન્તિભાઈ ઘિયા** પધારશે. આ પુણ્યપ્રસંગે આપ સમયસર પધારીને પ્રસંગને દીપાવશો એવી અમારી વિનંતી છે.

સ્થાન : કડવા પાટીદારની વાડી, જૈન દેરાસર સામે, ઉસ્માનપુરા, **અમદાવાદ-૧૩.**

નિવેદક : **ઉસ્માનપુરા શ્રી વર્ધમાન જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ તથા સંઘ આયોજિત પ્રતિક્રમણસૂત્ર ચિત્રાવલિ પ્રકાશન સમિતિ.**

વિમળભાઈ મયાભાઈ નગરશેઠ

શ્રેણિકભાઈ કસ્તુરભાઈ	ચંદ્રકાંત બકુભાઈ
કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી	સુમતીલાલ પોપટલાલ
જીવતલાલ પ્રતાપશીભાઈ	રસીકલાલ મોહનલાલ
રમણલાલ વજેચંદ	રતીલાલ નાથાલાલ
કાંતીલાલ ચીમનલાલ કોલસાવાળા	નરોત્તમભાઈ મયાભાઈ
અનુભાઈ ચીમનલાલ	શંકરલાલ છોટાલાલ
ચીમનલાલ પોપટલાલ	ડૉ. દિનકરભાઈ દલાલ
ચંદ્રકાંત છોટાલાલ ગાંધી	મફતલાલ ઝવેરચંદ
ચારૂચંદ્ર ભોગીલાલ	મયાભાઈ લક્ષ્મીચંદ
મનુભાઈ કલ્યાણભાઈ	ફુલચંદ છગનલાલ
ચંદુલાલ પ્રેમચંદ	કચરાભાઈ હઠીસીંગ
મોહનલાલ ડાહ્યાભાઈ	હીરાલાલ મણીલાલ
છગનલાલ લક્ષ્મીચંદ	જયંતીલાલ આત્મારામ
નગીનદાસ દોલતરામ	પોપટલાલ નગીનદાસ
ચુનીલાલ કેશવલાલ	જયંતીલાલ ભાઉ
છગનલાલ લલ્લુભાઈ	પુંજાભાઈ મોહનલાલ
હીરાલાલ હરગોવનદાસ	લાલચંદ રાજમલ
ચંદુલાલ મોહનલાલ	લલ્લુભાઈ વનેચંદ
મંગળદાસ મોહનલાલ	અચલદાસ પુનમચંદ

કેશવલાલ પ્રેમચંદ
સકરચંદ મણિલાલ
ચીનુભાઈ કેશવલાલ કડિયા
ચતુરભાઈ ચીમનલાલ
ચંદુલાલ જીવાભાઈ
મયાભાઈ મણિલાલ
લાલભાઈ એલ. પરીખ
હીરાલાલ મણિલાલ કાપડીયા
મીશ્રીમલ કુંદનલાલ
મોહનલાલ જમનાદાસ
શાંતીલાલ મગનલાલ
ફુલચંદ કાળીદાસ
મણિલાલ દલસુખરામ
જયન્તીભાઈ ડાહ્યાભાઈ
માધવલાલ મણિલાલ
રસીકલાલ ભોગીલાલ
બાબુલાલ ભાઈલાલ

આ સમારોહ ઊજવવા માટે શ્રી વર્ધમાન જૈન સંઘે ઉપાશ્રયની સામે આવેલ કડવા પાટીદારની વાડી ભાડે રાખી એને ફૂલ તોરણોથી સારી શણગારી દીધી હતી. દિવાલો પર ભગવાન શ્રી મહાવીર સ્વામીના જીવન પ્રસંગોના ચિત્રો તથા પ્રતિક્રમણ અને એના ચિત્રો અંગેના બોર્ડોથી દિવાલોને શણગારેલી. બીજી બાજુ દિવ્યદર્શન કાર્યાલયે બહાર પાડેલ ગ્રંથરત્નોનું પ્રદર્શન ગોઠવવામાં આવેલ.

આસો સુદ-૧૦ સવારે નવ વાગે સમારોહનો પ્રારંભ કરવામાં આવેલ. પ્રારંભે પૂ. આચાર્યદેવશ્રીના મંગળાચરણ પછી શ્રી ચતુરભાઈ ચીમનલાલ તથા મુંબઈથી ખાસ પધારેલ સોભાગચંદ મોહનલાલ ગવૈયાએ મંગળગીતની રમઝટ હારમોનિયમ તબલા વાયોલીન ઢોલકના વાદ્યોના સૂર સાથે સુંદર જમાવી હતી. પાટો પર વિશાળ શ્રમણ સમુદાય અને જમણી બાજુએ વિશાળ સંખ્યામાં પૂ. સાધ્વીજી મહારાજો બિરાજમાન થયેલ. શ્રાવક પર્ષદામાં શ્રી સંઘના નિમંત્રણને માન આપી મુંબઈથી ખાસ પધારેલ સંઘરત્ન શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ, બાજુમાં નગરશેઠ શ્રી વિમળભાઈ મયાભાઈ, શ્રી સકરચંદ મણિલાલ, શ્રી ચારૂચંદ્ર ભોગીલાલ, શ્રી રમણલાલ વજેચંદ, શ્રી ચંદ્રકાન્ત બકુભાઈ, શ્રી જીવતલાલ પ્રતાપશી, શ્રી રતીલાલ નાથાભાઈ વગેરે તથા શ્રી ઉસ્માનપુરા વર્ધમાન જૈન સંઘ આદિ વિશાળ મેદની ગોઠવાઈ ગઈ હતી.

સંઘમંત્રી શ્રી ભીખાભાઈ ફૂલચંદે ચિત્રાવલિના દિગ્દર્શક પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનો તથા શેઠશ્રી રમણલાલ દલસુખભાઈનો પરિચય આપતાં પૂજ્યશ્રીના વર્ષોના પ્રયત્નથી તૈયાર થયેલ આ પ્રતિક્રમણ સૂત્ર ચિત્રાવલિ મહાન ગ્રંથના પ્રકાશન સમારોહ ઊજવવાનો શ્રી સંઘને લાભ મળવા બદલ અહોભાગ્યતા વ્યક્ત કરી હતી. તેમજ ગુજરાત રાજ્યના નાયબ મંત્રી શ્રી

કાન્તિલાલ ઘીયાએ પોતે આ પ્રસંગે ખાસ આવવાની ઈચ્છા છતાં અનિવાર્ય કારણોસર ન આવી શકવા બદલ ખેદનો તથા ચિત્રાવલિ પ્રકાશનના અભિનંદનનો પત્ર વાંચી સંભળાવેલ.

બાદ પૂ. આચાર્યશ્રી **વિજય ભુવનભાનુસૂરિજી**એ આ ચિત્રાવલિનું કેમ ઉત્થાન થયું એ સમજાવતા કહેલું કે 'જૈન આગમોમાં ભાવક્રિયાનું દ્રવ્યક્રિયા કરતાં ઊંચું મહત્ત્વ છે. પ્રતિક્રમણાદિમાં સૂત્રોના કહેલ પદાર્થ હૂબહૂ નજર સામે આવવાથી અદ્‌ભુત ભાવોલ્લાસ પ્રગટે છે અને તે આવવા માટે આબેહૂબ ચિત્રોની જરૂર છે. એક નવકારસૂત્રના પદો બોલતાં પદવાર જો સમવસરણે બિરાજમાન અનંત અરિહંત, સિદ્ધશિલા પર રહેલ અનંત સિદ્ધ, પર્ષદા આગળ આચાર પ્રવચન દેતા અનંત આચાર્ય, સાધુમંડળીઓને ભણાવતા અનંત ઉપાધ્યાય, કાયોત્સર્ગ ધ્યાને રહેલ અનંત, સાધુઓ ચિત્રના આલંબને નજર સામે આવે તો ભાવોલ્લાસ પ્રગટે...' ઈત્યાદિ સુંદર સમજાવેલ.

અહીં ધ્યાનમાં રહે કે મુંબઈના શ્રી કીર્તિલાલ ભણસાળી અને ભવાનીપુર જૈન સંઘ જ્ઞાનખાતાના આર્થિક સહકારથી ચિત્રાવલિ મહાનગ્રંથનું ચિત્ર નિર્માણ તથા મુદ્રણ સશક્ય બનેલું છે. બ્લોકો બનાવરાવવામાં જયપુરના શ્રી પારસમલજી કટારિયા તથા શ્રી ઉદયચંદજી મહેતાના, તેમજ બ્લોક નિર્માણ અને સમસ્ત ચિત્રમુદ્રણમાં જયસુખભાઈ કલકત્તાવાળાના પ્રયત્ન પ્રશંસાપાત્ર રહ્યા. ગુજરાતી હિન્દીની બે કોપીને સુરતના શ્રી રતનચંદ બાલુભાઈએ જરિયાન અક્ષરોવાળા વેલવેટના જેકેટથી સુશોભિત કરેલી. આમ વિવિધ સહકારથી દિવ્યદર્શન કાર્યાલયે આ ગ્રંથના પ્રકાશનમાં સારી જહેમત ઉઠાવી, આ રીતે તૈયાર કરેલ છે.

પછી સંઘરત્ન શેઠશ્રી રમણલાલ દલસુખભાઈએ ઘૃત-દીપક પ્રગટાવી જરિયાન જેકેટથી મઢેલી શ્રી પ્રતિક્રમણ સૂત્ર ચિત્રાવલિ ગુજરાતી હિન્દી-ગ્રંથ હાથમાં લઈ એનું પ્રકાશન જાહેર કર્યું હતું. અને એનું રૂપિયાઓ મૂકી પૂજન કર્યું હતું. બાદ એમણે જૈન ધર્મની અલૌકિક-પ્રતિક્રમણ ક્રિયાનું મહત્ત્વ ગાયું. અને એને ભાવક્રિયા બનાવવા પૂજ્યશ્રીએ આયોજેલ કલ્પના ચિત્રોને અંજલિ આપી હતી. બાદ શેઠશ્રી રમણલાલ વજેચંદ સ્વ. પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે જે બે લાખ શ્લોક પ્રમાણ કર્મસાહિત્યની ભેટ કરી એનાં સુખદ સંસ્મરણ કરી, એ પૂજ્યશ્રીની કૃપાના ફળ તરીકે આ ચિત્રાવલિને બિરદાવી હતી. બાદ ધાર્મિક-શિક્ષણ-સંસ્કરણ શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહે શ્રુતનો વારસો આજ સુધી પૂ. આચાર્યોએ આપણા સુધી પહોંચાડવાના ઉપકારનું વર્ણન કરેલ. પાઠશાળાના

માસ્તર શ્રી હસમુખ શાહે સ્વરચિત **'લાગ્યો લાગ્યો શ્રુતજ્ઞાન કેરો રંગ કે રંગ રંગ કેશરીયા'** ગીત સભાને ઝીલાવ્યું હતું. બાદ શ્રી અમરતલાલ હીરાલાલે બહાર ગામથી આવેલ શુભેચ્છાના તાર-સંદેશ વાંચી સંભળાવ્યા હતા.

ઉપસંહારમાં પ્રસિદ્ધ વ્યાખ્યાનકાર પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજે પ્રવચન કરતાં જણાવ્યું કે મારા અનુભવે મેં જોયું છે કે પૂ. ગુરુદેવશ્રીને આરાધના ભાવભીની કરવા માટેના વિવિધ ઉપાયો ખોજવાનો રસ ખૂબ ! મને ગૃહસ્થપણે ૦।। કલાક પણ અરિહંતનું ધ્યાન કરવાનો અભિગ્રહ લેવાની શરતે એની એવી સુંદર રીત બતાવેલી. પાંચ વરસનો અભિગ્રહ લઈ મેં એમાં વૈરાગ્યમય અવનવા ભાવોલ્લાસનો અનુભવ કર્યો છે. આ સૂત્ર-ચિત્રાવલિ એવા ધ્યાન માટે તથા ભાવોલ્લાસ જગાવવા માટે એક અદ્‌ભુત સાધન તૈયાર થયું છે. એનો સૌ કોઈ સુંદર લાભ ઉઠાવે. ત્યાં સંઘમંત્રીએ બહારગામથી આવેલ ગ્રંથ-કોપીઓની માગણી જાહેર કરતાં સભામાંથી ૫૧-૨૫-૧૦ વગેરે કોપીઓ નોંધાઈ ગયેલી. પ્રાંતે સંઘના મંત્રી શ્રી કાન્તિલાલ અમૃતલાલ શાહે આભારવિધિ કરી હતી.

(ચિત્રાવલિની કિંમત રૂા. ૧૨ છે. દિવ્યદર્શન કાર્યાલય કાળુશીની પોળ, કાલુપુર અમદાવાદથી મળી શકશે.)

બપોરે શેઠશ્રી અમૃતલાલ હરગોવિંદદાસ તરફથી વિશાળવાડીમાં જ પીસ્તાલીશ આગમની પૂજા શ્રી જૈનધર્મ આરાધક મંડળે તથા મુંબઈવાળા શ્રી સોભાગચંદ મોહનલાલ શાહે ભક્તિ સંગીતની ભારે રમઝટ સાથે ભણાવી. આમાં પણ મેદની વિશાળ ભરાયેલી. રાતના સાબરમતી ભક્તિ મંડળે ભાવના જમાવેલી. આજના દિવસે શેઠશ્રી અમૃતલાલ તરફથી જ ૧૨ હજાર ફૂલોથી અલૌકિક અંગ રચના કરવામાં આવેલ. અંગરચનામાં અત્રેના કોલ્હાપુરવાળા શેઠ શ્રી અમૃતલાલ હિરાલાલ તથા શ્રી મનુભાઈ કલ્યાણભાઈ રાવે અને મુંબઈના શ્રી મનુભાઈ લાલભાઈએ ભારે કુનેહ અને જહેમત વાપરી લાભ લીધેલ.

સુદ-૧૧ ના શેઠશ્રી શાંતીલાલ વ્રજલાલ તરફથી બૃહત્ શ્રી સિદ્ધચક્ર પૂજન ભણાવાયું. ગીરધરનગરવાળા શ્રાદ્ધરત્ન શ્રી હીરાભાઈ મણિલાલે ખૂબ ભાવથી વિધિ વિધાન કરાવ્યાં.

સાબરમતીથી શ્રી સિદ્ધગિરિનો છ'રી પાળતો સંઘ

અત્રેના નિવાસી શેઠ શ્રી રાયચંદજી બેડાવાળાની ઘણા વખતથી શ્રી સિદ્ધગિરિનો છ'રી' પાળતો યાત્રાસંઘ કાઢવાની ભાવના હતી. એ માટે એમના

તરફથી એમના ચિરંજીવી શ્રી પુખરાજજી વગેરેએ રાધનપુરના શ્રાદ્ધરત્ન શ્રી હરગોવિંદભાઈ મણિયારની સાથે ઉસ્માનપુરા-અમદાવાદમાં બિરાજમાન વર્ધમાન તપોનિધિ પ.પૂ. આચાર્યદેવશ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** પાસે અનેકવાર જઈને એઓશ્રીની નિશ્રામાં શ્રી સિદ્ધગિરિનો યાત્રા સંઘ કાઢવાની પોતાની ભાવના વ્યક્ત કરેલી; પ્રયાણ મુહૂર્ત પણ પૂછેલ. બાદ સરકારી પરમીટની વ્યવસ્થા થઈ જતાં એમણે આસો સુદ-૧૦ રવિવારે તા. ૭-૧૦-૭૩ ના સવારે શ્રી વર્ધમાન જૈન સંઘ આયોજિત 'પ્રતિક્રમણ સૂત્ર ચિત્રાવલિ' પ્રકાશન સમારોહ વખતે વિશાળ મેદની સમક્ષ પૂ. આચાર્યદેવશ્રીને, ઉપરોક્ત સંઘ કાઢવાની ભાવના જણાવીને વિશાળ પરિવાર સાથે પધારવા માટે વિનંતી કરી. જવાબમાં પૂજ્યશ્રીએ કહ્યું કે 'ખાસ કોઈ બાધક નહિ હોય તો આવવા ભાવના છે.

સાબરમતીથી સંઘપ્રયાણનું મુહૂર્ત વિ.સં. ૨૦૩૦ કારતક વદ-૬ બપોરનું કર્યું છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૨,અંક-૧૩,તા.૮-૧૨-૧૯૭૩

સાબરમતી - પાલીતાણા યાત્રાસંઘનો શાસનડંકો

● **પાલીતાણા :** અત્રે સાબરમતી નિવાસી શેઠ રાયચંદજી હેમાજી તથા એમના સુપુત્રો ભાઈશ્રી પુખરાજજી, શ્રી જસરાજજી અને શ્રી સાગરમલજી બેડાવાળા તરફથી સાબરમતીથી કારતક વદ ૬ રોજે સંઘયાત્રા કાઢવામાં આવેલ. પાલીતાણા યાત્રાસંઘ છ'રી' પાળીને ૧૮ દિવસના પ્રવાસ પછી ક્ષેમકુશળ માગશર સુદ ૭ સવારે આવી પહોંચ્યો હતો. સંઘ પૂ.આચાર્યદેવશ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**ની નિશ્રામાં અને શ્રી હરગોવનદાસ મણિયારની દેખરેખ નીચે કાઢવામાં આવેલ. આરાધક યાત્રિકો સારા જોડાયેલ. લગભગ ૬૦૦ યાત્રિકો હતા, અને એમાં ૪૦ ટકા જેવા તો પુરુષો હતા. તેમજ બેનોમાં પણ યુવાન બેનોની સંખ્યા મોટી હતી. વિશેષતા વળી બીજી એ હતી કે લગભગ ૫૦૦ જણા રોજ એકાસણાં તથા ૯-૧૦ માઈલ સુધીનો પદવિહાર કરીને આરાધના કરતા હતા. એમાં વૃદ્ધો અને અશકત જેવા યુવાન-યુવતીઓ પણ મોટરનો સહારો ન લેતાં ધીરે ધીરે પણ પગે ચાલીને પ્રવાસ કરતાં. ઉપરાંત રોજ એકાસણાં તો ખરા જ.

સંઘયાત્રામાં રોજના કાર્યક્રમમાં પ્રભાતે પ્રતિક્રમણ દેવદર્શન પછી પ્રવાસ શરૂ થતો. ૭-૮-૯-૧૦ માઈલ સુધીની પ્રવાસખેપ રહેતી. પછી તે તે ગામના સંઘ

તરફથી સ્વાગત સામૈયું થતું. ગામ-નગરમાં સામૈયું ફરીને નાકા પર વિશાળ સામિયાણા તંબુઓથી શોભતા સંઘનગરમાં પ્રવેશ થતો, અને સંઘના મંદિરે દર્શનાદિ પછી મંગળાચરણ થતું. ત્યારબાદ જિનપૂજા તથા સ્નાત્રમહોત્સવનો કાર્યક્રમ રહેતો. પછી એકાસણામાં નવનવી મીઠાઈ-ફરસાણ, બદામ-પિસ્તા મિશ્રિત કેસરિયા દૂધ, ચાહ, રોટલી-પુરી, શાક-દાળ-ભાત વગેરેથી ભક્તિ થતી. થોડા આરામ પછી બપોરે ત્રણ વાગેથી ૪॥ સુધી વ્યાખ્યાન રહેતું. સૂર્યાસ્ત પછી સમૂહ પ્રતિક્રમણ થતું. પછી ભાવનાનો રંગ જામતો.

તંબૂઓમાં પુરુષો તથા બેનોની અલગ અલગ સગવડ, ભોજનનો તંબૂ, સંઘવીઓના વિશાળ કુટુંબીઓને તંબૂ, જિનમંદિરનો તંબૂ વગેરે સુંદર વ્યવસ્થા રહેતી. યાત્રિકોના સામાન માટે માસ્ટરટ્રકની વ્યવસ્થા હતી. યાત્રિકોમાં શારીરિક કોઈ વ્યાધિના નિવારણ માટે સંઘવી શ્રી જસરાજજીના સુપુત્ર ડૉ. શાંતિભાઈ સુંદર સેવા આપતા. તેમજ એ તથા સંઘવી કુટુંબીઓ અને મણિયાર બાપા વગેરે સુંદર મેનેજમેન્ટ કરતા. સંઘ સહકારમાં મુંબઈવાળા શા. હરગોવિંદદાસ ઘીયા, પટાગોડવાલ પોરવાલ સમાજ, રાધનપુરવાળા છગનભાઈ જુહારમલજી વગેરેની માનદ સેવા સુંદર રહેતી. સ્નાત્ર અને ભાવનામાં સાબરમતીવાળા શ્રી લલિત માસ્ટર ભક્તિસંગીતની સુંદર રમઝટ જમાવી યાત્રિકોને જિનભક્તિમાં ઝીલાવી એકતાન કરી દેતા. બેનોને આરાધના પૂ. બાપજી મહારાજના સાધ્વીજીશ્રી વિજ્ઞાનશ્રીજી મહારાજ વગેરે સુંદર કરાવતા.

યાત્રાસંઘમાં પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાથે એઓશ્રીના વિશાળ પરિવારમાંથી ૨૩ મુનિઓ હોઈ સંઘની શોભા ઓર રહેલી. રોજ એઓશ્રીના શ્રી તીર્થાધિરાજ શત્રુંજય અને શત્રુંજયમાં જિનધ્યાન જેવા પરમ ધર્મ ઉપર સંવેગ વૈરાગ્ય ઝરતા પ્રવચનો થતાં, એમાં સાત્ત્વિક વિવેચન ઉપરાંત રોચક દૃષ્ટાન્તો તર્કસિદ્ધ સમજુતી, તથા જીવનઘડતર અને આરાધનાની પ્રોત્સાહક પ્રેરણાથી આરાધકોને આરાધનાનો નવનવો પાવર મળતો. તેથી લાંબા પ્રવાસ છતાં એકાસણાં કરવાનું જોમ રહેતું. જીવનભર માટે રોજના ખાવાના અમુક જ ટંક, મહિનામાં અમુક દિવસ મીઠાઈત્યાગ, ૫૦૦ આંબેલ, પાલીતાણામાં ધર્મશાળેથી તળેટી જવામાં શરીરે ચામઠા પર ચાબૂક ખાતા ઘોડાના વાહનમાં સવારી નહિ કરવી, વગેરે નિયમો પણ લેવાયેલ. કેટલાકોએ યાત્રાપ્રવાસમાં છેલ્લા બાર દિવસ તો કેટલાકોએ અમુક દિવસ મીઠાઈ ત્યાગ કરેલા.

યાત્રાસંઘમાં પહેલા ૨-૩ મુકામ પછી પૂ.આચાર્યદેવશ્રીએ એક પ્રવચનમાં

ફરમાવ્યું કે "જેમ મોટા રાજાને મળવા જવું હોય તો ભેટણું નજરાણું લઈને જવું જોઈએ છે. તેમ ધર્મચક્રવર્તી ત્રિલોકનાથ શ્રી આદીશ્વર ભગવાનને તથા તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજીને ભેટવા જવું છે તો નજરાણું શું લઈ જશો ? આ લઈ જાઓ કે પાલીતાણા પહોંચો ત્યાં સુધીમાં 'ૐ હ્રીં શ્રી વિમલાચલાય નમઃ' અથવા 'ૐ શ્રી હ્રીં શ્રી સિદ્ધાચલાય નમઃ'નો ૧ લાખ જાપ અર્થાત્ ૧૦૦૦ નવકારવાળી પૂરી કરી લો." આ વસ્તુ ભૂમિકા બાંધીને એવી રીતે પૂજ્યશ્રીએ સમજાવી કે ત્યારથી માંડીને યાત્રિકો નકામી વાતોચીતોમાં ન પડતાં એ જાપમાં લાગી ગયા. તે રસ્તે ચાલતા પણ નકામી વાતોમાં ન પડાય એ માટે જાપ કરતા નીચે જોઈને ચાલતા લગભગ પાંચસો સાડી પાંચસો જણનો પ્રવાહ આ રીતે એક ગામથી બીજે ગામ શાંતપણે જ્યારે ચાલ્યો જતો દેખાતો એ વખતનું દૃશ્ય અદ્‌ભુત બનતું. જૈનેતરો આ જોઈ સ્તબ્ધ બની જતા.

સંઘવીએ મારવાડના બેન્ડવાજાવાળા પણ સાથે લીધેલ તથા ધંધુકાના નાજુક કાષ્ઠસ્થરથને સમરાવી શણગારી સાથે લીધેલ. એમાં પ્રભુજીને પધરાવી આગળ ચોકડા પર કાષ્ઠના બે ઘોડા પણ જોડેલા; ને એ બધું બે બળવાન શણગારેલા બળદ ખેંચી જતા. મોખરે એક ઘોડા પર ધજા અને એક ઘોડા પર નિશાનડંકો રહેતો. ગામ પ્રવેશમાં સામૈયું પ્રભુજીનું મુખ્ય હોઈ તથા ગહુંલી કરનારી બેનો પહેલી ગહુંલી પ્રભુજીને કરે એ માટે નિશાનડંકો ધ્વજ બેન્ડવાજા પછી પ્રભુજીનો સુશોભિત રથ આગળ રખાતો. ને પ્રભુજીની પાછળ પ્રભુજીના પરિવાર તરીકે પૂ. આચાર્યદેવાદિ મુનિમંડળ યાત્રિક પુરુષો પૂ.સાધ્વીજી મહારાજો તથા યાત્રિકબેનો ચાલતા.

યાત્રાસંઘમાં અનેકવાર જુદા જુદા ભાવિકો તરફથી સંઘપૂજન થયાં. છેલ્લા **જમણવાર** મુકામે સાદડીના ન્યાતિનોરાવાળા ભાઈશ્રી કાળીદાસ ન્યાલચંદ તરફથી સંઘપૂજન થયું. **નોંધણવદર** મુકામે યાત્રિક સંઘ તરફથી ૫ દરેક દીક્ષાર્થી ભાઈબેહેનોનું ૧૬-૧૬ રૂ. થી તથા દસેક વર્ષીતપવાળા એક છઠ્ઠને પારણે છઠ્ઠ કરનાર, તથા બે ૫૦૦ આંબેલવાળાનું ૫-૫ રૂા. થી બહુમાન થયું. સંઘવી શ્રી જસરાજજી તરફથી દીક્ષાર્થીઓનું ૫-૫ રૂા. થી બહુમાન કર્યું. આ પ્રસંગે શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહે ચારિત્ર વિષે ઉદ્‌બોધન કરતાં શ્રોતાઓ સ્તબ્ધ થઈ ગયેલ.

ગામેગામ તે તે ગામના અને આજુબાજુના જૈનેતર લોકો સંઘ જોવા ઊમટી પડતા, તથા રાતના 'ચાલો ભજન સાંભળવા' એમ કરી ભાવનામાં વિશાળ સંખ્યામાં હાજર રહેતા, સંઘ સંઘના કાર્યક્રમ વ્યાખ્યાનવાણી વગેરેની જૈનેતરો અનુમોદના કરતા, એથી લાગે કે આજના વિષમ કાળે યાત્રાસંઘથી કેવી મહાન શાસનપ્રભાવના થાય છે.

જમણવાર મુકામે મુંબઈથી આવેલ મલાડના અગ્રણી કાર્યકર ભાઈશ્રી શાંતિલાલ મણિલાલે વ્યાખ્યાન વખતે ઊભા થઈને પૂજ્ય આચાર્યદેવશ્રીને વિનંતી કરતાં સભાને ઉદ્દેશીને કહ્યું કે, "પૂજ્યશ્રીની નિશ્રામાં આ સંઘની આરાધનાની જાહોજલાલી જોઈને અમારા દેપલાવાસી ભાઈશ્રી નાનચંદ મુળચંદ અને એમના સુપુત્ર શ્રી રાયચંદભાઈની ભાવના વધી જવાથી દેપલાથી મહા સુદ ૬શ્રી ગીરનારજી તીર્થનો છ'રી' પાળતો યાત્રાસંઘ આજ પૂજ્યશ્રીની નિશ્રામાં કાઢવાનો નિર્ણય લીધો છે. અને તેથી અમે પૂ. આચાર્યદેવશ્રીને સપરિવાર સંઘમાં પધારવા વિનંતી કરીએ છીએ. તથા આ નવા સંઘવી રાયચંદભાઈ દેપલાવાળાને ખુશાલીનો હાર પહેરાવવા સંઘવી શેઠશ્રી રાયચંદજી હેમાજીને હું વિનંતી કરું છું." પછી પૂજ્યશ્રીએ વિનંતી માન્ય કરતાં કહ્યું હતું કે, 'કોઈ બાધક સંયોગ નહિ હોય તો અમે ગીરનાર સંઘમાં આવીશું.' સંઘવી શ્રી રાયચંદજીએ રાયચંદભાઈને હાર પહેરાવ્યો.

અમરેલીથી આવેલ શ્રી ગુણવંતભાઈ ટોળિયા તથા મુંબઈથી આવેલ એમના મોટા બેન વગેરેએ પૂજ્ય આચાર્યદેવશ્રીને અમરેલી પધારી મહા સુદ ૪ના શુભ મુહૂર્તે એમના નાનાભાઈશ્રી કિરીટકુમારને દીક્ષા આપવા વિનંતી કરેલ.

સંઘ યાત્રિકોમાંથી સુકૃતઅર્થે લગભગ રૂા. ૨૩ હજારની ટીપ થયેલી. એમાંથી ગામેગામ સાધારણ ખાતે, વૈયાવચ્ચ ખાતે, જીવદયા ખાતે, ઉપાશ્રય ખાતે, સાધર્મિક ઉદ્ધાર ખાતે વગેરેમાં સારી રકમો અપાતી, તેમજ સંઘવી તરફથી પણ એટલી જ પોતાની રકમો અપાતી, તથા વિશેષ પણ અપાતી.

માગશર સુદ ૭ પાલીતાણા પ્રવેશ વખતે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી તરફથી ભવ્ય સામૈયું કરાયું. સામૈયામાં ઈંદ્રધ્વજા તથા ચાંદીનો રથ પણ લાવવામાં આવેલ. સ્થળે સ્થળે ગહુંલીઓ થઈ, સામૈયું સાંડેરાવ ભવનમાં લગભગ ૧૦। વાગે ઊતર્યા પછી પૂ. આચાર્યદેવાદિ મુનિવરો તથા કેટલાય યાત્રિકો ગિરિરાજની યાત્રાએ પધારેલ. સુદ ૮ સવારે સમસ્ત સંઘ વાજતે ગાજતે યાત્રાએ ગયો, ત્યાં તળેટીએ સંઘવીએ ગિરિરાજને મોતીએ વધાવેલ.

માગશર સુદ ૮ રાત્રે યાત્રિકો તરફથી તેમજ સાંડેરાવ ભવન કમિટી તરફથી સંઘવીને માનપત્ર આપવાનો મેળાવડો શ્રી હિંમતમલજી રૂગનાથજીના પ્રમુખપણે થયેલ. માળાની ઉછામણી થતાં રૂા. ૭૨૦૦૦ થયેલ. યાત્રિકો તરફથી ચાંદીના ૪ કાસ્કેટમાં માનપત્ર અપાયેલ. સંઘવી તરફથી દરેક યાત્રિકોને દૂધથી પગ ધોઈને દરેકને ચાંદીની વાટકી ભેટ અપાયેલ.

માગશર સુદ ૯ના પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

આદિ પરિવાર સાથે સંઘ સવારે ૯ વાગે ભવ્ય સ્વાગત પૂર્વક સાંડેરાવ ભવનથી નીકળેલ. વચમાં મહારાષ્ટ્રભવનમાં શ્રી નેમીચંદજી અમલનેરવાળા આદિના અતિ આગ્રહથી સકલસંઘ ત્યાં પધારેલ, અને ગુરુમંદિરમાં બિરાજમાન સિદ્ધાંતમહોદધિ સ્વ.પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની મૂર્તિને વંદનાદિ કરેલ. શ્રી નેમીચંદજીએ સંઘવીઓનું બહુમાન કરેલ. બાદ દાદાના દરબારમાં માળારોપણ વિધિ ભવ્ય ઉજવાયો, પૂજ્ય આચાર્યદેવશ્રી મહારાષ્ટ્રભવન (તળેટીરોડ) સ્થિરતા કરશે.

અમરેલીમાં ઉજવાયેલ ભવ્ય દીક્ષા મહોત્સવ

ભાઈશ્રી **કિરીટકુમાર અમરેલી**ના ટોળીયા કુટુંબના એક તેજસ્વી સિતારા. એમને કૉલેજની ડિગ્રી પ્રાપ્ત કરી સાવરકુંડલાના હાઈસ્કૂલનું શિક્ષક તરીકેની તેજસ્વી કારકીર્દિ અપનાવી. ત્યાં એ મેટ્રીક સુધીના વર્ગ લેતા. કૉલેજ લાઈફમાં વિ.સં. ૨૦૨૪ની સાલમાં અમદાવાદમાં મે વેકેશનની ધાર્મિક શિક્ષણ શિબિરમાં શિક્ષણ લીધેલું. એ પછી પણ કલકત્તા-પાલનપુર વગેરે શિબિરો ભરેલી. શિબિરમાં જોડાવા પહેલાં તો એમને એમના મોટાભાઈ ગુણવંતભાઈ કહે કે 'ભાઈ આપણાથી કંદમૂળ ન ખવાય એમાં અનંત જીવ છે' ત્યારે એ કહેતા કે 'જીવ હોય તો બતાવો.' આવું એમનું આધુનિક જમાનાનું જીવન હતું. પરંતુ શિબિરના શિક્ષણ પછી એ જીવનને ધક્કો લાગ્યો અને ધાર્મિક જીવને સ્થાન લીધું. વિશેષતયા પોતાના આત્મા સંબંધી આંતરમંથન વધતુ ચાલ્યું અને હાઈસ્કૂલની માનભરી સર્વીસને રાજીનામું આપી ફગાવી દીધી.

વિ.સં. ૨૦૨૮માં **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** (હાલ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.) પાસે જ્ઞાનાભ્યાસાર્થે જોડાઈ ગયા તે આવશ્યક ક્રિયાના સૂત્રોથી માંડી સંસ્કૃત બે બુક સુધીના અધ્યયનમાં પહોંચી ગયા. બીજી બાજુ સંસારત્યાગ કરી ભવ્ય ભાગવતી દીક્ષા માર્ગે ચઢી જવાનો નિર્ધાર કરી લીધો.

કિરીટકુમારના માતુશ્રી લીલાવતીબેન એક ખરેખરા કલ્યાણમાતા છે. એમની ખાસ ઈચ્છા કે અમારા કુળમાંથી ૧ દીવો પાકે. પૂજ્ય મહારાજશ્રી પાસે રહેતા કિરીટકુમારની ભાવના વધી જતાં માતાને ખૂબ આનંદ થયો અને એમને કિરીટકુમારને અંતરના અત્યંત્ય વાત્સલ્યભર્યા આશીર્વાદ આપ્યા. આમ તો વિ.સં. ૨૦૨૯માં

કિરીટકુમારને દીક્ષા આપી દેવાની તૈયારી હતી, પરંતુ દીક્ષા મહોત્સવ ઘર આંગણે અમરેલીમાં ઉજવવો હતો અને પૂજ્યશ્રીને કપડવંજ શિબિર પછી અમરેલી પહોંચાય એવું ન હતું તેથી પૂજ્યશ્રી આ સાલમાં અમરેલી પધારવાનું નક્કી થતાં મહોત્સવપૂર્વક મહા સુદ ૪ દીક્ષા અપાવવાનું નક્કી કર્યું. આ માટેની કંકોત્રીમાં જણાવેલ કે વિશેષ જણાવતાં આનંદ થાય છે કે અમારા સુપુત્ર ચિ. ભાઈશ્રી કિરીટકુમાર વૈરાગ્ય વાસિત બની ભાગવતી મુનિદીક્ષા અંગીકાર કરવા સુસજ્જ બન્યા છે.

શ્રી કિરીટકુમાર આમ તો કૉલેજ લાઈફમાં મોજ જીવન જીવનારા. પરંતુ કર્મ સાહિત્યના વિશ્રુત વિદ્વાન સંયમમૂર્તિ, બાલબ્રહ્મચારી, સર્વાધિક સંખ્ય શ્રમણ સાર્થાધિપતિ સિદ્ધાંતમહોદધિ સ્વ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન, વર્ધમાન તપોનિધિ, જિનધર્મના દક્ષ-વ્યાપારી શૂરા-પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનાં ધાર્મિક શિક્ષણ શિબિરમાં પ્રવચનો સાંભળતાં કિરીટભાઈ ધર્મરંગે રંગાતા ગયા. સાયન્સના ગ્રેજ્યુએટ થયા પછી સાવરકુંડલા હાઈસ્કૂલમાં મેટ્રિક સુધીના કલાસના સાયન્સ ટીચર બનવા છતાં તત્ત્વજ્ઞાનના રસથી વેકેશનોમાં શિબિર પ્રવચનો સાંભળતા રહ્યા.

વિશેષમાં એમના મોટાભાઈ શ્રી ગુણવંતભાઈએ ૩૬વર્ષની વયે પોતાના ધર્મપત્ની શ્રી ભાનુમતીબેન સાથે સ્વીકારેલ જીવનભરના બ્રહ્મચર્ય વ્રતથી પ્રેરણા પામી શ્રી કિરીટભાઈએ પણ આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું. ત્યારબાદ પૂ. આચાર્યશ્રી ના અમદાવાદ જ્ઞાનમંદિરના ચોમાસા દરમિયાન ઉપમિતિપર સંવેગ-વૈરાગ્યપૂર્ણ વ્યાખ્યાન સાંભળી તત્ત્વજ્ઞાન, ધાર્મિકસૂત્રો તથા સંસ્કૃત ભાષાના વિશેષ અધ્યયન અર્થે શિક્ષણક્ષેત્રમાંથી રાજીનામું આપી પૂ. આચાર્ય શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના ચોવીસે કલાકના સંપર્કમાં રહેવા લાગ્યા. જ્ઞાન-ધ્યાન સાથે પૂજ્યશ્રીના જીવનનાં કર્તવ્ય શાં ? માનવ જીવનનું મૂલ્ય શું ? જીવનનાં આદર્શ શેમાં ? જીવન સંગ્રામ કોની સામે ? માનવજીવનની સાર્થકતા શેમાં ? વગેરે વગેરે વિષયો પરનાં તથા રોજનાં સમ્યગ્દર્શનને નિર્મળ બનાવનાર ને વૈરાગ્ય ભક્તિ વધારનારાં પ્રવચનોનું શ્રવણ કરતાં કરતાં અને અમારી તથા ગુણવંતભાઈની વારંવાર પ્રેરણા પ્રોત્સાહન પામતા-પામતા દૃઢ વૈરાગ્યવાળી બન્યા અને હવે પાપભર્યા સંસારવાસનો ત્યાગ કરી અનંત કલ્યાણકર ચારિત્ર લેવાના નિર્ધારવાળા બન્યા છે.

અમારો મહાન ભાગ્યોદય છે કે અમારી સાત પેઢીને અજવાળે એવા ત્યાગમાર્ગે સંચરી શ્રી કિરીટભાઈ અમારા કુળદીપક બનશે. ખરેખર ! દુન્યવી પરિગ્રહ અને વિષય સુખોની પાછળ કાળી મહેનત પછી જો અંતે એ બધું નષ્ટ થઈ

જીવને કેવળ પાપનાં પુંજ સાથે પરલોકે પ્રયાણ કરી અશરણ નિરાધાર દુઃખમય દુર્દશામાં મુકાવું પડતું હોય, અહીં આવવા સુધી સાધેલા આત્માના ઊર્ધ્વીકરણ પછી હવે આગળ અધઃપતનનો નાલેશીભર્યો રાહ લેવો પડતો હોય તો બહેતર છે કે એવા પાપભર્યા દુન્યવી જીવનનો ત્યાગ કરી અનંતા તીર્થંકર ભગવંતોએ અને ચક્રવર્તીઓ તથા મોટા શેઠ શાહુકારોએ આદરેલા પવિત્ર ચારિત્રદીક્ષાના માર્ગે ચાલ્યા જવું. ૨૫ વર્ષની યુવાન વયે શ્રી કિરીટભાઈને આ વિવેક પ્રગટ્યો અને ચારિત્રમાર્ગે જવા વીર્યોલ્લાસ પ્રગટાવ્યો એ એમનું અહોભાગ્ય છે.

એમને દીક્ષા આપવા માટે અમરેલી પધારવા અમોએ પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. વિનંતી કરી, અને એ એઓશ્રીએ માન્ય કરી અમારા પર મહાન ઉપકાર કર્યો છે.'

પૂ. આચાર્યદેવશ્રી બેડાવાળા શ્રી રાયચંદજી યોજિત યાત્રા-સંઘ લઈ પાલિતાણા પધારેલા. ત્યાંથી પોષ વદ ૭ વિહાર કરી અમરેલી પધાર્યા. પ્રવેશના આગળના દિવસે શહેરનું રોટી રમખાણનું તોફાન થયેલ. પરંતુ વદ ૧૨ રવિવાર પ્રવેશ પછી બહાર બીજે તોફાનો છતાં અત્રે કાંઈ જ તોફાન આજ સુધી થયા નહિ. જિલ્લાના કલેકટર સાહેબ પાસે દીક્ષાના વરઘોડાની રજા માગવા જતાં એઓ કહે કે 'તપસ્વીની અત્રે પધરામણી પછી એમના પ્રભાવે શહેરમાં બહુ શાંતિ રહી. ત્યાગમાર્ગનો આવો વરઘોડો તા. ૨૬ના ખુશીથી કાઢજો. ૧૪૪મી કલમ પણ વરઘોડો પૂર્ણ થયા પછી લાગુ કરવામાં આવશે.'

સંઘના ભારે ઉલ્લાસ સાથે તા. ૨૦ રવિવારની પૂજ્યશ્રીનો સપરિવાર પ્રવેશ થયો. બપોરના **'સીતાજીના જીવન આદર્શો'** એ વિષય પર કપોળ વાડીમાં જાહેર પ્રવચન થયું. રોજ વ્યાખ્યાનમાં પણ સ્થાનકવાસી ભાઈઓ તથા જૈનેતરો ય લાભ લેતા હતા. પોષ વદ ૧૩ મેરુતેરસ હોઈ અષ્ટાપદજીની પૂજા ભણાવવામાં આવી. મહા સુદ ૩ શનિવાર બપોરે રથયાત્રા તથા દીક્ષા-વરસીદાનનો વરઘોડો નીકળ્યો. શ્રી કિરીટભાઈ શોભિતી ગાડીમાં ઊભા રહી રસ્તાની બે બાજુએ છૂટે હાથે વરસીદાન ઉછાળી રહ્યા હતા. એ દશ્ય જોઈને કેટલાય જૈનેતરોના દિલ દ્રવી ગયા હતા. મહા સુદ ૪ રવિવારે વિશાળ કપોળવાડીમાં દીક્ષાનો પ્રસંગ ઉજવાયો. શ્રી કિરીટભાઈ રજોહરણ મળતા નાચી ઉઠ્યા હતા. દીક્ષા વિધિ પૂર્ણ થયા બાદ એમનું નામ મુનિશ્રી **ભુવનસુંદરવિજયજી** રાખી પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરાયેલ. દીક્ષાવિધિબાદ શ્રી કિરીટભાઈના કુટુંબીઓ તરફથી મૂર્તિપૂજક અને સ્થાનકવાસી સંઘને નવકારશી

જમણ આપવામાં આવેલું. મહા સુદ ૫ સોમવારે શ્રી કલેકટર સાહેબ, શ્રી નાયબ કલેકટર વગેરે સાથે ખાસ સમય કાઢીને પૂજ્યશ્રીના દર્શનાર્થે આવ્યા અને વ્યાખ્યાન પણ સાંભળ્યું. સાવરકુંડલા સંઘવાળા ઘણો આગ્રહ કરી ગયા હોવાથી પૂજ્યશ્રી કુંડલા પધારવા વકી છે.

• • •

અમદાવાદ : સંવત ૨૦૩૦ના કારતક સુદ ૧૩ના રોજ અત્રે ઉસ્માનપુરા સોસાયટીમાં પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભ પ્રેરણાથી **શ્રી ઉસ્માનપુરા જૈન પાઠશાળાની સ્થાપના** થતાં સારાય શ્રી સંઘમાં આનંદની લાગણી પ્રગટી. પાઠશાળાની સ્થાપનાથી ત્રણ માસના ટૂંકા સમયમાં ત્રણ ભવ્ય પ્રસંગો ઉજવાયા. (૧) પ્રથમ મૌન એકાદશીના મહાપર્વ પ્રસંગે પાઠશાળાના વિદ્યાર્થી ભાઈ બહેનો (સો થી પણ વધુ)એ આયંબિલ એકાસણાં બિયાસણાં આદિ તપથી મૌનવ્રત સહિત પર્વની ઉજવણી કરી. (૨) તા. ૩૦-૧૨-૭૩ને રવિવારે સવારે વિવિધ રાગ રાગણીથી ઢોલક, ખંજરી, દાંડીયા સાથે ૮॥ થી ૧૧॥ વાગે સ્નાત્રપૂજાનો ભવ્ય કાર્યક્રમ થયો. આ શુભ પ્રસંગે શેઠશ્રી વીરચંદભાઈ વિદ્યાર્થી ભાઈબહેનનોની ભક્તિથી ખૂબ જ પ્રભાવિત થયા અને દર મહીને તેઓશ્રી તરફથી રૂા. ૨૫ વિદ્યાર્થીઓને ઈનામની જાહેરાત કરી. આ પ્રસંગે પાઠશાળા તરફથી પ્લાસ્ટીકના ડબા તથા શેઠશ્રી અમૃતલાલ હિરાલાલ કોલ્હાપુરવાળા તરફથી દરેક વિદ્યાર્થીને ૨૫ પૈસાની પ્રભાવના કરવામાં આવી. (૩) બકરી ઈદના દિવસે જીવદયા નિમિત્તે લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓએ આયંબિલ, એકાસણાં, બિયાસણાં, આદિ તપ કર્યા. આ દિવસે સમૂહ સામાયિક, ગુરુવંદન, જાપ, અરિહંત ધૂન આદિ કાર્યક્રમ રાખ્યો હતો. આ પ્રસંગે પૂ.શ્રી પદ્મસાગરજી મહારાજ સાહેબે **'વિનય વિદ્યા'** વિષય પર ટૂંકું મનનીય પ્રવચન આપ્યું. આ પ્રસંગે શેઠશ્રી વીરચંદભાઈ તરફથી વિદ્યાર્થીભાઈ બહેનોને ૨૫ પૈસાની તથા એક ભાગ્યશાળી તરફથી ૧૦ પૈસાની પ્રભાવના કરવામાં આવી. પાઠશાળાની કાર્યવાહી શ્રી કલ્પેશભાઈ તથા શ્રી સતીષભાઈ સંભાળે છે અને શ્રી સુરેશચંદ્ર સી. શાહના માર્ગદર્શન હેઠળ પાઠશાળાની સુંદર કાર્યવાહી ચાલે છે.

નોંધપાત્ર બાબત એ છે કે આ દિવસે શિક્ષકશ્રી તરફથી જીવદયાની વાત સમજાવતાં વિદ્યાર્થીઓએ દોરી પતંગના ખરચમાં કાપ મૂકી તે પૈસા જીવદયાની ટીપમાં આપીને જીવનમાં પ્રથમ વખત અભયદાનમાં લાભ લીધો.

વર્તમાન યુગે અદ્‌ભુત દીક્ષા મહોત્સવ

• **સંગમનેર :** અત્રે સંઘવી શ્રી સુમતિલાલ દલીચંદની સુપુત્રી કુમારિકા દીપીકાબેન (ઉં.વ. ૨૧) છેલ્લા ૨/૩ વર્ષથી પૂ. બાપજી મહારાજના સમુદાયના સાધ્વીજી શ્રી કંચનશ્રીજી મ.ના પ્રશિષ્યા સા. શ્રી રત્નપ્રભાશ્રીજી મ. પાસે વૈરાગ્ય તથા જ્ઞાનધ્યાનમાં ઝીલતા રહી ચારિત્ર લેવા ઉત્સુક બનતાં એમના પિતાશ્રી તરફથી વૈશાખ સુદ ૧૦ દીક્ષા મહોત્સવ નક્કી થયો. દીક્ષા આપવા માટે એમની આગ્રહ ભરી વિનંતીથી પૂ.આ.શ્રી વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મહારાજ દૂરથી પધાર્યા. વિશેષ વિનંતીથી પૂ.આ.શ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજાદિ તથા પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરિજી મ. પણ પધારેલા. પૂ.સાધ્વીજી મ. પણ સુરતથી અત્રે પધારેલ.

વૈશાખ સુદ ૩ પાંચેય પૂ. આચાર્ય મહારાજોનો ધામધૂમથી પ્રવેશ થયો. કમાનો, ધજા પતાકા, રંગબેરંગી ગહુંલીઓથી માર્ગ સુશોભિત બનેલો. પ્રવેશ બાદ પૂજ્યોની નિશ્રામાં શ્રી સુમતિલાલ દલીચંદ તરફથી બંધાવેલ સિદ્ધિ-મેઘ-મનોહર પોષધશાળાનું મુમુક્ષુ દીપિકાબેનના હસ્તે ઉદ્‌ઘાટન સંઘના ભારે ઉત્સાહ વચ્ચે થયું. સંઘ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ. પછી ત્યાં જ પૂજ્યોએ સ્થિરતા કરી. મુમુક્ષુ બેને પાંચે ય પૂજ્યોને રજોહરણ વહોરાવ્યા.

મહારાષ્ટ્રમાં ક્વચિત જ દીક્ષા પ્રસંગ ઉજવાય છે. તેથી જૈન જૈનેતરોમાં અનેરો ઉત્સાહ હતો. એમાં ય સંગમનેરના જૈનોએ કમાલ કરી. એક માસ દીક્ષાર્થીનાં વાયણાંનો ભવ્ય કાર્યક્રમ ચાલ્યો. કેમ જાણે આખા ગામમાં દરેક જૈનના ઘરે પોતાના ત્યાં ઉત્સવ હોય એ રીતે ખૂબ ઉત્સાહથી ઉજવણી થઈ. રોજ એક ઘરે વારણે જવાનું હોય એ ઘરવાળા તરફથી દીક્ષાર્થી બેનને વૈભવી કપડા દાગીના પહેરાવવામાં આવતા, અને એમના જ તરફથી બેન પાસે વરસીદાન દેવરાવતાં વરઘોડા સાથે ગામમાં ફેરવીને પોતાના ઘરે લાવવામાં આવતાં. રાતના એ જ ઘરવાળા દીક્ષાર્થીને બેન્ડ બાજા સાથે દર્શન કરવા લઈ જતાં. પછી બેનને જુદી જુદી જાતના વેશમાં ભાત ભાતના આસને બેસાડી એમને માનપત્રો મેળાવડો ૨-૩ કલાક ચાલતો. એમાં રાસ ગરબા લેવાતા; અને દીક્ષાર્થીને તથા એમના કાકા-કાકી-માતા-પિતા ને અભિનંદનના ભાષણ સાથે માનપત્ર અપાતાં. વરઘોડામાં નવનવો વેશ ને ગાડીની નવનવી સજાવટ રહેતી. આવા લગભગ ૨૭ વરઘોડા તથા એટલા જ માનપત્ર મેળાવડા ભક્તિ સંગીતના કાર્યક્રમ ભર્યા યોજાયેલા. રોજ ને રોજ વરસીદાન

ઉછાળાયાથી જૈનેતરોમાં જૈનધર્મ માટે કોઈ અલૌકિક માન ઊભું થયું.

આમ દરેક ઘરે લગભગ હજાર બબ્બે હજાર રૂ. નો ખર્ચ કર્યો હશે. ચારેક સંઘપૂજન થયાં.

દીક્ષા નિમિત્તે શ્રી સુમતિભાઈ તરફથી શાનદાર અઠ્ઠાઈ મહોત્સવ શાંતિસ્નાત્ર ઉજવાયા. મુંબઈના જૈનસંયુક્ત મંડળ અને સ્થાનિક ભક્તિમંડળ પૂજા ભાવનામાં ભક્તિ સંગીતની રમઝટ મચાવતા. સુમતિભાઈ તરફથી છેલ્લો દીક્ષા વરસીદાનનો વરઘોડો આ યુગમાં અભૂતપૂર્વ નીકળ્યો. ચોઘડીયા, શાસનધ્વજ સાથે ઘોડેસ્વારો, મોટર સાઈકલો, બેન્ડ દેશીવાદ્ય, દેશી ડાન્સ કરનારું મંડળ, નકલી હાથી, નાચતો મોર, બનાવટી નાગ, ચાંદીના રથમાં પ્રભુજી, દીક્ષાર્થી કમળના આકારથી સજાવેલ ગાડી, વિશાળ સાજન વગેરેથી વરઘોડો ભારે દીપી રહ્યો હતો. એમાં વળી દીક્ષાર્થી બેન ઉદાર હાથે પૈસા, રૂપિયા, ફળ, નેપકીન, તૈયાર કપડાં અને સાડલા વગેરે ઉછાળી રહેલ હતા. છેલ્લે ચણા મમરાનું દાન કરતી ગાડી ચાલતી વરઘોડો ખૂબ જ લાંબો વિસ્તરેલો.

પ્રસંગને અનુરૂપ શ્રી સુમતિભાઈ તરફથી આઠે દિવસ સાધર્મિક ભક્તિ, બે દિવસ નવકારશી અને ગરીબોને અન્નદાન રાખેલ. દીક્ષાવિધિ ભવ્ય ઉજવાઈ. દીપિકાબેનનું સાધ્વીજી શ્રી ભાગ્યરત્નાશ્રી નામ સ્થાપી સા. શ્રી રત્નપ્રભાશ્રીજી મ. ના શિષ્યા જાહેર કરાયા એ એમના સાંસારિક બેન સા.શ્રી ગીતપૂર્ણાશ્રીજી મ.ના ગુરુબેન થયા.

દીક્ષાપૂર્વે દાનવીર શેઠશ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરિયાના પ્રમુખપણે દીક્ષાર્થી બેનના તથા શ્રી રસિકલાલ અને શ્રી સુમતિલાલના અભિનંદન અર્થે મેળાવડો યોજાયેલ.

દીક્ષા પ્રસંગે બહારગામથી લગભગ ૫૦૦૦ માણસ આવેલ.

આ દીક્ષામહોત્સવની આગવી વિશેષતાઓ આ હતી, -

(૧) ૨૭-૨૮ દિવસ વરઘોડા, ને મેળાવડા.

(૨) મુમુક્ષુનું જે ઘરે વાયણું, તે ઘર તરફથી વર્ષીદાન સાથે રોજ ૩ વરઘોડા.

(૩) રોજ રાત્રે દેરાસરે દીક્ષાર્થીને નવનવા વાહન પર લઈ જવાતા.

(૪) છેલ્લા વરઘોડામાં વર્ષીદાનમાં કપડા, સાડીઓ, નેપકીન, ફળ, અનાજનું દાન વગેરે વગેરે. ધન્ય શાસન ! ધન્ય શાસન રાગી !

● **સાવરકુંડલા :** અત્રે શ્રી સંઘની ખૂબ ઝંખના આતુરતા પછી પૂ.આ.શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.** ચાતુર્માસાર્થ જેઠ વદ ૬ નગર બહાર બોર્ડિંગમાં

સપરિવાર પધાર્યા. આખો દિવસ લોકોની દર્શનાર્થે અવરજવર રહી. બપોરના વ્યાખ્યાન થયું. વદ ૭ સવારે ભારે સ્વાગત સામૈયા સાથે નગર પ્રવેશ થયો. નગરને કમાનો, મંડપ, ધજાઓ વગેરેથી શણગારી દીધેલ. સામૈયું થયા બાદ ઉપાશ્રય પ્રવેશે વાર હતી. તેથી સ્થાનકવાસીની વાડીમાં મંગળ પ્રવચન થયું. સ્થાનકવાસી ભાઈઓ તથા જૈનેતરો પણ સારી સંખ્યામાં ઉપસ્થિત હોઈ વાડી ચિકાર ભરાઈ ગયેલ. **'ધર્મ શું'** એ વિષય પર પ્રવચન થયું પછી કલકત્તાવાળા શેઠ વજ્રલાલ ડાહ્યાભાઈ તરફથી ચાંલ્લો તથા ૧-૧ રૂા. સંઘપૂજન થયું.

સાવરકુંડલામાં પૂજ્ય તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબના ભવ્ય ઉપદેશથી નૂતન ઉપાશ્રયના નિર્માણ માટે વરસોલી ઘનની હેલી : દેરાસરજીમાંથી કાયમ માટે વિજળીદીવાને દેશવટાનો ઠરાવ

પ્રભાવક પ્રવચનકાર સૂરિદેવના કુંડલામાં પગલા થયા ત્યારથી શ્રી સંઘમાં અનેરી આરાધનાઓનો યજ્ઞ મંડાયો છે. પાઠશાળાનું માતબર ફંડ ચાલી રહ્યું છે ૨૦૦૦૦/- સુધી આંકડો પહોંચ્યો છે. ત્યાં કુંડલામાં ઉપાશ્રયની આવશ્યકતાને અનુલક્ષીને પૂજ્ય આચાર્યભગવંતે ઉપદેશની હેલી વરસાવી. તેથી છ ભવ્યાત્માઓએ ઉદાર દીલે પોતપોતાની જમીનના દાન કર્યા. આ રહ્યા એમના શુભનામ :

૧. સંઘવી શ્રી દલીચંદ ગોપાળજી

૨. શ્રી જગજીવન રાયચંદ ગુલાબચંદ દોશી

૩. શ્રી અનંતરાય હીરાચંદ ગુલાબચંદ દોશી

૪. શ્રી મનસુખલાલ નાનચંદ દોશી

૫. શ્રી કપૂરચંદ નાનચંદ દોશી

૬. શ્રી પ્રેમચંદ વનમાળીદાસ દોશી

ત્યારબાદ શ્રી સંઘની જનરલ મિટિંગમાં ટીપ અંગે ચર્ચા વિચારણા થઈ જરૂરી ઠરાવો થયા અને તે પછી પ્ર.ભા.સુ ૧ રવિવારના રોજ વ્યાખ્યાન બાદ પૂ. પાદ આચાર્યદેવની પાવન નિશ્રામાં એકત્ર થયેલી સંઘની જનરલ મિટિંગમાં ટીપનો ઉમંગ ઉછળ્યો. પૂ.શ્રીના ઉપદેશથી એક પુણ્યશાળીએ શ્રી સંઘ જો રૂપિયા ૭૫૦૦૦/- કરે

તો પોતે ઉપર રૂા. ૧૫૦૦૧/- આપવાની પૂજ્યશ્રીને પહેલેથી ઓફર કરેલી તે પૂજ્યશ્રીએ વ્યાખ્યાન સભામાં જાહેર કરતાં ઉછરંગ વધી ગયો. બીજા ભાગ્યશાળી દોશી વ્રજલાલ ડાહ્યાભાઈએ થોડા દિવસો પૂર્વે ઉપાશ્રય થાય તો રૂા. ૫૦૦૧/- આપવાની જાહેરાત કરેલી. ટૂંક સમયમાં ચક્રો ગતિમાન થયા અને જમીનો અપાઈ બાદ ૧૦૦૦૧/- ની જાહેરાત કરી અને એ મિટિંગમાં તેમણે ઉલ્લાસ વધતા રૂા. ૧૧૧૧૧/- ની જાહેરાત કરી જેને શ્રી સંઘે જયનાદ સાથે વધાવી લીધી. આ કાર્યવાહીમાં વજુભાઈએ ખૂબ ભોગ આપ્યો છે. તેમની અત્યંત અનિચ્છા હોવા છતાં શ્રી સંઘે પ્ર.ભા.સુ.૭ ના તેમના અનુમોદનીય જીવન સુકૃતોનાં સન્માનનો સમારંભ યોજ્યો હતો. સાવરકુંડલા સંઘમાં રેકાર્ડ રૂપ ટીપનો આંકડો રૂા. ૧ લાખ સુધી પહોંચ્યો છે. સંઘનું એક ડેપ્યુટેશન હવે બહાર ટીપ માટે નીકળનાર છે. બહાર વસતા સાવરકુંડલાવાસી તથા ભાવિક અનન્ય સદ્‌ગૃહસ્થો બાકીની ટીપ પૂર્ણ કરશે એવી શ્રી સંઘને આશા છે. પર્યુષણ પર્વને અનુલક્ષીને મહિનાના ઘરથી મુનિવરોમાં તેમજ સંઘમાં મહાન તપશ્ચર્યાઓ ચાલુ થઈ છે. પૂ.શ્રી.સાધ્વીજી પદ્મરેખાશ્રીજી મહારાજ આદિ ત્રણ સાધ્વીજી મ. મોટો શ્રેણિતપ કરી રહ્યા છે. પૂ. મુનિવરોમાં શ્રી જગવલ્લભવિજયજી મ.ને શ્રેણિતપ, શ્રી વિમળસેનવિજયજી મ. તથા શ્રી ચંદ્રસુંદરવિજયજી મ.ને ૧૬ ઉપવાસ ચાલી રહેલ છે. પૂ. તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ.ને વર્ધમાન આંબેલ તપની ૧૧૧ મી ઓળી ચાલે છે.

શ્રી સંઘે એક અતિ અનુમોદનીય ચિરસ્મરણીય કાર્ય એ કર્યું કે પૂ. આચાર્યદેવશ્રીને વર્ધમાન આયંબિલ તપની ચાલતી ૧૦૭મી ઓળીમાં પિતપ્રકોપના લીધે ૪૧ આંબેલ પછી કરવા પડતા પારણાનું નિમિત્ત પામીને શ્રી સંઘે દેરાસરજી ગભારા તથા રંગમંડપમાંથી કાયમ માટે વિજળીદીવા ન રાખવાનો ઠરાવ કર્યો.

સાવરકુંડલામાં પર્વાધિરાજની ભવ્યાતિભવ્ય ઐતિહાસિક આરાધના
પૂ. આચાર્યદેવના પ્રેરણાદાયી પ્રવચનો : માસખણાદિ તપની રેલી

સાવરકુંડલાના ઈતિહાસમાં સં. ૨૦૩૦નું ચાતુર્માસ અને પર્વાધિરાજની આરાધનાને સો કોઈ એક ઐતિહાસિક કહે છે અને સિદ્ધાન્તમહોદધિ પૂ. સ્વ. આચાર્યદેવશ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ. તપોનિધિ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજીનો પ્રભાવ ગણે છે. સાવરકુંડલાના સંઘમાં આરાધનાનો ઉમંગ રગરગમાં ઉછળ્યો છે. પર્વાધિરાજની આરાધના માટે સૌ થનગની રહ્યા હતા. બહારગામથી ન્યાયાધીશ, બેંક મેનેજર વગેરે એજ્યુકેટેડ વર્ગ પૂજ્યશ્રીની નિશ્રામાં ગોંડલ, જયપુર, મુંબઈ, હીરાપુર, અમદાવાદ, અમરેલી આદિ સ્થળોએથી આવી ગયો હતો.

પૂજ્યશ્રીના પ્રવચનોએ તપનું પોરસ ચઢાવ્યું. પોષધની પ્રેરણા આપી. ૫ અને ૧૧ કર્તવ્યોના પ્રવચનોએ સૌની નીંદ ઉડાડી સંખ્યાબંધ યુવક-યુવતીઓએ અઠ્ઠાઈ અને ઉપરનાં તપમાં ઝૂકાવ્યું.

માસખમણ/૨, ૧૬/૬, ૧૫/૩, ૧૧/૬, ૧૨/૧, ૧૦/૧, ૯/૧૧, અઠ્ઠાઈ/૬૩, ૭/૩, સિદ્ધિતપ/૫, શ્રેણીતપ/૪ સખત ગરમીમાંય સૌનો તપ શાતા પૂર્વક થયો, એમાં હીરાપુરવાળા મનીષકુમાર ચીમનલાલ (ઉં.વ.૯) તથા પંકજકુમાર મનુભાઈએ (ઉં.વ.૯) ચોસઠપ્રહરી પોષધમાં અઠ્ઠાઈ કરી આખા સંઘને આરાધના ના કરી સૌને મુગ્ધ કર્યા. એમના ધર્મપત્નીએ પણ અઠ્ઠાઈ લગાવી. ઉપજમાં દર સાલ કરતાં ભારે ઉછાળો આવ્યો. સ્વપ્નની બોલીમાં સોનાની ફૂલની માળાની બોલી ઉપરાંત સ્વપ્નદર્શનની બોલીની પૂજ્યશ્રીએ પ્રેરણા કરતા સંઘે એને વધાવી બોલીના ટોટલને મહેકાવી દીધો. કલ્પસૂત્ર, બારસાસૂત્રના ભવ્ય વરઘોડાઓ, પ્રભુજીના ઘોડીયાપારણા, રાત્રીજગો, પ્રભાવના, સંવત્સરીના પારણાની અનેકોની માંગણી ૫૨ સંઘે બાલચંદ અમીચંદ તેમજ નારાયણ વછરાજને આદેશ આપતાં છઠથી માંડીને માસખમણ, ૬૪ પહોરી પોષધવાળા વગેરેને પાંચમના સુંદર રીતે તિલક કરી ૧-૧ રૂપિયો આપી પારણા કરાવ્યાં. તપસ્વી મુનિરાજશ્રી ચંદ્રસુંદરવિજયજી મહારાજ સાહેબ, જેમને માસખમણ, શાસ્ત્ર પદાર્થ નોંધોના ૬૦૦ પાના લખવા સાથે કર્યું. એમની સાથે આચાર્ય ભગવંતાદિ સંઘની પધરામણી લક્ષ્મીચંદ છગનલાલને ત્યાં થતાં જીવનભર સિનેમા ત્યાગ, ચતુર્થવ્રતાદિ વ્રત નિયમ પચ્ચક્ખાણ થયા. એમાં યુવકોએ સારું પરાક્રમ કર્યું. ગીનીથી પૂજ્યશ્રીનું પૂજન કર્યું. બીજે પણ યુવકોએ અને બુઝર્ગોએ ચતુર્થવ્રત, શુકલપક્ષાદિના વ્રત લીધા. પ્રભુજીને ભવ્ય આંગીઓ દીક્ષાર્થી યુવકો પંકજભાઈ તથા અક્ષયભાઈ કરતા હતા. વ્યાખ્યાનમાં શાંતી જળવાય તે માટે શ્રી ધર્મોદય સમાજના યુવકોએ સુંદર સેવા આપી હતી. ભા.સુ.૬ ના રતિલાલ રાયચંદના ધર્મપત્ની કમલાબેનને મોટી ઉંમરે ૧૬ ઉપવાસનું પારણું હોવાથી ભવ્ય વરઘોડા સાથે પૂજ્ય આચાર્યદેવાદિ સાથે સંઘની પધરામણી કરી પૂજ્યશ્રીનું પૂજન કરી સંઘપૂજનનો લાભ લીધો. વ્રતનિયમ લેવાયા શુભ ખાતે રકમો જાહેર કરી. પૂ સાધ્વીજી શ્રી પદ્મરેખાશ્રીજી આદિના શ્રેણિતપ, ૧૬ ઉપવાસ નિમિત્તે શ્રાવિકા ઉપાશ્રયે સંઘની પધરામણી તથા ગીનીથી પૂજન થયું. રથયાત્રાનો

શાનદાર વરઘોડા નીકળ્યો. ૬૪ ઇન્દ્ર, ૫૬ દિગ્ કુમારિકા, તપસ્વીઓની ગાડીઓ શિસ્તબદ્ધ ચાલતા, વિશાલ સાજન વગેરે સાથે ૨॥ કલાક ફર્યો. પૂ. આચાર્યદેવાદિના મધુરકંઠે સ્તવન સજ્ઝાય તથા અજિતશાંતિ સાંભળવાનો એક અણમોલ લહાવો સૌને આ પર્વમાં મળ્યો.

● **જૂનાગઢ (સમાચાર) :** પૂ. વિદ્વાન મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મહારાજની શુભનિશ્રામાં આરાધનાની છોળો ઉછળી રહી છે. પૂજ્યશ્રીની વર્ધમાન તપની ૬૪મી ઓળીની પૂર્ણાહૂતિ પ્રસંગે રૂા ૫૦૧/- બોલી મૂળચંદ જેચંદભાઈએ ચતુર્વિધ સંઘને ઘરઆંગણે આમંત્રી લાભ લીધો. પ્રવચનમાં પર્વપ્રસંગે ૬૪ પ્રહરીપૌષધ તથા તપ માટે પ્રેરણા અપાઈ. પૂ.શ્રી કીર્તિરત્ન વિ.મ.ની અઠ્ઠાઈ નિમિત્તે પાંચ ઉછામણીમાં (૧) ગુપ્ત રીતે સાધર્મિક ભક્તિમાં રૂા. ૬૬૧ બોલી (૨) અનુકંપાદાનમાં ૫૦૧ ની બોલી. ૩-૪-૫ વર્ષમાં અધિક એકાસણા સામાયિક તથા નવકારવાળીની બોલીવાળાને ચતુર્વિધ સંઘની ત્યાં પધરામણી થઈ. ૫૦ બાંધી નવકારવાળીના જાપનુ અનુષ્ઠાન પાંચ વર્ણના એકાસણા સાથે ૨૨૫ આરાધકોએ, તથા નમોજિણાણંનો જાપ આયંબિલ સાથે ૭૫ આરાધકોએ કર્યો. પ્રવચનમાં શાસનમાં પ્રવેશ પ્રાપ્ત કરવા દેશવિરતિધર થવાની પ્રેરણા અપાઈ. વર્ધમાનદેશનામાં ૧૨ વ્રતનું સ્વરૂપ પૂર્ણ થતાં ૧૯ પુરુષો તથા ૨૨ બહેનોએ બારવ્રતના અભિગ્રહ કર્યા. નાણ મંડાવી આસો સુ. ૧૦ ના વ્રતો ઉચ્ચરશે. નવલાખ નવકારના અભિગ્રહો ૩૫ પુરુષોએ તથા ૫૧ બહેનોએ લીધા.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૩,અંક-૯,તા.૧૬-૧૧-૧૯૭૪

તપસ્વીરત્ન દીક્ષાર્થી શાંતિચંદ હીરાચંદ ઝવેરીની આગ્રહભરી વિનંતીથી ૧૦૦ ઓળીના પારણાના મહોત્સવ પ્રસંગે પૂ. પાદ આ.મ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. લાલબાગ ઉપાશ્રયે પધાર્યા. સામૈયું ભવ્ય થયું. ભવ્ય ઉદ્યાપન સહ અષ્ટાન્હિકા મહોત્સવ આ.સુ. ૧૪ થી શરૂ થયો. આ.વ.૬ ના મંગળવારે પારણા દિવસે પૂ. પાદ આચાર્ય ભગવંત સપરિવાર સંઘ સાથે તપસ્વીના નિવાસસ્થાને પધાર્યા જ્ઞાનપૂજન, ગુરુપૂજન થયું. તપસ્વી શાંતિભાઈએ પૂજ્યશ્રી પાસે હિતશિક્ષાની માગણી કરતા પૂજ્યશ્રીએ તપના આદર્શ અંગે તેમજ સંયમ પ્રયાણને અનુલક્ષીને શક્તિ હોય તો સૌએ એનું અનુકરણ કરવા જેવું છે. વગેરે સુંદર મનનીય પ્રવચન આપેલ. સંઘપૂજન થતા સૌ વિખરાયા. શાંતિભાઈના વિશાલ કુટુંબની હાજરી અને

એમની ઉદારતાથી જિનશાસન પ્રભાવના થવા પામી.

મુંબઈ : દીક્ષાર્થી ભાઈ શ્રી શાંતિચંદ ઝવેરીની વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ મી ઓળીની પૂર્ણાહૂતિનો ભવ્ય ઉત્સવ ઉજવાઈ ગયો. ભાઈશ્રી શાંતિચંદે વિ.સં. ૧૯૯૮માં પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં અંધેરી મુકામે શ્રી ઉપધાન તપની આરાધના કરી ત્યારથી ધર્મભાવનામાં દૃઢ બન્યા અને એ સાલમાં ફા. વદ ૧૦થી મહામંગલકારી વર્ધમાન આયંબિલ તપનો પાયો નાખ્યો. સં. ૨૦૦૩માં બારવ્રતનો સ્વીકાર કર્યા બાદ સં. ૨૦૦૭માં વર્ષીતપ કર્યો. ત્યાગ સંયમ મૂર્તિ પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની કૃપાથી પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજના વર્ધમાનતપ સાથે તથા સંવેગ વૈરાગ્યભર્યા વ્યાખ્યાન સાંભળી વિ.સં. ૨૦૦૮ થી રસવૃત્તિનો ધક્કો લાગ્યો અને વર્ષમાં ૪-૬ માસના આયંબિલ કરવા લાગ્યા. ૫૦૦ આયંબિલની ભાવનાથી ૨-૩ વાર પ્રયત્ન કરતાં લાગટ ૪૩૭ આયંબિલ કર્યા. સં. ૨૦૧૦ ની સાલમાં ૩૭ વર્ષની ભર યુવાન વયે બ્રહ્મચર્યવ્રતનો અભિગ્રહ કર્યો. સં. ૨૦૧૧થી વર્ષમાં ૮-૯ મહિનાના આયંબિલ થતા ગયા. ગૃહસ્થ જીવનમાં રહી આહાર સંજ્ઞા પર કાપ મૂકી મહાન તપની સાધનામાં આગળ વધતાં વર્ધમાન તપની ૧૦૬ ઓળીના સમારાધક પ્રભાવક પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની ભવ્ય પ્રેરણાથી ભાઈ શાંતિચંદ્ર આયંબિલમાં પણ દ્રવ્ય સંક્ષેપ કરતા છેલ્લે ૬૯ મી ઓળીથી ફક્ત બે દ્રવ્યથી આયંબિલ કરી રહ્યા હતા અને જેમના ચરણ કમલમાં ભવનિસ્તારિણી ભાગવતી દીક્ષા બંગીકાર કરવાના છે તે પૂ ગુરુદેવની નિશ્રામાં વિ.સં. ૨૦૩૦માં સાવરકુંડલામાં ચાલુ ૧૦૦મી ઓળીમાં પર્યુષણની આરાધનાર્થે ૧૦ ઉપવાસ કર્યા. આ ઉપરાંત જીવનમાં જ્ઞાનપંચમી તપ, વીસસ્થાનક તપ, નવપદજીની ૯ મી ઓળી, ૨૫ વર્ષ પર્યુષણમાં ૬૪ પ્રહરી પૌષધ તેમજ ૧૫ અઠ્ઠાઈ વગેરે આરાધનાઓ પણ કરેલી, ખરેખર જૈન શાસનમાં તપધર્મની બલિહારી છે.

● **સંઘોના હૈયે વસેલા ચારિત્રધર્મના બહુમાન :** જૈન શાસનનો ત્યાગધર્મ સદાય જયવંતો છે. **મુમુક્ષુ અક્ષયકુમાર** પોતાના સંસારી ફોઈ સાધ્વીજી મ. ને વંદન કરવા જુન્નર ગયા ત્યાંના સંઘને ખબર પડતાં જૈન બોર્ડિંગમાં સંઘ તરફથી તેમનું સન્માન થયું. માલેગામ જતાં રસ્તામાં એક કલાકનો સમય મળતાં સંગમનેરમાં પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય વિભુધપ્રભસૂરીશ્વરજી મ. ને વંદન કરી સિન્નેર ગયા ત્યાં પૂ. સા. હર્ષપ્રભાશ્રીજી મ. હતા (સંસારી સગા) ત્યાં સંઘે વર્ષીદાનનો વરઘોડો ઉમંગભેર કાઢ્યો સાંજે સન્માન સમારંભ થયો. સંઘે ચાંલ્લો હારતોરા સાથે ચારિત્રનું

ઉપકરણ ઠવણીથી પણ બહુમાન કર્યું. ત્યારથી પૂ.પાદ આચાર્યભગવંત શ્રીમદ્ વિજય જંબૂસૂરીશ્વરજી મ. સા. ને વંદન કરવા ગયા ત્યાં પણ ભવ્ય એવો સન્માન સમારંભ થયો. લોકસાગર ઉમટ્યો હતો. માલેગામ મુકામે પોતાના સંસારી બેન પૂ. સાધ્વી જયાનંદાશ્રીજી મ. ના વંદનાર્થે જતાં ત્યાં પૂ.આ.મ. સુદર્શન સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ચાલતા ઉત્સવનો વરઘોડો હતો. અહીં સંઘમાં આ નવજુવાન એજ્યુકેઈટેડ દીક્ષાર્થીને જોઈ ઉમંગ ઉછળી પડતા. વરઘોડા સાથે વર્ષીદાનનો વરઘોડો ગોઠવાયો સન્માન સમારંભ યોજાયો ચાંલ્લામાં રૂપીયાનો વરસાદ જાણે વરસ્યો. વધુ રોકાઈ જવા આગ્રહ હતો મુંબઈમાં પણ જોરદાર વાયણા ચાલી રહ્યા છે.

● **બાળમુમુક્ષુ પંકજકુમાર** પોતાના માતાપિતા સાથે સમેતશિખર આદિ કલ્યાણક ભૂમિઓની યાત્રા કરી મુંબઈ આવી ગયા છે. તેમના વાયણા માટે બૃહદ્ મુંબઈ અને પરાઓમાં પડાપડી થઈ રહી છે.

મુમુક્ષુ શાંતિચંદ્ર ઝવેરીની ૧૦૦મી ઓળીના પારણાનો પ્રસંગે અનેરી શાસનપ્રભાવના પૂર્વક ઉજવાઈ રહ્યો છે.

● **સુરેન્દ્રનગર :** અત્રે પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં અપાયેલ અભિનંદન પ્રસંગે મુમુક્ષુ **અક્ષયકુમારે** જવાબમાં જણાવેલું કે આજે આપ સૌ જે સન્માન કરી રહ્યા છો તે સંયમનું સન્માન છે. આ સઘળોય ઉપકાર મારા પૂજ્ય ઉપકારી ગુરુભગવંતો અને વડીલોનો યોગ મળ્યો. ધાર્મિક જીવનની સાથે આઠમાં ધોરણથી એન્જીનીયર બનવાની કામના જાગી ત્યારથી મેં ટેકનીકલલાઈન તરફ લક્ષ આપી વિકાસ કરતો રહ્યો. માણસને જે લક્ષ નક્કી થાય છે તે પછી તે દિશામાં ખૂબજ પ્રયત્નશીલ રહે છે. મે મેટ્રીક પાસ કરી. સારા માર્ક્સ મળ્યા પછી ચાર વર્ષ એન્જીનીયરિંગમાં પસાર કર્યા યુનિવર્સિટીમાં બીજા નંબરે આવ્યો. સરકાર તરફથી સ્કોલરશીપ મળવી ચાલુ હતી. અમેરીકા જવાના કોડ જાગ્યો. પરંતુ સુભાગ્યે મને આત્માનો પ્રકાશ પ્રાપ્ત કરવા સાવરકુંડલા મુકામે પૂ. ઉપકારી ગુરુભગવંતનો યોગ કરાવ્યો. ત્યાં હું સ્થિરતાપૂર્વક રહ્યો પૂ. ગુરુદેવે મારા ભાવિનો સાચો નકશો સમજાવ્યો. ભાવિના અનંતકાળનું અજવાળું શાથી ? અંધારું શાથી ? એ વાત સમજાવી એન્જીનિયર બની નવી નવી ડિઝાઈનો તૈયાર કરી હજારો મેળવવાના ! એમાં યંત્રોમાં કેટકેટલી હિંસા થવાની ? તેનાથી થતા ગંજાવર પાપ અને પરિણામે દુર્ગતિની સજા...અનેક ભવોની પરંપરા...આ બધો ચિતાર ગુરુગમથી સમજાઈ જતાં હિંસાદી સર્વે પાપોના ત્યાગરૂપ ચારિત્રમાર્ગે આત્માને વાળી કલ્યાણ સાધવું એજ જીવનનો સાર પકડવા નિર્ધાર કર્યો. મારો સંકલ્પ મારા પૂ. માતુશ્રીને જણાવતાં

તેમણે પણ હા પાડીને મને આનંદિત કર્યો. ખરેખર ! એક કલ્યાણ માતાનું ભગીરથ કાર્ય કર્યું છે અને સાચી માતા બની છે. આપ સૌની આશિષથી કલ્યાણ માર્ગે સારી રીતે પ્રયાણ કરે એજ મંગલકામના !

● **વઢવાણ :** સાવરકુંડલાથી દીક્ષાર્થીભાઈ શ્રી અક્ષયકુમાર એમના માતુશ્રી સાથે સંઘના અભિનંદન પામી ઉના અજારા યાત્રા કરી જુનાગઢ સંસારીપણે એમના કાકા હાલ પૂ. મુનિરાજશ્રી ધર્માનંદ વિજયજી મ. ને વંદનાર્થે ગયેલા. શ્રી સંઘને પરિચય મળતાં અભિનંદન સમારંભ કરી પહેરામણી સાથે સન્માન કર્યું. આ કૉલેજિયન નવયુવકના ત્યાગ પ્રત્યે સૌના દિલ અહોભાવથી નમી પડ્યા. ત્યાંથી પછી અક્ષયભાઈ અત્રે વઢવાણ બીજા સંસારી કાકા મુનિરાજશ્રી જયશેખરવિજયજી મ. ને વંદનાર્થે આવતાં પૂજ્યશ્રીએ પ્રતિક્રમણ બાદ શ્રાવકોને ઓળખ કરાવી કે આવા એન્જિનિયરિંગનો અભ્યાસ કરનાર અને કૉલેજના ચોથા વરસમાં યુનિવર્સિટીમાં બીજા નંબરે પાસ થનાર તથા માસિક ૭૦ રૂા. ની ગવર્નમેન્ટ સ્કોલરશીપ મેળવનાર ભાઈ અક્ષયકુમાર કા.વ. ૧૦ દીક્ષા લેવા તૈયાર થયા છે. તરત બીજે દિવસે શ્રી સંઘે બહુ સુંદર માનપત્ર મેળાવડો કર્યો. શેઠ રતિલાલ જીવણલાલે બીમારીમાં પણ હાજર રહી ખૂબ પ્રશંસા અને આનંદ વ્યક્ત કરવા સાથે સંઘ તરફથી રૂા. ૧૦૦ પહેરામણી કરી. લોકોએ તેજના અંબાર અને બુદ્ધિના ભંડારસમા આ પુત્રરત્નને શાસનના ચરણે ધરી દેતો અક્ષયકુમારની માતા પર પણ મેળાવડામાં ધન્યતાનો વરસાદ વરસાવ્યો. અક્ષયકુમારે જોશીલી ભાષામાં શાસન ગુરુદેવ અને માતાના અથાગ ઉપકારોને બિરદાવી આ સન્માન તેઓને છે એમ કહી સંસારની અસારતા પર વૈરાગ્ય વહેડાવ્યો. પછી યુવકોએ થાળીના રણકાર સાથે એમને ઘરે ઘરે પગલા કરાવી વાયણાં અને ચાંલ્લા થયા. સુરેન્દ્રનગર સંઘને આ ખબર પડતાં ત્યાંના શ્રાવકો આમને ત્યાં તેડી ગયા. ત્યાં આસો.સુ.૪. પૂ.મુ.શ્રી રાજેન્દ્રવિજયજી મ.ના વ્યાખ્યાન બાદ સંઘે અભિનંદન મેળાવડો કર્યો. લોક ઘણું ભેગું થયેલ. એજ્યુકેટેડ આ યુવાન દીક્ષાર્થીના વક્તવ્યથી લોકો ખૂબ પ્રભાવિત થયા. ચાંલ્લો કરવા પડાપડી થઈ. રૂા. ૨૫૧ કામળી અને સંથારાની પહેરામણી થઈ. એના માતુશ્રીની ભૂરિભૂરિ પ્રશંસા થઈ. વઢવાણ સુરેન્દ્રનગરમાં બે દિવસ તો ચકલેચૌટે દીક્ષાર્થી અને એની માતાના ગુણગવાતા હતા. માતાનું દિલ પણ દ્રવિત થઈ ગયું કે સંઘોમાં ચારિત્ર પ્રત્યે કેટલું બધું માન છે !' પોતાનો રત્ન જેવો પુત્ર પણ સંયમ માર્ગે જાય છે એનો અનહદ આનંદ એમના મુખ પર તરવરતો દેખાતો.

સાવરકુંડલામાં પદવીપ્રદાનો અને દીક્ષાઓના મંગળમય મહોત્સવમંડાણની તૈયારી :

પરમપૂજ્ય તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્ય પ્રશિષ્યો પૂ. મુનિરાજશ્રી ગુણાનંદવિજયજી મહારાજ, પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મહારાજ, પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મહારાજને પંચમાંગ શ્રી ભગવતીજી આગમસૂત્રના યોગોદ્વહનની આરાધના છેલ્લા ચાર માસથી ચાલી રહી છે. હવે સં. ૨૦૩૧ ના કા.વ.૧૦ ના રવિવારે એની અનુજ્ઞારૂપ **ગણિપદ** પ્રદાનના ભવ્યપ્રસંગે મહોત્સવ ઉજવવા સાવરકુંડલાનો શ્રી સંઘ થનગની રહ્યો છે.

સોનામાં સુગંધ ભળે તેમ આ પ્રસંગ સાથે પરમપૂજ્ય સ્વ. પરમગુરુદેવ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પુણ્ય પ્રભાવે પૂ.આ.ભ. શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની ભવનિસ્તારિણી દેશના અને પુણ્ય પ્રેરણા પામી ૪-૪ ચુનંદા મુમુક્ષુઓ ચારિત્રમાર્ગે પ્રયાણનું મહાપરાક્રમ કરવા તૈયારી કરી રહ્યા છે. એથી સાવરકુંડલા સંઘમાં ઘેર ઘેર આનંદમંગલ વર્તી રહ્યો છે.

દીક્ષાર્થીઓમાં (૧) મુંબઈ નિવાસી **શ્રી શાંતિચંદ હીરાચંદ ઝવેરી** (ઉં.વ.૫૭) કે જેઓ વર્ષો સુધી ૬૪ પ્રહરી પૌષધ ઉપધાનાદિ અનેક તપોની આરાધના સાથે શ્રી વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળીની આરાધના કરી ૩૫ વર્ષની ભરયુવાનવયે જીવનભરના બ્રહ્મચર્યની સાધનાપૂર્વક વિરતિધર્મના અદ્ભુત રંગથી રંગાઈને તપોનિધિ આચાર્યદેવના ચરણે જીવન સમર્પણ કરવાના છે.

(૨) અમરેલી નિવાસી **શ્રી ગુણવંતભાઈ નવલચંદ ટોળિયા** (ઉં.વ.૪૦) કે જેઓ ધર્મપત્નીની પ્રેરણાથી ૩૫ વર્ષની વયથી બ્રહ્મચર્યની આરાધના ઉપધાન ૪-૫ વર્ષી બિયાસણા ૧॥ વર્ષથી એકાસણા સાથે વૈરાગ્યવંત બન્યા છે. કેન્દ્રીય સેન્ટ્રલ ગવર્મેન્ટ તરફથી ગુજરાતરાજ્યના ફાઈનાન્સિયલ એડવાઈઝર છે અને P/W/D. ખાતામાં જિલ્લા ડિવિઝનલ એકાઉન્ટન્ટ છે. વર્ષોથી આ હોદ્દાપર હરામનો એક પૈસો ન ખપે એવી પ્રામાણિક્તાની ટેકવાળા છે. એમણે ગતમહામાસમાં પ્રેરણા-પ્રોત્સાહન આપી દીક્ષા અપાવી જેઓ આજે પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી મ. તરીકે આરાધના કરી રહ્યા છે. પત્ની, બંધુઓ આદિ બહોળા કુટુંબની સહર્ષ અનુમતિપૂર્વક, તપ સાથે જીવનમાં સદૈવ જ્ઞાનદાનનો યજ્ઞ માડનાર પૂજ્યશ્રીના પાવન ચરણોમાં ચારિત્ર લેનાર છે.

(૩) મુંબઈવાસી શ્રી અક્ષયકુમાર મોહનલાલ સુરતવાળા (ઉં.વ.૨૦) જેઓના

૨ કાકા, દાદીમા, ૪ ફોઈ, ૧ બેન દીક્ષિત થયા છે એવા ધર્મ શ્રદ્ધાથી મહેંકતા આ કુટુંબના નબીરા અક્ષયભાઈ મેટ્રીક પહેલા શિબિરો ભરેલી. વિહારમાં સાથે રહેલા. પણ પછી મેટ્રીક કૉલેજમાં પડતા પ્રોડક્શન એન્જીનીયરીંગમાં મુંબઈ યુનિવર્સિટીમાં હાલ ૨ જા નંબરે પાસ થયેલા અને ગવર્મેન્ટ સ્કોલર હોવા છતાં સાવરકુંડલા વંદનાર્થે આવેલા એમાં પૂજ્ય આચાર્યદેવના તત્ત્વ નિતરતા પ્રવચનોથી આ નવલોહિયા યુવકની કુશાગ્રબુદ્ધિએ વૈરાગ્ય તરફ વળાંક લીધો. પૂજ્યશ્રી સાથે ૨-૩ માસ રોકાઈને સંસ્કૃતપ્રાકૃતના અધ્યયન સાથે તપ-જપ પૌષધાદિની આરાધનાથી રંગાઈને પોતાના પૂજ્ય માતુશ્રી વડીલબંધુ આદિની સંમતિ અને આશીર્વાદપૂર્વક ચારિત્રમાર્ગે સંચરવા થનગની રહ્યા છે.

(૪) મુંબઈ-દાદરવાસી શ્રી પંકજકુમાર રાયચંદભાઈ (ઉં.વ.૧૭) માબાપને કલેજાની કોર જેવા આ મુમુક્ષુ કિશોર પોતાના બંધુ પૂ. મુનિરાજશ્રી રત્નસુંદર વિ. મ. ની સાથે ૧૨ માસ સમાગમમાં રહી રોજ બિયાસણા, રોજ ૧૧-૧૨ સામાયિક, પંચપ્રતિક્રમણ જીવવિચારાદિનો અભ્યાસ કરી સહજ એવી વ્યાખ્યાન શ્રવણની રૂચિ હોવાથી પૂજ્ય આચાર્યદેવના હૃદયવેધી પ્રવચનોથી વૈરાગ્યનિષ્ઠ બની જ્ઞાનાદિવાકર પૂજ્ય આચાર્યદેવના વરદ હસ્તે સંયમ સ્વીકારવા તલસી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૩,અંક-૧૪,તા.૨૧-૧૨-૧૯૭૪

પૂણ્યભૂમિ સાવરકુંડલાને આંગણે.... પૂ. વિદ્વાન મુનિરાજો

શ્રી ગુણાનંદવિજયજી મહારાજ
શ્રી મિત્રાનંદવિજયજી મહારાજ
શ્રી યશોભદ્રવિજયજી મહારાજને

ગણિપદ પ્રદાન તથા ચાર વિશિષ્ટ ભવ્યાત્માઓ

૧. શ્રી શાંતિચંદ હીરાચંદ ઝવેરી ૨. શ્રી ગુણવંતભાઈ નવલચંદ ટોલીયા
૩. શ્રી અક્ષયકુમાર મોહનલાલ ઝવેરી ૪. શ્રી પંકજકુમાર રાયચંદભાઈ દોશીની

ભાગવતી દીક્ષાનો ઉજવાઈ ગયેલો અવર્ણનીય મહોત્સવ :

જૈન શાસનનો બજેલો જય ડંકો :

સાવરકુંડલાના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાવા યોગ્ય શુભ પ્રસંગ ગણિપદપ્રદાતા તથા દીક્ષાદાતા-પરમતપોનિધિ પ્રભાવક પ્રવચનકાર આચાર્યદેવ શ્રીમદ્ વિજય

ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પુણ્ય પ્રભાવની જનજીભે ગવાતી **ગૌરવ ગાથા** : તેઓશ્રીના ભવોદધિતારક સ્વ. પૂ. ગુરુદેવ આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજ સાહેબના વારસાની અને કૃપા વર્ષાની થતી પુનીત યાદ :

:: નૂતન મુનિવરોના શુભનામ ::

શ્રી શાંતિભાઈ - પૂ. મુનિરાજશ્રી **શોભન** વિજયજી મ.
શ્રી ગુણવંતભાઈ - પૂ. મુનિરાજશ્રી **ગુણસુંદર** વિજયજી મ.
શ્રી અક્ષયકુમાર - પૂ. મુનિરાજશ્રી **અભયશેખર** વિજયજી મ.
શ્રી પંકજકુમાર - પૂ. મુનિરાજશ્રી **પદ્મસુંદર** વિજયજી મ.

પૂ. પરમતપોનિધિ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે કા.વ.૧૦ રવિવારે ત્રણ મહાત્માઓને ગણિપદ પ્રદાન અને ચાર મુમુક્ષુઓને દીક્ષાપ્રદાનનો સાવરકુંડલા ખાતે અભૂતપૂર્વ ભવ્ય પ્રસંગ ઉજવાઈ ગયો. પૂ. વિદ્વાન મુનિરાજો શ્રી ગુણાનંદ વિજયજી મ., શ્રી મિત્રાનંદ વિજયજી મ., તથા શ્રી યશોભદ્ર વિજયજી મહારાજ જેઓને પંચમાંગ શ્રી ભગવતીજી (વિવાહપન્નતિ)ના યોગોદ્વહન લગભગ પાંચ માસથી સુખપૂર્વક ચાલી રહેલ છે. એમને ગણિપદ અર્પણ કરવાનો તથા ચાર મુમુક્ષુઓને દીક્ષાપ્રદાનનો ભવ્ય વિધિ જોવા માટે માનવ મહેરામણ ઉમટેલો. મોટી હાઈસ્કુલની પાછળ વિશાળ મેદાનમાં જંગી મંડપ ખડો કરવામાં આવેલ. એમાં વિશાળ સ્ટેજ પર મુનિમંડળ શોભતું હતું. આવેલ. આગળ ભવ્ય સમવસરણની આજુબાજુ પાટો ગોઠવેલી એના પર ત્રણ પૂ.મુનિરાજો ગણિપદ આરોહણની અને ચાર મુમુક્ષુઓ દીક્ષા ક્રિયા કરી રહ્યા હતા, જેથી દૂર દૂર હજારો માણસ એ જોઈ શકે. એથી જ જંગી સભામાં પણ શાંતિ અદ્‌ભુત હતી; હજારો માણસ જાણે મંત્ર-મુગ્ધ બની શ્રવણ અને દર્શન કરી રહ્યા હતા. સાવરકુંડલા સંઘને પણ આશ્ચર્ય લાગતું કે આ પ્રસંગો પર આટલો મોટો માનવ મહેરામણ ! અને તે પણ આટલી બધી શાંતિ રાખીને ક્રિયા જુએ છે !

વાયણાનો પ્રવાહ :

ચાર દીક્ષાર્થીઓને ગામ-પરગામ દિવસો સુધી વાયણાં ચાલેલાં એમાં શ્રી શાંતિચંદ ઝવેરી વર્ષોથી મુંબઈ લાલબાગ મોતીશા ઉપાશ્રયમાં ધર્મસાધના કરનારા, એટલે ધર્મસ્નેહીઓનું સર્કલ મોટું, ઉપરાંત સગા-સ્નેહીઓ તથા વ્યાપાર સંબંધીઓ ઘણા, અને સુરતી સમાજ પણ વિશાળ, એટલે ઘણા ય વાયણાં સાચવી શકાયા નહિ એવું જ પંકજકુમારને બન્યું. એમના પિતા શ્રી રાયચંદભાઈ દાદર જ્ઞાનમંદિરના ટ્રસ્ટી તથા દાદર-સંઘમાં એક અગ્રણી કાર્યકર એટલે દાદર સંઘમાં એમના ધર્મસ્નેહી

ઘણા વળી પોતે મુંબઈ મૂળજી જેઠા મારકેટના તથા સ્વદેશી મારકેટના વેપારી, એ હિસાબે વેપાર-સંબંધિત વર્ગ મોટો, તથા પોતે સૌરાષ્ટ્રના દેપલા ગામના એટલે એમનો ઘોઘારી સમાજ પણ મુંબઈમાં વિશાલકાય, આ હિસાબે પંકજકુમારને ય વાયણાં ઘણાં ય બાકી રહ્યા ત્યારે શ્રી ગુણવંતભાઈ સરકારી બાંધકામ ખાતામાં વરસોથી ઑફિસર અને સર્વીસસ્થાન બદલીના હિસાબે સુરત, ભરુચ, પાટણ, પાલણપુર, રાજકોટ વગેરેમાં કેટલાક વરસ એમનો વસવાટ થયેલ; તેમજ પોતે આ ઊંચા હોદ્દા પર પણ પ્રભુપૂજા-પૌષધ-પ્રતિક્રમણ વગેરે ધર્મસાધના કરનારા, એટલે ધર્મસ્નેહી વર્ગ તથા અન્ય પરિચિત વર્ગ પણ મોટો, વળી એમને ચાર ભાઈઓ તથા ત્રણ બેનોના હિસાબે વેવાઈ વર્ગ પણ મોટો; તેથી એમને પણ વાયણાં ઘણાં ય બાકી રહી ગયા ત્યારે અક્ષયભાઈ કૉલેજમાં ચાર વરસ ભણેલા; તેમજ પોતે મૂળ સુરતી અને સુરતવાસીઓ ધર્મથી રંગાયેલા, તેથી એમને ય વાયણાં ઘણા બાકી રહ્યાં.

સન્માન સમારંભોની હારમાળા :

દીક્ષાર્થીઓને એમના વતનમાં અને બીજે અભિનંદન આપવાના મેળાવડા અનેક થયા, તેમને વર્ષીદાન વરઘોડા પણ અનેક નીકળ્યા. **શ્રી શાંતિચંદ ઝવેરીને** મુંબઈ ગોડીજી દેરાસરમાં સુરત વીસા ઓસવાલ જ્ઞાતિ તરફથી શ્રી હીરાચંદ કસ્તુરચંદના પ્રમુખપદે ભવ્ય મેળાવડો કરી માનપત્ર અપાયું. બીજો મેળાવડો લાલબાગ જૈન ઉપાશ્રયમાં પણ ખૂબ ભાવભર્યો થયો. તેમજ બોરીવલી અને દાદરમાં પણ અભિનંદન મેળાવડા થયા. કા.વ. ૧ શાંતિચંદ ઝવેરીનો ભવ્ય વર્ષીદાન વરઘોડો ચડ્યો. એમાં અક્ષયકુમાર અને પંકજકુમારની પણ વર્ષીદાનની સુશોભિત બગી હતી. શાંતિચંદભાઈની બહોળી ઓળખાણના લીધે સાંજના વિશાળકાય હતું. ગુલાલવાડી, ઝવેરી બજાર, કાલબાદેવી, પાયધુની વગેરે માર્ગો ગાજી ઉઠેલા. ચારે બાજુ અને જાળિયે અટારિયેથી હજારો લોકો આવા સુખી વિરાગીઓના સર્વત્યાગના ભવ્ય વરઘોડો જોઈ મુગ્ધ બની ગદ્‌ગદ હૃદયથી ભાવાંજલિ અર્પી રહ્યા હતા અને દર્શનથી પાવન અને પ્રસન્ન થઈ રહ્યા હતા.

શ્રી અક્ષયકુમારને પુષ્પમંડળ તથા જ્ઞાતિજનો તરફથી અભિનંદનનો રોચક મેળાવડો થયેલ. એવો શ્રી મહાવીર વિદ્યાલય તરફથી, તેમજ અમદાવાદ વિદ્યાશાળા, અને સુરતમાં પણ અભિનંદન અપાયેલ એ ઉપરાંત એમને પોતાના કાકા મહારાજો અને ફોઈ મહારાજોને વંદન કરવા જવાનું થયું. ત્યાં જુનાગઢ, વઢવાણ જુન્નેર સિન્નર માલેગામમાં તથા સુરેન્દ્રનગરમાં પણ અભિનંદન થયેલ. વર્ષીદાન વરઘોડા પણ નીકળેલ. દરેક ઠેકાણે અક્ષયભાઈએ પોતાના હૃદયના સંવેગ-વૈરાગ્ય અને

માતૃભક્તિ-ગુરુભક્તિ ભર્યા ભાષણ એવા સુંદર કરેલ કે શ્રોતાઓ ગદ્‌ગદ થઈ ગયેલ.

મુમુક્ષુ **પંકજકુમારને** પણ બેંગલોરમાં વર્ષીદાન વરઘોડો અને ચાર અભિનંદન મેળાવડા થયેલ. મુંબઈમાં પણ દાદર આરાધનાભવન તરફથી દાદર જ્ઞાનમંદિર તરફથી, અને મુંબઈ લાલબાગ સંઘ તરફથી અભિનંદન અપાયેલ. દાદરમાં એમનો અદ્‌ભુત વર્ષીદાન વરઘોડો નીકળેલ મુંબઈના સંભાવિત ગૃહસ્થોથી એ દીપી રહ્યો હતો. વિશાળ સાજનથી વરઘોડો લાંબો હતો, અને પંકજકુમાર રાજશાહી જરિયાન વેશમાં રાજકુંવર જેવા શોભતા ઠેરઠેર છુટે હાથે વરસીદાન ઉછાળતા; એ દૃશ્ય જોઈને હજારો માણસો જૈન ધર્મ પર આફરીન થઈ જતા; જૈનધર્મ પ્રતિપાદિત ત્યાગ ધર્મની વાહ-વાહ ગાતા, આ વરઘોડામાં શાંતિચંદભાઈ તથા અક્ષયકુમાર પણ રાયચંદભાઈના આગ્રહથી જુદી બગીમાં આરૂઢ થયેલ અને વરસીદાન ઉછાળી રહ્યા હતા.

શ્રી ગુણવંતભાઈ ટોળિયા અમરેલીવાસી, તે મુંબઈમાં એમની ત્રણ બેનોને ત્યાં એમના ધર્મપત્ની ભાનુમતીબેનની સાથે મળવા ગયા ત્યારે બેનો ભાભીને કહે 'અરે, ભાનુમતી ! ભાઈએ તારી પાસે પરાણે દીક્ષા મનાવી લાગે છે,' ત્યારે આ આ નારીરત્ન અને સાચા સૌભાગ્યને વરેલી શ્રીમતી ભાનુમતીબેન કહે, 'ના રે ના, હું એમને રાજીખુશીથી દીક્ષાની સંમતિ આપું છું. હું પોતે તો ત્યાગની કાયર છું, પણ એમને મારે એક કલ્યાણપત્ની તરીકે શા માટે અંતરાય કરવો જોઈએ ?' પાલણપુર, માલણ, રાજકોટ, અમદાવાદ જ્યાં જ્યાં પરિચિતોને શ્રી ગુણવંતભાઈ મળવા ગયા ત્યાં ત્યાં આવી વિકસેલી યુવાનીમાં યુવાન પત્ની, સરકારી માનવંતો હોદ્દો, વગેરે છોડી ચારિત્ર માર્ગે જવાના એમના ભવ્ય પરાક્રમની ખૂબ ખૂબ અનુમોદના કરતા. અમરેલી સંઘે માનપત્ર મેળાવડો આપ્યો અને ત્યાં એમના ભવ્ય વર્ષીદાન વરઘોડાથી સુંદર શાસન પ્રભાવના થઈ.

ચારે દીક્ષાર્થીઓ શુભ મુહૂર્તે ઘરેથી નીકળી દીક્ષા માટે વિશાળ સંખ્યામાં સગા-સ્નેહીઓ સાથે સાવરકુંડલા પધારી ગયા, ત્યારે સાવરકુંડલા સંઘે સ્ટેશનેથી અલગ અલગ ભવ્ય સ્વાગત વરઘોડો ચડાવ્યા. ઉત્સાહી યુવાનો નાચતા કૂદતા નગરના રસ્તે-રસ્તાને 'દીક્ષાર્થી અમર રહો' 'જૈનશાસનનો જયજયકાર' વગેરે ગગનભેદી નાદોથી ગજાવી રહ્યા હતા. સંઘે દરેક દીક્ષાર્થીને સગા-સ્નેહી સાથે ઉતારવા માટે અલગ અલગ મકાનોની સુંદર સગવડ કરેલી. પંકજકુમારને ચારિત્રમાર્ગે વળાવવા લગભગ ૫૦૦ સગા-સ્નેહી આવેલ તેથી એમના માટે વિશાળ વીસા ઓસવાલ મહાજનવાડીને શણગારી એમાં ઉતારો ગોઠવેલ. શાંતિચંદ ઝવેરી સાથે

લગભગ ૨૫૦ સ્નેહીજનો પધારેલ તેથી એમને મોઢવણિકની વાડીમાં ઉતારેલ. ગુણવંતભાઈ તથા અક્ષયભાઈ માટે પણ ઉતારવા માટે ઉદાર ગૃહસ્થોએ પોતાના મકાન આપી દીધેલ.

પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને સપરિવાર ઉતારવા શેઠશ્રી રતિલાલ રામચંદે પોતાનો વિશાળ આખો બંગલો ખાલી કરી દઈ પૂજ્યશ્રીને ખૂબ આગ્રહ કરી પોતાને ત્યાં સ્વાગત સામૈયા સાથે પધરાવેલ.

મહોત્સવની તડામાર તૈયારી :

ચારે દીક્ષાર્થીઓના કુટુંબીજનો તરફથી તેમજ સાવરકુંડલા શ્રીસંઘ તરફથી ભારત ભરના સંઘોને તથા વ્યક્તિગત ધર્માત્માઓને કુમકુમ પત્રિકા લખાઈ ગઈ હતી, એથી સર્વત્ર ધર્માતુર હૃદયે સાવરકુંડલા તરફ મીટ મંડાઈ રહી હતી. વર્તમાન વિષમ કાળે જિનશાસનની આ કેવી બલિહારી ! એમ બોલાઈ રહેલ.

સાવરકુંડલામાં ઠેર ઠેર સુશોભિત મંડપો, કમાનો, તોરણો, આકર્ષક લખાણોવાળા બોર્ડોથી નગરની શોભા સ્વર્ગપુરી જેવી બનાવવાની શરૂઆત થઈ. પૂ. આચાર્યદેવશ્રીને શા. રમણલાલ જેચંદ તરફથી ચોમાસું બદલાવવાની વિનંતી પહેલેથી જ હતી, પરંતુ એમણે ચોમાસામાં બીજા સારા લાભ લીધેલા તેથી એમને સમજાવીને કા. સુ. ૧૫. દબદબાભરી રીતે શાહ ત્રંબકલાલ રામચંદ સંઘવીએ પૂ. આચાર્યદેવનું ચોમાસું બદલાવ્યું. મંગલ પ્રવચનને અંતે પ્રભાવના થઈ. ૯ વાગે વાજતે ગાજતે રથયાત્રાના વરઘોડા સાથે ગામ બહાર પૂ. આચાર્યદેવાદિ સકલ સંઘ સાથે સિદ્ધાચલની દિશામાં ઊભા કરેલા મંડપમાં પટના દર્શને ગયો. બપોરે નવાણું પ્રકારી પૂજા ભણાવાઈ બીજે દિવસે શેઠ રતિલાલ રામચંદ દોશીના અત્યાગ્રહથી પૂ. પાદ આચાર્યદેવાદિ વિશાલ મુનિ પરિવારની તેમના બંગલે વાજતે ગાજતે પધરામણી થઈ દીક્ષા પ્રસંગ સુધી અહીં જ સ્થિરતા હતી. વ્યાખ્યાનમાં તથા પ્રતિક્રમણમાં તેમના તરફથી પ્રભાવના થતી. બે દિવસ પૂજાઓ મહિલા મંડળે ભણાવી. કા. વ. ૫ ના દિવસે દીક્ષાર્થી પંકજકુમાર તથા અક્ષયકુમારનો નગર પ્રવેશ હતો સાવરકુંડલાવાસીઓ જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા વિશાલ માનવ મહેરામણ સ્વાગત માટે સવારે સ્ટેશને પહોંચી ગયો હતો. વાજતે ગાજતે શણગારેલી ગાડીમાં દીક્ષાર્થીઓને બેસાડી સ્વાગત થયું. યુવાનોએ જયનાદોથી ગગન ગજાવી મૂક્યું હતું. દેરાસરે દર્શન કરી પૂ. ગુરુદેવને વંદન કરી, સૌ પ્રવચન મંડપમાં આવ્યા. પૂજ્યશ્રીનું સ્વ. પૂ. પાદ પરમગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મ.ના દીક્ષા પ્રસંગ પર ભવ્ય પ્રેરણા આપતું અને શ્રોતાઓને ચાનક લગાડતું પ્રવચન થયું. સંઘમાંથી

દીક્ષાર્થીઓને વાજતે ગાજતે પોતાને ઘેર વાયણા જમવા પધારવાની માગણીઓ આવવા લાગી. આજે વિનોદભાઈ વકીલ વગેરેને ત્યાં વાયણા માટે પધરામણી થઈ. પૂજામાં ભાવનામાં પાલીતાણાની ગીતકાર દલપતભાઈની મંડળીએ ભક્તિ રસ રેલાવ્યો.

કા.વ. ૭ની મંગલપ્રભાતે મુંબઈથી શાંતિચંદ ઝવેરી તથા અમરેલીથી ગુણવંતભાઈ ટોલીયા પધારવાના હતા. તેમના સ્વાગતની સંઘે તૈયારી કરી. બાલમંદિરેથી તેમનું વાજતે ગાજતે સ્વાગત થયું. સ્વાગત બાદ પૂજ્ય આચાર્યદેવનું વૈરાગ્યની છોળો ઉછાળતું પ્રેરણાદાયી પ્રવચન થયું. જયપુરના દીક્ષાર્થી પ્રદીપભાઈ (ઉં.વ.૧૬)ની દીક્ષા પૂજ્ય આચાર્યદેવના શિષ્ય પ્રશિષ્ય રત્ન પૂ. મુનિરાજ જિતેન્દ્ર વિ.મ. તથા પૂ. મુનિરાજશ્રી ગુણરત્ન વિ.મ. પાસે કા. વ. ૧૦ની પિંડવાડા મુકામે થનાર હતી. તેઓ વંદનાર્થે અને આશીર્વાદ લેવા આવેલા તેમને સંઘ તરફથી સન્માન આપવામાં આવ્યું. બપોરે અષ્ટાપદની પૂજા અને રાયચંદભાઈ સિહારવાળા, નાનુભાઈ વગેરેને ત્યાં વાજતે વાજતે વાયણા માટે મુમુક્ષુઓની પધરામણી થઈ. ત્યાગનું મહાન પરાક્રમ કરી રહેલા સુખી એજ્યુકેઈટેડ, તેજસ્વી આ મુમુક્ષુઓને નિહાળવા ગલીએ ગલીએ ને ચોરે ચૌટે ટોળાં જામતા હતા. નગરમાં જ્યાં ત્યાં દીક્ષા...ત્યાગ...ની ચર્ચા ચાલતી હતી. શ્રી ધર્મોદય સમાજનો તેમજ અન્ય યુવકવર્ગ આ મહોત્સવની મોટી કામગીરીમાં ઉત્સાહભેર રાતદિવસ દોડા દોડ કરી રહ્યો હતો.

કા. વ. ૯ ની સવારે ૬॥ વાગે બેન્ડના સરોદો ગાજી ઉઠ્યા. તપના તેજથી દીપતા અને વૈરાગ્યના રંગથી ઓપતા શાંતિચંદભાઈ ઝવેરીના સુપુત્ર નલીનકાંતભાઈ મુંબઈથી સ્પેશીયલ બે બોગીમાં પોતાના સ્નેહી સ્વજનોને લઈને આવેલા. કેટલાક સ્નેહી તો ફોરેનથી આવેલા તેમનો ઉતારો મોઢ વાડીમાં હતો ત્યાં પૂ. આચાર્યદેવાદિ સકલ સંઘના તેમણે પગલા કરાવ્યા. સર્વ સ્નેહીજનો સાથે જ્ઞાનપૂજન ગુરુપૂજન કરી સંયમના ઉપકરણ વહોરાવ્યા. પૂ. પાદ આચાર્યદેવે **'ત્યાગધર્મની સાચી અનુમોદના'** એ વિષય પર મહારાજા શ્રેણીક અને અભયકુમારની દીક્ષાના પ્રસંગ સાથે ટૂંકું પણ મનનીય પ્રવચન આપ્યું. તેથી સભામાં મોટી સંખ્યામાં વિવિધ નિયમો લેવાયા. શાંતિચંદભાઈએ સકુટુંબ ભાવપૂર્વક વહોરાવવાનો લાભ લીધો. પ્રભાવના લઈ સૌ ત્યાંથી ગુણવંતભાઈના ઉતારે પૂજ્યશ્રીની સંઘ સાથે પધરામણી થઈ. ત્યાં પણ એ મુજબ કાર્યક્રમ થયો. ત્યાંથી જૈન વિશાશ્રીમાળી વાડીમાં પંકજકુમારને ત્યાં પધરામણી થઈ. ત્યાં પણ ગુરુપૂજનાદિ થયું. આજે ૧૦ વાગ્યે વ્યાખ્યાનની શરૂઆત થઈ. સ્થાનકવાસી નંદલાલભાઈએ ઉદાર ભાવે મહોત્સવ

માટે આપેલી વાડીમાં વિશાલ મંડપ શ્રોતાજનોથી ચિકાર ભરાઈ ગયો હતો. આજનું પ્રવચન ઘણું જ અદ્‌ભુત હતું. શાલિભદ્રના દૃષ્ટાંતને કોઈ જુદા જ રૂપે વર્ણવી શ્રોતાઓને પૂજ્યશ્રીએ ત્યાગની પ્રેરણા આપી. પ્રવચનને અંતે પૂજ્ય મુનિરાજોની ગણિપદવી નિમિત્તે જુદા જુદા ૪ સંઘો તરફથી સંઘપૂજન થયું તથા બીજું સંઘપૂજન દાદર મુંબઈ નિવાસી પુનમચંદ નગીનચંદ બાબુ તરફથી થયું. રથયાત્રાના વરઘોડાનું ઘી બોલાયું. આજે પણ વાજતે ગાજતે વાયણા થયા. આજથી ભારતભરમાંથી મહેમાનો સારી સંખ્યામાં આવી રહ્યા હતા. સહુને માટે જૈન વિદ્યાર્થીગૃહમાં, આયંબિલ ખાતાના હોલ પર તથા અન્ય સ્થળે સુંદર વ્યવસ્થા સંઘે ગોઠવેલી. ગણિપદ નિમિત્તે આવનાર મહેમાનોની ભક્તિનો લાભ પોતાને આપવા પંકજકુમારના પિતાશ્રી રામચંદભાઈ નાનચંદભાઈ દોશી દેપવાળાએ સંઘ પાસેથી આદેશ લીધેલો તેમના રસોડે ત્રણે ટાઈમ સુંદર ભક્તિ સાધર્મિકોની થતી.

વિરહવ્યથા અને એક સુંદર પ્રથા :

કા.વ. ૮ની રાત્રે ૧૨॥ થી ૨॥ સુધી શાંતિચંદભાઈના ૨૫૦ જેટલા સ્નેહીજનોનું તેમના ઉતારે અંતિમ વિદાય મિલન ગોઠવાયું હતું. એ સમયનું વાતાવરણ અતિગંભીર અને હૃદયદ્રાવક હતું. શાંતિભાઈ સિવાય સૌ ચોધાર આંસુએ રડી રહ્યા હતા. ગૃહસ્થ જીવનમાં શ્રી શાંતિભાઈ જે ઉમદા પ્રામાણિક મિલનસાર તપોમય પવિત્ર જીવન જીવ્યા તેનું આ જવલંત ઉદાહરણ હતું. આ મિલનમાં શાંતિચંદભાઈની દીક્ષા પ્રસંગે આપણે ઉપસ્થિત રહ્યા છીએ તેની કાયમી સ્મૃતિ જળવાઈ રહેવી જોઈએ. તે માટે કોઈ યોજના ઘડવી જોઈએ. અને તેજ શુભપળે નિર્ણય લેવાયો કે કાયમ માટે દરવર્ષે કા. વ. ૧૦ના દીક્ષાદિને જીવોને અભયદાન મળે એ માટે **'અભયદાન રીઝર્વ ફંડ'** કરવું. રકમો લખાવા માંડી તુરત જ રૂા. ૧૮૦૦૦૩- જેટલી રકમ નોંધાઈ ગઈ. આંકડો હજી આગળ વધવા સંભવ છે આ રકમના વ્યાજમાંથી 'યાવચ્ચંદ્ર દિવાકર' જીવો છોડાવાશે. ઉપરાંત ત્યાં ૨૫૦-૩૦૦ જેટલા ભાઈ-બેનો બાળકો તથા મજૂરો વગેરેની ઉપસ્થિતિ હતી તે બધાને રૂા. ૧૦-૧૦ની પ્રભાવના કરવામાં આવી.

કા.વ.૯ ના દિવસે વહેલી પ્રભાતે અક્ષયકુમારના ઉતારે પૂજ્ય આચાર્યદેવાદિ સકલ સંઘના પગલા થયા. ગુરુપૂજનાદિ થયા બાદ અહિંસા સંયમ અને તપનો મર્મ અનોખી રીતે ટુંક પ્રવચનમાં સમજાવ્યો. અહીં પણ નિયમો લેવાયા સૌ પ્રભાવના લઈ વિખરાયા ત્યાં તો દીક્ષા-વર્ષીદાનના વરઘોડાની ભવ્ય તૈયારી થવા લાગી. ૮-૩૦ કલાકે તો વરઘોડો ગોઠવાઈ ગયો.

"વર્ષીદાનનો ભવ્ય વરઘોડો" :

કાર્તિક વદી ૯ શનિવારે વર્ષીદાનનો ભવ્ય વરઘોડો તથા પ્રભુજીની ભવ્ય રથયાત્રા નીકળનાર હોવાથી શહેરના મુખ્ય મુખ્ય રાજમાર્ગોને ધ્વજા-ફતાકા અને ઠેર ઠેર સુશોભિત કમાનો ઊભી કરી કુંડલપુરને શણગારવામાં આવ્યું હતું. ઉત્સવમાં શ્રી ધર્મનાથજી ભગવંતના જિનપ્રાસાદને બહારથી તથા શિખરને રંગબેરંગી લાઈટની રોશની અને ડેકોરેશનથી શણગારેલ. અને માર્ગમાં ઠેરઠેર મંડપો ઊભા કરવામાં આવેલ. સવારે લગભગ ૯ કલાકે વર્ષીદાનનો ભવ્ય રથયાત્રાનો મંગલ પ્રારંભ થયો. ઈન્દ્રધ્વજા, નિશાન ડંકા, ઘોડેસ્વારો, ખુલ્લી મોટરમાં બેનોની સંગીત મંડળી, દાંડીયારાસની રમઝટ બોલાવતા નવયુવાનો, ભક્તિમંડળો, પ્રભુભક્તિની ભવ્ય ભાવના ભાવતા છાણીની સંગીત મંડળી, દાદરનું આરાધક મંડળ, જુનાગઢ, પાલણપુર, આણંદ, નડિયાદ, બોરસદ, માલેગામ, સુરત, દમણ, વાપી, મુંબઈ, ધુલીયા, ખંભાત માઢા, માણસા, પાડગોલ, મસૂર, કરાડ, મીરજ, ભાવનગર, મહુવા, તલાજા વગેરે ગામનગરોના ૨૦૦૦થી વધુ સાજનમાજન, ત્યારબાદ બેન્ડ-વાજા, ઢોલ, ત્રાંસા, શરણાઈ, પીત્તળના ચમકારા મારતાં બેડાવાળી એકસરખી વેશભૂષા કરનારી પનિહારીઓ, નાચકૂદ કરતા અને ખેલતા ભક્તિભાવી યુવાનો, ઈંદ્રો, ઈંદ્રાણી, પાઠશાળાના બાળક-બાળિકાઓ પ્રભુજીના બે ભવ્ય રથો, સાધ્વીજી મહારાજો, વિશાળ નારીગણ ચાલી રહેલ. આગળ સાજનમાં તપોનિધિ વાત્સલ્ય મૂર્તિ પ.પૂ. પાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિ. ભૂવનભાનુસૂરીશ્વરજી મ.સા. પૂ. મુનિશ્રી ગુણાનંદ વિ; પૂ. મુનિવર્ય મિત્રાનંદ વિ; પૂ. મુનિશ્રી યશોભદ્ર વિ. આદિ વિશાળ મુનિપુંગવો. પછી સાજનમાં દેપલાના સંઘપતિ શ્રી નાનચંદ બાપા, ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી રવાણી; માજી ધારાસભ્ય શ્રી લલ્લુભાઈ શેઠ, રચનાત્મક કાર્યકર શ્રી હીરાભાઈ મગીયા, મુંબઈના ઘોઘારી સમાજના આગેવાનો, સુરતના લબ્ધ પ્રતિષ્ઠિત આગેવાન ઝવેરીઓ, મુંબઈના સમૃદ્ધ મહાનુભાવો ઉપરાંત ૧૫૦૦૦થી વધુ નાગરિકો શિસ્તબદ્ધ રીતે શાસનના જયનાદો ગજવતા પસાર થઈ રહ્યા હતા. ત્યારે શહેરની દીવાલો, ઓશરી, અગાસીમાં ટોળે વળીને ઊભેલા લોકો અક્ષત-પુષ્પો અને **'દીક્ષાર્થી અમર રહો'**ના સરોદોથી ગગનમાં ગુંજારવ થઈ રહ્યો હતો. રાજકુમારની પ્રતિભાને પણ ઝાંખી પાડે તેવી લાવણ્યમયી કાન્તિવાળા પંકજકુમાર; તપની અજબ પ્રતિભા ધરાવનાર સૌજન્ય મૂર્તિ શ્રી શાંતિચંદભાઈ ઝવેરી, ક્ષાત્રત્વના તેજથી ઝળહળતા શ્રી ગુણવંતભાઈ ટોળિયા; ગુલાબી ચૌરાંગી સુકોમળ દેહ ધરાવનાર તેજસ્વી યુવાન શ્રી અક્ષયકુમાર ઝવેરી, એમ. ચારેય મુમુક્ષુરત્નો શણગારેલી અલગ અલગ બગીઓમાં બેસી સોનારૂપાના પુષ્પો; નોટો,

રોકડ સિક્કાઓથી બંને હાથે છૂટથી વર્ષીદાનની છોળો જ્યારે ઉછાળતા, પંકજકુમારે રૂા. ૫-૫ની કિંમતના ૫૦૦ કાપડના પીસ ઉછાળ્યા. અને એ લેવા જે લોકોનો જે જબ્બર ઘસારો થયેલ તે જોતા શહેરમાં ચોમેરથી ચોરે અને ચોટે એકજ અવાજ સંભળાતો કે 'અહો જૈન ધર્મમાં ત્યાગ કેવો !!' ચારેયની વર્ષીદાન વર્ષા લક્ષ્મી કેવી ચંચળ છે. આ નાશવંત ચીજ પર હે ભોળા જીવો ! તમે પાગલ ન થાઓ, આ તો છોડવા જેવી છે. એવો મૂક સંદેશો આપતી પ્રવ્રજ્યા પ્રદાનની આ ભવ્ય શોભાયાત્રા કુંડલા તેમજ બાજુના ગામ સાવર એમ બંને-ગામોમાં ફરી લગભગ સાડાબારના ટકોરે આ સુંદર વર્ષીદાનની ભવ્ય રથયાત્રા પૂરી થઈ હતી. ગામના જુના અને અનુભવીઓનું એમ કહેવું છે કે; સાવરકુંડલાના ઈતિહાસમાં આવી અજોડ-બેનમુન કહી શકાય તેવી અદ્ભુત વર્ષીદાનની રથયાત્રા અમારા જીવનકાળમાં તો નહિ પણ અમારાં વડવાઓના જીવનમાં પણ ક્યારેય નીકળી હોય એવું અમે સાંભળ્યું નથી. આવી હતી એ **'ઐતિહાસિક ભવ્ય વર્ષીદાન રથયાત્રા'.** આ વર્ષીદાનનો વરઘોડો અને આવતી કાલની દીક્ષાની મંગલ વધિ નિહાળવા શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો અને જૈન આલમે બે દિવસ દુકાનો-કામધંધા બંધ રાખી, અણોજો પાળેલ. ૫. પૂ. પાદ મુનિવર્ય શ્રી ગુણાનંદ વિ. આદિ ત્રણ મુનિભગવંતોને ગણિપ્રદાન અર્પણ થવાનું હોઈ એ મંગલ અવસર નિમિત્તે કા.વ. ૮ના પૂ. પાદ આ ભગવંતશ્રીના પ્રવચન બાદ બબ્બેથી જેમાં પૂ. મિત્રાનંદ વિ.મ.નું જે જે ગામોમાં ચોમાસું થયેલ તે સંઘો તરફથી તથા મુંબઈના બાબુ પુનમચંદ ઝવેરી તરફથી ૧-૧ રૂા. થી શ્રી સંઘપૂજન થયેલ. બપોરે વિજયમુહૂર્તે મહોત્સવના વિશાળ મંડપમાં શ્રી શાંતિસ્નાત્રની મંગલક્રિયાનો પ્રારંભ થયેલ. મંડપમાં શ્રી શાંતિસ્નાત્રની મંગલક્રિયાનો પ્રારંભ થયેલ. જે સાંજના પાંચ વાગ્યા સુધી મંડપ સંગીતના સુંદર સરોદો અને મંત્રોચ્ચારથી ગુંજતો રહ્યો હતો.

સન્માન સમારોહ :

આજે કા.વ. ૯ શનિવારે રાત્રે ૮-૩૦ કલાકે દીક્ષાર્થીઓના ભવ્ય ત્યાગ અને વૈરાગ્ય અનુમોદનાનો ભવ્ય સમારોહ ગોઠવાયો. જનસમુદાય એટલો બધો ઉમટેલો કે રાત્રીના ૮ વાગે જ મંડપ ખીચોખીચ ભરાઈ ગયો. ૧૫૦૦ થી ૨૦૦૦ માણસ મંડપની બહાર ઊભું રહ્યું અને ઘણાને ઊભા રહેવાની પણ જગ્યા ન મળતા હતાશ-નિરાશવદને જે પાછા ફર્યા... તેને દીક્ષાર્થીઓને સાંભળવાનાં જે લહાવો ન મળ્યો. તેની ખૂબ ગ્લાની-વ્યથા હતી... મુંબઈ ગોડીજી જૈન દેરાસરના માનવંતા ટ્રસ્ટી અને સ્થાનિક સંઘના એક આગેવાન શ્રી પ્રાણજીવન રામચંદ્ર દોશીના પ્રમુખસ્થાને આ અનુમોદનીય સમારોહ મળેલ. શહેરના આગેવાન ધર્મપ્રેમી

પ્રતિભાસંપન્ન સેવાભાવી શાસનપ્રેમી વકીલ વીર સૈનિક શ્રી વિનયચંદ્ર શેઠે આ મેળાવડાનું સફળ સંચાલન કરેલ. દાદર પાઠશાળાના અધ્યાપક ધર્મપ્રેમી શ્રી વેલજીભાઈ ભણશાલીએ પોતાની આગવી જોશીલી શૈલીમાં દીક્ષાનું મહત્ત્વ સમજાવી સૌને દિગ્મુઢ કરી દીધેલ. સાવરકુંડલા નગરના લાડીલા યુવાન નેતા શ્રી નવીનચંદ્ર રવાણીએ આવી મહાન મંગલક્રિયા-પ્રસંગનો સાવરકુંડલાના આંગણે જે લાભ આપ્યો તે બદલ સમગ્ર શહેર તરફથી આભાર પ્રદર્શનની લાગણી વ્યક્ત કરી જૈન ધર્મના ત્યાગમાર્ગની ભૂરિ ભૂરિ અનુમોદના કરતું રોચક વક્તવ્ય કરેલ.

જાણીતા રચનાત્મક કાર્યકર માજી ધારાસભ્ય શ્રી લલ્લુભાઈ શેઠના ધર્મપત્ની અ.સૌ. શ્રીમતી નિર્મળાબહેને પોતાના હૃદયની કર્મિઓને વાચા આપતી અનુમોદનીય અંજલિ અર્પી ભક્તિગીત રજૂ કરેલ.... શીઘ્ર કવિ તરીકે પંકાયેલા અને ગુરુભગવંત વ્યાખ્યાન વાંચે તે જ સમયે વ્યાખ્યાનના વિષયને તુરત જ આધુનિક રાગરાગિણીમાં ગહુંલીરૂપે ગુંથનારા કોકિલ કંઠી અ.સૌ. શ્રી નિર્મળાબેન દોશીએ સાડા પાંચ માસ સુધી ગુરુવર્યોએ જે તપ-જ્ઞાન-દાનની ગંગોત્રી વહાવેલ તેને ઉપસંહારરૂપે મધુર કંઠેમાં આલાપી આજે જ્યારે રજૂ કરી ત્યારે સૌ ચકિત બની ગયેલા....

મુમુક્ષુ શ્રી શાંતિચંદ્રભાઈએ આ અસાર સંસારની નશ્વરતા સમજાવી. શ્રી ગુણવંતભાઈ ટોળિયાએ જીવનમાં અરિહંત પરમાત્માની ભક્તિનું મર્મ સમજાવી અરિહંત પદની ધૂનથી મંડપને ગાજતો કરેલ. મુમુક્ષુ શ્રી અક્ષયકુમારે પોતાની તેજસ્વી વાગ્ધારાથી સૌને પ્રભાવિત કરેલ... અઢી કલાક ચાલેલા આ અનુમોદનીય સમારોહને વધતી જતી ભીડના કારણે કાર્યકરોએ ટૂંકાવવો પડેલ... પોતાના પિતા ત્યાગના મહાન સન્માર્ગે જઈ રહ્યા છે તેના આદોલતો સંસ્કારો અમારાં જીવનમાં વ્યાપ્ત બને એવી મંગલ ભાવના સાથે સકળ સંઘના આશિષ માગતું શ્રી શાંતીચંદ્રભાઈના યુવાન પુત્રશ્રી નલીનકાન્ત ઝવેરીએ ટૂંકું ઉદ્બોધન કરેલ....

ત્યારબાદ શ્રી સંઘના પ્રમુખ શ્રી મનુભાઈના શુભ હસ્તે ચારેય મુમુક્ષુ ભાઈઓને અભિનંદન પત્ર અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે ચોમાસામાં પૂ. મુનિરાજોની સુંદર સેવા બજાવનાર ડૉ. શ્રી પ્રફુલભાઈ તથા દાંતના ડૉ. પ્રદીપભાઈનું પણ સન્માન કરવામાં આવેલ સાથે સાથે દેરાસરની પેઢીના મહેતાજી હિંમતભાઈ તથા પૂજારી વગેરેને યોગ્ય ઈનામો અપાયા હતા.

એ પુણ્ય પવિત્ર દિવસ :

સર્વજ્ઞ સર્વદર્શી ત્રિલોકપૂજ્ય દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીરદેવના દીક્ષા

કલ્યાણકનો કા.વ.૧૦નો શુભ દિવસ આ ગણિપદ માટે તથા દીક્ષા માટે નિર્ણીત થયો હતો જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તે દિવસ આવી પહોંચ્યો. દીક્ષાર્થીઓએ ઠાઠથી સ્નાત્ર ભણાવ્યું. શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજા કરી સુંદર પહેરવેશમાં સજ્જ બની ગયા. સ્વજનવર્ગના આશીર્વાદ લઈ તૈયાર થઈ ગયા.

આ બાજુ ત્રણે મુનિવરોએ પોતાની અગત્યની પ્રાતઃકાલીન જોગવિધિ પતાવી.

ગામ બહાર જે વી. મોદી હાઈસ્કુલના ગ્રાઉન્ડમાં જંગી મંડપ ખડો કરવામાં આવેલો ત્યાં ગણિપદ તથા દીક્ષા વિધિ થવાનો હતો સૌ ત્યાં જવાની તૈયારી કરી રહ્યા હતા. કિડિયારાની જેમ માનવમહેરામણ ઉમટયો હતો. અઢારે આલમના લોકો આવેલ. શેઠ શ્રી રતિલાલ રામચંદના બંગલેથી પરમ પૂજ્ય તપોનિધિ આચાર્ય ભ. શ્રી આદિ વિશાલ સમુદાય, પૂ. સાધ્વીજી મહારાજો, આદિ ચતુર્વિધ સંઘ બેન્ડવાજા સાથે ધામધૂમ પૂર્વક નીકળ્યો. આગળ વધતાં મહાજન વાડીમાંથી સંઘવી નાનચંદ મુળચંદના પ્રપૌત્ર દીક્ષાર્થી શ્રી પંકજકુમાર બે હાથે વર્ષીદાન ઉછાળતાં બે ઘોડાની શણગારેલી બગીમાં સેંકડો સ્વજનો સાથે નીકળ્યા. ગુલાબી ગલગોટા જેવા ગાલ અને સુકામલ શરીર ધરાવતા આ તેજસ્વી પ્રતિભાશાળી રાજકુમાર જેવા બાળને નીરખવા કુંડલપુરની શેરીઓ કીડિયારાંની જેમ ઊભરાઈ હતી. આજુબાજુનાં ગામડાઓમાંથી સેંકડો જૈનેતરો ઊતરી પડેલ. ખેડૂતો ગાડાઓ બાંધી બાંધીને આવ્યા હતા. ૧૭ વર્ષના આ ઉગતા નવજુવાનના કાંતિભર્યા દેહને નિહાળી લોકો અશ્રુભીની આંખે ભૂરી ભૂરી અનુમોદના કરતા થાકતા નહોતા. શ્રી ધર્મનાથ ભગવંતના પ્રાસાદને જુહારી આ વરઘોડો આગળ વધ્યો. ત્યાં આજના ભ્રષ્ટાચારથી ખદબદતા રાજતંત્ર વચ્ચે અત્યંત નિષ્ઠા અને પ્રામાણિકતાનું અતિ ઉજ્જવળ દૃષ્ટાંત પૂરું પાડનાર સેન્ટ્રલ ગવર્મેન્ટના-P.W.D. ખાતાનાં એકાઉન્ટન ઑફિસર શ્રી ગુણવંતભાઈ સ્વજન પરિવાર સાથે શણગારેલી જીપમાં વરસીદાન ઉછાળતાં જોડાયા. વરઘોડો આગળ વધતા યૌવનના આંગણે પ્રવેશ કરતા, એન્જિનિયરીંગના બીજા વર્ષમાં મુંબઈ યુનિવર્સિટીમાં હમણાં જ બીજા નંબરે પાસ થયેલ, તેજસ્વી પ્રતિભાશાળી આશાસ્પદ ૨૧ વર્ષના નવયુવક અક્ષયકુમાર ઝવેરી સપરિવાર જોડાયા. દીક્ષા યાત્રા આગળ વધતાં વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરનાર પ્રશાંત તપસ્વી વૈરાગ્યવંત શ્રી શાંતિચંદ્ર હીરાચંદ ઝવેરી પણ જોડાઈ ગયો. વરસીદાન ઉછાળતાં ચારેય મુમુક્ષુરત્નો કુંડલપુરનાં રાજમાર્ગ ઉપર ફરી હજારોનાં જનસમૂહ સાથે સવારે ૯-૩૦ કલાકે દીક્ષા મંડપમાં આવી પહોંચ્યા ત્યારે 'દીક્ષાર્થી અમર રહો'ના ગગનભેદી નાદથી મંડપ ગાજી ઉઠ્યો.

આ અણમોલ પ્રસંગ નિરખવા તથા અનુમોદવા સ્થાનકવાસી સંપ્રદાયના શ્રી ગિરીશમુનિજી તથા શ્રી હરીશમુનિજી ઉપરાંત જૈન સમાજના પ્રતિષ્ઠિત આગેવાનો રા. બ. જીવતલાલ પ્રતાપશી, ઘાટકોપરના શ્રી લક્ષ્મીચંદ સરવૈયા, ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નવિનચંદ્ર રવાણી, ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના આગેવાન મુક કાર્યકર શ્રી લલ્લુભાઈ શેઠ, સામાજિક કાર્યકર હીરાભાઈ મગીયા, મુંબઈ શ્રી ગોડીજી દેરાસરના ટ્રસ્ટી પ્રાગજીવનદાસ, શહેરના અન્ય નાગરિકો, મુંબઈ, અમદાવાદ, બેંગ્લોર, આણંદ, નડીયાદ, બોરસદ, ધુલિયા, માણસા, છાણી નિપાણી, મીરજ વગેરે ગામ નગરોનાં આમંત્રિત ૨૦૦૦ મહેમાનો ઉપસ્થિત હતા.

ત્રણ પૂ. મુનિવરોને ગણિપદ પ્રદાનની તથા દીક્ષાની ક્રિયાનો મંગલ પ્રારંભ થયો. આ પ્રસંગે ૨૫ થી વધુ ભાઈ બહેનો ચતુર્થ વ્રત, વીશસ્થાનક તપ, બારવ્રત, નવપદ, આદિ વ્રતો ઉચ્ચરનાર હતા. વચ્ચે સમય મળતાં પૂ. મુનિરાજ શ્રીરત્નસુંદર વિ. મહારાજે પોતાની જોશીલી ભાષામાં ભાગવતી દીક્ષાનું રહસ્ય સમજાવતું પ્રવચન કરી સભાને મંત્રમુગ્ધ કરી દીધેલ શુભ મુહૂર્તે ત્રણે પૂ. મુનિભગવંતોને ભગવતી સૂત્રની અનુજ્ઞા સાથે ગણિપદનો મંત્ર સંભળાવ્યો. ચારે મુમુક્ષુઓએ પૂ. આચાર્યદેવને સંયમના ઉપકરણ વહોરાવ્યા બાદ પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિ. મહારાજે પૂ. આચાર્યદેવથી આજ્ઞાથી રજોહરણનો મહિમા અને જવાબદારી સમજાવી તે પછી પૂ. આચાર્ય મહારાજે ચારેય દીક્ષાર્થીઓને રજોહરણ આપ્યાં તે મળતાની સાથે જ ચારેય પુણ્યાત્માઓ અપૂર્વ આનંદથી નાચી ઊઠ્યા. એની સાથે બેંડના મધુર સરોદો ગાજી ઊઠ્યા હતા.

બાદ ચારેયને મુંડન-સ્નાન માટે લઈ જવાતા ધન-વૈભવની છોળોમાં ઉછરેલા પ્રતિભ્રાસ પન્ન મુમુક્ષુરત્નોએ સાપ જેમ કાંચળી ઉતારે તેમ વૈભવી પોષાકનો ત્યાગ કરી મુંડન કરાવ્યું. ભારે ઊલટથી સ્વજનોએ એમને સ્નાન કરાવ્યું. પછી સાધુવેશ પહેરી મંડપમાં એ ઉપસ્થિત થયા. ત્યારે ચારેબાજુથી 'જૈન શાસનનો જય જયકાર' દીક્ષા ધર્મનો જય હો ના બુલંદ અવાજથી વિશાલ મંડપ ગાજી ઊઠ્યો હતો, અને કેટલાય લોકોની આંખે આંસુના તોરણો બંધાયા હતા કે અમે રહી ગયા ! 'ક્યારે અમે આ કલ્યાણમાર્ગને પામીશું. વૈભવને લાત મારી ચારિત્રનો પુરુષાર્થ કરનાર આ વીરસપુતોને ધન્ય છે ! સુખના પડછાયામાં સબડતા અમારા જેવા કયા મોંઢે પુરુષાર્થીપણાનો દાવો રાખી શકીએ ?...' લોચ કરી વર્તમાનતપ આવંબિલ ખાતાની તથા સાધારણ ખાતાની ટીપ ચાલુ હતી તેના આંકડા રૂા. ૮૦૦૦/- સુધી પહોંચી ગયા હતા. લોચ બાદ જીવનભરનું સામાયિક ઉચ્ચરાવ્યા પછી નૂતન દીક્ષિતોના નામકરણનો વિધિ થયો. તેમાં શ્રી શાંતિચંદભાઈનું મુનિશ્રી

શોભનવિજયજી, ને ગુણવંતભાઈનું મુનિશ્રી **ગુણસુંદર વિ.મ.** નામ રાખી બંનેને પૂ. આચાર્યદેવના શિષ્ય તરીકે જાહેર કરાયા. શ્રી અક્ષયકુમારનું મુનિશ્રી **અભયશેખર** વિજયજી તથા શ્રી પંકજભાઈનું મુનિશ્રી **પદ્મસુંદર** વિજયજી નામ રાખી તેમને ક્રમશઃ પૂ. મુનિરાજશ્રી **જયશેખર** વિ.મ.ના તથા પૂ. મુનિરાજશ્રી **રત્નસુંદર** વિ.મ.ના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. નૂતન દીક્ષિતોને સંયમના ઉપકરણ વહોરાવવાની વિધિમાં તો ભારે પડા પડી થઈ. તે પછી નૂતન મુનિઓ વાજતે ગાજતે વિશાલ જન સમુદાય સાથે જિનમંદિર દર્શન કરી ઉપાશ્રયે જતાં ઠેર ઠેર ગહુંલીથી વધાવાયા હતા.

સંવત ૨૦૩૧ ના કા.વ.૧૦ ના શુભ મુહૂર્તે સાવરકુંડલાને આંગણે પૂ.આ.ભ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે થયેલ ત્રણ પૂ. મુનિરાજોનું ગણિપદ તથા ચાર દીક્ષાર્થીઓની દીક્ષાનું ચિત્રમય દર્શન



૧. (૧) દીક્ષાર્થી શાંતિભાઈ, ગુણવંતભાઈ, અક્ષયકુમાર તથા પંકજકુમાર શાંતિસ્નાત્રમાં શ્રીફળ પૂજા માટે પ્રભુ સન્મુખ ઊભા છે.

(૨) દીક્ષાર્થી શાંતિભાઈ સંયમ લેવાના થનગનાટ સાથે દીક્ષા મંડપમાં પૂ. ગુરુદેવ આચાર્યદેવ સમક્ષ આવી જ્ઞાનપૂજન, ગુરુપૂજન કરે છે.



૨. (૧) પૂ. તપોનિધિ આચાર્યભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. શાંતિભાઈને સંસારતારક રજોહરણ આપી રહ્યા છે.
(૨) વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરી સર્વવિરતિના માર્ગે પ્રયાણ કરતા શાંતિભાઈ મુનિવેષમાં સજ્જ થઈ પૂ. ગુરુદેવ આચાર્ય પાસે જવા પ્રયાણ કરે છે.



૩. કો'વિરલ પળે શાંતિચંદભાઈ સ્મિતમુદ્રામાં



૪. ભર્યા ઘરમાં રાજકુમારની જેમ મહાલી શકે એવા પંકજકુમાર ચારિત્રના કઠોર માર્ગે જવા પૂર્વે રાજકુમાર જેવા ભવ્ય વેષમાં-



૫. રાજકુમારની શોભાને ફગાવી સંયમના શણગાર સજી ત્યાગનો ભવ્ય સંદેશ આપતી મુદ્રામાં.



૬. કુમાર અવસ્થામાં જ ત્યાગનું ખમીર પ્રગટાવનાર વૈરાગ્યવંત મુમુક્ષુઓ અક્ષયકુમાર તથા પંકજકુમાર મુંબઈના રાજમાર્ગો પર વર્ષીદાનના વરઘોડામાં.



૭. ઉછળી ઉછળીને અસાર ધન, વસ્ત્રાદિને વર્ષીદાનમાં દઈ અપૂર્વ આત્માનંદ અનુભવતાં પંકજકુમાર-



૮. કર્મ સામે જેહાદ જગાવી પ્રાપ્ત કરેલ રજોહરણના અત્યાનંદમાં જવાહરભાઈ.



૯. પાવન મુનિવેષ પહેર્યા પછીની જવાહરભાઈની પ્રશાંતમુદ્રા.



૧૦. (૧) શ્રીગોડીજી દેરાસર ટ્રસ્ટી શ્રી પ્રાણજીવનદાસ શાંતિભાઈને માનપત્ર એનાયત કરી રહ્યા છે.
(૨) શાંતિભાઈ વર્ષીદાનના હર્ષોલ્લાસમાં
(૩) ત્રણ પૂ. મુનિવરો ગણિપદની શુભ ક્રિયામાં તલ્લીન છે.

રંગોળી પ્રદર્શન : પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી ગણિવર્યની ખાસ પ્રેરણાથી ઉત્સાહી યુવકો વિજય શશિકાંત, રાજેન્દ્ર, દીપક, રાજેન્દ્ર વગેરેએ મધ્ય ભવ્ય આકર્ષક સમવરણની રંગોળી આલેખી હતી. પ્રતિમાના સ્થાને અર્હંનું સુંદર આલેખન કર્યું હતું. આજુબાજુમાં ૪૫ આગમોની સ્થાપના તેના પર સનમાઈકા પર વિવિધ ડીઝાઈનોમાં ૪૫ આગમના નામના પટ્ટીકાઓ મૂકી હતી મધ્યમાં સુખડના ભવ્ય પાર્શ્વનાથ પ્રભુ બિરાજમાન કર્યા હતા. ભીતો પર અનંત સમવસરણ, પુરુષાકૃતિમાં કમલબદ્ધ નવકાર પટ, પ્રભુ-મહાવીર અને ૧૧ ગણધર, પટ, ૧૭૦ તીર્થંકર પટ પ્રતિક્રમણના ચિત્રો તેમજ બીજા અને પ્રેરણાદાયી ચિત્રો અને લખાણો મૂકી આ પ્રદર્શનને પ્રાણવાન બનાવાયું હતું.

આંગી માટે અમદાવાદ મનસુખભાઈની પોળના પૂજારી બચુભાઈ આવ્યા હતા. ખૂબ જ દર્શનીય આંગી રચાતી હતી. કા.વ. ૯ ના પાષાણના સર્વ પ્રભુજીને સોનાના વરખની આંગી કરી હતી. સાથે ઘીના દીવા હતા. તેથી દર્શનનો એક અપૂર્વ લહાવો હતો.

પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિજય મ.ના માતુશ્રી આ પ્રસંગે આવેલા. તેમણે વ. ૧૧ ની વહેલી સવારે પૂ.આ.ભ. આદિ સકલ સંઘના પગલા પોતાના ઉતારે કરાવી જ્ઞાનપૂજન, ગુરુપૂજન કરી પ્રભાવના કરેલ. પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી ગણિવરે જ્યાં જ્યાં ચોમાસા કરેલ તે તે સંઘો તરફથી સાવરકુંડલા સંઘમાં ઘરદીઠ ચાંદીની વાડકીની અને છાણી સંઘ તરફથી ૧-૧ રૂપિયાની પ્રભાવના થઈ. પંકજકુમારના દાદાજી નાનચંદ મૂળચંદ દોશી તરફથી ઘરદીઠ ઓછામાં ઓછા ૫-૫ લાડુના અને બે ઉપરાંત વ્યક્તિ દીઠ ૨-૨ લાડુના પીરસણાં અપાયા આ દિવસોમાં સાવરકુંડલાનું વાતાવરણ ધર્મમય બની ગયું હતું. સાવરકુંડલાનું ચાતુર્માસ સંઘને યાદગાર બની ગયું. લોકમુખે બોલાતું હતું કે આવું અદ્‌ભુત ચોમાસું કોણ જાણે ફરી ક્યારે આવશે ?

સંઘે કરેલી આરાધના, સાધુભગવંતોની અદ્‌ભુતભક્તિ, સાધર્મિકોની સેવા અને છેલ્લે છેલ્લે દીક્ષાના મહામહોત્સવને શોભાવવા દીપાવવા માટે જે જહેમત ઉઠાવી છે અને હૈયાનો ઉમંગ બતાવ્યો છે તે ખરેખર ! એમ સૂચવે છે કે આવા સંઘો વિરલ જ હશે ? સૌરાષ્ટ્રમાં એક ગણતરીપાત્ર ગણી શકાય એવો સાવરકુંડલાનો સંઘ છે. દેવગુરુના બહુમાન સાથે શાસનભક્તિથી આવા મહાન કાર્યો કરી સંસાર અલ્પ બનાવે અને મોક્ષની નજીક પહોંચે એ જ મંગલકામના આ સંઘ માટે હોય !

અંતિમ વિદાય : કા.વ. ૧૧ ના રૈવતાચલ તીર્થના 'છ'રી પાળતા સંઘ સાથે પૂ.પાદ આચાર્યદેવનું મંગલ પ્રયાણ હતું. આ શુભ પ્રસંગે સાવરકુંડલાના નાગરિકોને પણ સ્પેશ્યલ કાર્ડ છપાવી આમંત્રણ આપવામાં આવેલું.

સાંજે ૩ કલાક પ્રયાણ થયું ત્યારે હજારો નરનારીઓના ટોળા પૂ. આચાર્ય ભગવંતને ભાવભીની વિદાય આપવા ઊમટી આવેલા પા।। માસ સુધી અમોઘધર્મદેશના અને ધર્મલાભથી હવે વંચિત થતાં સાવરકુંડલા સંઘનું વિરહ પ્રસંગનું દશ્ય એટલું કારુણ્યભર્યું હતું કે પૂ. આચાર્યભગવંતના અંતિમ માંગલિક અને અંતિમ સંદેશ સુણાવતા પ્રવચન વખતે ડુસકાઓના અવાજ સંભળાતા ભાગ્યે જ કોઈ આંખ અશ્રુભીની નહિ હોય. અ.સૌ. નિર્મળાબેને વિરહગીત ગાઈ લોકલાગણીને વાચા આપી હતી. વિનુભાઈ વકીલે પણ પૂજ્યપાદશ્રીના અગણિત ઉપકારોને ગદ્‌ગદ સ્વરે ભાવાંજલિ આપી સૌને ભક્તિ સાગરમાં ઝીલાવ્યા હતા.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૩,અંક-૧૭,તા.૧૧-૧-૧૯૭૫

● **અમદાવાદ :** પંકજ સોસાયટીના જૈન ઉપાશ્રયમાં પૂ. આચાર્યદેવશ્રી **ભક્તિસૂરીશ્વરજી** મ.ના શિષ્યરત્ન મુનિશ્રી લલિત વિ.મ.ને તથા પ્રભાવક પ્રવચનકાર ઉગ્રતપસ્વી પ.પૂ.આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન મુનિશ્રી ધર્મઘોષવિજયજી મ.ના વિદ્વાન શિષ્યરત્ન મુનિશ્રી જયઘોષવિજયજી મ. ને અષાઢ સુદ ૧૦થી પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રના યોગોદ્‌વહન ચાલુ હતા. કારતક વદ ૧૦ રવિવારે એમને ગણિપદ પ્રદાનનું મુહૂર્ત નક્કી થતાં શ્રી સંઘમાં અત્યંત ઉલ્લાસ વ્યાપ્યો, આ નિમિત્તે શ્રી શાન્તિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ પણ શરૂ કરવામાં આવ્યો. પૂજા ભાવનામાં સાબરમતી સંગીત મંડળે ખૂબ જ જિનભક્તિની રમઝટ જમાવી.

મહોત્સવ પ્રસંગે અત્રેના શ્રીસંઘની આગ્રહભરી વિનંતીથી પ.પૂ. આચાર્યદેવશ્રી માનદેવસૂરીશ્વરજી મ. તથા પ.પૂ. આચાર્યદેવશ્રી મલયચંદ્રસૂરીશ્વરજી મ. તથા પ.પૂ.આચાર્યદેવશ્રી હીરસૂરીશ્વરજી મ. આદિ પણ પધાર્યા હતા. ચાર આચાર્ય ભગવંતો તથા લગભગ સો જેટલા સાધુ સાધ્વી મ.ની હાજરીમાં ગણિપદની ક્રિયા થઈ. શ્રાવક-શ્રાવિકાઓથી મંડપ ચિક્કાર ભરાઈ ગયો હતો.

આ પ્રસંગે પ્રવચન કરતા શાસન પ્રભાવક પ.પૂ.ચંદ્રશેખરવિજયજી મ. પ્રભુશાસનનો મહિમા સમજાવ્યા બાદ ઉભય મહાત્માઓના ગુણાનુવાદ કરતાં જણાવ્યું હતું કે પૂ. જયઘોષવિજયજી મ.ની બાળવયમાં પૂ.પા.આચાર્યદેવ ભુવનભાનુસૂરીશ્વરજી

મ.ના વરદ હસ્તે ભવ્ય રીતે પિતાજી સાથે દીક્ષા થઈ. નાની ઉંમરમાં રમત ગમત છતાં સ્વ. પૂજ્ય આચાર્યદેવ તેમજ પૂ. ગુરુદેવો પ્રત્યેના ભક્તિભાવ અને સમર્પિત ભાવથી તેમની પ્રગતિ અદ્‌ભુત થઈ છે. શરૂઆતમાં સંસ્કૃતમાં બે બુક પણ અધકચરી કરનાર આ મહાત્માએ જ્યારે સ્વ.પૂ.આચાર્યદેવની નિશ્રામાં ૩૫ મિનિટ સુધી માગધી ભાષામાં સાધુઓ વચ્ચે પ્રવચન આપ્યું. ત્યારે તેમની અગાધ શક્તિનો અમને ખ્યાલ આવ્યો. આજે પણ પીસ્તાલીસ આગમાદિ ગ્રંથોમાં તેમનું નિષ્ણાતપણું અજોડ છે, અને આગમાદિ સૂત્રોના વિષયમાં શંકાના અદ્‌ભુત સમાધાનો તેમના તરફથી મળે છે. આવા પુણ્યાત્માઓની પદવી અમારે માટે ખૂબ જ આનંદનો વિષય છે. અમને પૂર્ણ શ્રદ્ધા છે કે પદની જોખમદારી સમજીને આ પુણ્યાત્માઓ જરૂરથી શાસનની રક્ષા માટે કટિબદ્ધ બનશે.

પૂજ્યશ્રીના પ્રવચન બાદ શુભ મુહૂર્તે ભગવતીજી સૂત્રની અનુજ્ઞારૂપ ગણિપદ પ્રદાન કરવામાં આવ્યું હતું. શ્રી સંઘે ખૂબ જ ઉલ્લાસભેર આ પ્રસંગ ઉજવ્યો. નૂતન ગણિઓને કામળી વહોરાવવાની ઉછામણી પણ સારી થઈ હતી. અનેક ભાવિકો તરફથી આ પ્રસંગે કામળી આદિ વહોરાવવામાં આવેલ. બપોરે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. તથા રાત્રે ભાવનામાં શ્રી સાબરમતી સંગીત મંડળે દીપનૃત્ય તથા મયૂરનૃત્ય વગેરેના કાર્યક્રમોથી સંઘને ભક્તિરસમાં તરબોળ કર્યો હતો.

એકંદરે પ્રસંગ ખૂબ જ સુંદર રીતે ઉજવવામાં આવ્યો હતો.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૩,અંક-૨૪,તા.૧-૩-૧૯૭૫

ભાવનગરના આંગણે વર્તમાન યુગમાં અભૂતપૂર્વ દીક્ષા

૩-૩ વર્ષીદાનના વરઘોડા : સન્માન-મેળાવડામાં ઊમટેલ માનવ મહેરામણ : નાગરિકોનાં હેલે ચડેલ હૈયાં : જિનશાસનનો જયજયકાર

ભાવનગરના તેજસ્વી યુવાન ભાઈશ્રી જવાહર B.Com.નો મહા સુદ ૪ની દીક્ષા અંગેના શુભ પ્રસંગો ભવ્ય રીતે બિરદાવી ભાવનગર વાસીઓએ ભારે કૃતાર્થતા અનુભવી.

કર્મની કેવી કઠિનાઈ છે ! ગત સાલ ભાઈશ્રી જવાહર દીક્ષાના માયરામાં બેસી ચુકેલા. એમના પ્રતિબોધક પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને સપરિવાર ભાઈશ્રી જવાહરના પિતાજી શ્રી પ્રતાપરાય વગેરેએ ભાવનગર શ્રી સંઘના સહકારથી ભાવનગરના આંગણે નોંતરેલા. મંગળ પ્રવેશ-પ્રવચન પછી

શ્રી જવાહરના મોટાભાઈ શ્રી રજનીકાંતે સ્વહસ્તે પ્રભાવના વહેંચેલ. એ જ મોટાભાઈને તરતમાં તાવ અને ડૉક્ટરી અખતરાઓમાં અચાનક યમરાજે ખેંચી લીધા. એમની પત્ની સગર્ભા હતી, પ્રતાપભાઈને શારદા સાઈકલ સ્ટોર્સની દુકાનનો મુખ્ય સંચાલક ગયો,...આવી આપત્તિઓમાં દીક્ષા મોકુફ રહી. 'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે.' ખરેખર આ સૂચવે છે કે જો યમરાજ આમ કાળ-અકાળ જોયા વિના તાણી જાય, તો કાળ-અકાળ જોયા વિના ધર્મનું શરણું કાં ન લઈ લેવું ?

ભાવનગર સંઘના મોવડીઓ શેઠશ્રી ભોગીભાઈ મગનલાલ, શ્રી પનુભાઈ, શ્રી જયંતિભાઈ વગેરેએ શ્રી પ્રતાપભાઈ વગેરેને સાથે લઈ પૂજ્યશ્રીને આગ્રહભરી વિનંતી કરેલી કે જવાહર અમારા સંઘનો દીકરો છે ને ચોમાસું ઉતર્યે અત્રે જ એની દીક્ષા કરવાની છે માટે આપે અત્રે પધારવાનું જ છે.' સ્વ. રજનીભાઈના ધર્મપત્નીની પોતાની ઇચ્છા પણ જવાહરભાઈની દીક્ષા પોતાના હાથે અપાવવાની હતી. પ્રતાપભાઈ પોતે તો બે વર્ષ પૂર્વેથી પૂ.આચાર્યદેવશ્રીને કહી ચૂકેલા કે જવાહરને મારે ભાવનગરમાં જ ધામધૂમથી દીક્ષા અપાવવાની છે ને તે માટે આપે ભાવનગર પધારવાનું જ છે' આમ ભાવનગર ક્ષેત્ર બળવાન, તે દીક્ષા-ઉજવણી આડે ઝંઝાવાત આવ્યા છતાં એ ભાવનગરમાં જ થવાના પુનઃસંયોગ સાંપડ્યા. જ્યોતિષમાર્તંડ પૂ. આચાર્યદેવશ્રી વિજય નંદનસૂરીશ્વરજી મહારાજે શ્રી પ્રતાપભાઈની વિનંતીથી દીક્ષા-મુહૂર્ત તરીકે પો.સુ.૬ અને મહાસુદ ૪ આપેલ. ભાવનગરમાં બિરાજમાન પ્રાકૃત વિશારદ પૂ. આચાર્યદેવોશ્રી વિજય કસ્તુરસૂરીશ્વરજી તથા શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ. ને પોષ સુદ ૧૪ થી અંજનશલાકા મહોત્સવ હોઈ દીક્ષા પોષ સુદ ૬ અનુકૂળ નહિ હોવાથી મહા સુદ ૪ નું મુહૂર્ત નક્કી કરાયું.

પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ને દીક્ષા અંગે ભાવનગર પધારવા માટે શ્રી પ્રતાપભાઈ વગેરેએ અમદાવાદ જઈ ખૂબ જ આગ્રહભરી વિનંતી કરી. પરંતુ પૂજ્યશ્રીને રાજનગર સોસાયટી નૂતન જિનમંદિર પ્રતિષ્ઠામહોત્સવ પર મહા સુદ ૮ થી વદ ૩ પધારવાનું પહેલાં નક્કી થઈ ગયેલ હોવાથી ભાવનગર જવાનું અશક્ય હોવાથી એઓશ્રીએ પોતાના શિષ્યો પૂ. મુનિરાજો શ્રી રાજેન્દ્રવિજયજી શ્રી વિમળસેનવિજયજી વગેરેને મોકલવાનું કરી આપ્યું.

ભાવનગરમાં જવાહરની દીક્ષા થવાનું જાહેર થતાં સંઘમાં અનેરો ઉત્સાહ આવી ગયો. ભાવનગર એટલે પૂરાણું ધર્મિનગર. પછી ભાવનગરની ધાર્મિક પ્રજામાં કોઈ સો વરસમાંય આવો દીક્ષા પ્રસંગ બન્યો નહિ હોય એ આવીને ઊભો એટલે ઊલટનું પૂછવું જ શું ? ઘર ઘર હરખના જુવાળ ચડ્યા પ્રતાપભાઈના સ્નેહીજનો

અને સંઘકાર્યકરો કામે લાગી ગયા. સામાયિક શાળાના સેંકડો વિદ્યાર્થીઓ થનગન નાચી રહ્યા.

અમદાવાદ પૂ. આચાર્ય મહારાજ પાસેથી શ્રી પ્રતાપભાઈએ આજ્ઞા પત્ર લઈ સુરેન્દ્રનગર મુકામે બિરાજતાં પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. ને ભાવનગર પધારવા વિનંતી કરી અને પાલીતાણાથી અમદાવાદ તરફ વિહાર કરવાવાળા આવી પહોંચેલ પૂ. મુનિરાજશ્રી વિમલસેવિજયજી મ. આદિને વિનંતી કરી. ભાવનગર પાછા ફરવાનું નક્કી કરાવ્યું. પૂ. ઉપાધ્યાય શ્રી ભાસ્કરવિજયજી ગણિવર્યને પણ વિનંતી કરી. પાલીતાણાથી પૂ. મુનિરાજશ્રી જયતિલકવિજયજી આદિને વિનંતી કરી. ભાવનગરમાં તો પાંચ પૂજ્ય આચાર્યદેવાદિ હતા જ. આ બધા મુનિ મહાત્માઓનો યોગ મળ્યો તેથી પ્રતાપભાઈનો ઉમંગ ઓર ઊછળ્યો. મહા સુદ-૧ ના પૂ શાંતમૂર્તિ મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. પૂ. તપસ્વી મુનિવરશ્રી વિમલસેનવિજયજી મ. આદિની સુંદર સામૈયા સાથે ભાવનગરમાં પધરામણી થઈ.

શ્રી પ્રતાપભાઈ આદિ તરફથી આ વખતે દીક્ષા અંગે પુનઃ કંકોતરી પ્રગટ કરેલી.

આમંત્રણ પત્રિકામાં લખ્યું હતું કે

પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના સદુપદેશથી અને સત્સંગથી અમારા ચિ. પ્રતાપરાયના ચિ. ભાઈ જવાહર B.Com. વૈરાગ્યવાસિત બન્યા. પૂ. આચાર્યદેવની સાથે વિહારાદિમાં બે વર્ષ રહી હવે આ દુઃખમય સંસારનો ત્યાગ કરી પરમ શાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદ પામી ચારિત્રમાર્ગે વિચરવા કટીબદ્ધ થયા છે.

ભાઈ જવાહરને હામ દામ ઠામ બધું હોવા છતાં પૂજ્યશ્રીના હૈયાને હચમચાવી મૂકે એવા વૈરાગ્ય નીતરતા ઉપદેશથી જે ચારિત્રજીવન એક માત્ર મનુષ્ય જીવનમાં જ પામી શકાતું હોવાથી કહેવાય છે કે **'મનુષ્ય જીવન ચારિત્ર માટે જ છે'** એ ચારિત્ર શા માટે ન સ્વીકારી લેવું ? આ ભાવનાથી જવાહરભાઈએ ચારિત્ર લેવાનો પાકો નિર્ધાર કરી લીધો અને આજથી અઢી વર્ષ પૂર્વે બ્રહ્મચર્ય વ્રત પણ અંગીકાર કરી લીધું.

ભાઈ જવાહરના વિવેકપૂર્ણ વૈરાગ્ય આગળ આ એક તૈયાર થયેલ, B.Com. ડિગ્રી પાસ અને અમારા શારદા સાયકલ સ્ટોરનું બાહોશીથી સંચાલન કરનાર હોવા છતાં અમારે નમતું મૂકવું પડ્યું.

અમને વિશેષ આનંદ તો એ થાય છે કે પોતાના પુણ્યથી અમારા આશરે આવેલો આ એક ભવ્યાત્મા સંત બની સિદ્ધ ભગવંત બનવાના માર્ગે જાય છે. વલ્લભીપુર (મૂળવતન)માં અમારા મહેતા કુટુંબમાં અમારી સાત પેઢીમાંથી અત્યાર સુધીમાં કોઈએ ચારિત્ર લીધું જાણમાં નથી. અમારા કુળના સદ્‌ભાગ્યે ભાઈ જવાહરની ભાવના થઈ. એ અમારા કુળને પણ અજવાળી રહ્યા છે. અમોએ એમનો દીક્ષા પ્રસંગ જિનેન્દ્રભક્તિના મહોત્સવ સાથે સં ૨૦૩૧ના મહા સુ-૪ ના દિવસે ઉજવવાનો નિર્ણય કર્યો છે.

આ પ્રસંગે પધારવા-ભાવનગરમાં બિરાજમાન પ્રાકૃત વિશારદ પૂ.આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય કસ્તુરસૂરીશ્વરજી મ.પૂ.આ. ધર્મધુરંધરસૂરીશ્વરજી મ.પૂ.આ. ચંદ્રોદય-સૂરીશ્વરજી મ.પૂ.આ. રૂચકચંદ્રસૂરીશ્વરજી મ, પૂ.આ.નીતિપ્રભસૂરીશ્વરજી મ. આદિને આગ્રહભરી વિનંતી કરતાં તેને માન્ય કરવા તેઓશ્રીએ પણ મોટી કૃપા કરી છે.

ભાવનગર સંઘનો ઉલ્લાસ : મુમુક્ષુ જવાહરભાઈનો દીક્ષા પ્રસંગ એટલે ભાવનગરના સંઘમાં એક B.Com. ભણેલા આવા તરવરતા યુવકની દીક્ષાનો પ્રસંગ ભાવનગર માટે પહેલ વહેલો હતો. ગઈકાલ કર્મે ઝુંટવેલી તક ભાવનગરને શત શત પુણ્યયોગે પાછી સાંપડી હતી તેથી સંઘે જવાહરભાઈને સત્કાર અને સન્માનથી નવડાવી નાંખ્યા. ટાઉનહોલમાં દસ દસ મંડળોએ સન્માનપત્ર આપ્યું, લગભગ ૪-૫ હજારની માનવમેદની હતી. સંઘના ઉપક્રમે ચાલતા ભવ્ય અંજનશલાકા મહોત્સવમાં નીકળનારા વરઘોડામાં વર્ષીદાન દેવા સંઘે ભાવભર્યું આમંત્રણ આપ્યું. તેથી જવાહરભાઈએ છૂટા હાથે વર્ષીદાન દીધું. ઈન્દ્ર-ઈન્દ્રાણીઓ, પૂ. આચાર્યદેવાદિ મુનિમંડલ વિશાલ સાજન, સિદ્ધાર્થ મહારાજા-ત્રિશલા માતા વગેરેની સજાવટવાળા ભવ્ય રોનકદાર વરઘોડામાં સૌની મીંટ વર્ષીદાન ઉછાળતા જવાહરભાઈ પર પણ ભારે મંડાયેલી. ટાઉનહોલમા સન્માન પત્રમાં વર્ષીદાનના વરઘોડામાં તથા દીક્ષા વખતે જનસમુદાયની હાજરી ભાવનગરમાં રેકોર્ડરૂપ હતી. પ્રસંગ નિહાળી લોકો ખૂબ આનંદવિભોર દેખાતા હતા. ખૂબ ખૂબ અનુમોદના લોકોએ કરી.

દીક્ષાર્થીનાં પૂ. પિતાશ્રી પ્રતાપરાયભાઈ : પ્રતાપભાઈને ખરેખર એક વિરલ કલ્યાણ પિતા કહી શકાય. જુવાનજોધ મોટો દીકરો અચાનક ગુજરી ગયા પછી અને એના કુટુંબનો ભાર માથે આવવા છતાં હૃદયને પથ્થર કરી મોહને મારી શાસન પ્રત્યેના અને સંયમ પ્રત્યેના અનુરાગથી આ પોતાના બીજા નંબરના પુત્રરત્નને જે ઉમંગથી દીક્ષા અપાવી છે તે ખરેખર ભલભલાનો હેરત પમાડી દે તેવું બન્યું. તેઓ લખે છે કે "મારી પહેલી કે છેલ્લી ઈચ્છા હતી કે જવાહરની દીક્ષા ભાવનગરમાં થાય તો સારું. તો ગુરુભગવંતની કૃપાથી પાર પડી છે મને ઘણો જ સંતોષ અને

આનંદ થયો છે જે કાગળમાં લખવા મારી પાસે શબ્દો નથી." મહાસુદ-૩ ના પ્રતાપભાઈના ઘરેથી વર્ષીદાનનો (દીક્ષાનો) તથા રથયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. શરૂઆતમાં જવાહરભાઈ રથના સારથી બનેલ બાદ વર્ષીદાન આપ્યું. ઈન્દ્રધ્વજ, સામાયિક મંડળના સેંકડો વિદ્યાર્થીઓ, બેન્ડ જવાહરભાઈની સજાવટ વાળી બગી, વિદ્યાર્થી યુવકમંડળનું બેન્ડ, હાથીની અંબાડી પર પ્રભુજી, પોલીસબેન્ડ, પૂ. આચાર્ય ભગવંત ધર્મધુરંધરસૂરીશ્વરજી મ.પૂ.આ. ચંદ્રોદયસૂરીશ્વરજી મ.પૂ.આ. રૂચકચંદ્રસૂરીશ્વરજી મ.પૂ.મુ. શ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિ વિશાલ મુનિગણ પાછળ વિશાળ સાજન, પાલખી, ભગવંતનો રથ અને સેંકડો બહેનોથી શોભતો વરઘોડો ભાવનગરના વિશાલ માર્ગો પર ફરી મોટા દેરાસરે ઊતર્યો હતો.

મહા સુ-૪ની સવારે પ્રતિક્રમણ, સ્નાત્ર મહોત્સવની મંગલક્રિયા કરી, સંસારને છેલ્લી સલામ કરી વડીલોના મંગલ આશીર્વાદ લઈ દીક્ષાના વરઘોડામાં સામેલ થયા. બેન્ડ હાથી, બગીમાં વરસીદાન દેતા જવાહરભાઈ હજારો નરનારીઓ વરઘોડા સાથે દાદા સાહેબના વિશાલ ચોગાનમાં આસોપાલવના વૃક્ષ નીચે ચાંદીની નાણ સમક્ષ આવી પહોંચ્યા. પૂજ્યોને કામળીઓ વહોરાવી જ્ઞાનપૂજન કર્યું. સાથે ત્રણ ભાઈઓ તથા ત્રણ-બેનોએ ચતુર્થવ્રત લેનાર હતા તેમની સાથે દીક્ષાની ક્રિયાનો પ્રારંભ થયો. પોપટભાઈ તથા પ્રતાપભાઈએ પૂજ્યશ્રીને રજોહરણ વહોરાવ્યું. પૂ.આચાર્યદેવશ્રીએ જવાહરભાઈને રજોહરણ અર્પણ કરતા ચક્રવર્તી છ ખંડના સામ્રાજ્યથી આનંદ ન પામે તેથી વધુ આનંદથી જવાહરભાઈ નાચી ઉઠ્યા. સાધુવેષ પહેરી મંડપમાં આવતા હજારોનો પ્રેક્ષકગણ હર્ષિત થયો હતો. શુભ મુહૂર્તે લોચની ક્રિયા બાદ કરેમિભંતે ઉચ્ચરાવતા પૂ.આ.ભ. કસ્તુરસૂરીશ્વરજી મ. તથા પૂ.આ.ભ. ધર્મધુરંધરસૂરીશ્વરજી મ. સંક્ષેપમાં ભાવભર્યો સંવેગ વૈરાગ્ય પ્રેરક અર્થ સમજાવી સંયમ વિશુદ્ધિ વધારવા અને વફાદારી વધારવા ત્રિવિધ ત્રિવિધે પાપ ત્યાગની પ્રતિજ્ઞાની વારંવાર અનુપ્રેક્ષા કરવા ફરમાવતા. નામકરણ વિધિ વખતે જવાહરભાઈનું નામ પૂ. મુનિરાજશ્રી જિનહંસવિજયજી મ. રાખી પૂ.આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન તરીકે જાહેર કર્યા. બાદ પૂ.આ.દેવ ચંદ્રોદયસૂરિ મહારાજે હિતશિક્ષામાં સિંહની જેમ રત્નત્રયીની આરાધના પરાક્રમ ફોરવી આગળ વધવા અને વિનય વૈયાવચ્ચ જ્ઞાનધ્યાન સાથે ગુણાનુરાગ ઉપર ભાર આપ્યો હતો. સકલસંઘે નૂતન મુનિશ્રી જિનહંસવિજયજી મ. ને વંદના કર્યા બાદ સગા સ્નેહીજનોએ તથા મંડળોએ કામળી કપડા વહોરાવેલ. નૂતન મુનિશ્રી ભાવનગરથી સુ-૫ ના પૂ. મુનિરાજશ્રી વિમલસેનવિજયજી મ. આદિ સાથે મહા વ.૨ ના અમદાવાદ પોતાના તારક પૂ. ગુરુદેવ આચાર્યદેવની સેવામાં આવી રહ્યા છે.

ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ

● **અમદાવાદ :** અત્રે પાલડી વિસ્તારમાં રાજનગર સોસાયટી અંતર્ગત આશાકુંજ સોસાયટીમાં પ્રારંભમાં ભાઈશ્રી નેમચંદ ડોસાભાઈને ત્યાં ગૃહમંદિર હતું. એમાંથી સોસાયટીના સભ્યોના અને બહારનાના આર્થિક સહકારથી એક શિખરબંધી ભવ્ય જિનપ્રાસાદનું નવનિર્માણ થયું; તથા એમાં યુગાદિદેવ ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીને મૂળ નાયક પદે તથા બંને બંને બાજુના દ્વાર સામે ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તથા શ્રી મહાવીરસ્વામી અને અન્ય જિનેશ્વર ભગવંતોના બિંબોની પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ મહા સુદ ૧૦ થી મહા વદ ૪ સુધીમાં ઉજવાઈ ગયો.

પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે સંઘ તરફથી એક પ્રતિનિધિ મંડળે સાવરકુંડલા જઈ સિદ્ધાન્ત મહોદધિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસુરીશ્વરજી મ.ને સપરિવાર પધારવા અને એઓશ્રીની નિશ્રામાં મહોત્સવ ઉજવાય એ માટે આગ્રહભરી વિનંતી કરેલી. પછી જુનાગઢ મુકામે જઈને પણ ફરીથી પૂજ્યશ્રીને વિનંતી કરેલી. તે માન્ય થતાં સંઘમાં આનંદ આનંદ વરતાઈ ગયો; અને ભવ્ય પ્રતિષ્ઠા-મહોત્સવ ઉજવવા તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ. અમદાવાદમાં બિરાજમાન પૂ. આચાર્યદેવોશ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મ. શ્રી વિજય માનદેવસૂરીશ્વરજી મ. શ્રી વિજય મલયચંદ્રસૂરીશ્વરજી મ. શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ. શ્રી વિજય માનતુંગસૂરીશ્વરજી મ. ને પણ પ્રતિષ્ઠા મહોત્સવ પર સપરિવાર પધારવા વિનંતી કરવામાં આવેલ.

પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અમદાવાદ પધાર્યા. રાજનગર સોસાયટી સંઘે સંઘમાં વિશેષ જાગૃતિ સાથે એ માટે પૂજ્યશ્રીને મહોત્સવ અગાઉથી ખાસ વિનંતી કરીને એઓશ્રીને ગણિવર્ય શ્રી મિત્રાનંદ વિજયજી મ. આદિ પરિવાર સાથે મહા સુદ ૫ રવિવારે ભવ્ય સ્વાગત સામૈયા સાથે શ્રી વિશ્વનંદીકર સંઘના ઉપાશ્રયમાં પધરાવ્યા. આશાકુંજ સોસાયટીની મધ્યમાં નૂતન દેરાસરથી માંડી ઠેઠ રાજમાર્ગ સુધી લાંબો ભવ્ય મંડપ ખડો કરાયેલ. તેમાં પૂ. આચાર્યદેવશ્રીના સંવેગ-વૈરાગ્ય નીતરતા જોશીલા વ્યાખ્યાનો થતાં શ્રી સંઘમાં ઉત્સાહ અર્હદ્ભક્તિ અને દાનરુચિ ખૂબ ઊછળવા લાગી. મહા સુદ ૧૦ થી મહોત્સવ શરૂ થયો. એના અંગે સુદ ૮ થી બોલીઓ શરૂ થઈ. પ્રારંભમાં જ શ્રી ચતુરદાસ ચીમનલાલે તથા વકીલ શ્રી વસંતભાઈએ સભામાં બોલીઓની વચ્ચે ભક્તિ રંગના પદો ઝીલાવી

ઉત્સાહ વધારી દીધો પાછળથી શ્રી રસિકલાલ ભોગીલાલે પણ ઝીલાવવામાં સૂર પૂર્યો. બોલીઓના આંક શ્રી સંઘની કલ્પના બહાર વધી ગયા. શેઠશ્રી ભભૂતમલજી, શેઠશ્રી સારાભાઈ વગેરેએ ભારે લાભ લીધા. મુળનાયક ભગવાન પધરાવવાની બોલી શ્રી ભભૂતમલજીએ લીધી. બીજા પણ ઉદાર અને અર્હદ્ભક્તિ રસભર્યા ગૃહસ્થોએ નોંધપાત્ર બોલીઓ લીધી.

ઉત્સવમાં પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદ વિજયજી મહારાજ વારંવાર માર્ગદર્શન આપતા. વકીલ શ્રી વસંતભાઈની આગેવાની નીચે શ્રી મહાવીર સંગીત મંડળ ભક્તિરસની રેલમછેલ કરતું. શ્રી સારાભાઈ, શ્રી નેમચંદભાઈ, શ્રી અનુભાઈ વગેરેની તનતોડ સેવા રહેલી. વિદ્યાશાળાની શ્રી સુબાજી રવચંદ ટોળી કવિ સંગીતકાર શ્રી ભાઈલાલભાઈની આગેવાની નીચે વિધિવિધાનો બજાવતી.

કુંભસ્થાપના-પાટલા પૂજન-ધ્વજદંડ કળશ પૂજન વગેરે ધામધૂમથી ઉજવાયા. પૂજ્યશ્રીનાં અર્હદ્ભક્તિ પ્રેરક પ્રવચનો ચાલુ હતા. મહા વદ ૨ બેંડવાજા-રથ-હાથી-ભક્તિ મંડળીઓ-સાબેલા તથા વિશાળ ચતુર્વિધસંઘ સાજન સાથે રથયાત્રાનો ખૂબ રોનકદાર વરઘોડો ચઢયો, ને અનેક સોસાયટીઓ આગળથી પસાર થતાં હજારોના હૈયાં ધર્મભાવનાથી ભીના થઈ ગયાં. બપોરે શ્રી ઓંકારમલજીની મંડળીએ ભવ્ય અર્હત્પૂજનનાં વિધિવિધાન કરાવ્યાં. પ્રતિષ્ઠામાં ધ્વજદંડ આરોપી એના પર વંશવારસાગત ધ્વજા લહેરાવવાની બોલી શેઠ શ્રી રમણલાલ વજેચંદે લીધેલી ત્યારે સકલ સંઘમાં ભારે અનુમોદના સાથે અનેરો ઉત્સાહ વધી ગયેલ. તેથી એમણે પણ મંગળ ધ્વજને સાથે અનેરો ઉત્સાહ વધી ગયેલ. તેથી એમણે પણ મંગળ ધ્વજને વિશિષ્ટ રીતે સન્માનવાનો એક નવો વિક્રમ સ્થાપ્યો. એમણે વિશિષ્ટ રીતે નિમંત્રણ કાર્ડ કાઢી મહા વદ ૩ વહેલી પ્રભાતે પોતાના નિવાસસ્થાને ચતુર્વિધ સંઘને આમંત્ર્યો. પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદ વિ. મ. પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ. વગેરે તથા પૂ. સાધ્વીજી શ્રી જયાશ્રીજી મ. આદિના ગુરુપુજન સહિત સંઘપૂજન કર્યું.

પૂ. મુનિરાજ ચંદ્રશેખર વિજયજી મહારાજે ધ્વજના મહિમા પર ખૂબજ રોચક પ્રવચન કર્યું પછી મંગળધ્વજને ઊંચી રોનકદાર બગીમાં પધરાવી વિશાળ સાજન બેન્ડવાજા સાથે ભવ્ય વરઘોડો નૂતન મંદિર તરફ ચાલ્યો. રસ્તામાં છૂટે હાથે શ્રી રમણભાઈના સુપુત્રો વરસીદાન ઉછાળતા એવી રીતે શેઠ શ્રી સારાભાઈ તેમજ શેઠ શ્રી ભભૂતમલજી પણ સંઘપૂજન વરસીદાન વરઘોડા સાથે નૂતન મંદિરે આવી ગયા. મંદિર બહાર ઊભા કરેલાં મોટા સ્ટેજ પર તો માણસોની ઠઠ ભરાઈ ગયેલી, તેથી સેંકડો માણસોને મંડપમાં ઊભા રહેવું પડ્યું. પૂ. આચાર્યદેવશ્રીએ બૂલંદ ધ્વનિથી

શ્રમણ સંઘસ્ય શાન્તિર્ભવતુ વગેરે તથા ૐ પુણ્યાહં લલકારી ભક્તોને ઝીલાવતાં. ગગનભેદી નાદે વાતાવરણ ગાજી ઉઠ્યું. શુભ લગ્ન મુહૂર્તે પ્રભુજીને ગાદીનશીન કરાતાં પૂજ્યશ્રીએ મંત્રાક્ષરથી વાસક્ષેપ કર્યો. એમ શિખર પર ધ્વજદંડ આરોપિત કરાઈ ધ્વજા લહેરાતાં એના ઉપર વાસક્ષેપ કરાયો. બપોરે અષ્ટોત્તરીસ્નાત્ર ભારે ભક્તિરંગથી ભણાવાયું. દરેકની બોલીઓના આંકે માઝા મૂકેલી, વદ ૪ મંગળ દ્વારોદ્‌ઘાટનની બોલી વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાન મંદિરના ટ્રસ્ટી શેઠ શ્રી કાન્તિલાલ સાંકળચંદે લીધેલ હોવાથી સંઘમાં આનંદના પૂર ઊછરેલા. સંઘ એમના આંગણે દ્વારોદ્‌ઘાટનાર્થે નિમંત્રવા જતાં એમણે ગુરુપૂજન-સંઘપૂજન કર્યું. સંઘ એમને હાથી પર બિરાજમાન કરી નૂતન મંદિરે બેન્ડવાજા વરઘોડા સાથે લઈ આવ્યો. ને ભવ્ય દ્વારોદ્‌ઘાટન વિધિ થયો. ૪૦ ઘરના સંઘને લગભગ બે લાખ રૂા.ની ઊછરામણી થઈ. અનેક સંઘપૂજન-પ્રભાવના થયા.

પૂ. આચાર્યદેવશ્રી પિંડવાડા ઉપધાન અંગે વિહાર કરી ગયા.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૩,અંક-૨૯,તા.૫-૪-૧૯૭૫

દીક્ષાઓ અને શિબિર

● **પિંડવાડા :** અત્રે પૂ.આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્ય-પ્રશિષ્યરત્નો પૂ.મુનિરાજો શ્રી જિતેન્દ્રવિજયજી મ. તથા શ્રી ગુણરત્નવિજયજી મ. ની નિશ્રામાં ચાલી રહેલ ૩૨૫ આરાધકોના ઉપધાન પ્રસંગે અત્રેના શ્રીસંઘના વિનંતી અર્થેના અનેક ધક્કાટાંપા અને અતિ આગ્રહને વશ થઈ પૂ. આચાર્યદેવશ્રી અત્રે ફાગણ સુદ ૫ પધાર્યા ત્યારથી સૌને અનેરો ઊછરંગ વધી ગયો. ઉપધાનનો માળપ્રસંગ ચૈત્ર સુદ ૫ આવે છે, તે પૂર્વે શ્રી સંઘ પૂજ્ય આચાર્યદેવશ્રીને વિહાર કરવા દેવા તૈયાર નહોતો, અને ચૈ.સુ. ૫ પછી વિહાર કરીને મુંબઈવાળા દીક્ષાર્થી શ્રી બાબુલાલ છોટાલાલ ઘીઆની સકુટુંબ ગુજરાતમાં દીક્ષા ઉત્સવ પર ૭-૮ દિનમાં પૂજ્યરીને પહોંચવું મુશ્કેલ હતું, તેમજ શ્રી પિંડવાડા સંઘનો પહેલેથી દીક્ષાઓ અત્રે રાખવા માટે ખૂબ આગ્રહ તો હતો જ, તેથી દીક્ષાર્થી શ્રી બાબુભાઈ અને એમના ભાઈશ્રી જેઠાભાઈ વગેરેએ દીક્ષા મહોત્સવ પિંડવાડામાં જ ઊજવવાનું માની લીધું. પૂ. સ્વ. શ્રી બાપજી મહારાજના સમુદાયના પૂ.આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજે પણ ખૂબ પ્રોત્સાહન અને આશીર્વાદ આપવા સાથે સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મ.ને પિંડવાડા જવા આજ્ઞા આપી પૂ.આ. શ્રી વિજયહીરસૂરીશ્વરજી

મહારાજ, પૂ. મુનિરાજશ્રી મતિધનવિજયજી મ. વગેરેએ પણ પિંડવાડા સંઘના આગ્રહથી પિંડવાડા તરફ વિહાર કર્યો છે. અત્રે ફાગણ વદ ૧૩ થી માળામહોત્સવ, ચૈ.સુ. ૫ માળારોપણ, ચૈ.સુ. ૬ થી નવપદજી ઓળી મહોત્સવ ચૈ.સુ. ૮ થી દીક્ષા મહોત્સવ, ચૈ.વ. ૧ દીક્ષાઓ, અને ચૈ.વ. ૨ લગભગથી ધાર્મિક શિક્ષણ શિબિર થવાનું આયોજન છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૩,અંક-૩૩,તા.૩-૫-૧૯૭૫

પિંડવાડાનગરે આ યુગે અભૂતપૂર્વ દીક્ષા મહોત્સવ મુંબઈના A.G. માર્કાના ઘીના વેપારી શ્રી બાબુભાઈ સકુટુંબ દીક્ષાના પંથે. કોઠના કુમારી અનુપમાનું અનુપમ માર્ગે પ્રયાણ, પિંડવાડા સંઘ, આગન્તુકો, અને દીક્ષાર્થીઓનાં સગાસ્નેહીના ભાવોલ્લાસમાં તરવરતી હરિફાઈ, વરસીદાન વરઘોડો જોવા ઊમટી પડેલું સમસ્ત નગર, દીક્ષાર્થીઓને અપાયેલ માનપત્ર મેળાવડામાં હીલોળે ચડેલ વિશાલમેદનીનાં હૈયાં, દીક્ષા-રજોહરણ પ્રાપ્ત થતાં હર્ષના ઉન્માદમાં નાચી પડેલા દીક્ષાર્થી મહાનુભાવો.

દીક્ષાર્થીઓના પૂર્વદીક્ષિત કુટુંબીઓ : એ ધન્ય ઘડી ધન્ય દિવસ હતો જ્યારે ધિણોજ પાસેના પાલેજ ગામના વતની શા. ઝુમખરામ ચેલદાસના વચલા પુત્ર શા. છોટાલાલે વિ.સં. ૨૦૦૧માં ધિણોજ મુકામે વિશાળ ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્ય તરીકે ભાગવતી સાધુદીક્ષા અંગીકાર કરી મુનિશ્રી મતિધનવિજયજી બનીને કુળમાં એવા દીપક સમા બનવાનું કાર્ય કર્યું કે આ એક દીવામાંથી એમના સંતાન બીજા દીપકો તરીકે પ્રગટ થતા ચાલ્યા. વિલાસી વીસમી સદીમાં પણ શ્રી જિનશાસનની જ્વલંત જ્યોત જાગતી હોવાનો આ એક નમૂનો હતો. કેમકે શ્રી છોટાભાઈ મૂળમાં બહુ સામાન્ય સ્થિતિમાંથી ઊંચે વૈભવી સ્થિતિમાં આવેલા અને સંસારની સુખસમૃદ્ધિ-પરિવાર વચ્ચે ઠરીઠામ બેસવાના અવસરે જિનશાસનના નવનીતરૂપ ચારિત્રમાર્ગે ચાલી નીકળેલા. ગામડાની સાધારણ સ્થિતિમાં એમણે યુવાનીમાં આવતાં પોતાના મોટાભાઈ શ્રી ચુનીલાલને કહ્યું 'હું મુંબઈ ધંધાર્થે જાઉં.' ભાઈ કહે ના, ના, મુંબઈ તો પાપનગરી, ત્યાં જવાથી ધર્મભ્રષ્ટ થવાય. છોટાભાઈ કહે 'પણ ગામડાની પડતી

સ્થિતિમાં ઊંચા નહિ આવીએ. બાકી મુંબઈમાં આપણા કુળસંસ્કારથી સાવધાન રહીશ તો ધર્મ નહિ ચૂકાય એમ ભાઈને સમજાવીને મુંબઈ આવી પંદર રૂપૈડીની નોકરીએ ચડેલા તે આગળ વધતાં મૂડી બજાર (ઘી બજાર)નાં આગેવાન ફર્મ શાં અમથાલાલ ચુનીલાલના માલિક અને પોરબંદરી ભાણજી લવજી ઘી ડીપો કંપનીના સોલ એજન્ટ બનેલા. એમાં મોટાભાઈના પુત્ર શા. જેઠાલાલને કામે લગાડી દીધેલા. ઉપરાંત કાલબાદેવી રોડ પર બાબુલાલ જયંતીલાલની કુાં માં પોતાના નાના પુત્ર બાબુલાલને તથા વિસનગરમાં મોટા પુત્ર વાડીલાલને અને ધિણોજમાં નાનાભાઈ અમથાલાલને જથાબંધ ઘીની દુકાનો પર કામે લગાડેલા. બધું જ સંયુક્ત કુટુંબની માલિકીરૂપે આમ હામ-દામ-ઠામથી સંપન્ન સ્થિતિમાં પદ્ વર્ષની વયે ચારે બાજુ ધીખતા ધંધા અને ભર્યા વૈભવ પરિવાર વચ્ચે જ્યાં સુખચેન-આરામમાં મહાલવાનું મન થાય ત્યારે એમણે સંસારવાસ ફગાવી દઈ ચારિત્ર લીધેલું.

બાબુભાઈની પૂર્વ તૈયારી : એ પછી વિ.સં.૨૦૧૭માં એમના સૌથી નાના પુત્ર કુમારપાળ અને સુપુત્રી મંજુલાએ ચારિત્ર લીધું અને મુનિશ્રી વિશ્વધનવિજયજી તથા સાધ્વી શ્રી મૃગાવતીશ્રીજી બન્યા ત્યારે વચલા પુત્ર શ્રી બાબુભાઈને પણ વૈરાગ્યની જ્યોત પ્રદીપ્ત થવા લાગી. તે પછીથી પૂ. મુનિરાજશ્રી વિશ્વધનવિજયજી મ. ના મોં પર એક ખીલ વકરવાને લીધે થયેલ અવસાનથી બાબુભાઈની વૈરાગ્ય જ્યોત વધુ ઝગમગી. પોતાના બે પુત્ર બે પુત્રીઓ અને ધર્મપત્ની સહિત આખા કુટુંબની સાથે ચારિત્રમાર્ગે નીકળવાનું આયોજન છેલ્લા છ વર્ષથી કરતા રહ્યા. બે પુત્રીઓ મનીષા-પ્રીતીને પૂ.સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મહારાજનાં સંપર્કમાં રાખતા ગયા, અને પોતે પણ સપરિવાર પૂ. આચાર્યદેવશ્રી આદિનો સંપર્ક સાધતાં રહ્યા. વિ.સં. ૨૦૨૮નું ચોમાસું પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ અમદાવાદ જ્ઞાનમંદિર હતા ત્યારે બાબુભાઈ કુટુંબ સાથે કાળુસીની પોળે રસોડું કરીને રહ્યા. એમ કરતાં કુટુંબનેય વૈરાગ્યની ભરપૂર તાલીમ અપાવી પછી તો ધંધાને આટોપતા ચાલ્યા. કુટુંબ સાથે સમ્મેતશિખર સુધીની યાત્રાઓ કરી. ૨૦૩૦ના સાવરકુંડલામાં ચોમાસા પછી પૂ.આ.શ્રી **વિજયભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજ ગુજરાત પધારે ત્યારે એઓશ્રી અને મોટા પૂ.આચાર્યદેવશ્રી **વિજયહીરસૂરીશ્વરજી મ.** ની નિશ્રામાં ચારિત્ર લેવાનો નિર્ણય કર્યો.

ધિણોજ સંઘે અને આખા ગામે ખૂબ આગ્રહ કર્યો કે અમારા ગામનું આ કુટુંબ અમારે ત્યાં દીક્ષા પ્રસંગ ઊજવે. પરંતુ બહારથી ઊતરી પડનાર વિશાળ માનવ મહેરામણને ઉતારવા-કરવાની સગવડની મુશ્કેલી જોઈ તેમજ પૂ.સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીના મૂળવતન પિંડવાડાના સંઘનો અતિશય આગ્રહ જોઈ

મુમુક્ષુ બાબુભાઈએ ઉત્તમ મુહૂર્ત ચૈત્ર વદ એકમે પિંડવાડાનગરે ચારિત્ર લેવાનો નિર્ણય કર્યો. પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પાસે મુહૂર્તની ચોકસાઈ કરાવી એઓશ્રીના આશીર્વાદ લીધા. શુભમુહૂર્ત મુંબઈથી સકુટુંબ નીકળી જઈ અમદાવાદ મોટા ભાઈ શ્રી વાડીભાઈને ત્યાં આવી ગયા. વડાવલી પોતાના સસરા શ્રી મફતભાઈ વગેરે સગાસ્નેહીને ત્યાં વાયણાંનો લાભ આપ્યો.

પિંડવાડા સંઘમાં ધર્મ રોશની : અહીં પિંડવાડા સંઘના અતિ આગ્રહથી પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ એઓશ્રીના શિષ્ય પ્રશિષ્ય પૂ. મુનિરાજો શ્રી જિતેન્દ્રવિજયજી મ. તથા શ્રી ગુણરત્નવિજયજી મહારાજના સદુપદેશથી મહા સુ. ૧૪ થી ચાલુ થયેલ ઉપધાન પ્રસંગ પર ફાગણ સુ.૫ ના રોજ પિંડવાડામાં સપરિવાર પધારી ગયા હતા. એક બાજુ પૂ. સ્વ. આ. ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પુણ્યપ્રભાવે ઉપધાનની જવલંત પૂર્ણાહુતિ, ઉપધાનમાળાના ભારતમાં અભૂતપૂર્વ ચડાવાનો રેકાર્ડ એક સાથે માળારોપણનો મહોત્સવ અને બીજી બાજુ ભવ્ય દીક્ષા પ્રસંગ ઉજવવાની તૈયારીઓ ચાલી ચૈ.સુ.૮ થી દીક્ષાના મહોત્સવનો મંગળ પ્રારંભ થયો.

દીક્ષામહોત્સવના પારણાં : અમદાવાદથી શ્રી બાબુભાઈની વિનંતીથી પૂ. આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.મુનિરાજશ્રી મતિધનવિજયજી મહારાજ આદિ પિંડવાડા પધારતાં સંઘે ભવ્ય સામૈયું કર્યું. દીક્ષાર્થી શ્રી બાબુભાઈ સકુટુંબ પરિવાર પધારતાં લગભગ એક હજાર માણસ ૦।।। માઈલ દૂર સિરોહીરોડ સ્ટેશને સામે લેવા ગયું. સ્વાગતમાં બેન્ડવાજા અને યુવકોના નાચ-તાન-ધૂન વગેરેમાં ઉત્સાહ અમાપ દેખાઈ આવતો. સંઘે વિશાળ ધર્મશાળા ઉપરાંત અનેક મુકામોની તથા બીજી અનેક પ્રકારની સગવડો કરી રાખી હતી.

શ્રી બાબુભાઈએ પણ પોતાની દીક્ષા પ્રસંગનો મહોત્સવ, આઠ દિવસનું રસોડું છેલ્લી નવકારથી વગેરેમાં ઉદાર ખર્ચ કરવામાં પાછું વાળીને જોયું નહિ. દીક્ષા મહોત્સવ વખતે જો કે પિંડવાડા નિવાસી તરફથી ઓળીના મહોત્સવ પ્રસંગે રાજસ્થાનના સંગીતકાર શ્રી ગોપાલભાઈની મંડળી બોલાવેલી, છતાં બાબુભાઈ તરફથી પાલીતાણાના પ્રસિદ્ધ સંગીતકાર શ્રી દલપતભાઈના ભાઈશ્રી કાન્તિલાલની મંડળી પણ બોલાવવામાં આવેલી આમ ડબલ ગાયક મંડળીથી રોજ પૂજા-ભાવનાઓમાં પ્રભુભક્તિની અનેરી રમઝટ જામતી. એમાં વળી રોજ ૨-૩ પૂજામાં પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. એકેક પૂજામાં વિવિધ તર્જોમાં સૂરીલા સંગીતનું માર્ગદર્શન દેતા ભાવિકો એને ઝીલી ભક્તિરંગમાં ગદ્ગદ થઈ જતા. વિશેષ યુવાનોનો

ભક્તિરંગ ખૂબ ઊછળતો અને સંગીતકારો પણ સંગીતની અનેરી દીશા જોવા મળતાં ચકિત થઈ પૂજ્યશ્રીને કહે કે આપશ્રી આ પૂજાઓની સંગીતકળા શીખવો નહિતર એ લુપ્ત થઈ જશે.

કોઠના કુમારી અનુપમા દીક્ષાના પંથે : આ કુટુંબની સાથે એક નોંધપાત્ર એ બન્યું કે કોઠ (ગાંગડ) નિવાસી શાહ મફતલાલ આશાભાઈ કાપડિયાના સુપુત્રી અનુપમાકુમારીની પણ દીક્ષા નક્કી થઈ. ૫-૬ વરસથી એ પણ પૂ.સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મ.ના સમાગમમાં વૈરાગ્યવૃદ્ધિ અને જ્ઞાનોપાર્જન કરતી હતી. હવે એની દીક્ષા નક્કી થતાં શ્રી મફતભાઈએ કોઠમાં ચૈ.સુ.૩ થી ૧૧ સુધી ઉત્સવ શરૂ કર્યો રોજ બેનોનું ગાવાનું ચાલેલું વરસીદાન વરઘોડો પણ કાઢવામાં આવેલ. ત્યારબાદ મુમુક્ષુ અનુપમાબેનને લઈને શ્રી મફતભાઈ સગા-સ્નેહી પરિવાર સાથે ચૈ. સુ. ૧૨ પિંડવાડા આવી પહોંચ્યા.

આજે સુદ બારસે શ્રી બાબુભાઈ તરફથી શ્રી શાંતિસ્નાત્ર હતું. તે પૂર્વે સવારે પ્રવચન વખતે દીક્ષાર્થીઓનો વરસીદાન વરઘોડો કોના ઘરેથી નીકળે એની ઉછરામણી બોલાઈ. આંકડા સેંકડોથી વધતા હતા. બીજી બાજુ જન્મકલ્યાણક વરઘોડાની ઉછરામણીના આંક પણ ચપોચપ આગળ વધી રહ્યા હતા. આવા બધા શાસનભક્તિ અને પ્રભુભક્તિના ઉછરંગના ગંગાપુર જોવાનો એક જીવનલહાવો હતો.

બપોરે શાંતિસ્નાત્ર ખૂબ ઠાઠથી ભણાવાયું દીક્ષાર્થીઓ અને એમના કુટુંબીજનો પૂજનમાં એકાકાર થઈ રહેલા.

સુદ ૧૩-૧૪ ગુરુવારે અમદાવાદથી શ્રી ચતુરભાઈની આગેવાની હેઠળ શ્રી જૈનધર્મ આરાધક મંડળ આવી પહોંચ્યું બપોરે અષ્ટાપદજીની પૂજા ભણાવવામાં રંગ રાખ્યો.

આ બધા પ્રસંગોમાં પિંડવાડા સંઘ તથા શ્રી બાબુભાઈના સ્વપક્ષે કુટુંબીઓ ઉપરાંત એમના સસરા શ્રી મફતભાઈ વડાવલીવાળાના કુટુંબને પણ અનેરો ઉત્સાહ હતો. કેમકે એ સમજતા કે અમારા જમાઈ જુના અને પ્રામાણિક વ્યાપારી ધર્માનુરાગી શેઠશ્રી બાબુલાલ છોટાલાલ ઘીવાળા સહકુટુંબ પરમપૂજ્ય આચાર્યદેવો શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મ. તથા શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં ભાગવતી પ્રવજ્યા અંગીકાર કરે છે એ આ કાળમાં એક અછેરું છે. શ્રી બાબુભાઈએ પોતાની આંતરિક જીવનમાં નૈતિકતા પ્રામાણિકતાનો ગુણ એટલો બધો વિકસાવ્યો હતો કે; ઘી ના જથ્થાબંધ વ્યાપારી આલમમાં તેઓએ સારી ખ્યાતી ચાહના મેળવી હતી. વળી શ્રી બાબુભાઈના પિતાશ્રીએ પણ ૫૬ વર્ષની જૈફ ઉંમરે ચારિત્રરત્ન અંગીકાર

કરી વિહારમાં પણ વર્ધમાન આંબેલ તપની મોટી ઓળીઓ ઉપરાંત ૮-૧૬ વગેરે ઉપવાસો અને ૨૪ ભગવાનના આંક પ્રમાણે ઉપવાસો આદિથી કાયાને ખૂબ કસેલી અને હાલ શ્રી નવકારજાપ સાથે આજે ૮૭ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે પણ પૂ.મુનિશ્રી મતિધનવિજયજી મ. સંયમની સુંદર આરાધના કરી રહ્યા છે. જ્યારે બાબુભાઈના નાનાભાઈ (કુમારપાળ) મુનિશ્રી વિશ્વધનવિજયજી અપ્રમત્ત આરાધના કરી બહુ જ ટૂંકા સમયમાં ૩૫ વર્ષની ભરયુવાવસ્થામાં થોડા સમય પહેલાં શિરોહી મુકામે કાળધર્મ પામેલ...પૂ. પાદ આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજીના સંસારીપણે બહેન અને તપોનિધિ પૂ.આ.શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ. શ્રીની આજ્ઞાવર્તી પૂ.સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મ.શ્રીની નિશ્રામાં તેઓના બહેન સા.શ્રી મૃગાવતીશ્રીજી મ. સંયમની અનુપમ આરાધના કરી રહ્યા છે.

પિંડવાડા એ સિદ્ધાંત મહોદધિ વાત્સલ્યમૂર્તિ પરમ પૂ.પાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની જન્મભૂમિ હોવાથી અત્રે તેઓશ્રીના શિષ્ય પ્રશિષ્ય-પરિવારાદિનું અવારનવાર વિચરણ થતું હોવાથી શહેર ખૂબજ ધર્મ જાગૃતિવાળું ગણાય છે.

હજી એક જ અઠવાડીયા પહેલાં અહીં ૩૩૫ જેટલા ભાઈ બહેનોનું ઉપધાન તપનું મંગલમય આયોજન પૂરું થયેલ અને ઉપધાન તપના એક એક મંગલ તપસ્વીઓને લગભગ રૂા. ૧/- હજાર જેટલીની પ્રભાવનાઓથી ભક્તિ થયેલી...

ઉપધાનતપનો મંગલ માલારોપણ તથા ઉદ્યાપનનો મહોત્સવ પૂર્ણ થયો કે તુરત જ શ્રી બાબુભાઈ છોટાલાલ ઘીવાળા તરફથી ભાગવતી પ્રવજ્યા મહોત્સવનો પ્રારંભ થયો.

સુખી અને સમૃદ્ધ એવું આખું કુટુંબ સંસારથી વિરક્ત થતું હોવાથી પિંડવાડા નગરના આંગણે તો જાણે ધર્મની હેલી મંડાણી ન હોય ? એવો અભૂતપૂર્વ ઠાઠ ઉત્સાહ મંડાયો હતો. ચૈ.સુ.૧૨ ભવ્ય શાન્તિસ્નાત્ર ઉજવાયું.

ચૈ.સુ. ૧૩ સંઘ તરફથી વીર જન્મકલ્યાણક વરઘોડો રથ-હાથી બેન્ડવાજા ઘોડાઓ વગેરેથી ભવ્ય નીકળેલો એમાં પણ બાબુભાઈએ રથની બોલીઓ બોલી સકુટુંબ લાભ લીધેલ.

"વર્ષીદાનની ભવ્ય રથયાત્રા"

ચૈત્ર સુદિ પૂર્ણિમાના મંગલ પ્રભાતે વર્ષીદાનનો વરઘોડો હોવાથી વહેલી સવારથી જ લોકો ઉમટવા લાગ્યા હતા. આજુબાજુના ગામોમાંથી જે જે વાહનો-સાધનો મળ્યા તેમાંથી લોકો થોકબંધ ઉમટવા લાગ્યા હતા. શહેરના રાજમાર્ગો ને

ધ્વજા-પતાકા કમાનો અને વિવિધરંગી રોશનીથી શણગારવામાં આવ્યાં હતાં.

આબુરોડ બેડા વિજાપુર અને શહેરના પ્રખ્યાત વિશાળ બેન્ડોના સુમંધુર ગાનથી પિંડવાડા નગર ગાજી ઉઠ્યું હતું.

પિંડવાડાના લોકો બોલતાં હતા કે અમારાં જીવનમાં પિંડવાડાના ઈતિહાસમાં આવો અભુતપૂર્વ વિરાટ વર્ષીદાનનો વરઘોડો નિહાળ્યો નથી.

પ્રારંભમાં ઈન્દ્રધ્વજા, નિશાનડંકા અને શરણાઈના સરોદો પાછળ શણગારેલા સજ્જ થયેલા !! ગજરાજ ઝુલતા હતા...તેની પાછળ પિંડવાડાનું હિન્દુ નેશનલ બેન્ડ તેની પાછળ ઘોડેસવારો. રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ થયેલાં સાંબેલાઓ, તેની પાછળ અમદાવાદના આરાધકમંડળ શ્રી મહાવીર સ્નાત્ર મંડળ જાઝપળાજ ઢોલ ત્રાંસા અને શરણાઈઓથી ગુંજતું શણગારેલી ટ્રકમાં શોભતું હતું. ત્યારપછી વિસનગરનું મહિલામંડળ બીજી ટુંકમાં રાસગરબા અને ભક્તિભાવથી હજારો પ્રેક્ષકોના દિલને ભક્તિભાવથી ભીંજવતું હતું. ત્યારબાદ ત્રીજી ટ્રકમાં પાઠશાળાના ભુલકાઓ 'દીક્ષાર્થીઓ અમર રહો દીક્ષાર્થીઓનો જયજયકાર'ના ગગનભેદી નાદોથી ગુંજારવ કરતા ઘેલા બન્યા હતા. ત્યારબાદ વિસનગર, કોઠ અમદાવાદ અને મુંબઈની મહિલાઓ સ્તવન અને ડાંડીયા રાસની રમઝટ બોલાવતી હતી જે જોવા સાંભળવા લોકોની ભીડ ભારે ઘસારો જામ્યો હતો. ત્યારબાદ એક વિશાળ બેન્ડ પાછળ યુવક મંડળના નવયુવકો ઘેલા બની ડાંડીયારાસ જય નાદોના હર્ષ નાદો સાથે નાચતા કુદતા શહેરીઓનું આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ત્યારબાદ રાજસ્થાની ઢોલ-ત્રાંસ-થાળી-શરણાઈનાં સરોદો સાથે સાજન મહાજન રાજસ્થાની પોષાકમાં નગરજનો શોભતા હતા...ત્યારબાદ બેન્ડ-વાજા અને એમની પાછળ પરમ પૂ.પાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજા; પૂ.પાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. આદિ તપસ્વી પૂ. મુનિશ્રી જિતેન્દ્રવિજયજી વિશાળ મુનિપુંગવો...પાછળ આમંત્રિત મહેમાનો શ્રી સંઘના અગ્રગણ્યો...મોટી સંખ્યામાં નવયુવાનો ચાલી રહ્યા હતા...ત્યારબાદ પ્રભુજીનો ભવ્ય ચાંદીનો રથ શોભી રહ્યો હતો 'વિસનગરના અધ્યાપકશ્રી ધીરેન્દ્રકુમાર પ્રભુજીને લઈ રથમાં આરૂઢ થયા હતા. રથની પાછળ સાધ્વીનો વિશાળ પરિવાર રંગબેરંગી કિંમતી સાડીઓમાં સજ્જ સન્નારીઓ રામણ દિવડો અને ચૌદ સ્વપ્નો લઈ દિગ્કુમારીકાઓ શોભી રહી હતી. ત્યારબાદ બેન્ડવાજા અને ખુલ્લી શણગારેલી જીપમાં રાજકુમારના જેવા ઓજસ્વી પ્રતિભાશાળી નવયુવાન શ્રી બાબુભાઈ અને તેઓશ્રીનાં બે સુપુત્રો તુષારકુમાર, કલ્પેશકુમાર રેશમીસરવાણી સાફા અને ઉપર હીરામાણેકની જુલ્ફાવાળી

કલગીથી તેઓ દીપી રહ્યા હતા, ને ત્રણેય મુમુક્ષુઓ કોથળા ભરીને રાખેલ અક્ષત નગદ નાણાં, બદામ રેશમીવસ્ત્રો કપડા દાગીના અને સુવર્ણના પુષ્પો બબ્બે હાથે હર્ષનાદો-જયનાદો સાથે ઉછાળી રહ્યા હતા...ત્યારબાદ ઢોલ ત્રાંસા અને શહનાઈ પાછળ તેમની પાછળ શણગારેલી ફૂલવાળી જીપમાં અ.સૌ. શ્રી પદ્માબહેન પછી વળી એવી જ કુમારી મનીષા ત્યારબાદ ત્રીજી જીપમાં પ્રીતિકુમારી અને ચોથી શણગારેલી જીપમાં કોઠ (ગાંગડ) નિવાસી શ્રી મફતલાલ આશાભાઈની સુપુત્રી અનુપમા...વર્ષીદાન ઉછાળી રહ્યા હતા...એમની પાછળ રાજસ્થાન, અમદાવાદ, મુંબઈ, રાધનપુર, વીસનગર, પાટણ, ધીણોજ, મહેસાણા, કોઠ, ભાવનગર, કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાંના જુદા જુદા વિભાગોમાંથી આવેલી મહિલાઓ દીક્ષાર્થીઓના વધામણા ગીતો ગાઈ રહ્યા હતા...

આવો લાંબો ભવ્ય સુશોભિત અને વ્યવસ્થિત વરઘોડો પિંડવાડાના ઈતિહાસમાં સદાયે ગુંજતો-સ્મૃતિમાં રહે એવો અમર બની ગયો હતો. સવારે ૮ કલાકે શરૂ થયેલી વર્ષીદાનની આ ભવ્ય યાત્રા લગભગ બપોરે ૧૨ કલાકે ઉપાશ્રય જ્ઞાનમંદિરે આવીને ઉતરી હતી અને 'દીક્ષાર્થીઓ અમર રહો,' 'દીક્ષાર્થીઓનો જય જયકાર થાઓ'ના ગુંજારવથી પિંડવાડા ધમધમી ઊઠ્યું હતું.

ઓળીની પૂર્ણાહુતિનો મંગળ દિવસ હોવાથી ઓળી કરાવનાર તરફથી બપોરે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન બ્યાવરના ધર્માનુરાગી નમસ્કારનિષ્ટ શ્રી શૌરીલાલજી નાહરે ભણાવ્યું હતું.

"વિરાટ અનુમોદનીય સભા"

પિંડવાડાના સુખી સદ્ગૃહસ્થ અનેક સંસ્થાઓના પ્રાણસમા અને શ્રી સંઘના અગ્રગણ્ય દિલેરી શેઠ શ્રી લાલચંદજી છગનલાલના પ્રમુખસ્થાને દીક્ષાર્થીઓને સન્માનવાનો ભવ્ય અભિનંદન સમારોહ યોજાયેલ. પ્રેમપૂરીના વિશાળ પટાંગણમાં મળેલી આ ભવ્ય વિરાટ સભાને પિંડવાડા તો નહીં પરંતુ સમગ્ર રાજસ્થાનમાં આવી શિસ્ત અને શાંતિપૂર્વકની કાર્યવાહી ભાગ્યે જ મળી હશે. ૧૦,૦૦૦ થી વધુ ભાવિકો આ દીક્ષાર્થીઓને સન્માનવા ઉપસ્થિત રહેલા લગભગ સાડા ત્રણ કલાક સુધી ચાલેલી આ વિરાટ સભાનું આયોજન સફળ સુકાની અને યુવાનોના લાડીલા નેતા શ્રી જયંતિલાલ લાલચંદજીએ કરેલ. પ્રારંભમાં અમદાવાદ જૈનધર્મ આરાધક મંડળના શ્વેતામ્બર સંપ્રદાયના પ્રત્યેક સમુદાયનો અને એ સમુદાયના પ્રમુખ ગણાતા વડેરાઓનો ઠીક ઠીક કહી શકાય તેવો મારે ગાઢ પરિચય છે અને એ પરિચયના દાવે હું જણાવીશ કે વર્તમાનકાળમાં શ્રેષ્ઠ સાધુ જીવન ઘડતરની ચિંતા

વિજય પ્રેમસૂરીશ્વરજી દાદાએ અદ્‌ભુત સેવી છે. (તાળીઓ) અને એઓશ્રીએ આપેલો આવો દિવ્ય તેજસ્વી વારસો દિગ્‌દિગંત સુધી પરંપરાગત ઉજ્જ્વળ બની રહેશે. આવા ભવ્ય પ્રમુખ કાર્યકર્તા અને દિવ્યદર્શનના તંત્રી શ્રી ચતુરભાઈ ચીમનલાલ શાહે મંગલ-પ્રાર્થના સાથે દીક્ષાર્થી શ્રી બાબુભાઈના આંતરિક ગુણો વૈયાવચ્ચ ધૈર્યતાનો અસરકારક પરિચય આપેલ...ત્યારબાદ શિરોહીના શિક્ષણકાર શ્રી મનોહરલાલજી સિંધીએ બાલદીક્ષાની મહત્તા સમજાવતું રોચક પ્રવચન આપેલ. ત્યારબાદ જયપુર સ્ટેટ બેંકના અધિકારી ધર્માનુરાગી શ્રી ઉદયચંદજી મહેતાએ આ સમુદાયની વિશિષ્ટતા સમજાવી હતી. શ્રી ચુનીલાલજી ભાટિયાએ પિંડવાડાના આંગણે આવું પરમ સૌભાગ્ય સાંપડવા બદલ દીક્ષાર્થીઓ અને તેમના વડીલબંધુઓ શ્રી વાડીભાઈ તથા શ્રી જેઠાભાઈ ઘીવાળાને હાર્દિક આભાર માન્યો હતો. ઘાટકોપર (મુંબઈ) નવયુવાન કાર્યકર શ્રી પ્રકાશ જૈન ગારીઆધારકરે પરમ વાત્સલ્યમૂર્તિ પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિ. પ્રેમસૂરીશ્વરજી દાદાનો જૈન સંઘ ઉપર કેવો અદ્‌ભુત ઉપકાર છે; અને જીવન ઘડતર કરી કેવા અલૌકિક રત્નો શાસનને સમર્પિત કર્યા છે એની આછી ઝલક આપી. શ્રી બાબુભાઈ સહકુટુંબ અને અનુપમા બહેનના આ મહા પ્રસ્થાન માર્ગના વિકટતા સમજાવી દીક્ષાર્થીઓ શાસનના નરપુંગવો થાય એવી શુભેચ્છા સાથે આ મંગલ પ્રસંગ નિમિત્તે સૌને યથાશક્તિ સંકલ્પ કરવા અનુરોધ કરેલ. વધુમાં પ્રકાશ જૈને જણાવેલ કે; 'હું બહુ જ નમ્રતા અને વિનમ્રતાપૂર્વક જણાવીશ કે; આપણાં સમુદાયમાં શ્રી બાબુભાઈ અને તેમના જે બે સુપુત્રોનો જે પ્રવેશ થયો છે તે ભવિષ્યમાં શાસનના મહાન ધુરંધરો પાકશે અને પદ્માબેન-પ્રીતિબહેન-મનીષાબહેન-અનુપમાબહેન પણ આદર્શ સાધ્વીરત્નો થશે એવો વિશ્વાસ દૃઢ રીતે રજૂ કરું તો અસ્થાને નથી જ. (તાળીયોના ગડગડાટ) નડીઆદના નવયુવાન ભાઈ શ્રી હસમુખભાઈ આવો મહાન મંગલકારી માર્ગ નિષ્કંટક બની રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

ત્યારબાદ છેલ્લા ૧૮ વર્ષથી એકધારા એકાસણા કરતા મુંબઈ લાલબાગ સંઘના શ્રી વર્ધમાનતપ આયંબિલ ખાતાના આગેવાન વહીવટ કર્તા ટ્રસ્ટી શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળાએ શ્રી બાબુભાઈ આ મહામાર્ગે સંચર્યા અને અમો વાતો કરતા રહી ગયા તેનો ગદ્‌ગદ કંઠે અફસોસ પ્રગટ કરી સંસારીપણે અમારાં કાકાશ્રી પૂ. મતિધન વિજયજી મ. નો અમારા કુટુંબ ઉપર કેવો અમાપ ઉપકાર છે એ ગદ્‌ગદિત ભાષામાં સમજાવ્યું હતું. ત્યારબાદ જિનશાળાની બાલિકાઓએ દીક્ષાર્થીઓનો સંવાદ રજૂ કર્યો હતો અને સભાના અંતે શેઠશ્રી લાલચંદભાઈએ દીક્ષાર્થીઓને પિંડવાડા સંઘ વતી સન્માનપત્ર વાંચી સંભળાવી અંતે જણાવ્યું હતું કે આ બધો જયજયકાર દેવલોકમાંથી અમારા પ્રેમસૂરિજીદાદા વરસાવી રહ્યા છે...અને

પિંડવાડામાં જે આજે ચોથા આરા જેવી લાગણી પ્રવર્તી રહી છે તેમાં ખરેખર અમારાં પ્રેમસૂરિજીદાદા દેવલોકમાં બેઠા બેઠા અમીવર્ષા કરી રહ્યા છે એમ કહેતાં કહેતાં તેઓ અશ્રુશ્રી ભીંજાઈ ગયા હતા.

ત્યારબાદ તેઓશ્રીએ બહારગામથી સંઘોના આગેવાનો જેવા કે શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી શેઠ શ્રી અમૃતલાલ તાણજી શાપરીઆ, શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ, શ્રી રમણલાલભાઈ શ્રોફ, અમદાવાદના શ્રી મયાભાઈ, ચોપાટી સંઘના સૂત્રધાર શ્રી સુધાકરભાઈ દલાલ, કલકત્તા, જામનગર, મુંબઈ, અમદાવાદ, સાવરકુંડલા વગેરે સંઘોના આગેવાનોનાં આવેલા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા. કોઠના શ્રી મફતભાઈએ પોતાના પુત્ર કે જેઓ હાલમાં ગચ્છાધિપતિ પૂ.આ.ભગવંત શ્રીમદ્‌ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં બાલ મુનિરાજશ્રી હર્ષવર્ધનવિજયજી. સંયમમાર્ગનું પાલન કરી રહ્યા છે અને સુપુત્રી અનુપમાબહેન આ મંગલમાર્ગે પ્રસ્થાન કરે છે તેની ભૂરિ ભૂરિ અનુમોદના કરી હતી. સભા લગભગ રાતે બાર વાગે વીખરાઈ હતી. દીક્ષાર્થીઓના જયનાદો અને ફૂલહારોથી બહુમાન કરવામાં આવેલ. સભાના અંતે શ્રી બાબુભાઈ તરફથી સંઘના જુદા જુદા ખાતાઓમાં ઉદાર સખાવતો જાહેર કરવામાં આવી હતી.

ભવ્યદીક્ષા વિધિ : ચૈત્ર વદી એકમના વહેલી સવારથી પિંડવાડાના રાજમાર્ગો ઉપર માનવ મહેરામણ ઉમટવા માંડ્યો હતો. વિશાળ સમીયાણા મંડપને "પ્રેમપુરી" નામ આપવામાં આવ્યું હતું.

પ્રેમપુરીના પટાંગણમાં પરમ પૂ.પાદ.આ ભગવંત શ્રીમદ્‌ વિજય હીરસૂરીશ્વરજી મ.સા.પૂ.આ.ભગવંત શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરિજી, પૂ. મુનિ મતિધન વિજયજી તપસ્વી પૂ. મુનિશ્રી જીતેન્દ્ર વિજયજી મ.સા. આદિ વિશાળ મુનિ પુંગવોથી વ્યાસપીઠ શોભી રહી હતી, પ્રારંભમાં પૂ.પાદ આચાર્ય ભગવંતશ્રીના મંગલાચરણ બાદ ભાવનગર મુકામે ભાગવતી પ્રવજ્યા અંગીકાર કરેલ મુમુક્ષુ યુવાન શ્રી જવાહરભાઈ (B.Com.) હાલ પૂ. મુનિરાજશ્રી જિનહંસવિજયજી મહારાજની વડીદીક્ષાની તથા દીક્ષાર્થીઓની દીક્ષાની મંગળક્રિયા શરૂ થતાં લોકો આતુર અને ગદ્‌ગદ દિલે નિહાળી રહ્યા હતા, જ્યારે એમાં પવિત્ર રજોહરણ (ઓઘો) અર્પણ કરવાનો પ્રસંગ આવી ઊભો ત્યારે મુમુક્ષુઓ શ્રી બાબુભાઈ ચિ. તુષાર, ચિ. કલ્પેશ, અ.સૌ.શ્રી પદ્માબહેન, શ્રી અનુપમાબહેન, શ્રી મનીષાબેન શ્રી પ્રીતિબહેન માટે વહોરાવવાના ઉપકરણોની ઉછામણી બોલાવવાનું શરૂ થયું. એ દૃશ્ય ખૂબ જ દર્શનીય હતું. કુલ્લે વિશાળ રકમ થયેલ. શ્રી બાબુભાઈ, પદમાબહેન અને

અનુપમાબહેનને રજોહરણ પોતાના કુટુંબીજનોએ વહોરાવેલ આથી તેમની ઉછામણી નહિ બોલાયેલ. લોકહૈયાં હર્ષના હિલોળે ચડ્યા હતાં માનવ મહેરાણ કીડીયારાની જેમ ઉભરાયું હતું. આજનો દિવસ અનુપમ હતો કારણ કે આ દિવસે ઘણાં શહેરોમાં ભાગવતી દીક્ષાઓ હતી. છતાં પિંડવાડાના આંગણે આખુ જ કુટુંબ દીક્ષા અંગીકાર કરતું હોવાથી દૂરદૂરના પ્રાંતોના ગામોમાંથી થોકબંધ લોકસમૂહ ઉમટ્યો હતો. જ્યારે ઓઘો આપવામાં આવ્યો ત્યારે વાતાવરણ એવું અલૌકિક અનુપમ હર્ષઘેલું બન્યું હતું કે દેવલોકમાંથી દેવોને પણ ઈર્ષ્યા આવે. કારણ કે આવા સંયમરત્નની પ્રાપ્તિ દેવોને પણ દુર્લભ હોય છે. તેમાંય મુમુક્ષુ કુમારોને જ્યારે ગુરુભગવંતોએ મંત્રિત કરેલા પવિત્ર રજોહરણ આપ્યાં ત્યારે કુમારો હર્ષના અતિરેકથી જે નાચ્યા છે ને કુદ્યા છે અને જે આનંદિત બની ઘુમ્યા છે તે દશ્યે સેંકડોની મેદનીના હૈયા ભીંજવી નાખ્યા હતા.

આજે એ મુમુક્ષુઓના લલાટ તેજના અંબારથી દીપી રહ્યા હતા.

ઉત્સાહપૂર્વકની ઉછામણી ચાલુ હતી એમાં દીક્ષાર્થીઓ જ્યારે વેશપરિવર્તન કરીને આવ્યાં ત્યારે સભામાં હર્ષનો ચમકારો વ્યાપી ગયો હતો. કેવું અનુપમ શાસન છે. વીર ભગવાનનું ! સાપ જેમ કાંચળી ઉતારે તેમ ઘડી પહેલાં સુખ સમૃદ્ધિની છોળોમાં ઉછરતા રાજકુમારી, રાજકુમારો જેવી આ તેજસ્વી પ્રતિભા કેવી શાંત, શ્વેત વસ્ત્રોની મુદ્રામાં પુલકિત બની દીપી રહી છે !

ધન્યાતિધન્ય આ પ્રસંગને નિહાળવામાં જે બાકી રહી ગયા હોય તેની જાણે લોકો દયા ચિંતવતા હોય એવું પ્રશાંત સૌજન્ય વાતાવરણ ખડું થઈ ગયું હતું.

જૈન શાસનમાં આ ભવ્ય સિતારાઓ શાસનના હીરલાઓ પાકશે એવી આશિષ વર્ષા ચોમેરથી વરસી રહી હતી.

સ્ટા.ટા. ૧૦-૧૪ મિનિટે લોચવિધિ અને સમ્યકત્વ તથા જીવનભરના સામયિકની પ્રતિજ્ઞા વિધિ થયા બાદ ઉપકરણોની બાકી રહેલ ઉછામણીઓની રંગત જામી. પછી દીક્ષાની બાકીની વિધિ થઈ. એમાં નૂતન દીક્ષીતો પ્રભુજીના સમવસરણની આસપાસ ૩ પ્રદક્ષિણા દેતા હતા ત્યારે વિશાળકાય પર્ષદાએ અક્ષતોથી વધાવતાં અનહદ ઊલટ દાખવી અંતે નામકરણ વિધિ થતાં શ્રી બાબુભાઈને પૂ.પિતા મુનિરાજશ્રી મતિધન વિજયજી મ. ના શિષ્ય મુનિશ્રી બોધિરત્નવિજયજી તરીકે, તથા શ્રી તુષારકુમાર અને શ્રી કલ્પેશકુમારને એમના શિષ્યો શ્રી તપોરત્ન વિજયજી ને શ્રી કુળરત્નવિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા.

સાધ્વીજીઓમાં શ્રી પદમાબહેન સા.શ્રી મૃગાવતીશ્રીજીના શિષ્યા સા. શ્રી

પરમહંસાજી બન્યા, અને એમના શિષ્યા તરીકે મનીષા-પ્રીતિકુમારી સા. શ્રી માનહંસાશ્રીજી શ્રી પ્રિયહંસાશ્રીજી બન્યા. શ્રી અનુપમાબહેન સા. શ્રી હંસકીર્તિશ્રીજીના શિષ્યા સા. શ્રી અભયહંસાશ્રીજી બન્યા.

ત્યારબાદ પચ્ચક્ખાણ વંદન વગેરે વિધિપૂર્ણ થતાં કપડા કામળીઓ વગેરે વહોરાવવાનો ભારે ધસારો થયેલ.

નાના સાધુ અને સાધ્વીરત્નોના દર્શન કરવા લોકોની પડાપડી થઈ હતી.

ત્યારબાદ શ્રી બાબુલાલ છોટાલાલ ઘીવાળા તરફથી નવકારશી દ્વારા સર્વ સાધર્મિકોની ભક્તિ કરવામાં આવેલી.

આખો દિવસ શાસનના જયનાદોથી વાતાવરણ ગુંજતું રહ્યું હતું.

ઉપધાન તપ ઉદ્યાપન, દીક્ષા મહોત્સવનો મંગલ કાર્યક્રમ પૂર્ણ થયો કે ત્યાં હવે શિબિરનો પ્રારંભ તા. ૩૦-૪-૭૫ થી શરૂ થશે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૩,અંક-૪૪,તા.૧૯-૭-૧૯૭૫

જામનગર : અત્રેનો શ્રી સંઘ પ.પૂ. આચાર્ય **ભગવંત ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજની ચાતકની જેમ રાહ જોઈ રહ્યો હતો. ક્યારે આચાર્ય ભગવંતની પધરામણી થાય ? ક્યારે સંવેગ વૈરાગ્યથી છલકતી વાણી સાંભળીએ ? જીવનમાં તપ અને ત્યાગ જેમનાં અસ્થિમજ્જામાં વણાઈ ગયા છે જેથી...સાક્ષાત્ તપ અને ત્યાગની મૂર્તિસમા સૂરિભગવંતના દર્શન કરીએ, પાવન થઈએ. આવા અનેક મનોરથો કોડો અને ભાવનાઓની ભરતી ચઢી હતી. અત્રેના સંઘમાં...તેથી જ તો આચાર્યભગવંત સુરેન્દ્રનગર પધાર્યા હતા, ત્યારે પણ સંઘના અનેક ભાઈઓ દર્શનાર્થે-વંદનાર્થે ગયા હતા. રાજકોટ પધાર્યા ત્યારે તો સંઘ બાકી શેનો રાખે ? રાજકોટથી જામનગર તરફ પ્રયાણ કરવાના હતા ત્યારે પણ શ્રી સંઘના પ્રમુખ શ્રી નરભેરામભાઈ પુનઃ રાજકોટ જઈ આખો વિહારનો કાર્યક્રમ નક્કી કરી આવ્યા. ધ્રોળ મુકામે પણ સામૈયા અને સ્વાગતમાં સંઘના પ્રમુખ વગેરે અનેક ભાઈઓ હાજર રહ્યા હતા. વારંવાર રસ્તામાં પણ અનેકવાર આવજાવ કરતા હતા. ત્યારબાદ જામનગરથી ૫ માઈલ દૂર અષાઢ સુ. ૩ ના ધુંવાવ મુકામે પૂજા અને સાધર્મિક ભક્તિનો કાર્યક્રમ સંઘના પ્રમુખશ્રી તરફથી જ રખાયો હતો. પૂજામાં મહાવીર મંડળે સુંદર ભક્તિની રમઝટ બોલાવી હતી. પ.પૂ.ગુરુદેવ પૂજાના અર્થો રોચકશૈલીથી સમજાવતા તેમજ તેમના વિવિધ રાગરાગીણીથી શ્રોતાજનો મુગ્ધ થઈ ગયા હતા અને પૂજામાં એકતાન

બની ગયા હતા...

દરેકનાં મન એજ પુકાર કરી રહ્યા હતા કે "આવી પૂજા કદીય સાંભળી નથી." અષાઢ સુ. ૪ ના શનિવારે દિગ્વિજય પ્લોટના ઉપાશ્રયે સસ્વાગત પ.પૂ.આચાર્ય ભગવંત આદિ મુનિવરો પધાર્યા. શનિ અને રવિવાર બંને દિવસે વ્યાખ્યાનમાં શ્રોતાગણથી હોલ ચિકાર ભરાઈ ગયો હતો. સંવેગ વૈરાગ્યથી તરબોળ પ્રવચન સાંભળી વૈરાગ્યવાસિત અંતઃકરણવાળા બની ગયા અને નવકારમંત્ર કલાકે કલાકે એકવાર તો અવશ્ય ગણવો એમ નિયમ કરી જીવન ધન્ય માનવા લાગ્યા. બપોરે વિષયો અને કષાયોમાં નરકગતિથી વધુ ભયંકરતાનાં દર્શન એ વિષય પર સચોટ પ્રવચન અપાયું.

જે ધન્ય દિવસની ક્યારની ઝંખના થતી હતી, તે સોનેરી દિવસ અષાઢ સુ. ૬ ના રોજ વહેલી સવારથી જ લોકોના હૈયામાં ઉમંગ સમાતો ન હતો. બસ, બધાના મનમાં એ જ રમ્યા કરતું હતું "સૂરીશ્વરનો એવો ભવ્ય પ્રવેશ કરાવીએ જેથી અમારા સર્વકર્મનો નાશ શીઘ્રાતિશીઘ્ર બને" જાણે એ જ માટે પ.પૂ. આચાર્ય ભગવંત આદિની જે રસ્તેથી પધરામણી થવાની હતી તે સઘળા ય રસ્તાને કમાન અને બોર્ડોથી સુશોભિત બનાવી દીધા હતા. સામૈયું કાશી વિશ્વનાથ રોડ પર આવેલી મહાવીર ટ્રાન્સપોર્ટ કું. વાળા મહેતા નરભેરામ વસનજીની ઑફિસેથી સવારે આઠ વાગ્યે શરૂ થયું હતું. સામૈયાની શરૂઆતમાં ઈન્દ્રધ્વજા, ઘોડા ઉપર નિશાનડંકો, માથે કળશો લઈ દિગ્કુમારિકા જેવી બાલકુમારિકાઓ, અનેક ધજાપતાકાઓ લઈ રમણીય વેશથી સુસજ્જ બનેલો વિદ્યાર્થીગણ, ભાભા પાર્શ્વનાથ મંડળના રેશમી જરિયાન જામા પહેરીને રહેલા કુમારોથી સુશોભિત ટ્રક, બીજો ટ્રક મહાવીર મંડળના સંગીતકારોના સુરમ્ય સંગીત સ્તવનોથી સુશોભિત પોલીસ બેન્ડ, તથા સ્થાનિક બેન્ડ, વિશાળ સાજન સમુદાય, અમદાવાદ અને જામનગરના વીરસૈનિકોની ભવ્ય ભજન મંડળી, વગેરેથી દર્શનીય બનેલ. સ્વાગત વરઘોડાના અંતે અનુકમ્પાના લાડુનો વિતરણ કરતો ટ્રક પણ હતો...

સામૈયું જ્યારે નગરમાં ફરી રહ્યું હતું ત્યારે...સૌના હૃદયો ઉમંગ અને ઉલ્લાસથી થનગની રહ્યા હતા. આજુબાજુ જોવા ઊભેલી વિશાળ માનવમેદની આચાર્યભગવંત આદિ મુનિવરોને ઝુકી ઝુકી પ્રણામ કરતી હતી...અનેક સ્થળોએ વિવિધ ગહુલીઓ થઈ હતી.

અડધા શત્રુંજયતીર્થ જેવા ભવ્ય જિનાલયોથી શોભતો ચોક આવ્યો ત્યારે દેવવિમાનતુલ્ય મંદિરોની બહારથી પ્રદક્ષિણા કરી. ચોકમાં વીર સૈનિકોએ દાંડીયા

રાસ, તથા ધૂન અને સ્તવનોની રમઝટ બોલાવી...પ્રભુના દર્શન કરી પ.પૂ. આચાર્યભગવંતે પાઠશાળા જૈન હોલમાં જય જયનાદોના સાદ સહિત મંગલ પ્રવેશ કર્યો. હોલ તો પહેલેથી ચિક્કાર ભરાઈ ગયો હતો. શરૂઆતમાં મહાવીર મંડળે સ્વાગત ગીત ગાયું ત્યારબાદ વીરસૈનિકોએ નવકારમંત્રની ધૂન મચાવી.

સંઘના પ્રમુખ નરભેરામભાઈએ આચાર્ય ભગવંતનું ગુરુપૂજન કર્યું. તેઓશ્રીના હૃદયમાં અપૂર્વ થનગનાટ હતો, આચાર્ય ભગવંતની બધી જ ભક્તિ મારું કુટુંબ કરે એમ જ એમણે વારંવાર મનોરથો કર્યા હતા. છેવટે...સ્વાગતનો સંપૂર્ણ સદ્વ્યય, ભવ્ય અંગરચના લાડુની પ્રભાવના અનુકંપામાં લાડુનું દાન, સાધર્મિક ભક્તિ, સવા ત્રણસો આયંબિલ વગેરેનો સર્વલાભ એમણે લીધો. એમાં ખાસ આયંબિલનો લાભ એમના પિતાશ્રી વસનજી નાનચંદ મહેતાના નામે લેવાયો.

પ.પૂ. આચાર્ય ભગવંતની તારકનિશ્રામાં ચારેય મહિના રત્નત્રયની આરાધના નિર્વિઘ્ન અને ભવ્ય બને એ હેતુથી જામનગરના શ્રીસંઘને અગાઉથી પૂ. મુનિરાજ જયશેખર વિજયજી મહારાજે વ્યાખ્યાનમાં આયંબિલની ભવ્ય અનુષ્ઠાન માટે પ્રેરણા કરતાં સવાત્રણસો આયંબિલ જોતજોતામાં થઈ ગયા હતા.

પ.પૂ. આચાર્યભગવંતે મંગલાચરણ કર્યા બાદ ધર્મની ઉત્કૃષ્ટ મંગલતા સમજાવતાં એમ ફરમાવ્યું કે...ધર્મ અનુષ્ઠાન કરતા દિલમાં એમ થવું જોઈએ કે આ ધર્મ સદ્ગતિ અને મોક્ષ અપાવનાર છે. તો એનું મારે મન સૌથી વધુ મહત્ત્વ જોઈએ પછી ધર્મ માટે મનોરથો કેવા જોઈએ ? ધર્મ માટે ભોગ કેટલો જોઈએ ? હજી તિજોરી બીજાને નોકરને સોંપાય ? દેવ અને ગુરુ સોંપાય ? ઇત્યાદિ નયસાર વગેરેના દૃષ્ટાંતોથી રોચક શૈલીમાં સમજાવ્યું હતું પૂજ્યશ્રીનું ચાતુર્માસ અત્રે જૈન પાઠશાળા ઉપાશ્રયમાં છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૪,અંક-૧૩,તા.૧૩-૧૨-૧૯૭૫

શ્રી જામનગર દિગ્વિજય પ્લોટમાં તીર્થાધિપતિ શ્રી વિમલનાથ ભગવાનની વિમલકૃપાથી, પરમપૂજ્ય પ્રભાવક પ્રવચનકાર વર્ધમાનતપોનિધિ આચાર્ય ભગવન્ત શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની તારકનિશ્રામાં ૮ વર્ષથી ૧૪ વર્ષની વયના ડઝનેક બાળક તથા ૫-૭ બાલિકાઓથી સારા પ્રમાણમાં પુરુષોની સંખ્યાથી ઉપધાન તપ અદ્ભુત અને પ્રભાવના સમેત પૂર્ણ થયા. પૂર્ણાહુતિ મહોત્સવ જામનગર માટે અભૂતપૂર્વ બની ગયો. ઉપધાન અને મહોત્સવ અંગે આરાધકો અને

બીજાઓ નતમસ્તકે અંતરથી અનુમોદના સાથોસાથ વાણીથી પ્રશંસાના પુષ્પો વેરી રહ્યા હતા કે 'કેવો ઉમંગ ! કેવો ઉલ્લાસ ! કેવી હાલારી વીસા ઓસવાલ તપગચ્છ સંઘની ભક્તિ ! કેવી પ.પૂ. આચાર્ય ભગવંતની કલ્પતરુ સમી છાયા ! કેવી તેઓશ્રીની આરાધના કરાવવાની લગન ! વગેરે...

શ્રી વિમલનાથ ભગવાનની પરમકૃપાથી આરાધકોને કષ્ટમય ઉપધાનની સાધના હોવા છતાં આરાધના સમાધિ અને શાન્તિમય થઈ. વળી આરાધકોના પરિણામ ઉત્તરોત્તર વધતાં જ રહ્યા.

પ.પૂ. આચાર્યભગવંતની વેધક વાણીથી શ્રોતાઓ અને આરાધકો એવા સંવેગ વૈરાગ્યમાં ઝીલતા રહ્યા કે ૪૭, ૪૭, દિવસ ક્યાં પસાર થઈ ગયા તે તેઓને ખબર જ પડી નહીં, ઉપરાંત હોંશથી અનેક પ્રકારના વ્રતનિયમો લેવાયા તથા વિશેષ તપસ્યાઓ... દા.ત. ૧૦૦ ઉપરાંત અઠ્ઠમો વગેરે...

વિશેષમાં આરાધનાની ભરતી એવી ચઢી કે ઉપધાન વહન કરી રહેલા બે ભવ્ય આત્માઓ ચારિત્રના ભવ્ય પંથે વિચરવા ઉત્સાહિત બન્યા.

માળારોપણ મહોત્સવ પર લંડન, નાઈરોબી મોમ્બાસા (આફ્રિકા) મુંબઈ. બેંગ્લોર, કલકત્તા, પટના, મધ્યપ્રદેશ અને ગુજરાત વગેરેના અનેક સ્થળોએથી હજારો મહેમાનો આવવાથી પ્લોટ એક મહાનગર જેવું ભાસિત થતું હતું.

આમ અનેક કારણોથી માળારોપણ મહોત્સવ ભવ્યાતિભવ્ય બને એ સહજ છે.

મહોત્સવ પ્રસંગે શ્રી સંઘ આમંત્રણ પત્રિકા પણ ખૂબ આકર્ષક અને સુરમ્ય કાઢી હતી. ઉપધાન તપ માળારોપણ તથા ભાગવતી દીક્ષા નિમિત્તે શાન્તિસ્નાત્ર સહ પંચાહ્નિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ શ્રી પૂનમચંદ નગીનચંદ બાબુ તરફથી માગ. સુ. ૧ થી માગ. સુ. ૬ સુધી ઉજવવામાં આવ્યો.

ઉપધાન તપમાં પ્રવેશ કરેલ મુમુક્ષુ શ્રી મહેન્દ્રભાઈ અમરેલીવાળા તથા કુ. રમાબેનને દીક્ષા માટે ઉલ્લાસ જાગતા માળના પ્રસંગે દીક્ષા પ્રસંગ ઉજવવાનું નક્કી થયું.

લોકોનો ઉમંગ ઘણો હોવાથી દીક્ષાર્થીઓને શહેરમાં વાજતે ગાજતે રોજ ત્રણવાર ઘણા ઘરોએ વાયણા માટે પગલા કરવા પડ્યા. લોકો ખેંચી ખેંચીને પગલાં કરાવતા. તિલક વગેરે કરી અનેક પ્રકારના અભિગ્રહ લેવાતા. માગશર સુદ ૩ ના સવારે દીક્ષાર્થીઓનો વરસીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો. દીક્ષાર્થીઓ જ્યારે ધન વગેરે ઉછાળતા ત્યારે જોનારને ઘડીભર એમ થતું કે પૈસા શું ચીજ છે ? વરઘોડો ચાંદીચોકમાં ફરીને પ્લોટમાં શ્રી ચંપકભાઈ ભણશાલીના ઉતારાએ ઉતર્યો. જ્યાં પૂ.

આચાર્યદેવશ્રીએ માંગલિક દેશનામાં માનવભવના ઉચ્ચ કિંમતી ઉદ્દેશને સમજાવતાં જણાવ્યું કે "દીક્ષાર્થી સર્વસ્વનો ત્યાગ કરી સંયમના મંગલપંથે પ્રયાણ કરી રહ્યા છે તો એની સાચી અનુમોદનાર્થે દીક્ષાના માટે ગમે તે એક વસ્તુનો ત્યાગ કરવો એ કાંઈ બહુ દુષ્કર નથી. તે જ વખતે ઘણાઓએ વિવિધ વાનગી વગેરે ત્યાગના પચ્ચક્ખાણ કર્યા. શ્રી ચંપકભાઈ ભણશાલી તરફથી સંઘપૂજન થયું.

માળની ઉછામણી : માગશર સુદ ૩ ના બપોરના પ્લોટના નૂતન ઉપાશ્રયમાં ઉછામણીનો સારો રંગ જામ્યો... હાલારી વીશા ઓસવાલ જ્ઞાતિના પણ કેટલાક ભાગ્યવાનો ઉપધાનના આરાધક બન્યા હોવાથી...લંડન, નાઈરોબી, મોમ્બાસા, બેંગ્લોર, મુંબઈ વગેરેથી... તેમજ બહારગામના ઘણા આરાધકો હોવાથી, મુંબઈ, નડિયાદ, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર, વીસનગર વગેરે અનેક સ્થળોથી મહેમાનો પધાર્યા હતા જેથી ઉછામણીમાં ઉછરંગ કાંઈ ઓર જ હતો. **પહેલી માળ** લાખાબાવળવાળા શ્રીયુત વીરપાળ ધરમશીએ મણીબેન માટે લીધી...

બીજીમાળ... ઉપધાનના કાર્યકર શ્રી શાન્તિભાઈ ઝીણાભાઈના ધર્મપત્ની હંસાબેન માટે...લંડન નિવાસી લખમશી લાધાભાઈ ગુઢકા તરફથી **ત્રીજીમાળ**...શાન્તિભાઈ કાર્યકરની ૧૩ વર્ષની બાલિકા... **પ્રીતિબેન** માટે કમલકુમાર શાન્તિલાલ ઝીણાભાઈ તરફથી લીધી...એમ બધી માળાઓ ઘણા ઉમંગથી અનેક ભાગ્યવાનોએ પોતાના ધનનો સારો એવો સદ્વ્યય કરી... માળાઓ લીધી. જામનગરમાં અનેક ઉપધાનો થયા...એમાં આ વખતની ઉછામણીની ઉપજ અભૂતપૂર્વ થઈ હતી.

દીક્ષા મહોત્સવ : માગશર સુદ ૪ ના મુમુક્ષુ રમાબેન ગારીયાધારવાળાની કુંવરબાઈ ધર્મશાળાના મનોહર મંડપમાં હજારો નરનારીઓના આનંદની લહેરીઓમાં દીક્ષા થઈ. દીક્ષાના ઉપકરણોની ઉછામણી પણ ઘણી સુંદર થઈ. નૂતન દીક્ષિત સાધ્વીજી મ.નું નામ **દક્ષગુણાશ્રીજી** રાખી પૂ.સા. શ્રી ચંદ્રરેખાશ્રીજી મ.ના શિષ્યા તરીકે જાહેર કરાયા. દીક્ષાર્થીઓના કુટુંબીજનો તરફથી પ્રભાવના થઈ.

આજે બપોરના ઉપધાનતપની માળાનો વરઘોડો હોવાથી આરાધકો... ખૂબ ખૂબ આનંદ વિભોર બની શાસનની પ્રભાવના અર્થે નવનવા સુંદર, રમ્ય વસ્ત્રો પરિધાન કરી જાણે મુક્તિવધુની વરમાળા પહેરવા જાણે ઉત્સુક બન્યા હોય એમ જણાતું હતું... નડિયાદ નિવાસી કીરીટ ચંદુલાલ મગનલાલના સુપુત્ર... બાલ આરાધક ઉંમર વર્ષ ૮ કુમારપાળ જરિયાણ-ઝભ્ભો તથા લપ્પાનો સાફો બાંધી દેવકુંવર જેવા આકર્ષક બગીમાં શોભી રહ્યો હતો. બાળ આરાધક જામનગર નિવાસી

રક્ષીતકુમાર, હરીશકુમાર વગેરે જુદી જુદી વેશભૂષાથી સોહામણા લાગતા હતા... વળી બીજા મુહૂર્તમાં પ્રવેશ કરેલા સંદીપકુમાર શાંતિલાલ (દેવશી આણંદ, હાલારી વી.ઓ. ઉં.વ. ૧૧) તથા સુરેન્દ્રનગર નિવાસી મયંક, જામનગર નિવાસી શૈલેશ વગેરે બાળ આરાધકો પૌષધમાં હોવાથી પ.પૂ. મહારાજા સાહેબની આગળ શોભી રહ્યા હતા.

૫૧ વાહનો, ઈન્દ્રધ્વજા, ઘોડેસવારો, બે રથો, બેન્ડો, વિશાળ સાજન મહાજન, અનેક માળાઓને વહન કરનારી શણગાર સજેલી બેનો, સાધુમહારાજો, સાધ્વીજી મહારાજોથી અલંકૃત બનેલો વરઘોડો ખૂબ જ આકર્ષક, રમ્ય અને દીર્ઘાતિ-દીર્ઘ બન્યો હતો. તેથી વરઘોડો જોવા માટે જામનગરના નાગરિકો હજારોની સંખ્યામાં માર્ગની બંને બાજુ કતારો કરી ઊભા રહ્યા હતા. વરઘોડો તથા તપસ્વી બાલ વગેરે આરાધકો જોઈ મનોમન આશ્ચર્ય સાથે આનંદ વ્યક્ત કરતા હતા. નાની ઉંમરમાં પણ આત્મા શક્તિ ફોરવે તો શું નથી કરી શકતો ? આવો શાસનની શોભા વધારતો વરઘોડો રાજમાર્ગે થઈ ચાંદી બજાર ચોકના ભવ્ય જિનાલયોની પ્રદક્ષિણા કરી પ્લોટમાં ઉતર્યો.

માળારોપણ દિવસ માગશર સુદ ૫ : આજના પ્રભાતની કેટલા દિવસોથી પ્રતીક્ષા થઈ રહી હતી. તે સોનેરી મંગલમય પ્રભાત થતાં જ આરાધકો શ્રદ્ધા-સંવેગ પૂર્ણ બની કુંવરબાઈ જૈન ધર્મશાળાના મંડપ તરફ જઈ રહ્યા હતા. પ.પૂ. આચાર્ય ભગવંતની બેન્ડવાજાઓ સાથે પધરામણી થઈ. પાંચે દિવસો બેન્ડ વાજાઓના સૂરીલા સુરમ્ય ધ્વનિથી ૪૫ દિગ્વિજય પ્લોટ દેવવિમાન તુલ્ય ભાસતું હતું.

આજે ઉપધાન માળારોપણની વિધિ સાથે જ મહેન્દ્રકુમાર અમરેલીવાળાની દીક્ષા તથા બ્રહ્મચર્યાદિ વ્રતોના ય વિધિવિધાન થયા. મહેન્દ્રકુમારને પૂ. આચાર્ય ભગવંત તરફથી રજોહરણ અર્પણ થતાં આજે ત્રણે ભુવનના રાજ્યની પ્રાપ્તિ થઈ હોય એટલા આનંદમાં નાચી ઊઠ્યા. ૧૦ હજારની માનવમેદનીમાં જયજયકારો ફેલાઈ ગયો. ઓઘો આપ્યા બાદ ઉપકરણોની ઉછામણી થઈ...હજારોની સંખ્યામાં માનવ મહેરામણ, વિવિધ નગર વાસીઓના ઉછરંગ તેથી ઉપકરણોની આવક જામનગર માટે અદ્‌ભુત હતી.

ઓઘો આપ્યા બાદ માળાઓને પહેરાવવાની વિધિ શરૂ થઈ. પહેલી માળા જોવા માટે લોકો ઘણા ઉત્કણ્ઠિત બન્યા હતા...જયનાદોના સુરમ્ય સંગીત સાથે પહેલી માળા પહેરાવાઈ. સાથોસાથ બાબુ પુનમચંદ નગીનચંદના ધર્મપત્ની સુશીલાબેનને પણ માળા પરિધાન થઈ. પછી માળાઓનું બહુ જ શાન્તિપૂર્વક

વ્યવસ્થાથી સભર પરિધાન ક્રમશઃ થવા માંડ્યું...આ બાજુ...જયજયારવના નાદો સાથે દીક્ષાના ભવ્યવેશમાં મહેન્દ્રભાઈ આવી ગયા... પછી લોચ બાદ પ.પૂ. આચાર્ય ભગવંતના મધુર કંઠે વ્રતોના ઉચ્ચારણવિધિ શરૂ થઈ. વ્રતોના રહસ્યભર્યા અર્થોનું વિવેચન કરાયું... અક્ષતવાસક્ષેપની વધામણી સાથે પ્રદક્ષિણા થઈ...નામકરણ વિધિ થઈ. નૂતન દીક્ષિતનું નામ... પૂ. મુ. શ્રી મુનિસુંદરવિજયજી રાખી પૂજ્ય મુનિશ્રી ગુણસુંદરવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરાયા. ત્યારબાદ ક્રમસર ઉપધાનતપની માળાઓ તપસ્વીઓના પોતાના સ્વજન કુટુંબીઓ તરફથી જ્ઞાનપૂજન, ગુરુપૂજન તથા વિવિધ નિયમ પ્રતિજ્ઞા લઈને તપસ્વીઓને માળા પહેરાવવામાં આવી. કુલ ૯૦ માળાઓ હતી. ઉપધાન તપમાં કુલ સંખ્યા ૧૪૫ હતી.

બહારગામથી પધારેલા હજારો મહેમાનોની ભક્તિ કરવામાં આવી. હાલારી વી.ઓ. તપગચ્છ સંઘે બહારથી પધારેલા મહેમાનોની આગતા-સ્વાગતા-વ્યવસ્થા સુચારી કરી હતી. મહેમાનો વારંવાર સંઘની વ્યવસ્થા વગેરેની ખૂબ પ્રશંસા હજુ સુધી કરી રહ્યા છે.

બપોરે શ્રી વિમલનાથ ભગવાનના ભવ્ય જિનાલયમાં શાંતિસ્નાત્ર મહાપૂજા ભણાવવામાં આવી. વિધિકારક શ્રી નવીનભાઈ બાબુભાઈએ શુદ્ધ ઉચ્ચારપૂર્વક કુંભ સ્થાપન નવગ્રહાદિપૂજન શાંતિસ્નાત્ર વગેરે મંગલ ક્રિયાઓ કરાવી હતી. અમદાવાદના સંગીતકારશ્રી રમણભાઈ શકરાભાઈએ પૂજા ભાવનામાં સુંદર ભક્તિ રસ જમાવ્યો હતો. જુદા જુદા ભાઈઓ તરફથી ૫૦ દિવસ સુધી પ્રભુજીને ભવ્ય અંગરચનાઓ પ્લોટના પૂજારીએ કરી હતી. શાંતિસ્નાત્ર બાદ લાડુની પ્રભાવના થઈ હતી.

માગશર સુદ ૬ પૂ. આચાર્ય ભગવંતની નિશ્રામાં શ્રી નેમિનાથ સ્વામી જિનાલયે વાવાઝોડાથી તૂટી ગયેલ ધ્વજદંડનો પુનઃ નૂતન ધ્વજદંડ સ્થાપન કરવામાં આવ્યો હતો. જેના આદેશની ઉછરામણી રાયશી વર્ધમાન પેઢીના ઉપક્રમે પૂજ્યશ્રીની નિશ્રામાં ૪૧૦૦ મણથી શાહ સાકરચંદ હરખચંદભાઈએ લીધેલ.

શાહ રાયશી પેથરાજ કાપડવાળાના સુપુત્ર સોમચંદભાઈના ધર્મપત્ની દેવકુંવરબેન ઉપધાન તપમાંથી નીકળ્યા હોવાથી પ.પૂ. આચાર્ય ભગવંતને ઘરે પધરામણી કરવા માટે વિનંતી કરી. વિનંતીનો સ્વીકાર થતા પ્લોટમાંથી શહેરમાં નેમિનાથ ભગવાનના દહેરાસરે વાજતે ગાજતે આચાર્ય ભગવંતને પોતાને ઘેર પધરાવવા માટે ગયા. ત્યાં ધ્વજદંડની વિધિ પૂર્ણ થતાં પ.પૂ. આચાર્ય ભગવંત સામૈયા સહ પધાર્યા. વરઘોડામાં ઉપધાન તપસ્વી દેવકુંવરબેન વરસીદાન ઉછાળી રહ્યા હતા. રાયશી પેથરાજના ઘરે પ.પૂ. આચાર્ય ભગવંતે મંગલ પ્રવચન કર્યું,

ત્યાં ગુરુપૂજન થયું. ત્યારબાદ પ્લોટ દહેરાસરની વરસગાંઠ હોવાથી વાજતે ગાજતે દહેરાસર પધાર્યા. ધ્વજા વગેરેની ઉછરામણી અનેક વર્ષોમાં ન થઈ એવી થઈ હતી..., ભવ્યાત્માઓની હાજરી પણ ઘણી હતી. લોકોમાં ધ્વજારોપણ કરવાની ભાવનાઓની ભરતી ચઢી હતી. 'ઓં પુણ્યાહં'ના જયનાદો સાથે ધ્વજા ચઢાવાઈ. આ રીતે મહોત્સવ ખૂબ ભવ્યાતિભવ્ય અને ચિરસ્મરણીય બની ગયો.

અહીંના સ્થાનિક સંઘના સભ્યો, ટ્રસ્ટીઓ તથા ઉપધાન સમિતિના કાર્યકરોએ જે ઉત્સાહ અને ઉમંગ ઉત્તરોત્તર વૃદ્ધિગત રાખ્યો એ ખૂબ અનુમોદનીય અને અનુકરણીય હતો...

વળી ઉપધાનતપના આરાધકોને જે પ્રભાવનાઓ થઈ એ ફક્ત જામનગર જ નહીં બલ્કે ગુજરાત માટે પણ શોભાસ્પદ બની હતી.

પૂજ્યપાદ આચાર્યદેવશ્રીએ જીરાવલાજી તીર્થમાં ઉપધાન તપ અંગેની વિનંતી સ્વીકારી હોઈ તે તરફ એકાદ-બે દિવસ બાદ વિહાર કરશે.

આબુરોડની બાજુમાં આવેલા જીરાવલાજી તીર્થમાં પોષ વ. ૬ તથા પોષ વ. ૮ ના ઉપધાન તપ થવાનું નક્કી થયેલ છે. સૌને લાભ લેવા વિનંતી કરવામાં આવે છે. અને જીરાવલાજી તીર્થે (વાયા-આબુરોડ, પો. રેવદર) નામ નોંધાવવાના છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૪,અંક-૪૩,તા.૧૦-૭-૧૯૭૬

સુરતમાં વરસી ગયેલા શાસન પ્રભાવનાના અપૂર્વ મેહુલા : વિશેષતઃ ભીંજી ગયેલ યુવક-મહેરામણ

અત્રેના જેઠ વદ ૧૦ થી દસ દિવસમાં વ્યાખ્યાન કેસરી પ્રખર શાસનપ્રભાવક પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબ ખાસ કરીને યુવાન મહેરામણમાં ધર્મપ્રભાવનાના અને જૈનેતરોમાં શાસનપ્રભાવનાના ભારી મેહુલા વરસાવી ગયા અને જૈનધર્મની રંગરેલ પ્રસરાવી ગયા એ એવી તો અદ્‌ભુત અભૂતપૂર્વ જેવી હતી કે એનો ખરો ખ્યાલ તો નજરે અનુભવનારને આવી શકે, તેથી અત્રે એનો અહેવાલ રજૂ કરતાં અમને લાગે છે કે એથી અમે કદાચ આ મહાન શાસનરત્નને અન્યાય કરી બેસીએ છતાં વાચકોની અનુમોદનાર્થે અને યુવાનોને પ્રેરણા લેવા અર્થે એ અન્યાય-કરણ વહોરીને પણ અત્રે રજૂ કરીએ છીએ.

પાર્શ્વનાથ ભગવંતના જન્મ કલ્યાણકને યાદ આપતા જેઠ વદ દશમીના મંગલ દિવસે ઘણાં લાંબા સમયથી જે સોનેરી દિવસોની ઝંખના લોકો, વિશેષ

કરીને યુવાનો કરતા હતા, તે દિવસ આવી ગયો.

સ્ટેશન પાસેની જૈન-ધર્મશાળાથી પૂ. શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજનું નેમુભાઈની વાડીના ઉપાશ્રય સુધીનું સામૈયું ચાલ્યું. સામૈયામાં માત્ર યુવાનોને જ જાણે આવવાનું આમંત્રણ ન હોય ! એ રીતિએ સૌ ચાલ્યા... એ માનવ મહેરામણમાં લાંબા વાળવાળા... પહોળા અને સાંકડા પેન્ટવાળા યુવાનો જ્યાં ને ત્યાં જણાતા હતા. માર્ગો પર યુવાનો બુલંદ અવાજથી શૌર્યભર્યા નારાઓ, ધૂન અને પદો બોલાવતા રસ્તે ચાલતાં બધે જ માનવોની થતી ભરતી માઝા મૂકતી હતી. શાસનના સુભટ યુવાનોના મુગુટ અને હૈયાના હારસમા એ મુનિપુંગવને જોઈ જોઈને હજારો આંખો નાચી રહી હતી.

બહેનો નાની ભૂલકી બેબીઓ તો ક્યા ચંદ્રશેખર વિજયજી ?' એમ પૂછતા અને આંગળીએ બતાવતા. જાણે કે મહાવીરના દીક્ષા-કલ્યાણક વરઘોડામાં વીરપ્રભુને જોતાં 'વિધાતાને જે દુઃખ કે કષ્ટ પડ્યું હોય આ પ્રભુને બતાવતાં ! એ સર્વ કષ્ટ અમે લઈ લઈએ છીએ.' એવી ખરેખર યાદ આપતી હતી.

માર્ગો ઉપર ઠેરઠેર ગહુંલી કરવાને હરીફાઈ કરવા મેદાને પડી ચૂકેલી કેટલી ય બેનો ગહુંલી કરવાનું ટાઈમના અભાવે ન મલતાં હતાશાના ઊંડા શ્વાસ લેતી જણાતી હતી.

સામૈયું વાડીના ઉપાશ્રયે આવ્યું તે દરમિયાન વચ્ચે છાપરીયા શેરીના ઉપાશ્રયે વ્યાખ્યાન થયેલ. વર્ષોથી યુવાનોના મુખને નહીં જોવા મલ્યું હોય અને આજે જાણે મલ્યું એમ કહેતી ઉપાશ્રયની ચાર ભીંતો પોતાનું પેટ પહોળું કરીને યુવાનોને સમાવી લેવાને આતુર બનેલી ! પૂજ્યશ્રીના માર્મિક કટાક્ષોથી યુવાનોના હૈયાં ભેદાતા એ ભીંતો ય જાણે પોતાના ગૌરવંતો આજના દિવસની ઉત્તમતાને વર્ણવતી હતી.

બીજા દિવસથી પ્રભાતે ૬ થી ૬॥। વાગ્યા સુધીનો નિત્ય સ્તોત્રપાઠ સંવેદન પણ શરૂ થયા. એમાં ય ૧૦૦૦-૧૫૦૦ જેવી હાજરી થઈ ગઈ હશે. ૯ વાગ્યાથી વ્યાખ્યાનમાં તો માણસો માય નહિ. રોજ લગભગ ૩૦૦૦ જેવી હાજરી. શનિ-રવિવારે વીર સૈનિકોનાં વિશિષ્ટ કાર્યક્રમો થયાં એણે વળી ધર્મપ્રભાવનાના શિખર પર ઈંડું ચડાવ્યું. અમદાવાદ, સાબરમતી, પાટણ, ડીસા, નડીયાદ, ખંભાત, બોરસદ આદિથી આમંત્રિત ૧૨૫ જેટલા વીરસૈનિકો આવી ગયા હતા. સવારે સ્તોત્રપાઠમાં આવતા પોતાના ઉતરવાના સ્થાનથી શૌર્યભર્યા નારાથી એ યુવાનો ઉપાશ્રયે આવતાં રસ્તામાં શાસનભક્તિનો પમરાટ ફેલાઈ ગયો. નિત્યના સ્તોત્રપાઠ અને સંવેદન

કરતાં આ ચૌદશના શનિવારના દિવસે અનેરી ઝલક આવી. પ્રભાતે કદી યે યુવાનોને સેંકડોની સંખ્યામાં ઉપાશ્રયમાં નહીં જોતાં અત્રેનો સંઘ આ વખતે આ જોઈને આશ્ચર્યના ઉદ્‌ગારોને વરસાવતો હતો. નમસ્કાર મહામંત્રની માંગલિક સ્મૃતિ બાદ અરિહંતાદિના શરણ અને 'શિવમસ્તુ-સર્વ જગત'ની ભાવના વ્યક્ત થતી. બાદમાં વીરસૈનિક અગ્રેસર શ્રી લલીતભાઈ ધામી પોતાના સુમધુર સૂરીલા અને મધુર પણ બુલંદ કંઠ દ્વારા ગીત ગવડાવતાં, યુવાનોમાં ભક્તિ ઝનુન ઝળકી ઊઠતું દેખાતું.

બાદમાં પૂજ્યશ્રીનું સંવેદન. સંવેદનમાં સૌએ ટટ્ટાર બેસી પોતાના મસ્તકને નીચે નમાવી મનમંદિરમાં પ્રભુને બિરાજમાન કરી અને એ જ મુદ્રામાં પૂજ્યશ્રી તરફથી થતા સંવેદનને 'યુવાન કેવો છે ? સ્વાત્માનું ભાન ભૂલીને કઈ દિશામાં પોતાના હૃદયનાં વહેણ વહી રહ્યા છે ? પાપોના પડછાયાએ પોતાને કેવા ઘેરી લીધા છે ? યુવાને એ પોતે જ પોતાને કેવો કાબરચીતરો કર્યો છે, તેનું વર્ણન કરતું સંવેદન થયું.

નાસ્તિક અને જમાનાવાદ તથા પશ્ચિમના પવન તરફ ઘસડાઈ રહેલા આ યુવાનોને આ ૧૫-૧૫ મિનિટ સુધી બે હાથ જોડી નતમસ્તક મુદ્રામાં જોવા એ આ બે દિવસોના અનેકઃ આશ્ચર્યની વચ્ચે એક વિશિષ્ટ આશ્ચર્ય હતું; અને સાથે સાથે પૂજ્યશ્રીના નૈષ્ઠિક બ્રહ્મચર્ય સાથે હૈયામાં એમને શાસન કેવું વસેલ છે. તથા શાસન અને સંઘોની દુર્દશાથી પોતાનું હૈયું રડી રહ્યું છે. તથા એની રાત્રિદિવસની ચિંતામાં તેમણે પોતે જ કેવો વિશિષ્ટ પુરુષાર્થ આદર્યો છે. અને એથી ગામેગામ યુવાનો કેવા જાગ્રત થઈ ગયેલ છે તેની નોંધ સાથે તેમના ગૌરવવંતા સમુદાયની સૌએ નોંધ લીધી.

સંવેદન બાદ સવારે ૯ વાગે વ્યાખ્યાન થયું.... વ્યાખ્યાનમાં તો હોલ ૮ વાગ્યાથી જ ભરાઈ ગયેલ જણાતો. જ્યાં જ્યાં જગ્યા થાય કે જણાય ત્યાં સૌ બેસતાં યા ઊભા રહેતા. પૂજ્યશ્રીનું વ્યાખ્યાન સાંભળવા દુર સુદુર પરાથી પણ બધા અગાઉથી જ જ પોતાની જગ્યા લઈ લેવા સવારના આ સમય દરમિયાન સર્વત્રથી આવતા દોડતા, હાંફળા-ફાંફળા 'જગ્યા મળશે કે નહીં વ્યાખ્યાન સાંભળવા ?' એની ચિંતામાં જણાતા. આટલા બધા માનવ મહેરામણમાં કોલાહલ તો શાકમારકીટને યાદ આપે અથવા સટ્ટાબજારને ! પણ જ્યારે પૂજ્યશ્રી વ્યાખ્યાનની વેદિકા ઉપર આવીને બિરાજમાન થઈ 'નમો અરિહંતાણ' એટલું શરૂ કરતા ત્યાં તો લોક 'સાગરવર ગંભીરા' બની જતો. અને જૈન-અજૈન માનવ-મહેરામણ પૂજ્યશ્રીના વ્યાખ્યાન

શ્રવણમાં નીરવ શાંતિ સાથે એકતાન બનતો. પૂજ્યશ્રીના માર્મિક તાર્કિક, જૈનદર્શનનું સંપૂર્ણ મંડન કરતા તથા આધુનિક વાદો અને રાજકારણના કટાક્ષો સહિતનું આ વ્યાખ્યાન ભૌતિકવાદની આગથી દાઝેલાને અનુપમ હીમ-શી શીતલતા બક્ષતું હતું; શ્રદ્ધામાં પાંગળાઓના પગને સ્થિર કરતું; આત્મા-પરમાત્મા આલોક-પરલોકની પુણ્ય-પાપાદિની વાતોમાં વિશ્વાસને જન્માવતું; અને અજૈન ભવ્યાત્માઓમાં બોધિબીજનું વાવેતર કરતું હતું.

બપોરના માત્ર પુરુષો માટેની સભા ભરાઈ. પૂજ્યશ્રીએ એક કલાક ઉદ્‌બોધન કરેલ. તેમાં શાસનની પરિસ્થિતિ અને ગામેગામના સંઘોની નાજુક પરિસ્થિતિની હૂબહૂ ચિતાર ખડો કર્યો હતો. તેના ઉપાય તરીકે પૂજ્યશ્રીએ વાસનાઓથી વિરમવા-અટકવા પાછા ફરવા તથા જીવનની શુદ્ધિ અને પવિત્રતા કેળવવા ઉપર ખૂબ જ ભાર મૂક્યો. રગડાઝગડામાં પરસ્પરની ઈર્ષ્યા-હોંશાતોંશીમાં ન પડતાં સ્વમાં સ્થિર થવાનું સૂચન કર્યું. યુવાનો માટે બ્રહ્મચર્ય ઉપર ખૂબ જ ભાર આપ્યો તે માટે સિનેમા નાટકાદિ તથા નોવેલ નવલિકાના ઘોર પાપનો પડછાયો ન લેવા જોમવંતી અને યુક્તિભરી વાણીનો ધોધ વહેડાવ્યો. જૈનત્વની ખુમારી માટે રાત્રિ-ભોજન ત્યાગ, નવકારશી સ્વદ્રવ્યથી પૂજા તથા કંદમૂળ-અભક્ષ્યના ત્યાગ માટેની ભવ્ય પ્રેરણા કરી કહ્યું તમે સાચા જૈન બનો.

શનિવારે ચૌદશ હોઈ પખ્ખી પ્રતિક્રમણ માટે બધા જ વીર-સૈનિકો તથા તેઓનું જોઈને સ્થાનિક યુવાનો થઈને ૩૦૦ જેટલા યુવાનો સાથે પ્રતિક્રમણમાં હતા. જાણે સાંવત્સરી પ્રતિક્રમણ !

પ્રતિક્રમણ બાદ શ્રી લલીતભાઈ ધામી તથા વીરસૈનિકો અને અમદાવાદ સાબરમતી મંડળે ભાવના ભણાવવાનું શરૂ કર્યું. ભાવનાની વિશેષતામાં ફિલ્મ સંગીત, ફિલ્મ તર્જનો સંપૂર્ણ નિષેધ હતો. બધાને એમ જ કે ફિલ્મસંગીત વિના ભાવના કેમ જામે ? પણ આમણે જમાવટ બતાવી આપી. ભાવનામાં ખીચોખીચ માણસ હતું. દાંડીયા થાળીભ્રમણ આદિ અનેક આકર્ષણ હતું. ભાવના જોવા આવેલામાં યુવાન ભાઈ-બહેનોની મુખ્યતાવાળા લોકોની ભક્તિ-વિભોરતાનું દશ્ય સુરતના ઈતિહાસનો રેકોર્ડ હતો.

રવિવારનો બીજો દિવસ પબ્લિક રજાનો હતો. સવારે ૬ વાગે નેમુભાઈની વાડીએથી ચિંતામણીના દેરાસરની ચૈત્યયાત્રા નીકળી. સુશોભિત ડ્રેસવાળા યુવાનો આગળ ઝંડા લઈ પાછળ યુવાનો ૨-૩ની લાઈનમાં ચાલ્યા. સુશોભિત લારી હતી ત્યાંથી બુલંદ અવાજે શૌર્યભર્યા નારાઓ, ગીતો, ધુન અને પદો ગગનમંડળને

ગજાવી દેતા. સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા સહિત આ ચૈત્યયાત્રામાં સુરતના તમામ જૈન ભાઈબહેનો જોડાઈ ચૂક્યા હતા. સંખ્યા ૪૦૦૦ની. વીર સૈનિકોના વિશિષ્ટ ડ્રેસ ઊંચા ઝંડાઓ અને વ્યવસ્થિત લાઈનમાં ચાલતા અને ધૂન જગાવતા વીરસૈનિકોએ સુરતીઓના દિલ ડોલાવતા અને સુરતના રસ્તાઓને ગજવતા હતા. આ પ્રસંગ સુરતના સોનેરી ઈતિહાસમાં નવો જ હતો. સમવસરણના દેરાસરે દર્શન કરી સર્વ ચિંતામણિના દેરાસરે દર્શન કરી સમૂહ ચૈત્યવંદન કર્યા પછી છૂટા પડ્યા. ચૈત્યયાત્રામાં પાવલીની પ્રભાવના થઈ. ૪૦૦૦ની પ્રભાવના થઈ.

પછી ૯ વાગે સ્નાત્ર મહોત્સવ શરૂ થયો. દરેક પ્રસંગોમાં દરેકને વિશેષતા જ જણાતી, દાંડીયા, ચામરનૃત્ય, થાળીભ્રમણ તથા નૃત્ય સહિત યુવાનોએ આ પ્રસંગને પણ સુવર્ણ અક્ષરે લખ્યો. જન્મનું મૃત્યુ કરવા પ્રભુના કલ્યાણકારી જન્માદિ જ છે એનું સર્વને ભાન કરાવતા આ મહોત્સવે લોકોના દિલને જીતવાનો જ જાણે નિર્ણય ન કર્યો હોય ? આ પ્રસંગોમાં ન રહી કોઈ પણ કે પાર્ટી ! ન રહી એક તિથિ કે બે તિથિનો ભેદ ! સૌ આપણું જ પોતાનું જ માનીને જોડાતા. સ્નાત્રમાં પણ પ્રભાવના થઈ. કોઈ બોલતું કે અમે તો અમારા જીવન દરમિયાન આવું જોયું નથી. કોઈ કહે કે 'સુરતના ઈતિહાસમાં આ દિવસો સર્વપ્રથમ જ છે.' કોઈ કહેવું કે 'આવા અજોડ વ્યાખ્યાતા તો અમે ક્યારે જોયા નથી સાંભળ્યા નથી, કડક શબ્દોમાં આવું મીઠાશથી કોણ કહે ?' કોઈ કહે, 'આ તો પર્યુષણા પર્વથી પણ અધિક છે. પર્યુષણમાં પણ બધા પ્રસંગમાં આવો ઉલ્લાસ આવી ભીડ નથી હોતી.'

પૂજ્યશ્રીનું બપોરના ૩ વાગે જાહેર વ્યાખ્યાન હતું. પ્રચાર તો ખૂબ જ થઈ ચુકેલો. સનાતન હોલમાં લોકોએ ૧ વાગ્યાથી જઈને જગ્યાનું રીઝર્વેશન કરાવેલું, માણસ ધાર્યા કરતાં ડબલ થઈ ગયું. ૩ વાગ્યાનું વ્યાખ્યાન હતું, પણ લોકોને શાંત કરવામાં તથા શક્ય તેટલા વધુને વધુને સમાવવાને માટે પ્રયત્ન કરવામાં વ્યાખ્યાન અડધો કલાક મોડું શરૂ થયું. ઘણાંયને જગ્યાને અભાવે નિરાશ થઈ પાછા જવું પડ્યું. મંડપ વરસાદની શક્યતાને કારણે નહોતો બાંધ્યો પૂજ્યશ્રીએ સંસ્કૃતિના આદર્શોને બતાવતું તથા આર્યપ્રજા અનાર્ય બનતી જાય છે તેને માનવ બનવાની જરૂર છે માનવ બનવા પૂજ્યશ્રીએ સંસ્કૃતિની સર્વ મર્યાદાઓનું પાલન કરવાનો ઉપાય બતાવ્યો. સર્વ પોતાની સંસ્કૃતિની મર્યાદાના પાલનમાં ચુસ્ત બને અને જીવમાત્ર સાથે મૈત્રીભાવનામાં વૃદ્ધિ કરે એનો અનુરોધ કર્યો. પૂજ્યશ્રીની વેધક વાણીથી લોકો ખૂબ જ પ્રભાવિત થયા હતા.

સાંજના ફરી વીર સૈનિકો આદિ શ્રી લલીતભાઈની સાથે ભાવનામાં જોડાયા.

ભાવનામાં લોકો ભક્તિમાં તરબોળ બન્યા. બીજા દિવસની ભાવનાએ પ્રથમ દિવસની ભાવના ઉપર વિજયનો ડંકો વગાડ્યો. ભાવનામાં આરતીનું ઘી ૨૨૧ મણ સુધી પહોંચી ગયું.

ભાવના બાદ સૌ વીર-સૈનિકોનું વિસર્જન યાને પ્રોગ્રામની સમાપ્તિ હતી. એ સૌ પોતપોતાના ગામ ભણી જતાં સુરતને ઉત્સાહ તથા જૈનત્વની ખુમારી વહેંચવા ગયા. અને ભસ્મગ્રહ ઉતર્યાની ઝાંખી સુરતને કરાવતા ગયા.

સુરતના ઈતિહાસમાં ગૌરવવંતા આ દિવસો સુવર્ણાક્ષરે લખાશે અને ભાવીમાં લાંબા સમય સુધી એ અનુમોદનીય યાદગીરીને ટકાવી રાખશે તેમાં શંકાને સ્થાન નથી.

પૂજ્યશ્રી અહીં આવ્યા ત્યારથી જ અત્રેના જુદા જુદા ઉપાશ્રયોવાળા તરફથી વ્યાખ્યાનની જોરદાર વિનંતી થતી રહી પણ વ્યાખ્યાનની ધારા ટકાવવા બીજે સારી વિશાળ જગ્યાના અભાવે અત્રેની વાડીમાં જ વ્યાખ્યાન રાખવાનો નિર્ણય કરાયો સર્વેને દુભાતે દીલે ના પાડવી પડતી.

શ્રી લલિતભાઈની હાજરીમાં એક દિવસ રાત્રે યુવાનોની સભા થઈ. યુવાનોની સભામાં વીર-સૈનિકોની કામગીરી, ઉદ્ભવ તથા તેના બાહ્ય અને અંતરંગ ઉદ્દેશો જણાવ્યા.

અત્રે યુવાનોમાં એવો ઉત્સાહ તથા વાતો ચાલુ થઈ રહી છે કે કોઈપણ સંયોગોમાં આવતું ચાતુર્માસ પૂજ્યશ્રીનું અહીં સુરતમાં કરાવવું, તેમજ આ વર્ષે નિત્ય 'નવસારી' વ્યાખ્યાન સાંભળવા ૨ બસો દ્વારા લગભગ ૧૨૫ યુવાનોએ જવાનો વિચાર કર્યો છે.

"દિવ્ય-દર્શન" - **"शासन प्रभावना"** વર્ષ-૨૪,અંક-૪૫,તા.૩૧-૭-૧૯૭૬

અમલનેરમાં ૫૦૦ આયંબિલની ભવ્ય અનુમોદના ઉજવણી

અમલનેર : પરમપૂજ્ય આચાર્યદેવશ્રીના સાન્નિધ્યમાં વિશેષતઃ વર્ધમાન આયંબિલ તપ પાયા ઓળી આરાધકોની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહી છે. આયંબિલ તપ વગેરેના આરાધકોને આરાધનામાં વધુ પ્રોત્સાહન મળે એવો મહત્ત્વ હર્ષજનક પ્રસંગ આ બન્યો.

પૂજ્ય આચાર્યદેવશ્રીના પ્રશિષ્ય વિનેય પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજને સળંગ ૫૦૦ આયંબિલના મહાન તપની પૂર્ણાહુતિ અષાઢ સુદ પૂર્ણિમાને

દિવસે થતી હતી. આ તપની પૂર્વે આ તપસ્વી મુનિએ સં. ૨૦૧૬માં પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના વરદહસ્તે પિંડવાડામાં દીક્ષા અંગીકાર કર્યા બાદ એઓશ્રીની સેવામાં વૈયાવચ્ચમાં દિવસ રાત ખડે પગે રહેવા સાથે આયંબિલ-વર્ધમાન તપની સાધના તો ચાલુ જ હતી એમાં પૂજ્ય આચાર્યદેવશ્રીનાં ખંભાતમાં સં. ૨૦૨૪માં વૈશાખ વદ ૧૧ કાળધર્મ પામ્યા બાદ સ્વ.પૂજ્યશ્રીની ૬૭ વર્ષની નિર્મળ-અખંડ સંયમસાધનાની અનુમોદના નિમિત્તે પૂ. જયસોમવિજયજી મહારાજે ૪૦ ઉપવાસની તપશ્ચર્યા અપ્રમત્તપણે પૂર્ણ કરી.

ત્યારબાદ કલકત્તા તરફ વિહારમાં લુખ્ખી પણ સગવડની દોષિત ગોચરી ન લેતા બ્રાહ્મણ વગેરેના ઘરે જે નિર્દોષ લૂખુ-સુકુ મળે તેનાથી લગભગ છએક મહિના આંબેલ કરેલ. કલકત્તાના ચાતુર્માસિમાં પુનઃ ૩૮ ઉપવાસની ભવ્ય તપશ્ચર્યા અપૂર્વ ઉત્સાહ અને અપ્રત્તપણે પૂર્ણ કરી. આ રીતે તપશ્ચર્યાની સુવાસથી પોતાના જીવનને મઘમઘતુ બનાવનાર આ તપસ્વી મુનિ પુરૂગંવે સં. ૨૦૩૧ મહાવદ ત્રીજથી સળંગ ૫૦૦ આયંબિલ કરવાના શુભ અને મક્કમ નિર્ધારપૂર્વક તપશ્ચર્યાનો આરંભ કર્યો. જે દેવાધિદેવ તથા ગચ્છનાયક પૂજ્ય આચાર્યભગવંતોની કૃપાથી નિર્વિઘ્ને પૂર્ણ થવાનો દિવસ નજીક આવી ગયો. અમલનેરનાં શ્રીસંઘમાં ભારે ઉત્સાહ વ્યાપી ગયો. દસેક દિવસ અગાઉથી રોજ સવારે બેનો મંદિર બહાર પ્રભાતિયાં ગાવા લાગી. તપશ્ચર્યાની અનુમોદના નિમિત્તે શ્રી સિદ્ધચક્રપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ અષાઢ સુદ ૧૨ ગુરુવારથી પ્રારંભ થઈ ગયો. ધુળીયા જૈન યુવક ભક્તિ મંડળે પહેલે દિવસે અત્રે આવીને પૂજાભાવનામાં પ્રભુભક્તિની રમઝટ જમાવી પછી બાદરપુરવાળા શ્રી સેવંતીભાઈ તથા અમલનેરના ભક્તિમંડળે પૂજા-ભાવના જમાવી. અમલનેરના આ મહોત્સવ દરમિયાન નગર અને પ્લોટના ભાઈબહેનોની ચિક્કાર હાજરી રહેતી. પૂ. તપસ્વી મહાત્માના સાંસારિક કુટુંબીજનો પણ નાસિક, પીપળગામ, ઘોટી, મુંબઈ વગેરેથી ઉપસ્થિત થઈ ગયેલા. મુંબઈથી સંગીતકાર દીલીપ શર્માની પાર્ટીએ આવી ભક્તિસંગીતની રેલમછેલ વહાવેલી.

આખરે તપશ્ચર્યાનો અંતિમ દિવસ અષાઢ પૂર્ણિમા આવી પહોંચ્યો. પૂજ્ય મુનિશ્રીની તપશ્ચર્યા અને તે સાથે ગામમાં લગભગ ૮૦ થી ૧૦૦ આરાધકોને ચાલી રહેલી વર્ધમાન તપની આરાધના નિમિત્તે શાસનની પ્રભાવના કરે એવો શાનદાર રથયાત્રાનો વરઘોડો ચડ્યો. પૂ. તપસ્વી મુનિશ્રીને આજે છઠ્ઠનો બીજો ઉપવાસ હોવા છતાં સ્વસ્થતાપૂર્વક તેઓ વરઘોડામાં ફર્યા હતા. તપસ્વી મુનિશ્રીને ઓળખનાર વર્ગ વારંવાર આંગળી ચીંધીને કહી રહ્યો હતો. "જુઓ આ પેલા ૫૦૦ આંબેલના તપસ્વી જુઓ..." વરઘોડામાં ઠેરઠેર દાંડિયારાસની ગામના સ્થાનિક

યુવાનો રમઝટથી જૈનેતરવર્ગનું આકર્ષણ કરી રહ્યા હતા. સાથે સાથે 'જૈનશાસન દેવકી જય...' 'વંદે વીરમ્' 'એક દો તીન ચાર જૈન શાસનનો જયજયકાર' ઈત્યાદિ સૂત્રોના ગગનભેદી નાદ ગાજી રહ્યા હતાં. જૈનશાસનની પ્રભાવના કરતો વરઘોડો લગભગ ૨ કલાક ગામના લગભગ બધા મુખ્ય માર્ગો ઉપર ફરીને ઉપાશ્રયે પાછો આવ્યો પછી પૂ. આચાર્યદેવશ્રીનું પ્રવચન શરૂ થયું. આજે 'શ્રી યોગશાસ્ત્ર' અને 'સમરાદિત્યકથા'નું વાંચન વ્યાખ્યાનમાં શરૂ થવાનું હોવાથી પહેલા જ્ઞાન પૂજા પછી તે બે ગ્રંથો વહોરાવાનો વિધિ થયા બાદ જ્ઞાનપૂજા ગુરુપૂજા થઈ. પૂજ્ય આચાર્યદેવશ્રીએ વ્યાખ્યાન ફરમાવ્યા બાદ વર્ધમાન તપના પાયા નાંખનાર લગભગ ૫૨ આરાધકો અને ઓળીવાળાનું કેટલાંય અમલનેરના સુશ્રાવકો તરફથી રોજ ૧-૧ રૂા.થી બહુમાન થતું હતું. એમાં અષાઢ પુનમે ધામધૂમથી શ્રી સિદ્ધચક્રપૂજન ભણાવવાનો સંપૂર્ણ લાભ લેનાર ઘોટી ગામવાળા શાહ સુમતીલાલ રિખવચંદ (પૂ.તપસ્વી મહારાજના સંસારીભાઈ) તરફથી ૧-૧ રૂા.ની પ્રભાવના તથા શાહ મણીલાલ ધરમચંદ અને કેશવલાલ ધરમચંદ (પીપળગામ) તરફથી વર્ધમાન તપના પાયાવાળા આરાધક ભાઈ-બહેનોને ૧-૧ રૂા.ની પ્રભાવના તથા તેમના તરફથી વ્યાખ્યાન બાદ સંઘપૂજન કરવામાં આવ્યું.

પારણાના દિવસે બાબુલાલ મંગળદાસ, પ્રભાવતીબેન આદિ તથા છનાલાલ હીરાલાલ, લલીતકુમાર રતનચંદ, છબીલદાસ અમુલખ, કાંતીલાલ દોલાભાઈ, ચન્દ્રકાન્ત સુરજમલ દોશી, દિનેશ જોઈતાલાલ મુંબઈના આ છ ભાઈઓ તરફથી તપશ્ચર્યા નિમિત્તે સાધર્મિક વાત્સલ્ય રાખવામાં આવેલું, તેમજ તે ઉપરાંત આ છ ભાઈઓ તરફથી પણ વર્ધમાન તપના પાયા, ઓળી, ને બીજી તપશ્ચર્યા વાળાઓને ૧-૧ પ્રભાવના અને ૧-૧ કીલો મીઠાઈની પ્રભાવના થઈ. આ છ ભાઈઓ તરફથી વદ-૧ના વ્યાખ્યાનબાદ શ્રીફળની પ્રભાવના થઈ તથા પૂજ્ય આચાર્યદેવશ્રીના આશીર્વાદથી ચાલી રહેલા પલ્લીવાલ ક્ષેત્રમાં જૈનધર્મના ઉદ્ધાર કાર્યમાં રૂા. ૩૦૦૦ તથા પૂ. આચાર્યદેવશ્રીના આવશ્યક સૂત્ર ચિત્રાવલી (આલ્બમ) પુસ્તકના પુનઃમુદ્રણ માટે રૂા. ૧૫૦૦ જાહેર કરાયા.

પૂ.આચાર્યદેવશ્રીએ પ્રેરક ઉપદેશ કરતાં પૂ.તપસ્વી મુનિરાજશ્રીની તપસ્યાની અનુમોદના માટે આયંબિલોની સુંદર નોંધ થઈ. કુટુંબીજનોએ લગભગ ૭૫૦ ઉપર આયંબિલ, શ્રી નેમિચંદ અને મિશ્રીલાલના કુટુંબ તરફથી લગભગ ૨૫૦ આયંબિલ, અને અમલનેર શ્રી સંઘ તરફથી ૧૦૦૦ ઉપર આયંબિલ નોંધાવ્યા. આની પ્રેરણાથી નવા નવા વર્ધમાન આંબેલ તપ પાયા નંખાયે જાય છે.

પૂ. મુનિશ્રીએ પૂ. આચાર્યદેવશ્રીની અનહદ કૃપાથી તપશ્ચર્યા પૂર્ણ કર્યા બાદ સુખસાતા પૂર્વક પારણું કર્યું. બપોરે શ્રી સત્તરભેદી પૂજા ભણાવાઈ. રાત્રે ભાવના થઈ. મહોત્સવના દિવસો દરમ્યાન રોજ પ્રભુજીને ભારે સુંદર અંગરચના રચાતી તેથી પણ આરાધક વર્ગમાં સુંદર આકર્ષણ ઊભું થયું હતું. એકંદરે આખોય પ્રસંગ પ્રભાવક રીતે ઉજવાઈ ગયો.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૫,અંક-૧,તા.૪-૯-૧૯૭૬

અલબેલી અમલનેર નગરીમાં તપના પ્રચંડ પૂર

અમલનેર એટલે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોના ૧૫૦/૧૭૫ ઘરનું નગર ! તીર્થસમું ગિરુઆ પાર્શ્વનાથજી ભગવાનનું ભવ્ય મંદિર એ આ નગરની કોઈ અનોખી શોભા છે. એમાં વળી પ્રભાવક પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**નું અત્રે ચાતુર્માસ પોતે તપના રંગી, ને સંઘમાં તપનો રંગ ફેલાવનારા, તે પ્રવેશના દિવસે લગભગ ૩૫૦ જેટલા આયંબિલ થયા. બાદ ૧૦૦ જેવા વર્ધમાન તપના પાયા નંખાયા, એમાં કેટલાય બાળકુમાર યુવાન ભાઈઓ અને બહેનો હતા. ઓળીઓ પણ ખૂબ ચાલી. આ દરેક તપસ્વીઓનું જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી રૂપિયો અને તિલકપૂર્વક રોજ બહુમાન કરવામાં આવતું...

પૂજ્યશ્રીના સંવેગ-વૈરાગ્ય ઝરતાં પ્રવચનોથી સંઘમાં આરાધનાનું સુંદર વાતાવરણ, તેમાં માસખમણ વગેરે તપની પ્રેરણા, તેથી ૮-૧૬ ઉપવાસ વગેરે તપ ચાલ્યા. શ્રી સીમંધર સ્વામી ભગવાનની આરાધના નિમિત્તે આશરે ૧૦૦ અઠ્ઠમો થયા. શ્રા.સુ. ૪ પૂજ્યશ્રીના શ્રીમુખે લગભગ ૨૩/૨૪ જણે માસખમણની ભાવનાથી ૧૬/૧૧/૯/૫ ઉપવાસના પચ્ચક્ખાણ કર્યા. એમાં કેટલાય યુવાન ભાઈ-બહેનો જે વખતે આ પચ્ચક્ખાણ થયા તે વખતે 'જૈનં જયતિ શાસનમ્'ના નાદથી આખો હોલ ગાજી ઊઠેલો. કેટલાયની આંખોમાં તપસ્વીઓના આ પરાક્રમને જોઈને હર્ષાશ્રુ આવી ગયા. આમ ખૂબ જ ઉલ્લાસમય વાતાવરણ વચ્ચે તપશ્ચર્યાનો યજ્ઞ શરૂ થઈ ગયો. અને ગામમાં ઘરે-ઘરે આ તપશ્ચર્યાની વાત થવા લાગી. દિવસો પસાર થતા ગયા તેમ તેમ ગામમાં કોઈએ ૨૧ ઉપવાસની ભાવનાથી તો કોઈએ ૧૬ ઉપવાસની ભાવનાથી ઉપવાસ શરૂ કર્યા. સહુની તપશ્ચર્યા નિર્વિઘ્નપણે ચાલી રહી હતી.

તેમાં પણ વિશેષતઃ શ્રી મણિલાલ મોહનચંદ કે જેમને રોજની લગભગ ૪૦/૫૦ બીડીઓ પીવાનું વ્યસન હતું તેમણે તો કમાલ કરી. અષાઢ સુ. ૩ થી તેમણે પાયો નાંખવાની શરૂઆત કરી. પાયાનું પારણું કરી બીજા જ દિવસથી છઠ્ઠી ઓળી ઉપાડી તેના પારણે ૧ બેસણું ૧ આયંબિલ કરી તરત જ માસખમણની ભાવનાથી ઉપવાસ ચાલુ કર્યા. અને તે પણ પૌષધ સાથે ! કાયા સૂકલકડી પણ મનોબળ ગજબનું ! શરૂઆતમાં તો ચોવિહારી અઠ્ઠાઈ લગાવી દીધી, અને પછી તો ધીમે ધીમે ઉપવાસમાં આગળ વધતા ગયા ! ઉંમર વર્ષ ૭૨, અને રોજ પૌષધમાં ! જોનારને એમ લાગતું કે મણિભાઈ કઈ તાકાત પર આવી મહાન તપશ્ચર્યા કરી શકે છે ? તેમનો તો બધાયને એક જ જવાબ હતો કે 'શીતલનાથ દાદાની છત્રછાયા તથા ગુરુ-મહારાજના આશીર્વાદ આ બંને અમૂલ્ય ચીજો મારા સાધ્યને સિદ્ધ કરી જ આપશે'...!

બીજી બાજુ ૩૦ વર્ષના યુવાન મહેન્દ્રભાઈને લગભગ ૧૮ મા ઉપવાસે કફમાં લોહી પડવા લાગ્યું, પણ મક્કમ એટલા બધા કે શરીરનું ગમે તેમ થાઓ પણ માસખમણ પૂરું કર્યા વિના રહેવાનો નથી, અને ચમત્કાર ગણો એ સંકલ્પનો કે લગભગ ૨૨ મા ઉપવાસથી તબિયત એકદમ સુધરી ગઈ અને તેમની તપશ્ચર્યા નિર્વિઘ્ને આગળ ચાલી.

ભાઈશ્રી મિશ્રીલાલજી કોઠારીના સુપુત્રી બહેન સુનીતા કે જેની ઉંમર માત્ર ૧૭ વર્ષની, તેણે પણ, તથા માસખમણના તપસ્વી ભાઈશ્રી રમેશકુમારના ૧૯ વર્ષની ઉંમરના ધર્મપત્ની સુરેખાબેને પણ માસખમણની આરાધના ચાલુ કરેલી તે ખૂબ જ ઉલ્લાસપૂર્વક આગળ વધી રહ્યા હતાં...

થયેલી આ તપશ્ચર્યાઓનાં સમાચાર માત્ર અમલનેરમાં જ નહિ પણ ચારે ય બાજુ ફેલાઈ જતાં જ્યાં ને ત્યાં સંભળાતું કે 'ભાઈ અમલનેરમાં તો ગજબની તપશ્ચર્યાઓ ચાલુ છે ! ૨૪ તો માસખમણ છે !'

આમ સંઘના અમાપ ઉત્સાહ વચ્ચે સઘળાં ય તપસ્વીઓનાં તપ નિર્વિઘ્ને ચાલુ હતા. પૂજ્યપાદશ્રીનાં 'સમરાઈચ્ચ કહા' તથા 'યોગશાસ્ત્ર' પરનાં સંવેગ વૈરાગ્ય ઝરતાં તથા પૂ. મુનિરાજશ્રી રત્નસુંદર વિજયજી મ.ના જોશીલા પ્રવચનો તપસ્વીઓને કોઈ અનેરી તાકાત બક્ષતા; કેટલા ય ભાવિકો ૨૧-૧૬-૮ વગેરે ઉપવાસની ભાવના કરતા. સૌ આ વખતની અદ્‌ભુત આરાધનાઓની અનુમોદના કરતા !

દિવસો તો ઝપાટાબંધ પસાર થવા લાગ્યા. ૨૧-૧૯-૧૬ વગેરે ઉપવાસો

પણ ચાલુ થઈ ગયા. અને પર્વાધિરાજ પર્યુષણાંના આગમનના મંગળતુર વાગવા લાગ્યા... પર્યુષણાની આરાધના કરવા માટે ઉપાશ્રય પાસેના ખુલ્લા પ્લોટમાં વિશાળ મંડપ ઊભો કરાયો... કેટલાય ગામોમાંથી ચોસઠ પહોરી પૌષધની આરાધના કરવા માટે ભાગ્યશાળીઓ આવવા લાગ્યા...

શ્રાવણ વદ ૧૧ થી પર્યુષણાની આરાધના શરૂ થઈ... માસખમણના તપસ્વીઓને શાતા પૂછવા માટે પણ બહારગામથી તેમના સંબંધીઓ આવવા લાગ્યા... દિવસો પસાર થવા લાગ્યા... ગામમાં ૨૧-૧૯-૧૬-૧૫-૧૧-૯-૮ ઉપવાસ આદિની તપશ્ચર્યા પણ ખૂબ સારા પ્રમાણમાં થઈ. ઘેર ઘેર તપનાં ગાણાં ગવાવા લાગ્યા.

ગામમાં પણ પર્યુષણાની આરાધના કરાવવા પૂજ્ય મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજ પધારેલા. આમ છતાં ગામના સંઘે ગણધરવાદના દિવસથી છેક સંવત્સરી સુધીનાં દરેક પ્રવચનો બહાર પ્લોટમાં પૂ.શ્રીની નિશ્રામાં સાંભળ્યા. એમાં પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે સ્થવિરાવલિ સંભળાવી. સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનું જીવન સંભળાવતાં સભાને રોવડાવી, ને પોતે પણ રડ્યા.

ભાદરવા સુ. ૪ ના દિવસે સવારના ચૈત્યપરિપાટી થઈ. બારસા સૂત્રનાં શ્રવણ વખતે પણ ખૂબ જ વિશાળ માનવમેદની જમા થયેલી. અને તે જ વખતે ભાદરવા સુ. ૭ ના દિવસે તપસ્વીઓની તપશ્ચર્યાની અનુમોદનાર્થે નીકળનાર ભવ્ય વરઘોડાની ઉછામણી થઈ. જે અમલનેરના ઈતિહાસમાં રેકર્ડભૂત હતી.

ભાદરવા સુ. ૫ નાં દિવસે અઠ્ઠમથી માંડીને માસખમણનાં તપસ્વીઓ તથા ચોસઠ પહોરી પૌષધ કરનારાઓને માસખમણના તપસ્વી વયોવૃદ્ધ શ્રી મણિભાઈ મોહનચંદ તરફથી પારણાં હતાં. પૂજ્યપાદશ્રીને પોતાને ત્યાં પગલા કરાવવાની દરેક તપસ્વીઓની ઝંખના હતી. વહેલી સવારે જિનમંદિરનું દ્વારોદ્‌ઘાટન થયું અને પછી બેન્ડ વાજા સાથે પૂજ્યશ્રી ગામમાં પધાર્યા. તપસ્વીઓનાં પારણાં ખૂબ જ ઉલ્લાસમય વાતાવરણમાં થયા. દરેક તપસ્વીઓને પ્રભાવના પણ સારા પ્રમાણમાં થઈ.

આમ અમલનેર જેવા નાના ગામમાં પૂજ્યપાદશ્રીનાં પગલાથી આરાધનાનું કોઈ અનેરું વાતાવરણ સર્જાઈ ગયું.

૨૫ માસખમણ અને બીજી તપસ્યાઓ નિમિત્તે અમલનેરમાં અભૂતપૂર્વ ભવ્ય વરઘોડો

અત્રે ૧૫૦-૧૭૫ જૈન ઘરના નગરમાં એક ૪૧ ઉપવાસ, ૨૫ માસખમણ ૧૫ સોળ ઉપવાસ અને લગભગ ૧૦૦ અઠ્ઠાઈ તથા ઉપરની તપસ્યાઓ કરનારને તથા શ્રીસંઘને ભાદરવા સુદ ૭ શાસન પ્રભાવક ભવ્ય વરઘોડો કાઢવાની હોંશ, તે બહાર ધુળિયા વગેરેથી પણ ગાડીઓ, મોટરો, રથ આદિની સગવડ કરવા માટે પ્રવૃત્તિ ચાલુ થઈ ગયેલી. આ અતિ ભવ્ય વરઘોડાની ચારે બાજુ ખબર પહોંચી જતાં નાસિક, ધૂળિયા, માલેગામ, જળગાંવ, સંગમનેર, ધરણગાંવ, યેવલા, નંદરબાર, મુંબઈ, પાંચોરા, તલોદા, ખાપર, નેર, ઔરંગાબાદ, ઉજ્જૈન, દહાણુ વગેરે ગામ-નગરોમાંથી આવેલ સેંકડો જૈનોએ પણ આ વરઘોડાને શોભાવેલ. અમલનેર જેવા નાના નગરના હિસાબે પણ લગભગ લાખ માણસોએ વરઘોડો નિહાળ્યો હશે, કેમકે આજુબાજુના કેટલાય ગામોની ઈતર પ્રજા પણ થોકથોકમાં આ ભવ્ય વરઘોડો જોવા ઉતરી પડેલી. વરઘોડો બપોરે લગભગ ૧॥ વાગે ચડેલો તે સમી સાંજે ૬-૬। વાગે ઊતર્યો. અમલનેર નગરના અને બહાર પ્લોટના રસ્તે-રસ્તે વરઘોડો ફરેલો. આખો વરઘોડો એકેક સ્થાનેથી પસાર થતાં કલાક સવા કલાક લાગતો. વરઘોડા માટે સ્થાનિક અને બહારગામના બેન્ડો, લેજિમો, સંગીત મંડળીઓ તથા સીરપુર, યેવલા અને સીરસાલાના ત્રણ ભવ્ય રથ વગેરે ઉપસ્થિત કરવામાં આવેલ. તેમજ તપસ્વીઓ ૪૧ ઉપવાસવાળા ગીતાબેન, ૨૪ માસખમણીઓ તથા ૨૧-૧૯-૧૬-૧૫-૧૧-૯-૮ ઉપવાસવાળાએ પોતપોતાના તથા ગાડીઓના શણગાર ભવ્ય કરી મૂકેલા.

વરઘોડામાં સગવડ ખાતર પ્રારંભે ધજા અને પુષ્પમાળાથી શણગારેલ સ્કુટર મંડળીની હાર ચાલતી. એની પાછળ ઊંચો ઈન્દ્રધ્વજ ચાલી આવતો. એ પછી શણગારેલ ઘોડાઓ પર ઘોડેસ્વાર-મંડળ, એની પાછળ બે લેજિમના ૬૦ માણસો રસ્તા વચ્ચે હાવભાવ સાથે ભારે ધૂન મચાવતા. એની પછી ગાડીમાં બેઠેલ શણગારસજ્જ શરણાઈ મંડળી વાંજિત્રોના સૂરોથી વાતાવરણને મસ્ત કરી દેતી. પછી ફૂલની જાળી વગેરે વિવિધ શણગારે વિભૂષિત ૧૮ રીક્ષાઓમાં બેઠેલા તપસ્વીઓ ધર્મરંગે હરખાતા નજરે પડતા. એની પાછળ પણ શણગારેલી ઘોડાગાડીઓ, અને ખુલ્લી મોટરોમાં તપના તેજથી ઝળકતા અને સુંદરવેશ અલંકારોએ

શોભતા તપસ્વીઓનાં દર્શન થતાં. એની પછી ક્રમશઃ ૭ શણગારેલા ટ્રેક્ટરમાં ઊભા ધ્યાનથી મહાવીર ભગવાનને કાનમાં ખીલા ઠોકાવાનું વિશાળ મનોરમ ચિત્ર, પદ્માસને ભગવાન શ્રી મહાવીર સ્વામીનું ભવ્ય ચિત્ર, ચંડકોશિક નાગને પ્રભુથી પ્રતિબોધના રમણીય દૃશ્યો તથા બાળ-બાળિકાઓ, 'જૈન જયતિ શાસનં' વગેરે નારાથી ગગન ગજાવી મૂકતા. પછી પાંચેક બળદગાડીમાં યેવલાના વાજિંત્રવાળા, સમવસરણ પર શ્રી સીમંધર ભગવાનનું વિશાળકાય સુંદર ચિત્ર, તથા ભૂલકાઓ કલબલાટ મચાવી મૂકતા.

ત્યાર પછી ડલોપ કાર, પછી ૨૪ બંધ મોટરોમાં તપસ્વીઓ શોભતા એ પછી ધરણગાંવનાં પ્રખ્યાત તાજ બેન્ડના સૂરીલા નાદ ગગનને ગજાવી મૂકી લોકોના હૈયામાં તાન જગાવી દેતા. એ પછી સંગમનેરનું જૈન સંગીતમંડળ ચાલતું. એણે તો કમાલ કરી દીધેલી, એ એવા સોરઠી અને લાંબી વાંકડિયા મુછાળા તથા માથે ઉદેપુરી પાઘડીના વેશમાં કે જોનાર ભૂલા જ પડી જતા કે 'આ સોરઠીઓ અહીં ક્યાંથી ઊતરી આવ્યા !' એ વચ્ચે વચ્ચે કૂદી કૂદીને ડાંડિયારાસ જમાવતા ત્યારે પોલીસો સુદ્ધાં ટોળે ટોળા જોવા માટે આસપાસ વિંટળાઈ વળતા. એની પાછળ સાજનમાં મોખરે પૂ.આ.શ્રી વિજયભુવનભાનસૂરીશ્વરજી મહારાજ આદિ વિશાળ મુનિપરિવાર અને એની પાછળ સેંકડો સ્થાનિક સંઘના અનેકાનેક બહારગામથી આવેલા ગૃહસ્થોની હારની હાર ચાલતી.

એ પછી ધારાવાડી એની પાછળ શીરપુરનું જૈન મંડળ બેન્ડ મધુરા સુરો છોડતું. એ પછી દાદાવાડી જિન ભક્તિમંડળ, ધુળિયા સંગીતમંડળ તથા શીતલનાથ મંડળ તથા માલેગામ યુવક મંડળ, ધર્મના નારા, કોરસ ગીતગાન વગેરેથી જનતાના કષાયતપ્ત હૃદયને ઠારતા દેખાતા. એની પાછળ શીરપુરના દેવવિમાનશા ચાંદીનારથમાં પ્રભુજી, પછી યેવલાના ભવ્ય રજતમય રથમાં પ્રભુજી અને ત્યારબાદ સીરસાલાના ચાંદીના ભવ્ય રથની અંદર પ્રભુજી, એમ ત્રણ રથો ચાલતા. એની પાછળ નામણદીવા સાથે વિશાળ મહિલા સમુદાય ચાલતો. એની પાછળ રક્ષક ટ્રકમાં કાર્યકરો લાઉડ સ્પીકરથી સૂચનાઓ વગેરેના સૂરે આકાશને વ્યાપ્ત કરી દેતા. વરઘોડાને ફરતા પોલીસો તથા હોમગાર્ડો બરાબર વ્યવસ્થા જાળવતા આમ વરઘોડો લગભગ ૦।।। માઈલ લાંબો હશે.

આ વરઘોડા નિમિત્તે ૧૦૦૦-૧૨૦૦ ગરીબોને પણ મિષ્ટાન્નનું ભોજન આપવામાં આવેલ.

હવે દશેરા લગભગથી ઉપધાન તપ કરાવવાની તૈયારીઓ ચાલી રહેલ છે.

અમદાવાદ ઓપેરા સોસાયટીમાં ૨૪ તીર્થંકર શ્રેણિતપની અપૂર્વ સમૂહ-આરાધના : ૬૦૦ આરાધકોનો ઊછળતો ઊછરંગ

અત્રે ચાતુર્માસ બિરાજમાન પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદવિજયજી મહારાજની પ્રેરણાથી શ્રાવક વદ ૮ અત્રેના સંઘને ચકિત કરી દેતી અને આખા અમદાવાદમાં સુવાસ ફેલાવતી વીસસ્થાનક તપની ઉપવાસથી સામુદાયિક આરાધના ૫૫૧ આરાધકોએ કરી. એમાં પોતાની અનોખી શૈલીમાં પૂજ્યશ્રીએ અરિહંત તત્ત્વને અદ્‌ભુત મહિમા સમજાવતાં શ્રી તીર્થંકરદેવના નામના અજબ ગજબના મહિમા ઉપર બહુ સુંદર પ્રસંગ કહ્યો અને તીર્થંકરોની ચારે નિક્ષેપાથી આરાધના કરવા શ્રી તીર્થંકર શ્રેણિતપની વાત મૂકી સૌએ વાત ઝીલી. શા. રતિલાલ મોતીલાલ ચાહવાળા તરફથી એકાસણા અને ભાદરવા વદ ૧૦ આરાધના કરાવવાનું જાહેર થયું. બપોરે વીસસ્થાનકના એક એક પદ ઉપર એકધાર્યું ૨।। કલાક માર્મિક પ્રવચન સાંભળી એનો અનેરો આનંદ અને ભાદરવા વદ ૧૦ શ્રેણિતપની આરાધનાનો મનોરથ લઈ આરાધકો વિખરાયા - પર્યુષણની આરાધના એમાંય સાંવત્સરિક પ્રતિક્રમણ સંઘને અવર્ણનીય થયેલ. પર્યુષણ બાદ ભાદરવા સુદ ૧૨ના વીસસ્થાનકનું મહાપૂજન **શા. રમણલાલ ફકીરચંદે** કરાવ્યું. અત્રે યોજાયેલ પ્રવચન શ્રેણિમાં આવતા હજારો માણસોએ શ્રેણિતપની આકર્ષક પત્રિકા વાંચી ભારતભરમાં કદાચ સર્વપ્રથમ થતી આ આરાધનાની મંગલ ગાથા અમદાવાદ શહેરમાં સર્વત્ર શરૂ થઈ. શ્રી મહાવીર જૈન શ્વે.મૂ.સંઘ એ માટેની ભવ્ય તૈયારીમાં લાગી ગયો. ૨૪ છોડ બાંધવાના હતા. ૨૪ પ્રભુજી પધરાવવાના હતા. જ્યાં છોડ લેવા ગયા, ત્યાં 'જોઈએ એટલા લઈ જાવ'નો આવકાર. પ્રભુજી કાળુશીની પોળેથી ડૉ. દિનકરભાઈની ઉદાર ભાવનાથી મળી ગયા. વીરસૈનિકો પોતાની રથ જેવી ગાડીમાં ધારાવાડી ધુપદીપ, થાળી, ડંકા સાથે પ્રભુજીને લઈ આવ્યા. સુંદર સજાવટ પૂર્વક ૨૪ પ્રભુજી બિરાજમાન થયા. ૪ વર્ષથી ઉપરની ઉંમરના ૬૦૦ આરાધકો ઉપસ્થિત થઈ ગયા હતા. તે તે પ્રભુજી આગળ નામના મંત્રનું બોર્ડ વાંચો ૨૫-૨૫ આરાધકો ભાદરવા વદ ૧૦ સવારે પ્રતિક્રમણ બાદ સ્નાત્ર ભણાવી પોતપોતાના પ્રભુજીની સામે બેસી ગયા. ૧૨૫ પુરુષો તે આગળ પુરુષોની પાંચ લાઈન, ને પાછળ સ્ત્રીઓની ૨૦ લાઈન હતી. ૮-૪૫ કલાકે પૂજ્યશ્રીએ મંગલાચરણ કર્યું. અને પછી આ આરાધના માટે ખાસ તૈયાર કરેલી **'શ્રી તીર્થંકર આરાધના'** પુસ્તિકા તથા ગીતના કાગળો વહેંચાયા. (૧)

એમાંથી પૂજ્યશ્રીએ સંગીતકાર શ્રી હીરાભાઈએ, ચતુરભાઈ, ચુનીભાઈ, ઈન્દુભાઈ અને રમણભાઈ વગેરેએ પોતાના મધુરકંઠે બુલંદ અવાજે ભક્તિભર્યા હૈયે સ્તુતિઓ ગાઈ અને સૌએ ઝીલી. ૬૦૦ આરાધકો જ્યારે એકી સાથે આ સ્તુતિઓ ગાતા હતા ત્યારે આ આારાધના જોવા આવનાર સૌના દિલ ડોલી જતા હતા. બાદ (૨) બાર ખમાસમણાં દેવાયા. (૩) ચૈત્યવંદનની શરૂઆત થઈ. પુસ્તિકામાં આપેલા ૨૪ સ્તવનોમાંથી વિવિધ રાગોમાં ૧૨ સ્તવનો ગવાયા પત્રિકામાં છાપેલું સાધારણ જિનનું સ્તવન પણ સૌએ ઝીલ્યું અને સૌ જાણે ભક્તિરસમાં નહાયા. (૪) ચૈત્યવંદન બાર ૧૨ લોગરસના કાઉસ્સગ્ગનો વિધિ થયો. કાઉસ્સગનો હેતુ તથા તેમાં ધ્યાનસ્થ કંઈ રીતે બનવું તેની પૂ. ગણિવરશ્રીએ સુંદર રીતે સમજ આપી હતી. (૫) તે પછી ૨૪ તીર્થંકર પ્રભુના નામનું શું રહસ્ય છે એમાં કેટલું સામર્થ્ય છે. એ નામ પડવામાં સામાન્ય વિશેષ કારણો શું હતા, નામ નિક્ષેપે કરેલી શ્રી તીર્થંકર પ્રભુની આરાધના શું મહાન લાભ આપે છે, તે સુંદર રીતે સમજાવવામાં આવ્યું. બાદ (૬) અદ્‌ભુત રસભરી **'અરિહંત વંદનાવલી'**- સ્તુતિનો પ્રારંભ થયો. પૂર્વ મહર્ષિરચિત નમસ્કારાવલિકા નામના ગ્રંથના આધારે શાહ ચંદુલાલ સકરચંદભાઈ (શ્રીચંદ્ર) રચિત આ ગુર્જર સ્તવનમાં શ્રી અરિહંત ભગવંતોને ૧૦૮ વંદના કરવામાં આવી છે. ઘણા જ લલિત, મધુર શબ્દોમાં શ્રી અરિહંતો માતાના ગર્ભમાં આવે, ત્યારથી માંડીને નિર્વાણ પામે ત્યાં સુધીની ઘટનાઓનું એમાં ભવ્ય વર્ણન છે. કડીઓ ગાતા પહેલાં પૂજ્યશ્રી એના ગંભીર ભાવોને કહેતા હતા. ગાન અને જ્ઞાન સાથે ધ્યાનમય કેમ બનવું તે પણ સમજાવતા હતા. તેથી આ સ્તવનાએ ૬૦૦ આરાધકોને ભક્તિરસમાં ગળાબુડ ડુબાડી દીધા. થોડી કડીઓ બાદ (૭) ૨૪ તીર્થંકર પ્રભુની ધૂન ગવડાવી ૧૧।।। વાગે સર્વમંગલ કરવામાં આવ્યું.

તે પછી સૌ આરાધકોને નજીકમાં જ નવા વિકાસગૃહના વિશાળ હોલમાં એકાસણા માટે આવકાર્યા. મોટી સંખ્યામાં સંઘના કાર્યકરભાઈઓ તથા શ્રી મહાવીર યુવક મંડળના સભ્યો ભક્તિ માટે સજ્જ હતા. ૩ દ્રવ્યનું આ એકાસણું હતું. પૂજ્ય મહારાજશ્રીએ જમતા બોલવાનું નહિ, અને થાળી ધોઈને પીને ઊઠી ગયા, તે નિમિત્તે એક ભાગ્યશાળીએ ૧૦ નવા પૈસાની પ્રભાવના કરી. પછી સૌ બીજી પ્રભાવનાઓ લઈ આ અપૂર્વ પ્રસંગનો આનંદ લૂંટતા વિખરાયા. બપોરે ૨-૩૦ કલાકે આરાધના હોલ ચિક્કાર ભરાઈ ગયો. પૂ. મહારાજશ્રીએ મંગલાચરણ કર્યું. (૧) ૨૪ તીર્થંકર પ્રભુના ચરિત્રો સંભળાવાયા. આ ચરિત્રો સાંભળવાની જીવનમાં લગભગ ઘણાઓને પ્રથમ તક હતી. ગ્રીષ્મના તાપમાં તપેલાઓએ જાણે અમૃતપાન મળ્યું એવું દશ્ય દેખાતું હતું.

(૩) ત્યારબાદ પાછી **'અરિહંતવંદનાવલી'**ની રંગત જામી. પછી (૪) બાકીના ૧૨ સ્તવનોની રમઝટ મચી અને પૂજ્યશ્રીએ (૫) છેલ્લે છેલ્લે પ્રભુ ભક્તિનો અનરાધાર મેઘ વરસાવ્યો. **હેમચંદ્રસૂરિ મ. સિદ્ધસેનદિવાકરસૂરિ મ., કુમારપાળ મહારાજા, ધનપાલ કવિ, પ્રભુસૂરિ મ.** વગેરે પૂર્વના મહાપુરુષોએ તથા ઈન્દ્રાદિદેવોએ પ્રભુ પ્રત્યે જે હૃદયના ઉદ્‌ગારો કાઢ્યા, ભક્તિના ભાવો પ્રગટાવ્યા, તેનો ચિતાર ખડો કરતાં, આરાધકો જાણે કોઈ નવી દુનિયામાં વિચરતા આનંદ-વિભોર બની જીવનમાં આવો અનેરો ભક્તિરસ મળવા બદલ ધન્યતા અનુભવી રહ્યા હતા. જીવનમાં આજના દિવસની મહાન સફળતા લાગી અને પૂ. ગણિવરશ્રીની નિશ્રામાં આવી આરાધનાનો પાછો ધન્ય અવસર મળે એ ઝંખના જાગી અંતે તીર્થંકર ધુન ૩ વાર ચોવીસ તીર્થંકરદેવના નામનો પવિત્ર મંત્ર સંભળાવી સર્વ મંગળ થયું. સાંજે ૭ વાગે સૌ વિખરાયા. રાત્રે પ્રતિક્રમણ બાદ ભાવનાની અનેરી રંગત જામી. આરતી ઉતારી જિનશાસનના જયનાદ ગજવી આરાધકો વિખરાયા.

• **અમલનેર :** અત્રેથી ઉત્તર મહારાષ્ટ્રના આગેવાન દીક્ષાર્થી ભાઈશ્રી નેમિચંદજી કોઠારી, તથા માલેગામથી મહારાષ્ટ્રના આગેવાન દીક્ષાર્થીભાઈ શ્રી કાંતિલાલ વકીલ તેમજ પાચોરાના આગેવાન ગામે ગામ અર્હત્‌પૂજનનું અનુષ્ઠાન કરાવનાર દીક્ષાર્થી ભાઈશ્રી ઓંકારમલજી તથા પીંપળગામના આગેવાન દીક્ષાર્થી ભાઈશ્રી છોટાલાલ પોતાની દીક્ષા તથા બીજી અનેક દીક્ષાઓ અમલનેરમાં પરમશાસનપ્રભાવક પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે થાય એ માટે પૂ. આચાર્ય ભગવંતને અમલનેર પધારવા પૂના આસો સુદ ૧૫ વિનંતી કરવા ગયેલા. ત્યાં વ્યાખ્યાન સભામાં દીક્ષાર્થીઓએ સંઘપૂજન કર્યું અન પૂજ્યશ્રીને વિનંતી કરી મુહૂર્ત આપવા પણ અરજ કરી. પૂ. આચાર્યદેવશ્રીએ મહાન કૃપા કરીને ફરમાવ્યું કે દીક્ષાર્થીઓનું મુહૂર્ત મહા સુદ ૧૩ તા.૨-૨-૧૯૭૭ સોમવારનું સ્થળ અમલનેર અને પોતાનો પૂનાથી અમલનેર તરફ વિહાર પ્રાયઃ કારતક વદમાં ત્યાં સભામાં જૈન શાસનનો અને પૂ. આચાર્ય ભગવંતનો જય જયકાર બોલાયો. આ સમાચાર અત્રે અમલનેરમાં વ્યાખ્યાન સભામાં જાહેર થતાં સંઘને આનંદ આનંદનો પાર રહ્યો નહીં. અત્રે ઉપધાનમાં લગભગ ૨૭૧ આરાધકો એમાં ૬૯ન બાળકો, તથા ૩૦ બાળિકાઓ છે. ને માળવાળામાં ૨૦૦ છે ઉપધાન ખૂબ ઉલ્લાસથી ચાલી રહ્યાં છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૫,અંક-૨૦,તા.૨૨-૧-૧૯૭૭

મુંબઈમાં લગભગ ૧૦૦ દીક્ષાર્થીઓના ભવ્ય અભિનંદનનો અભૂતપૂર્વ સમારોહ

અમલનેર નગરે મહા સુદ ૧૩ના રોજે દીક્ષા લેનાર પચીસેક દીક્ષાર્થીઓએ મુંબઈવાસી સંઘને ઘેલું લગાડ્યું તે શેઠ માણેકલાલ ચુનીલાલ શેઠ કુંદનલાલ ઝવેરી, શેઠ અમૃતલાલ શાપરિયા, શેઠ રસિકભાઈ ઘીયા વગેરે ઉદારમનસ્ક ગૃહસ્થોને એમનું સન્માન કરવાનું મન થયું. સાથે વઢવાણ સુરેન્દ્રનગર ઝીઝુંવાડા વગેરે સ્થળોએ પણ દીક્ષા લેનારનું પણ સન્માન કરવું એ નિર્ણય લેવાયો. આમાં સંયમમૂર્તિ પૂ. પંન્યાસજી શ્રી ચરણવિજયજી મહારાજની નિશ્રામાં પૂ.આ.શ્રી વિજયભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્યરત્ન જોશીલા વ્યાખ્યાનકાર પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજનાં વ્યાખ્યાનોએ ભારે ઉત્સાહ જગાવ્યો. ભારતભરના દીક્ષાર્થીઓને આ પ્રસંગે આમંત્રવા માટે મુંબઈ સમાચાર વગેરેમાં જાહેરાત અપાઈ. પરિણામે ૧૧૩ દીક્ષાર્થીઓનાં નામ નોંધાયા. એમના સન્માન કરવા માટે ઉદાર ફાળો નોંધાવવામાં પડાપડી થઈ તે લગભગ ૧૩૫ નામ નોંધાયા પછી ના પાડવી પડી. પોષ વદ ૪ રવિવારે આઝાદ મેદાનથી દીક્ષાર્થીઓનો અતિ ભવ્ય વરઘોડો નીકળ્યો. એકેક ગાડીમાં બબ્બે દીક્ષાર્થીઓ વરસીદાન ઉછાળી રહ્યા હતા. આવી ગાડીઓની લાંબીલચક કતારમાંથી ભરચક નાણું બહાર ફેંકાતું જોઈ પ્રેક્ષકોને ક્ષણભર પૈસા એટલે કુછ નહીં લાગતું હતું. વરઘોડામાં ૨૦-૨૫ બેન્ડબાજા તથા સંગીત મંડળો વગેરે અનેક પ્રકારની શોભા સાથે હજારોનું સાજન દીપતું હતું. લાખો માણસોએ આ વરઘોડો નિહાળેલો. બહારગામોથી પણ આ જોવા માટે જૈનો વિશાળ સંખ્યામાં ઉતરી પડેલા. એમને એમ લાગતું કે જો આ જોવા ન આવ્યા હોત તો અભાગિયા રહી જાત. કેવો અભૂતપૂર્વ આ વરઘોડો ! છેલ્લા ૨૦૦-૪૦૦ વરસમાં આ રીતે દૂર દૂરથી એક જ સ્થાને આટલી વિશાળ સંખ્યામાં દીક્ષાર્થીઓ આમંત્રાયા હોય અને એમનો વરસીદાન વરઘોડો નીકળ્યો હોય એવું ભાગ્યે જ બન્યું હોય.

વરઘોડો કાલબાદેવી પ્રીન્સેસ્ટ્રીટ ઝવેરી બજાર ગુલાલવાડી વી.પી.રોડ, સેન્ડહર્સ્ટ રોડ, થઈ ચોપાટી પહોંચેલ. બાદ સાધર્મિક વાત્સલ્ય ખૂબ જ શિસ્તબદ્ધ વ્યવસ્થાથી થયેલ. બપોરે ચોપાટી મેદાન પર બંધાયેલ વિશાળ મંડપમાં શેઠ માણેકલાલ ચુનીલાલના પ્રમુખપદે દીક્ષાર્થીઓને અભિનંદન આપવા મેળાવડો થયેલ. એમાં ૫૦-૬૦ હજાર કે લાખ જેવી માનવમેદની એકત્રિત થયેલ. સન્માન ભાષણો પછી

તે તે જાણે તે તે દીક્ષાર્થીને પહેરામણી કરેલી. બીજા પણ ભાવુકો પહેરામણી કરવા આગળ આવેલા. દરેક દીક્ષાર્થીને રૂા. અઢીસોની પહેરામણી તથા એક ભાગ્યશાળી તરફથી કામળ અપાયેલ.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૫,અંક-૨૧,તા.૨૯-૧-૧૯૭૭

દીક્ષા ઘેલું મહારાષ્ટ્ર

આજે મહારાષ્ટ્ર દીક્ષા ઘેલું બનેલું છે ઘેર ઘેર દીક્ષાની વાતો થાય છે. નાના છોકરાઓ પણ પોતાના માવરોને મને દીક્ષા લેવી છે ! 'મા' મને 'દીક્ષા' અપાવો એવી માગણી કરે છે. દરેક ઘરમાં સંવાદ સંભળાય છે. ધણી કહે હું અમલનેરના દીક્ષા ઉપર જવાનો છું. તો પત્ની કહે છે 'હું પણ આવીશ,' છોકરાઓ કહે છે "અમારે તો અમલનેર જવાનું જ છે ?" તો ઘર કોણ સંભાળશે ? તાળું લગાડીશું-પણ અમો સર્વે અમલનેર જવાના જ છે. પાટીયા લાગ્યા છે કે મહારાષ્ટ્રમાં અનેરી રીતે ઉજવાઈ જનાર આ મહાન દીક્ષા પ્રસંગે ઘેરે કોઈ બેસી રહેશે નહીં. આજે દીક્ષા લેનારની અનુમોદના કરી ફળ નિપજાવીશું અમારા હૈયાના ભાવ છે કે **આ દીક્ષા જોઈ અમારા ઉદયમાં એવી જ દીક્ષા આવો આ ભવે આવે તો સારું નહીં આવે તો આવતા ભવે તો જરૂર મળો.** એવી ભાવનાઓ દીક્ષાર્થીભાઈઓની સમક્ષ મુકાય છે. હજારો નરનારી દીક્ષાર્થીઓની અંતઃકરણ પૂર્વક અનુમોદના કરીને, દીક્ષાના ગીતો ગહુલીઓ ગાઈને દીક્ષાનો નાદ ગુંજાવી મૂક્યો છે. ઠેરઠેર દીક્ષાના મેળાવડાઓ થઈ રહ્યા છે.

દીક્ષાર્થી ભાઈબહેનોને ભાવ ઉલ્લાસપૂર્વક સન્માનનાં આમંત્રણો અપાય છે અને જોવા મળે છે કે સંસાર સાગરમાં એક જ તુફાન ઉઠ્યું છે. દીક્ષાના પહાડ જેવા મોજા ઉછળી રહ્યા છે, તોફાન જાગ્યા છે, સાગર મસ્તીમાં ચઢ્યો છે, અને તેમાં સંયમનો સઢ લગાડીને દીક્ષાનું આ જહાજ સહી સલામત ચાલી રહ્યું છે.

દરેકના મોઢે આજે દીક્ષા દીક્ષા અને દીક્ષા છે. મુંબઈના સાગર તટે ૧૦૦ દીક્ષાર્થીઓના સન્માનમાં બહુમાનનો મેળાવડો થયો. તેમના બહુમાનમાં વર્ષીદાનનો મહાન સુંદર સંસ્મરણીય અને અપૂર્વ એવો વરઘોડો નીકળી, મુંબઈના રાજમાર્ગે ફર્યો શું અપૂર્વ એવું દશ્ય હતું. મુંબઈના જૈન જૈનેતરો જાણે દીક્ષાઘેલા બની, દીક્ષાર્થીઓને વધાવી રહ્યા હતા. તેમની આંખોના કેવા ઊંચા ભાવ રમતા હતા ! તેમના હૈયા કેવા પુલકીત થઈ ગયા હતા ! તેઓ જાણે અદ્ધર થઈ ગયા હતા.

ઉર્મિઓ ખૂબ જાગી હતી. 'શ્વાસ, ઉચ્છ્વાસમાં પણ દીક્ષા રમતી હતી. રોજની સંસારની જંજાળમાંથી છૂટી સવારે ૮ વાગેથી સાંજના ૬ વાગે સુધી આ મોહ માયા નગરીના માનવીઓ દીક્ષાર્થીઓના પાછળ પાગલ બની ગયા હતા. બધું પૂર્વકાળના મહાન દીક્ષા પ્રસંગોની ઝાંખી કરાવે તેવું હતું !'

લાખો રૂપિયાનું દાન અપાયું. રૂપિયા પૈસાની છોળો ઉછાળાઈ. આ વર્ષીદાનમાં અપાયેલા નાણાં ઘરે ઘરે દીક્ષાનો અપૂર્વ સંદેશો લઈ ગયા છે તે નાણાં જ્યાં હશે ત્યાં ત્યાં દીક્ષાની યાદ હશે. તે દીક્ષાના ભાવ જગાવશે. અનેકના હૈયા પુલકિત કરશે. અનેકોને આપણા તારક તીર્થંકર ભગવાનોનો અમર સંદેશ પહોંચાડશે, અને અનેક જીવને ધર્મ પમાડશે. અને ઊંચી ઊંચી ધર્મપ્રભાવના શાસન પ્રભાવના કરશે.

આજે ઉછાળેલા નાણા ખેડૂત જેમ ખેતરમાં અનાજ વાવે છે તેમ ધર્મના બીજ વાવશે. અને સમય આવતા તેનો પાક લણવા, આખી દુનિયાને કટીબદ્ધ થવું પડશે જ્યારે તેની સંખ્યામાં અનેકગુણો વધારો થયો હશે.

ભવિષ્યનું આજે શું કહી શકાય ? પણ ભાવી સારું દેખાય છે ઉજળું દેખાય છે એ પ્રતાપ છે. આ કાળનો, અને કાળને સુધારનાર એ મહાપ્રતાપી એ મહાનપ્રભાવક મહાનત્યાગી, તપસ્વી તેજસ્વી અને શૂરવીર એવા ગીતાર્થ આચાર્ય ભગવંતોના, મુનિ મહારાજાઓ અને સાધ્વીજી મહારાજાઓનો જેઓએ સંયમનો નાદ ગુંજવાતો રાખ્યો. ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીના કાળથી ભગવાન શ્રી મહાવીર સ્વામીના કાળ સુધી પરંપરાએ જીવતો અને જાગતો રાખ્યો. ત્યારપછી ત્યાં શ્રી સુધર્માસ્વામીની પાટ પરંપરાથી આજ સુધી જીવતા જાગતા સંયમ ધર્મનું શાસન આજ્ઞાઅનુસાર પાલન કરી આપણા સામે અદ્‌ભુત તરવાનું મહાન સાધન લાવીને મૂક્યું. તે મહાત્માઓનો અનંત ઉપકાર છે. તે ઉપકારનો સ્મરણ કરી કરીને મહારાષ્ટ્ર આજે પાવન થઈ રહ્યું છે. મહારાષ્ટ્રનો ઉદ્ધાર થઈ રહ્યો છે. મહારાષ્ટ્ર આજે મહાન બની રહ્યો છે ધન્યતા અનુભવી રહ્યો છે. દીક્ષાનું મહાત્મ્ય છવાઈ રહ્યું છે. દીક્ષાનો સોનાનો સૂરજ ઉગી રહ્યો છે. હવે તિમિર નાશ પામ્યું છે અને પ્રકાશ પથરાયો છે. અમારા કલ્યાણનો માર્ગ અમોને જડ્યો છે જે માર્ગે જઈ મહારાષ્ટ્રની જૈન જૈનેતર જનતા આત્મકલ્યાણ સાધ્યા વગર રહેશે નહીં. એવો વિશ્વાસ આજે જાગી ગયો છે. દીક્ષાની ઘેલછાએ મહારાષ્ટ્રને શાણો બનાવેલ છે. આજે સમગ્ર મહારાષ્ટ્ર દીક્ષા ઘેલું બનેલ છે એને ધન્ય છે અને ધન્ય અવસરને !

"જૈનં જયતિ શાસનમ્"

૨૬ દીક્ષાઓની ભવ્ય ઉજવણી

- સ્વ. પૂ. પરમગુરુદેવશ્રી સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની ચમકેલી પુણ્યપ્રભા.
- ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં ધર્મથી ધમધમી ઊઠેલું અમલનેર નગર.
- ૨૬ દીક્ષાઓ તથા મંદિરપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ.
- ભારતભરના ગામ-નગરોમાંથી ઊમટી પડેલ ૨૫-૩૦ હજાર જૈનો.
- સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજથી પ્રતિબોધિત ઉત્તર મહારાષ્ટ્રના ત્રણ માંધાતાઓએ સર્જેલો વિક્રમ

પરમશાસન પ્રભાવક ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજના વરદહસ્તે મહા સુ. ૧૩ બુધવારે અમલનેર નગરમાં એક સાથે ૨૬ દીક્ષાઓ થવાનો ઐતિહાસિક પ્રસંગ ઉજવાઈ ગયો. આ આ થવાનો મૂળ યશ સ્વ. વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજાએ પ્રતિબોધેલા મહારાષ્ટ્રના ત્રણ માંધાતાઓ, માલેગામના વકીલ શ્રી કાન્તિલાલ વીરચંદ, અમલનેરના શાહસોદાગર શ્રી નેમિચંદજી કોઠારી તથા પાચોરાના ઉદ્યોગપતિ શ્રી ઓમકારમલજી અર્હત્પૂજનવાળાને ફાળે જાય છે.

સવાલ થાય કે 'ત્રણમાંથી છવ્વીસ સુધી દીક્ષાઓનો આંક શી રીતે પહોંચી ગયો ?' એનો ઉત્તર એક નાનકડો ઈતિહાસ છે; સુવિશાળ ગચ્છાધિપતિ સ્વ. સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્નો પૂ.આ.શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી વિ.સં. ૨૦૩૨માં ઉત્તર મહારાષ્ટ્રમાં પધાર્યા. માલેગામ સંઘે યોજેલી ધા.શિ. શિબિરમાં પ્રવચનો થયા; પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજે પોતે માલેગામ ચોમાસું નક્કી કરી પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ને અમલનેરમાં ચોમાસું રાખ્યા; કેમકે બંધુ યુગલ શ્રી નેમિચંદજી અને મિશ્રીલાલજીએ પોતાના બહોળા કુટુંબમાંથી અનેક ભવ્યાત્માઓના ઉદ્ધારનો સંભવ હોઈ, એમના ચાતુર્માસિની આગ્રહભરી વિનંતી કરેલી.

ઉત્તર મહારાષ્ટ્રના ઉદ્ધારક યશોદેવસૂરિજી : આમે ય અમલનેર સહિત ઉ. મહારાષ્ટ્ર ઉપર સ્વ.પૂ.આ. વિજય યશોદેવ સૂ.મહારાજનો અનન્ય ઉપકાર વરસ્યો

છે. અનેક સ્થળે સમ્યગ્દર્શનનો દીપક જિનમંદિરનાં નિર્માણ, જીર્ણોદ્ધાર, અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવો, ઉદ્યાપનો, જ્ઞાન-તપ-જપ ધર્મની યશોગાથા સમા ઉપધાન, સંઘયાત્રાઓ, વગેરે થવા સાથે એઓશ્રીના પ્રખર ઉપદેશથી સંઘોમાંથી કલહ કુસંપો દૂર થયાં, દેવદ્રવ્યાદિ ધર્મખાતાઓ ચોકૂખા થયાં, અનેકોને દેવદ્રવ્યના દેવાં વ્યાજ સાથે ભરપાઈ કરાવી બચાવ્યા, મંદિરમાં જરૂરી પૂજન સામગ્રીની વાર્ષિક ઉછામણી ચાલુ કરાવીને દેરાસર સાધારણ ખાતું તરતું કરાવ્યું. હજારોને વિવિધ શ્રાવક ધર્મના આચાર-વ્રત-નિયમોમાં આણ્યા, ૯ લાખ નવકાર જાપમાં જોડ્યા. ભવ-આલોચના કરાવીને પાપશલ્યોના ઉદ્ધાર કરાવ્યા...સારાંશ ઉ. મહારાષ્ટ્રની ધરતી એઓશ્રીના વર્ષોના વિહારથી ધર્મપ્લાવિત બની ગઈ. પૂજ્યશ્રીના સ્વર્ગવાસ પછી એઓશ્રીના શિષ્યરત્ન પૂ. ધર્મપ્રભાવક આચાર્યદેવશ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ. પણ ગુરુજીના પાવન પગલે પગલે એવો ઉપકાર કરતા રહ્યા છે.

વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.નું ઐતિહાસિક ચોમાસું :

આવી ધર્મભાવિત ઉત્તર મહારાષ્ટ્રની ધરતી પરના અમલનેરમાં પૂ.આ.શ્રી વિજયભુવનભાનુ સૂરી.મ. નું વિ.સ. ૨૦૩૨ નું ચોમાસું યાદગાર બની ગયું. એઓશ્રીના જ્વલંત સંવેગ-વૈરાગ્યના ધોધ વરસાવતાં સવારના પ્રવચનોએ તથા બપોરના એઓશ્રીના પ્રશિષ્યરત્ન પૂ.મુ.શ્રી રત્નસુંદર વિજયજી મ.ના જોશીલા વ્યાખ્યાનોએ ધર્મતેજનાં પૂર પ્રસર્યા. શ્વે. મૂર્તિપૂજક જૈનોના ૧૫૦ ઘરના આ નગરમાં સંખ્યાબંધ નાના બાળક-બાળિકાઓ સહિત સોએક જણે વર્ધમાન આંબેલતપના પાયા નાખ્યા. પછી ૨૫ માસક્ષમણ સાથે અઠ્ઠાઈ તથા ઉપરની તપસ્યા ૧૧૦ જણે કરી. ૧૭૫ જણે ઉપધાન આરાધ્યા, જેમાં ૩૩ન બાળક બે ૩૩ન બાળિકાઓ હતી. માળાનો ઐતિહાસિક વરઘોડો નીકળ્યો જે પસાર થતાં ૧-૧। કલાક લાગ્યો. આ બધાના ફળશરૂપે ૬ માસમાં જ દેવવિમાનશું શિખર બંધી ભવ્ય જિનમંદિરનું નિર્માણ અને એની પ્રતિષ્ઠા તથા ૨૬ દીક્ષાઓ પોણાત્રણસો સાધુ-સાધ્વી અને ભારતભરમાંથી ઊતરી આવેલ ૨૫-૩૦ હજાર જૈનોની હાજરીમાં થઈ.

વૈરાગ્યરંગી આત્માઓનો વધતો જતો આંક -

પૂ.આચાર્યદેવશ્રીનાં પ્રવચનોએ દીક્ષાર્થી નેમિચંદભાઈના મનોરથ ફળ્યા. એમનો સૌથી નાનો સુપુત્ર રાજેશ (ઉ.વર્ષ ૧૪) પિતાજીની સાથે જ દીક્ષા લેવા તૈયાર થઈ ગયો. એમની એક સુપુત્રી પ્રતિભા મિશ્રીલાલની ૩ સુપુત્રીઓ તથા બેનની સુપુત્રી પ્રતિભા (હર્ષા) મગનલાલ દહાણુવાસી તેમજ પિતરાઈ ભાઈ મદનલાલની બે સુપુત્રીઓ પણ તૈયાર થઈ ગઈ. એમ ઉપધાનમાં બીજા પણ અનેક આત્માઓ

વૈરાગ્ય રંગે રંગાઈ તૈયાર થયા.

અમલનેરમાં આમ સંખ્યાબધ દીક્ષાઓ એકસાથે થનાર છે જાણી પૂ. આચાર્યદેવશ્રીના ઉપદેશથી નડિયાદના દીક્ષાર્થી બાળ કુમારપાળ તથા દિવ્યાકુમારી, ધુળિયા-ધમાસાના બાળ દીક્ષાર્થી સુરેશકુમાર પાટિલ, ભાવનગરના વીરેન્દ્રકુમાર, રાધનપુરી કિરીટકુમાર, મદ્રાસના બાળ કિશોરકુમાર અને દહાણુરોડના પ્રતિભાબેનના કુટુંબીજનોએ પોતપોતાના સ્થાને દીક્ષા અપાવી શકે એમ હોવા છતાં અત્રે અમલનેરમાં જ દીક્ષા અપાવવાનું નક્કી કર્યું.

એમાં વળી પૂ.આ.શ્રીની અને નેમિચંદજી વગેરે ત્રણ પ્રમુખ દીક્ષાર્થીઓની આગ્રહભરી વિનંતીથી ગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પૂનાથી લાંબો વિહાર કરીને પણ અમલનેર દીક્ષાઓ આપવા માટે પધારવાનું કબૂલ કર્યું; તેથી નાસિક, સંગમનેર, પીપળગામ બસવંત, પૂના, મુરબાડ, વગેરેના દીક્ષાર્થી કુમાર-કુમારીકાઓના કુટુંબીજનોએ પણ અત્રે દીક્ષા અપાવવાનું નક્કી કર્યું.

દીક્ષાર્થીઓનો વરઘોડો-સન્માન :

એક બાજુ પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પોતાના વિશાળ પરિવાર સાથે ચોમાસું ઊતર્યે પૂનાથી અમલનેર તરફ વિહાર પ્રારંભ્યો. ગામે-ગામ એઓશ્રીના અપૂર્વ સ્વાગત પ્રવેશ અને સંસાર-સુખની અસારતા પરની પ્રચંડ ધર્મદેશનાએ શાસન-પ્રભાવના અને ધર્મપ્રભાવનાની રંગરેલ પ્રસરતી ચાલી. બીજી બાજું ત્રણ પ્રમુખ દીક્ષાર્થીઓના ભારતના વિવિધ પ્રાંતોમાં દીક્ષા-અભિનંદનના મેળાવડા થતા ચાલ્યા. ઉત્તર મહારાષ્ટ્રમાં તો નાના નાના ગામોમાં પણ સન્માન યોજાયાં. બીજા પણ દીક્ષાઓનાં પોતપોતાના અને આજુબાજુના નગરોમાં પણ મેળાવડા ખૂબ ગાજ્યા. દા.ત. નડિયાદમાં સૌથી નાના બાળ દીક્ષાર્થી કુમારપાળ કિરીટભાઈના દાદા શ્રી ચંદુલાલ મગનલાલ ગાંધીએ કાઢેલ કુમારપાળ અને દિવ્યાના વરસીદાનના ભવ્ય વરઘોડા તથા સન્માન સમારંભે આખું નડિયાદનગર ઘેલું બનેલું. જૈનેતરો પણ આવીને વરસીદાનની કૂંડીમાં નાણું નાખી જતા. ભાવનગરમાં દીક્ષાર્થી વીરેન્દ્રકુમારના પિતાશ્રી લહેરુભાઈ તથા ભાઈશ્રી રાજુભાઈએ યોજેલ લાંબા બોધલખાણોનાં સારીનના ૫૦ બેનરો સહિત ધજાપતાકા કમાનોથી નગર-શણગાર, અતિભવ્ય દીક્ષા વરસીદાનનો વરઘોડો, દાદાસાહેબ-મંડપમાં વીરસૈનિકોનો સ્નાત્રમહોત્સવાદિ ભરચક કાર્યક્રમ, બાબુભાઈ કડીવાળા હસ્તક સિદ્ધચક્રપૂજન, બાળ સંગીતકાર હિમાંશુનો પૂજાભાવનાનો અભૂતપૂર્વ પ્રોગ્રામ, સંઘ તરફથી

અભિનંદન મેળાવડો તથા બીજા અનેક મેળાવડા ને વાયણાં-વરઘોડાથી ભાવનગર હિલોળે ચઢેલું. એવું માલેગામ, પાચોરા, પીંપળગામ, નાસિક, સંગમનેર, ધુળિયા, રાધનપુર, પૂના વગેરે પણ દીક્ષાર્થીઓનાં સન્માન-વરઘોડાથી ધમધમી ઊઠેલા.

અલબેલી મુંબઈમાં અભૂતપૂર્વ વરઘોડો :

પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ. ના પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ. ના દાદર ચોમાસામાં વૈરાગ્ય ઝરતા પ્રવચનોએ મુંબઈવાસીઓને ધર્મરંગે રંગેલા, તે શ્રીપાલનગર પધારતા એમણે ભાવિકો આગળ પ્રસ્તાવ મૂક્યો કે અમલનેરમાં થોકબંધ દીક્ષાઓ થનાર છે તો એ દીક્ષાર્થીઓ અને બીજે પણ દીક્ષા લેનાર દીક્ષાર્થીઓનો મુંબઈમાં એક સમૂહ વરસીદાન વરઘોડો અને અભિનંદન સમારોહ મુંબઈ સંઘે તો ખાસ યોજવો જોઈએ. વડીલ પૂ. પંન્યાસજી શ્રી ચરણવિજયજી મહારાજે એને સમર્થન આપ્યું. આ તો અલબેલી મુંબઈ, પૂ. શ્રીના ઉપદેશની જ વાર હતી. તે મળતાં તરત દીક્ષા-અભિનંદન સમિતિ નીમાઈ ગઈ. બહારગામ દીક્ષાર્થીઓનાં કુટુંબીજનોને દીક્ષાર્થીને લઈને મુંબઈ પોષ વદ ૪ ના વરઘોડા પૂર્વે પધારવા નિમંત્રણો ગયાં. અહીં એકેક દીક્ષાર્થીનું સન્માન કરવા રૂા. ૧૫૦૦-૧૫૦૦ નું દાન કરનારનાં નામ નોંધાવા માંડતા નામો લખાવવા પડાપડી થઈ. તે ૧૧૩ દીક્ષાર્થીઓનાં નામો મળ્યાં પણ લાભ લેનારનો આંક સવાસો ઉપર પહોંચ્યો ! પછી નામો નોંધવા બંધ કરવા પડ્યા. લગભગ ૧૦૦ દીક્ષાર્થી આવી શક્યા. શ્રેષ્ઠી શ્રી કુંદનલાલ ઝવેરી, શ્રી રસિકભાઈ ઘીયા, શ્રી ભાણાભાઈ, શ્રી નરોત્તમદાસ મોદી, શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહ વગેરેનાં અદ્‌ભુત આયોજનથી પોષ વદ ૪ રવિવારે શણગારેલી એકેક ગાડીમાં ૨-૨ દીક્ષાર્થીઓ અનેકાનેક બેંડબાજા-મંડળીઓ-પ્રભુજીના રથ લાખેકનું સાજન વગેરેથી શોભતો દીક્ષાવરસીદાનનો બહુ લાંબો વરઘોડો ચડ્યો. આઝાદ મેદાનથી ચડીને મુંબઈના રાજમાર્ગોએ ફરી ચોપાટી ઊતર્યો. લગભગ ૫૦ હજાર સાધર્મિકોની જમણ ભક્તિ થઈ. બપોરે ચોપાટી મેદાનના મોટા મંડપમાં શેઠશ્રી માણેકલાલ ચુનીલાલના પ્રમુખ પદે ૫૦-૬૦ હજારની મેદની વચ્ચે દીક્ષાર્થીઓનો સન્માન મેળાવડો થયો. એકેકને વરસીદાનમાં ઉછાળવા રૂા. ૫૦૦-૫૦૦નું પરચુરણ અપાયેલ, અહીં ૨૫૦-૨૫૦ ની પહેરામણી તથા ૧-૧ કામળી અપાયેલ. નવ વર્ષની ઉંમરના બાળ કુમારપાળે માઈક પર સુંદર વક્તવ્ય કરતાં સભા ચકિત થઈ ગયેલ. બાકી મુમુક્ષુ વીરેન્દ્રના વક્તવ્યે ભારે પ્રભાવ પાડ્યો.

અમલનેરમાં વિરાટ આયોજન :

અમલનેરમાં એક સાથે ૨૫ દીક્ષા, ૩૧ દીક્ષા...વગેરેના નાદ ભારતભરમાં ગાજતા થઈ ગયેલા. **'અમારે અમલનેર દીક્ષાઓ જોવા જવું છે.'** એવું ગામેગામ અને શહેરશહેર બોલાતું થઈ ગયેલું. તેથી કમમાં કમ ૨૫ હજાર સાધર્મિકો બહારથી આવવાના એવી ગણતરીથી એની સુવ્યવસ્થા માટે ખરતરગચ્છના આગેવાન શેઠ શ્રી ખેતમલજીના પ્રમુખપદે અમલનેર દીક્ષા મહોત્સવ સમિતિ નીમાઈ અને સમસ્ત આયોજનનું નેતૃત્વ બહુ ભારપૂર્વકની વિનંતી સાથે શિબિરસંચાલક શ્રી કુમારપાળ વિ. શાહને સોંપવામાં આવ્યું. એમણે મુંબઈથી વારંવાર અત્રે પધારી આખું આયોજન ભારે કુનેહ, ચીવટ તથા રાતદિવસના પરિશ્રમથી કરવા માંડ્યું. નિવાસ કમિટી, ભોજન કમિટી વગેરે કમિટીઓ નક્કી કરી સૌને કાર્યવાહી સોંપતા રહ્યા. બીજી બાજુ દીક્ષાર્થી નેમિચંદજીના ભાઈ શ્રી મિશ્રીલાલે પોતાની બહોળી લાગવગ અને સમિતિના સહકારથી નગરપાલિકા, કેળવણી બોર્ડ, વેપારી મહાજન, ડે.કલેક્ટર, સ્ટેશન માસ્તર, પોલિસ સુપરિ. વગેરેનો સહયોગ સાધ્યો. નગરપાલિકાએ પોતાના હોલ, મુકામો ઉપરાંત મરાઠી શાળાઓ સોમ-મંગળ-બુધ રજાઓ પાડીને સોંપવા મંજૂર કર્યું. તેમજ પાણી પૂરું પાડવા અને ભંગીઓથી સફાઈ કરાવવાનું કબૂલ કર્યું. સ્કૂલ-કૉલેજબોર્ડે એ જ રીતે પ્રતાપ કૉલેજના મોટા બિલ્ડિંગો તથા સ્કૂલ મકાનો આપવા ઠરાવ કર્યો. મિલોવાળાએ પણ પોતાનાં મકાનો સોંપવાનું ઠરાવ્યું. આમ, એક બાજુ વિશાળ મુકામો મળતા ગયા, તો બીજી બાજુ માહેશ્વરી વગેરે નાગરિકોએ પોતાના મકાનમાં અતિથિઓને ઉતારવા ઓફર મૂકી.

આમ નિવાસસ્થાનોની ભરચકતા થવા છતાં નાના મોટા તંબુઓની સગવડ માટે ભાઈ મિશ્રીલાલ તરફથી ઈન્દોરના પ્રસિદ્ધ તંબૂવાળાને અત્રે બોલાવી જગાઓ બતાવી મોટા સામિયાણા તંબૂ મંડપો વગેરેનો ઓર્ડર અપાયો. સાથે અત્રેના પ્લોટ વિભાગના સંઘે નૂતન જિનમંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ નક્કી કરેલ હોવાથી સંઘ તરફથી તેની તૈયારીઓ ચાલી.

નાગરીકોની તત્પરતા અને પૂજ્યોનો પ્રવેશ :

માત્ર જૈનધર્મમાં જ જોવા મળે એવી કડક નિયમન-સંયમનવાળી પ્રતિજ્ઞાબદ્ધ મુનિદીક્ષાઓનો અને તેમાં પણ અમલનેરના એક પ્રમુખ વેપારી શ્રી નેમિચંદભાઈની સકુટુંબ દીક્ષાનો ભવ્ય અવસર જોઈ અમલનેરના જૈન-જૈનેતર સમસ્ત નાગરિકોને ભારે ઊમટ આવી ગઈ અને સઘળો સહકાર આપવા ભારે તત્પરતા બતાવી અરે ! મુસ્લીમ ભાઈઓ પણ કહે 'અમે પણ અતિથિના નિવાસ માટે, અમારા મુકામ આપીશું.' માહેશ્વરીભાઈ અને સોનીભાઈ કહે 'અમે અમારા મોટા મકાનના

એક ખૂણામાં રહીશું અને મહેમાનોને બાકીનું આખું મકાન દઈશું.' જૈન ભાઈઓ તો બધી વાતે તૈયાર ઊભા હતા.

આયોજન કાર્ય ચાલુ હતું. એમાં નિઃસ્પૃહ શિરોમણિ પૂ. આ. શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. તથા શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજ પધારતાં, સંઘે ભારે ઉમંગ સાથે સ્વાગત કર્યું. પૂ. સાધ્વીજી મહારાજો પણ પધારતા રહ્યા. **નવયુવક તારણહાર** પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજે પણ પૂજ્યોની સાથે જ પ્રવેશ કર્યો, એથી નવયુવકોમાં ઔર ઉત્સાહ વધી ગયો, એમનાં જોશિલા પ્રવચનો શરુ થયાં. યુવકોમાં ધર્મની નવચેતના વધતી ચાલી.

નેમિચંદજીની માતુશ્રીની પાવન ભાવના :

ચાતુર્માસ બાદ પ્લોટ વિભાગના શ્રી શીતલનાથ જૈન સંસ્થા સંઘના શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં માંકડ બહુ થયા હોવાથી સ્વ. શેઠ મલુકચંદ હરજીવનદાસના સુપુત્રો પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરી. મહારાજને સપરિવાર પોતાના શીતલ બિલ્ડિંગના વિશાળ બીજા મજલે આગ્રહ કરીને લઈ ગયેલા, અને હવે પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ સમસ્ત મુનિવરોને અનેક બ્લોકોવાળો પહેલો મજલો પણ ખાલી કરીને ઉતારવાનો એમનો ભારે આગ્રહ હતો. પરંતુ દીક્ષાર્થી શ્રી નેમિચંદભાઈના માતુશ્રી પોતાના આવા પનોતા પુત્ર તથા પૌત્ર અને પૌત્રીઓને દીક્ષા અપાવતા હોવાથી પોતાના જ બંગલામાં પૂજ્યોનાં પાવન નિવાસ થાય એમ ઈચ્છતા હોવાથી શીતલ બિલ્ડિંગવાળાને નમતું મૂકવું પડ્યું. શ્રી નેમિચંદજી તથા મિશ્રીલાલજી પોતે નવા બંગલાને તાબડતોબ તૈયાર કરાવી પોતાના આખા કુટુંબ સાથે ત્યાં રહેવા ગયા અને ચાલુ આખો બંગલો પૂ. આચાર્યદેવોશ્રી આદિ સો મુનિરાજોને ઉતારી પાવન કર્યો. બંગલાની બાજુના ફરસીબદ્ધ વિશાળ કંપાઉન્ડને સુંદર રીતે શણગારી મુનિઓને ગોચરી બેસવા સામિયાણા જેવો કરાવી દીધો. આગળના રોડ પર પણ ભવ્ય મંડપ અને પહેલા સાતદિવસ મહેમાનજમણ માટે પોતાના નૂતન બંગલાની આસપાસ પણ સુશોભિત વિશાળ મંડપો નખાવી દીધા. ચાલુ વ્યાખ્યાન માટે ઉપધાનનો વિશાળ મંડપ પણ ત્રણ ગુણો વિસ્તારવામાં આવ્યો. બીજા પણ દીક્ષા-સમિતિ કાર્યાલય વગરેના મંડપ નખાઈ ગયા. ૨૬ દીક્ષાઓની ક્રિયા માટે ૫૦ હજાર માણસ બેસી શકે એવો સુશોભિત ટેન્ટ ખડ્ગાજનના મેદાનમાં ઊભો કરવામાં આવ્યો, જ્યાં છેલ્લા ત્રણ દિવસના જમણ પણ થઈ શકે.

ઉપધાન સમિતિ અને કલકત્તાવાળા શેઠ શ્રી ચંપકભાઈ ભણશાલી તરફથી

આખા નગરમાં ઠેર ઠેર સુશોભિત જાળીના આરછાદન, કમાનો તોરણો, વગેરેનાં ડેકોરેશન કરાવવામાં આવ્યા. તથા રોશની ડેકોરેશન ગોઠવવામાં આવ્યું; અને જૈનો તરફથી પોતપોતાના આંગણે વંદનાના મોટા બેનરો લગાડવામાં આવ્યા.

સુવ્યવસ્થા, શિસ્ત અને શોભા માટે ૧૦૦ વીર સૈનિકોને સેનાધિપતિ શ્રી લલિતભાઈ ધામીની રાહબરી નીચે ખાસ નિમંત્રવામાં આવ્યા. બાહોશ આયોજક અને સંચાલક શ્રી કુમારપાળભાઈએ અમલનેરનગરના જૈન યુવકોને તથા બહારના યુવકોને પણ સ્વયંસેવકરૂપે આયોજિત કરી દીધા. નિવાસ સમિતિ, રસોડા સમિતિ મહેમાન સમિતિ વરઘોડા સમિતિ વગેરે અનેક સમિતિના વિભાગવાર જુદા જુદા કલરના બેચ આપવામાં આવ્યા. સારાંશ, અમલનેર નગર વિવિધ કાર્યવાહીથી ધમધમી ઊઠ્યું. બહારથી આવનાર દીક્ષાર્થીઓ દરેકના ખાસ ૫૦-૧૦૦-૨૦૦ જણના ઉતારા માટે અલગ અલગ વ્યવસ્થાઓ નક્કી કરાઈ.

જિનમંદિર પ્રતિષ્ઠાનો પુણ્યપ્રસંગ :

સ્વ.પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબના વરદ હસ્તે અત્રે શહેરમાં એક તીર્થસ્વરૂપ ત્રણ મજલાના ભવ્ય ગીરુઆ પાર્શ્વનાથ મંદિરની પ્રતિષ્ઠા થયેલી અને પ્લોટમાં મોટા ૩૧ ઈંચની શ્રી શીતલનાથ પ્રભુની પ્રતિમાજી આદિની અંજન-શલાકા પૂર્વક પરોણા તરીકે ઉપાશ્રય મજલા પર એક ભાગમાં ગૃહમંદિરમાં સ્થાપના થયેલી. જેથી અત્રે જ ઉપાશ્રય બાજુની જમીનમાં ભવ્ય શિખરબંધી પ્રાસાદ બને. એક પ્રસિદ્ધ મિસ્ત્રીએ મંદિરનો પ્લાન તથા એસ્ટીમેન્ટ આપેલું પરંતુ એમનો એસ્ટીમેન્ટ મોટો ૮-૧૦ લાખ રૂપિયાનો, તેથી દેવદ્રવ્યની ૧। લાખ રૂપિયાની મૂડીવાળો શ્રી સંઘ મુંઝવણમાં હતો ને દેરાસર ક્યારે થશે, એની ચિંતામાં હતો. સંઘ પ્રમુખ શ્રી નેમિચંદભાઈએ પોતાની દીક્ષા પૂર્વે આ મંદિરનિર્માણ તથા પ્રતિષ્ઠા કાર્ય થઈ જાય એની ભારે તમન્ના હતી એના ખર્ચ માટે પોતે ભોગ આપવાની તૈયારી સાથે પહેલાં તો સંઘને સમજાવી ઉપધાન સમિતિ ઊભી કરાવી. એમાં વળી કલકત્તાવાળા શ્રી ચંપકભાઈ ભણશાળી સમાન રકમ આપવા તૈયાર થયા. તેથી ૨૭૫ જણના ઉપધાન થયા અને માળ વગેરેની સારી ઉપજ થઈ. પરંતુ આટલેથી ભવ્ય જિનમંદિર શે બને ? અને તેમાં ય ૫-૬ માસમાં મહાસુદ ૧૩ પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીના વરદ હસ્તે પ્રતિષ્ઠા કરવા યોગ્ય મંદિર નિર્માણ શી રીતે થાય ?

આ મુંઝવણમાં પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજે પોતાના વિશ્વાસવાળા અને જામનગરમાં ત્રણ પેઢીથી રાયશી વર્ધમાન પેઢીના જિનમંદિરોમાં

તથા બીજે પ્રામાણિકપણે કામ કરતા મિસ્ત્રી અને આર્ટિસ્ટ શ્રી વેલજીભાઈ નારણદાસને મેળવી આપ્યા. એમણે પૂર્વના પ્લાન કરતા ભવ્ય પ્લાન કરી આપ્યો, જેમાં વિશેષતા એ કે મંદિરની ત્રણે બાજુ કમાનો અને ઢાંકેલી ભમતી આવે, તથા ભવિષ્યમાં એ કમાનો વચ્ચે પૂ.સ્વ.આ.શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ. ની ઇચ્છા મુજબનું ૨૪ જિન-જિનાલય પણ સગવડે થઈ શકે. આમ છતા એસ્ટીમેટ માત્ર રૂા. ૭-૮ લાખનો જ આનું કારણ,- (૧) પોતાને માત્ર રોજગારીથી કામ કરવાનુ; (૨) પત્થરોની ઘડાઈ ખાણ પર જ જાત દેખરેખથી સસ્તી કરાવી લેવાની. (૩) કારીગરોના પગારમાંથી દલાલી નહીં લેવાની તથા (૪) પત્થર ખરીદીમાં ખાનગી ગાળો-ગાવલી નહીં ખાવાની. વધારામાં બાહોશ અને હિંમતબાજ વેલજીભાઈએ મહા સુદ ૧૩ સુધીમાં મંદિર તૈયાર કરી આપવાનું બીડું ઝડપ્યું.

બસ, મંદિર નિર્માણનું કાર્ય શરુ થયું વેલજીભાઈના કહેવા મુજબ સ્થાનિક જૈન આર્કિટેક્ટ અભયકુમાર અને શ્રી વજુભાઈ, બાબુભાઈ, મોહનસિંઘજી વગેરે શ્રાવકોએ પાયો ભરાવવા વગેરેમાં ભારે જહેમત ઊઠાવી. દરમિયાન વેલજીભાઈએ અને એમના પુત્ર વસંતલાલ મિસ્ત્રીએ વારાફરતી પોરબંદરમાં રહી ખાણમાંથી પત્થરો કઢાવવા તથા ત્યાં જ કારીગરો બેસાડી ફિટિંગને યોગ્ય ઘડતર કરાવવાનું કામ સંભાળ્યું. એવું જ મકરાણા જઈ આરસ અંગેનું કાર્ય કર્યું. એ પત્થરો અત્રે આવતા ગયા અને સ્વપ્નાની જેમ મંદિરનું કાર્ય ઊંચું આવતું ગયું.

શ્રી સંઘને હવે વિશ્વાસ પડ્યો કે પ્રતિષ્ઠા થઈ શકશે એટલે પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવોશ્રીની પાસે વિહારમાં જઈને પ્રતિષ્ઠા કરાવી આપવા વિનંતી કરી; જે એઓશ્રીએ સ્વીકારવાની કૃપા કરતાં સંઘને આનંદનો પાર ન રહ્યો. બીજી બાજુ શ્રી અમલનેર સંઘ તથા વિશેષે પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજ અને નેમિચંદભાઈની લાગવગથી જળગામ, માલેગામ, સંગમનેર, કલકત્તા, ભવાનીપુર વગેરેના દેવદ્રવ્યમાંથી સારી મદદ મળી. પ્રતિષ્ઠા પણ મહા સુ. ૧૩ ની નક્કી થઈ, ને શ્રી શીતલનાથ સંઘે પ્રતિષ્ઠા મહોત્સવ નક્કી કર્યો. પો. સુ. ૧૨ પૂ. આચાર્યદેવશ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબ સપરિવાર પધારતાં સંઘે સ્વાગત કર્યું. "પૂજ્યશ્રીએ મંગળ વ્યાખ્યાનમાં કેટલીય ભવ્ય પ્રેરણા આપી.

ભવ્ય ગુરુપ્રવેશ :

ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ પરિવાર સાથે માલેગામ પધારતાં શ્રી સંઘે ભવ્ય સ્વાગત કર્યું. માલેગામ નગર ધજા-પતાકા-તોરણો-કમાનો વગેરેથી દેવપુરીની જેમ શોભી ઊઠેલી. ભાવિકજનો

તરફથી રૂા. ૮૦૦-૮૦૦ સુધીની સુવર્ણ આદિથી સુશોભિત કિંમતી ગહુલીઓથી પૂજ્ય આચાર્ય ભગવંતને સન્માનાતાં પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં એક સૂચન કરેલ કે આ દ્રવ્ય દેવદ્રવ્ય થયું હોઈ હવે એને ઘરમાં સુશોભિત યાદગીરી તરીકે રખાય નહિ, મંદિરમાં જ દઈ દેવું જોઈએ. પ્રવેશ સમારોહ અદ્‌ભુત થયો. દીક્ષાર્થી શ્રી કાન્તિભાઈ વકીલ તરફથી દીક્ષાનો મહોત્સવ ભવ્ય ઊજવાયો. પો. સુ. ૧૨ વરસીદાનનો ભવ્ય વરઘોડો અને રાત્રિના અભિનંદન મેળાવડો થયો. આજના કાળે શ્રી કાન્તિભાઈ જેવા બાહોશ વકીલ સંસારત્યાગ કરી દીક્ષાના માર્ગે સંચરે છે એની સભાને ભારે ગદ્‌ગદતા હતી. પો. સુ. ૧૩ પૂ. આચાર્યદેવશ્રીનો ૬૬ મો દીક્ષા દિવસ હોઈ મુંબઈથી ૪૦૦-૫૦૦ જણ સાથે શેઠ ગોવિંદજી જેવતખોના આવેલા પૂ. આચાર્યદેવશ્રી ત્યાંથી આગળ વિહાર લંબાવતાં ગામેગામ પ્રભાવના કરતા કરતા મહા સુદ ૪ અમલનેર નગરની બહાર પધારી ગયા.

ગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંતનું ૧૦૦ મુનિવરો તથા ૧૫૦ ઉપર સાધ્વીજી મહારાજો સાથે મહા સુદ ૫ ભવ્ય સામૈયું હતું. આખા નગરને ધજાપતાકા બોર્ડો જાળી કમાનો વગેરેથી શણગારી દેવામાં આવેલ. બહારથી પણ પ્રસિદ્ધ બેન્ડવાજા મંગાવેલ. સામૈયું અદ્‌ભુત ચઢ્યું. પોતાની વિશિષ્ટ શોભતી ધજાઓ સાથે વીરસૈનિકો, મંડપો, પનિયારીઓ, દાંડિયા-રમઝટ, ઉપરથી પુષ્પવૃષ્ટિ, વિવિધ રચનાની ગહુંલીઓ વગેરેથી દીપતા આ સ્વાગત વરઘોડાએ નગરવાસીઓને મુગ્ધ કરી નાંખેલ. લગભગ ૨ કલાક વરઘોડો ફરીને વ્યાખ્યાન મંડપે આવતા પૂ. આચાર્યદેવશ્રીનું સુંદર મંગળ પ્રવચન થયું.

આજથી મહોત્સવનો પ્રારંભ હતો. હવે બહારથી દીક્ષાર્થીઓ નિકટના કુટુંબીજનો સાથે પધાર્યે જતા હતા. એમને ઉતારવા માટે સ્કૂલો, બ્લોકો, બિલ્ડિંગો વગેરેની સગવડો સાથે વ્યવસ્થા સુંદર રખાયેલી. મુખ્ય આયોજક-સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહ જુદી જુદી સમિતિઓના સ્વયંસેવકોને રોજ ને રોજ મિટિંગ ભરી માર્ગદર્શન કર્યે જતા. કુમારપાળભાઈની ગજબની વ્યવસ્થા શક્તિ તથા શિસ્તબદ્ધ સંચાલન અને ગણતરી-બદ્ધ કાર્યવાહીથી યુવાન સ્વયંસેવકો ઉપરાંત પ્રૌઢ કાર્યવાહકોને ભારે ઉલ્લાસ રહેતો.

મહોત્સવ ચાલુ થતાં બહારથી મહેમાનો વિશાળ સંખ્યામાં પધારતા ગયેલા, ત્યારથી જ લાગેલું કે અંતિમ દિવસોમાં ૨૫,૦૦૦ મહેમાનોની ગણતરીનો આંક પણ વટાવાઈ જશે. પ્લોટ વિભાગના માર્ગ એક મોટા નગર જેવી માણસોની ભીડથી ભર્યા રહેતા. પ્રસિદ્ધ ગવૈયા ગજાનન ઠાકુર પૂજા-ભાવનાઓમાં ભક્તિ

સંગીત વહાવ્યે જતા. વર્ષોથી અઠ્ઠમને પારણે અઠ્ઠમ કરનાર અનુભવી પૂ. તપસ્વી મુનિરાજશ્રી વિશ્વકીર્તિ મહારાજ મોટાં વિધાનવાળી વીશસ્થાનક પૂજા સિદ્ધચક્ર પૂજા વગેરેનું માર્ગદર્શન આપતા. ક્રિયાકારક શ્રી મનસુખલાલ રીખવચંદ તથા માલેગામના ધાર્મિક માસ્તર ખૂબ ચોકસાઈથી ક્રિયાવિધાન સંભાળતા. પ્રતિષ્ઠા માટે જામનગરવાળા બાહોશ ક્રિયાકારક નવીનભાઈ પણ પધારી ગયેલ.

મહોત્સવના દિવસ એક પછી એક ક્યાં પસાર થતા ગયા તેની જાણે ખબર જ નહિ પડતી. પૂ.આચાર્યદેવશ્રીનાં ૮૧ વર્ષની વૃદ્ધ વયે પણ જોરદાર પ્રવચન ચાલતાં. અમલનેર સંઘ તથા શ્રી નેમિચંદભાઈનું ભાગ્ય જોરદાર તે બધું ધારણા બહાર બનતું આવ્યું. ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રીના આજ્ઞાવર્તી પૂ. સાધ્વીજી શ્રી જયાશ્રીજી મ.ના અને પૂ. સા. શ્રી ત્રિલોચનાશ્રીજી મ.ના સાધ્વીજીઓ તથા પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ. ના આજ્ઞાવર્તી પૂ. સા. શ્રી રોહિણાશ્રીજી મ. તથા શ્રી રંજનશ્રીજી મ. ના સાધ્વીજીઓ તેમજ પૂ. બાપજી મ. ના તથા પૂ.આ.શ્રી દેવશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.ના સાધ્વીજી મહારાજો પધારી ગયેલ. બીજી બાજુ નૂતન મંદિરમાં પ્રતિષ્ઠિત કરવા બીજા પણ પ્રભુજી બહારથી જોઈતા મળી ગયેલ.

મહા સુદ ૧૦ પ્રભુ પ્રવેશના વરઘોડાની સુદર ઉછરામણીઓ થઈ. સુદ ૧૧ પ્રવેશનો ભવ્ય વરઘોડો ચડ્યો. શણગારેલ વાહનો તથા સુશોભિત રથમાં પ્રભુજીના ભવ્ય બિંબ બિરાજમાન કરાયેલ. મંદિરમાં પ્રભુ પ્રવેશના પણ ભારે ચડાવા થયા. સુદ ૧૧ સંઘના ભારે ઉત્સાહ સાથે સવારે ૯-૪૦ વાગે પ્રભુજીનો મંગળ પ્રવેશ કરાવવામાં આવ્યો. બાહોશ શિલ્પી વેલજીભાઈના હાથે ૪-૫ માસમાં જ મંદિર બહાર ફરતી કમાનો સાથે ઠેઠ શિખર સુધી તૈયાર અને ગભારો સર્વાંગ આરસથી મઢેલો, આ જાણે દૈવી ઘટના લાગતી.

મહા સુદ ૧૧ આજે નૂતન મંદિરમાં શ્રી શીતલનાથ ભગવાન આદિ મનોહર જિનબિંબનો પ્રવેશ હતો. મંદિર બહાર ઉછામણી લેનાર ભાગ્યશાળીઓ પોતપોતાનાં બિંબને લઈ સુશોભિત વેશમાં રાધાવેધ સાધવાની જેમ સજ્જ થઈને ઊભા હતા. મંદિરની બહાર અને અંદર ભક્તોની ભીડ જામેલી. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી પણ નાદુરસ્ત તબિયત છતાં પધારી ગયેલા. બરાબર મુહૂર્ત ટાઈમ ૯-૪૦ વાગે ૐ પુણ્યાહં પુણ્યાહં...ના નાદ વચ્ચે પ્રભુજીનો ગર્ભગૃહમાં પ્રવેશ કરાવાયો. મંદિર સપ્રાણ બન્યું, ધર્મચૈતન્ય ઝળકી ઊઠ્યું. પ્લોટ-શીતલનાથ સંઘને મંદિર શિરછત્ર પ્રભુજીથી ઝગમગી ઊઠેલું જોતાં આનંદના પૂર ઊછળ્યા. પછીથી વ્યાખ્યાન મંડપમાં

પૂ. આચાર્ય ભગવંતનું પ્રેરક પ્રવચન થયા બાદ પ્રતિષ્ઠાની ઉછામણી થઈ. વચમાં વચમાં અમદાવાદવાળા શ્રી રસિકલાલ ભોગીલાલ આદિ 'અવસર આવા નહિ મળે'...વગેરેથી પ્રેરણા કરતાં ચડાવાના કુલ આંકે નૂતન મંદિર નિર્માણના મોટા ખર્ચને સારો ટેકો પૂર્યો.

મહા સુદ ૧૨ આજે દીક્ષા વરસીદાનનો અભૂતપૂર્વ વરઘોડો હતો. આ માટે ખાસ, સુરતથી પ્રસિદ્ધ રઝાક બેન્ડ બોલાવાયેલ. મહારાષ્ટ્રના ધરણગાંવ શીરપુર વગેરેના બીજા પણ બેન્ડો, પોતપોતાની મંડળીઓ સાથે પધારેલા.

મહા સુદ ૧૨ આજે તો દીક્ષાર્થીઓ અને બીજાઓનો ઉછરંગ માતો નહોતો; કેમકે આજે અમલનેર શું, આખા મહારાષ્ટ્રમાં અભૂતપૂર્વ વિવિધ પ્રાંતોમાંથી આવેલ ૨૬ દીક્ષાર્થીઓનો વરસીદાનનો વરઘોડો હતો. બહારના ૧૮ દીક્ષાર્થીઓના સગાસ્નેહીઓ હવે આવી ગયા હતા, તેમજ સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, બંગાળ, મદ્રાસ વગેરે પ્રાંતોમાંથી જૈનોના પૂર ઉમટેલા, તે અહીં મહેમાનોની લગભગ ૪૦ હજાર જેવી સંખ્યા થઈ ગયેલ. આટલી મોટી સંખ્યાને પણ અમલનેર જેવા નાના નગરમાં ઉતરવાની સારી વ્યવસ્થા જોઈ સૌને આશ્ચર્ય લાગતું. મુંબઈવાસીઓ સેંકડોની સંખ્યામાં આવતાં એમને લાગેલું કે 'ભાઈ ! બહારથી ૨૫-૩૦ હજાર જણ આવનાર છે તો આપણને શું મોટા તંબૂમાં પડવાનું મળશે ?' પરંતુ જ્યાં એમને પ્રતાપ કૉલેજના મોટા હોલોમાં ઉતારવામાં આવ્યા ત્યારે કલેજે ભારે ઠંડક વળી. એમને જ શું, સૌને શાળાઓ મકાનો વગેરેમાં ઉતારવામાં આવેલા તેથી તંબૂ મંડપોના તો ઉતારવામાં ઉપયોગ જ ન થયો.

આજે વિરાટ વરઘોડો ૧૧ વાગે ચડવાનું જાહેર થયું હોઈ દીક્ષાસ્થળ દ્વારિકાનગરીમાં સૌને સવારે ફૂલ પાકો નાસ્તો આપવામાં આવેલ. દીક્ષાર્થીઓ માટે પચીસ ઉપર એમ્બેસેડોર કાર રોકી લેવામાં આવેલ. એ દરેક કારના ઉપરના કેરિયરમાં કમળ, ચંદ્ર વગેરેના શણગાર ઉપર દીક્ષાર્થીને વરસીદાન ઉછાળવા માટે એક સહચારી સાથે નાણાંકૂંડી લઈ બેસવાનું હતું. વરઘોડાનાં બીજા સુશોભનોમાં સુરતના પ્રસિદ્ધ રઝાક બેન્ડ સહિત પાંચ બેન્ડો, સંગમનેર વગેરેની સંગીત મંડળીઓ, લેઝીમ, ઘોડેસ્વાર, ૫૬ દિક્કુમારીઓ, ચાંદીના ભવ્ય બે રથ, વિશિષ્ટ ધ્વજો સાથે વીરસૈનિકો, વગેરેએ વરઘોડાને એક ઐતિહાસિક સ્વરૂપ આપેલું. વરઘોડો લગભગ ૨ કિલોમીટર લાંબો હશે. બંને બાજુ દર્શનાર્થીની ભીડ એટલી બધી હતી કે ઊંચેથી જોનારને ધરતી જ ન દેખાય. વરઘોડો જેમ જેમ પસાર થતો તેમ તેમ એક પછી એક દીક્ષાર્થીની ગાડી આવતાં હજારો દર્શનાર્થીઓ આતુર નયને જોઈ રહેતા.

નમસ્કાર કરતા, અને ભાવાંજલિ અર્પતા. **લોકોને કયા જન્મારામાં દીક્ષાર્થીઓની આવી મોટી કતાર જોવા મળે ?** ધન્ય જનમ આ, કે આ પાવનકારી દર્શન મળે છે ! એમ લાગ્યા કરતું, 'દીક્ષાર્થી ! અમર રહો' 'જૈનશાસન કી જય' વગેરે જય પોકાર ગાજ્યા કરતો. ગાડી ગાડીમાંથી નાણાંનું ઊછળાતું વરસીદાન ઝીલવા યાચકો લાંબો આખો રોડ રોકી લેતા. કેટલીક ગાડીઓમાંથી તો રૂપિયા-રૂપિયાની નોટો પણ વરસ્યા કરતી. શ્રી કાન્તીલાલ વકીલ, શ્રી ઓમકારમલજી, તથા શ્રી નેમિચંદભાઈનો આજે વરસીદાન વખતે કોઈ અનેરો ઉલ્લાસ હતો. ખાનદાન નબીરા ઘરની કુમારિકાઓ તો જાણે દ્રવ્ય લક્ષ્મી ફગાવી દઈ ભાવલક્ષ્મી-મોક્ષ હમણાં જ ન લઈ લઉં ? એવા ઉછરંગમાં દીપી રહી હતી, ત્યારે દીક્ષાર્થી બે યુવકો અને છ બાળકોના દિલના ઉછળં ઉછળાનું પૂછવું જ શું ? એમાં ય વળી મૂઠીઓ ભરી ભરી બે બાજુ દાન ઉછાળતા, નવ વર્ષના બાળ કુમારપાળનું અમાપ નિર્દોષ આનંદભર્યું તેજસ્વી નૂર તો અનેરું દીપી રહ્યું હતું. ત્રણ વાગે ઊતરવા ધારેલો આ ઐતિહાસિક વરસીદાન વરઘોડો લગભગ સાડા ચાર વાગે ઊતરેલો.

પ્રસંગનો પ્રભાવ કેવો કે બેલગામથી આવેલ જડાવબેન ત્રિકમચંદે આ અનોખો શાસનપ્રભાવક પ્રસંગ જોઈ આજના સાધર્મિકવાત્સલ્યનો લાભ આગ્રહભરી વિનંતી કરી સામેથી માગી લીધો.

બહારના દીક્ષાર્થીઓએ વિશાળ દ્રૌપદી કન્યાશાળામાં અને શ્રી નેમિચંદભાઈએ પોતાના નિવાસસ્થાને વાજતે ગાજતે પૂ. આચાર્યદેવશ્રી આદિ શ્રમણ ભગવંતો તથા સાધ્વીજી મહારાજોનાં પાવન પગલાં કરાવી ગુરુપૂજન કરી કામળીઓ વહોરાવી તથા સંઘને પ્રભાવના કરી.

મહા સુદ ૧૨ રાતના સમસ્ત ૨૬ દીક્ષાર્થીઓનો અભિનંદન મેળાવડો થયો. સભાના પ્રમુખ શેઠ શ્રી હરખચંદજી કાંકરિયા અને અતિથિ વિશેષ તરીકે શેઠ શ્રી અમૃતલાલ શાપરિયા હતા. સભામાં ભાષણો સુંદર થયા, દીક્ષાર્થીઓ પણ સુંદર બોલ્યા, એમને ચાંલ્લો કરી દરેકને લગભગ રૂા. ૪૫૦) પહેરામણી આપવામાં આવી. આ અદ્‌ભુત સભા અને એની ભવ્ય કાર્યવાહીએ લોકોનાં દિલ ગદ્‌ગદ કરી મૂકેલ. કન્વીનર કુમારપાળ વિ. શાહે એ મિટિંગનો હોલ્ડ સુંદર રાખેલ. એમનાં ભાષણને લોકો મંત્રમુગ્ધ બની સાંભળતા હતા. ૨૬ દીક્ષાર્થીઓના દરેકના ચારિત્રનાં ઉપકરણ કામળી કપડો-પાત્રા તથા પોથીની ઉછરામણી પણ એવી રીતે બોલાવવામાં આવી કે સો જેટલી બોલીઓ પણ ટૂંક સમયમાં પતી ગયેલ.

મહા સુદ ૧૩ આજે વહેલી સવારે ૭ વાગ્યાથી દીક્ષાની તથા ચતુર્થ

વ્રતધારીની ક્રિયા શરુ થવાની હતી. એ માટે જૈન આર્કિટેક્ટ અભયકુમારની દોરવણીથી ખડ્ડા જીનના ૪૦-૫૦ હજાર માણસ બેસી શકે એવા મોટા મેદાનને સમલેવલ કરી એના પર વિશાળ અને સુશોભિત પેન્ડોલ ઊભો કરવામાં આવેલ. છેલ્લા ત્રણ દિવસ હજારો જણની નવકારશીથી માંડીને સાંજના જમણ સુધીની ભક્તિ અહીં જ થતી. આ બધા દીક્ષાના ખર્ચ માટે અલબત શ્રી કાન્તિલાલ વકીલ, શ્રી ઓંકારમલજી, તથા નડિયાદવાળા ચંદુભાઈ વગેરેએ અમુક ફાળો આપી લાભ લીધેલ, પરંતુ લખલૂટ ખર્ચ માટે દીક્ષાર્થી નેમિચંદજીના ભાઈ મિશ્રીલાલે ઉદારતાની રેલ છેલ વહેવડાવેલી. એ તો પહેલેથી કહેતા કે ભારતભરમાંથી અસાધારણ સંખ્યામાં સાધર્મિકો આવો, મારા ભાઈની દીક્ષા જરૂર પડ્યે મકાન મોર્ટગેજ મૂકીને પણ સારામાં સારી રીતે કરીશ. ત્યારે અમલનેર સંઘે અને બહારના વીરસૈનિકો વગેરે સ્વયં સેવકોએ કુમારપાળ વિ. શાહના સંચાલન નીચે વ્યવસ્થા ખૂબ જ સુંદર જાળવેલી; શિસ્ત અને સંયમ તથા સહાનુભૂતિ એવા હતા કે હજારોના નિવાસ-જમણમાં ક્યાંય ઝગડો-તકરાર જેવું બન્યું નહિ.

દીક્ષા માટેના આ મહાકાય પેન્ડોલને **'દ્વારિકા નગરી' નામ આપેલ હતું. કેમકે દ્વારિકાની જેમ અહીં સંખ્યાબંધ દીક્ષાઓ એક સાથે થવાની હતી.** એની બહાર સુશોભિત ગેટ કરાયેલ. ગેટમાં પેસતાં જ દૂર ૫-૪ ફૂટ ઊંચા ત્રણ સ્ટેજ નજરે ચડતા. સ્ટેજો પર મોટા ઓકના પાટિયા જડી એને બેસવા મુલાયમ મુલાયમ એક સ્ટેજ પર ૧૦૦ મુનિ ભગવંતો, બાજુના સ્ટેજ પર પોણા બસો સાધ્વીજી મહારાજો અને પૂ. મુનિ મહારાજોની સામેના સ્ટેજ પર નાણની આસપાસ ૨૬ દીક્ષાર્થીઓની ક્રિયા માટેની સગવડ કરાયેલ. બાકી પેન્ડોલમાં દીક્ષાર્થીના ખાસ નિકટના સગા માટે, સંભાવિત ગૃહસ્થો અને ઑફિસરો માટે, ભાઈઓ માટે, બેનો માટે...એમ જુદા જુદા બ્લોક પાડી દેવામાં આવેલ. ઠેઠ દરવાજેથી નાણ સુધી જઈ શકાય અને દરેકને પોતાના બ્લોકમાં જવા માર્ગ મળે એવો સીધો પેસેજ રાખવામાં આવેલ. આ વ્યવસ્થિત દૃશ્ય અદ્‌ભુત હતું.

સવારે ૭ વાગ્યા પહેલેથી અડધો પેન્ડોલ ભરાઈ ગયેલ. સમયસર પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ વિશાળ પરિવાર સાથે વાજતે ગાજતે દ્વારિકા નગરીમાં પધાર્યા. દીક્ષાર્થીઓ પણ પોતપોતાના સ્થાનેથી આવતા ગયા. મોટી સંખ્યામાં જીવનભર બ્રહ્મચર્ય લેનારા પણ આવતા ગયા. દીક્ષાર્થીઓને લોક બરાબર જોઈ શકે એ માટે ચતુર્થવ્રત લેનારની ક્રિયા જુદી પાછળથી કરાવવાનું રાખેલ. પૂ. આચાર્ય ભગવંતની બંને બાજુ પૂ. આચાર્ય મહારાજો શ્રી વિજય હીરસૂરીજી મ. શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ. શ્રી વિજય ત્રિલોચન

સૂ. મ. શ્રી વિજય મહોદયસૂ.મ., શ્રી વિજય ભુવનભાનુસૂ.મ. તથા પૂ. ગણિવર્યો અને પૂ. મુનિરાજો બિરાજેલ. પૂ. સાધ્વીજી મહારાજો એમના સ્ટેજ પર વ્યવસ્થિત બિરાજી ગયેલા. સ્ટેજો ઉપર રોનકદાર જાળીથી આરછાદાન કરાયેલ.

હવે દીક્ષાની ક્રિયા શરુ થવાની હતી ત્યારે પેન્ડોલ ભરચક ભરાઈ ગયેલ. ઊંચા સ્ટેજ પર નાણને ફરતા એક બાજુ ૧૧ દીક્ષાર્થી પુરુષો અને બીજી બાજુ ૧૫ દીક્ષાર્થી બેનો ઊભા રહી ગયેલ. ખૂણે ખૂણેથી સૌને દેખી શકાતું હોવાથી નીરવ શાંતિ રહેલી. પૂ. આચાર્યદેવશ્રીએ દીક્ષાની ક્રિયા શરુ કરાવી. એમાં પહેલા સર્વવિરતિ સામાયિક આરોપણાર્થે દેવવંદન કરવા નિમિત્તે જ્યાં પૂજ્યશ્રીના વરદ હસ્તે વાસક્ષેપ લેવાનો અવસર આવ્યો ત્યારે ૨૬ દીક્ષાર્થીઓ નાણમાં સ્થાપેલ ચતુર્મુખ પ્રભુજીને પ્રદક્ષિણા દેતા ગયા અને પૂજ્ય આચાર્ય ભગવંતનો વાસક્ષેપ લેતા ગયા. આ દૃશ્ય અલૌકિક હતું. પછી દેવવંદન ગુરુવંદન નંદીસૂત્ર શ્રવણ બાદ ચારિત્રવેશ રજોહરણ (ઓઘો) મુહપત્તિ ગ્રહણ કરવાનો અવસર આવ્યો ત્યારે પણ એકેક દીક્ષાર્થી પૂજ્યશ્રીના વરદ હસ્તેથી અપાતા રજોહરણને લઈ લઈ નાણને ફરતા નાચતા ગયા. છવ્વીસે દીક્ષાર્થીઓનો એ વખતનો અવર્ણનીય આનંદ જોનારને પણ ધન્ય બનાવતો. એ તો **'જગપતિ જેણે કલ્યાણક દીઠ, ધન્ય તે સુરનર ખેચરા'** ના જેવું હતું. કેમકે રજોહરણ ગ્રહણ બાદ સૌના મુંડન સ્નાન વિધિ પછી સાધુ-સાધ્વી વેશમાં જ્યાં સ્ટેજ પર આવવાનું થયું અને નાણની આસપાસ ક્રમશઃ ઊભા રહી જવાનું થયું ત્યારનું દૃશ્ય, તે પછી લોચવિધિ, જીવનભરના ચારિત્ર સામાયિકની પ્રતિજ્ઞાનો સ્વીકાર, આગળ ક્રિયામાં નાણને ફરતી ૩ પ્રદક્ષિણા અને સૌના વાસક્ષેપ-અક્ષતક્ષેપ ઝીલવાનું. તથા ક્રિયા પૂર્ણાહુતિ બાદ એકેકના નામકરણ સાથે મસ્તકે પૂજ્યશ્રીનો વાસક્ષેપ સ્વીકાર વગેરે વિધાનોનાં દૃશ્ય જોનારને પણ ધન્ય બનાવતા. મનને એમ થતું કે 'ખરેખર ! જો આ વરઘોડો, આ સમૂહ દીક્ષાપ્રસંગ અને દીક્ષાર્થીઓનો આ ઉછરંગ, ભારતના ગામનગરોના આ હજારો સાધર્મિકો તથા પૂ. આચાર્યદેવાદિ શ્રમણ-શ્રમણીવર્ગ જોવા ન પામ્યા હોત તો જીવનની એક મહાન કમ-નસીબી રહી જાત.'

દીક્ષિત ૧૧ પુરુષોમાં ૩. મહારાષ્ટ્રના ત્રણ આગેવાનો તથા એક બાળ એમ ચાર પૂ.આ.શ્રી. વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ. ના પરિવારમાં જોડાયા, તથા સાત દીક્ષિતો પૂ.આ.શ્રી. વિજય ભુવનભાનુસૂરી. મ. ના પરિવારમાં જોડાયા. ૧૫ કુમારીકાઓમાંથી સાત દીક્ષિતાઓ પૂ.સા.શ્રી રોહિણાશ્રીજી મ. ના પરિવારમાં તથા બાકીની દીક્ષિતાઓ અન્યાન્ય સાધ્વીજી મ. ના પરિવારમાં જોડાયા. દરેકના સંસારિકપણે નામ તથા દીક્ષિત થયા બાદ નામ અને ગુરુણીના નામ નીચે પ્રમાણે છે.

દીક્ષાઓ થયા બાદ પ્લોટ નૂતન શિખરબંધી દેવવિમાનશા જિનમંદિરમાં ગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવશ્રીના સાનિધ્યમાં શુભ મુહૂર્તે મૂળનાયક શ્રી શીતલનાથ પ્રભુજી આદિ ૧૨ ભગવાનની ધામધુમથી પ્રતિષ્ઠા થઈ. બપોરે અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવાયું.

રેલવેવાળાએ વધારાની બોગીઓ તથા એસ.ટી.વાળાએ વધારાની બસો તૈયાર રાખેલ હોવાથી હજારો માણસોને અત્રેથી એક સાથે સ્વદેશ પાછા ફરવા કશી મુશ્કેલી નડી નહિ. બધું સુખરૂપ અન ભવ્યતાથી પતી ગયે આયોજક-સંચાલક ભાઈશ્રી કુમારપાળ વિ. શાહને પોતાના હાથે આ અસંભવિત જેવું વ્યવસ્થિત આયોજન અને સંચાલન શી રીતે પાર પાડ્યું એના તીવ્ર સંવેદનમાં હૈયું ભરાઈ આવ્યું તે અડધો દિવસ રુદનભર્યા રહ્યા.

સારાંશ, પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના અત્રેના ચાતુર્માસ પર એક અનન્ય યશકલગી ચડી પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીનાં જીવનના અનેકાનેક શાસનપ્રભાવક કાર્યોમાં આ એક અસાધારણ પ્રભાવક કાર્યનો ઉમેરો થયો. મુમુક્ષુ શ્રી કાન્તિભાઈ વકીલ, શ્રી નેમિચંદજી તથા શ્રી ઓંકારમલજીની દીક્ષાના મૂળ પર ૨૩ દીક્ષાઓ અને એની મહાયશસ્વી ઉજવણીનું વટવૃક્ષ વિક્સી ઊઠ્યું.

વડી દીક્ષાર્થીઓના નામ

વડી દીક્ષા વખતનું નામ	ગુરુનું નામ
(૧) મુનિશ્રી પરમાનંદવિજયજી	મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી
(૨) મુનિશ્રી ધર્મભૂષણવિજયજી	પૂ.આ.દેવશ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.
(૩) મુનિશ્રી ચારિત્રવિજયજી	પૂ.પં.શ્રી ભદ્રકરવિજયજી ગણિવર્ય

છવ્વીસ દીક્ષાર્થીઓનાં નામ

ગૃહસ્થ નામ	ઉં.વર્ષ	દીક્ષિતાવસ્થાનું નામ	ગુરુનું નામ
(૧) કાંતિલાલ વકીલ	૬૦	મુનિશ્રી કર્મજિતવિજય	પૂ.આ.દેવશ્રી વિજય ત્રિલોચનસૂરિ૰ મ.
(૨) ઓંકારમલજી	૫૪	મુનિશ્રી અમરવિજય	પૂ.આ.દેવશ્રી વિજય ત્રિલોચનસૂરિ૰ મ.
(૩) નેમિચંદજી કોઠારી	૫૨	મુનિશ્રી નંદીશ્વરવિજય	પૂ.આ.દેવશ્રી વિજય ત્રિલોચનસૂરિ૰ મ.
(૪) કીરિટકુમાર	૨૮	મુનિશ્રી કલ્પરત્નવિજય	મુનિશ્રી મિત્રાનંદ વિ. ગણી.
(૫) વીરેન્દ્રકુમાર	૨૦	મુનિશ્રી વિશ્વકલ્યાણવિજય	પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરિ૰ મ.
(૬) અજિતકુમાર	૧૫	મુનિશ્રી ભવ્યભૂષણવિજય	મુનિશ્રી મહાબલવિજયજી વિ. મ.
(૭) શ્રેયાંસકુમાર	૧૫	મુનિશ્રી ભૂવનભૂષણવિજય	મુનિશ્રી પુણ્યપાળ વિ. મ.

(૮) કિશોરકુમાર	૧૫	મુનિશ્રી અભયચન્દ્રવિજય	મુનિશ્રી જગતચન્દ્ર વિ.મ.
(૯) રાજેશકુમાર	૧૫	મુનિશ્રી રાજેશ્વરવિજય	મુનિશ્રી નંદીશ્વર વિ.મ.
(૧૦) સુરેશકુમાર	૧૪	મુનિશ્રી સૂર્યોદયવિજય	પૂ.આ. ભુવનભાનુસૂરિ૰ મ.
(૧૧) કુમારપાળ	૯	મુનિશ્રી કુલબોધિવિજય	મુનિશ્રી વરબોધિ વિ.

નૂતન સાધ્વી વૃન્દ

બેનનું નામ	ઉંમર વર્ષ	દીક્ષિત નામ	ગુરુણીનું નામ
(૧) સુનિતા મિશ્રીમલ	૧૮	સા.સુધર્મનિધિશ્રીજી	સા.રાજરત્નાશ્રીજી
(૨) કલ્પના મદનલાલ	૧૯	સા.કલ્પનિધિશ્રીજી	સા.રત્નકીર્તિશ્રીજી
(૩) કીરણ માધવલાલ	૨૧	સા.વિનતિરત્નાશ્રીજી	સા.સ્વયંપ્રભાશ્રીજી
(૪) સુચિત્રા જયંતિલાલ	૨૦	હિતપ્રજ્ઞાશ્રીજી	હંસકીર્તિશ્રીજી
(૫) શિલ્પા નવીનચંદ્ર (રાધનપુર)	૨૦	મુક્તિપૂર્ણાશ્રીજી	હર્ષપૂર્ણાશ્રીજી
(૬) દિવ્યા ચંદુલાલ	૨૦	દિવ્યજ્યોતિશ્રીજી	સ્વયંપ્રભાશ્રીજી
(૭) સાધના જયંતિલાલ	૧૮	ગુણરત્નાશ્રીજી	હંસકીર્તિશ્રીજી
(૮) વર્ષા રસિકલાલ	૧૮	વિરતિરત્નાશ્રીજી	રત્નપ્રભાશ્રીજી
(૯) પ્રતિભા મદનલાલ	૧૭	પુણ્યનિધિશ્રીજી	અનંતકીર્તિશ્રીજી
(૧૦) રજ્જુકાંતા મિશ્રીમલ	૧૬	રત્નનિધિશ્રીજી	રાજરત્નાશ્રીજી
(૧૧) શિલ્પા સેવંતીલાલ (પીપળગાંવ)	૧૬	ધર્મરત્નાશ્રીજી	હંસકીર્તિશ્રીજી
(૧૨) અરૂણા મદનલાલ	૧૪	અમિતનિધિશ્રીજી	રત્નકીર્તિશ્રીજી
(૧૩) અમિતા મિશ્રીમલ	૧૪	અક્ષયનિધિશ્રીજી	સુધર્મનિધિશ્રીજી
(૧૪) સ્મિતા નેમિચંદ	૧૧	સંવેગનિધિશ્રીજી	હેમરત્નાશ્રીજી
(૧૫) ભદ્રા રતિલાલ (મુરબાડ)	૧૧	ભક્તિરત્નાશ્રીજી	રત્નપ્રભાશ્રીજી

અમલનેર : અત્રેથી ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે અતિ આગ્રહભરી વિનંતીથી વૈશાખ સુદમાં થનાર મુંબઈ ચંદનબાળા એપાર્ટમેન્ટ જિનમંદિર પ્રતિષ્ઠા અંજનશલાકા નિમિત્તે મુંબઈ તરફ વિહાર આદર્યો છે. પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. તથા શ્રી વિજય ત્રિલોચન સૂરીશ્વરજી મ. અત્રે નૂતન દીક્ષિતોને જોગ કરાવી પાંચોરા ફા.સુ. ૧૨ વડી દીક્ષાર્થે પધારશે. પૂ. આ.શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ. શીરપુર પધાર્યા છે. પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂ. મ. નિદાન અર્થે મુંબઈ તરફ પધારી રહ્યા છે. પ્રાયઃ શાહપુર ફા.સુ. ૧૨ વડી દીક્ષાઓ કરી મુંબઈ ફાગણ વદમાં પહોચવા સંભવ છે. પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ. સુરત યુવકોને તત્ત્વજ્ઞાન આપવા અર્થે સુરત તરફ વિહાર કરી ગયા. પ્રાયઃ ૨૫ ફેબ્રુ. સુરત પ્રવેશ કરશે.

વર્ધમાન સેવા કેન્દ્રના આંધ્ર વિનાશનો કરુણ ચિતાર.

આંધ્રપ્રદેશના વાવાઝોડાએ સર્જેલા ભયંકર વિનાશે ગામોના ગામો તારાજ થઈ ચૂકેલા છે. કેટલાક ગામડાઓના બચેલા રહેવાસીઓને સહાય આપવા અંગે તો વર્ધમાન સેવા કેન્દ્રના મંત્રી શ્રી કુમારપાળ વી. શાહ તથા તેની ટુકડીમાંના ભાઈ શ્રી જયેશ ચંપકલાલ ભાણશાળી લખે છે કે "આમાં રૂપિયા દોઢ લાખ જેટલા લઈને અત્રે છેક દરિયા કિનારાના ગંટુર જિલ્લાના બાપટલા તાલુકામાં કામે લાગી ગયા છીએ. બાપટલા તાલુકાના ૧૦૦ જેટલા ગામોની ભારે બદતર સ્થિતિ સર્જાઈ છે. સર્વત્ર વિનાશ અને તારાજી સર્જાઈ છે. અમો અહીં એક કૉલેજના મકાનમાં ઉતર્યા છીએ. ભોજન અને ભાષાનો પ્રશ્ન ખૂબ વિકટ છે. ભાષાનો પ્રશ્ન મુસીબતથી હલ કર્યો છે. ભોજન માટે આજે આ પત્ર લખી રહ્યા છીએ ત્યાં સુધી લગભગ ભૂખ્યા છીએ.

રોજ સવારથી ગામડાઓના વિનાશક વાતાવરણમાં પહોંચી જઈ ઝૂંપડે ઝૂંપડે આંસુ લૂછવાના કામે લાગી જઈએ છીએ. દરેક ગામોના મકાન અને ઝૂંપડા જમીનદોસ્ત થયા છે. ખેતરો અને પાક નાશ પામ્યા છે. પશુધન ખતમ થઈ ગયું છે. શું કરવું તેની સમજણ પડતી નથી. અત્રે લાઈટ-પાણીનો વાવાઝોડું થયું ત્યારથી સદંતર અભાવ છે. મોટા-નાના પૂલો તૂટી ગયા છે. બધે જ પાણી ભરાઈ ગયેલ છે. કમર સુધીના પાણી અને કીચડમાં ચાલીને એક ગામથી બીજે ગામ જઈએ છીએ. આવી પરિસ્થિતિમાં સવારના ૯ થી સાંજના ૫ વાગ્યા સુધીમાં લગભગ નાના મોટા ૭ થી ૮ ગામોમાં જઈ ત્યાંના ઝુંપડાઓમાં જાતે તપાસ કરી જેને મદદ આપવા જેવી હોય છે તેને મદદ આપીએ છીએ. પ્રત્યેક પરિવારને ૬ વાસણોનો સેટ. ધોતીયું, સાડી અને બ્લાઉઝ પીસ એમ કુલ ૯ વસ્તુઓ કે જેની કિંમત લગભગ ૫૦ રૂપિયા જેટલી થાય છે તે આપીએ છીએ.

અત્રે ક્યારેક તો માત્ર ચા કે કૉફીથી જ આખો દિવસ ખેંચી કાઢવો પડે છે. એક દિવસ તો જાતે જ બજારમાંથી ચોખા-મસાલો લાવી કુમારભાઈએ જાતે ખીચડી બનાવી ખાઈ લીધી.

અહીંયા આવતા પહેલાં કુલપાકજ તીર્થે દર્શનાર્થે ગયેલા. ત્યાં આવેલ ગોડીજી સ્નાત્ર મંડળના ૪૦૦ યાત્રિકો પાસે પાંચ મિનિટ આનો ચિતાર રજૂ કરતાં રૂા. ૧૩૦૦૦ જેટલા રોકડા અને સેંકડો કપડા મળ્યા.

અજાણ્યા અને નાશ પામેલા ગામડાના લોકો માટે અનુકંપાથી પ્રેરાઈને અત્રે આવ્યા છીએ. સહાયનું જે કાર્ય થઈ રહ્યું છે તેથી આ વિભાગમાં શ્રી જૈન સંઘની એક ઊંચી છાપ ઊપસી છે.

આ રાહત કાર્યમાં જે કોઈ સહકાર આપવા ઇચ્છતા હોય તેમને મુંબઈ અમારા કાર્યાલયમાં તે રકમ મોકલી આપવા અમો વિનંતી કરીએ છીએ.

અમારી સાથે આવેલા શ્રી નટવરભાઈ, શારદા ચોપડા ભંડારવાળા જેઠાભાઈ, મધુકર શાહ, રાજુ છેડા, યતીન કોરા અને સુશીલ શાહ ઇત્યાદિએ પણ ખૂબ જ ભારે જહેમત ઉઠાવી સેવા કરી રહ્યા છે.

:: સહાય મોકલવાનું સરનામું ::

વર્ધમાન સેવા કેન્દ્ર, ૬૮, ગુલાલ વાડી, મુંબઈ-૪, ૪૦૦૦૦૪

તા.ક.: વધુમાં તે લખે છે કે-"દીવી તાલુકામાં દેશ અને દુનિયાની અનેક નાની-મોટી સંસ્થાઓ કામે લાગી છે. એ હિસાબે અમો ત્યાં ન જતાં બોપટલા તાલુકામાં આવ્યા છીએ કે જ્યાં કામ કરવા બહારની કોઈ સંસ્થા હજુ સુધી આવી નથી..."

● **માલેગામ :** અત્રે આંધ્રપ્રદેશમાં રાહતકાર્ય અંગે શ્રી નટવરભાઈ ખંભાતવાળા, શ્રી જેઠાભાઈ શાહ ચોપડા ભંડારવાળા, મધુકર શાહ સુરતવાળા, રાજુભાઈ છેડા બ્રધર્સવાળા, યતીન કોરા સુશીલ શાહ સાથે ગયેલા વર્ધમાન સેવા કેન્દ્રના મંત્રી શ્રી કુમારપાળ વિ. શાહ અને એમને પાછળથી જઈ મળેલા શ્રી જયેશ ચંપકભાઈ ભણશાળીના પત્ર આવ્યાથી વ્યાખ્યાન સભામાં એ પત્રમાંનો આંધ્રના વાવાઝોડા અને સમુદ્રજુવાળથી સરજાયેલ ભયંકર વિનાશનો અહેવાલ વાંચવામાં આવ્યો. તરત સભામાંથી રાહત ફાળો ટપોટપ નોંધાવવા લાગ્યા. હજી ફાળો કરવાનું ચાલુ છે. અમલનેર પણ સમાચાર જતાં ત્યાંથી રૂા. ૫૦૦૦) અને ૪ ગાંસડી કપડાં લઈને બે ભાઈઓ આંધ્ર જઈ રહ્યા છે.

માલેગામમાં મહા માસમાં અંજનશલાકા પ્રતિષ્ઠા અંગે સંઘે પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.ને તથા નાસિક જઈને પૂ.આ. શ્રી વિજયહીરસૂરીશ્વરજી મ. તથા શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરને મ.ને જોરદાર વિનંતી કરી છે. હાલ તો અત્રે ઉપધાન માળ પછી ચાલીસગામ સ્વ.શ્રી લાવણ્યવિજયજી જ્ઞાન ભંડાર ઉદ્‌ઘાટન તથા જિનેન્દ્રભક્તિ મહોત્સવ પ્રસંગે સંઘના અતિ આગ્રહથી પૂ. આચાર્ય મહારાજ સુદ ૬ વિહાર કરી ચાલીસગામ તરફ વિહાર કરવાનું ઠર્યું છે. છતાં માલેગાંવ સંઘે પૂજ્યશ્રીના માર્ગદર્શન મુજબ મંદિરમાં ચાલી રહેલ સોનેરી

આહિંસિક કામ અંગે, શ્રી મહાવીર ચરિત્રના વિવિધ કલરમાં ચિત્રોના ચાલુ કાર્ય અંગે તથા અંજનશલાકાદિ કાર્ય અંગે પૂજ્યશ્રીને તરત પાછા પધારવા જોરદાર આગ્રહભરી વિનંતી કરી છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૬,અંક-૨૯-૩૧,તા.૧૮/૨૫-૩/૧-૪-૭૮

માલેગામમાં ઉજવાયેલ ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

- શ્રી સંઘમાં પ્રસરેલી ભવ્ય ધર્મજ્યોત
- એકેક કલ્યાણકનાં હૂબહૂ દર્શન થાય તેવી ઉજવણીઓ.
- ભયંકર વરસાદની હેલીમાં પણ થયેલું ચમત્કારિક રક્ષણ.

માલેગામ નગરની બહાર વધર્માન સોસાયટીમાં શિખરબંધી ભવ્ય શ્રી સંભવનાથજિન-પ્રાસાદમાં શ્રી અંજનશલાકા સહિત પ્રતિષ્ઠા પૂ. અચાર્ય દેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની અત્રે હાજરીમાં જ કરાવી લેવાનો શ્રીસંઘનો દૃઢ નિર્ણય થયેલો. એ હિસાબે મંદિર નિર્માણનું કાર્ય ભારે તડામારીથી ચાલેલ. સમય આવી જતાં ઉત્સવ નગરની વચ્ચે રાખવાનો શ્રીસંઘનો વિચાર છતાં સોસાયટીના યુવાન ભાઈઓના દૃઢ આગ્રહથી સોસાયટીમાં શ્રાવસ્તિનગર બનાવી ત્યાં જ મહોત્સવ ઉજવવાનું નક્કી થયું. આયોજનો ગોઠવાયા, કંકોત્રી બહાર પડી. બહારથી શ્રી જિનબિંબો આવતા ગયા, મંડપો ઊભા થયા, અને પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તરફથી મળેલા મુહૂર્તોએ પૂ. આચાર્યદેવો શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. તથા શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શ્રી અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ મહા સુદ ૧૩થી વદ-૧૩ સુધી ભવ્ય ઉજવાઈ ગયો.

મહોત્સવ સ્થળ નગરથી ૧ માઈલ દૂર શ્રી વર્ધમાન સોસાયટીના નૂતન શિખરબંધી ભવ્ય પ્રાસાદના પ્રાંગણમાં હતો. છતાં નગરવાસીઓ સવારથી સાંજ સુધી અનુષ્ઠાનોમાં ઉપસ્થિત રહેતા. સગવડ માટે એક મેટાડોર કાર ભાવિકોને લાવવા લઈ જવાનું કરતી. તેમજ ઉદાર ગૃહસ્થો રોજના સાધર્મિક વાત્સલ્ય જમાડવાનો લાભ લેતા. સંગીતકાર બાળ ગાંધર્વ પ્રસંગોચિત સૂરિલા નાદ ગગનવ્યાપી બન્યા રહેતા.

વર્ધમાનનગરમાં શ્રાવસ્તીનગરની સુંદર રચના :

આ મહોત્સવની ઉજવણી માટે ૨૬ બંગલાવાળા જૈન વસ્તીના વર્ધમાન-

નગરમાં શ્રાવસ્તીનગરીની રચના કરવામાં આવી હતી. નૂતન મંદિરના સામે જ મેદાનમાં ભવ્ય એવો મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. ચારે બાજુ તેના આકર્ષક દ્વારો હતા, મધ્યમાં શ્રી સૌધર્મેન્દ્ર સભા પીઠ રચવામાં આવેલું. જેની બે બાજુમાં જમણી બાજુ ઉપર પ્રતિષ્ઠાચાર્ય આચાર્ય ભગવંતો અને સાધુ ભગવંતોને બેસવા માટે શ્રમણપીઠ અને ડાબી બાજુએ સાધ્વીજી ભગવંતોને બેસવા માટે સાધ્વીજી પીઠ ઊભું કરવામાં આવેલું. બાજુમાં જ અંજનશલાકા કરવા માટે આવેલા પ્રતિમાજીઓને પધરાવવા સુંદર ચિત્રામણવાળી ૩ વેદીકાઓ બનાવી. "દેવસભા"ની રચના કરવામાં આવેલી, જે ખૂબ જ આકર્ષક અને મનોહર હતી. જેના ઉપર આરસપાષાણની નેત્રને આનંદ આપે એવી લગભગ ચાલીસેક પ્રતિમાઓ અને પંચધાતુની લગભગ એંશી પ્રતિમાઓ ઉપરાંત ૫૦-૬૦ સિદ્ધચક્રજી ગટ્ટા શોભાયમાન હતા. સાથે ગણધરાદિ ગુરુમૂર્તિઓ અને દેવ-દેવીઓની પણ પ્રતિમાઓ હતી.

સામે જ "વિજય-પ્રેમ-યશોવાટિકા"ની મંડપરચના કરીને તેમાં ભાવિકોને બેસી દર્શન વંદન અને સમગ્ર ક્રિયાવિધિ જોવા માટે સગવડ કરવામાં આવી હતી.

આખી શ્રાવસ્તીનગરી રંગબેરંગી વિજળીના દીવાઓથી અને ધ્વજાપતાકાઓથી શણગારી સુશોભિત કરવામાં આવેલ હતી.

મંડપની બાજુમાં જ એક ભવ્ય "ભોજનમંડપ" બનાવેલો અને તેની જોડમાં જ "પાકશાલા" હતી, જેમાં મહોત્સવમાં ભાગ લેનાર ભાવિકોની ભક્તિ કરવામાં આવતી હતી.

આ સાથે જ જુદા જુદા સ્થળે મુનિમહાત્મા નિવાસ, સાધ્વીજી નિવાસ, જે એક-દોઢ માઈલથી પણ ઝળકી આવતું હતું. જેની હજારો જૈન-જૈનેતરોએ ખૂબ અનુમોદના કરી લાભ લીધો હતો.

મહા સુદ ૧૩ સોમવાર તા. ૨૦-૨-૭૮ : મહોત્સવનો મંગલ પ્રારંભ,

જળયાત્રાનો વરઘોડો : સવારથી થવાનો હતો તે માટે પ.પૂ.દર્શનશાસ્ત્રી નિપુણમતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. વિશાળ શિષ્ય સમુદાય સાથે સુદ ૧૨ના દિવસે બપોરે ચતુર્વિધ સંઘ સાથે વાજતે ગાજતે જળજાત્રાના ભવ્ય વરઘોડા સાથે શહેરના મોટા મંદિરેથી ૧-૧॥ માઈલ દૂર વર્ધમાનનગરમાં પધારેલા. બીજે દિવસે સવારે સકલ સંઘની હાજરીમાં શુભ મુહૂર્તે કુંભસ્થાપના, માણેકસ્થંભરોપણ, જવારા રોપણ, દીપકસ્થાપના અને વેદીકા નૂતન જિનબિંબોની સ્થાપના કરવાનો વિધિ ઘણી જ ધામધૂમપૂર્વક અને ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યો.

ત્યારબાદના કાર્યક્રમ ગામના મંદિરમાં ઉજવવાના હોવાથી પૂજ્યશ્રી ફરીથી

વિહાર કરી માલેગામ શહેરના મોટા મંદિરના આર્ટિસ્ટિક કાર્યના માર્ગદર્શન અંગે ચંદનબાળા ઉપાશ્રયમાં વાજતે ગાજતે પધારેલા.

મોટા મંદિરમાં નવું કાચકામ તથા પેઈન્ટિંગકામ જામનગરના કુશલ આર્ટિસ્ટ વેલજીભાઈ નારણદાસની મંડળીના હસ્તક અને પૂજ્યશ્રીના માર્ગદર્શન નીચે ચાલુ કરેલ, જેથી આખા મંદિરની રોનક ફરી ગયેલી હતી. મંદિરનું ગર્ભગૃહ અને સભામંડપ જાણે રત્નેમઢ્યા અને સોનાથી રચ્યા ખૂબ જ શોભવંત બનેલો હતો. તેથી દરેક મહોત્સવનું ગજબજતું કાર્યાલય, દીક્ષાર્થીઓનો નિવાસ, શિલ્પીઓનું નિવાસ અને ક્રિયાકારકોનું નિવાસ અને અતિથિનિવાસની વ્યવસ્થા કરવામાં આવેલી. આવેલ મહેમાનોને દરેક રીતે સગવડ થાય તે માટે નહાવાની તેમજ બીજી બીજી સગવડો ટુંકા સમયમાં કાર્યકર્તા ભાઈઓએ ઊભી કરી નગરની શોભામાં ખૂબ જ વધારો કરેલો જણાતો હતો.

ભગવાનના કલ્યાણક વરઘોડા માટેની સગવડમાં શિરપુર શહેરથી એક અને શિરશાલથી એક એવા બે બહુ જ કીંમતી ચાંદીના રથો લાવવામાં આવેલા. અને અમદાવાદથી એક મોટી વિશાલકાય હાથણી ખાસ આખા ઉત્સવને શોભાવવા માટે લાવવામાં આવેલી, જેનું પ્રતિષ્ઠા બાદ દ્વોરોદ્દઘાટન સુધી ખૂબ જ આકર્ષણ રહેલું.

નૂતન મંદિર : નૂતન શ્રી સંભવનાથ ભગવાનનો શિખરબંધી પ્રસાદ આ સોસાયટીના મધ્યમાં ઊભો કરવાની કાર્યકરોની ભાવનાને પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજે ખૂબ જ પ્રોત્સાહન અને આશીર્વાદ આપેલા. જેથી ૬ માસના ટુંકા સમયમાં પાયાથી માંડીને શિખર સુધીનો આ મનોહર, આકર્ષક અને કલાપૂર્ણ પ્રાસાદ તૈયાર થયેલો. જોઈ દરેક દર્શનાર્થી આશ્ચર્યમુગ્ધ થઈ આનંદ પામતા હતા. રોશનીથી ઝગમગતા મંદિરની શોભા ખરેખર જ ખૂબ જ સરસ દેખાતી. દર્શનાર્થે મંદિરમાં થયેલા સોનેરી તથા એમ્બોસ પેઈન્ટિંગકામની અને કાચકામની ખૂબ પ્રશંસા કરતા જણાતા હતા.

કલ્યાણકોત્સવનો બીજો દિવસ મહા વદ-૧ શુક્રવાર તા. ૨૪-૨-૭૮

આજે શ્રાવસ્તિનગરીમા નવગ્રહ પાટલાપૂજન, દશ દિગ્પાલપૂજન તેમજ અષ્ટમંગલ પાટલાપૂજન અને શ્રી નંદ્યાવર્તપૂજનની વિધિ હોવાથી સવારના સૂર્યોદય પછી પૂજ્યશ્રીએ ઉપાશ્રયથી શ્રાવસ્તિનગર ભણી વાજતે ગાજતે પ્રયાણ કરેલું અને ત્યાં સમયસર સામૈયા સાથે ડૉ. રાજેન્દ્ર મહેતાના બંગલામાં "કલ્પતરૂ"માં તેઓ પધાર્યા. આજે નંદ્યાવર્ત પૂજન હતું. ઘણે ઠેકાણે એના તૈયાર પટ ઉપર પૂજન થાય છે. પૂ. આચાર્યદેવશ્રીએ વિધિકારક નવીનભાઈને કહ્યું કે પોતે નવીન બાજોઠ પર

એનું સ્વતંત્ર વિધિપૂર્વક સ્વતંત્ર આલેખન કરશે. તેથી રાતના નવીનભાઈએ નવીન બાજોઠ પર ચંદનના કપુર પાયેલ એ કાષ્ઠપીઠ પર ત્રણેક કલાક લઈ નંદ્યાવર્તના વલયોને લગભગ ૧૮૦ નામ સાથે યક્ષકર્દમથી આલેખન કરી નંદ્યાવર્તનો પાટલો તૈયાર કર્યો અને ત્યારબાદ દેવસભા અને પ્રેમ-યશોવાટિકામાં પૂ.આચાર્ય દેવશ્રીએ નવીનભાઈ સાથે એના પૂજન સાંગોપાગ પાર પાડ્યા. એ પછી બીજા પાટલાઓમાં જુદા જુદા મહાનુભાવોએ બોલી બોલીને દરેક પૂજનનો જુદો જુદો લાભ લીધો. બપોરે પૂજા તથા રાતના ભાવના થઈ.

રાતના પછી અકસ્માત્ અણધાર્યો વરસાદ વરસ્યો, મોટામોટા કરા (ગાર) પડ્યા અને જોરદાર પવનના ઝપાટાઓ આવ્યા. અને વાવાઝોડું થયું... પવન સાથે મેઘરાજાની કૃપા એવી જોરદાર હતી કે બહારના મંડપો અદૃશ્ય થઈ ગયા. પરંતુ વિધિકારક નવીનભાઈની સુચના મુજબ પૂ. આચાર્ય દેવશ્રીએ પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ. સાથે જાપ ચાલુ કર્યો. એ પૂરો થતાં હેલી બંધ થઈ. છતા જળબંબાકાર થયેલ તેથી સહુ ચિંતામાં પડી ગયેલ. વિજળીના દીવા ઓલવાઈ ગયેલા અને આકાશમાંથી વિજળી ચમકે ત્યારે જોવામાં આવે કે આખા નગરમાં પાણી પ્રસરી જઈ તળાવ જેવું બન્યું છે. સવાર થવાની રાહ જોતા હતા, પ્રભાતે ઉઠીને જોયું તો સર્વત્ર પાણી અને કાદવ જામેલો હતો. શ્રાવસ્તિનગરીની મહામહેનતે રચાવેલી બધી રચનાઓ અને મંડપો જમીન ભેગા થઈ ગયેલા. હવે ભગવાનની વેદીનું શું થશે ? કાચામાટી અને કાચી ઈંટોમાં રચાયેલી વેદિકા નીચે આજુબાજુનું પાણી પેસી, જઈ વેદિકા બેસી જાય, તથા પાસેમાં કુંભસ્થાપના અને દીપકને ધક્કો લાગે તો કેવું થાય ? પણ સહુના આશ્ચર્ય વચ્ચે એ જોવામાં આવ્યું કે ચારેકોર તળાવશા પાણી વચ્ચે ક્રિયામંડપ તથા વેદિકા વગેરે આટલા તોફાન પછી પણ તદ્દન સાબૂત રહી ગયેલ. જરાપણ ધક્કો પહોંચેલ નહિ. પ્રભુના અતિશયોનો આ પ્રત્યક્ષ દાખલો જોઈ સહુ પ્રસન્ન થયા. યુવાન કાર્યકર્તાઓ પણ આ દૃશ્ય જોઈ હરખમાં આવી ગયા,-જે બન્યું તેનો જરાપણ અફસોસ કર્યા વગર બમણા વેગથી ફરી મંડપો સહિત નગર ઊભું કરવાના કામમાં નવા જોમથી લાગી ગયા,-એને કસોટી કરનાર આ આફતને પણ ઈષ્ટ આપત્તિ માની તેઓએ કારીગરો પાસે, જોતજોતામાં નવું સાહિત્ય ભેગું કરી, ફરીવાર કદાચ આવી આપત્તિ આવે તો કાર્યક્રમને જરાપણ આંચ ન આવે રીતે, શ્રાવસ્તિનગરની ૨૪ કલાકમાં નવી રચના કરી પોતાના કાર્યશક્તિનો અજબ પરિચય આપ્યો... અને નવી શ્રાવસ્તિનગરી પ્રથમ કરતાં પણ વધુ આકર્ષક અને સુરક્ષિત બનાવી દીધી.

ત્રીજો દિવસ : મહા વદ-૨ શનિવાર : પૂજ્યશ્રીએ શ્રાવકો પાસે રાતના જ વાવાઝોડાના સમાચાર કોલથી સુરેન્દ્રનગર પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાને પહોંચાડ્યા અને એઓશ્રીએ કિંમતી સૂચન કર્યા. તેમજ અમલનેરથી પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજના અકસ્માતનાં કારણે પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ પણ માલેગામ નહિ પધારી શકેલ, એથી એઓશ્રીની પુણ્ય નિશ્રાની ખામી રહી જતી હતી. પરંતુ કેમ જાણે કુદરતને આ સહ્ય નહિ. તેથી જ જાણે વાવાઝોડું અને વરસાદની હેલી એણે ઊભી કરી. તે રાતના અમલનેર પણ આ સમાચાર કોલથી મોકલાયા અને ત્યાંથી બંને પૂજ્ય આચાર્ય ભગવંતોએ ખૂબ ધીરજ આપતો સંદેશો મોકલાવી કહ્યું કે આ શુભ શુકન છે. વિધિવિધાન પૂર્વે મેઘકુમાર દેવતાની આ વૃદ્ધિની વિધિ થઈ સમજી જરાય મુંઝવણમાં પડશો નહિ, આગળ વધો, અને પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી સાહેબની તબીયત પણ સ્વસ્થ નહિ હોવા છતાં એઓશ્રી આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ.ના આગ્રહથી તરત ઉગ્ર વિહાર કરી માલેગામ આ પ્રસંગે પધારશે. બીજે દિવસે પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી સાહેબે માલેગામ ભણી વિહાર કર્યો. જેથી માલેગામનો સંઘ એકદમ હર્ષિત થઈ ગયો, અને આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી પણ ખૂબ પ્રમોદિત બન્યા, સાધુ-સાધ્વીજીઓમાં પણ સંતોષનું વાતાવરણ જામ્યું.

સમયસર શહેરમાંથી શ્રાવક-શ્રાવિકાના ટોળેટોળા આવ્યા અને શ્રી સિદ્ધચક્ર પૂજન અને શ્રી વિસસ્થાનક પૂજનની વિધિ ઘણા ભાવોલ્લાસપૂર્વક કરવામાં આવી.

ચ્યવન કલ્યાણક : મહા વદ-૫ સોમવાર : તા. ૨૭-૨-૭૮ : આજે ભગવાનના ચ્યવનકલ્યાણકની ઉજવણીનો દિવસ હોવાથી સવારથી નરનારીઓ સજીસજીને શ્રાવસ્તિનગરમાં આવેલા. જેમાં ભગવાનના માતા-પિતા થવાની બોલી શ્રી શાંતીલાલ ચુનીલાલ મહેતાએ ૧૦૧૦૧રૂા. બોલીને લીધેલી અને શ્રી મોતીલાલ વીરચંદ સાહેબે સૌધર્મેન્દ્ર બનવાનો લાભ રૂા. ૧૦૭૦૧ ની બોલી બોલીને લાભ લીધો હોવાથી, એકંદર મહોત્સવના ઉત્સાહમાં ખૂબ જ વધારો થયો. શ્રી મોતીલાલ વીરચંદ શાહ સૌધર્મેન્દ્રની અદાથી સ્પ્રીંગવાળા સિંહાસન ઉપર આરૂઢ થયેલ. ત્યાં પ્રભુનાં ચ્યવનથી ખરેખર સિંહાસન કંપાયમાન થતાં ઈન્દ્ર પહેલાં તો ગુસ્સે થયા, પણ દિવ્યજ્ઞાનથી પ્રભુનું દેવલોકમાંથી જિતારિ રાજાને ત્યાં સેનારાણીના ઉદરમાં ચ્યવન થયું જાણી ક્ષમા માગી દેવોને જાહેર કરી પોતે સિંહાસનેથી ઉતરી ૭-૮ કદમ આગળ જઈ પ્રભુની દિશામાં શક્રસ્તવ બોલ્યા, ત્યારબાદ સિંહાસન પર બેસી

પ્રભુનાં જન્મની આતુરતા વ્યક્ત કરી. એ પછી હવે માતાને ૧૪ સ્વપ્નો વગેરેનો વિધિ થવાનો હતો.

સવારથી ઉજવણીમાં ભાગ લઈ આંખને પારણા કરાવવા ઉત્સુક સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાઓથી મંડપ ચિકાર ભરાઈ ગયો હતો. વિધિકારક શ્રી નવીનભાઈએ ભગવાનના ચ્યવનની વિધિ ક્રિયામંડપમાં ઈન્દ્રવિધિ પછી કલ્યાણકોનાં વિધિવિધાન મુખ્યતાએ શ્રી સંભવનાથ ભગવાનના પિતા અને શ્રી જિતારિ રાજાના શયનખંડની બાજુના શણગારેલા ખંડમાં પલંગ ઉપર સુખપૂર્વક નિદ્રા લેતા ભગવાનના માતાજી શ્રી સેનાદેવીએ સ્વપ્નમાં ૧૪ મહા સ્વપ્નો જોયાનું દૃશ્ય ખડું થયું. ત્યારબાદ રાણીએ જાગીને સ્વપ્નોનું અવધારણ કર્યું. પછી ધીરે પગલે પોતાના પતિ શ્રી જિતારિ મહારાજાને પાસે જઈ એમને મંજુલ કોમળ શબ્દોથી જાગૃત કરી પોતાના સ્વપ્નો કહી તેનાં સુખદ ફળ જાણવાની ઈચ્છા કરી. ત્યાર પછી રાજેશ્વરે ઉત્તમ પુત્રરત્ન તથા ધનધાન્ય રાજ્યાદિની વૃદ્ધિ થવાનું કહી સવારે સ્વપ્નપાઠકોને તેડાવી સત્કારી સ્વપ્નફળ પૂછ્યું. તીર્થંકર ચક્રવર્તી પુત્ર થવાનું ફળ જાણી હર્ષઘેલા થઈ સ્વપ્નપાઠકનું ઉચિત બહુમાન કરી વિપુલ દાન દીધું ત્યાં સુધીનો પ્રસંગ જોતાં આખી સભા ભાન ભૂલી થઈ ગઈ હતી, ત્યારપછી ચ્યવનકલ્યાણકનો દબદબાભર્યો વરઘોડો શ્રાવસ્તિનગરથી ચડ્યો તે શહેરની મામલેદાર કચેરી, સિવીલકોર્ટ, લોઢાભુવન આદીશ્વર સોસાયટી ઉપરથી પસાર થઈ પાછો આવ્યો, રસ્તામાં તે દિવસે કુદરતી તાજેતરમાં થયેલા ચુંટણીના પરિણામ જાણવા એકત્રિત થયેલ હજારો માણસોની મેદનીએ રસ્તાની બંને બાજુ પ્રભુજીના બે ચાંદીના રથ, હાથી, બેંડબાજા સહિત આ વરઘોડાનું દૃશ્ય નિહાળ્યું, કુદરતી શાસનપ્રભાવના થઈ.

(૨) જન્મકલ્યાણક : મહા વદ-૬ મંગળવાર તા. ૨૮-૨-૭૮ : આજે ભગવાનના જન્મકલ્યાણકની ઉજવણીનો દિવસ હોવાથી ૫૬ દિક્કુમારીકાઓ, ૬૪ ઈન્દ્રોથી આખું વાતાવરણ રૂમઝુમ થઈ ગયું હતું. દરેકના હૈયાં આ ભવ્ય મહોત્સવ જોવા ઊંચા થઈ ગયા હતા. શ્રીમતી ચંદ્રાવતીબેને તૈયાર કરેલ ૫૬ દિક્કુમારીમાંથી આઠ આઠ કુમારિકાઓ સંગીતના નાદ સાથે કુમકુમ કરતી અને ગીત ગાતી આવીને ભૂમિશોધન, સુગંધિત જળછંટકાવ, વગેરે વગેરે પ્રસૂતિકર્મની પોતપોતાની ક્રિયાઓ કરતી હતી. ત્યારબાદ માતા તથા પ્રભુને કેળના ૩ ઘરમાં લઈ જઈ મંજન-સ્નાન-અલંકરણ કરી રહ્યા ક્ષેમ કરી ગતી ગાયા.

જ્યારે પ્રભુજીને પારણામાં પધરાવ્યા હતા, અને બહેનોએ પ્રભુજીને પારણે ઝુલાવવાના ઉત્સાહમાં સ્ટેજ ઉપર ખૂબજ ગિરદી કરી હતી ત્યારે એના પરિણામે

વચલું આખું સ્ટેજ લિફ્ટની જેમ ધીમે ધીમે જમીન ઉપર બેસી ગયું હતું. સહુના આશ્ચર્ય વચ્ચે કશું જ કાંઈ અઘટિત નહિ બનતાં, તેવી સ્થિતિમાં પણ કાર્યક્રમ તેટલા જ આનંદપૂર્વક ચાલુ રહ્યો હતો. હવે દિક્કુમારી ઉત્સવ પછી ઈન્દ્રનું સિંહાસન ડોલતાં ઈન્દ્રે હરિણૈગમેષી સેનાપતિ પાસે સુઘોષા ઘંટ વગડાવી દેવલોકોએ પ્રભુનો જન્મ અને મેરુ પર જન્માભિષેક માટે જવાનું જાહેર કરાવ્યું. ઈન્દ્રે પોતે માતા પાસે આવી પોતાની ઈચ્છા વ્યક્ત કરી. ત્યારબાદ પ્રભુને મેરુશિખર ઉપર લઈ જવામાં આવ્યા. ત્યાં ત્રેસઠ ઈન્દ્રોને અભિષેક કર્યા પછી પ્રભુને ઈશાનેંદ્રના ખોળામાં સોંપી. ઈન્દ્રે ઋષભશૃંગથી અભિષેક કરી નવરાવ્યા. આ અનુપમ દૃશ્ય બધા ખૂબ ભક્તિભાવ પૂર્વક જોઈ રહ્યા હતા. પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પણ મેરુશિખર ઉપર પધારેલ, અને ગુરુદેવનો ઉત્સાહ જોઈ નીચે આખી સભા ખૂબ જ વિસ્મય પામેલી હતી. બાદ સૌધર્મેન્દ્ર પ્રભુજીને ભાવી માતાને સોંપી ત્યાં ધનવૃષ્ટિ કરે છે. ત્યારબાદ શ્રાવસ્તિનગરમાં પ્રભુના જન્મકલ્યાણકનો સુંદર સાજ સાથે વરઘોડો નીકળેલો, બધે બાલગાંધર્વ હિમાંશુએ સંગીતની ભક્તિની રમઝટ જમાવેલી.

પુત્ર જન્મની વધામણી : મહા વદ-૭ બુધવાર તા. ૧-૩-૭૮ : આજે, ઉગ્ર વિહારથી પધારી ગયેલ પૂ.આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજનું પ્રવેશ સ્વાગત થયું. આજ ઉજવણીમાં પ્રભુના પિતાશ્રી જિતારી મહારાજા સિંહાસને ઠાઠથી બેઠા છે ! રાજારાણીનું આસન એક બાજુ ઉપર રાખવામાં આવેલું અને તે ઉપર સેના રાણી બિરાજમાન થયા છે.

દરબાર શોભાયમાન થયેલો છે. એટલામાં સેનારાણીની દાસી પ્રિયવંદા હર્ષઘેલી થઈ પ્રવેશ કરી રાજાધિરાજની જય બોલી. સેનારાણીને ચંદ્ર સમો શીતલ, અને સૂર્ય સમો તેજસ્વી પુત્રરત્ન જન્મ્યાની વધામણી આપે છે. પુત્ર જન્મના સમાચાર જાણી જિતારી મહારાજા ખુશ થઈને પ્રિયવંદાને ભેટણું આપે છે અને આખા રાજ્યમાં જન્મ મહોત્સવ ઉજવવાની આજ્ઞા ફરમાવે છે. આખી સભા આ જન્મમહોત્સવમાં એકાકાર થઈ જાય છે.

શ્રી સંભવકુમાર તો ખરેખર બાલક જેવા મધ્યમાં બેઠા છે જેમના મુખડાં તરફ જોતાં દરેકને હર્ષ ઉપજે છે.

નામસ્થાપના : એટલામાં સંભવકુમારના ફઈબા અને સ્વપ્નપાઠક રાજગૃહમાં પ્રવેશે છે. આ પુત્રના જન્મથી અસંભવ એવું ધાન્યાગમનનો સંભવ થયેલો સાંભળી જોશી તેમનું નામ સંભવકુમાર પાડવાનું સૂચવે છે.

નિશાળગમન : ભગવાનને પાઠશાળામાં વાજતે ગાજતે લઈ જવામાં આવે છે. કેટલાક બાળકો સૌધર્મ સભાપીઠ ઉપર લેખન સાહિત્ય લઈને એકઠા થયા છે અને બાળકુમાર સંભવનાથ સાથે નિશાળમાં બેસવાનું ભાગ્ય લૂંટી રહ્યા છે. પંડિત તરીકે શાંતિલાલ પંડિત જ પાઘોટી, લલાટ પર ચશ્મા ઊંચે, વગેરે અભિનય સાથે મહેતાનું કામ કરતાં બધાને ભણાવે છે. ત્યાં પ્રભુને ભણવા મૂકવાનું માતાપિતાનું અજ્ઞાન દેખી ઈન્દ્ર આવીને પ્રભુને પંડિતના આસને બેસાડી દઈ પોતે પંડિતના મનના સંશયો પ્રભુને પૂછે છે. પ્રભુ તરફના જવાબ બોલાતાં પ્રભુનો આ અદ્‌ભુત જ્ઞાનાતિશય નિરખી પંડિત આશ્ચર્ય મુગ્ધ થાય છે. આ પ્રસંગની ખુશાલીમાં ત્યાં હાજર રહેલા સર્વે બાળકોને પાટી, પુસ્તક, પેન્સીલ આદિ સાહિત્ય વિપુલ પ્રમાણમાં વહેંચી આનંદમંગળ ગવાય છે ! બાલગાંધર્વ સૂરિલા અવાજમાં અને નવીનભાઈ વિધિવાળા પોતાની અનોખી ઢબમાં ઠુમક ઠુમક ચાલતાં ગાય છે.

માતા સેનાદેવી બાળ, છેક નાના સુકુમાલ ।
ચાલે ઠુમક ઠુમક ચાલ, પાઠશાળા પધારે પૂરા પ્રેમથી ।

લગ્ન મહોત્સવ : સંભવકુમાર યુવાન અવસ્થા પ્રાપ્ત કરે છે અને તેમનો લગ્નમહોત્સવ મંડાય છે. ચોરી રચાય છે. આ બધો પ્રસંગ લોકોત્તર પુરુષનો હોઈ વિષય વિલાસ માટે નહિ પણ પોતાના ભોગાવલિ કર્મનો રોગ કાઢવા ઔષધરૂપ હોઈ ધર્મપ્રસંગ તરીકે ઉજવાય છે... વગેરે ખુલાસો પૂ.આચાર્ય દેવશ્રીએ કરેલ. પણ લગ્નપ્રસંગ સંસારી જીવોને જોવા માટે ખૂબ જ આનંદ આપનારો જણાય, છતાં સંસારના રાગના રંગી પુત્ર-પુત્રીઓના લગ્નસમારંભની મોજ તો ઘણા વખત માણી પણ ભગવાનના લગ્નમહોત્સવમાં હાજરી આપવાનો અપૂર્વ અવસર સભાને આનંદનું સંવેદન કરાવે તેવા બને છે. ગીતડાં ગવાય છે, વેવાઈ-વેવાણોને સામસામા બેસે છે; અને સાચે સામે સાચું લગ્નસમારંભનું દૃશ્ય નિહાળી એક નિર્ભેળ ધર્મઆનંદ માણે છે. વહેવાઈઓ એક બીજાને ભેટી પડે છે અને ગલોટીઆ કરે છે. કેવો સુંદર પ્રસંગ !

ભગવાનનો રાજ્યાભિષેક : મહા વદ-૮ ગુરુવાર : આજે સ્ટેજ પર રાજ્ય દરબારનું રોનકદાર દૃશ્ય ખડું કરાયેલું પિતા જિતારિરાજા તરફથી સંભવકુમારને ગાદીનશીન રાજા બનાવવામાં આવે છે. એની ભવ્ય ઉજવણી થાય છે. સાંગલીના ધાર્મિક શિક્ષક પંડિત રમણિકલાલ ભવ્ય વેશ સજી રાજદરબારમાં નૃત્ય કરે છે. સ્ટેજ ઉપર દરબારીઓ પોતાના હોદ્દા પ્રમાણે કિંમતી વસ્ત્રાલંકારોમાં શસ્ત્રસરંજામ સાથે સજીને બેઠા છે. ઈનામો અપાય છે. એ પછી,

નવલોકાંતિક દેવો આવીને પ્રભુને તીર્થ પ્રવર્તાવવાની વિનંતી કરે છે, અને ભગવાન પણ સમય આવેલો જાણીને છૂટથી વરસીદાન આપવાનો પ્રારંભ કરે છે. પ્રભુનું દાન લેવા લોકો પડાપડી કરે છે. બીજી બાજુ નૂતન મંદિરના ધ્વજદંડ અને કળશનું પૂજન વિધિપૂર્વક કરવામાં આવે છે.

૩ દીક્ષાકલ્યાણક : મહા વદ-૫ શુક્રવાર તા. ૩-૩-૭૮ : આજની દીક્ષા કલ્યાણકની ઉજવણી અંગે વરસીદાન દીક્ષા વરઘોડાનો પ્રારંભ ગામના મંદિરેથી કરવામાં આવે છે. આમાં વિશેષતા એ થઈ કે આજના શુભ મુહૂર્તે ઈન્દ્રજીતભાઈ ચોપડાવાળા અને બાલમુમુક્ષુ ભાઈ શ્રી હેમંતકુમાર અમદાવાદવાળા બેની દીક્ષા વરસીદાનની ગાડી પણ પ્રભુના દીક્ષાકલ્યાણક વરઘોડાઓ સાથે જ ચલાવાની.

એક લાંબો દબદબાભર્યો અનેક વાજિંત્રોથી ગાજતો એવો સુંદર વરઘોડો ઠેઠ શહેરમાંથી મુખ્ય મંદિરેથી નીકળી શહેરમાં ફરી અહીં બહાર વર્ધમાન સોસાયટીએ ઊતરવાનું નક્કી થયેલ. એ પ્રમાણે નીકળેલ વરઘોડામાં ગામના પ્રમુખ રાજમાર્ગ ઉપરથી શ્રી સંભવનાથ રાજા વર્ષીદાન આપતા ચાલે એ મહાભિનિષ્ક્રમણ જોવા લોકોના ટોળેટોળાં જ્યાં જગ્યા મળે ત્યાંથી આ શોભાયાત્રા નિહાળી રહ્યા છે ! ભગવાનના ચાંદીના બે સુંદર રથ, ૫ ઘોડાઓ, ૩૦ રીક્ષાઓ તથા સુંદર શણગારેલી બે મોટરમાંથી બે દીક્ષાર્થી ભાઈઓનું વર્ષીદાન, મદમાલતો હાથી એક વાહનમાં મહારાજાના અમલદાર મંડળ, ઈન્દ્રાણીઓ, વગેરેથી શોભી રહેલ.

બજારનો દિવસ હોવાથી ગામડામાંથી આવેલા અનેક ખેડુતો વગેરે આ વરઘોડો જોઈ ખૂબ અનુમોદના કરી. ભગવાનને ભાવપૂર્વક પ્રણામ કરતા હતા. આ વરઘોડો વસંત વાડી ઉપરથી કેમ્પ રોડ ઉપરથી શ્રાવસ્તિનગરમાં આવ્યો. ત્યાર પછી ભગવાનની ઠાઠથી દીક્ષાની ઉજવણી થઈ. એમાં કુલમહત્તરાની શીખ વગેરે અદ્‌ભુત હતું. પૂ. આચાર્યદેવે પ્રભુની સંયમપ્રતિજ્ઞાનું મહત્ત્વ સમજાવેલ.

રાત્રે શુભ મુહૂર્તે અધિવાસના અર્થે મંડપમાં તેમજ નૂતન મંદિરમાં બંને આચાર્યો પધાર્યા અને અધિવાસના, ત્યારબાદ મોડી રાતના અંજન કરવાનો વિધિ પૂર્ણ શુદ્ધપૂર્વક કર્યો. અંજન થયા પછી સર્વે ભગવાનનું રૂપ પલટાઈ ગયું. ભવ્ય બની ગયું.

દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણક : મહા વદ-૧૦ તા. ૪-૩-૭૮

આજે સવારે અંજન થયું, પછી પ્રભુજીનાં પ્રથમ દર્શન કરાવવાની ઉછામણી લેનાર ભાઈનાં હસ્તે ઉદ્‌ઘાટન થયું, પછી શ્રીસંઘે દર્શન-ચૈત્યવંદન અદ્‌ભુત ભાવોલ્લાસથી કરેલ અને ભગવાનના તેજસ્વી રૂપની મુક્તકંઠે પ્રશંસા કરેલ. એ

પછી તરત જ દીક્ષાર્થીઓ ચોપડાનિવાસી ભાઈશ્રી ઈન્દ્રજિત શિવજી ઉમરશી (બી.કોમ.) તથા અમદાવાદ નિવાસી ભાઈશ્રી હેમન્તકુમાર સુરેશચંદ્ર અંબાલાલના કુટુંબીજનોએ પોતપોતાના મુકામે પૂ. બંને આચાર્યદેવો સહિત ચતુર્વિધ સંઘના વાજતે ગાજતે પગલાં કરાવેલ. માલેગામ સંઘે બંને દીક્ષાર્થીઓના વિશાળ સગા સ્નેહી વર્ગને ઉતારા માટે અલગ અલગ બંગલા રાખેલ, તથા ગાદલાં-જમણ વગેરેનો લાભ લીધેલ. શ્રી શિવજીભાઈ તથા શ્રી સુરેશચંદ્રે પોતે અલગ રસોડું કરવા ધારેલું, પરંતુ સંઘના અતિ આગ્રહવશ એ ધારણા ફલીભૂત થઈ નહિ. બાકી બંનેએ ચોપડામાં અને અમદાવાદમાં દીક્ષાર્થીનો ભવ્ય વરસીદાન વરઘોડો કાઢેલો; પૂજા ભણાવેલી. ત્યાં સંઘ તરફથી એમના અભિનંદન મેળાવડો રખાયેલ...વગેરે ધામધૂમ સુંદર થયેલ.

૪ કેવળજ્ઞાન કલ્યાણક :

ભગવાનને અંજન થયું એટલે કેવળજ્ઞાન થયું. હવે બે દીક્ષાર્થીઓની દીક્ષાવિધિ પત્યા પછી પ્રભુનો કેવળજ્ઞાન કલ્યાણકનો વરઘોડો ઠાઠથી નીકળ્યો. એમાં બે નવદીક્ષિત મુનિઓ પણ સામેલ હતા. વર્ધમાનનગરમાં ફરીને વરઘોડો નવરચિત ભવ્ય સમવસરણ પાસે ઊતર્યો. કેવળજ્ઞાન કલ્યાણકની ઉજવણી કરવાની હોય છે. તેમાંની એક મહત્ત્વની વિધિ એટલે ભગવાનને સમવસરણમાં બિરાજમાન કરી, ત્યાં ભગવાન દેશના આપે તે હોય છે. એ હિસાબે અહીં સુંદર શણગારેલા ત્રણ ગઢના મોટા સમવસરણ ઉપર ભગવાનને પધરાવવામાં આવ્યા, અને હજારો માનવીઓએ પ્રભુની વતી પ.પૂ. આચાર્યભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના. મુખે ભગવાનની દેશનાના શબ્દો કાન દઈને સાંભળ્યા. આ વિધિથી પ્રત્યક્ષ ભગવાનના સમયમાં કેવું અદ્‌ભુત દૃશ્ય હશે તેની ઝાંખી થઈ હતી. દેશના બાદ ભગવાનને વાજતે ગાજતે ક્રિયામંડપમાં લાવવામાં આવ્યા.

૫ નિર્વાણ કલ્યાણક : મહા વદ-૧૦ શનિવાર તા. ૪-૩-૭૮

કેવળજ્ઞાન કલ્યાણકની ઉજવણી બાદ તુરતજ નિર્વાણ કલ્યાણક ઉજવણીની વિધિરૂપે ૧૦૮ અભિષેક ઠાઠથી ઉજવવામાં આવ્યા. નિર્વાણ કલ્યાણકનો વરઘોડો ઠેઠ માલેગામ કેમ્પ ગામમાં ફેરવવામાં આવ્યો. જે ઠેકાણે અનેક સ્થાનકવાસી ભાઈઓના ઘરો છે તેઓએ ભગવાન પધારતાં ભાવપૂર્વક ગહુંલીઓ કરી વંદના કરી હતી.

ભગવાનનો ગભારાપ્રવેશ : મહા વદ-૧૧ રવિવાર તા. ૫-૩-૭૮

નૂતનમંદિરમાં શુભ મુહૂર્તે ભગવાનના બિમ્બોનો પ્રવેશ કરાવવાનો હતો.

એમાં અંજનવિધિ પહેલા ઘણા ઉત્સાહપૂર્વક શ્રાવકોએ બોલી બોલીને ભગવાન પધરાવવાના આદેશ લીધા હતા. તે સર્વે વદ-૯ સાંજના હાજર થઈ ગયા હતા, આ દિવસોમાં સવારથી સાંજ સુધી જુદા જુદા ભાઈઓ તરફથી સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ હોવાથી અને ગામમાંથી અત્રે આવવા માટે પૂરતી સગવડ આપવાથી લોકો આ સર્વે પ્રસંગે સારી હાજરી આપતા હતા. સમયસર વાજતે ગાજતે આઠ ભગવાનને મંદિરમાં ગર્ભગૃહમાં કૌરીમંડપમાં અને સભામંડપમાં ખૂબ બહુમાન તથા ભક્તિભાવ સાથે પધરાવવામાં આવ્યા. અને અત્યારસુધી ભગવાન વગર સુનું સુનું લાગતું મંદિર ભગવાનના આગમનથી દેદીપ્યમાન બન્યું. હવે દરેક દર્શન કરી ઠરી જતા. સંભવનાથ ભગવાનનું બિંબ જેમના પર મુખ્યપણે અંજનશલાકા પંચકલ્યાણકોના વિધિ ચાલેલો તેમના પર નિર્વાણ કલ્યાણક સુધીની વિધિ પૂર્ણ થઈ એટલે એ બિંબનો પ્રવેશ આજે મહા વદ-૧૧ સવારે શુભ મુહૂર્તે ધામધૂમથી થયો. મંદિરના શિખર ઉપર કળશ અને ધ્વજદંડ પણ પૂજન કરી પ્રતિષ્ઠિત કરવા માટે આવી ગયા હતા. હવે જે શુભ દિવસ જે શુભ ઘડીની રાહ સર્વે જોતા હતા તે પ્રતિષ્ઠાનો દિવસ ઊગવાની રાહ જોતા સર્વેએ ભાવનાનો સ્વાદ લીધો.

બીજી બાજુ દીક્ષાર્થીઓની દીક્ષાનો આમ વિધિ ચાલ્યો.

ભવ્ય દીક્ષા : મહા વદ-૧૧ તા. ૫-૩-૭૮

આજે દીક્ષાર્થીઓ શ્રી ઈન્દ્રજિત (બી.કોમ.) અને શ્રી હેમન્તકુમારની દીક્ષાનો ભવ્ય પ્રસંગ હોઈ વહેલી સવારથી શહેરમાંથી પણ ભાઈઓ-બહેનો મંડપમાં આવી ગોઠવાઈ ગયેલ. પોતપોતાના ઉતારેથી દીક્ષાર્થીઓને વાજતે ગાજતે મંડપમાં લાવવામાં આવ્યા. ગુરુપૂજન વગેરે વિધિ કરી. દેવસભામંડપના વ્યાસપીઠ પર પાટ ઉપર બંને પૂ. આચાર્યદેવો તથા ગણિવર્ય શ્રી રંગવિજયજી મ. ને શ્રી ગુણાનંદવિજયજી મ. આદિ ત્રીસ ઉપર પૂ. શ્રમણો એમની આગળ નાણ, બાજુના વ્યાસપીઠ પર વીસેક પૂ. સાધ્વીજી મહારાજો, તથા મંડપમાં શ્રાવક શ્રાવિકાઓના સાનિધ્યમાં દીક્ષાવિધિ શરૂ થઈ. દેવવંદન, ગુરુવંદન, નંદીસૂત્રોચ્ચારણ તથા 'હે ભગવંત મને મુંડન પ્રવ્રજન કરાવવા દ્વારા સાધુવેશ સમર્પો એ આદેશ માગ્યા પછી ઈન્દ્રજિત માટે એમના માતા-પિતા શ્રી શિવજીભાઈ તથા શ્રીમતી નવલબેને અને શ્રી હેમંતકુમાર માટે એમના દાદા-દાદી શ્રી અંબાલાલભાઈ તથા શ્રીમતી કમળાબેને ઓઘો-મુહપતિ વહોરાવ્યા, પછી પૂ. આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજે બંને દીક્ષાર્થીને ઓઘો (રજોહરણ) આપ્યા. આ વખતે મંડપ જયનાદથી ગાજી ઊઠ્યો, અને બંને દીક્ષાર્થીઓ આ સાધુવેશ લઈ નાચી ઉઠ્યા...

મુંડન-સ્નાન વિધિ દરમિયાન બાકીના દીક્ષાના ઉપકરણોની ચડતે રંગે ઉછામણીઓ બોલાઈ, ઉપકરણો વહોરાવાયા. સ્નાન પછી આ પ્રસંગે શ્રી મહાવીરજી તીર્થરક્ષા કમિટિ માટે સાધારણ તથા દેવદ્રવ્યની સુંદર ટીપ થઈ તેમજ મોહાટીમાં મંદિર ઉપાશ્રય માટે ટીપ થઈ.

સ્નાન પછી શ્રી ઈન્દ્રજિત અને હેમંતકુમાર સાધુપણાનો વેશ પહેરી મંડપમાં આવ્યા ત્યારે જયનાદ થયો, અને લોકોનાં કલેજા ઠરી ગયા. પછી શુભ મુહૂર્તે લોચવિધિ તથા જીવનભરની સમ્યકત્વ સહિત સર્વવિરતિ પ્રતિજ્ઞા ઉચ્ચરાવવામાં આવી. સાત ખમાસમણાંની વિધિમાં પ્રદક્ષિણા વખતે લોકોએ ભારે ઉત્સાહભેર વધાવ્યા. નામકરણ વિધિમાં ભાઈશ્રી ઈન્દ્રજિતનું નામ મુનિશ્રી નેત્રાનંદવિજયજી રાખી એમને પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજીના શિષ્ય તરીકે તથા શ્રી હેમંતકુમારનું નામ મુનિશ્રી હરિકાન્તવિજયજી રાખી એમને ગણિવર શ્રી જયઘોષ-વિજયજીના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા, સંઘે વંદન કર્યા. કપડાં કામળી વહોરાવ્યા.

મહા વદ-૧૨ સોમવાર તા. ૬-૩-૭૮

શુભ પ્રભાત થઈ, અને આખું શ્રાવસ્તિનગર નરનારીઓથી ચિક્કાર ભરાઈ ગયું. બંને પ્રતિષ્ઠાચાર્યો વિધિકાર, શિલ્પકાર ખૂબ જ પ્રસન્ન દેખાતા, અને તે પ્રસન્નતાની છાયા આખી મેદની ઉપર પડી. બધાની દૃષ્ટિ નૂતનમંદિર પરથી ખસતી નથી. પ્રતિષ્ઠા પહેલાં હાથી ઉપરથી મંદિરને તોરણ બાંધવામાં આવ્યું. મંદિરમાં અને તેના પ્રાંગણમાં જેટલા સમાય એટલા સાધુ-સાધ્વીઓ સ્ત્રી-પુરુષો સમાઈ ગયેલા અને 'ઓમ્ પુણ્યાહં પુણ્યાહં પ્રિયંતામ્ પ્રિયંતામ્'ના ગગનભેદી લલકારીઓથી આખા વાતાવરણમાં ઉત્સુકતા, અધીરાઈ અને ધન્ય ઘડી નીરખવાની પ્રસન્નતા વ્યાપી ગઈ...મંત્રોચ્ચાર થયા. 'પ્રતિષ્ઠાચાર્યો સાવધાન ! વિધિકારો સાવધાન ! શિલ્પીઓ સાવધાન !' રહેવાના આદેશો અપાયા. શ્વાસ રોકાઈ ગયા. વાંજિત્રવાળા, વાજાવાળા સજ્જ થઈ ગયા. અને શુભ મુહૂર્તે થાળી વાગતા સર્વે ભગવાનોને જે મહાનુભાવોએ બોલી બોલીને ભગવાનને પ્રતિષ્ઠિત કરવાના આદેશો લીધા હતા તેઓને જીવનનો આ એક અજરઅમર પ્રસંગ હોઈ ઉલ્લાસનો પાર નહોતો.

શુભ મુહૂર્ત આવતાં થાળી બજી અને મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાન મુંબઈવાળા શેઠ શ્રી કેશવલાલ મોતીલાલે તથા બીજા આઠ ભગવાન બીજાઓએ પધરાવ્યા. એ જ વખતે ઉપર ધ્વજાદંડ કળશ અને ધજા પ્રતિષ્ઠિત થઈ. બાદ ભગવાનની વિધિપૂર્વક અષ્ટપ્રકારી પૂજા કરવામાં આવી અને પૂ.આ. શ્રી વિજય

હીરસૂરીશ્વરજી મહારાજના આદેશથી સંઘ સાથે ચૈત્યવંદન કરવા અર્થે પૂ. ભુવનભાનુસૂરીશ્વરજીએ ભાવવાહી મધૂર સ્વરમાં ભગવાનનું ચૈત્યવંદન કીધું અને ખૂબ સુંદર ઢબે ભગવાનનું સ્તવન ગાયું. ચૈત્યવંદનાદિ પૂર્ણ થતાં સંઘના આગેવાન ભાઈઓએ પ.પૂ. આચાર્ય ભગવંતોનો હૃદયપૂર્વક ઉપકાર માન્યો અને મંદિરમાં ભગવાન આગળ પડદો કરી ગુરુદેવોનાં પૂજનનો વિધિ કરવામાં આવ્યો.

આ યાદગાર પ્રસંગ વર્ષો સુધી માલેગામની પ્રજા અને બહારગામથી આ પ્રસંગને શોભાવવા આવેલા માનવંતા મહેમાનો કદી ભૂલી શકશે નહિ.

બાદ બપોરે-મંદિરમાંજ શાંતિસ્નાત્ર પૂજન ભણાવાયું.

મહા વદ-૧૨ ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા :

નૂતન જિનબિંબોની આજરોજ પ્રતિષ્ઠાની સાથોસાથ અમારા સંઘ પર જેઓશ્રીનો અણમોલ ઉપકાર છે તે સ્વ. પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની મૂર્તિ શ્રી શાન્તિલાલ ચુનીલાલ શાહે ભરાવેલી, તે ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા પણ આજે જ હતી. ગામના મુખ્ય મંદિરની બહારના ભાગમાં સ્વ. પૂ. આત્મારાજી મ. ની મૂર્તિની બાજુમાં જ આ મૂર્તિની પ્રતિષ્ઠા પૂ. ગણિવર શ્રી ગુણાનંદવિજયજી મ. ના સાનિધ્યમાં થઈ. પ્રતિષ્ઠાવિધિ વિધિકાર શ્રી મનસુખલાલ રિખવચંદે કરાવી.

મંગલદ્વારોદ્‌ઘાટન : મહા વદ-૧૩ મંગળવાર તા. ૭-૩-૭૮

સૂર્યોદય પહેલાં સકળ સંઘને દર્શન કરાવવાનો જેમને આદેશ અપાયેલો હતો તેમને ત્યાં તે પ્રભાતે મંગલ વાદ્યો સાથે સકળ સંઘ દર્શન કરાવવાની વિનંતી કરવા માટે ગયો. આદેશ લેનાર ભાઈ સહકુટુંબ હાથી ઉપર અંબાડીમાં બેસી વાજતેગાજતે શ્રાવસ્તિનગરીમાં મહાત્માનિવાસ પાસે આવ્યા અને એમણે તથા સકળ સંઘે પ.પૂ. આચાર્યભગવંતોને પધારવા વિનંતી કરી.

પૂ. આચાર્યદેવો, વિશાળ મુનિગણ, સાધ્વીગણ સહિત ચતુર્વિધસંઘ મોટો સમુદાય નૂતન મંદિરના પ્રાંગણમાં આવ્યો અને 'ગોઠિડા તું દ્વાર ઉઘાડ' 'નહિ છોડું રે દાદાજી તારો છેડલો'...વગેરે મંગલકારી ગીત ગવાયાં...ચાંદીના તાળાનો આદેશ લેનાર ભાઈએ મંદિર ઊઘાડી અંદરનો કાજો લેવા વગેરે વિધિ કરી અને સકલસંઘે મંદિરમાં મૂળનાયક તીર્થપતિ શ્રી સંભવનાથ ભગવાનના જયજયકારથી પ્રવેશ કરી ચૈત્યવંદન કર્યું અને ભગવાનની ભક્તિના પૂરમાં સર્વે તણાઈ ગયા.

એ અદ્‌ભુત મહોત્સવ સંઘની કાયમની યાદગીરી કરાવે એવી ગૌરવગાથા છે. જેમાં ગુરુભગવંતોના મહાન ઉપકારની પુણ્ય યાદમાં આ ટૂંકા સમાચાર સર્વના

અનુમોદનાર્થે આવેલા છે.

સન્માન સમારોહ : પ્રતિષ્ઠાનું મંગલ કાર્ય પતી ગયા પછી સકલ સંઘ વ્યાખ્યાન સાંભળવા માટે મંડપમાં પધારેલ, ત્યાં પ.પૂ. આચાર્ય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રીનું મંગલ પ્રવચન થયું. ત્યારબાદ આ આખો મહોત્સવ યશસ્વી રીતે પાર પાડવામાં મદદરૂપ થએલા સર્વે કાર્યકરો, સંઘના પ્રમુખ ભાઈઓ, શિલ્પીઓ, કારીગરો, વિધિકારો, સંગીતકારો, આદિ સર્વેનું આભાર સન્માન કરવામાં આવ્યું, અને પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજશ્રીએ સકલસંઘને માંગલિક સંભળાવ્યું. ત્યારબાદ સાધાર્મિક ભક્તિ કરવામાં આવી.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૬,અંક-૩૪,તા.૨૨-૪-૧૯૭૮

અમદાવાદમાં વર્તમાન યુગમાં અભૂતપૂર્વ સ્વાગત અને તપ-પારણાનો મહોત્સવ

સર્વાધિક શ્રમણ સાર્થાધિપતિ કર્મસાહિત્ય સૂત્રધાર પૂજ્યપાદ સ્વ. સિદ્ધાંત-મહોદધિ આચાર્યભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના મહાન તપસ્વી શિષ્યરત્ન પૂ.આ. શ્રી વિજયરાજતિલકસૂરિજી મહારાજે શ્રી વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળી એકવાર પૂર્ણ કર્યા પછી ફરીથી આ જ તપનો પાયો નાખી આ મહાન તપસ્વીરત્ન ફરીથી ૧૦૦ ઓળીની પૂર્ણતાએ પહોંચ્યા. એમાંય વિશેષતા એ રહી કે પ્રથમ ૧૦૦ ઓળીમાં ૪૧મી ઓળીથી ઠેઠ ૧૦૦મી ઓળી સુધી બધા જ આયંબિલ ઠામચોવિહાર કરેલા; અર્થાત્ પ્રખર ગ્રીષ્મઋતુમાં પણ એક જ બેઠકે આહાર અને પાણી લીધું તે લીધું, ઊઠ્યા પછી તરત ચોવિહાર પચ્ચક્ખાણ, તે બીજા દિવસના આયંબિલનું વાપરવાના પ્રારંભ સુધીમાં પાણીનું ટીપું પણ નહિ લેવાનું. આવી ઠામચોવિહાર ઓળી ૪૧મીથી શરૂ કરેલી, તે ૧૦૦મી ઓળી પૂર્ણ કર્યા પછી એમના મનને અસંતોષ રહ્યો કે પહેલી ૪૦ ઓળી ઠામચોવિહાર ન થઈ, તેથી ફરીથી પાયો નાખી ઠામચોવિહાર ઓળીઓ ૧લીથી માંડી ૪૦મી સુધી કરી લીધી. પહેલાં આ ૪૦નો અસંતોષ હતો, તે હવે લોભ લાગ્યો કે 'આમ તપની ગાડી સારી ચાલે છે તો લાવ આગળ વધું,' તે આગળ ૪૧મી ૪૨મી એમ કરતાં ૧૦૦મી ઓળી સુધી પહોંચી ગયા. ધન્ય તપસ્યા ! ધન્ય જીવન ! ધન્ય તપસ્વીરત્ન !

આમની સાથે પરમ તપસ્વી સ્વ. પૂ. પંન્યાસજી શ્રી કાન્તિવિજયજી ગણિવરના

તપસ્વી શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી નરચંદ્રવિજયજી મહારાજને, તથા શાંતમૂર્તિ પૂ. આચાર્યદેવશ્રી વિજય જયંતશેખરસૂરિજી મ.ના તપસ્વી શિષ્યરત્ન પૂ.મુનિરાજશ્રી દિવ્યાનંદવિજયજી મહારાજને પણ શ્રી વર્ધમાન આયંબિલ તપ ૧૦૦ ઓળી પહેલીવાર પૂર્ણ થતી હતી.

ત્રણેયનાં પારણાં ફાગણ વદ-૧૧ પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં થવાનું નક્કી થયું હતું. પૂજ્યશ્રી સુરતથી પાલીતાણા છ'રી' પાળતા સંઘ સાથે પધારેલાં, બધે જ અદ્ભુત શાસનપ્રભાવના થયેલ. અમદાવાદમાં એઓશ્રીના ભવ્યાતિભવ્ય સ્વાગત સામૈયાની મહિના પહેલાથી તૈયારીઓ ચાલેલી. અ.ભા. સંસ્કૃતિ દળના વીર સૈનિકોનો પણ આમાં મોટો ફાળો હતો.

ફાગણ વદ-૨ શહેરમાં મૂળેવા પાર્શ્વનાથ મંદિરથી સામૈયું ચડ્યું તે શાહીબાગ ગીરધરનગર સોસાયટીમાં પારણા ઉત્સવના સ્થાને ઉતર્યું. વર્તમાનયુગમાં અભૂતપૂર્વ આ સામૈયાની સુવાસ અગાઉથી ગુજરાતના ગામેગામ અને સૌરાષ્ટ્રમાં પણ પ્રસરી ગયેલી તેથી ત્યાંથી હજારો માણસ એ જોવા અમદાવાદમાં ઊતરી પડેલ. ત્યારે લાખોની વસતિના અમદાવાદના વતનીઓને તો એ જોવાની હોંશનું પૂછવું જ શું ? મોટરો બગીઓના સાબેલાઓ, ભજન-પૂજામંડળીઓ, સાઈકલો રીક્ષાઓ સ્કૂટરો બેનરવાળાઓ ઘોડેસવારો હાથી બેન્ડો વગેરે વગેરેની રોનક અદ્ભુત હતી. વરઘોડો બહુ લાંબે સુધી વિસ્તરેલ. રસ્તા પર માનવમહેરામણ જોવા ઉમટેલ તે લાખો માણસોએ આ અતિભવ્ય વરઘોડાનાં દર્શન કરેલ. આવા ભવ્યાતિભવ્ય દબદબા સાથે પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ ને ચૌદેક આચાર્ય મહારાજ તથા ૧૩૦ લગભગ મુનિરાજોના પરિવાર સાથે શેઠ જમનાભાઈ ભગુભાઈના બંગલે ઉતારો કરાવવામાં આવેલ. વિશાળ પણ આખો બંગલો મુનિભગવંતોથી ઠઠ ભરાયેલ. મહોત્સવ પણ અત્રે જ ઉજવાયેલ.

તરત જ પારણાના ભવ્ય મહોત્સવની શરૂઆત થયેલ. ખાસ સંગીતકારો દ્વારા પૂજાઓ-ભાવનાઓની જબરી રમઝટ જામતી. વ્યાખ્યાનસમયનું દૃશ્ય અલૌકિક રહેતું જાણે ગણધર ભગવાનની દેશના ચાલી ! આજુબાજુ આચાર્ય મહારાજો, વિશાલ મુનિમહારાજો, સાધ્વીજી મહારાજોની વચ્ચે પૂ. આચાર્યદેવેશ વિજય રામચંદ્રસૂરીશ્વરજી સાહેબ હજારોની પર્ષદા આગળ ભવ્ય અને સંસારરાગને કંપાવનારી તથા તપના મહિમાને વર્ણવતી ચમત્કારિક દેશના આપતા. પર્ષદામાંથી અનેક પ્રશ્નો થાય, પૂ. આચાર્યદેવશ્રી એના સંતોષકારક સમાધાન આપતા.

ફા.વ. ૧૧ પારણાંના દિવસે સવારે પૂ. આચાર્યદેવશ્રી ત્રણ મહાન તપસ્વીઓ અને સેંકડો સાધુ-સાધ્વીજી મહારાજો તથા વહેલી સવારથી શહેરમાંથી ને બહારગામથી આવેલ તથા સ્થાનિક હજારો શ્રાવક-શ્રાવિકાના સાજનના મોટા વરઘોડા સાથે શેઠ માણેકલાલ મોહનલાલના બંગલે પધાર્યા. ત્યાં પૂજ્યશ્રીના વરદ હસ્તે ત્રણે તપસ્વીઓના પારણા થયાં. આ દિવસે જીવોને અભયદાન અપાયેલ.

મહોત્સવ ઘણો જ આકર્ષક ઊજવાયો. રાજનગરની જનતા જૈન-જૈનેતરો ઊમટતા. ૪૫ આગમનો વરઘોડો પણ ભવ્ય નીકળેલ. મહોત્સવ અંગે આકર્ષક રચનાઓ, વિશાળ મંડપો, ધજાપતાકા વગેરે બેનમૂન શોભા કરાયેલ. દુરદુરથી હજાર જૈનો દર્શનાર્થે ને વ્યાખ્યાનશ્રવણ અર્થે આવતા. છપ્પન દિક્કુમારી મહોત્સવ પણ એટલો બધો ભવ્ય ઉજવાયો કે એ જોવા બહુ વિશાળ પણ કંપાઉન્ડમાં માનવમેદનીનો ધસારો થતાં દરવાજા બંધ કરવા પડેલા. આખાય મહોત્સવમાં સવારથી રાત સુધી માનવપ્રવાહ ચાલુ રહેતો.

સેંકડો વર્ષોમાં વિરલ ગણાય એમાંનો એક આ સ્વાગતવરઘોડો, મહોત્સવ અને એકજ જીવનમાં બીજી વાર વર્ધમાન આયંબિલ તપ ૧૦૦ ઓળીની તપસ્યાનો પ્રસંગ હશે. દરેકને ખૂબજ અનુમોદના થતી. જૈનેતરોને પણ બોધિબીજ પામવા માટેનો આ અતિ અદ્‌ભુત શાસનપ્રભાવક મહોત્સવ બની રહ્યો.

અતિ અદ્‌ભુત સ્વાગત-સામૈયાનો વરઘોડો તથા આખાય ભવ્ય મહોત્સવમાં શેઠશ્રી માણેકલાલ મોહનલાલની ખૂબજ ઉચ્ચ કોટિની ઉદારતા રહી. એ તો વર્ષોથી કહેતા કે મારે મારા પરમ ઉપકારી પૂ. રાજતિલકસૂરિજી મહારાજનું બીજી વારની સોમી ઓળીનું પારણું બહુ ભવ્ય રીતે ઉજવવું છે. એમના એ કોડ વિશેષમાં પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી પોતાના આંગણે પધાર્યાથી ધારવા કરતાં ય અતિશય ભવ્ય રીતે પૂરા થયા. આટલી ઠામચોવિહાર આંબેલની બે વાર ૧૦૦ ઓળી પૂર્ણ કરનાર પૂ. શ્રી રાજતિલકસૂરિજી મહારાજ તો કહે છે 'મેં તપ કર્યો નથી, હું તો આ ઓળીઓ કરીને પરમ તપનો અભ્યાસ કરું છું, જેથી તપનો સાચો સ્વાદ આવી જાય.' રાજપુર સંઘના અતિ આગ્રહથી એઓશ્રીનું ચોમાસું રાજપુર ખાતેનું નક્કી થયું. સંઘે અત્રે આવી સંઘપૂજન કરેલ.

ડભોઈમાં ઉજવાયેલો, શ્રી કુંથુનાથજી આદિ જિનબિંબોનો ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ સ્વ. આગમપ્રજ્ઞ આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મ.ની ગુરુમૂર્તિની થયેલી પ્રતિષ્ઠા.

જિનશાસનશણગાર સિદ્ધાંત મહોદધિ પરમગીતાર્થ સ્વ. આચાર્યભગવન્ત શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર સ્વ. આગમપ્રજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર આચાર્યદેવો આનંદમૂર્તિ શ્રીમદ્‌ વિજય વર્ધમાનસૂરીશ્વરજી મ., શાંતમૂર્તિ શ્રીમદ્‌ વિજય જયંતશેખરસૂરીશ્વરજી મ. જ્યોતિર્વિદ શ્રીમદ્‌ વિજય રૈવતસૂરીશ્વરજી મ. પરમતપસ્વી ગણિવર શ્રી નિત્યાનંદવિજયજી મ. તથા પ્રવચનપ્રભાવક પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના વિદ્વાન શિષ્યરત્ન પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. આદિ મુનિવરોની પાવન નિશ્રામાં દર્ભાવતીનગરીમાં શ્રી કુંથુનાથ ભગવાન આદિ જિનબિમ્બોની અંજનશલાકા-પ્રતિષ્ઠાનો મહોત્સવ તથા સ્વ. આગમપ્રજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય જંબૂસૂરીશ્વરજી મ. સા.ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાનો ૧૩ દિવસનો અભૂતપૂર્વ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાઈ ગયો.

સાગરગચ્છ જૈન સંઘની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરી, મુંબઈથી બંને પૂજ્ય આચાર્ય-ભગવંતોનો ખંભાતથી પધારતા ૫. પૂ. આચાર્યદેવશ્રી જયંતશેખર સૂ. મ. આદિનો તથા રાજસ્થાનથી પધારેલા પૂ. સાધ્વી શ્રી કલ્યાણશ્રીજી મ.ના શિષ્યા સાધ્વીશ્રી ધર્મશ્રીજી તથા સાધ્વીશ્રી શિવમાલાશ્રી મ.નો મહા સુદ પના રોજ ભવ્ય સ્વાગતપૂર્વક નગરપ્રવેશ થયો અને મહોત્સવની તડામાર તૈયારીઓ થવા લાગી.

મહોત્સવના વિશાળ આયોજન સાથે પાંજરાપોળમાં હસ્તિનાપુર નગરનું ભવ્ય નિર્માણ કરવામાં આવ્યું. એ વિશાળ સ્ટેજ, ભવ્ય મેરુ પર્વત, રમણીય પીઠીકા, ધજાપતાકા, તોરણો, રોશની વગેરેથી ઝગમગી ઉઠેલું. સંઘમાં અને મેમાનોમાં આનંદના પૂર ઊછળેલ.

મહા વદ-૭ શ્રી કુંથુનાથ આદિ ૨૧ જિનબિમ્બોને વડોદરાના પ્રસિદ્ધ દરબાર બેંડ સાથે હસ્તિનાપુર નગરમાં વેદિકા ઉપર પધરાવવામાં આવ્યા. બપોરે દરબાર બેન્ડ સાથે જળયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢ્યો હતો. વદ-૮-૯ નંદ્યાવર્તપૂજન-વીસસ્થાનક પૂજન સુંદર ઉજવાયા. વદ-૧૦ કુંભ સ્થાપના થઈ. વદ-૧૧ રવિવાર

પૂ. મુનિપ્રવર શ્રી ભદ્રગુપ્ત વિ. મહારાજે વાચકવર્ય ઉમાસ્વાતિરચિત શ્રી પ્રશમરતિ નામના સંસ્કૃત ગ્રંથ પર ગુજરાતીમાં લખેલા વિવેચનના પ્રથમ ભાગનું પ્રકાશન તથા રંગોળી પ્રદર્શનના ઉદ્‌ઘાટનનો ભવ્ય સમારોહ થયો. બપોરે શ્રી સિદ્ધચક્ર પૂજન પ્રવિણચન્દ્ર છોટાલાલ ઝવેરી તરફથી થયું.

મહોત્સવ પહેલાં વિદ્વાન વકતા પૂ. મુનિવર શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે 'પરમાત્મ ભક્તિ', 'પ્રીતની રીત' વગેરે વિષયો પરના જાહેર પ્રવચનોમાં અંજનશલાકા મહોત્સવના ભવ્ય કાર્યક્રમોની ઝાંખી કરાવેલી. તેથી દરેક કાર્યક્રમોમાં હજારો જૈન-જૈનેતરો મંડપને ચિક્કાર ભરી દેતા.

મહા વ. ૧૩ આજથી કલ્યાણકોની ભવ્ય ઉજવણી શરૂ થઈ. પ્રભુનાં માતા-પિતા બનવાનો લાભ મુંબઈ નિવાસી શ્રી તારાચંદ અંબાલાલભાઈએ સજોડે લીધો. ઈન્દ્ર-ઈન્દ્રાણી બનવાનો લાભ શ્રી પુંડરિકભાઈ અંબાલાલે સજોડે લીધો.

ચૌદ સ્વપ્નોનું આબેહૂબ દર્શન..... શકેન્દ્રનું આસનકંપન, શક્રસ્તવ વગેરે પ્રસંગો આબેહૂબ ઉજવાયા હતા..... સંગીતકાર શ્રી જયંતકુમાર રાહી સંગીતની જમાવટ કરતા અને પૂ. મિનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. સા. દરેક પ્રસંગનું ટુંકુ, રોચક અને બોધક વિવેચન કરતા. બપોરે ચ્યવન-કલ્યાણકનો ભવ્ય વરઘોડો હાથી-ઘોડા-બગી-રથ અને જંબૂસરથી આવેલ નિઝામ બેન્ડ સાથે ચઢ્યો હતો.

મહા વદ-૧૪ સવારે ૫૬ દિક્‌કુમારીઓનો ભવ્ય મહોત્સવ, સુઘોષા ઘંટનું વાદન, પાંચ રૂપ કરી ઈન્દ્રનું પ્રભુને મેરુ ઉપર લઈ જવું, ૨૫૦ અભિષેકનાં અપૂર્વ પ્રસંગ ! આ જોતાં પ્રેક્ષકોમાં હર્ષ હિલોળે ચડેલાં. બપોરે જન્મ-કલ્યાણકનો ઈન્દ્ર-ઈન્દ્રાણી સાથે હાથી-ઘોડા-બગી-રથ અને નિઝામ બેન્ડ સાથે ભવ્ય વરઘોડો ચઢ્યો હતો. નવકારશી ખંભાતના સંઘવી અંબાલાલ રતનચંદના ધર્મપત્ની મૂળીબેન તરફથી હતી.

મહાવદ ૦)) પ્રભુના જન્મની પિતાને વધામણી, ભગવાનનું નામ-સ્થાપન, પાઠશાળા-ગમન વગેરે પ્રસંગો રસપૂર્ણ રીતે ઉજવાયા. બાળકોને પેંડા-નોટ-પેન્સીલ-બોલપેન વહેંચાયાં. પ્રભુના લગ્ન હરખભેર ઉજવાયા. સંગીતકાર ખીલેલા. મુનિશ્રીએ પ્રાસંગિક પ્રેરક પ્રવચન કર્યું. નૂતન જિન-બિમ્બોને ૧૮ અભિષેક કરાયા. બપોરે ભવ્ય રાજ્યાભિષેક ઉજવાયા. નવ લોકાંતિકદેવાએ આવી પ્રભુને ધર્મતીર્થ સ્થાપવાની વિનંતી કરી..... અને ત્યાં જ સભામાં ૧, ૨, ૫, ૫ રૂપિયાની નોટો ઉછાળીને વર્ષીદાનનો પ્રારંભ થયો. નવકારશી મુંબઈના કાંતીલાલ ડી. તથા ચિરંજીતલાલ ગ. તરફથી થઈ. દીક્ષા કલ્યાકણકમાં લાભ લેવા આંબાથી શ્રી છગનલાલ લક્ષ્મીચંદ

તથા આંબા સંઘના ભાઈઓ બે બસ લઈને આવ્યા.

ફાગણ સુદ-૨ આજે દીક્ષા-કલ્યાણકનો ભવ્ય વરઘોડો નિશાનડંકા-ઘોડા-બગીઓ-ઘોડાગાડીઓ, ઈન્દ્રધ્વજા, ચૌદ સુપનની ગાડી, દરબાર બેન્ડ, ૨-૨ રથ અને વિશાળ સાજન સાથે ચઢ્યો હતો. હાથીના હોદ્દે બેસીને શ્રી છગનલાલ લક્ષ્મીચંદ છૂટા હાથે વર્ષીદાન આપતા હતા. ૩॥ કલાક વરઘોડો ફરીને હસ્તિનાપુર નગરમાં ઉતર્યો. દીક્ષા-કલ્યાણકની ભવ્ય ઉજવણી થઈ અને તેજ વખતે કુંથુનાથ પ્રભુની તથા ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા અને વિમાનમાંથી પુષ્પવૃષ્ટિની બોલીનો સુંદર પ્રારંભ થયો. ગુરુમૂર્તિને પાંચ અભિષેક કરાયા. નટુભાઈ જી. તરફથી નવકારશી થઈ.

મધ્યરાત્રિએ પૂજય આચાર્યદેવોએ નૂતન જિનબિંબોને અધિવાસના-અંજનશલાકા કરી.

ફાગણ સુદ ૩ આજે વહેલી સવારથી માનવમહેરામણ ઉમટેલો. સંઘને નૂતન જિનબિંબોનાં પ્રથમ દર્શન જૈતારણ નિવાસી સંઘવી જૌહરીલાલજી પટવાએ કરાવ્યાં. ત્યારબાદ કુંથુનાથ આદિ જિનબિંબોને વાજતેગાજતે શ્રી ઋષભાદિ જયતિલક પ્રાસાદમાં પધરાવવામાં આવ્યા. નિર્વાણ કલ્યાણકનો ભવ્ય વરઘોડો ચઢ્યો. કુંથુનાથ પ્રભુ તથા ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા હોઈ દહેરાસરજીમાં તથા આજુબાજુના મકાનોમાં ચિક્કાર માનવમેદની હતી. આકાશમાંથી ધીરે-ધીરે પુષ્પકવિમાન પુષ્પવૃષ્ટિ કરી રહ્યું હતું. "ૐ પુણ્યાહં પુણ્યાહં"નો ગંભીર મંત્રોચ્ચાર ચાલી રહ્યો હતો અને શુભ મુહૂર્તે જયનાદપૂર્વક પ્રતિષ્ઠા થઈ. બપોરે શ્રી આંબા જૈન સંઘ તરફથી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભણાવાયું. નવકારશી કિરીટકુમાર વાડીલાલ તરફથી થઈ.

ફા. સુ.૪ જેમના માર્ગદર્શન અને દોરવણી હેઠળ સમગ્ર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું તે પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજનો એમના પૂ. ગુરુજી તપોનિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની વિનંતીથી પૂ. આચાર્યદેવશ્રી વર્ધમાનસૂરીશ્વરજી મ. સા.ના શુભ હસ્તે ભગવતી સૂત્રના જોગમાં મંગલ-પ્રવેશ થયો અને તે નિમિત્તે નમિઉણ પૂજન ભણાવાયું.

રાતના કાર્યકર અને સહકારદાતા મહાનુભાવોનો સત્કાર સમારંભ ઉજવાયો. એમાં જયંતિલાલ બાપુલાલ, બાલમંડળ, બાલ મહિલામંડળ, ગુરુમૂર્તિ પ્રતિષ્ઠાનો લાભ લેનાર તખતગઢના શ્રી બંસીલાલજી, ચિત્રકાર શાંતિલાલ દોશી વગેરેનું સન્માન થયું.

મહોત્સવની વિશેષતાઓ : સાગરગચ્છ જૈન સંઘના પ્રમુખ શ્રી જયંતિલાલ

બાપુલાલ જનતા પાર્ટીના ઉપપ્રમુખ શ્રી ભાઈલાલભાઈ આદિની મહોત્સવને સફળ બનાવવાની ભારે જહેમત. દર્દીઓને ફળફળાદિ, ગરીબોને સેવ-બુંદી, અનેક જીવોને અભયદાન. વિશાળ અને ભવ્ય વરઘોડા. વિમાનમાંથી પુષ્પવૃષ્ટિ. દેરાસર-ઉપાશ્રય-જ્ઞાન મંદિરની રોશની જોવા સાંજ પડ્યે બધી કોમના ભાઈ-બહેનોનું આગમન. પ્રસંગને લગતા પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી નંદીઘોષવિજયજી મ. રચિત ગીતોની પુસ્તિકા 'ગીતમંજરી'નું પ્રકાશન. કલ્યાણકોનું સ્વરૂપ સમજાવતાં. મોટા ઓઈલપેન્ટ ચાર્ટો. ક્રિયાકારકો શ્રી કાન્તિલાલ સવચંદ, જગુભાઈ લલ્લુભાઈ (છાણી) મનુભાઈ ડભોઈવાળાએ સુંદર વિધિવિધાનો કરાવ્યા. આકર્ષક રંગોળીઓની રચના ઇત્યાદિથી મહોત્સવ ખૂબ જ સુંદર દીપી ઉઠયો.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૬, અંક-૪૦,તા.૩-૬-૧૯૭૮

પૂ.આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.ના જન્મથી ધન્ય બનેલ પિંડવાડામાં ઉજવાયેલ શ્રી અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ

અત્રે તા. ૨૩-૫ થી પ્રતિષ્ઠા-અંજનશલાકા યુક્ત ભવ્ય રોમાંચક પ્રસંગો સાથે શ્રી દશાન્હિકા-મહોત્સવ ખૂબ જ ઉલ્લાસ અને ઉદારતાપૂર્વક ઉજવાઈ ગયો.

પૂ. સ્વગત સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની જન્મભૂમિ બનવાનું પુણ્ય પામનારી પિંડવાડાની ધરતી કેટલી બધી પુણ્યમયી કે વર્ષોથી અનેક અનેરા મહોત્સવ સહિત ધર્મપ્રસંગોમાં એક અનોખો આ મહોત્સવ બની ગયો.

વ્યા. વા. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તરફથી પ્રાપ્ત થયેલ અંતરના આશીર્વાદો એનું સૌભાગ્ય હતું, તો અધ્યાત્મપ્રેમી પ્રશાંતમૂર્તિ પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ., પ્રખરવ્યાખ્યાતા પૂ.આ. શ્રી વિજય મુક્તિચંદ્રસૂરિજી મ. બે વાર વર્ધમાન તપના અજોડ આરાધક પૂ.આ. શ્રી વિજય રાજતિલકસૂરિજી મ. પૂ. અધ્યાત્મનિષ્ઠ આ. શ્રી વિજય કલાપૂર્ણસૂરિજી મ. આદિ બાવન મુનિરાજો તથા ૧૦૧ પૂ. સાધ્વીજી મ.નું સાંપડેલું સાંનિધ્ય એનું બડભાગ્ય હતું.

સંઘની ભૂમિ પર શ્રી રીખવદાસજી અમીચંદજી મુથા પરિવારે પોતાના તરફથી નિર્મિત કરેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથસ્વામી જિનમંદિરના અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી શ્રી પિંડવાડા સંઘ તરફથી ઉજવવાનું નક્કી થતા વિવિધ કાર્યો અંગે સમિતિઓની ગોઠવણી બનતી ગઈ એમ એમ આયોજન અનોખું બનતું

ચાલ્યું. પૂ. આચાર્યોની પધરામણી થતી ગઈ. શ્રી રીખવચંદજીના સુપુત્ર કાંતીલાલજી જેઓ પૂ.આ. શ્રી પ્રેમસૂરીશ્વરજીના શિષ્ય તરીકે ૨૦૨૩માં મુનિશ્રી કુલચંદ્રવિજયજી તરીકે થયેલ તેઓ પણ પધારેલ.

શ્રી પંચકલ્યાણકોની ઉજવણી, મેરૂપર્વત-સમવસરણ સુશોભિત છોડોનું ઉજમણું-હાલતી ચાલતી ઈલેક્ટ્રીક ૧૦ રચનાઓ-વેદિકા-આદિની ગોઠવણી માટે વારાણસી નગરીમાં સંપ્રતિ સભામંડપ ખડો કરવામાં આવ્યો. ચાર રંગોળીઓની રમ્ય રચના જાણીતા કલાકાર શ્રી રમણિક શાહે શ્રી પ્રેમસૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિરમાં કરી હતી. ભોજન માટે "કુમારપાળ ઉદ્યાન" સ્વ. પૂ. પં. શ્રી પદ્મવિજયજી મ.ની વિશાળ મંડપ દેરીની સામેની બાજુમાં ઊભો કરેલ કે જેમાં ૧૨ દિવસો સુધી સવાર-બપોર-સાંજના સાધર્મિક ભક્તિનો લાભ અલગ અલગ વ્યક્તિઓએ ઉછામણીપૂર્વક લીધો હતો. વૈ.સુ. ૬ના પ્રતિષ્ઠાના દિવસે આખા ગામને જમણ (ફલે ચુંદડી) શ્રી રીખવચંદજી અમીચંદજીના પરિવારે ઉછામણીથી લાભ લીધો હતો. ઈલેક્ટ્રીક રોશનીઓની કલારમ્ય ગોઠવણીથી તો આખું ગામ ઝળહળી ઉઠતું હતું. સમી સાંજથી મોડી રાત સુધી રંગોળી-રોશની-રચનાઓ જોવા ઉમટતી જન-મેદનીથી નગરના મુખ્ય માર્ગો સાંકડા બની જતા. આગ્રાનું પ્રખ્યાત કિશોર બેન્ડ, આબુરોડ, વિજાપુર, ફાલના સ્થાનિક બેન્ડ તેમજ વિ.આ. પ્રેમસૂરીશ્વરજી જૈન નવયુવક મંડળ બેન્ડના સૂરીલા સાદો દિનભરના વાતાવરણને સંગીતમય બનાવી દેતા. ૨ ગજરાજ, ઘોડા, ઊંટ, ચાંદિના રથ-૧૪ સ્વપ્ન આદિ સામગ્રી સહિત વિશાળ સાજન સાથે નીકળતા ભવ્ય વરઘોડાની જનતા રોજ પ્રતિક્ષા કરતી. પ્રતિષ્ઠાની પુણ્યપળે હેલીકોપ્ટર દ્વારા પુષ્પ-વૃષ્ટિ થઈ. આ પ્રસંગમાં સોનામાં સુગંધની જેમ પૂ. પ્રદ્યોતન વિ. ગણિ. પૂ. જિનપ્રભ વિ. ગણિવરને પંન્યાસપદ પ્રદાનનો તેમજ પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મ.ના પ્રશિષ્ય પૂ. મુનિશ્રી ગુણરત્નવિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી રશ્મિરત્નવિજયજી મ.ની વડી દીક્ષા તથા માંડવી નિવાસી હર્ષદકુમાર શાંતિલાલનો દીક્ષા-કાર્યક્રમ જોડાતા કોઈ અનેરી રંગત જામી હતી.

વૈ. સુ. ૧થી કલ્યાણકોની ઉજવણીનો પ્રારંભ થયેલ. ક્રિયાકારક શ્રી કાંતીલાલ સવચંદ તથા શ્રાદ્ધવર્ય શ્રી બાબુભાઈ કડીવાળા તેમજ નટવરભાઈની મંડળીએ ખૂબ રંગ જમાવ્યો હતો. વૈ. સુ. ૫ના પંન્યાસપદવી તેમજ હર્ષદકુમારને દીક્ષાપ્રદાનની ભવ્ય વિધિ થયેલ. નૂતન મુનિનું નામ હર્ષરત્નવિજયજી રાખી પૂ.આ. શ્રી વિજય રાજતિલકસૂરિજી મ.ના શિષ્ય તરીકે જાહેર કરાયેલ. મુંબઈ-અમદાવાદ-મદ્રાસ ધરમાવરમ્ કોલ્હાપુર-સોલાપુર-પુના તેમજ આજુબાજુના સેંકડો ગામોનાં સાધર્મિકો પધારેલ. દરેકને રહેવા-ઉતરવાની ઉત્તમ સગવડ થયેલ.

જલગામનગરે તપશ્ચર્યાની રેલમછેલ

પરમ તપસ્વી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પુનીત નિશ્રામાં ચતુર્વિધ સંઘમાં ખૂબ જ સુંદર આરાધનાઓ ચાલુ છે... પૂજ્યશ્રીનાં યોગદૃષ્ટિ તથા શ્રી શાન્તિનાથ ચરિત્ર પર ચાલતા સંવેગ-વૈરાગ્ય ભરપુર પ્રવચનોએ અત્રે તપશ્ચર્યાનાં પૂર ઉમટાવ્યા છે... શ્રાવણ સુદ ૪ના રોજ અત્રે એક અનોખો-યાદગાર પ્રસંગ ઉજવાઈ ગયો.

પૂજ્યશ્રીના તથા પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજીનાં પ્રવચનોમાં તપશ્ચર્યા માટેના પાવર પૂરનારા પ્રસંગો સાંભળી કેટલાય ભાગ્યશાળીઓ મોટી તપશ્ચર્યા કરવાની તૈયારી કરી રહ્યા હતા... શ્રાવણ સુ. ૪થી સામુદાયિક તપના પચ્ચક્ખાણ કરવાના હોવાથી શ્રી સમસ્થમલજી ગાંધીએ લગભગ ૨૦૦ તપનો ભાવિકોનાં અત્તરવરણાં કરાવવાનો લાભ લીધો... તપશ્ચર્યા કરવા તત્પર થયેલા મહાનુભાવોની ખૂબ જ ભક્તિ-બહુમાનપૂર્વક ગુંદર-માવાપાક ફ્રુટ વગેરેથી ભક્તિ કરી... રૂપિયા અને શ્રીફળ તિલક કરીને દરેકને આપ્યા... સુ. ૪ સવારના વ્યાખ્યાનમાં લોકો જોવા માટે પણ હકડેઠઠ ભરાયેલા હતા. ૯-૫૬ મિનિટે પચ્ચક્ખાણ લેવા ભાગ્યશાળીઓ ઊભા થયા... નાની નાની ઉંમરના બાળકો-બાળિકાઓને જોઈને સૌ આશ્ચર્યમાં ગરકાવ બની ગયા... ૧૬ ઉપવાસના પચ્ચક્ખાણ ૩...૧૧ ઉપવાસના ૧૨...૮ ઉપવાસના ૫...અઠ્ઠમના લગભગ ૧૮૨ જેટલા ભાગ્યશાળીઓએ પચ્ચક્ખાણ લીધા...! માત્ર ૧ ઉપવાસનું નક્કી કરીને આવેલાઓએ ૩-૮-૧૧ સુધીના પચ્ચક્ખાણ લીધા... આ દૃશ્ય અલૌકિક હતું. જોનારાની આંખોમાં હર્ષના આંસુઓ ચાલતા હતા... જલગામના ઈતિહાસમાં કદી ન બનેલો...ન સાંભળેલો...ન જોયેલો પ્રસંગ આજે વાસ્તવમાં સાકાર બની રહ્યો હતો... આવી તપશ્ચર્યા કરનારા આ ગામમાંથી નીકળે તે કોઈ માનવા તૈયાર નહોતું પરંતુ પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીના તપોમય... સંયમમય જીવનના પ્રભાવે આ અશક્ય પ્રાયઃ પ્રસંગ શક્ય બની ગયો !

વ્યાખ્યાન પછી ચારેબાજુ આ તપશ્ચર્યાની જ વાત કરતાં કરતાં લોકો વિખરાયા... અઠ્ઠમતપ કરનારાઓ પણ આગળ વધવાની ભાવના રાખતા હતા... તદનુસાર વળી શ્રાવણ સુ. ૭ના પણ ૧૩-૧૧-૮-૨ વગેરેના પચ્ચક્ખાણ થયા... હાલમાં લગભગ ૫૦ જેટલા મહાનુભાવો ૮ ઉપવાસથી આગળ વધી રહ્યા છે...

શ્રી ત્રીકમચંદજી તરફથી અઠ્ઠમીઆને પારણાં કરાવવામાં એક ભાઈ તરફથી ૧૪ વર્ષની ઉંમર સુધીના અઠ્ઠમીઓ (ચૌદેક)ને પૂજાની પેટીની પ્રભાવના જાહેર થઈ.

પૂ.મુ. શ્રી શોભનવિજયજી મહારાજને તથા પૂ. બાપજી મહારાજના સમુદાયના પૂ. સાધ્વીજી શ્રી જયપૂર્ણાશ્રીજી મહારાજ તથા પૂ. સાધ્વીજી શ્રી સ્નેહપૂર્ણાશ્રીજી મહારાજ એમ ત્રણને માસખમણની તપશ્ચર્યા સુખરૂપ પૂર્ણ થઈ ગઈ છે... તો પૂ.મુ. શ્રી નંદીભૂષણવિજયજી મહારાજ તથા પૂ.મુ. શ્રી નેત્રાનંદવિજયજી મહારાજની માસખમણની તપશ્ચર્યા ચાલુ છે કે જે તા. ૧૮-૮-૭૮ના રોજ પૂર્ણ થઈ રહી છે...

આમ અમલનેર અને માલેગામમાં થયેલ તપશ્ચર્યાને યાદ કરાવે તેવી તપશ્ચર્યા અત્રે ચાલુ છે... પૂજ્યપાદ આચાર્યભગવંતશ્રીના શ્રીમુખે પચ્ચક્ખાણ લેનારા ખૂબ જ ઉલ્લાસભેર તપશ્ચર્યામાં આગળ વધી રહ્યા છે... માસખમણીઓને મુંબઈના એક ભાઈ તરફથી ૧૦૧ રૂા. અત્રેના એક ભાઈ તરફથી રૂા. ૧૦૧ પહેરામણી જાહેર થઈ છે. અત્રે દશેરાથી ઉપધાન પછી અંતરીક્ષજી છ'રી' પાળતો સંઘ, વગેરેની પૂજ્યશ્રીને જોરદાર વિનંતી થઈ છે. મુંબઈ, મલાડ, હીરસૂરિ જગદ્‌ગુરુ ઉપાશ્રયના ટ્રસ્ટી તરફથી ત્યાં અંજનશલાકા માટે પૂજ્યશ્રીને પધારવા ખૂબ આગ્રહ કરવામાં આવ્યો.

પૂ. મુનિરાજ પદ્મસુંદરવિજયજી મ.ના ૧૧ ઉપવાસના પારણા પર એમના સંસારીપણે પિતાશ્રી શ્રી રાયચંદભાઈ તરફથી સંઘપૂજન અને પ્રભુજીને ભવ્ય અંગરચના, તથા સવાર બપોર વ્યાખ્યાનમાં પેંડાની પ્રભાવના થયેલ.

પૂજ્ય આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજની વર્ધમાન તપની ૧૦૮મી ઓળીની પુનીત પૂર્ણાહુતિ પ્રસંગે ભવ્ય ઉદ્યાપન મહોત્સવ

પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પ્રવચન પ્રભાવક, તપોનિધિ પરમ પૂજ્ય આચાર્યદેવ

શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે ૬૮ વર્ષની વયે, શાસન તથા સમુદાયની અનેકવિધ સમ્યક્ જવાબદારીઓના વહન સાથે સંવત ૨૦૩૫ માગશર સુદ ૮ તારીખ ૭ મી ડિસેમ્બર ૧૯૭૮ થી વર્ધમાન તપની ૧૦૮ મી

ઓળીનો પ્રસન્ન ચિત્તે સુમંગળ પ્રારંભ કર્યો છે. વર્ધમાન તપની ૧૦૮મી ઓળી પૂજ્યશ્રીએ નિર્વિઘ્ને પરિપૂર્ણ કરતાં તેઓશ્રીની ઉગ્ર તપસાધનાની અનુમોદના કરવા ફાગણ વદ-૩ થી ફાગણ વદ-૧૩ સુધી ઉદ્યાપન સહિત ભવ્ય જિનભક્તિ મહોત્સવનું પાવન આયોજન કરવાનો નિર્ણય કર્યો છે. ઉદ્યાપનમાં આરાધક ભાવિકો પોતાનો છોડ ભરાવીને પણ મૂકી શકશે.

ભારતભરના તપસ્વી શ્રાવક શ્રાવિકાઓએ વર્ધમાન તપની સો ઓળીની તપશ્ચર્યા પૂર્ણ કરી હોય અથવા તો સળંગ ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા કરી હોય તેમણે પોતાનાં નામ સરનામાની જાણ સમિતિને સત્વરે કરવા પ્રેમભરી વિનંતી છે.

મહોત્સવનો સવિસ્તાર કાર્યક્રમ હવે પછી જાહેર કરાશે.

શ્રી વર્ધમાન તપ અનુમોદન સમિતિ

મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય પાંજરાપોળ કમ્પાઉન્ડ, ભુલેશ્વર-મુંબઈ-૪૦૦૦૦૪.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૭,અંક-૨૦,તા.૨૦-૧-૧૯૭૯

નાસિક નગરે ઊજવાઈ ગયેલો ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ

પરમગીતાર્થ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિ ભગવંતોની પુનીત નિશ્રામાં અને શ્રી પ્રથમ તીર્થપતિ આદીશ્વર ભગવાન આદિનાં જિનબિંબોને ગાદીનશીન કરવાનો મહોત્સવ ખૂબ સુંદર ઊજવાઈ ગયો.

સમસ્ત મહારાષ્ટ્રમાં ૫૭ ઈંચના કોઈ જિનબિંબ નથી. ઋષભદેવ ભગવાનનું ૫૭ ઈંચનું આ જિનબિંબ એકદમ નયનરમ્ય હોવાથી શ્રીસંઘમાં આ પ્રસંગે ખૂબ જ ઉલ્લાસ હતો.

ગાદીનશીન કરવાની ઉછામણીમાં અનેરી રંગત જામી. પ્રખર વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજના પ્રભુભક્તિ તથા ધનમૂર્છા ઉતારવા અંગેના થતા જોરદાર પ્રવચનોએ ઉછામણીમાં ખૂબ જ ઉલ્લાસ વધાર્યો... વચ્ચે વચ્ચે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પ્રભુજીને ગાદીનશીન કરવાનો કેવો મહિમા છે તેનું વર્ણન કરતા. વળી સંગમનેરના મંડળે પ્રભુભક્તિનાં ગીતો દ્વારા પ્રબળ પ્રેરણા કરી. ઋષભદેવ ભગવાન આદિ ૪ જિનબિંબને ગાદીનશીન કરવાના ધજાદંડ, કળશ ચઢાવવાના, મહારાષ્ટ્રના સંઘોમાં ધર્મનો પ્રાણ પૂરનાર વૈરાગ્યવારિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજની મૂર્તિને

ગુરુમંદિરમાં પધરાવવાના, દ્વારોદ્ઘાટન કરવાના, ગુરુપૂજન કરવાના આદિ ચઢાવાઓ કલ્પના બહારના ખૂબ જ સારા થયા.

મહોત્સવ દરમ્યાન વાલકેશ્વરથી આવેલ ઋષભજિન ભક્તિ મંડળ, ધુળિયા જગદ્ગુરુ જૈન યુવક મંડળ, સંગમનેર જૈન મંડળ આદિએ પૂજા, ભાવનામાં ખૂબ જ રમઝટ મચાવી.

વદ ૧૦ ના બપોરના રથયાત્રાના નીકળેલા ભવ્ય વરઘોડામાં, વ. ૧૧ સવારના ગાદીનશીન કરવાના પ્રસંગમાં, વ. ૧૨ વહેલી સવારે દ્વારોદ્ઘાટન કરવાની ઉછામણી બોલનારને ત્યાં ચતુર્વિધ સંઘ પધારવાના પ્રસંગમાં જે વિશાળ જનમેદની ઊમટેલી તે ખરેખર ! સંઘમાં આ પ્રસંગને અનુલક્ષીને રહેલા ઉલ્લાસને જણાવતી હતી...

વદ ૧૦ સાંજે તથા વ. ૧૧ સવારે શ્રીસંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયાં. આદ્યધર્મ તીર્થસ્થાપક શ્રી ઋષભદેવ પ્રભુની ૫૭ ઈંચની મનોહર પ્રતિમા તથા મહારાષ્ટ્ર દેશોદ્ધારક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા, મહાન સંયમી પૂ.આ. દેવ શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા ૧૦૮ મી ઓળીના આરાધક પૂ.આ. દેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રા, શાન્તમૂર્તિ પૂ.પં. શ્રી ધનપાલવિજયજી મહારાજની ઉપસ્થિતિ, અજોડ વ્યાખ્યાતા પૂ.મુ.શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજનાં જોરદાર વ્યાખ્યાનો ઇત્યાદિ અનેક વિશેષતાઓથી ભરપૂર આ મહોત્સવ ચિરસ્મરણીય બની ગયો.

બંને પૂજ્ય આચાર્ય ભગવંતો અત્રેથી વિહાર કરી મહા સુદ ૮ આસપાસ થાણા પહોંચવા ધારે છે. પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી ડાક્ટરી સલાહ અનુસાર અત્રે મહાવીર સોસાયટીમાં આરામ કરવાના છે. એમની નિશ્રામાં મહા વદ ૪-૫-૬ ૪૦૦ વીર સૈનિકોનું સંમિલન નક્કી થયું છે.

• • •

• **નાસિક :** ૫.પૂ.આ. શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા ૫.પૂ.આ. શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ વિશાળ મુનિભગવંતોનો અત્રે પીંપળગામથી નીકળેલા શ્રીસંઘ સાથે પધારતા નાસિક સંઘ તરફથી ભવ્યનગરપ્રવેશ થયો. પૂ.મુ. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ પણ દેવલાલીથી અત્રે પધાર્યા. સામૈયું ઊતર્યા બાદ સંઘપતિને માળ પહેરાવાઈ. પૂ.મુ. શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજનું પ્રવચન થયું. પીંપળગામ નિવાસી સંઘપતિ મહેન્દ્રકુમાર તરફથી આજે સ્વામિવાત્સલ્ય થયું.

પોષ વ. ૬ ના રોજ નંદનવન સોસાયટીમાં પદમશીભાઈને ત્યાં ગૃહમંદિરની પ્રતિષ્ઠા હોવાથી પૂ. આચાર્ય ભગવંતાદિ વાજતે-ગાજતે ત્યાં પધાર્યા સંઘપૂજન થયું. વ. ૭ સવારે બોરા વકીલના ગૃહમંદિરે તથા સુમતિ સોસાયટી અને મહાવીર સોસાયટીમાં પૂજ્યો દર્શનાર્થે પધારતાં ત્રણેય જગ્યાએ સંઘપૂજનો થયાં.

અત્રે ૫૭ ઇંચના ભવ્ય આદીશ્વર ભગવાનના જિનબિંબની પોષ વ. ૧૧ ના પ્રતિષ્ઠા હોવાથી તે અંગેનો ભવ્ય મહોત્સવ ચાલી રહ્યો છે.

પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને ૧૦૮ મી ઓળી સુખરૂપ ચાલી રહી છે. આ ઓળીની અનુમોદના નિમિત્તે પૂજ્યશ્રીની નિશ્રામાં ભવ્ય ઉજવણી કરવાનું લાલબાગના સંઘે નક્કી કર્યું છે. વૈશાખ મહિનામાં મલાડમાં ભવ્ય અંજનશલાકા મહોત્સવ ઊજવવાનું નક્કી થયું છે. પોષ વ. ૧૨ ના પૂજ્યશ્રી અત્રેથી મુંબઈ તરફ વિહાર કરવા ધારે છે.

રોજ પૂ.મુ. શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજનાં જોરદાર પ્રવચનો થઈ રહ્યાં છે. જેનો વિશાળ જનતા લાભ લઈ રહી છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૭,અંક-૨૨,તા.૧૦-૨-૧૯૭૯

પ.પૂ. આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની ૧૦૮મી વર્ધમાન તપની ઓળીની અનુમોદનાર્થે વર્ધમાનતપના પાયા તથા ઓળીઓની

સામુદાયિક આરાધના

પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ કર્મશાસ્ત્રવિશારદ સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના પટ્ટાલંકાર આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજા ૬૭ વર્ષની વયે અનેકવિધ શાસનપ્રભાવનાનાં કાર્યો વચ્ચે અનેક બાળજીવોને આરાધના કરાવવા સાથે સ્વયં ૧૦૮મી ઓળીની આરાધના કરી રહ્યા છે.

આપણા સૌના ઉપકારી મહાપુરુષની આ ઉગ્ર સંયમ સાધનાની અનુમોદનાર્થે એક ભવ્ય મહોત્સવનું ૧૦૮ છોડના ઉદ્યાપન સહિત ફા.વદ-૩ થી ફા.વદ ૧૩ સુધીનો લાલબાગ (ભુલેશ્વર) જૈન ઉપાશ્રયમાં આયોજન થશે.

પૂજ્યશ્રીના આ ઉગ્ર તપની અનુમોદનાર્થે અનેક પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજો પૂજ્યશ્રીની સાથે જ પારણું આવે તે રીતે માસક્ષમણો, વર્ધમાન તપની ઓળીઓ, વીશસ્થાનકની સળંગ ઓળી (૨૦ ઉપવાસ) વગેરે ભવ્ય આરાધનાઓ કરવાનાં છે.

આપણે પણ પૂજ્યશ્રીના તપમાં સહભાગી થવા પૂજ્યશ્રીની સાથે જ તપની પૂર્ણાહુતી થાય અને પૂજ્યશ્રીના પારણાના દિવસે જ પારણું સાથે આવે તે રીતે વર્ધમાન તપના પાયા નાખવા તથા ઓળીઓ ઉપાડવા વગેરેનો સામુદાયિક કાર્યક્રમ નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

આઠ તથા તેથી વધુ ઉપવાસની આરાધના ફાગણ વદ-૧૩ પારણું આવે તે રીતે ઉપાડવી. આયંબિલ આદિ દરેક પોતપોતાના સ્થાને કરી શકશે.

ફા. સુદ ૮ થી વર્ધમાન તપના પાયાનો પ્રારંભ કરવો.

વર્ધમાન તપની ઓળીઓ ફા.વદ-૧૩ પારણું આવે તે રીતે ઉપાડવી.

બૃહદ મુંબઈમાં આ નિમિત્તે આ રીતે તપસ્યા કરનાર ભાઈબેનોના સામુદાયિક પારણાં ફાગણ વદ-૧૩ સોમવાર તા. ૨૬-૩-૭૯ પૂજ્યશ્રીના પારણાની સાથે થશે, તથા વિશિષ્ટ કોટિનું બહુમાન પણ થશે.

ઉપરની આરાધનાઓમાં જોડાવા મુંબઈ બૃહદ્‌મુંબઈના સઘળા જૈન ભાઈ-બેનોને અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

જે ભાઈ-બેનોએ આ અંગે જે જે આરાધના કરવાની હોય તેમને નીચેના સ્થળે નામો નોંધાવી દેવા.

શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય પાંજરાપોળ, **મુંબઈ-૪૦૦ ૦૦૪**

લી. શ્રી વર્ધમાન તપ અનુમોદના સમિતિ

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૭,અંક-૨૬,તા.૧૦-૩-૧૯૭૯

લાલબાગ મુંબઈને આંગણે ૭૦ થી વધારે ગુરુભગવંતોનું અભૂતપૂર્વ સ્વાગત

નિઃસ્પૃહમૂર્તિ પ.પૂ. આચાર્યશ્રી હીરસૂરીશ્વરજી મ.સા. તથા ૧૦૮ મી વર્ધમાન તપની ઓળીના ઉગ્ર તપસ્વી પ.પૂ. આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. આદિ ૭૦ મુનિ ભગવંતો અને સાધ્વીજી મહારાજોનો મહા વદ-૧૦ તારીખ ૨૨-૨-૭૯ના રોજ લાલબાગ જૈન ઉપાશ્રયે પ્રવેશ મહોત્સવ યાદગાર નહિ, ઐતિહાસિક બની રહ્યો.

તપ, ત્યાગ અને તિતિક્ષામૂર્તિ પૂજ્યપાદશ્રીના સ્વાગત અર્થે મુંબઈના સંઘો અને હજારો ભાવિકો ઊમટી પડ્યા હતા. દુકાનો, ઑફિસો અને કામના ચાલુ દિવસે પણ હજારો લોકોની હાજરી આયોજકોને અચરજ પેદા કરી ગઈ. પણ...

'ગંગા કી નિર્મલ ધારા સમ જિનકા પાવન જીવન હૈ' એવા મહાતપસ્વી,

ન્યાયવિશારદ, શિબિરવાચના દાતા પૂજ્યશ્રીના સ્વાગત મહોત્સવને મધુરો બનાવવા સેંકડો શિબિર યુવકો, વીર સૈનિકો તથા હજારો ભાઈ-બહેનોના હૈયે હર્ષોલ્લાસ હતો. વહેલી સવારથી જ પાયધુની નમિનાથજી જૈન દેરાસર પાસે માનવ મહેરામણ ઊમટ્યો. પૂજ્યશ્રીઓના આગમન પછી સવારે ૮-૩૦ થી જયનાદ અને જયઘોષથી સ્વાગતયાત્રાનો આરંભ થયો. સ્વાગતયાત્રાની વ્યવસ્થા વિશાળ આકર્ષક અને વ્યવસ્થિત હતી. ૯ બેન્ડ મંડળો, ૩૬ સાંબેલા, ૧૨ ઘોડેસવાર, ૩૬ બેડાંવાળી બહેનો, જ્ઞાનદર્શન ચારિત્રના ઉપકરણોથી સુશોભિત ટ્રક, ૪૫ આગમ પુરુષ જિનભક્તિ મંડળીઓ, પ.પૂ.આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.નું વિશાળ તૈલચિત્ર, તથા સુરેન્દ્રનગર મુકામે ભાગવતી પ્રવજ્યા અંગીકાર કરનાર મુમુક્ષુઓ અને વર્ષીદાન, ૭૦ જેટલા ગુરુભગવંતો અને હજારો શ્રાવક-શ્રાવિકાઓનો માનવ પ્રવાહ મારવાડી બજાર, ત્રાંબાકાંટા, ઝવેરી બજાર, પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી, ગુલાલવાડી, સી.પી. ટેંક સુધી અટૂટ રહ્યો હતો.

તપસ્વી ગુરુભગવંતના દર્શનાર્થે આ ઉપરોક્ત તમામ રાજમાર્ગો પર બંને બાજુ હજારો નર-નારીઓ ગુરુદેવોને વંદના, ગહુંલી દ્વારા ભાવાંજલિ અર્પિત કરી જયનાદ કરતા હતા. રાજમાર્ગો ધ્વજા-પતાકા અને પ્રેરક ગુરુવાણીના પદ સૌને થંભાવી દેતા હતા.

લગભગ બપોરે ૧૨ કલાકે સ્વાગતયાત્રા લાલબાગ ઉપાશ્રયે પહોંચતાં સર્વત્રથી જયનાદોના જયકાર ગુંજી ઊઠ્યા.

હકડેઠઠ ભાઈ-બહેનોથી ભરાયેલ ઉપાશ્રયમાં શાંતિ છવાઈ અને પ.પૂ. આચાર્યશ્રી વિજયહીરસૂરીશ્વરજી મ.સા.નું મંગળ મંગલાચરણ થયું. શ્રી ઋષભજિન ભક્તિમંડળનું ભાવવાહી ગીત બાદ સર્વશ્રી કુમારપાળ વિ. શાહે પૂજ્ય ગુરુભગવંતોનું લાલબાગ શ્રીસંઘ, વર્ધમાન તપ અનુમોદના સમિતિ તરફથી ભાવપૂર્ણ શબ્દોમાં સ્વાગત વક્તવ્ય કર્યું. પૂજ્યપાદશ્રીની ૧૦૮મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે અનુમોદનાર્થે ફાગણ વદ ત્રીજથી ફાગણ વદ તેરસ સુધી યોજાનાર ભવ્ય મહા મહોત્સવની વિસ્તૃત સમજ આપી હતી.

આખો મહોત્સવ અને એ અંગેની પ્રેરક પ્રેરણા પ.પૂ. મુનિવર્ય શ્રી હેમચંદ્રવિજયજી મ.સા.ની વર્ધમાન તપ અનુમોદના સમિતિને રહી છે. આ આખા આયોજનનો આર્થિક આત્મભોગ પાંચ પુણ્યશાળી શ્રી બંસીલાલ અંબાલાલ શાહ, શ્રી ચંપકલાલ ભણસાલી, શ્રી નવીનચંદ્ર ભગવાનદાસ, શ્રી છબીલભાઈ અમુલખભાઈ શાહ (ઘોટીવાળા) અને હીરાચંદજી સરદારમલજી પાદરલીવાળા આપી રહ્યા છે.

એમની ભાવનાનું અનુમોદન કરવા પૂર્વક શ્રી ભાણાભાઈનું સતત માર્ગદર્શન આખા આયોજનને અનેરું શાસનપ્રભાવક બનાવી રહ્યું છે.

પૂજ્યપાદ આચાર્યદેવશ્રીની મંગળવાણી શરૂ થતાં સૌ એકાગ્ર અને શાંત ચિત્તે બપોરે ૧૨॥ કલાકે મૌન બેઠા હતા. પૂજ્યપાદશ્રીની તપોવાણી "વિષયનો વૈરાગ્ય... આત્માને પૂર્ણ બનાવી આપે છે. પ્રવચન પૂર્ણ થયેથી શ્રાદ્ધવર્ય શ્રી અમૃતલાલ પીતામ્બરદાસ ઝવેરી તરફથી સાધર્મિક ભક્તિ હતી.

પૂજ્યપાદશ્રીના તપની અનુમોદનાર્થે અનેક મુનિભગવંતોએ ઉગ્ર તપશ્ચર્યા જેવી કે ૪૫, ૪૦, ૩૬ અને ૩૧ ઉપવાસ, સિદ્ધિતપ, મોટી વર્ધમાન તપની ઓળીઓનો પ્રારંભ કરી દીધો છે. અનેક શ્રાવક-શ્રાવિકાઓ પણ આ પ્રસંગે મોટી તપશ્ચર્યામાં જોડાઈ રહ્યા છે. આમ મુંબઈને આંગણે તપ-મહોત્સવના ટકોરા વાગી રહ્યા છે.

• • •

ભારતભરના નીચે મુજબના વિશિષ્ટ તપધર્મના આરાધક સુશ્રાવક-શ્રાવિકાઓને તપના વરઘોડા તથા બહુમાનના ભવ્ય પ્રસંગે મુંબઈ પધારવા

ભાવભર્યું જાહેર આમંત્રણ

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજની વર્ધમાનતપની ૧૦૮મી ઓળીની સમાપ્તિ પ્રસંગે યોજાયેલ અનેક ભવ્ય આયોજનોમાં નીચે મુજબના વિશિષ્ટ તપસ્વીઓના બહુમાનનો **ભવ્ય વરઘોડો** અને ચતુર્વિધ સંઘની હાજરીમાં **ભવ્ય બહુમાન ચોપાટી સાગરતટે ફાગણ વદ-૧૨, તા. ૨૫-૩-૭૯ રવિવારના દિવસે રાખવામાં આવેલ છે.**

(૧) વર્ધમાન તપની સો કે તેથી વધુ ઓળી કરી હોય.
(૨) સતત એકી સાથે પાંચસો કે તેથી વધુ આયંબીલ કર્યા હોય.
(૩) સતત એકી સાથે દશ કે તેથી વધુ વરસી તપ કર્યા હોય.
(૪) સતત એકી સાથે દશ વર્ષ કે વધુ છઠ્ઠના પારણે છઠ્ઠ કર્યા હોય.
(૫) પાંચ કે તેથી વધુ માસખમણ કર્યા હોય.
(૬) પચાસ કે તેથી વધુ અઠ્ઠાઈ કરી હોય.
(૭) પાંચસો કે તેથી વધુ અઠ્ઠમ કર્યા હોય.
(૮) નવ કરોડ કે તેથી વધુ નવકારમંત્રના જાપ કર્યા હોય.

(૯) પંદર વર્ષ કે તેથી વધુ વરસથી છ વિગઈનો મૂળથી ત્યાગ કર્યો હોય.

ઉપરોક્ત વિશિષ્ટ તપની કરેલ આરાધનાના તપસ્વી ભાઈ-બહેનોને અમારા આમંત્રણનો સ્વીકાર કરી ફાગણ સુદ ૧૫ પહેલાં અમને જણાવવા કૃપા કરવી. અને ફાગણ વદ-૧૧ ના રોજ મોડામાં મોડા બહુમાનના પાસો મેળવી લેવા વિનંતી છે. સ્થળ : **મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય.** લિ. **શ્રી વર્ધમાન તપ અનુમોદના સમિતિ**

• • •

પૂજ્યપાદ ગુરુવર્ય આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૧૦૮મી ઓળીની તપશ્ચર્યા પ્રસંગે કોટીશ વંદના...



જિનકા પરમ પાવન ચરિત્ર, પ્રેરણા કા સ્રોત હૈ,
જિનકે ગુણ કે ગાન મેં ન પા સકે હમ પાર હૈ.
બસ વિતરાગ વિજ્ઞાન હી જિન કે કથન કા સાર હૈ,
વહ ધર્મદર્શીભુવનભાનુસૂરિજી કો વંદના શતબાર હૈ.

પૂજ્યપાદશ્રીની ૧૦૮મી વર્ધમાનતપની ઓળીનું ફાગણ વદ-૧૩ના દિવસે પારણું થશે. પૂજ્યપાદશ્રી પ્રસન્નચિત્તે શાસનની અનેકવિધ સમ્યગ્ જવાબદારીઓ

સહિત ઉગ્ર તપશ્ચર્યા કરી રહ્યા છે. અનેક પુણ્યાત્માઓને ધર્મનો બોધ આપવાનું તથા અનેક વૈરાગ્યપૂર્ણ અને તાત્ત્વિક ગ્રંથોનું સર્જન માર્ગદર્શનનું કાર્ય સતત અવિરતપણે કરતા રહ્યા છે. લાલબાગને આંગણે પધાર્યા ત્યારથી અત્રે હકડેઠઠ ભીડ જામી છે. જાણે મોટા પર્વના દિવસો ચાલતા હોય તેવું વાતાવરણ સર્જાયું છે.

તપસ્વીના તપની અનુમોદના માટે નાના મોટા સૌ કોઈના હૈયે એક ઉલ્લાસ છે. ઉત્સાહ છે કે અમો પણ અમારા આત્માને તપના તેજથી પ્રકાશિત કરીએ. વર્ધમાનતપ અનુમોદન સમિતિના ભવ્ય આયોજનને સફળ બનાવવા સેંકડો કાર્યકર્તાઓ કાર્યરત થઈ કામે લાગી ગયા છે.

સાધુ, સાધ્વી મહારાજોએ તો જાણે તપના શ્રાવક, શ્રાવિકાઓ એ તો જાણે અકાળે આંબા પાક્યા હોય તેવું વાતાવરણ બનાવી દઈ, ઉગ્ર તપશ્ચર્યાઓમાં ઝૂકાવી દીધું છે. તપશ્ચર્યાની સવિશેષ માહિતી આ અંકમાં અન્યત્ર આપેલ છે.

એ સિવાય વર્ધમાનતપના નવા પાયા નાંખવાના કાર્યક્રમનાં ૫૫૦થી વધારે શ્રાવક શ્રાવિકાઓ જોડાયા. તદ્દન નવા આત્માઓ નોંધપાત્ર સંખ્યામાં જોડાઈ વિધિપૂર્વક વર્ધમાનતપની તપશ્ચર્યાની આરાધના હોંશપૂર્વક કરી રહ્યા છે. આ તપસ્વીઓનું પારણું પૂજ્યપાદશ્રીના પારણાના દિવસે જ આવે તે રીતે પ્રારંભ થયો છે.

સમગ્ર મુંબઈ નગર ઉપનગરોથી સેંકડો તપસ્વીઓએ વર્ધમાનતપની નાની મોટી ઓળીઓના પ્રારંભ કર્યાના સમાચારો સમિતિને જેમ જેમ પ્રાપ્ત થતા જાય છે તેમ તેમ સમિતિને તેની વ્યવસ્થા શક્તિ વિસ્તારવી પડી છે.

વિશેષમાં સમિતિ તરફથી સમગ્ર તપસ્વીઓના પારણાનો સામૂહિક કાર્યક્રમ ફાગણ વદ-૧૩ના દિવસે સવારે રાખેલ છે. પ્રભાવના અર્થે સમિતિની જાહેરાતને ઉત્સાહપૂર્વક સહકાર પ્રાપ્ત થયો છે.

તા. ૨૫-૩-'૭૯ને રવિવારે સવારે ૮॥ કલાકે આઝાદ મેદાનથી એક ઐતિહાસિક વરઘોડાનો પ્રારંભ થશે, જેમાં ભારતભરના ઉગ્ર તપસ્વીઓને આમંત્રી સન્માન સહ ચોપાટીના સાગરતટે લઈ જવાશે ત્યાં બપોરે ૨ કલાકે અભૂતપૂર્વ બહુમાન કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આ પ્રસંગે આવનારા હજારોની સંખ્યામાં સાધર્મિકો માટે સાધર્મિકભક્તિ પણ રખાઈ છે.

પૂજ્યપાદશ્રીના સવારે ૯ કલાકે થઈ રહેલા પ્રવચનો દ્વારા સેંકડો લોકો જિનવાણીનો લાભ લઈ રહ્યા છે.

• • •

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની મહાન આરાધનાની અનુમોદનાર્થે... ઉગ્ર તપસ્યા કરનાર

પૂજ્ય મુનિભગવંતો

- **૪૫ ઉપવાસ :** પ.પૂ. મુનિશ્રી જયસોમવિજયજી મ.સા. (સંપૂર્ણ મૌન સાથે)
- **૩૬ ઉપવાસ :** પૂ. મુનિશ્રી વરબોધિવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી શોભનવિજયજી મ.સા.
- **૩૧ ઉપવાસ :** પૂ. મુનિશ્રી વિમલસેનવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી મતિસુંદરવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી હિતવર્ધનવિજયજી મ.સા.
- **૧૮ ઉપવાસ :** ૧૯ મી વર્ધમાન તપની ઓળી પ.પૂ. મુનિશ્રી કનકસુંદર વિજયજી મ.સા.
- **૧૬ ઉપવાસ :** પૂ. મુનિશ્રી દેવચંદ્રવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી દિવ્યરત્નવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી નેત્રાનંદવિજયજી મ.સા.
- **૮ ઉપવાસ :** પૂ. મુનિશ્રી જયતિલકવિજયજી મ.સા.
- **સિદ્ધિ તપ :** પૂ. મુનિશ્રી નિપુણચંદ્રવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી જિનહંસવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી સૂર્યોદયવિજયજી મ.સા. (બાલમુનિ), પૂ. મુનિશ્રી અક્ષયબોધિવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી મહાબોધિવિજયજી મ.સા. (બાલમુનિ)
- **વર્ધમાન તપની ઓળી :** ૭૬મી પૂ. મુનિશ્રી ધર્મજિતવિજયજી ગણિ., ૧૯મી પ.પૂ.પં. શ્રી ધનપાળ વિ.મ.સા., **૨૬, ૨૭, ૨૮, ૨૯,** પૂ. મુનિશ્રી ચંદ્રસુંદર વિ.મ.સા., **વર્ધમાન તપનો પાયો** મુનિશ્રી વીરવિજયજી મ.સા., **૯મી** પૂ. મુનિશ્રી ભાનુચંદ્રવિજય મ.સા., **૧૫મી** પૂ. મુનિશ્રી હેમચંદ્રવિજયજી મ.સા., **૩૦મી** પૂ. મુનિશ્રી પદ્મસુંદરવિજય મ.સા., **૪૪મી** પૂ. મુનિશ્રી નંદીશ્વરવિજયજી મ.સા., **૨૦-૨૧** પૂ. મુનિશ્રી અભયચંદ્રવિજયજી મ.સા., **૧૨મી** પૂ. મુનિશ્રી રાજેશ્વરવિજયજી મ.સા., **૧૫મી** પૂ. મુનિશ્રી કુલબોધિવિજય મ.સા., **૩૬મી** પૂ. મુનિશ્રી સંવેગવર્ધનવિજય મ.સા., **૧૧મી** પૂ. મુનિશ્રી હરિકાંતવિજય મ.સા., **૧૫મી** પૂ. મુનિશ્રી પ્રશમરત્નવિજયજી મ.સા., **૯મી** પૂ. મુનિશ્રી હિતેશ્વરવિજય મ.સા., **વર્ધમાનતપનો પાયો** પૂ. મુનિશ્રી અજીતશેખર વિ. મ.સા.

• પૂજ્ય સાધ્વીજી મહારાજોની તપસ્યા :

- **૩૧ ઉપવાસ :** સાધ્વીશ્રી રાજરત્નાશ્રીજી મ.સા., સાધ્વીશ્રી રત્નકીર્તિશ્રીજી મ.સા., સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.
- **૧૩ ઉપવાસ :** સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજી મ.સા.
- **૧૧ ઉપવાસ :** સાધ્વીશ્રી નિર્મળગુણાશ્રીજી મ.સા.

  સમવસરણ તપ : સાધ્વીશ્રી સૂર્યયશાશ્રીજી મ.સા. અને સાધ્વીશ્રી દિવ્યપ્રભાશ્રીજી
- **૯ ઉપવાસ :** સાધ્વીશ્રી વિરાગરત્નાશ્રીજી મ.સા.
- **વર્ધમાન તપની ઓળી : ૧૫મી** સાધ્વી રોહીતાશ્રીજી મ.સા., **૫૩મી** સાધ્વી મહારક્ષાશ્રીજી મ.સા., **૩૫-૩૬** સાધ્વીશ્રી સુશીલયશાશ્રીજી મ.સા., **૧૦-૧૧-૧૨** ચાલુ સાધ્વીશ્રી જયયશાશ્રીજી મ.સા., **૧૫-૧૬** ચાલુ સાધ્વીશ્રી કલ્પનિધિશ્રીજી મ.સા., **૧૫-૧૬** ચાલુ સાધ્વીશ્રી સંવેગ નિધિશ્રીજી મ.સા., **૩૭-૩૮મી** સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા., **૪૦મી** સાધ્વીશ્રી મહાનંદાશ્રીજી મ.સા., **૧૫-૧૬મી** સાધ્વીશ્રી હેમરત્નાશ્રીજી મ.સા., **૧૭મી** સાધ્વીશ્રી ભવ્યાત્માશ્રીજી મ.સા., **૧૮-૧૯** સાધ્વીશ્રી પુણ્યનિધિશ્રીજી મ.સા., **૯-૧૦-૧૧** સાધ્વીશ્રી વિજયદર્શનાશ્રીજી મ.સા., **૩૭** ઓળી સાધ્વી પ્રિયંવદાશ્રીજી મ.સા., **૨૭** ઓળી સાધ્વી જ્યોતિકલાશ્રીજી મ.સા., **૧૫** ઓળી સાધ્વી ચંદનબાળાશ્રીજી મ.સા., **૧૮-૧૯** ઓળી સાધ્વી સુધર્મનિધિશ્રીજી મ.સા., **૧૫-૧૬** ઓળી સાધ્વી અક્ષયનિધિશ્રીજી મ.સા., **૩૦મી** મુક્તિરત્નાશ્રીજી મ.સા.
- **શ્રાવક-શ્રાવિકાઓની તપસ્યા :** ૩૧ ઉપવાસ સુરેશકુમાર અંબાલાલ, ૩૧ ઉપવાસ કેસરચંદ ભભુતમલજી, ૩૧ ઉપવાસ કુ. નીતાબેન સુરેશકુમાર, ૨૧ ઉપવાસ મનસુખલાલ ગીરધરલાલ, ૨૧ ઉપવાસ શાન્તાબેન ચંદુલાલ નડીયાદવાળા.

  સિદ્ધિતપ (૪૬મી ઓળી ચાલુ) વાડીભાઈ મણિલાલ.
- **સમવસરણ તપ :** હેમલત્તા કાંતિલાલ, મીનાક્ષીબેન વસંતલાલ, સુનિતા સેવંતીલાલ, દોલતબેન પારસમલજી.

• • •

અવશ્ય પધારો, **અવસર ચુકાય નહિ**

પૂજ્યપાદ શ્રીમદ્ ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની વર્ધમાન તપ ૧૦૮મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે...

ભારતભરના વિશિષ્ટ ઉગ્રતપસ્વીઓનો બહુમાન સમારોહ

• ચાલો આઝાદ મેદાન :

વરઘોડામાં : ફાગણ વદ-૧૨, રવિવાર, ૨૫ માર્ચ, ૧૯૭૯, સવારે ૮-૩૦

કલાકે. **રાજમાર્ગ,** આઝાદ મેદાન, પ્રિન્સેસ સ્ટ્રીટ, ઝવેરી બજાર, ગુલાલવાડી, સી.પી. ટેન્ક, વી.પી. રોડ, પ્રાર્થના સમાજ, ઓપેરા હાઉસ, ચોપાટી.

ચાલો ચોપાટી સાગરતટે

બહુમાન સમારોહ : ફાગણ વદ-૧૨, રવિવાર, ૨૫ માર્ચ, ૧૯૭૯, બપોરે ૨ કલાકે. પૂજ્ય ગુરુવર્યોના પ્રવચનો, તપસ્વીઓના સંદેશનું શ્રવણ, તપધર્મની અનુમોદનાના વક્તવ્યો તથા ગુરુભક્તિ અને જિનભક્તિના ગીતોની રસલહાણ માણવા મળશે.

પાવનનિશ્રા

પૂજ્ય આચાર્યશ્રી **વિજયહીરસૂરીશ્વરજી** મ.સા., પૂજ્ય આચાર્યશ્રી **વિજયભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.

સકલ સમસ્ત સંઘને પધારવા સઆગ્રહ નિમંત્રણ છે.

નોંધ : વરઘોડો ઊતરેથી ચોપાટી ખાતે સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે.

નિમંત્રક : **વર્ધમાન તપ અનુમોદના સમિતિ, C/o, મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય,** ૨૧૨, પાંજરાપોળ, **મુંબઈ-૪.**

• • •

ન્યાય વિશારદ વર્ધમાન તપોનિધિ, શિબિર વાચનાદાતા

પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની

વર્ધમાન તપની ૧૦૮મી ઓળીની તપશ્ચર્યાની અનુમોદનાર્થે

દશાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ

ફાગણ વદ-૩, શનિવાર, તા. ૧૭-૩-૭૯ થી ફાગણ વદ-૧૩, સોમવાર, તા. ૨૫-૩-૭૯

મહામહોત્સવના આકર્ષણ

★ ફાગણ વદ-૪, રવિવાર, સવારે ૯-૦૦ વાગે તપોનિધિ પૂ. આચાર્યદેવશ્રી ત્રિલોચનસૂરીશ્વરજી મ.સા.ના ગુણાનુવાદ.
બપોરે ૧॥ વાગે અષ્ટાપદજીની પૂજા. પૂજ્ય ગુરુદેવ પૂજાના અર્થ સમજાવશે.

★ ૧૦ દિવસનો ભક્તિભર્યો જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ.

★ દરરોજ પૂજા, ભાવના અને દર્શનીય અંગ રચનાઓ.

★ શ્રી ગજાનન ઠાકુર, ગુડાબાલોતરા મંડળી, ઋષભ જિનભક્તિ મંડળ આદિની ભાવભરી ભક્તિની રસલહાણ.

★ ૧૦૮ છોડનું ઉદ્યાપન ઉજમણું.

★ પૂજ્યપાદ આ. પ્રેમસૂરીશ્વરજી મ.સા. દ્વારા પૂજ્ય ભુવનભાનુસૂરિજીને આયંબિલ અંગે પ્રેરણા, પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજીનું પ્રતિદિન સમસ્ત તીર્થદર્શન, ધન્ના અણગાર તથા અષ્ટાપદ વગેરેની વિવિધ રમણીય રચનાઓ.

★ વિશિષ્ટ અને ઉગ્ર તપસ્વીઓની તસ્વીરો.

★ જૈન તત્ત્વજ્ઞાનના તત્ત્વોને સમજાવતું સચિત્ર પટ્ટ પ્રદર્શન.

★ ૪૫, ૩૬, ૩૧, ૧૬ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરનાર સાધુ-સાધ્વીજી મહારાજોના તથા શ્રાવક-શ્રાવિકાના દર્શન વંદન.

★ ૫૫૦થી પણ વધારે વર્ધમાન તપના નવા પાયા નાખનાર શ્રાવક-શ્રાવિકાઓના દર્શન.

★ ૬૦૦થી પણ વધારે વર્ધમાન તપની નાની, મોટી ઓળીની તપશ્ચર્યા કરનાર શ્રાવક-શ્રાવિકાઓના દર્શન.

★ ફાગણ વદ-૧૧, શનિવારે, બપોરે ૧૨-૪૦ વાગે શાંતિસ્નાત્ર.

★ ફાગણ વદ-૧૨, રવિવાર, સવારે ૮॥ કલાકે આઝાદ મેદાનથી ચોપાટી સુધી ભારતભરના વિશિષ્ટ તપસ્વીઓનો વરઘોડો સાધર્મિક ભક્તિ તથા બપોરે ૨ કલાકે ચોપાટીના સાગરતટે અભૂતપૂર્વ બહુમાન સમારોહ.

★ ફાગણ વદ-૧૩ના સોમવારે ૬॥ કલાકે ચૈત્યપરિપાટી, ૭॥ કલાકે માંગલિક શ્રવણ, ૮ કલાકે તપસ્વીઓના પારણા.

નિમંત્રક : વર્ધમાન તપ અનુમોદના સમિતિ C/o., શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય, ૨૧૨/- પાંજરાપોળ કમ્પાઉન્ડ, **મુંબઈ-૪૦૦ ૦૦૪.**

તપ, ત્યાગ, તેજસ્વિતા અને તિતિક્ષા મૂર્તિ

પૂજ્યપાદ આચાર્યશ્રીમદ્ વિજયભુવનભાનુસૂરિજી મહારાજનું શબ્દ ચિત્ર

લેખક : કુમારપાળ વિ. શાહ, મુંબઈ



આજથી છ દાયકા અને ઉપર આઠ વરસ પહેલાં પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે અમદાવાદની કાળુશીની પોળમાં રહેતા સુશ્રાવિકા ભૂરીબેન ચીમનલાલની ગોદમાં પોતાની આ જીવનની પહેલી વહેલી આંખ ખોલી. સૌ તેમને કાન્તિ કહી લાડ લડાવતા, કાન્તિલાલ તેમનું સંસારી નામ છે. ગળથૂથીમાંથી જ તેમને માતાપિતાના ધાર્મિક સંસ્કાર મળ્યા.

અમદાવાદની સુવિખ્યાત શેઠ મનસુખભાઈની જૈન નિશાળમાં તેમણે ઝળકતી કારકિર્દી સાથે ધાર્મિક અને વ્યવહારિક અભ્યાસ કર્યો.

આર્ટ્સ કૉલેજમાં પ્રથમ વર્ષ સેકન્ડ ક્લાસમાં ઉત્તીર્ણ થઈ. આજના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની (C.A.) સમકક્ષ ત્યારની G.D.A. ગર્વમેન્ટ ડીપ્લોમેઈડ એકાઉન્ટન્ટનો અભ્યાસ કર્યો. ત્યારબાદ ઈંગ્લૅન્ડની અને ઈન્ડિયાની બીજી બેંકીંગ અને સેક્રેટરીઝ પરીક્ષાઓ પસાર કરી એમાં લંડનની પ્રથમ બેંકીંગ પરીક્ષામાં સપુરસ્કાર ઉત્તીર્ણ થઈ દેશ અને કુટુંબની શાન અને શોભાને ચાર ચાંદ લગાડ્યા.

કૉલેજમાં ભણતા કાન્તિલાલને કૉલેજનો માદક રંગ નહિ, પરંતુ કાળુશીની પોળમાં બિરાજમાન પૂજ્ય આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા. (તે સમયે પૂ. ઉપાધ્યાય)ના સ્ફટિક જેવા નિર્મળ આત્માના સુવિશુદ્ધ સંયમ અને શાંત સ્વભાવનો રંગ લાગ્યો. મોટાભાઈ શ્રી શાંતિલાલના ભર યુવાનવયે અકલ્પ્ય અને અવર્ણનીય મૃત્યુના આઘાતજનક પ્રસંગમાંથી પ્રાપ્ત થયેલ અનિત્યતા દર્શન અને કર્મની ભયાનકતાના યથાર્થ બોધની ચિનગારીમાંથી આત્મામાં વૈરાગ્ય અગ્નિને ભભૂકી ઊઠતા વાર ન લાગી. અને ક્ષણિક ભોગ વિલાસજન્ય સુખને ફગાવી દઈ શાશ્વત આત્મસુખ પ્રાપ્ત કરવાની આત્માની તીવ્ર આરઝૂ જોતજોતામાં બુલંદ બનતી ગઈ.

સંવત ૧૯૯૧માં પૂજ્ય ઉપાધ્યાયશ્રી પ્રેમવિજયજી મ.સા. ચાણસ્મામાં ચાતુર્માસ બાદ બિરાજમાન હતા. પોષ સુદ-બારસના મંગળવારના દિવસે શ્રી કાન્તિલાલ અને નાનાભાઈ પોપટલાલ બંનેએ એક સાથે પૂજ્યપાદ શ્રી ઉપાધ્યાયજી ભગવંત પાસે શ્રી સંઘના જયનાદ વચ્ચે દીક્ષા લઈ નવા મંગળ જીવનની યાત્રાનો શુભારંભ કર્યો. શ્રી કાન્તિલાલ તે દિવસથી મુનિશ્રી ભાનુવિજયજી મહારાજના રૂપ-સ્વરૂપે વંદાવા અને પૂજાવા લાગ્યા.

શાળા જીવન દરમિયાન જ પૂજ્યશ્રીએ સંસ્કૃત ભાષાનો સાદ્યન્ત અભ્યાસ કર્યો હતો. શોખ અને સ્વભાવથી તે તાર્કિક હતા. શુદ્ધ તર્કયુક્ત ચિંતન, અસ્તરાની ધાર જેવી વેધક બુદ્ધિ, હાજર જવાબીપણું, નમ્રતા અને ચિત્તનું સંતુલન વગેરે મૂળમાં જ હતા. આથી તેઓશ્રીની એ પ્રજ્ઞા પારખીને પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ

પોતાના નવદિક્ષિત શિષ્યને દર્શનશાસ્ત્રનાં અધ્યયનમાં જોડ્યા. ન્યાયદર્શનના પ્રાચીન અને નવીન ગ્રંથોનો ગુરુગમથી તલસ્પર્શી અભ્યાસ કર્યો. જૈન દાર્શનિક ગ્રંથોને પણ ઊંડાણથી અવગાહ્યા. ત્યારબાદ તેઓશ્રીએ વેદાંત, સાંખ્ય મિમાંસક, વૈશેષિક અને બૌદ્ધ આ છ દર્શનોનું પણ તલસ્પર્શી અધ્યયન કર્યું. આમ ટૂંકા સમયમાં જ તેઓશ્રી વ્યાકરણ-ન્યાય-કાવ્ય, ચરિત્ર કર્મગ્રંથ આદિ શાસ્ત્રોના પ્રકાંડ અને પ્રતાપી વિદ્વાન બન્યા.

આ સાથોસાથ જ તેઓશ્રીએ જિનાગમોનો પણ ઝીણવટભર્યો અભ્યાસ કર્યો. એટલું જ નહિ, એ આગમગ્રંથોનું દોહન કરીને તેની બહુમૂલ્ય નોંધો પણ તૈયાર કરી. પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ આ શિષ્યરત્નની પ્રજ્ઞા અને મેધાથી પ્રભાવિત થઈ, અન્ય સહવર્તી મુનિઓને અધ્યાપન કરાવવાની જવાબદારી સોંપી, આજ સુધીમાં અનેક સ્વ-પર સમુદાયના મુનિવર્યોએ પૂજ્યશ્રી પાસે ન્યાયદર્શન આદિ તાર્કિક અને ગહન ગ્રંથોનું અપૂર્વજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. સોનામાં સુગંધ ભળે તેમ પૂજ્યશ્રીએ જ્ઞાન સાધના સાથે જ ઉગ્રતપની ઉપાસનાનો આરંભ કર્યો. વર્ધમાનતપની ઓળીનો પાયો નાખી સતત તપ અને જ્ઞાનની ગંગાને એક સાથે વહાવતા જ ગયા. અનેક તપશ્ચર્યાઓ સાથે આજે વર્ધમાન તપની ૧૦૮મી ઓળી પ્રસન્નચિત્તે પૂર્ણ કરી રહ્યા છે.

પૂજ્યશ્રીનું વ્યક્તિત્વ વત્સલ, વિમળ અને વિશુદ્ધ છે. પાતળો-સુકલકડો ઊંચો દેહ, કરુણા અને વિનમ્રતા ભરેલી-સસ્તા સાદા ચશ્મા પાછળ ચમકતી તેજસ્વી આંખો. ચિત્ત પ્રસન્નતાથી હસતો ચહેરો અને જાડાં શ્વેત વસ્ત્રો આ એમનો બાહ્ય પરિચય છે. તેમના વ્યક્તિત્વને નિઃશંક 'કેલી ડોસ્કોપ' સાથે સરખાવી શકાય. જેઓ પૂજ્યશ્રીના અલ્પ કે અધિક પરિચયમાં આવે છે તે સૌ કોઈના મનને તેઓશ્રીનું તપભીનું વ્યક્તિત્વ ભરી દે છે, અને હરી પણ લે છે. આવું અજબ મનભર અને મનહર વ્યક્તિત્વ છે.

પૂજ્યશ્રીની આંખમાં આત્મભાવનું અંજન છે. અંતરમાં પરમાત્માનું ગુંજન છે. હોઠ પર પ્રશમભાવનું સ્મિત છે. ચહેરા પર પ્રસન્નતાનો પારદર્શક પાલવ છે. તેમની વાણીમાં વૈરાગ્યની ઋજુ ભીનાશ છે. તેમના વ્યવહારમાં જિનાજ્ઞાનો શીતલચંદન સ્પર્શ છે. તેમનાં ગમનાગમનમાં ચંપાના ફૂલ જેવી સતત ઉપયોગની સુગંધ છે. તેમની કલમમાં કર્મની કમ્મર તોડતી ચમકતી ધાર છે. તો એજ કલમમાં વાચકના શુભભાવ અને ઉત્સાહને જગાડતી અને વધારતી દિવ્ય સંજીવની પણ છે. સ્પર્શ પૂજ્યશ્રીની વાણીનો હોય કે કલમનો હોય, હાથનો હોય કે ચરણનો, જેને

પણ તેનો અનુભવ થયો છે તેનાં હૈયે સમ્યક્ત્વનું હજાર પાંખડીનું સુમન ખીલે છે.

પૂજ્યપાદશ્રી એટલે આચાર-વિચારની જીવંત સંહિતા. પૂજ્યપાદશ્રી એટલે તેજસ્વિતા, તપસ્વિતા, તન્મયતા અને તિતિક્ષાની પાવન મૂર્તિ. પૂજ્યશ્રીએ પોતાના રોમરોમ આત્મવૈભવ અને દિગ્‌દિગંત ગૂંજતી યશ સમૃદ્ધિને આકંઠ પચાવીને પોતાના આત્માને નિરોગ રાખ્યો છે. એમની પ્રકૃતિ મૂળથી જ ચિંતા પ્રધાન નહિ પણ ચિંતન પ્રધાન છે. એમનું ચિંતન ભાષાથી નહિ ભાવથી ઘડાયેલું છે. અને સાઠથી પણ વધારે ધર્મગ્રંથોનું તેઓશ્રીએ સર્જન કર્યું છે. દર સપ્તાહે 'દિવ્યદર્શન' સાપ્તાહિકના પૃષ્ઠો પર તેમની વૈરાગ્યવાણીની છેલ્લા સત્તાવીશ વર્ષથી અમીવર્ષા થાય છે.

પૂજ્યપાદશ્રીની પુનીત નિશ્રામાં અનેક સ્થળોએ અંજન શલાકા, પ્રતિષ્ઠા, ઉપધાન, ઉદ્યાપન, સંઘો યાત્રા, જિનભક્તિના મહા મહોત્સવી ઇત્યાદિ થતા જ રહ્યા છે. સાથે સાથે ૧૨૫ થી પણ વધારે શિષ્યો પ્રશિષ્યોના સંયમ શિલ્પી સતત જાગ્રત ભાવે માર્ગદર્શક બનતા રહ્યા છે.

કહેવાય છે કે દુનિયા સજ્જનોની સજ્જનતાને આધારે ટકી રહી છે. એમની સ્પર્શપૂત હવા દુનિયા તંદુરસ્ત રાખે છે.' સંઘના ભાવિપેઢીના વારસદાર નવ-યુવકોના જીવન ઘડતર અને જૈનત્વના સંસ્કરણ અર્થે પૂજ્યશ્રી સતત કાર્યશીલ રહે છે. અને એટલે જ છેલ્લા પંદર વર્ષથી ઉનાળાની લાંબી રજાઓ દરમ્યાન ૨૧-૨૧ દિવસની **જૈન ધાર્મિક શિક્ષણ શિબિરોમાં** ૫-૫ કલાક અખંડ અને અટૂટ વાચનાઓ આપે છે. તેઓશ્રીના શીતળ સાનિધ્યમાં રહીને તેમની અનુભવ ગર્ભિત વૈરાગ્યવાણીનું શ્રવણ કરીને તેમજ નજરોનજર તેમના વિશુદ્ધ આચાર તપ, ત્યાગ અને જ્ઞાનથી પ્રભાવીત થઈને હજારો યુવાનોએ જૈનત્વના શિક્ષણ અને સંસ્કાર પ્રાપ્ત કર્યા છે કેમકે એમના વ્યક્તિત્વ મુજબનું એમનું વક્તૃત્વ અને વિચાર જેવો જ વ્યવહાર યુવાનોના હૃદયપટ પર અમીટ બનીને અંકિત થઈ જાય છે. પૂજ્યશ્રી વિજ્ઞાનને સમજે છે અને મનોવિજ્ઞાનથી સમજાવે છે. યુવાનોજન તરીકે શિબિરમાં પ્રવેશે છે. જૈન બનીને પાછા જાય છે.

પૂજ્યશ્રીને આજ સુધીમાં નિર્વિવાદ-યશસ્વી સફળતા અને ઝળહળતી સિદ્ધિઓ મળી છે. કારણકે તેને અભિમાનના દૂષિત સ્પર્શથી પૂજ્યશ્રીએ સાવધાનીથી બચાવ્યા છે. નિરહંકારી અને નિરાભિમાની સાથે નિઃસ્પૃહપણ એવા જ છે, જાડું, બરછટ અને મેલું વસ્ત્ર પરિધાન અલ્પાતિ અલ્પ ઉપાધિ પોતાના નામના છાપેલા કોઈ લેટરપેડ કે કવર પણ નહિ, લખવા માટે સસ્તી ને સાદી પેન ૩-૩ દિવસ ચૂનાનાં પાણીમાં લખાણ માટે બનતી નિર્દોષ શાહી, ખાસ કોઈ કાગળની પસંદગી નહિ,

આવેલ કાગળો કવરો અને ચોપાનીયાના કોરા ભાગમાં પત્રોના પ્રત્યુત્તર. સામે ચડીને કોઈને દાન માટે બળજબરી કરવાની નહિ. સુચિતા, સરળતા સાદગી અને સંયમ જીવનના દરેકે દરેક વ્યવહાર વાણી અને વિચારમાં અચૂક જોવા મળે. આ જ કારણે એમનું વક્તૃત્વ, વ્યક્તિત્વ અને નેતૃત્વ વર્ષોથી સમુદાય અને સંઘના માનસપટ પર સુચિત્રિત છે, અમીટ છે.

પૂજ્યશ્રી વ્યાધિમાં કદાપી વ્યગ્ર નહિ, વિહારમાં પણ દોષિત આહાર નહિ, ઉગ્રતપશ્ચર્યાએ એમનો જીવન મંત્ર છે. વિશાળ સમુદાયની ભારે જવાબદારી વહન કરે છે. સાહિત્યના સર્જન અને શાસનના અનેક પ્રશ્નોના માર્ગદર્શનમાં સતત વ્યગ્ર, વાચના અને પ્રવચનોનાં સતત પરિશ્રમમાં પણ તપશ્ચર્યાથી ઝળહળતા દેહને જ્યારે પણ જુઓ, મળો ત્યારે પૂજ્યશ્રીની એક જ મુદ્રાના પાવન દર્શન થાય. સદાય સર્વત્ર શાંત અને સૌમ્ય આંખ અને ચહેરા પર થાક અને કંટાળાનું વાદળ ઘેરાયેલું નહિ. સૂચવતી ઠંડી હોય અકળાવી મૂકતી ગરમી હોય માઝમ રાત હોય શીતળ પ્રભાત હોય ભીડ હોય કે એકાંત પૂજ્યશ્રીના રોમરોમમાંથી સ્ફૂર્તિની સારંગીના સૂર સંભળાય સાદગીથી પરિપૂર્ણ બાહ્ય વ્યક્તિત્વ વાળા આ સંતને મળવું પણ ઘણું સરળ છે અને મળ્યા બાદ સૌભાગ્યની અનુભૂતિ છે.

શ્રી સંઘને આજે એક એવા આચાર વિચાર સંયમ સહિષ્ણુતા અને સૌમ્યમહાન વ્યક્તિત્વની જરૂર છે. જે સંઘ અને સંસ્કૃતિના પ્રખર પક્ષકાર હોય, સંઘનું આચારમય ઉત્થાન કરવામાં સમર્થ હોય. પૂજ્યશ્રીની પ્રવૃત્તિ પ્રેરક પ્રભાવક અને પ્રાસાહિક છે. એમનું કાર્ય મૂલ્ય જતન અને મૂલ્ય સંવર્ધનનું છે. એમના મૂળમાં સુવિચારને જૈન વિચાર ધારાને અને જૈનાચારને પુષ્ટ કરવાની અને સંઘમાં પ્રતિષ્ઠિત કરવાની નિષ્ઠા રહેલી છે.

અંતમાં એટલું જ કહીશ.
ચિરયુગ ધરતા રહી ધરાપરા, જિનવાણીનો વિમલોદ્યતિ
યુગ યુગ જીવો હે જૈન મનીષ, તપસ્વી તમને શત વંદન હો !
વંદન તમને હો અગણિત !

ગુરુ સ્તવના

જીવનધન ગુરુ-ચરણ ધર્યું ને, શ્રદ્ધાધન ધર્યું જિનવાણી,
બુદ્ધિધન આગમ અવગાહ્યું, કરુણાધન ધર્યું જગપ્રાણી.
પ્રેમસૂરિ ગુરુ મુનિગણ સ્વામિ, કઠિન કરમની કરી હાણી,
સંયમધન આતમનિધિ રાખી, કરી જગતને તસ લ્હાણી. ॥૧॥

પ્રેમસૂરિ ગુરુદેવ તણા, જે, પટ્ટવિભૂષણ રાજે છે,
સંયમકેરી પ્રીત જેહની, રગરગ માંહે ભ્રાજે છે.
હીરસૂરિવર નામે જેઓ, સૂરિગણ માંહે છાજે છે,
આગમજ્ઞાની એ ગુરુ પામી, ભવિજન ભવદુઃખ ભાંજે છે. ॥૨॥
સૂરિ **'પ્રેમ'**ના પ્રેમપાત્ર જે, શિષ્ય સવાયા તપશૂરા,
અઠ ને શત ઓળી આરાધી, કર્મમર્મ કીધાં ચૂરા.
અષ્ઠ-શતાધિક શિષ્ય તણી જે, ધરતા સફળપણે ધૂરા,
ભુવનભાનુસૂરિ વર ઉપદેશક, વંદુ હું ગુણગણપૂરા. ॥૩॥

• • •

ન્યાયવિશારદ, શિબિર વાચનાદાતા અને પ્રભાવક પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની સિદ્ધહસ્ત કલમે કંડારાયેલ આત્મ અને અધ્યાત્મક પ્રેરક

તાર્કિક અને તાત્ત્વિક સાહિત્ય આજે જ મંગાવો

- પૂજ્યપાદશ્રીના ગ્રંથો એટલે ? તત્ત્વજ્ઞાન અને આત્મવિજ્ઞાનના ગ્રંથો
- પૂજ્યપાદશ્રીના ગ્રંથો એટલે ? વૈરાગ્ય અને અધ્યાત્મરસના ગ્રંથો
- પૂજ્યપાદશ્રીના ગ્રંથો એટલે ? સમ્યગ્જ્ઞાન દર્શન ને ચારિત્રના ગ્રંથો
- પૂજ્યપાદશ્રીના ગ્રંથો એટલે ? ધ્યાન, યોગ અને અધ્યાત્મના ગ્રંથો
- પૂજ્યપાદશ્રીના ગ્રંથો એટલે ? આત્માને શુદ્ધ, વિશુદ્ધ અને પરિશુદ્ધ કરતાં ગ્રંથો
- પૂજ્યપાદશ્રીના ગ્રંથો એટલે ? આ ભવ અને પરભવ સુધારવાના ગ્રંથો
- પૂજ્યપાદશ્રીના ગ્રંથો એટલે ? વાસનાથી મુક્તથી ઉપાસના અને ધર્મઆરાધનાનાં જોમ લાવનાર ગ્રંથો
- પૂજ્યપાદશ્રીના ગ્રંથો એટલે ? તપત્યાગ પ્રભુભક્તિ અને મુક્તિનો માર્ગ બતાવતા ગ્રંથો

પુસ્તકનું નામ	ભાષા	કિંમત
પરમતેજ ભાગ-૧	ગુજરાતી	૯-૦૦
પરમતેજ ભાગ-૨	ગુજરાતી	૧૫-૦૦
પ્રતિક્રમણ સૂત્ર-ચિત્ર આલ્બમ	ગુજરાતી	૧૨-૦૦
જાલિની અને શિખીકુમાર	ગુજરાતી	૭-૫૦

સીતાજીના પગલે પગલે ભાગ-૧	ગુજરાતી	૭-૫૦
સીતાજીના પગલે પગલે ભાગ-૨	ગુજરાતી	૭-૫૦
ધ્યાન અને જીવન ભાગ-૧	ગુજરાતી	૭-૫૦
ધ્યાન અને જીવન ભાગ-૨	ગુજરાતી	૭-૫૦
રુક્મિ રાજાનું પતન અને ઉત્થાન ભા.-૧	ગુજરાતી	૫-૦૦
રુક્મિ રાજાનું પતન અને ઉત્થાન ભા.-૨	ગુજરાતી	૭-૫૦
ઉચ્ચ પ્રકાશના પંથે	ગુજરાતી	૬-૦૦
ઉચ્ચ પ્રકાશના પંથે (પંચસૂત્ર)	ગુજરાતી	૩-૦૦
સિંહ અને આનંદ	ગુજરાતી	૬-૦૦
ધ્યાન શતક	ગુજરાતી	૫-૦૦
જૈન ધર્મનો પરિચય	ગુજરાતી	૫-૦૦
નિશ્ચય-વ્યવહાર	ગુજરાતી	૩-૦૦
યોગદૃષ્ટિ સમુચ્ચય	ગુજરાતી	૩-૦૦
દિવ્યતત્ત્વ ચિંતન ભાગ-૧	ગુજરાતી	૨-૫૦
દિવ્યતત્ત્વ ચિંતન ભાગ-૨	ગુજરાતી	૨-૫૦
ગંગા પ્રવાહ	ગુજરાતી	૨-૨૫
પદ્મ સુવાસ	ગુજરાતી	૨-૦૦
અરિહંત પરમાત્માની ઓળખાણ	ગુજરાતી	૨-૦૦
જૈન ધર્મના કર્મ સિદ્ધાંતનું વિજ્ઞાન	ગુજરાતી	૧-૧૫
ધર્મારાધનાનાં મૂળતત્ત્વ	ગુજરાતી	૧-૦૦
માર્ગાનુસારી જીવન	ગુજરાતી	૧-૦૦
તપધર્મનાં અજવાળાં	ગુજરાતી	૧-૦૦
શાસ્ત્રવાર્તા સમુચ્ચય	હિન્દી	૨૫-૦૦
શ્રી લલિત વિસ્તરા	હિન્દી	૧૨-૦૦
શ્રી લલિત વિસ્તરા (પંજીકા)	સંસ્કૃત	૭-૫૦
પ્રતિક્રમણ સૂત્ર-ચિત્ર આલ્બમ	હિન્દી	૧૨-૦૦
ધ્યાન શતક	હિન્દી	૭-૫૦
ગણધરવાદ	હિન્દી	૧-૫૦

પ્રેરણા	હિન્દી	૧-૦૦
પ્રીત કી રીત	હિન્દી	૦-૫૦

પુસ્તક મંગાવનારને પોસ્ટેજ ખર્ચ અલગ લાગશે. પુસ્તકની રકમ મનીઓર્ડર દ્વારા મોકલવી.

કાર્યાલય : **દિવ્યદર્શન,** C/o, **કુમારપાળ વિ. શાહ,** ૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે, **મુંબઈ-૪૦૦૦૦૪.**

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૭,અંક-૨૯,તા.૩૧-૩-૧૯૭૯

પૂજ્યપાદ આચાર્યશ્રીમદ્ વિજયભુવનભાનુસૂરિજી મહારાજશ્રીનો

સ્વાનુભવ : તેમના જ શબ્દોમાં

'વર્ધમાન તપનો મહિમા ઓર છે, પણ આસ્થા જોઈએ. નહિતર મન તો માંદું પડે એવું છે. એક અનુભવ જુવો :

મેં વર્ધમાન તપનો પાયો નાંખ્યો. પછી બહુ ધીમે પગલે ૧૬મી ઓળી સુધી કામ પહોંચ્યું, બાદ અટકી ગયું હતું. એ પછી મનને એમ થયા કરતું કે, આપણે તો ભણવાનું રહ્યું. આપણાથી આયંબિલની ઓળીઓ શેં થાય ! જિંદગીના છેડા સુધી ભણવું, ભણાવવું, લખવું વગેરે મગજનાં કામ રહેવાનાં, ત્યાં વર્ધમાન તપ આ જીવનમાં શો આગળ વધે ?

પાછા પડવામાં બીજી એક માનસિક નિર્બળતા એ હતી કે મનને એમ થતું કે-આયંબિલ વિના પણ જ્યાં ઘી ચોપડેલી રોટલી, દૂધ, શાક, દાલ વગેરે દ્રવ્યો લેવાય છતાંય કબજિયાત રહે છે, તો સતત આંબેલના લુખ્ખા ભોજનમાં તો કેટલી કબજિયાત રહે ?

આવી સમજને લીધે પાયો નાંખ્યા પછી દસ વરસ નીકળી ગયાં અને ૧૬મી ઓળીએ કામ અટકીને ઊભું હતું. ત્યાં ૨૦૦૨ની સાલમાં મારવાડ જવાનું થયું. એમાં મન ફર્યું. એમાં મદ્રાસવાળા સુશ્રાવક ઋષભદાસજીનો શિવગંજમાં ભેટો થયો. એ જૈનધર્મમાં દૃઢ આસ્થાવાળા. એમની સાથે ત્યાં વાત થતાં-

"આહારાદિ સંજ્ઞાઓની પ્રવૃત્તિઓ અને અજ્ઞાનમૂલક વૃત્તિઓમાં આત્મા જે ઊકળી રહ્યો છે, એ જો એવા ઉકળાટને મૂકી તપ, જ્ઞાન, અને ધ્યાનમાં લીન થઈ શાંત પડે તો ગ્લાસમાં શાંત પડેલા પાણીનો કચરો શમી જવાની જેમ, આત્માનો કચરો પણ શમી જાય છે.

તીર્થંકર ભગવાન જેવા પણ જે તપ કરતા હતા તે તપને આત્મશુદ્ધિનું અટલ સાધન સમજીને. તપ વિના આત્મા શાંત અને શુદ્ધ શીઘ્ર નહિ બની શકે. તપમાં અચિંત્ય શક્તિ છે...'' વગેરે તત્ત્વમાં એમણે પોતાની દૃઢ શ્રદ્ધા વ્યક્ત કરી. તે પરથી મને પણ નિર્ધાર થયો કે ગમે તેમ થાય, હવે વર્ધમાન તપની ઓળીઓમાં ઝુકાવવું. ઉલ્લાસપૂર્વક ઓળી ઉપર ઓળી કરવાનું ચાલ્યું. ક્યારેક થોડાં પારણાં થતાં પણ પાછું મન ઓળીમાં. સ્વાધ્યાય માટે તો ભરપૂર સમય મળ્યા કરે. સાથે કબજિયાત તો ઊલટી એવી ભાગી ગઈ કે-આયંબિલના લુખ્ખા ભોજન પર ચઢાવેલું ખોટું કલંક નીકળી ગયું...'

આયંબિલ-ઉપવાસ રોગનાશનું અજબ કામ કરે છે તે અંગે પણ પૂજ્યશ્રી પોતાનો અનુભવ કહે છે કે-

'પ્રાયઃ ૧૯મી ઓળી પૂરી થવાને પાંચેક દિવસની વાર હતી અને ખખડાઈને તાવ આવ્યો. એવો તાવ કે ઓળી મૂકી દઈને દવામાં પડવાનું મન થાય...

પરંતુ ચાલુ ઓળી પડતી મૂકવાને બદલે એમાં આંબેલના સ્થાને ઉપવાસ કરવાનું ઠીક લાગ્યું. એમાં ત્યાંના જાણકાર વૈદે કહ્યું કે એવું થાય તો બહુ સારું.

તે એક ઉપવાસ, બીજો ઉપવાસ અને મોંની હજી કડવાશ જોતાં ત્રીજો ઉપવાસ પણ સાથે ખેંચી લેવાયો; હવે છેલ્લું આંબેલ બાકી હતું, તેમાં થોડું પ્રવાહી ભાત જેવું અને નરમ દાળ લઈ આંબેલ કરીને ઉપર ઓળીનો છેલ્લો ઉપવાસ કરી લેવાયો.

તેમાં તાવ એવો ભાગી ગયો કે પછી ચાર દિવસ પારણાં કરી ઉપર નવી ઓળી સુખપૂર્વક શરૂ કરી શકાઈ અને મનનો ઉલ્લાસ વધતો ગયો.

આયંબિલની ઓળીથી તાવ તો શું, પણ મોટા દમ જેવા રોગ, અજીર્ણ, અપચન વગેરે અનેકાનેક રોગો પણ મટી જાય છે...'

''દિવ્ય-દર્શન'' - **''શાસન પ્રભાવના''** વર્ષ-૨૭,અંક-૩૦/૩૧,તા.૭/૧૪-૪-'૭૯

અકાળે આંબા ફળ્યા

તપસ્યાની મોસમ નહિ એવા ફાગણ માસમાં મુંબઈનગરમાં ઊમટેલાં તપસ્યાનાં પૂર
તપની રંગભૂમિનાં પાવન દૃશ્યો નિહાળવા જુવાળે ચડેલો માનવ મહેરામણ

અષાઢ ચાતુર્માસમાં ચતુર્વિધ સંઘમાં તપસ્યાની રેલમછેલ ચાલે છે. તે મૌન અગિયારસ અને આગળ વધીને પોષ દશમી પરના અઠ્ઠમ યા ૩ આયંબિલ

એકાસણાંએ છેલ્લી વર્ષા નાખી ચૈત્રી ઓળીના વાયદે તપની વાદળીઓ વિદાય લે છે પછી પોષ-મહા-ફાગણમાં તો તપના વરસાદ શાના વરસે ?

પરંતુ અલબેલી મુંબઈનગરીમાં ફાગણ માસમાં તપની હેલીઓ વરસી. એક દીવો હજાર દીવાને પ્રગટાવે એમ પૂ.આ.ભ. વિજયભુવનભાનુસૂરી મ.સા.ની વર્ધમાન આંબેલ તપની ૧૦૮મી ઓળીની તપસ્યાએ લગભગ બે હજાર ભાવિકોના જીવનમાં તપના દીવડા પ્રગટાવ્યા.

બન્યું એવું કે મુંબઈ સંઘોના અતિઆગ્રહ અને વર્ષોની આતુરતા જોઈ પરમનિસ્પૃહી વયોવૃદ્ધ આચાર્યશ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજની સાથે આ.ભ. વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. પોતાના વિશાળ પરિવાર સાથે પૂર્વ મહારાષ્ટ્રમાંથી મુંબઈ પધાર્યા એમાં એઓશ્રીને જલગામ પાસેના ધરણગામથી માગશર સુદ આઠમે વર્ધમાન આયંબિલ તપની ૧૦૮મી ઓળી શરૂ થયેલી તે લગભગ ૨૫૦ માઈલના ઉગ્ર વિહારમાં જ ઓળી ચાલી. એમાં પીપલગામથી નાસિક છ'રી' પાળતો યાત્રાસંઘ, નાસિકમાં નવ લાખની માતબર ઊપજવાળો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ વગેરે પ્રસંગોથી ઓળી સુશોભિત બની.

મુંબઈ વીલાપારલામાં પૂજ્યશ્રીના પ્રશિષ્ય પ્રસિદ્ધ વક્તા પૂજ્ય મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજીના ઉપદેશથી ધર્મરંગે રંગાઈ ગયેલ ૧૫૭ ઉપધાન તપસ્વીઓને પૂ. આચાર્યદેવના વરદ હસ્તે માળા પહેરવાની અત્યંત ઉત્કંઠા હતી, પરંતુ ઉગ્ર વિહાર સાથે વર્ધમાન આંબેલ ઓળીની તપસ્યામાં પહેલેથી સમયસર પહોંચવાનું નિશ્ચિત નહિ કહી શકવાથી પારલા સંઘના પ્રમુખ વગેરેની અત્યંત આગ્રહભરી વિનંતી છતાં માળારોપણ મહોત્સવ પર પૂજ્યશ્રી નહિ પધારી શક્યા ને તપસ્વીઓને નિરાશા અનુભવવી પડી.

મહા સુદ-૮ થાણા બંને પૂજ્યશ્રી પધારતાં મુંબઈ અને પરાંઓમાંથી ભાવિક આત્માઓનો મોટો મેળો જામ્યો. અને પૂજ્યશ્રીની ૧૦૮મી ઓળીની અનુમોદના રૂપે વર્ધમાન તપ પાયા વગેરે તપસ્યાઓની ખુશનુમા આબોહવા પ્રસરવા માંડી. મુલુંડ, ઘાટકોપર, પારલા, મલાડ, કાંદીવલી, ગોરેગાંવ, અંધેરી, દાદર, શ્રીપાલનગર, ભાયખલા, વગેરેના વિહારક્ષેત્રમાં વર્ધમાન પાયા ઓળીઓના સંકલ્પ સર્જાયા.

પૂજ્યશ્રીના શિષ્ય પં. શ્રી જયઘોષવિજય મ.સા. પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજે તો પારલામાં જ મહા સુદ-૧૨ ના મંગલ પ્રભાતે ૪૫ ઉપવાસની કઠોર તપસ્યાના નિર્ધારથી ૧૬ ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું ત્યારે પૂજ્ય

આચાર્યદેવનાં શિષ્યરત્નો પૂ. મુનિવરો, પૂ. તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભ વિ.મ.ના શિષ્યરત્ન પૂ.શ્રી વરબોધિ વિજયજી (B.Com) તથા પૂ.આ.શ્રીનાં શિષ્યરત્નો પૂ. શ્રી વિમલસેનવિજયજી મ., પૂ. શ્રી શોભનવિજયજી મ. તથા પૂ. શ્રી નેત્રાનંદવિજયજી મહારાજે ૩૬ ઉપવાસની ભાવનાથી મહા વદ-૬ ના રોજે ૧૬ ઉપવાસના પચ્ચક્ખાણ આદર્યા.

પૂ. બંને આચાર્યદેવોનો મુંબઈનગરમાં મહા વદ-૧૨ અદ્‌ભુત સમારોહ સાથે પ્રવેશ ઉત્સવ ઊજવાયો. સામૈયું લગભગ ૦॥-૦॥॥ કિલોમીટર જેટલું લાંબુ હશે અને ઠેઠ પાયધુની પ્રવેશથી માંડીને કાલબાદેવી, પ્રિન્સેસ સ્ટ્રીટ, ઝવેરી બજાર, ત્રાંબાકાંટા, ગુલાલવાડી, સી.પી. ટેન્ક વગેરેના સંપૂર્ણ રસ્તા બંને બાજુ હજારો પ્રેક્ષકોની ભીડથી છવાઈ ગયેલા. ભૂલેશ્વર લાલબાગ ઉપાશ્રયે સામૈયું ઊતર્યા પછી મંગલ પ્રવચન બાદ લગભગ દસ હજાર સાધર્મિકોની ભક્તિ કરવામાં આવી. ત્યારથી જ પરાંઓમાં અને અહીં તપનાં મંગલ વાજાં વાગવા શરૂ થઈ ગયા.

મહા સુદ-૧૪ પૂ.આ.શ્રીનાં શિષ્યરત્નો, શ્રી વિમલસેનવિજયજી મહારાજ, પૂ. આચાર્યદેવશ્રીના સ્વ. શિષ્યરત્ન, પૂ.પં.શ્રી પદ્મવિજયજી મ.સા.ના શિષ્યરત્ન, પૂ.શ્રી હેમચંદ્રવિજયજી મ.ના શિષ્યરત્ન, પૂ.મુ.શ્રી હિતવર્ધન વિ. મહારાજે ૩૧ ઉપવાસ આદર્યા.

તે પૂર્વે પૂ.મુ. શ્રી વિમલસેન વિ.મ.સા.ના શિષ્યરત્ન બાલમુનિશ્રી સૂર્યોદયવિજયજી મહારાજે તથા પૂ.આ.શ્રીના શિષ્યરત્નશ્રી જિનહંસવિજયજી, પૂ.મુ.શ્રી હેમચંદ્રવિજયજી મ.સા.નાં શિષ્યરત્નો, પૂ.મુ.શ્રી નિપુણચંદ્રવિજયજી મ.સા. તથા બે બાળમુનિઓ, પૂ.મુ.શ્રી અક્ષયબોધિ મ.સા. અને પૂ.મુનિશ્રી મહાબોધિવિજય મ.સા. સિદ્ધિતપ શરૂ કરી દીધેલ. જેમાં ૧ ઉપવાસ પારણે બેઆસણા પર બે ઉપવાસે પારણે બીઆસણ પર ૩ ઉપવાસ પારણે બેસણા પર ૪ ઉપવાસ એમ આઠ ઉપવાસ સુધી ચડવાનું હોય છે.

બીજી બાજુ પૂ. સાધ્વીશ્રીજી મહારાજોમાં પૂ. સાધ્વીજી શ્રી રોહિણાશ્રીજી મ.નાં શિષ્યરત્નાશ્રી અનંતકીર્તિશ્રીજી મ. ૩૧ ઉપવાસની મહાન તપશ્ચર્યા આદરી. પૂજ્ય આચાર્યશ્રીના શિષ્ય જયતિલકવિજયજી મ.સા. અઠ્ઠાઈ આદરી તથા જગતચંદ્રવિજયજી મ.સા.ના શિષ્યરત્ન કનકસુંદરવિજયજી મ.સા. વર્ધમાનતપની ઓળી (૫૯)માં ૧૭ ઉપવાસ આદર્યા. અનેક સાધ્વી મહારાજોએ સમવસરણ તપ આદર્યા.

તેમજ સાધુજી સાધ્વીજી મહારાજોનાં વર્ધમાન ઓળીઓ મંડાઈ ગઈ. શ્રાવક

શ્રાવિકાઓમાં સહકુટુંબ દીક્ષાર્થી શ્રી સુરેશભાઈ અંબાલાલે (અમદાવાદ - ધના સુથારની પોળવાળા)એ ૩૧ ઉપવાસ તથા એમની દીક્ષાર્થી બેબી નીતાકુમારીએ પણ ગત પર્યુષણ પર જળગામમાં પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં કરેલી તેમણે પણ ઉગ્ર તપસ્યા શરૂ કરી. ખાપરવાળા સેવાભાવી, વૈયાવચ્ચી અને ભક્તિભાવયુક્ત શ્રાવકશ્રી કેશરીચંદજીએ માસખમણ આદર્યું.

કોલ્હાપુરના શ્રીમંત સુખી શ્રાવક મોહનલાલ હિન્દુમલજી રાઠોડે ૨૦ ઉપવાસ આદર્યા તથા ઘાટકોપર આંખની ઈસ્પિતાલવાળા શેઠશ્રી અમીલાલે ૩૨ આયંબિલની તપસ્યા આદરી.

લાલબાગ પ્રવચનમાં ટહેલ પડી. પૂજ્ય આચાર્યદેવશ્રીનાં પારણા સાથે પારણું લાવવા એઓશ્રીની ૧૦૮મી ઓળીની અનુમોદના રૂપે વર્ધમાન તપ આયંબિલ તપના પાયા ફા.સુ. ૮ થી નાખવાના છે. પાયા નાખવા હોય એ ભાગ્યશાળીઓએ નામ નોંધાવી પાસ લઈ જવા. એ પછી ટપોટપ પાયા નોંધાવવા શરૂ થઈ ગયા. લાલબાગ ઉપાશ્રયની બહાર ક્રિકેટ મેચના રન સ્કોરની જેમ બોર્ડ પર આંકડો વધતો ચાલ્યો તે ૬૩૦ સુધી આંકડો પહોંચી ગયો.

એથી પાયા નાખેલાઓને આયંબિલ ઓળીઓ શરૂ કરવાની ટહેલ પડતાં લગભગ ૧૦૦૦ ઓળીવાળા નોંધાયા. પારલામાં લગભગ ૫૦ પાયા ૫૦ ઓળીઓ તેમજ બીજા પરાંઓમાં પણ પાયા ઓળીઓ શરૂ થઈ ગઈ. શ્રાવિકાઓમાં સમવસરણ તપ વર્ષીતપ વગેરે પણ શરૂ થઈ ગયાં. વર્ધમાન તપવાળા પાયાવાળાઓએ પણ પાયામાં જ ફા.વ. ૮ થી વર્ષીતપ ઊપાડ્યો ને ઉપવાસ પારણે આયંબિલ ચાલુ રાખ્યાં.

તપસ્યાઓ જે ચાલી એમાં પાયો નાખનારા કેટલાય એવા સુંવાળા હતા કે જેમને જીવનમાં આયંબિલ સાથે મેળ જ નહોતો એટલે આયંબિલમાં એવું ભાવે નહિ, પિત્તની ઊલટીઓ થાય, માથું ઘૂમ થઈ જાય, પરંતુ ૧૦૮મી ઓળીની હૈયે એટલી બધી અનુમોદના ભરી હતી ને એને સક્રિય કરવી હતી તેમજ તપસ્વી પૂજ્યશ્રીના વાસક્ષેપ પૂર્વકના આશીર્વાદ પર એવું શ્રદ્ધાબળ હતું કે પાયો આગળ આગળ ધપાવવા માંડેલા.

આ પાયાવાળાને આયંબિલમાં સ્પેશિયલ સગવડ અનુકૂળતા આપવા માટે લાલબાગ વાડીમાં ખાસ અલગ રસોડું ઊભું કરવામાં આવેલું. પીરસવાવાળા ભાગ્યશાળીઓ ખડેપગે ભક્તિ કરતા, અને લો ભાગ્યશાળી ! આ ગરમાગરમ ખીચું આ ભાવી જાય એવું છે. આ ઘઉંની ગુગરી ટોપરા જેવી લાગશે. આ મગની

દાળના ડપકાં તો જરા ચાખી જુઓ, દાઢમાં સ્વાદ રહી જશે ! એમ કહી નવા સુકોમળ તપસ્વીઓને પાણી ચડાવી ચડાવી વપરાવતા.

ત્યારે આયંબિલ ઓળીઓવાળાની ભક્તિ પણ મુંબઈ વર્ધમાન તપ આંબેલ ખાતામાં સુંદર સ્વાગત અને સરભરા સાથે કરવામાં આવતી.

તપસ્યાના આ મહાયજ્ઞમાં કોઈને ઉનાળો ન લાગ્યો, લુખ્ખું ન ભાવતું ન રહ્યું કે સાંસારિક જવાબદારીઓ આયંબિલના મહાન તપમાં રહીને વહન કરવામાં અશક્તિ ન વર્તાઈ. ઉલ્લાસ હંમેશાં વધતો રહ્યો તેમજ આમની ભક્તિ સહિત સમસ્ત મહોત્સવનાં ખર્ચ કરનાર પાંચ મહાનુભાવોમાં જરાય કરકસર કે સંકોચ ન રહ્યો એ બધો રૂડો પ્રભાવ એમ લાગતું કે સ્વર્ગમાં બેઠેલા પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પરમકૃપા વરસી રહેલી એને હતો.

આવી ૧૦૮ મી ઓળીની અનુમોદનાની ઉજવણીને અનુલક્ષીને ભારતભરના વિશિષ્ટ તપસ્યાઓ જેવા કે વર્ધમાન તપ ૧૦૦ ઓળી પૂરી કરનાર ૫૦૦ સળંગ આયંબિલ કરનાર પાંચથી વધુ માસખમણ કરનાર આવી વિશિષ્ટ આરાધનાનું બહુમાન કરવા માટે એક આયોજન નક્કી કરવામાં આવ્યું. એમાં એવા ૧૦૮ આરાધકો દરેકની પહેરામણી વરઘોડા ગાડી વગેરે ભક્તિ કરવા માટે રૂા. ૧૦૦૦ નક્કી કરી સમિતિએ લાભ લેવા ટહેલ પાડી ત્યાં ટપોટપ નામો લખાવવા શરૂ થઈ ગયા. રોજ વ્યાખ્યાન બાદ આ ટહેલ પડતી અને નવા નવાં નામો ઉમેરાતા ગયા. ૧૦૮ નામ થઈ જતાં તો પછી નોંધવાનું બંધ કરવામાં આવ્યું ત્યારે રહી ગયેલાને ફાળે પસ્તાવો જ રહ્યો.

બીજી બાજુ આવા ઊતાપા જેવા અને તપની મોસમ વિનાના દિવસોમાં પાયો નાખનાર નવા અભ્યાસીઓનું બહુમાન કરવા ૫૦૦-૫૦૦ રૂા.ની ટહેલ પડતાં એમાં પણ ટપોટપ નામો લખાવા માંડ્યાં.

મહોત્સવ ફાગણ વદ-૪ થી ૧૩ સુધીમાં દસ દિવસનો ભવ્ય ઊજવવાનો હતો. એનું આયોજન ઈજનેરી ભેજાવાળા શ્રી ભાણાભાઈને સોંપવામાં આવેલું. એમણે ૧૦૮ છોડના ઉજમણાની જાહેરાત મૂકતાં પૂજ્યશ્રીની ૧૦૮મી ઓળીની શરૂઆતથી જ છોડો નોંધાવા લીધેલા તે ૧૦૮નો આંક થઈ જતાં પછીથી નોંધ બંધ કરાતા કેટલાયને નિરાશ થવું પડેલું. સુરત છોડ બનાવવાના ઓર્ડર અપાતાં કિંમતી છોડો ભરાવવું શરૂ થઈ ગયું.

મહોત્સવમાં આ ૧૦૮ છોડ ખુલ્લા મૂકવા એની સાથે જ્ઞાન-દર્શન-ચારિત્રના ભરપૂર ઉપકરણનું વ્યવસ્થિત પ્રદર્શન કરવા લાલબાગ ઉપાશ્રયના વિશાળ હોલ ને

ગેલેરીઓ રોકી લેવામાં આવી. એમાં મુખ્ય દરવાજેથી વ્યાખ્યાન પીઠની જગાએ ભવ્ય અષ્ટાપદ પર્વત, એના પર સોનાનું મહાન દેરાસર, પગથિયે ૧૫૦૦ તાપસો બાજુમાં કિરણ પકડી આકાશમાં ઊંચે ચડતા ગૌતમસ્વામી, પર્વતની બે બાજુ સગરચક્રીના ૬૦ હજાર પુત્રોના તીર્થરક્ષામાં આત્મબલિદાન અને ૧૫૦૦ તાપસોમાં સાધુ અવસ્થામાં પારણા વગેરેની રચના થઈ.

વંદના પાપ નિકંદના

કર્મશાસ્ત્ર નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ સર્વાધિક શ્રમણ સાર્થાધિપતિ પરમોપાસ્ય પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** દેવાધિદેવનો ઉપકાર જેઓશ્રીના શ્વાસમાં ઘૂંટાતો હતો અને સમ્યગ્‌દર્શન સહિત સંયમ અને બ્રહ્મચર્યની નિર્મળતા જેઓશ્રીનો પ્રાણ હતો, તે આચાર્યદેવશ્રી પોતાના જીવન દરમિયાન જુહારેલા પ્રત્યેક તીર્થને મનોભૂમિ પર ખડા કરીને સમી સાંજે અને વહેલી પરોઢે તીર્થાધિપતિ ભગવંતોને યાદ કરી કરીને ભાવભરી વંદના કરતા હતા અને ૧॥ કલાક સુધી આ ભાવ વંદનાના મહાસાગરમાં આત્મસ્નાન કરતા. જુઓ-

સામે પાટ પર બિરાજમાન શ્રમણ શિરોમણી સૂરિદેવ કરકમલ જોડી,
મસ્તક નમાવીને મનોરમ્ય તીર્થોને જુહારી રહ્યા છે.

વર્ધમાન તપોનિધિ આચાર્યશ્રીને સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી તરફથી વર્ધમાન તપની પાવન પ્રેરણા

"સંસારના વિષયો આત્માને ભવમાં ભટકાવનારા છે." એ આગમ રહસ્યને પામીને આહાર સંજ્ઞાદિ વિષયોની સામે કેશરિયા કરવા સજ્જ બનેલા પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજે (હાલ પૂ.આ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.) એકાંતરે ઉપવાસની આરાધનાનો શુભારંભ કર્યો ત્યારે પોતાના તારક ગુરુદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ તેઓશ્રીને પ્રેરણા કરી : "આહાર સંજ્ઞા પરનો જવલંત વિજય પ્રાપ્ત કરવો હોય તો... ઉપવાસને બદલે વર્ધમાન તપની ઓળી શરૂ કરવી જોઈએ. જેથી આયંબિલની આરાધના દીર્ઘકાળ સુધી કરી શકાય. અને ઉપવાસના પારણે ઊભી થતી વિગઈની ઉજવણી ટાળી શકાય... પાવનકારી પ્રેરણાનો આ નવો વ્યૂહ શિરસાવંદ્ય કરીને તેઓશ્રીએ વર્ધમાન તપની શરૂઆત કરી. આહાર સંજ્ઞાની સામે સતત ઝઝૂમતા રહીને સ્વ. પૂજ્ય ગુરુદેવશ્રીની સાંનિધ્યમાં ટૂંકા ગાળામાં જ ૯૯ ઓળીની આરાધનાઓ પૂર્ણ કરી. અને તે પછી પણ સ્વર્ગીય ગુરુદેવની દિવ્ય પ્રેરણા અને આશીર્વાદ પ્રાપ્ત કરતા કરતા એકસો ને આઠ (૧૦૮) ઓળીની ઉગ્ર

આરાધના કરીને પોતાના ગુરુદેવશ્રીની પ્રેરણાને ખરેખર સફળ બનાવી છે.

અંતરના યે અંતરથી લાખ લાખ વંદન હોજો...

જગતને વર્ધમાન તપોનિધિ આચાર્યરત્નની અમૂલ્ય ભેટ ધરનારા પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજને તથા અનેકાનેક તપધર્મનું અમૃતપાન કરાવનારા પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાને જુઓ-

સામે નતમસ્તકે... હાથ જોડીને ઊભેલા વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યશ્રી તથા પાટે બિરાજેલા પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા અને આશીષ પ્રાપ્ત કરી રહ્યા છે.

અને પૂજ્ય ગુણરત્નવિજયજી મહારાજે તૈયાર કરાવેલ ૪૦-૫૦ તત્ત્વજ્ઞાનના ચાર્ટ ગોઠવવામાં આવ્યા. નીચે પ્રકાશવાળી ફ્રેમમાં ભારતના ૧૦૦ ઓળી પૂર્ણ કરનારના ફોટા અને પરિચય મૂકવામાં આવેલ. ચારે બાજુ ઝગઝગતા છોડો ને એના આગળ ચકચકતાં ઉપકરણો તથા વચમાં વિશાળ સોનેરી અષ્ટાપદ મંદિરથી હોલ ઇન્દ્રસભા જેવો દીપતો હતો.

દર્શનાર્થીઓના આ જોવા માટે અને તપસ્વીઓના દર્શનાર્થે ધસારો ફાગણ વદ-૯ થી ચાર દિવસ સવારથી રાત સુધી સતત એટલો બધો રહ્યો કે વૃદ્ધો કહેતા કે અહીં આવો ધસારો અમારી જિંદગીમાં જોયો નથી.

આમ થવામાં મહોત્સવની પત્રિકાઓ સંઘોને મળતી ગઈ, સમાચારો પત્રો જેવાં કે મુંબઈ સમાચારનો જયજિનેન્દ્ર વિભાગ, મહાવીર પરિવાર પ્રકાશ, જામનગરનું દૈનિકપત્ર 'ભૂમિ' તથા અનેક સાપ્તાહિક, પાક્ષિક અને માસિક પત્રોએ એની ઉત્સાહવર્ધક નોંધો લીધી તેમ તેમ સર્વત્રથી લોકો સ્વયં તપની અનુમોદના કરવા દોડી આવ્યા. કલકત્તા, જયપુર, મદ્રાસ, આદોની, ઉજ્જૈન, જલગામ, અમલનેર, માલેગામ, અમદાવાદ, નાસિક, સિન્નર, લાસરગામ, ખાપર, નેર, રાજકોટ, જામનગર, નડિયાદ, સુરત, વડોદરા વગેરે ગામો અને રાજસ્થાન વિભાગમાંથી અનેક ગુરુભક્તો આવી પહોંચ્યા. કોઈ તપમાં જોડાયા, અનેક ત્યાગમાં જોડાયા તો કોઈ ભક્તિમાં જોડાયા.

'કલ્યાણ' માસિકે તો કમાલ કરી ! આ પ્રસંગે એક તપધર્મ વિશેષાંકનું પ્રકાશન કર્યું. તપ અંગેનું ધાર્મિક સાહિત્ય આપી આ માધ્યમથી હજારો વાંચકોને ઘેર બેઠાં અનુમોદના કરાવી. સાથે સો ઓળી પૂર્ણ કરનાર, ઉગ્ર તપશ્ચાર્યાઓ કરનાર સાધુ-સાધ્વીજી, શ્રાવક-શ્રાવિકાઓનો સચિત્ર આબેહૂબ ચિતાર આપ્યો. એનું સંપાદન સાહિત્યપ્રેમી શ્રી કીરચંદભાઈ શેઠે કર્યું. આ અંકને માહિતી સભર

અને દળદાર બનાવવા માટે **શાંતમૂર્તિ પૂજ્યપાદશ્રી રાજેન્દ્રવિજય** મ.સા.નું પ્રેરકબળ પ્રમુખ રહ્યું.

આ આખાય તપ મહોત્સવ માટે જેમના હૈયે મહિનાઓથી એક અનેરો ભાવ હતો તે પૂજ્યપાદ પ્રવચન પ્રભાવક મુનિવર્ય શ્રી હેમચંદ્રવિજયજી મ.સા. સતત ઉપદેશ આપતા જ રહેતા કે મહોત્સવને એક ૧૦ દિવસનો મેળો ન બનાવતાં પ્રત્યેક આત્માઓ માટે આ પ્રસંગ ધર્મ આરાધનાનો મહા મહોત્સવ બનવો જોઈએ. તપસ્વી અને તપની અનુમોદના કરવી હોય તો સ્વયંમાં તપને વિકસાવો, ત્યાગને વધારો." અને એમની એ ભાવના સાકાર થઈ. મુંબઈ મોહનગરમાંથી દિવસો સુધી તપોમય બની રહ્યું.

• • •

પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ કર્મશાસ્ત્રસુનિપુણમતિ, ત્રણસો મુનિવરોના મહાન ગચ્છાધિપતિ **સ્વ. આચાર્યપુરન્દર શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર

પરમ સંયમી પરમગીતાર્થ પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી** મહારાજની પાવન નિશ્રામાં **ફાગણ વદ-૩** ને શનિવાર, તા. ૧૭-૩-૭૯ થી, **ફાગણ વદ-૧૩** ને સોમવાર, તા. ૨૬-૩-૭૯ સુધી.

તપોનિધિ, પ્રભાવક પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજની વર્ધમાનતપની ૧૦૮મી ઓળીની આરાધનાની પૂર્ણાહુતિ પ્રસંગે તેઓશ્રીના અને અન્ય તપસ્વીઓના તપની અનુમોદનાર્થે ઊજવનાર.

૧૦૮ છોડનું ઉદ્યાપન, વિવિધ રચનાઓ, બૃહદ્ શાંતિસ્નાત્રાદિ સહિત

દશાહ્નિક જિનેન્દ્રભક્તિ મહોત્સવ પ્રસંગે
શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

ફાગણ વદ-૧૨, રવિવાર, તા. ૨૫-૩-૧૯૭૯, સવારે ૮-૩૦ વાગે ભારતભરના વિશિષ્ટ તપસ્વીઓનો ભવ્ય વરઘોડો, સાધર્મિક ભક્તિ.

બપોરે ૨-૩૦ વાગે, ભારતભરના વિશિષ્ટ તપસ્વીઓનો બહુમાન સમારંભ.

સ્થળ : ચોપાટી સાગરતટે.

ફાગણ વદ-૧૩, સોમવાર, તા. ૨૬-૩-૧૯૭૯, સવારે ૬-૩૦ વાગે ચૈત્યપરિપાટી.

સવારે ૭-૩૦ વાગે પૂ. ગુરુદેવના મુખે માંગલિક શ્રવણ.

સવારે ૮-૦૦ વાગે વર્ધમાનતપના પાયા તથા ઓળીઓના સામુદાયિક પારણાં.

દેવ સ્તવના

नागेन्द्रनिर्मितफणाञ्चितमौलि पार्श्वो, यो भात्युपासकसुरासुरनाथ पार्श्वः ।
यत्तीर्थरक्षणपरो विदितोऽस्ति पार्श्वः, शंखेश्वराधिपतिरस्तु सुखाय पार्श्वः ॥
सम्यक् सुरेन्द्रकृतसंस्तुतपादपद्मम्, उद्दामकामकरीराजकठोरसिंहम् ।
सद्धर्मदेशकवरं वरदं नतोऽस्मि, वीरं विशुद्धतरबोधनिधिं सुधीरम् ॥

प्रोद्यसूर्यसमं सुरासुरनरैः संसेवितं निर्मलम्,
श्रीमत्पार्श्व जिनं जिनपतिं कल्याणवल्लीधनम् ।
तीर्थेशं सुरराजवंदितपदं लोकत्रयीपावनम्,
वन्देऽहं गुणसागरं सुखकरं विश्वैकचिन्तामणिम् ॥

• • •

ગુરુ સ્તવના

જીવનધન ગુરુ-ચરણ ધર્યું ને, શ્રદ્ધાવાન ધર્યું જિનવાણી,
બુદ્ધિધન આગમ અવગાહ્યું, કરુણાધન ધર્યું જગપ્રાણી.
પ્રેમસૂરિ ગુરુ મુનિગણ સ્વામિ, કઠિન કરમની કરી હાણી,
સંયમધન આતમનિધિ રાખી, કરી જગતને તસ લ્હાણી. ॥૧॥
પ્રેમસૂરિ ગુરુદેવ તણા, જે, પટ્ટવિભૂષણ રાજે છે,
સંયમકેરી પ્રીત જેહની, રગરગ માંહે ભ્રાજે છે.
હીરસૂરિવર નામે જેઓ, સૂરિગણ માંહે છાજે છે,
આગમજ્ઞાની એ ગુરુ પામી, ભવિજન ભવદુઃખ ભાંજે છે. ॥૨॥
સૂરિ 'પ્રેમ'ના પ્રેમપાત્ર જે, શિષ્ય સવાયા તપશૂરા,
અઠ ને શત ઓળી આરાધી, કર્મમર્મ કીધાં ચૂરા.
અષ્ટ-શતાધિક શિષ્ય તણી જે, ધરતા સફળપણે ધૂરા,
ભુવનભાનુસૂરિ વર ઉપદેશક, વંદુ હું ગુણગણપૂરા. ॥૩॥

તપસ્યા કરતા કરતા હો કે ડંકા શોર મચાયા રે...

કોટાનુકોટિ વંદન હો તપસ્વી રત્નો ને...

- સંયમ લઈ પ્રતિજ્ઞાપૂર્વક જીવનભર છઠ્ઠ-છઠ્ઠના પારણે આયંબિલ કરનારા કાકંદી નગરીના મહાતપસ્વી **ધન્ના અણગાર ને**
- ઉગ્ર તપસ્યા કરી સુકોમળ કાયાને કૃશ કરનારા મહર્ષિ... **ધન્ના-શાલિભદ્ર** ને
- બાર વર્ષ સુધી સતત આયંબિલ તપ કરનારા આચાર્યશ્રી જગચ્ચંદ્રસૂરિ મહારાજા ને
- વર્ધમાન તપની એકસો ઓળી એક સાથે પૂર્ણ કરનારા... **મહાકૃષ્ણસેના સાધ્વીજી** મ.ને
- સાઠ હજાર વર્ષ સુધી સતત આયંબિલ કરનાર ઋષભસુતા... **મહાસતી સુંદરી ને**
- વર્તમાન કાળે વર્ધમાન તપની બે વાર સો ઓળી પૂરી કરનાર પૂ. આચાર્યશ્રી **રાજતિલકસૂરિ** મહારાજા ને
- વર્ધમાન તપની ૧૦૮મી ઓળીના આરાધક પૂજ્ય આચાર્યશ્રી ભુવનભાનુસૂરિ મહારાજા ને
- વર્તમાન યુગમાં પણ એક સાથે વર્ધમાન તપની સો ઓળીના આરાધક શ્રાવકરત્ન રતિભાઈને
- વર્તમાન કાળમાં ૧૦૦ ઓળી પરિપૂર્ણ કરનાર સમસ્ત **સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા-વૃન્દ** ને.

• • •

વંદના ધર્મભાવનાને... વંદના તપ ભક્તિને...

તપશ્ચર્યાની અનુમોદનાર્થે આયોજિત દસ દિવસના અભૂતપૂર્વ જિનભક્તિ મહોત્સવ, નયનરમ્ય રચનાઓ ઉગ્ર તપસ્વીઓનું તસ્વીર દર્શન તપસ્વીઓના અંતરવારણા અને પારણા તથા આયંબિલ ઈત્યાદિનો અનુમોદનીય લાભ લેનાર મહા પુણ્યશાળી પરિવારો.

(૧) મૂળીબેન અંબાલાલ રતનચંદ શાહ (ખંભાતવાળા)
(૨) ચંપકલાલ હરકીશનદાસ ભણસાલી (કલકત્તાવાળા)
(૩) હીરાચંદજી જેરૂપચંદજી (પાદરલીવાળા)
(૪) નવીનચંદ્ર ભગવાનદાસ શાહ (પાટણવાળા)
(૫) છબીલભાઈ અમુલખભાઈ શાહ તથા મિત્રો.

• • •

સ્વસ્તિ શ્રી મહાવીર જિનં શ્રીમત્ પ્રેમસૂરીશ્વરં પરમગુરું ચ પ્રણમ્ય શ્રી જિનમંદિર પૌષધશાળાદિ ધર્મસ્થાન વિભૂષિતે... નગરે સમ્યગ્દર્શનાદિ ગુણગણધારક, દેવ-ગુરુ-ભક્તિકારક, નમસ્કાર મહામંત્ર આરાધક, શ્રી જિનશાસનપ્રેમી સુશ્રાવક... આદિ શ્રી સંઘ સમસ્ત જોગ,

મુંબઈ (લાલબાગ)થી લિ. સંઘવી અંબાલાલ રતનચંદ-ખંભાતવાળા, હીરાચંદ જેરૂપજી-પાદરલીવાળા, હરકિશનદાસ ત્રિકમજી ભણશાળી-કલકત્તાવાળા (હાલ-અમદાવાદ), મોહનલાલ ગમનચંદ-ઘોટીવાળા (છબીલભાઈ, દિનેશભાઈ, લલિતભાઈ) તથા ભગવાનદાસ લલ્લુભાઈ-પાટણવાળાના સબહુમાન પ્રમાણ વાંચશો.

અમને જણાવતાં અતિ આનંદ થાય છે કે અત્રે દશ દિવસના ભવ્યાતિભવ્ય પ્રસંગની ઉજવણીનું સમ્યક્ આયોજન કરવામાં આવ્યું છે. અપૂર્વ આત્મોલ્લાસ જાગૃત કરે તેવા આ દશ દિવસના મહોત્સવનું આયોજન પૂજ્યપાદ સિદ્ધાન્ત મહોદધિ, કર્મશાસ્ત્ર સુનિપુણમતિ, સુવિશુદ્ધ સંયમમૂર્તિ, પ્રશમરસપયોધિ, પરમવાત્સલ્યનિધિ, ત્રણસો મુનિવરોના વિશાળ ગચ્છના મહાન અધિપતિ, દિવંગત આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર ન્યાયવિશારદ, ઉગ્ર તપસ્વી આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાની વર્ધમાન આયંબિલ તપની ૧૦૮ મી ઓળીની ચિત્તપ્રસન્નતાપૂર્ણ આરાધનાની ત્રિવિધે અનુમોદના અર્થે કરવામાં આવ્યું છે.

પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ દિવંગત આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર, પરમગીતાર્થ, પરહિતવત્સલ, સંયમરક્ષક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય હીરસૂરીશ્વરજી** મહારાજ તથા પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ. ૧૦૮મી વર્ધમાન-તપ ઓળીના આરાધક અને ૧૦૮ થી અધિક શિષ્ય-પ્રશિષ્યોના ગુરુવર આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા પોતાના અન્તેવાસીઓ-સમર્થ વિદ્વાન્ પૂ. પંન્યાસ પ્રવર શ્રી **ગુણાનંદવિજય મહારાજ**. પ્રશમનિધિ પૂ. પંન્યાસ પ્રવર શ્રી **ધનપાળવિજય** મહારાજ, શાંતમૂર્તિ પૂ. પંન્યાસ પ્રવર શ્રી **યશોભદ્રવિજય** મહારાજ, આગમવિભાકર પૂ. પંન્યાસ પ્રવર શ્રી **જયઘોષવિજયજી** ગણિવર્ય તથા પૂ. પરાર્થવ્યસની વિદ્વદ્વર્ય ગણિવર શ્રી **ધર્મજિત્વિજયજી** મહારાજ આદિ મુનિભગવંતોના પરિવાર સાથે અત્રે ગત મહા વદ-૧૦ના ગુરુવારે ભવ્ય સામૈયા સાથે પધારી ગયા છે. અને તે સર્વે પૂ. આચાર્યાદિ ૭૩ મુનિભગવંતો અત્યારે મુંબઈ-મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રયમાં બિરાજમાન છે.

પૂજ્ય ગુરુભગવંતશ્રીએ પોતાના પરમોપકારી ગુરુદેવ સ્વ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાને હૃદયમાં યાદ કરીને તેઓશ્રીની પરમકૃપાથી તેમજ વર્તમાન ગચ્છનાયક પરમશાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શુભ આશીર્વાદ પ્રાપ્ત કરવા પૂર્વક વર્ધમાન તપની ૧૦૮મી ઓળીનો પ્રારંભ સંવત ૨૦૩૫ના માગશર સુદ-૮ ના રોજ ધરણગાંવ (મહારાષ્ટ્ર)માં કરેલ; તેઓશ્રી શાસન અને સમુદાયની અનેકવિધ જવાબદારીઓને વહન કરવા સાથે સુખપૂર્વક ઓળી કરી રહ્યા છે.

પૂજ્યપાદ તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.ની વર્ધમાન તપની ૧૦૮મી ઓળીની પૂર્ણાહુતિનો મંગળ પ્રસંગ અમારા આંગણે આવ્યો છે. તેથી અમારા હૈયે આનંદની ઊર્મિઓ ઊછળે છે.

પૂજ્ય ગુરુભગવંતશ્રીના શુભ નામથી જૈન સંઘમાં ભાગ્યે જ કોઈ અજાણ હશે. નગરી અમદાવાદમાં ધર્મપરાયણ અને સંસ્કારી તેમ જ સુખી કુટુંબમાં તેમનો જન્મ થયો છે. ગૃહસ્થાવસ્થામાં ઈન્સ્ટીટ્યુટ ઑફ બેંકર્સ ઈંગ્લેન્ડની સપુરસ્કાર પરીક્ષા તથા ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્કોર્પોરેટેડ સેક્રેટરીઝ (ઈંગ્લેન્ડ)ની પરીક્ષા અને ગવર્નમેન્ટ ડિપ્લોમેઈડ એકાઉન્ટન્ટ (C.A.)ની પરીક્ષા પસાર કરી છે. સંવત ૧૯૯૧ના પોષ સુદ-૧૨ના રોજ ચાણસ્મા મુકામે સકલાગમરહસ્યવેદી સૂરિપુરંદર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાની શુભાજ્ઞાપૂર્વક પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્ય પુરન્દર શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વરદ હસ્તે ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી. દીક્ષાના પ્રથમ દિવસથી તે આજ દિવસ સુધી પૂજ્યશ્રી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની અપ્રમત્તપણે ઉલ્લાસમય સાધના કરી રહ્યા છે. પૂજ્યશ્રીએ જિનાગમોનું અને અન્ય જૈન પ્રાચીન સંસ્કૃત, પ્રાકૃત, આધ્યાત્મિક ગ્રંથો તેમજ પ્રાચ્ય-નવ્ય ન્યાયદર્શન સહિત ભારતીય દર્શનોનું ઊંડું અવગાહન કર્યું છે. તેમજ મનનીય તાત્ત્વિક આધ્યાત્મિક ગ્રંથો જેવા કે "ઉચ્ચપ્રકાશના પંથે", "નિશ્ચય-વ્યવહાર", "પરમતેજ", "લલિતવિસ્તરા-હિન્દી વિવેચન", "સમરાદિત્ય કેવળી ચરિત્ર" આદિ પચાસેક પ્રેરક મૂલ્યવાન ગ્રંથોનું સર્જન કર્યું છે, એમાંય 'પરમતેજ' નામના ગ્રંથમાં પૂજ્યશ્રીની માર્મિક અને તલસ્પર્શી જ્ઞાનપ્રતિભાનું સ્પષ્ટ પ્રતિબિંબ પ્રતીત થાય છે. આ ઉપરાંત 'દિવ્ય-દર્શન' સાપ્તાહિક પૂજ્યશ્રીની અનુભવગર્ભિત જ્ઞાનમય વૈરાગ્યરંગી અમૃતવાણીનો પુણ્યલાભ હજારો વાંચકોને દર સપ્તાહે નિયમીત આપી રહ્યું છે.

પૂજ્યશ્રી અજોડ સાહિત્યકારની સાથોસાથ મૂર્ધન્ય વ્યાખ્યાતા પણ છે. તેઓશ્રીની પ્રેરક મધુરવાણીનું શ્રવણ કરીને સેંકડો પુણ્યાત્માઓ સંયમી બનીને ચારિત્રધર્મની આરાધના કરી રહ્યા છે. જૈન ધાર્મિક શિક્ષણ શિબિરોમાં વાચનાઓ આપીને હજારો કૉલેજિયન યુવાનોને જૈનત્વના સંસ્કાર આપી તે સૌના હૃદયનું પરિવર્તન કર્યું છે. દીર્ઘ દીક્ષા પર્યાયમાં તેઓશ્રીએ ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, પશ્ચિમબંગાળ, રાજસ્થાન આદિ અનેક પ્રદેશોમાં વિહાર કરીને અનેક સંઘ ઉપર અવિસ્મરણીય ઉપકારો કર્યા છે.

અને આ બધું જ અર્થાત્ સાહિત્યસર્જન, વ્યાખ્યાન, વાચના, સમુદાયની વિવિધ જવાબદારી, વિહાર વગેરે તેઓશ્રીએ વર્ધમાન આયંબિલ તપની પ્રસન્નચિત્તે આરાધના સાથે કર્યું છે અને કરી રહ્યા છે. આવા ઉત્કૃષ્ટ તપ સાથે તેઓશ્રી થાક કે કંટાળા વિના રોજના ૧૬-૧૭ કલાક સ્વ અને પરની આત્મસાધનાના હેતુ પ્રેરક પુરુષાર્થ કરી રહ્યા છે. પૂજ્યપાદશ્રીની સૌથી મોટી વિશેષતા એ છે કે પર ઉપકારના જોરદાર પુરુષાર્થ વચ્ચે પણ સ્વસાધના ભૂલ્યા નથી. **આપ સૌને જાણીને આશ્ચર્ય થશે કે કલકત્તા, સમેતશિખરજી સુધીના ઉગ્ર અને દીર્ઘ વિહારમાં પણ નિર્દોષ ગોચરી ચર્યા તેઓએ છોડી નથી. વર્ધમાન તપ ઓળીઓમાં પાણી અને લૂખા રોટલા કે ભાત સાથે વિહારમાં પણ આયંબિલ કર્યાં છે.** પરંતુ દોષિત બલવન્ (પાકા મીઠા)ની પણ અપેક્ષા પૂજ્યશ્રીએ રાખી નથી. શિષ્યની આવી સર્વોત્તમ ગુણસમૃદ્ધિ જોઈને જ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાએ એક વાર કહ્યું હતું કે 'જ્ઞાન અને તપ ઉભયનો યોગ ભાનુવિજયમાં ખૂબ જ સારો મળ્યો છે.'

પૂજ્યશ્રીનું આવું કર્મઠ, તપસ્વી, દિવ્ય અને પ્રેરક જીવન જોઈ અને જાણીને તેમના ચરણે કોનું હૃદય અને મસ્તક ન નમે ? પૂજ્યશ્રીની ઉગ્ર આરાધનાથી ભાવિત બનીને ચતુર્વિધ સંઘમાં ૪૫-૩૬-૩૧ ઉપવાસ, સિદ્ધિતપ તેમજ વર્ધમાન તપની આયંબિલની ઓળીઓ તથા પાયા નાંખવાની પણ મંગળ શરૂઆત થઈ ગઈ છે. આ સર્વ તપસ્વીઓની તપ સાધનાનું અનુમોદન કરવા માટે શેઠ મોતીશા લાલબાગ જૈન સંઘ તેમજ અન્ય ગુરુભક્તો એક ભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવનું આયોજન કરવાના મનોરથો સેવતા હતા. એમાંથી 'શ્રી વર્ધમાનતપ અનુમોદન સમિતિ'ની રચના થવા પામી. આ સમિતિએ ઉત્સાહપૂર્વક દશાહ્નિક મહોત્સવ તેમજ ૧૦૮ છોડના ઉદ્યાપનની તડામાર તૈયારીઓ કરી.

સમિતિની આ બધી સમ્યક્પ્રવૃત્તિઓની તૈયારીની અમને જાણ થતાં અમારા

હૈયે ભાવના થઈ કે વિવિધ રચનાઓ સહિત ભવ્ય મહોત્સવ તથા વર્ધમાન તપના પાયા-ઓળીઓ કરાવવાનો તેમજ તેનાં પારણાં આદિનો દુર્લભ્ય મહાલાભ અમારે મેળવવો. પૂજ્ય ગુરુદેવશ્રી તથા શ્રી વર્ધમાન તપ અનુમોદના સમિતિને અમે અમારી ભાવના જણાવીને એ લાભ આપવા માટે વિનંતી કરી જેનો સહર્ષ સ્વીકાર થયો તેથી અમે તેમના ખૂબ જ ઋણી બન્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીના આશીર્વાદથી અમને આ ભવ્યાતિભવ્ય મહોત્સવ ઊજવવાનો લાભ મળ્યો છે. ત્યારે અમારા આત્મોલ્લાસમાં સહભાગી થવા અમે આપને પણ સવિનય સહર્ષ આમંત્રણ આપીએ છીએ. આ મહોત્સવ પ્રસંગે અત્રે પધારતાં આપને મુંબઈના પ્રાચીન-અર્વાચીન જિનાલયોના પુણ્ય દર્શનનો તેમજ આ ભવ્ય પ્રસંગે પૂજ્ય શ્રમણ ભગવંતોના-દર્શન-વંદનનો તથા આ પ્રસંગે પધારેલા સ્વ. પૂજ્ય આચાર્યદેવશ્રી **યશોદેવસૂરીશ્વરજી** મ.સા.ના આજ્ઞાવર્તી પૂ. સાધ્વીજી શ્રી **રોહિતાશ્રીજી** આદિ ઠાણા-૧૩ તથા પૂ. પ્રવર્તિની સાધ્વીજી શ્રી **રંજનશ્રીજી**નાં શિષ્યા **વસંતપ્રભાશ્રીજી** આદિ ઠાણા-૬ તથા પૂ. સાધ્વીજી શ્રી **રોહિણાશ્રીજી**નાં શિષ્યા પૂ. સાધ્વીજી શ્રી **હર્ષપૂર્ણાશ્રીજી** આદિ ઠાણા-૧૩, તથા પૂ. આચાર્યદેવશ્રી **વિક્રમસૂરીશ્વરજી** મ.સા.ના આજ્ઞાવર્તી પૂ. સાધ્વીજી શ્રી **જયલતાશ્રીજી** આદિ ઠાણા-૭ના દર્શન-વંદન-ગુરુભક્તિ આદિનો અનેરો લાભ મળશે.

જીવનમાં આવો અદ્વિતીય પાવન પ્રસંગ ક્યારેક જ આવે છે. ત્યારે આપ આ પુણ્ય પ્રસંગે પધારીને આપના આત્મોલ્લાસને વધારશો જ તેવી અમો શ્રદ્ધા રાખીએ છીએ. ૬:

મૂળીબેન અંબાલાલ શાહ
બંસીલાલ અંબાલાલ શાહ
પુંડરીકભાઈ અંબાલાલ શાહ
તારાચંદ અંબાલાલ શાહ
ધરણેન્દ્ર અંબાલાલ શાહ
ત્રીકમચંદ હીરાચંદ પાદરલીવાળા
જિનદાસ જેઠમલજી પાદરલીવાળા
ભરતકુમાર જિનદાસ પાદરલીવાળા
સરદારમલ હીરાચંદ પાદરલીવાળા
દિલીપકુમાર ત્રિકમચંદજી પાદરલીવાળા
વિજયલાલ હરકીશનદાસ ભણશાળી

હીરાલાલ હરકીશનદાસ ભણશાળી
ચંપકલાલ હરકીશનદાસ ભણશાળી
ગિરીશકુમાર હરકીશનદાસ ભણશાળી
જયેશ ચંપકલાલ ભણશાળી
શાહ છબીલદાસ અમુલખભાઈ
લલિતભાઈ રતનચંદ કોઠારી
શાહ દિનેશભાઈ જોઈતાલાલ
શાહ છનાલાલ હીરાલાલ
શાહ બાબુલાલ મંગળદાસ
જાસુદબેન ભગવાનદાસ શાહ
મેહુલ નવીનચંદ્ર શાહ
શશીકાન્ત નવીનચંદ્ર શાહ
પારૂલ નવીનચંદ્ર શાહ

• • •

મહોત્સવનો મંગળ કાર્યક્રમ

★ ફાગણ વદ-૩, શનિવાર, તા. ૧૭-૩-૭૯ મહોત્સવનો સુમંગલ પ્રારંભ. બપોરે ૨-૩૦ વાગે પંચકલ્યાણકની પૂજા

★ ફાગણ વદ-૪, રવિવાર, તા. ૧૮-૩-૭૯, સવારે ૯-૦૦ વાગે પૂજ્યપાદ તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ત્રિલોચનસૂરીશ્વરજી** મહારાજની પ્રથમ સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ગુણાનુવાદ.
બપોરે ૧-૩૦ વાગે શ્રી અષ્ટાપદજીની પૂજા.

★ ફાગણ વદ-૫, સોમવાર, તા. ૧૯-૩-૭૯, બપોરે ૨-૦૦ વાગે શ્રી બારવ્રતની પૂજા.

★ ફાગણ વદ-૭, મંગળવાર, તા. ૨૦-૩-૭૯, બપોરે ૨-૦૦ વાગે શ્રી નવપદજીની પૂજા.

★ ફાગણ વદ-૮, બુધવાર, તા. ૨૧-૩-૭૯, બપોરે ૨-૦૦ વાગે શ્રી નવ્વાણુંપ્રકારી પૂજા.

★ ફાગણ વદ-૯, ગુરુવાર, તા. ૨૨-૩-૭૯, બપોરે ૨-૦૦ વાગે શ્રી મોહનીયકર્મ-નિવારણ પૂજા.

★ ફાગણ વદ-૧૦, શુક્રવાર, તા. ૨૩-૩-૭૯, સવારે ૭-૩૦ વાગે શ્રી કુંભ સ્થાપન. બપોરે વિજય મુહૂર્તે નવગ્રહ પૂજન.

★ ફાગણ વદ-૧૧, શનિવાર, તા. ૨૪-૩-૭૯, બપોરે ૧૨-૩૭ વાગે શ્રી શાંતિસ્નાત્ર.

★ ફાગણ વદ-૧૨, રવિવાર, તા. ૨૫-૩-૭૯, સવારે ૮-૩૦ વાગે **તપસ્યાની અનુમોદના નિમિત્તે ભવ્ય વરઘોડો,** સાધર્મિક ભક્તિ.

★ ફાગણ વદ-૧૩, સોમવાર, તા. ૨૬-૩-૭૯, સવારે ૬-૦૦ વાગે ચૈત્ય પરિપાટી, સવારે ૭-૦૦ વાગે માંગલિક શ્રવણ.
સવારે ૮-૦૦ વાગે વર્ધમાનતપના તપસ્વીઓના સામુદાયિક પારણા.
મહોત્સવ દરમિયાન દરરોજ સવારે ૯-૦૦ વાગે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન.
દરરોજ રાત્રે ૮-૦૦ વાગે ભાવના.
• દરરોજ પ્રભુને ભવ્ય અંગરચનાઓ થશે.

વિધિ-વિધાનકાર : શ્રી મનસુખલાલ રીખવચંદદાસ (અમલનેરવાળાની મંડળી)

• સંગીતકાર •

(૧) શ્રી ગજાનનભાઈ ઠાકુર તથા તેમની મંડળી. (૨) શ્રી ઋષભજિન ભક્તિ મંડળ. (૩) શ્રી ગુડાબાલોતરા સંગીત મંડળી.

• • •

પૂજ્યપાદશ્રીની ૧૦૮મી વર્ધમાનતપની તપશ્ચર્યા નિમિત્તે

મુંબઈ નગર ઉપનગરોમાં થયેલી જબરજસ્ત તપશ્ચર્યાનું સરવૈયું

	શ્રાવકશ્રાવિકા	આયંબિલ	ઉપવાસ
• (૧) વર્ધમાનતપના નવા પાયા નંખાયા.	૬૩૦	૯૪૮૦	૩૧૬૦
(૨) વર્ધમાનતપની વધારાની ઓળીઓ કરનાર તપસ્વી	૧૦૨૮	૨૫૧૭૭	૪૧૮૮
	૧૬૫૮	૩૪૬૫૭	૭૩૪૮

• વર્ધમાનતપના પાયા નાખનારા પુણ્યશાળીઓ ૮ વર્ષનાં ગુલાબની કળી જેવા બાળકો અને ૭૦ વર્ષની જૈફ ઉંમરના શ્રાવક શ્રાવિકાઓ સહિત સેંકડો શિક્ષિત અને કૉલેજિયન નવયુવક અને યુવતીઓ પણ હતી.

- વર્ધમાનતપની વધારાની ઓળી કરનાર છઠ્ઠી ઓળીથી ૯૬મી ઓળી સુધીના તપસ્વીઓએ પ્રસન્નચિત્તે પ્રારંભ કરેલી તપશ્ચર્યા સાનંદ પૂજ્યપાદશ્રીના પારણાના દિવસે આંખે આનંદના હર્ષાશ્રુ સાથે પારણા કર્યા.
- એક ઉપવાસથી લઈને ૬ ઉપવાસની તપશ્ચર્યા કરનાર સેંકડો તપસ્વીઓની નોંધ સમિતિ તૈયાર કરી શકવા માટે અસમર્થ રહી. જેની નોંધ ઉપરોક્ત સરવૈયામાં નથી.

મોહનગરી મુંબઈ નગરને તપોભૂમિ બનાવનાર તપસ્વીઓને વંદના.

• • •

મહોત્સવની વિશિષ્ટતાઓ

(૧) **૧૦૮ છોડના ભવ્ય ઉજમણાનાં દર્શન.**

(૨) **વિવિધ રચનાઓ-** અષ્ટાપદ ગિરિરાજ, ચોવીશ તીર્થંકર ભગવંતો સાથે.

૧. સ્વ. પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આચાર્ય ભગવંત શ્રી **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાનો ભાવથી તીર્થયાત્રાનો દૈનિક કાર્યક્રમ.

૨. વર્ધમાનતપ ૧૦૦ ઓળીના આરાધક પુણ્યાત્માઓનું દર્શનીય ફરતું ચક્ર.

૩. પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાને પોતાના ગુરુદેવ તરફથી વર્ધમાન તપ અંગે પ્રેરણા.

તપસ્વી ધન્ના અણગાર, તપસ્વી ધન્ના શાલિભદ્ર

ઈત્યાદિ પ્રસંગો આલેખતી દર્શનીય તસ્વીરો.

(૪) જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન સમજાવતું અનેક ચાર્ટોવાળું આધ્યાત્મિક પ્રદર્શન.

- દરરોજની વિવિધ પ્રકારની પૂજાઓ-ભાવનાઓ-અંગરચનાઓ.
- અષ્ટાપદની ભવ્ય પૂજા, પૂજ્ય આચાર્ય ભગવંતના અર્થ સમજણ સાથે રવિવાર તા. ૧૭-૩-૭૯ બપોરે ૨ વાગે.
- સંગીતકાર ગજાનન મંડળી, ઋષભજિન ભક્તિ મંડળ, તથા ગુડાબલોતરાની ભક્તિ મંડળીની ભક્તિ રમઝટ.
- ભારતભરના ઉગ્ર તપસ્વીઓનો તા. ૨૫-૩-૭૯ના રોજ ભવ્ય વરઘોડો, ચોપાટી સાગર તટે સાધર્મિક ભક્તિ તથા બહુમાન સમારોહ.
- ફાગણ વદ-૧૩ તપસ્વીઓના પારણા પ્રસંગે-

  પૂ. ગુરુદેવોની નિશ્રામાં ચૈત્યપરિપાટી, માંગલિક શ્રવણ તથા તપસ્વીઓના સામુદાયિક પારણા.
- ૪૫-ઉપવાસ, ૩૬-ઉપવાસ, ૩૧-ઉપવાસ, સિદ્ધિતપ, દીર્ઘ આયંબિલના તપના અનેક તપસ્વી. મુનિભગવંતો સાધ્વીજી મહારાજોના દર્શન વંદન...
- દરરોજ પૂજ્ય ગુરુદેવ આચાર્ય ભગવંતનાં પ્રવચન...
- ૧૦૮ થી વધુ સાધુ સાધ્વીજી મહારાજોનાં દર્શન-વંદન.

• • •

વર્ધમાન તપ શી રીતે કરાય ?

વર્ધમાન તપ ૧૪ વર્ષ, ૩ મહિના અને ૨૦ દિવસે પૂરો થાય. કેમકે આ તપના તપસ્વી આરાધકે કુલ પાંચ હજાર અને પચાસ આયંબિલ સાથે સો ઉપવાસ કરવાના હોય છે. પાંચ હજાર આયંબિલ અને સો ઉપવાસ એક સાથે લગાતાર સળંગ કરવાનાં ? આ તપ ચઢતા ક્રમે કરવાનો છે. પણ નહિ કે સો ઉપવાસ લગાતાર સાથે કરવાના. નહિ કે ૫૦-૫૦ આયંબિલ લાગલગાટ કરવાના.

આ તપની શરૂઆત એક આયંબિલ પછી ઉપવાસ ત્રીજે અને ચોથે દિવસે વળી આયંબિલ અને પછી પાંચમે દિવસે ઉપવાસ, આમ લાગટ પાંચ આયંબિલ એક સાથે અને છેલ્લે ઉપવાસ કરી આ તપનો પાયો નંખાય છે. એટલે પાયો નાખનારને ૧૫ આયંબિલ અને પાંચ ઉપવાસ કરવાના. આમ આ તપનો સર્વ પ્રથમ તબક્કો પૂર્ણ થાય છે.

ત્યાર પછી છ આયંબિલ વત્તા એક ઉપવાસ, સાત આયંબિલ વત્તા એક ઉપવાસ એમ ક્રમશઃ આયંબિલ અને ઉપવાસ વધારતા જવાનું. આમ સો આયંબિલ લાગલગાટ ને પછી ઉપવાસ સુધી કરતા રહેવાનું. ત્યારે આ તપ પૂર્ણ થાય છે કેટલાક તેથી આગળ વધી ૧૦૮ આયંબિલ અને એક ઉપવાસ સુધી પહોંચી ૧૦૮ ઓળી પૂર્ણ કરે છે.

તપ ચાલુ હોય ત્યારે પ્રતિદિન ક્રિયા બે ટાઈમ પ્રતિક્રમણ, ત્રણ વખત દેવવંદન, જિનપૂજા, ગુરુ વંદન, બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ, બાર ખમાસણા, વીશ છૂટી માળાનો જાપ 'નમો અરિહંતાણં' પદનો.

જૈન શાસનની બલિહારી છે. અનેક આચાર્ય ભગવંતો, મુનિ ભગવંતો, સાધ્વીજી મહારાજો તથા શ્રાવક શ્રાવિકાઓએ આજે પણ આવા ઉગ્ર તપોની પૂર્ણાહુતિ કરી છે.

પૂજ્યપાદ તપોનિધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા અપ્રમત્ત સાધના સાથે વર્ધમાન તપ ૧૦૮મી ઓળી ફાગણ વદ-૧૩, સં. ૨૦૩૫ ના રોજ પૂર્ણ કરી.

કોટિશઃ વંદના મહાતપસ્વીરત્ન આચાર્યદેવને.

• • •

પૂજ્યપાદશ્રીની ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદનાર્થે પૂજ્યપાદ સાધુ-સાધ્વીજી મહારાજોએ કરેલ કઠોર તપશ્ચર્યાથી તપભીના બનેલા શ્રાવક-શ્રાવિકાઓએ કરેલ અનુમોદનીય સુકૃતવ્યય અને તપશ્ચર્યાઓ-

(૧) **પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા. વર્ધમાન તપ ૧૦૮મી ઓળી. શ્રી શેષમલજી પંડ્યા મદ્રાસવાળા. ૫ વર્ષમાં ૨૧૫૦ આયંબિલ

પાંચ વર્ષમાં એક હજાર આયંબિલ

દમયંતીબેન દિનકરભાઈ શાહ, અમદાવાદ
ઈંદુબેન પુનમચંદ, મુંબઈ
રજવંતીબેન જયસુખલાલ, મુંબઈ
શ્રી અશોકકુમાર અચરતલાલ મોરખીયા, મુંબઈ
લીલાબેન બાપુલાલ, મુંબઈ
લાલુબેન ભંડારી, પારલા, મુંબઈ
શ્રી અમૃતલાલ શીવલાલભાઈ, મુંબઈ
સુભદ્રાબેન શાન્તીલાલ, મુંબઈ
નિર્મળાબેન બચુભાઈ, મુંબઈ
મગનભાઈ શીવજીભાઈ, મુંબઈ
ગુણવંતીબેન, જયંતીલાલ, મુંબઈ
રમેશચંદ્ર દેવચંદભાઈ, ગોરેગાંવ, મુંબઈ
શોભનાબેન જયંતીલાલ
જમનાબેન પુનમચંદ
ગંગાબેન શાંતિલાલ
ચંપાલાલ કેસરીમલ જૈન
જયંતીલાલ ચુનીલાલ શેઠ (મોરવાડવાળા)

(૨) **પૂજ્યપાદ મુનિવર્યશ્રી જયસોમવિજયજી મ.સા.** ૪૫ ઉપવાસ (સંપૂર્ણ મૌન સહિત)
પાંચ વર્ષમાં ત્રણ માસક્ષમણ : શ્રી હિંમતલાલ શેઠ (ઝરીયાવાળા)

(૩) **પૂજ્યપાદ મુનિવર્યશ્રી વરબોધિવિજયજી મ.સા.** ૩૬ ઉપવાસ.
પાંચ વર્ષમાં ૧૫ અઠ્ઠાઈ : શ્રીમતી કલાબેન કેસરીચંદ, ખંભાતવાળા.

(૪) **પૂજ્યપાદ મુનિવર્યશ્રી શોભનવિજયજી મ.સા.** ૩૬ ઉપવાસ.
પાંચ વર્ષમાં ૧૮ અઠ્ઠાઈ : શ્રી રામચંદ્ર ગોપાલદાસ, અમદાવાદ.

(૫) **પૂજ્યપાદ મુનિવર્યશ્રી વિમલસેનવિજયજી મ.સા.** ૩૧ ઉપવાસ.
પાંચ વર્ષમાં ૧૧૫ અઠ્ઠમ : મંજુલાબેન રાજમલભાઈ, લાલબાગ, મુંબઈ.

(૬) **પૂજ્યપાદ મુનિવર્યશ્રી મતિસુંદરવિજયજી મ.સા.** ૩૧ ઉપવાસ.
પાંચ વર્ષમાં ૭૧ અઠ્ઠમ કરવાના. કલાવતીબેન કલ્યાણદાસ, મુંબઈ.

(૭) **પૂજ્યપાદ મુનિવર્યશ્રી હિતવર્ધનવિજયજી મ.સા.** ૩૧ ઉપવાસ.
પાંચ વર્ષમાં ૫૧ અઠ્ઠમ : શ્રી જુગરાજજી રામચંદ્ર, અમદાવાદ.

(૮) **પૂજ્યપાદ મુનિવર્યશ્રી નિપુણચંદ્રવિજયજી મ.સા.** (સિદ્ધિતપ)
પાંચ વર્ષમાં ૪૧ અઠ્ઠમ : કલ્પનાબેન અમૃતલાલ વોરા, મુંબઈ.

(૯) **પૂજ્યપાદ મુનિવર્યશ્રી જિનહંસવિજયજી મ.સા.** (સિદ્ધિતપ)
પાંચ વર્ષમાં ૩૧ અઠ્ઠમ : નિર્મળાબેન નરેન્દ્રકુમાર, મુંબઈ.

(૧૦) **પૂજ્યપાદ મુનિવર્યશ્રી અક્ષયબોધિવિજયજી મ.સા.** (સિદ્ધિતપ)
પાંચ વર્ષમાં ૪૧ અઠ્ઠમ : કુસુમબેન અરવિંદભાઈ ઝવેરી, મુંબઈ.

(૧૧) **પૂજ્યપાદ મુનિવર્યશ્રી મહાબોધિવિજયજી મ.સા.** (સિદ્ધિતપ)
પાંચ વર્ષમાં ૧૦૮ છઠ્ઠ : કંચનબેન જયંતીલાલ શાહ, મુંબઈ.

(૧૨) **પરમ પૂજ્ય સાધ્વીશ્રી રાજરત્નાશ્રીજી મ.સા.** (૩૧ ઉપવાસ)
પાંચ વર્ષમાં ૫૦૧ ઉપવાસ : સુભદ્રાબેન રસીકલાલ બાપુલાલ પરીખ, મુંબઈ.

(૧૩) **પરમ પૂજ્ય સાધ્વી વિરાગરત્નાશ્રીજી મ.સા.** (૩૧ ઉપવાસ)
પાંચ વર્ષમાં ૩૦૧ ઉપવાસ : શ્રી મિશ્રીલાલ કોઠારી (અમલનેર)

આ ઉપરોક્ત અનુમોદનાની ઉપવાસની સંખ્યા. ૨૩૫૭ અને આયંબિલ ૧૯૧૬૭ જેટલા થવા જાય છે. આ સિવાય મૂળીબેન અંબાલાલ શાહ ખંભાતવાળા, શ્રી કુંદનલાલ લલ્લુભાઈ ઝવેરી મુંબઈ. શ્રી બાબુભાઈ સી. જરીવાળા મુંબઈ, શ્રીમતી રમીલાબેન શાંતિચંદ ઝવેરી, શ્રી વ્રજલાલ ચુનીલાલ શાહ, કેશવલાલ મોતીલાલ શાહ, રસીકલાલ બાપુલાલ પરીખ, કાનજીભાઈ રતનશી વોરા, મિશ્રીલાલજી કોઠારી અમલનેર અને શ્રી ગીરીશભાઈ ભણસાલી-હજારો રૂપિયાની સુકૃત અનુમોદના કરી.

• • •

મુંબઈની ધરા તપભીની વસુંધરા બની. મહોત્સવનો દૈનિક અહેવાલ

• **ફાગણ વદ-૩ :**

ઘણાં સમયથી જેની ખૂબ આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી એ ૧૦૮ મી ઓળીના નિમિત્તના જિનેન્દ્ર ભક્તિમહોત્સવનો પ્રારંભ દિવસ આવી પહોંચ્યો. ફાગણ વદ-૩ સવારે નવનિર્મિત ભવ્ય અષ્ટાપદજીના સોનેરી ચતુર્મુખ જિનમંદિરોમાં બેંડ-વાજા સાથે પધરાવવામાં આવતાં સંઘમાં ભક્તિભાવ વિકસ્વર બની ગયાં.

ઉપાશ્રયમાં રચનાઓ, છોડો, રત્નત્રયી ઉપકરણ આયોજન વગેરે હોવાથી

વ્યાખ્યાનો મોતીશા ચાલીની નીચેની વિશાળ વાડીમાં ગોઠવવામાં આવેલ. સવારે ૯ વાગે લગભગ ૭૦ શ્રમણ પરિવારોથી શોભતાં પૂજ્ય આચાર્યદેવશ્રી વ્યાખ્યાન પીઠ પર પધારતાં વિશાળ શ્રોતાસભાને તપસ્વિની શ્રી મુખે પ્રવચન સાંભળવા મળનાર હોઈ આનંદનો પાર નહોતો. પૂજ્યશ્રીએ **'જથ્થ ય વિસય વિરાઓ'** પર શરૂ કરેલ અનંત ઉપકારી ત્રિલોકનાથ ભગવાનશ્રી જિનેશ્વરદેવના શાસનમાં તે ધર્મને મોક્ષનો ઉપાય કહ્યો છે. જેનાં પહેલે પગથિયે વિષયો પ્રત્યે વૈરાગ્ય ઊભો કરાયેલો છે, વગેરેના વ્યાખ્યાનને આગળ લંબાવ્યું. બહુ લાંબે સુધી ગોઠવાયેલ પર્ષદાને પણ પૂજ્યશ્રીના બુલંદ અવાજ સંભળાતો હતો એટલે શાંતિ ઘણી હતી, ને લોકો શ્રવણમાં મસ્ત બની ડોલતાં હતાં.

પ્રવચન બાદ મુનિરાજશ્રી વિમલસેન વિ.મ.સા. ને ૩૧ ઉપવાસની ભીષ્મ તપસ્યાની અનુમોદના રૂપે એમના સંસારીપણે માતુશ્રી શ્રીમતી વિમળાબેન હીરાલાલ સોમચંદ તથા એમના સુપુત્રો શ્રી ઈન્દ્રજીત અને શ્રી દેવેન્દ્રભાઈ તરફથી ગુરુપૂજન કરવામાં આવ્યું. તથા કામળી અને પાત્રાદિ સંયમના ઉપકરણ વહોરાવવામાં આવ્યાં. તે પછી ચતુર્વિધ સંઘનું પૂજન કરવામાં આવ્યું.

આ અવસરે પ્રસિદ્ધ સંગીતકાર શ્રી ગજાનનભાઈએ મહા તપસ્વી ગુરુદેવને વંદન કોટી કોટીના ભાવવાહી ગીતના મધુર ધ્વનિ ગગન મંડળમાં રેલાવ્યાં. સૌને એ સાંભળતા હૃદયના તાર ગુણ ભક્તિથી ઝણઝણી ઊઠતા હતા. બપોરે શ્રી પંચકલ્યાણક પૂજા અને રાત્રે ભાવનામાં ગજાનનભાઈએ ભક્તિની રંગરેલ વહેવડાવી.

● ફાગણ વદ-૪ :

આજે પૂજ્ય તપસ્વી શ્રમણ શિરોમણિ પૂ.આ. શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ હોઈ સવારે વ્યાખ્યાનમાં પૂ. આચાર્યદેવશ્રીએ એઓશ્રીના હૃદયવેધી ગુણાનુવાદ કર્યા. એમાં સ્વ.આ. શ્રી ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજની મહાત્યાગ વૃત્તિની, બાર માસમાં ચાર માસક્ષમણ, જીવનમાં કેટલાય છઠ્ઠ અઠ્ઠમ, ૯, ૧૧, ૧૬ ઉપવાસો, ૨૦૦-૨૫૦ અઠ્ઠાઈઓ કેટલીય વર્ધમાન તપની ઓળીઓ ઉપરાંત જબરદસ્ત ગુરુસેવા-ગુર્વાધીનતા વગેરે આરાધનાઓ અને જિનમંદિર અને ઉપાશ્રય પ્રેરણા, સંઘોમાં ધર્મક્ષેત્રની વ્યવસ્થિતતા, ઇત્યાદિ સંઘ શાસન સેવાના મહાન પ્રસંગો વર્ણવેલાં. એ સાંભળતાં સભા સ્વર્ગસ્થ પૂજ્યશ્રીની અજબગજબની શ્રદ્ધા આરાધના ઉપર સ્તબ્ધ થઈ ગદ્‌ગદ થયેલ.

આજે બપોરે અષ્ટાપદજીની પૂજા હતી. લોકોની ઠઠ તો એટલી જામેલી કે કેટલાયને તો દૂરથી જોઈ જોઈ પાછા ફરવું પડેલું. પૂજામાં પૂ.આ.દેવશ્રી વચમાં

વચમાં પુજાની કડીઓના ભાવ સમજાવતા. ચોથી પૂજામાં **"વિચરંતા પ્રભુજી આવ્યા રે...** ઋષભદેવ ભગવાન જાણે પધારી રહ્યા છે ને આપણે એમનું સ્વાગત કરવા જઈ રહ્યા છે તે દૂરથી પ્રભુજી દેખતાં બોલીએ છીએ. **એ...આવ્યા, એ...આવ્યા, એ આવ્યા રે પ્રભુજી આવ્યા રે...** એમાં જાણે પ્રભુને લેવાં ચાલ્યાં એમ લાગતું હતું. એવા બીજા પણ ગંભીર ભાવો સમજાવતાં ચિકાર માનવમેદનીના હૃદય ભાવિત થઈ જતાં. રાતના ભાવનામાં સંગીતકારે ભક્તિ સંગીતના મીઠાં રસપાન કરાવ્યાં. પ્રભુજીને અંગરચના કુશળ આંગીકાર શ્રી રમણીકભાઈએ અદ્‌ભુત કરેલી.

● ફાગણ વદ-૫ :

આજથી ૧૦૮મી ઓળીની પૂર્ણાહુતિને ૮ દિવસ રહેતા હતા. તેથી સંઘમાં અનેક પુણ્યશાળીઓએ અઠ્ઠાઈની તપશ્ચર્યા શરૂ કરી.

આજે વિશિષ્ટ કાર્યક્રમમાં પ્રભુજીનો જન્મોત્સવ ઊજવવાનો હતો. એ માટે પહેલેથી મુંબઈ શહેર અને પરાઓમાં ભરપૂર હેન્ડબિલો પ્રચારાયેલાં, જેમાં આ મુજબ લખવામાં આવ્યું હતું :

પૃથ્વી પર પ્રભુના અવતારના દેવ-દેવીઓએ કરેલ મંગલ વધામણાં...

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી**નાં ૧૦૮મી ઓળીના ભવ્ય મહોત્સવમાં એક અનોખો પ્રસંગ **ભુલેશ્વર લાલબાગ વાડી**માં તા. ૧૯-૩-૭૯ના સોમવાર સવારે ૮-૩૦ વાગે ઊજવવામાં આવશે.

આમાં શું શું જોવા મળશે ?

- **તીર્થંકર ભગવાનના સ્વર્ગમાંથી અવતાર પર માતાને ૧૪ મહાસ્વપ્નદર્શન**
- **ઈન્દ્ર સ્તુતિ**
- **પ્રભુનો જન્મ થતાં ૫૬ દિક્‌કુમારીઓની મધુરા સંગીત સરોદો સાથે જન્મ ઉજવણી**
- **ઈન્દ્ર સિંહાસન કંપ**
- **ઈન્દ્રની ઉદ્‌ઘોષણા**
- **મેરુશિખર પર ચોસઠ ઈન્દ્રોનો જિન-જન્મોત્સવ**

જન્મ કલ્યાણક ઉજવણીના પ્રસિદ્ધ કલાકાર ગવૈયા **ગજાનન ઠાકુર** આનું સુંદર રીતે માર્ગદર્શન કરશે અને હજારોનાં હૈયાં હેલે ચડાવશે.

સૌ આનું દુર્લભ દર્શન કરવા સમયસર પધારશો.

લિ. શ્રી વર્ધમાન તપ અનુમોદના સમિતિ

જન્મ મહોત્સવ ઊજવવા માટે અંજનશલાકા વિધિમાં આવતી ચ્યવન અને જન્મ કલ્યાણ વિધિને આબેહૂબ રજૂ કરવામાં આવેલી. એ માટે આગલા દિવસે

ભગવાનનાં માતા-પિતા તથા ઇન્દ્ર-ઇન્દ્રાણીની મોટી બોલી બોલવામાં આવેલી અને રાતનાં કર્મઠ-કાર્યકર શ્રીયુત ભાણાભાઈએ સુંદર શયન-ગૃહ, ઇન્દ્ર-સભા, કેળઘર, મેરુશિખર વગેરેનું આકર્ષક આયોજન કરેલું. તેમજ શ્રી ગજાનનભાઈએ દિક્કુમારીઓને જરૂરી તાલીમ આપેલી. સવારે ૯ વાગે વિશાળ જનમેદની આગળ ચ્યવન કલ્યાણ, જન્મ કલ્યાણકની ઉજવણી બહુ ભવ્ય રીતે થઈ. આજે તો સંગીતકાર ગજાનનભાઈ ફુલ ફોર્મમાં હતા. એમાં દિક્કુમારીઓના ઉત્સવમાં એમનાં અતિશય આનંદને વ્યક્ત કરતું **'હૈયાં હેલે ચડ્યાં રે..... હૈયાં હેલે ચડ્યાં રે... હૈયાં'** ગીત ઝીલાવતાં સૌ પ્રભુભક્તિમાં આનંદવિભોર બની ગયેલા. આજે ચાલુ દિવસ છતાં બાર વાગ્યા સુધી મોટી મેદનીની હાજરી સાથે કાર્યક્રમ ચાલ્યો. રાતના ભાવનામાં પણ ભક્તિની રસલહાણ રેલાઈ હતી.

● **ફાગણ વદ ૬-૭ :**

આજે પ્રવચન બાદ લાલબાગ સંઘની તો ચોમાસાની રોજિંદી વિનંતી ચાલુ હતી જ. એમાં આજે પૂના લશ્કરના ટ્રસ્ટીઓ તરફથી પૂજ્યશ્રીને પૂનામાં ચોમાસું કરવા માટે બહુ ભાવભરી વિનંતી થઈ.

શ્રી ઋષભદેવ ભગવાનનું જન્મ કલ્યાણક ઉપરાંત દીક્ષા કલ્યાણક હોઈ વરસીતપની શરૂઆત હતી. તેથી આજે વદ-૭ કેટલાંય ભાવિકોએ છઠ્ઠના પચ્ચક્ખાણ કર્યાં. મંચર વગેરે બહારગામનાં સ્થળોએથી પણ તપસ્યા માટે પૂજ્યશ્રીનાં શ્રીમુખે પચ્ચક્ખાણ વાસક્ષેપ લેવા આવી પહોંચેલાં.

● **ફાગણ વદ ૮ :**

પ્રવચન, પૂજા, ભાવના, અંગરચના પણ પ્રભાવક રહ્યાં. આ દિવસે વર્ધમાનતપના પાયા અને વધારાની ઓળીઓમાં સેંકડોનો લક્ષ્યાંક વટાવી ગયેલાં એટલું જ નહીં પણ આ તપસ્વીઓને પ્રભાવના કરવા માટે નામો નોંધાવવાનું લક્ષ્યાંક પણ લગભગ પૂરું થઈ ગયેલ. દિવસ દરમ્યાન મહોત્સવ ઉદ્યાપન રચનાઓ અને પ્રદર્શનના દર્શન માટે લોકોનો ધસારો **વધી** પડ્યો હતો.

● **ફાગણ વદ-૯ :**

દશાહ્નિકા મહોત્સવના પહેલા પાંચ દિવસ સંગીતકાર ગજાનનભાઈએ ભક્તિસંગીત ગજવ્યા પછી હવે પાંચ દિવસ રાજસ્થાનના ગુડાબાલોતરાની કુશળ કામગીરીવાળી મંડળી આમંત્રેલી. એણે પ્રવચન બાદ બે સુંદર ભક્તિગીતોના કાર્યક્રમો આપ્યા. બપોરે પૂજા રાત્રે ભાવનામાં તો કમાલ કરી. રાત્રીનો ભાવના કાર્યક્રમ લાલબાગની વાડીમાં આયોજકોને રાખવો પડ્યો કેમકે માનવ મહેરામણ ભારે સંખ્યામાં

ઊમટી પડેલ.

● **ફાગણ વદ-૧૦ :**

સવારે લાલબાગ વાડીમાં પૂજ્યપાદશ્રીના પ્રવચન વેળા વાડી ચોતરફથી ભરાયેલ હતી. એકધારા વૈરાગ્ય પૂર્ણ પ્રવચનો સૌ મંત્રમુગ્ધ બની સાંભળતા રહ્યા. ઉગ્ર તપસ્વી સંપૂર્ણ મૌન સાથે ૪૫ ઉપવાસની તપશ્ચર્યા કરનાર પૂજ્યપાદ મુનિશ્રી જયસોમવિજયજી મ.સા.ની અનુમોદનાર્થે તેમના સંસારીપણે ભાઈ તથા શ્રી છબીલભાઈ અને મિત્રો સાથે ગુરુપૂજન કરાયું અને ૨-૨ રૂપિયાથી સંઘપૂજન થયું. બપોરની પૂજા અને રાત્રીના ભાવના ગુડાબાલોતરાની મંડળીએ કર્ણપ્રિય કંઠોથી ગજવી.

● **ફાગણ વદ-૧૧ :**

સવારે પ્રવચન એક ધાર્યું ૧। કલાક થયું. હજારો તપસ્વીઓ અને સંઘ શ્રવણમાં મગ્ન રહી પ્રવચનવાણીથી ભાવિત થયો. પૂજ્ય સાધ્વી રાજરત્નાશ્રીજી મ.સા.ની ૩૧ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદના નિમિત્તે શ્રી મિશ્રિલાલ લખીચંદ કોઠારી (અમલનેર) તરફથી ગુરુપૂજન અને સંઘપૂજન થયું. આવતી કાલે તપસ્વીઓના તપનો અંતિમ દિવસ હતો. રવિવાર ફાગણ વદ-૧૨ના દિવસે અગાઉ જાહેર કરાયેલ કાર્યક્રમ ભારતભરના ૧૦૮ તપસ્વીઓનો વરઘોડો અને એમનું ચોપાટી સાગરતટે થનારું ઐતિહાસિક સ્વાગત કેટલાક અનિવાર્ય કારણોસર મુલતવી રાખવામાં આવ્યું. અને એ એ અંગેની તિથિ હવે પછી જાહેર કરાશે એમ નિર્ણય લેવાયેલ. જેથી આયોજકોએ આવતી કાલના સવાર અને બપોરના લાલબાગની વાડીનાં પ્રવચનોનું આયોજન જાહેર કર્યું. દરેક કાર્યક્રમોની સવિસ્તૃત માહિતી પ્રવચન સમયે સૌને અપાઈ.

આજે કારણોસર બજારો બંધ હતા. જેથી સવારથી રાત સુધી દર્શનાર્થીઓનાં ટોળેટોળાં લાલબાગ ઉપાશ્રય તરફ ધસી આવતા હતાં. સ્વયંસેવક યુવાનો શિસ્તબદ્ધ શાંતિ જાળવવામાં સફળ થયા હતા. બપોરે ૧૨-૩૯ મિનિટે શાંતિસ્નાત્ર સમયે દર્શનાર્થીઓનો એટલો ધસારો વધી ગયેલ કે લાલબાગ અને આસપાસનું કંપાઉન્ડ માનવમેદનીથી ઊભરાયેલું દેખાતું. શાંતિસ્નાત્રમાં લાડુની પ્રભાવના થઈ. રાત્રે ભાવનાનો કાર્યક્રમ હજારોની હાજરી વચ્ચે ભક્તિભાવપૂર્વક થયો.

● **ફાગણ વદ-૧૨ :**

આજે તપશ્ચર્યાનો અંતિમ દિવસ હતો. ભારતભરમાંથી તાર અને ટપાલો દ્વારા સંઘો અને ભક્તોના અનુમોદના સંદેશાના ઢેર ખડકાતા ગયા. ચોતરફથી જે

પહોંચી શક્યા તેઓ સ્વયં તપ મહોત્સવ પ્રસંગે દોડી આવ્યા. ન આવી શક્યા તેમણે દિલગીરી અને દર્દ વ્યક્ત કરી તપસ્વીઓને તાર-ટપાલથી વંદના પાઠવી. હજારો માણસો બેસી શકે તે લાલબાગની વાડી સવારે ૯ વાગે પ્રવચન પ્રારંભે જ ખીચોખીચ ભરાઈ ગઈ. કેમકે નગર ઉપનગરોથી હજારો ભાવિકો લાલબાગ તરફ સવારથી જ દોડતા દેખાયેલા. આ ઉપરાંત અનેક સંઘો, આગેવાન શ્રાવકો અને શ્રાવિકાઓ ઉપસ્થિત થયા હતાં. આજે શાસન પ્રભાવક પૂજ્યપાદ મુનિવર્ય શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ના પ્રશિષ્ય પૂ. મુનિશ્રી ભાનુચંદ્રવિજયજી મ.સા.નું પ્રારંભમાં પ્રવચન થયું. પૂજ્યશ્રીએ પોતાની પ્રભાવક શૈલીમાં સંયમ અને તપનું મહત્ત્વ સમજાવ્યું તથા પૂજ્યપાદશ્રીના જીવનમાં સંયમ, તપ, જ્ઞાન, આચાર, ક્રિયા ઇત્યાદિનો સુભગ સંયોગ પ્રેરક શબ્દોમાં વ્યક્ત કરેલ. ત્યારબાદ પૂજ્યપાદ આચાર્યશ્રી પધારતાં સર્વત્રથી 'ગુરુજી અમારો અંતરનાદ અમને આપો આશીર્વાદ'ના ગગનભેદી અવાજો ગુંજી ઊઠ્યા. એ અવાજોના પડઘા ચાલુ હતા ત્યાં જ...

શ્રી લલિતભાઈ ધામીના કર્ણપ્રિય સ્વરોમાં પૂજ્ય મુનિવર્યશ્રી ભાનુચંદ્રવિજયજી મ.સા. રચિત 'હે ભુવનભાનુસૂરિરાયા... વંદન હો ! તુ જ પાયા' ગીત શરૂ થતાં સૌ ગુરુગુણ સ્તુતિ દ્વારા ગુરુભક્તિના ભાવમાં મસ્ત બની બુલંદ અવાજે ઝીલવા લાગ્યા. ગીત પૂર્ણ થતાં પૂજ્યપાદશ્રીની તપભીની વાણી સાંભળવા આતુર હૈયાંને કોકીલકંઠે નમો અરિહંતાણં...થી મંગલાચરણ સંભળાવ્યું. પૂજ્યપાદશ્રીએ પોતાના ૦॥ કલાકના પ્રવચનમાં તપ અને સંયમ જીવનનું મહત્ત્વ સમજાવી કુરગડુમુનિની સંયમ સાધનાનું સ્પષ્ટ ચિત્ર સૌના હૈયામાં અંકિત કરી આપીને કહ્યું કે "જીવનમાં વિષયોનો વિરાગ કેળવવા જેવો છે, એમાં આહાર સંજ્ઞાનો વિષય સૌથી ભયંકર છે. કદાચ... તપ ન કરી શકીએ તો જીવનમાં ત્યાગ કેળવવા જેવો છે. જેમ કે રાત્રિભોજન ત્યાગ, અભક્ષ્ય ભોજન ત્યાગ, નિત્ય નવકારશી ઇત્યાદિ" સેંકડો આત્માઓએ પોતે શું કરશે તેના સંકલ્પો લખી પૂજ્યપાદશ્રીને આપવાની ધારણા થઈ.

ત્યારબાદ મહોત્સવ ઇત્યાદિનો અનુમોદનીય લાભ લેનાર પાંચ પુણ્યશાળી પરિવારોના કુટુંબીઓ તરફથી ગુરુપૂજન, ઉપકરણ, કામળી ઇત્યાદિ વહોરવાવાનો અનેરો લાભ લઈ રહ્યા હતા ત્યારે હજારો સભાજનો અંતરથી એમની ધર્મભાવનાની અનુમોદના કરી ગદ્‌ગદ થઈ ગયા.

આજે બપોરે એક વિશેષ પ્રવચનસભાનું આયોજન થયેલ પૂજપાદ આચાર્યશ્રીના પ્રભાવક, પ્રેરક અને પ્રાસાદિક જીવનની અનુમોદના કરવા સૌ એકત્ર થયેલ. પૂજ્યપાદશ્રીની ઉપસ્થિતિ વિના વાડી ભર બપોરે પણ છલકાઈ ગઈ હતી. પ્રારંભમાં જૈનરત્ન શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ, અનન્ય ગુરુભક્ત ખંભાત

નિવાસી શ્રી રમણલાલ વજેચંદભાઈ, ચોપાટી ઇત્યાદિ સંઘોના અગ્રણી શ્રી સુધાકરભાઈ મણિલાલ દલાલ, લાલબાગ આદિ સંઘોના અગ્રણી શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા અને શિબિરના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી જયપ્રકાશ શાંતિલાલ વોરાએ પોતાનાં વક્તવ્યો પૂજ્યપાદશ્રીની સર્વતોમુખી પ્રતિભાને ભાવભરી વંદના કરવા પૂર્વક એમના સંયમ, તપ, જ્ઞાન, ચારિત્ર, ગુરુભક્તિ અંગે થયેલા વ્યક્તિગત અનુભવોનો પરિચય કરાવ્યો.

ત્યારબાદ પૂજ્યપાદ મુનિવર્ય શ્રી હેમરત્નવિજયજી મ.સા., પૂજ્યપાદ મુનિવર્યશ્રી રત્નસુંદરવિજયજી મ.સા. તથા પૂજ્યપાદ મુનિવર્યશ્રી હેમચંદ્રવિજયજી મ.સા. પૂજ્યપાદ આચાર્યશ્રીના ચારિત્ર અને તપ અંગેના પ્રસંગોનું તબક્કાવાર ચિત્ર શ્રોતાઓ સામે મૂકતાં સૌની આંખેથી અશ્રુની ધાર સુકાતી ન હતી. ચોતરફથી એક જ વાત કેવા ગુરુ ! કેવો ધર્મ ! કેવો તપ ! કેવા તપસ્વી ! પૂજ્ય મુનિવર્યોનાં પ્રવચનોની પ્રેરક નોંધ અમો મૂકી શક્યા નથી એ અમારી મોટી ઊણપ છે. એનો અમને ભારે ખેદ છે.

આજે અંગરચના સમગ્ર મુંબઈગરા જૈનો માટે દર્શને દોડી આવવા માટેનું અનેરું આકર્ષણ હતું. હજારો ફૂલથી તૈયાર થયેલ પરમાત્મા મહાવીર દેવનું મંદિર ભારે ભીડનું સ્થાન બની ગયેલું. કેમકે જિનભક્તિ જેમના હૈયે ઊંડે સુધી વસેલી છે તેવા શ્રી વિનોદભાઈ અને શ્રી રમણીકભાઈ એ આંગી બનાવીને કમાલ કરી દીધી.

રવિવાર રજાનો દિવસ. મોડી રાત સુધી લોકોનાં ટોળાં દર્શન અને ભાવના માટે સતત આવતાં જ રહ્યાં.

ફાગણ વદ-૧૩ :

આજે પારણાનો દિવસ છે. હજારો તપસ્વીઓને હૈયે પારણું કરવાની કોઈ તાલાવેલી દેખાતી નથી. વહેલી સવારે ૬ વાગે તો હજારો શ્રાવક-શ્રાવિકાઓ, યુવક યુવતીઓ લાલબાગ દેરાસરે એકઠા થયાં. ચૈત્ય પરિપાટી માટે બ્યુગલ ફૂંકાયાં...બેંડવાજાંના અવાજ ગુંજી ઊઠ્યા. અને પૂજ્યપાદ આચાર્યશ્રી વિશાળ શિષ્ય પરિવાર સાથે જોડાતા જયનાદના અવાજો થયા. ચૈત્ય પરિપાટી શ્રી ચિંતામણિજી પાર્શ્વનાથ ભગવાન ગુલાલવાડીના દેરાસરે દર્શન કરવા આગળ વધી. પ્રભુભક્તિનાં ગીતો, જયનાદો, તપસ્વીઓ ઘણું જીવો...ના નાદો ગજાવતી દર્શને પહોંચી. સ્તુતિ અને ચૈત્યવંદન થયાં. ચૈત્યપરિપાટી માધવબાગના કંપાઉન્ડમાં પ્રવચન સભામાં ફેરવાઈ ગઈ. વિશાળ જગ્યા...હજારો લોકો ગુરુવંદન કરી પોતાના આસને બેઠા. પૂજ્યપાદશ્રીનું માંગલિક પ્રવચન થયું. એક ૮ વર્ષની મુન્ની કિરીટકુમાર શાહ (નડીયાદનિવાસી) જેણે બે દ્રવ્યથી જ વર્ધમાન તપનો પાયો નાખેલો, તેનું પારણું

પણ આજે જ હતું. શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફના હસ્તે શ્રીસંઘ તરફથી સન્માન થયું ત્યારે હજારો લોકોનાં હૈયાં આ બાળ તપસ્વીના તપને નત મસ્તકે નમન કરી રહ્યાં હતાં. શ્રી સતીશકુમાર ચંપકલાલ (પાલનપુરવાળા) તરફથી રૂા. ૧૫૧ બાળ તપસ્વીને સન્માન સહ અપાયા.

ત્યારબાદ પૂજ્યપાદશ્રી રત્નસુંદરવિજયજી મ.સા.નું વિદ્વતાપૂર્ણ પ્રવચન થયું. પ્રવચનબાદ વર્ધમાન તપ અનુમોદના સમિતિ તરફથી તપસ્વીઓના સામૂહિક પારણા રખાયેલ. તે રામબાગ સી.પી. ટેંકની વાડી તરફ તપસ્વીઓનો પ્રવાહ વહેવા લાગ્યો. આ સિવાયના સૌ કોઈ સાધર્મિકોનો નવકારશી સાધર્મિક ભક્તિ લાલબાગવાડીમાં રાખેલ. વ્યવસ્થા એટલી સુંદર હતી કે સૌ કોઈ સરળતાપૂર્વક ભક્તિનો લાભ આપી શક્યા. તપસ્વીઓના પારણા પૂર્વે પૂજ્યપાદ આચાર્યશ્રીને બેંડવાજા સહિત પાંચ અનુમોદક પરિવારો રામબાગવાડીમાં સસન્માન નિમંત્રી ગયા. હજારો તપસ્વીઓના પારણા પ્રસંગનું દશ્ય, વ્યવસ્થા, શાંતિ, અને તપસ્વીઓની સમતાનું શબ્દોથી વર્ણન સંભવિત નથી. પાંચે પરિવારોના સભ્યો ભક્તિભાવપૂર્વક સૌને વંદન કરી પીરસતા રહ્યા. તિલક, શ્રીફળ આપી અનુમોદનાના ઉદ્‌ગારો વ્યક્ત કરતા જતા. ૬૩૦ વર્ધમાન તપના પાયા નાખનાર તપસ્વીઓને રૂા. ૧૦૧, રોકડાની પ્રભાવના, સાકરના પેકેટ તથા મદ્રાસના વિનયભક્તિ મંડળ તરફથી એક એક સ્ટીલનો ગ્લાસ અપાયો. વધારાની ઓળી કરનાર એક હજાર ઉપરાંત તપસ્વીઓને પણ ૧૧-૧૧ રૂપિયાની રોકડ પ્રભાવના અપાઈ. નથી દેખાતો આનંદ પારણાનો કે નથી દેખાતો આનંદ પ્રભાવના મળ્યાનો. સૌ તપસ્વીઓને આનંદ છે તપની આરાધનાનો... જીવનમાં તપના પાયો નંખાયાનો.

આમ તપસ્વી આચાર્યશ્રીના તપની અનુમોદનાર્થે ઊજવાયેલ આખો પ્રસંગ મુંબઈની ધરાને તપભીની વસુંધરા બનાવી ગયો.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૭,અંક-૩૫/૩૬,તા.૧૨/૧૯-૫-૭૯

પુણ્યશાળીના પગલે નિધાન

અંજનશલાકા અને સમૂહદીક્ષાના ભવ્ય સમારોહોથી ગાજી ઊઠેલું મલાડ ઉપનગર

મલાડ એટલે મુંબઈનું ઉપનગર. પણ મુંબઈમાં અભૂતપૂર્વ શ્રી અંજનશલાકા - પ્રતિષ્ઠા - ૧૬ સમૂહ દીક્ષાઓ વગેરેના અતિભવ્ય મહોત્સવ પર ઊભરાઈ ઊઠેલાં માનવ મહેરામણથી મહાનગર-શું બની ગયેલ ! ઉદ્‌ગમના મૂળમાં અતિલઘુ

પણ પછી વિરાટ સ્વરૂપને ધારણ કરનાર અને અંતે મહાસાગરમાં ભળી જનાર સરિતાના સંગીતમય વહેણની સાથે સ્પર્ધામાં ઊતર્યો હોય તેવો અદ્‌ભુત અંજનશલાકા, દીક્ષા અને પ્રતિષ્ઠાનો મહોત્સવ મુંબઈમાં મલાડ ઉપનગરના આંગણે તાજેતરમાં જ ઊજવાઈ ગયો અને મલાડ ઉપનગર તેમજ મુંબઈના જૈનોના હૃદયમાં એક કાયમી આધ્યાત્મિક આનંદનું સંભારણું પાથરી ગયો.

શ્રી હીરસૂરીશ્વર જગદ્‌ગુરુ શ્વે.મૂ. તપાગચ્છ જૈન સંઘ દહેરાસર ઉપાશ્રય ટ્રસ્ટના સેવાભાવી ટ્રસ્ટીઓના મનોભૂધરમાં એક લઘુ વિચારસ્રોતનો ઉદ્‌ગમ થયો.

"આપણા આંગણે એક વિશુદ્ધ વિધિપૂર્વકનો શ્રી અંજનશલાકા મહોત્સવ ઊજવાવો જોઈએ જેથી જૈન શાસનની જયપતાકા ઊંચે ગગનમાં લહેરાતી થાય."

જોતજોતામાં આ વિચારે એક વિરાટ આયોજનના સ્વરૂપને ધારણ કર્યું અને કાર્યક્રમ ઘડાઈ ચૂક્યો. ટ્રસ્ટી સુશ્રાવકોએ અમલનેર મુકામે બિરાજમાન પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજયહીરસૂરીશ્વરજી મહારાજા તથા જલગાંવ પ.પૂ. આ.દેવ. શ્રીમદ્‌ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાને મલાડ મુકામે આ પવિત્ર અવસરે પધારવા મહોત્સવને દીપાવવા આગ્રહ વિનંતી કરી. ફરી ફરી માલેગામ નાશિક મુકામે પહોંચી જઈને વારંવાર કરેલી વિનંતીને સ્વીકારવાની પૂ. આચાર્યદેવોએ કૃપા કરી.

નાશિકમાં પ્રભુ પ્રતિષ્ઠા પ્રસંગે મહોત્સવમાં શુભ નિશ્રા આપી. પૂજ્યશ્રી મુંબઈ લાલબાગમાં શેઠ મોતીશા જૈન ઉપાશ્રય પધાર્યા ત્યાં પણ પૂ.આ. દેવ શ્રીમદ્‌ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની ૧૦૮મી વર્ધમાન તપની ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે એક ભવ્ય મહોત્સવની શાનદાર ઉજવણી થઈ. દરમ્યાન ૧૬ મુમુક્ષુ ભાઈ-બહેનોની દીક્ષાનો પ્રસંગ ઉપસ્થિત થતાં મલાડ સંઘના સદ્‌ભાગ્યે તે પ્રસંગ પણ મલાડના આંગણે જ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવની સાથોસાથ ઊજવવાનો શુભ નિર્ણય થયો.

લાલબાગ મહોત્સવ પૂર્ણ થયા બાદ પૂજ્યશ્રીએ મલાડ તરફ પ્રયાણ કર્યું, ચૈત્ર સુદ-પના દિવસે પૂ. આચાર્યદેવોનું સપરિવાર શાનદાર સ્વાગત સામૈયું કરવામાં આવ્યું. મંગળ પ્રવચનમાં અઠ્ઠમોની હારમાળા માટે પ્રેરણા કરતાં ઠેઠ પ્રતિષ્ઠાદિન વૈ.સુ. ૬ સુધીના માટે સંખ્યાબદ્ધ અઠ્ઠમો નોંધાયા. ભાવિકો તરફથી અઠ્ઠમીઓને પ્રભાવના નોંધાઈ. બાદ ચૈત્રી ઓળીમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું રોજ ૨૦૦૦ પુષ્પથી પૂજન તથા ૧। લાખ જાપનું ભવ્ય અનુષ્ઠાન ચાલ્યું. ચૈત્રી ઓળીની આરાધનામાં પણ શ્રી સંઘે અતિ ઉત્સાહ દાખવ્યો.

કાંદિવલીમાં સળંગ ૧૦૦૦ આયંબિલના તપસ્વીને ત્યાં :

ઓળી દરમ્યાનમાં ચૈત્ર સુદ ૧૦ના દિવસે પૂ.આ.દેવશ્રી કાંદિવલીમાં આયોજિત મહોત્સવમાં પધાર્યા. કાંદિવલીમાં મહાન તપસ્વી શ્રી શાંતિભાઈએ આદરેલી ૧૦૦૦ આયંબિલની મહાન તપશ્ચર્યા પૂર્ણ થવા આવી હતી. આ તપસ્વીરત્ન સુશ્રાવકે ૧૦૦૦ આયંબિલની ભાવનાથી ૫૦૦ આયંબિલ તો કર્યા હતા પણ તબીયત બગડવાથી ૧૦૦૦ પૂરા થઈ શક્યા ન હતા. નિર્ણય મક્કમ હતો એટલે ફરીવાર તપશ્ચર્યા આદરી ૮૦૦ આયંબિલ કર્યા પણ તબીયત બગડતાં આદર્યા અધૂરા રહી ગયા. 'પડતા જાળ કરોળિયો' એ ઉક્તિને યાદ કરાવતા આ મહાન ભવ્યાત્માએ ફરીથી તપશ્ચર્યામાં ઝુકાવ્યું. લગભગ ૯૫૦ આયંબિલ થયાં ને તબીયત બગડી. મોંના પેઢા, દાંત વગેરેની તકલીફ ઊભી થઈ, પણ આ વખતનો જુસ્સો કંઈક જુદો જ હતો. આયંબિલ ચાલુ રાખ્યાં. એમના પારણા ઉત્સવની અષ્ટાપદજીની પૂજા અંગે એમના ખૂબ આગ્રહથી પૂ.આ. વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. પધારેલ. એઓશ્રી તરફથી આયંબિલમાં કેવી કાળજી રાખવી જોઈએ એ સંબંધી બહુમૂલ્ય માર્ગદર્શન મળ્યું. પેઢા સૂજી ગયેલા વગેરે નબળી તબીયતના કારણે આયંબિલમાં કાંઈ જ ખાઈ ન શકાય એવી સ્થિતિ હોવા છતાં અંતરની અટલ શ્રદ્ધા અને પૂ. ગુરુદેવશ્રી પ્રત્યે ગાઢ આસ્થાના પ્રભાવે વિપત્તિનાં વાદળો ક્ષણવારમાં વીખરાઈ ગયાં. ચૈત્ર વદ એકમે તપશ્ચર્યાની પૂર્ણાહુતિ પર આ મહાન તપસ્વીનો પૂજ્યશ્રીને વહોરાવીને જ પારણું કરવા દૃઢ સંકલ્પ હોવાથી એમની જોરદાર વિનંતી પર વહેલી સવારે પૂજ્યશ્રી ફરીથી પધાર્યા. એમને ત્યાં ગુરુપૂજન માંગલિક પછી પૂજ્યશ્રીએ તપના અભિનંદન અને તપની પ્રેરણાત્મક પ્રવચન કરતાં ત્યાં પારણામાં ઉપસ્થિત સ્નેહી-સંબંધીઓએ ૧૦-૧૨-૧૫ વર્ષમાં ૫૦૦, આયંબિલ કરવાના અભિગ્રહ કર્યા.

અહીં મલાડમાં સંપ્રતિ રાજાનાં બિંબોની ટાઈપમાં શ્રી જિનેશ્વર ભગવાનનાં બિમ્બો બનાવવાનું કાર્ય શિલ્પી આર્ટિસ્ટ વેલજીભાઈ નારણદાસની દેખરેખમાં જોરદાર ચાલ્યું હતું. આ સમયે નિષ્ણાત પૂ. મુનિરાજો શ્રી જગતચંદ્રવિજયજી મહારાજ, પૂ. મુનિરાજ નંદીભૂષણવિજયજી મહારાજ શિલ્પીઓને બિંબ નિર્માણ વખતે સૂચનો કરી સુધારા વધારા કરાવતા હતા.

હીરસૂરીશ્વરજી ઉપાશ્રયના ટ્રસ્ટીઓ તથા મલાડના અને બહારના કાર્યકર ભાઈઓ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ અંગે જોરદાર કાર્યવાહીમાં લાગી ગયા હતા. શ્રી શાંતિલાલ મણિલાલ, શેઠશ્રી ભાણાભાઈ, શ્રી હિંમતલાલ ભાઈચંદ વગેરેની તનતોડ મહેનત ચાલુ હતી. શ્રી ભાણાભાઈ શેઠે મહોત્સવમાં કલ્યાણકોની ઉજવણી

અંગે અત્રેના નાટ્યગૃહના આગળ વિરાટ કમ્પાઉન્ડમાં વિશાળ સામિયાણો, ચ્યવન જનમ તથા દિક્કુમારી મહોત્સવ રાજ્યાભિષેક વગેરે માટીનાં સ્ટેજો બનાવવા વગેરેનું આયોજન આદરી દીધેલ.

મંગળ આમંત્રણ પત્રિકા :

મહા મહોત્સવ અંગે શ્રી હીરસૂરીશ્વરજી જગદ્‌ગુરુ શ્વે. મૂ. તપાગચ્છ જૈન સંઘ ટ્રસ્ટ તરફથી સુંદર આમંત્રણ પત્રિકા પ્રસારવામાં આવેલી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અનુમોદનાના ભવ્ય મહોત્સવ પ્રસંગોમાં આપને આમંત્રણ આપતાં અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

અમારા શ્રી મલાડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના પ્રમુખ દલીચંદભાઈ નાનચંદ દોશી (દેપલાવાળા) તથા તેમના સુપુત્રશ્રી રજનીકાન્તભાઈને દીક્ષા અર્પણ કરવા માટે પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણિવર (હાલમાં પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ) સં. ૨૦૨૩ની સાલમાં ગુજરાતમાંથી વિહાર કરી સપરિવાર અત્રે પધારી રહ્યા હતા... પૂજ્યશ્રીને તે સમયે અમારા ગામમાં જ આ દીક્ષાઓ થાય તેવી વિનંતી કરવા અમે સુરત ગયા હતા ત્યાં મે માસની ધાર્મિક શિક્ષણ શિબિર પણ અમારા ખર્ચે અમારે ત્યાં કરવા વિનંતી કરેલી જેનો પૂજ્યશ્રીએ સ્વીકાર કરેલો.

સોનામાં સુગંધ ભળે તેમ આ જ અરસામાં વ્યાખ્યાન વાચસ્પતિ પરમ શાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા પણ મુંબઈમાં જ વિચરી રહ્યા હતા. તેઓશ્રીની પુનીત નિશ્રામાં આ દીક્ષાઓ ઊજવાય તેવી વિનંતી કરવા અમે લાલબાગ ઉપાશ્રયે ગયેલા... પૂજ્યશ્રીએ આ વિનંતીનો સ્વીકાર કરતાં અમારો આનંદ નિરવધિ બન્યો.

સં. ૨૦૨૩ના ચૈત્ર વદ-૨ નાં રોજ પિતા-પુત્રની દીક્ષા ભારે ઠાઠમાઠથી એમના તરફથી નવકારશી જમણ સાથે લગભગ ૧૬-૧૭ હજાર જેટલી માનવમેદની વચ્ચે થઈ. દલીચંદભાઈ પૂ.મુ. શ્રી દેવસુંદરવિજયજી મહારાજ બન્યા અને રજનીકાન્ત પૂ.મુ. શ્રી રત્નસુંદરવિજયજી મહારાજ બન્યા.

આ દીક્ષાઓ બાદ પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવરની નિશ્રામાં અમારા તરફથી મે માસની મેટ્રિક-કૉલેજના યુવકોની શિબિર થઈ. જેમાં પૂજ્યશ્રીને વર્ધમાન તપની ૯૯ મી ઓળીનું પારણું આવતાં તે નિમિત્તે અનેક કોટિના વ્રત નિયમો થયેલા. આ દિવસે અષ્ટાપદજીની ભવ્ય પૂજા ભણાવતા હતા તે સમયે શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનના પ્રતિમામાંથી અમીઝરણાં થયેલાં. જેનાં ૫,૦૦૦થી

વધુ ભાઈ-બહેનોએ દર્શન કરેલાં અને ત્યારથી શેઠશ્રી દેવકરણભાઈ મુળજીભાઈ જૈન દેરાસરના શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ, એ અમીઝરા જગવલ્લભ પાર્શ્વનાથ તરીકે પ્રખ્યાત થયા છે.

અમારા પ્રબળ પુણ્યોદયે એ સાલનું પૂજ્યશ્રીનું ચોમાસું પણ મલાડમાં શ્રી સંઘવી દેવકરણભાઈ મુળજીભાઈ જૈન દેરાસરની વાડીમાં જ નક્કી થયું. પૂજ્યશ્રીના વૈરાગ્ય સભર પ્રવચનોએ સંઘમાં તપશ્ચર્યાનો જુવાળ પ્રગટાવ્યો. શ્રી ભગવતીસૂત્રનું વાંચન તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના લગભગ ૫૩૯ જેટલાં અઠ્ઠમો, પર્યુષણમાં ૧૦૮ જેટલી અઠ્ઠાઈઓ, રાત્રિના તત્ત્વજ્ઞાનના કલાસો ઈત્યાદિ અનેકવિધ શાસન પ્રભાવક પ્રસંગોથી મલાડનું ચાતુર્માસ યાદગાર બની ગયું.

આમ પૂજ્યશ્રીના અમારા પર અનહદ ઉપકારો છે. આ ઉપકારોની ઉપર એક નવો ઉપકાર પણ અમારા પર આજે થઈ રહ્યો છે. અંજનશલાકા, ચલપ્રતિષ્ઠા, દીક્ષાઓ, પદવીદાન વગેરેના મહામહોત્સવ દ્વારા...

આ પ્રસંગ ઉપસ્થિત થવામાં કારણ એ બન્યું કે મુંબઈ નગરીમાં દિન પ્રતિદિન આપણા જૈનોની સંખ્યા વધતી જાય છે. અને પરાઓમાં પણ ચારે બાજુ આપણી વસતીમાં અપૂર્વ વધારો થયો છે આ વધારાના કારણે ધર્મની આરાધનાનાં સ્થાનોની પણ વૃદ્ધિ કરવાની આવશ્યકતા છે. મલાડ (પૂર્વ)માં પણ જૈનોની ઘણી વસતી છે. અને સૌને આરાધનામાં અનુકૂળતા રહે તે માટે અમે શાંતમૂર્તિ પરમપૂજ્ય સ્વ. આચાર્યદેવશ્રી વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પૂજ્યપાદ ચારિત્રમૂર્તિ પંન્યાસજી શ્રી ચરણવિજયજી ગણિવરશ્રી કે જેઓશ્રીએ મલાડમાં પાંચ ચાતુર્માસો કરી મલાડના સમસ્ત સંઘ પર ભારે ઉપકાર કર્યો છે, તેઓશ્રીની તથા શાસનપ્રભાવક પૂજ્ય આચાર્યદેવશ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પ. પૂજ્ય આચાર્યદેવશ્રી રવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજની પુણ્ય પ્રેરણાથી મલાડ (ઈસ્ટ)માં શ્રી હીરસૂરીશ્વરજી જગદ્‌ગુરુ શ્વે.મુ. જૈન સંઘ ટ્રસ્ટની સ્થાપના કરી છે. અને તે પૂજ્યોના ઉપદેશથી ધર્મ આરાધનાનું સ્થાન કર્યું છે.

સરળસ્વભાવી પ્રશાન્તમૂર્તિ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ચરણવિજયજી ગણિવરની શુભ પ્રેરણાથી અમલનેર મુકામે મહારાષ્ટ્ર કેસરી વૈરાગ્યવારિધિ કરોડો નમસ્કાર મહામંત્રીરાધક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે અંજનશલાકા થયેલા શ્રી શ્રેયાંસનાથ ભગવાન જ્યારથી અત્રે પધાર્યા છે ત્યારથી અમારા સંઘમાં દિન-પ્રતિદિન ધર્મના ભાવોલ્લાસો વધતા રહ્યા છે.

છ માળના આ આખા ધર્મસ્થાનમાં અમે નીચે મુજબ વિભાજન નક્કી કરેલ છે. (૧) ભોંયતળીયે પૂ. પં.શ્રી ચરણવિજયજી ગણિવર સ્વાધ્યાય મંદિર (૨) પહેલા માળે : પ.પૂ. સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા વ્યાખ્યાન હોલ તથા ગુરુમંદિર (૩) બીજા માળે : પૂજ્ય પંન્યાસજી શ્રી ચરણવિજયજી જૈન જ્ઞાનમંદિર તથા ગુરુમંદિર. ત્રીજા માળે : શ્રી શ્રેયાંસનાથ સ્વામી ગૃહમંદિર. (૪) ચોથા માળે : શ્રી મહાવીરસ્વામી ગૃહમંદિર. (૫) પાંચમા માળે : શ્રી શંખેશ્વર પાર્શ્વનાથસ્વામી ગૃહમંદિર. (૬) છઠ્ઠા માળે : શ્રી આદિશ્વરસ્વામી ગૃહમંદિર...

આમાંથી ત્રીજા-ચોથા માળે પ્રભુજીનો પ્રવેશ વગેરે થઈ ગયો છે. પાંચમા-છઠ્ઠા માળે પ્રભુજીની ચલ-પ્રતિષ્ઠા કરવાની છે, પાંચમા અને છઠ્ઠા માળે ચલ પ્રતિષ્ઠા કરાવવા માટે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામી તથા શ્રી આદિશ્વર ભગવંત વગેરે જિનબિંબો અમે ભરાવ્યાં છે. આ જિનબિંબોની અંજનશલાકા પણ કરાવવાની છે...

દરમિયાન બૃહદ્ મુંબઈમાં વસતા અનેક આરાધક ભાઈઓને નવા જિનબિંબો ભરાવવાની તથા અંજનશલાકા કરાવવાની ભાવના થઈ અને જુદી જુદી વ્યક્તિઓ તરફથી ૧૦૮ ભગવાન ભરાવવામાં આવ્યા છે. આ ૧૦૮ ભગવાન અંજનશલાકા કરાવીને પરોણા તરીકે પાંચમા અને છઠ્ઠા માળે રાખવાના છે. આમાંથી જે જે ગામમાં ભગવાનની જરૂર હશે ત્યાં ત્યાં લાભ લેવામાં આવશે. આમાંથી બહારગામના દેરાસરમાં પધરાવવા માટે ૬૦ ઉપર ભગવાનની માગણી આવેલી છે, જેનો લાભ ભગવાન ભરાવનાર ભાઈઓએ લીધેલ છે.

આ રીતે ૧૦૮ જિનબિંબો તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંત શ્રી આદિશ્વર ભગવંતાદિ જિનબિંબો તેમજ અન્ય જિનબિંબોની અંજનશલાકા વિધિ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંત તથા શ્રી આદિશ્વર ભગવંતાદિની ચલ પ્રતિષ્ઠા વગેરેનો ભવ્ય મહોત્સવ ઊજવવાનો અપૂર્વ અવસર અમોને પ્રાપ્ત થયો છે.

ચૈત્ર વદ-૯થી વૈ.સુ. ૬ સુધી ચાલનારા આ ભવ્ય મહોત્સવના મંગળ મુહૂર્તો વ્યાખ્યાનવાચસ્પતિ, પરમ શાસનપ્રભાવક, ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પાસે ખંભાત મુકામે માગતાં તેઓશ્રીની આજ્ઞાથી પ્રશાન્તમૂર્તિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજે તે મુહૂર્તો કાઢી આપવાની મહાન કૃપા કરી છે.

અંજનશલાકા પ્રતિષ્ઠાનો ભવ્યવિધિ પૂજ્યપાદ પરમોપકારી સિદ્ધાંતમહોદધિ ચારિત્ર્યમૂર્તિ, સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી

મહારાજાના પટ્ટાલંકારો પૂજ્યપાદ ગીતાર્થમૂર્ધન્ય નિઃસ્પૃહશિરોમણિ આચાર્યદેવ શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજા તથા વર્ધમાન તપ ૧૦૮ ઓળીના આરાધક, પ્રવચન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે કરાવવાના અમારા કોડ હતા. એ માટે અમે પૂજ્યપાદશ્રીને જલગાંવ, માલેગાંવ વગેરે સ્થાને જઈ ખૂબ જ આગ્રહભરી વિનંતી કરી.

અમારી વિનંતીનો પૂજ્યોએ સ્વીકાર કરી અમારા ઉપર મહાન અનુગ્રહ કર્યો. નાસિકમાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ પતાવી મુંબઈ તરફ વિહાર લંબાવ્યો અને અનુક્રમે મુંબઈ લાલબાગમાં પૂ. વર્ધમાનતપોનિધિ આ. ભગવંતની ૧૦૮મી વર્ધમાનતપ ઓળીના પારણા નિમિત્તે યોજાયેલ ભવ્ય ઉદ્યાપન મહોત્સવમાં પધારી તે પૂર્ણ થતાં સામૈયા પૂર્વક બંને પૂજ્યો સપરિવાર અત્રે પધારી ગયા છે.

સોનામાં સુગંધ જેમ આ ભવ્ય પ્રસંગમાં બીજા પણ પ્રસંગો સાથે જ ઊજવવાનું સદ્ભાગ્ય અમને પ્રાપ્ત થયું છે.

(૧) પ.પૂજ્ય તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજશ્રી રાજેન્દ્ર વિ.મ. જેઓએ ગત માગશર સુદ-૯ થી શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહન શરૂ કર્યા છે તેઓશ્રીને ગણિપદારોપણ વૈ.સુ. ૬ના દિવસે થશે.

(૨) મુંબઈના પ્રખ્યાતનામ ઝવેરી પુનમચંદ બાબુ વગેરે ૧૫ પુણ્યાત્માઓની ભાગવતી પ્રવ્રજ્યા વૈશાખ સુદ-ત્રીજના થનાર હોઈ એ દીક્ષા પ્રસંગ અમારે ત્યાં રાખવા અમે આગ્રહભરી વિનંતી કરતાં તેઓએ અમારી વાત માન્ય રાખી અમારા આનંદ ઉત્સાહને અનેક ગણો વધાર્યો છે. તો તે દીક્ષા વિધાન પણ વૈ.સુ. ૩ રવિવારે સવારે ૧૦-૦૦ વાગે અત્રે થશે. તેઓ તરફથી દીક્ષા નિમિત્તે થનાર મહોત્સવને પણ અત્રેના મહોત્સવ અન્તર્ગત ઊજવવાનું રાખેલ છે.

અંતે જન્માન્તરમાં ય સમ્યક્ત્વનું રિઝર્વેશન કરવાના અણમોલ ઉપાયભૂત જિનમૂર્તિઓ ભગવતી તથા એની પ્રાણપ્રતિષ્ઠા-અંજનશલાકાદિ કરાવવા ઉપ શ્રાવકજીવનના પ્રધાન કર્તવ્ય સાથે તે કર્તવ્યનો ય મુખ્ય ઉપદેશ જે ભાવસ્તવ એટલે કે સર્વ પાપોથી મુક્તિ સંયમસાધના-સંયમજીવનની પ્રાપ્તિરૂપ શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશ્યો છે, તેવા આ જિનાજ્ઞાના કરણ-કરાવણ-અનુમોદનના અમને પૂર્વના મહાપુણ્યોદયે પ્રાપ્ત થયેલા પુણ્ય પ્રસંગમાં આપ સર્વેને પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે...

અત્રે પધારવાથી આપને મલાડના લગભગ ૧૬ જિન મંદિરોનાં દર્શન,

પૂજનનો, પૂજ્ય ગુરુદેવના પ્રવચન-શ્રવણનો તથા મહોત્સવ દરમિયાન પધારનાર લગભગ ૧૨૫ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજના દર્શન, વંદનનો લાભ મળશે માટે આપ જરૂરથી પધારવા કૃપા કરશોજી.

આ તબક્કે અમને નીચે નિર્દેશેલ ૨૬ ભાગ્યશાળીઓનો ખાસ આભાર માનતાં આનંદ ઊપજે છે કે જેમણે ભગવાનના ૨૧-૧૫-૧૫ ઇંચના બિંબોના ત્રિગડા ભરાવવાની અને એની અંજનશલાકા વિધિનો ભવ્ય મહોત્સવ ઊજવવાની મહાન ઉદારતા દાખવી અને અમને એનું સંપૂર્ણ આયોજન કરવાનું જણાવ્યું. ખરેખર આજના કલિકાળમાં જ્યારે ઉદાર માણસોના પૈસા આશ્રવ ખાતે લખલૂંટ ખર્ચાઈ-વેડફાઈ રહ્યા છે, ત્યારે ત્રિલોકનાથ તરણ-તારણ ભગવાનશ્રી જિનેશ્વરદેવોનાં વિધિપૂર્વક મૂલ્યવાન બિમ્બો ભરાવવાની અને મોટા ધનવ્યયથી સાધ્ય અંજનશલાકા મહોત્સવ ઊજવવાની પવિત્ર ભાવના થવી એ આશ્ચર્ય છે. એમાંય ભગવાન અંજન થયા પછી એ જે ગામમાં પ્રાયઃ મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત થાય તે ગામના શ્રીસંઘને ભગવાની કાયમ પૂજા થતી રહે એ માટે મૂડી રૂપે રકમ ભેટ કરવી એવી ઉદારતા પણ નિમ્નોક્ત ૨૬ મહાનુભાવોએ દાખવી છે એને અમારા લાખ-લાખ ધન્યવાદ છે.

અંજનશલાકા મહોત્સવની અને તેમાં અંજન થનાર આરસનાં જિનબિમ્બોનાં સવિધિ નિર્માણની ઉદારતા દાખવનાર મહાનુભાવોની શુભ નામાવલી

૧. શેઠશ્રી છબીલદાસ અમુલખભાઈ
૨. શેઠશ્રી છનાલાલ હીરાલાલ
૩. શેઠશ્રી વિજયકુમાર પોપટલાલ
૪. શેઠશ્રી ભાનુભાઈ ચંદુલાલ શાહ
૫. શેઠશ્રી દિનેશભાઈ જોઈતારામ
૬. શેઠશ્રી લલિતભાઈ રતનચંદ કોઠારી
૭. શેઠશ્રી નવિનચન્દ્ર ભગવાનદાસ
૮. શેઠશ્રી રાયચંદ નાનચંદ દોશી
૯. શેઠશ્રી પ્રતાપરાય દલિચંદ દોશી
૧૦. શેઠશ્રી પ્રવિણકુમાર દલિચંદ દોશી
૧૧. શેઠશ્રી મનસુખલાલ નાનચંદ દોશી
૧૨. શેઠશ્રી સોમચંદ પાનાચંદ

૧૩. શેઠશ્રી બંસીલાલ અંબાલાલ
૧૪. શેઠશ્રી તારાચંદ અંબાલાલ
૧૫. શેઠશ્રી ધરણેન્દ્રભાઈ અંબાલાલ
૧૬. શેઠશ્રી પુંડરિકભાઈ અંબાલાલ
૧૭. સ્વ. દલપતભાઈ ચંદુલાલ પરીખ હસ્તે શૈલેષભાઈ
૧૮. શેઠશ્રી જયંતિલાલ ભગુભાઈ
૧૯. શેઠશ્રી ભગવાનદાસ લલ્લુભાઈ
૨૦. શેઠશ્રી નલીનચન્દ્ર શાંતિલાલ ઝવેરી
૨૧. શેઠશ્રી બાબુભાઈ સી. જરીવાલા
૨૨. શેઠશ્રી શશીકાંતભાઈ ભગવાનદાસ
૨૩. શેઠશ્રી અમૃતલાલ મણિલાલ
૨૪. શેઠશ્રી પુનમચંદ નગીનચંદ ઝવેરી
૨૫. શેઠશ્રી મેઘજીભાઈ ધનજીભાઈ
૨૬. શેઠશ્રી છબીલદાસ અમુલખભાઈ

આ સિવાય કેટલાક ભાગ્યશાળીઓએ ૧-૧ ભગવાન ભરાવવાની ભાવના વ્યક્ત કરતાં તેઓએ પણ આ ભવ્ય મહોત્સવમાં ઉદારતા પૂર્વક લાભ લીધો છે, જેઓનાં નામો નીચે મુજબ છે.

૧. અંબાલાલ બબલદાસ, ૨. જયંતિલાલ સુખલાલ મહેતા, ૩. ચન્દ્રકાંતાબેન સાકરચંદ, ૪. જયંતિલાલ ચીનલાલ મણિયાર, ૫. શ્રેયાંસનાથ સ્નાત્ર મંડળ, ૬. જયંતિલાલ વાડીલાલ, ૭. પ્રવિણચન્દ્ર કેશવલાલ, ૮. બાબુલાલ કેશવલાલ, ૯. વિજયકુમાર ભગુભાઈ, ૧૦. જયંતિલાલ રામચન્દ્ર, ૧૧. વાડીલાલ મણિલાલ, ૧૨. શાન્તાબેન મનસુખલાલ, ૧૩. સુરેશભાઈ દમણવાળા, ૧૪. નટવરલાલ માધવજી, ૧૫. ઈન્દુમલ રાઠોડ - હ. જેઠાભાઈ ઘીવાળા, ૧૬. ચુનીલાલ જોટા, (દાદર) ૧૭. વસંતબેન છોટાલાલ, ૧૮. ગુણવંતીબેન અરવિંદલાલ, ૧૯. મંગળજી જીવરાજ, ૨૦. રસિકલાલ નાથાલાલ.

વિશેષમાં પૂ.પં. શ્રી ચરણવિજયજી મહારાજની પ્રેરણાથી સચ્ચારિત્રચૂડામણિ સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્ય નિષ્ણાત પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની મૂર્તિનું ગુરુમંદિર નિર્માણ કરાવવાનો લાભ શ્રી રાયચંદ નાનચંદ, પ્રતાપરાય દલીચંદ તથા પ્રવિણકુમાર દલીચંદને પ્રાપ્ત થયેલ છે.

તદુપરાંત અમારા સંઘના પરમોપકારી સ્વ. પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી ચરણવિજયજી ગણિવરની મૂર્તિ પણ પધરાવવાની છે.

લિ... શ્રી **હીરસૂરીશ્વરજી જગદ્‌ગુરુ**
શ્વે. મૂ. તપા. જૈન સંઘ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ

એક બાજુ આ પ્રમાણે આમંત્રણ પત્રિકા ભારતનાં ગામ-નગરોમાં પાઠવવામાં આવી, બીજી બાજુ અનેક પ્રતિમાઓનું નવસર્જન કરનાર હથોડી ટાંકણાના ધારાબદ્ધ ધ્વનિઓ નિષ્ણાત શિલ્પી શ્રી વેલજીભાઈની દેખરેખ હેઠળ ટ્રસ્ટ બિલ્ડિંગના છઠ્ઠા માળે ગાજી રહ્યા હતા. જયપુરથી પણ પ્રતિમાઓ લાવવામાં આવેલા. બધા મળીને લગભગ ૧૩૦ સંગેમરમરનાં નૂતન નિર્મિત બિમ્બો ઉપાશ્રયની નીચે પ્રવચન હોલની એક બાજુ અનુષ્ઠાન મંડપમાં જ્યારે મનોહર વેદિકાની પાંચ પંક્તિ ઉપર આરૂઢ કરવામાં આવ્યાં ત્યારે જાણે કે પ્રભુ બિમ્બોની એક ટુંક વસી ગઈ. વિધિકારક કહે મારી જિંદગીમાં આટલાં પાષાણ બિમ્બોની અંજનશલાકા અને આ અદ્‌ભુત દૃશ્ય જોયું નથી.

ઉપાશ્રયથી થોડેક જ દૂર એક વિશાળ પટાંગણમાં જ્યાં કલ્યાણક તથા દીક્ષાનાં પ્રસંગો ઊજવવાના હતા ત્યાં વિશાળ સામિયાણો ઊભો કરવામાં આવ્યો.

બહારગામના દીક્ષાર્થીના કુટુંબીઓને ચિંતા હતી કે મલાડ જેવા મુંબઈના પરામાં અમારા સગા-સ્નેહી જે સારી સંખ્યામાં દીક્ષા પર આવે એમને ઊતરવા જમવાની સગવડ મળશે કે કેમ ? એથી કેટલાકો તો અગાઉથી જગા નક્કી કરવા મલાડ આવેલા; પરંતુ હીરસૂરીશ્વર જગદ્‌ગુરુ ઉપાશ્રયના ટ્રસ્ટીઓ તથા કારભારીઓ તરફથી તપાસ કરવા આવેલા કે ન આવેલાઓને આશ્વાસન આપેલું કે જગાની ચિંતા ન કરશો. અમોએ જગાઓની વ્યવસ્થા કરેલી છે. એમાં વળી મુંબઈમાં દીક્ષાર્થી ઝવેરી પુનમચંદ બાબુ લખનૌવાળાએ ટ્રસ્ટીઓને પોતાના તરફથી ઓફર કરેલી કે સંઘમાં દીક્ષાર્થીઓનાં કુટુંબીઓ જે દીક્ષા મહોત્સવ પર આવે એ સૌને સવાર બપોર સાંજ મારા ખર્ચે અલાયદી સાધર્મિક ભક્તિ થાય, ને એ ઓફરનો સ્વીકાર થયેલ.

આમ બહારગામના દીક્ષાર્થીઓના સગાં વહાલાં આવવા શરૂ થયેલ. મેસાણા-અમદાવાદ-સાબરમતી-નાર (જિ. ખંભાત) નેર (મહારાષ્ટ્ર) વગેરે દીક્ષાર્થીઓનાં નગરો તથા એમના સ્નેહીઓના નગરોએથી સારા પ્રમાણમાં મહેમાનો આવેલા. ટ્રસ્ટીઓની અગમચેતીથી લગ્નો માટે રોકાઈ જાય એવી મોટી વાડી બહુ પહેલાંથી જ રોકી લેવામાં આવેલી. તેથી એમાં જ કેટલાક દીક્ષાર્થીઓના વિશાળ સહજન

વર્ગને ઉતારો તથા ત્રણે ટંકના જમણ આપવામાં આવેલ. બીજાઓને બીજા બીજા મુકામ અપાયેલા. શ્રી પુનમચંદ બાબુને ત્યાં તો એમના બહોળા સંબંધને લીધે લખનૌ-બિકાનેર-કલકત્તા-પટણા-બનારસ-દિલ્હી-જયપુર-આગ્રા-રાજગીર વગેરે સ્થળોએથી સગા સ્નેહીઓ આવનાર હતા તેથી એમણે એક બંગલો જ રોકી લીધેલો અને બાબુ લોકોની ખાનપાન પદ્ધતિ જુદી તેથી ત્યાં જ એમણે બાબુ ટાઈપની જમણ સગવડ રાખેલી અને સઘળા દીક્ષાર્થીઓના સઘળાય સગાસ્નેહી વર્ગની જમણ સગવડ જુદા મુકામે રખાયેલી.

ચૈત્ર વદ-૧૩ થી મહોત્સવનો મંગળ આરંભ થયો. પરંતુ તે પૂર્વે-

ચૈત્ર વદ (૩) ત્રીજ : ઉછરામણી :

હીરસૂરીશ્વર જૈન ઉપાશ્રય ભૂમિતલના વિશાળ વ્યાખ્યાન હોલ અને ઉપરના બે માળની ઉપરની ચારે માળમાં ગૃહમંદિર બનાવવાનો ટ્રસ્ટનો નિર્ણય હતો, અને તે મુજબ ત્રીજે માળે મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ ભગવાન અને ચોથે માળે મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનની ચલપ્રતિષ્ઠા પૂર્વે થઈ ગયેલ હતી. પાંચમા માળે મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન અને બે બાજુએ શ્રી મલ્લિનાથ ભગવાન તથા શ્રી સીમંધર સ્વામી ભગવાનનાં ત્રણ પાષાણમય નૂતન બિંબો તેમજ છઠ્ઠે માળે મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાન અને બે બાજુએ શ્રી નેમિનાથ ભગવાન તથા ભાવિ ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ સ્વામી ભગવાનનાં નૂતન બિંબો ભરાવીને ચલ પ્રતિષ્ઠિત કરવાના હતા. વધારામાં ત્રીજે માળે શ્રી શ્રેયાંસનાથ ભગવાનની ડાબી બાજુએ શ્રી શાંતિનાથ ભગવાન પણ નૂતન બિંબ ભરાવીને પ્રતિષ્ઠિત કરવાના હતા.

ચૈત્ર વદ-૩ને દિવસે રવિવારે વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ ઉપરોક્ત સાતેય ભગવાન ભરાવવાની જુદી જુદી બોલી બોલાવવામાં આવી. પૂ. આચાર્યદેવશ્રીએ ભગવાન ભરાવવાથી પ્રાપ્ત થતી ભવાંતર માટે બોધિલાભની નિશ્ચિંતતા... વગેરે લાભો અંગે પ્રવચન ફરમાવ્યું અને ભાવિકો ટપોટપ બોલીના આંકડા વધારવા માંડ્યાં. દેવદ્રવ્યની સારી ઊપજ થઈ. આમ મહોત્સવનો આરંભ થાય એ પૂર્વે જ આ એક મહાન માંગલિક કાર્ય થયું. એનાથી શ્રીસંઘનો ઉત્સાહ પણ ઘણો વધી ગયો.

ચૈત્ર વદ-૮ : નંદ્યાવર્ત આલેખન :

આજે શુદ્ધ સોપાનના પાટલા પર વિધિકારક શ્રી નવીનભાઈ બાબુભાઈએ સાતવાર ચંદનના વિલેપન ચડાવ્યાં. પછી નમતા પહોરે એમણે તૈયાર કરેલ યક્ષકર્દમથી

પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે ૨-૨૫ કલાકના શ્રમે નંદ્યાવર્તનું આલેખન કર્યું જેમાં પંચ પરમેષ્ઠીથી માંડી ૨૪ જિન માતા-પિતા, તથા ૨૪ યક્ષ-યાક્ષિણી, ૬૪ ઈન્દ્ર-ઈન્દ્રાણી ૧૦ દિક્પાલ, લોકપાલ, નવગ્રહ, વગેરે શાસન દેવતાઓના વલય અને પ્રત્યેકનાં નામ આલેખવાના હોય છે. અંજન શલાકા વિધિમાં પ્રસિદ્ધ પ્રાચીન પૂર્વાચાર્યની પાદલિપ્સૂરિરચિત 'નિર્વાણ કલિકા'માં નંદ્યાવર્તનું મુખ્ય મહત્ત્વ બતાવેલું છે, જેનું આલેખન પ્રતિષ્ઠાચાર્યે કરવાનું હોય છે.

ચૈત્ર વદ-૯, શનિવાર :

આજે પ્રવચનમાં આવતી કાલના જલયાત્રાના મહાન વરઘોડાના જ રથ, હાથી વગેરેની બોલીઓ બોલાતાં આંકડા જોરશોરથી વધતા હોવાથી સભામાં ભાવોલ્લાસનું વાતાવરણ પ્રસરી ગયેલ.

આજે મહોત્સવનો મંગળ પ્રારંભ હોઈ ઉછરામણી લેનાર શ્રાવક શ્રાવિકાઓ દ્વારા કુંભ સ્થાપન અખંડ દીપક પ્રોજવાલન તથા જવારારોપણ વગેરે માંગલિક વિધિ થયા બાદ ૧૪ વેદિકાઓનું પૂજન થયું. વેદિકા ઉપર પ્રાણપ્રતિષ્ઠા માટે નૂતન નિર્મિત ૧૩૦ પાષાણમય તથા સવાસો લગભગ ધાતુના મનોહર જિનબિંબો અને સિદ્ધચક્ર યંત્ર વગેરેનું સ્થાપન થયું. બપોરે વિજય-મુહૂર્તે નંદ્યાવર્ત પૂજન પૂજ્ય આચાર્યદેવશ્રીના વરદ હસ્તે વાસક્ષેપથી અને શ્રાવકોના હસ્તે પુષ્પાંજલિથી થયું. બાદ વિદ્યાદેવીપૂજન, ભૈરવપૂજન, ક્ષેત્રપાલ પૂજન વગેરે થયા બાદ પૂ. આચાર્યદેવશ્રીએ ૧ કલાક મહોત્સવની માંગલિકતા અને મહત્ત્વ પર વેધક પ્રકાશ પાડતું પ્રવચન ફરમાવ્યું. પૂજ્યશ્રીએ આજથી અંજનશલાકા દિન સુધીના મંગળ નિમિત્તે આયંબિલ પણ શરૂ કર્યાં. બપોરે ઠાઠથી શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી. લોકોનો ઉત્સાહ માતો ન હતો.

ચૈત્ર વદ-૧૦/૧૧ રવિવારે સવારે ૮ કલાકે ઉપાશ્રય પાસે મંગળ વાજિંત્રોના નાદ ગુંજવા માંડ્યા. ચાર-ચાર તો રથ, તેમજ કાષ્ઠમય હાથી વગેરે આંગણે આવીને ઊભા રહ્યા હતા. તે ઉપરાંત સુંદર ઈન્દ્રધ્વજ પણ ફરકી રહ્યો હતો.

દરેક દરેક રથમાં પ્રભુજીને બિરાજમાન કરવાની તેમજ પ્રભુજીને લઈને બેસવા વગેરે અંગેની રંગસભર ઉછરામણીઓ બોલાવવામાં આવી હતી. બોલી બોલનાર શ્રાવક-શ્રાવિકાઓએ પ્રભુજીને રથમાં આરૂઢ કર્યા. શ્રી જલયાત્રાના વરઘોડામાં જોડાવા લોકો હાજર થયા મલાડનગરના ઈસ્ટ અને વેસ્ટના મુખ્ય માર્ગો પર વરઘોડાનાં અને પ્રભુજીનાં દર્શન કરવા ભાવુકોનાં ટોળે ટોળાં ઊમટ્યાં. માર્ગમાં ભક્ત-શ્રાવકોએ પોતાના આંગણે સાકરના પાણીની વ્યવસ્થા કરીને સાધર્મિક ભક્તિનો લાભ લીધો.

૧૧-૩૦ કલાકે ઉપાશ્રય નીચેના મંડપમાં વરઘોડો ઊતર્યા બાદ પૂ. આચાર્યદેવશ્રીનું સારગર્ભિત પ્રવચન થયું. વ્યાખ્યાન બાદ આવતી કાલથી શરૂ થનાર કલ્યાણક પ્રસંગોની ઉજવણીમાં પ્રભુનાં માતાપિતા તથા સૌધર્મેન્દ્ર-ઈન્દ્રાણી બનવાનો મહાન જીવનલહાવો હોઈ હજારો મણની એની બોલીમાં અનેરી રંગત જામેલી. પ્રિયંવદા દાસી-સેનાપતિ-છડીદાર-જ્યોતિષી-પંડિત-વેવાઈ વેવાણ વગેરે પાત્રો બનવા માટેની પણ ઉછરામણી બોલાવવામાં આવી. કલ્પના બહારના મણના આંકડામાં થતી ઉછરામણી જોઈ પ્રેક્ષક વર્ગ અનુમોદના ગર્ભિત મુગ્ધતાનો અનુભવ કરી રહ્યો હતો. બપોરે વિજય મુહૂર્તે શ્રી સિદ્ધચક્ર પૂજન અને વીસસ્થાનક પૂજન થયું.

ચૈત્ર વદ-૧૨ ના સોમવારે સવારે મધ્યવેદિકા પર બિરાજમાન શ્રી આદિશ્વર ભગવાનના બિંબની મુખ્યપણે અને અન્ય સકલપ્રભુ બિંબોને ઉદ્દેશીને ચ્યવન કલ્યાણકનો સુંદર વિધિ થયો. પૂ. આચાર્યદેવશ્રી તથા અન્ય પૂ. મુનિ ભગવંતોએ એકેક જિનબિંબ પર માતૃકા પદન્યાસ વગેરે વિધિ કર્યો. ત્યારબાદ ૧૫૦૦૦ માણસો સુખપૂર્વક બેસીને નિહાળી શકે એવા વિશાળ મંડપમાં માતાના સ્વપ્નદર્શન વગેરેનો કાર્યક્રમ નિહાળવા હજારો નેત્રો આતુર બનેલા.

સ્ટેજ વગેરેની સુંદર વ્યવસ્થા હતી. એક વિશાળ પડદાનું અનાવરણ થતાં જ લોકોને આશ્ચર્યમુગ્ધ બનાવી દે તેવા મંગળ દશ્યોની રજૂઆત થવા માંડી. અયોધ્યાનગરીના રાજમહેલમાં પ્રભુજીનાં માતા મરુદેવા પોતાના ઝાંખા દીવાઓથી ઝળહળતા શયનખંડમાં પલંગ પર અર્ધનિદ્રામાં પોઢેલાં છે. એક પછી એક ગગન અટારીમાંથી નીચે ઊતરતાં વૃષભ હસ્તી સિંહ શ્રીદેવી વગેરેના સ્વપ્નો નિહાળી રહ્યાં છે. ૧૪ મહાસ્વપ્નો જોઈને જાગૃત થયેલાં માતાનાં હૈયામાં આનંદનો પાર નથી. શ્રી લલિતભાઈ ધામીની મંડળીએ આ પ્રસંગે ૧૪ સ્વપ્ન-મહાત્મ્ય ગર્ભિત એક સુંદર ગીત રજૂ કર્યું. મંદ મંદ પગલે સ્વામિનાથ નાભિનૃપના શયનખંડમાં જઈ મધુર આલાપ વડે પતિને જાગૃત કર્યા, સ્વપ્નદર્શનનું વૃત્તાંત જણાવ્યું. પતિને જાણે આંગણે અમૃતમહેલા વુઠ્યા હોય તેવા આનંદથી રોમાંચ ખડા થઈ ગયા. સ્વપ્નના અર્થો ઊહાપોહ કરીને રાણી મરુદેવાને જણાવ્યા.

ચ્યવન કલ્યાણક-ઉજવણી :

બાજુમાં જ બીજા સ્ટેજ ઉપરનો પડદો ખૂલ્યો તો ત્યાં સૌધર્મ દેવલોકમાં ઈન્દ્ર-ઈન્દ્રાણી સમક્ષ દેવતાઓનું નૃત્ય ચાલી રહ્યું છે. પ્રભુના અચિંત્ય પ્રભાવે ઈન્દ્રનું સિંહાસન ડોલી ઊઠ્યું. ઈન્દ્રને આવેલો ગુસ્સો. અવધિજ્ઞાનથી પ્રભુ-અવતાર

નિહાળતાં જ આનંદ સાથે નમ્રતાથી પ્રભુને પ્રણામ. ક્ષમા-યાચના, તેમજ ઈન્દ્રે સિંહાસનેથી ઊતરી પ્રભુની દિશામાં ૭-૮ ડગલાં જઈ શક્રસ્તવથી કરેલ ભગવાનની સ્તુતિ, વગેરેનાં દશ્યો લોકોએ આતુરવદને નિહાળ્યાં. વચ્ચે અવકાશ દરમ્યાન પૂ. સાધુભગવંતોના સ્ટેજ ઉપરથી પૂ. આચાર્યદેવશ્રીનું ચ્યવન કલ્યાણકની માંગલિકતા દર્શાવનાર પ્રવચન થયું. અંતે જનતાના હર્ષ અને જયજયકારના ગગનભેદી ધ્વનિઓ સાથે પ્રભુજીના ચ્યવન કલ્યાણકનો શાનદાર વરઘોડો નીકળ્યો.

ચૈત્ર વદ-૧૩, મંગળવારે, સવારે પ.પૂ. પ્રસિદ્ધ વક્તા મુનિરાજશ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજ સાહેબ ટ્રસ્ટીઓની વિનંતીને માન આપીને મહારાષ્ટ્ર-વિહરણ બાદ અત્રે પધારતાં શ્રી સંઘમાં હર્ષનું મોજું ફરી વળ્યું.

જન્મ કલ્યાણક ઉજવણી :

સવારના ૮-૩૦ કલાકે તો ઉપાશ્રય નીચેનો મંડપ પ્રભુજીના જન્મ કલ્યાણક વિધિના દર્શને દોડી આવેલી જનમેદનીથી ચિક્કાર ભરાઈ ગયો હતો. પૂ. આચાર્યદેવશ્રી તથા અંજનશલાકાદિ-વિધિવિધાનનિષ્ણાત જામનગર-નિવાસી શ્રી નવીનભાઈના મંડળે કરેલ જન્મ કલ્યાણક વિધિ બાદ શ્રી ભાણાભાઈ તથા લલિતભાઈ ધામીએ આયોજેલ કલ્યાણક ઉજવણીને નિહાળતાં મલાડ જૈન જનતાના મુખમાંથી **'શ્રી આદિશ્વર ભગવાનકી જય'** વગેરે હર્ષોદ્ગાર દીર્ઘ સમય સુધી વાતાવરણમાં ગુંજતા રહ્યા.

નવજાત પ્રભુજીને વાજતે ગાજતે વિશાળ મંડપમાં સ્ટેજ ઉપર લઈ જઈ ચાંદીના સિંહાસન પર પધરાવ્યા. જિનજનની મરુદેવાના હરખનો પાર નથી, હાથમાં જ ઝાલીને બેઠાં છે. ક્ષણવારમાં જાણે સાક્ષાત્ ભવનપતિમાંથી જ ઊછળી આવી હોય તેવી અધોલોકની દિક્કુમારિકાઓના સ્વાંગમાં સજ્જ થયેલી ૮-૧૦ વર્ષની પદ્ધ બાળાઓએ પ્રભુજીનો નૃત્ય ગાન વગેરે દ્વારા અને મોર, પીંછી, કળશ, દર્પણ, દીપક, ગુલાબદાની વગેરેના દર્શાવવાના કૃત્યનો અભિનય કરવા દ્વારા મહોત્સવ મનાવ્યો. આ અંગે દિક્કુમારિકા ગ્રુપનાં કૃત્યોને વ્યક્ત કરતા ખાસ ગીતો શ્રી લલિતભાઈ ધામીએ તૈયાર કરેલાં તે પણ બાળાઓના અભિનય સાથે સાથે જ વિવિધ વાજિંત્રોના કલનાદ અને મ્યુઝિક સાથે રજૂ થયા. એ ગીતો સૌ સભાજનો પણ ગાઈ શકે એ માટે દરેક કલ્યાણકો સંબંધી સર્વ ગીતોના સંગ્રહયુક્ત એક સુંદર પુસ્તિકાનું પણ મંડપમાં વિતરણ કરવામાં આવ્યું હતું. મલાડનગરમાં આવો ઉજ્જવળ દિક્કુમારિકા-મહોત્સવ અભૂતપૂર્વ હોવાથી એ નિહાળવા દોડી આવેલ હજારો જૈન જૈનેતરોથી મંડપ ઊભરાઈ રહ્યો હતો. છતાં ઘોંઘાટ કે ધાંધલ-ધમાલનું નામનિશાન

નહીં. આ પણ એક મહોત્સવનું ઊજળું પાસું હતું. ત્યારબાદ 'પ્રભુજીનો જન્મ પ્રસંગ કલ્યાણક શા માટે ?' આ વિષય ઉપર માર્મિક છણાવટ કરતું પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજય મહારાજ સાહેબનું અવસરોચિત વ્યાખ્યાન સાંભળી શ્રોતાજનો મુગ્ધ બન્યા.

ઇન્દ્રકૃત મહોત્સવમાં પ્રથમ ઇન્દ્રસભામાં ચાલી રહેલાં દેવતાઈ નૃત્યોને નિહાળી રહેલાં ઇન્દ્રના અચળ સિંહાસનનું કંપન, ઇન્દ્રનું કોપાયમાન થવું, અવધિજ્ઞાનથી જિન જન્મની થયેલી જાણ, ઇન્દ્રે સર્વ દેવતાઓને પ્રભુજીના જન્મ મહોત્સવ ઊજવવાની જાણ કરવા અંગે હરિણૈગમેષી દેવને આપેલો આદેશ, હરિણૈગમેષી દેવે સુઘોષા ઘાટના નાદ કરી સર્વ વૈમાનિક દેવોને જણાવેલ ઇન્દ્રનો સંદેશ, ત્યારબાદ સપરિવાર ઇન્દ્રનું પ્રભુજી સમીપે આગમન, ઇન્દ્રે પાંચ રૂપ કરી મેરુપર્વત ઉપર પ્રભુને લઈને કરેલ ગમન, તથા મંડપની બહારના ભાગમાં ઊભા કરેલા વિશાળ મેરુપર્વત ઉપર ઇન્દ્રોએ કરેલો જન્માભિષેક અને છેલ્લે વૃષભના સ્વાંગમાં સૌધર્મેન્દ્રનો અભિષેક, વગેરે અનુપમ અને એક એકથી ચઢિયાતા મંગળ પ્રસંગોની રજૂઆત થઈ હતી. તે પછી પ્રભુજીનો જન્મ કલ્યાણક વરઘોડો નીકળ્યો. લગભગ દોઢ-બે વાગ્યા સુધી ચાલેલા આ દીર્ઘ પ્રસંગોમાં જનતાએ અપૂર્વ ધીરજ દાખવી હતી. ચાલુ પ્રસંગોએ શ્રી લલિતભાઈ ધામીએ જન્મ કલ્યાણક સંબંધી સુંદર ગીતોને મધુર વાજિંત્રનાદ સાથે રજૂ કર્યા હતાં જે સાંભળી સૌનાં હૈયાં આનંદવિભોર થયાં હતાં.

ચૈત્ર વદ-૧૪, બુધવારે, નામકરણ-નિશાળ ગણનું - વિવાહ :

સવારે ૮-૩૦ કલાકે અયોધ્યા નગરીના સ્વાંગમાં સજાવેલા વિશાળ મંડપે માનવ મહેરામણ ઊભરાઈ રહ્યો હતો. સ્ટેજ ઉપર પડદો ખૂલ્યો. પ્રભાતે શયનખંડમાં જાગ્રત થયેલા નાભિરાજાને પ્રિયંવદા દાસીએ આવીને પુત્રજન્મની વધામણી આપી. હર્ષ અને આનંદથી વિકસતા હૃદયે મહારાજાએ પોતાના અંગ ઉપર પહેરેલા મુગટ સિવાયના સર્વ આભૂષણો દાસીને ભેટ દીધાં. પ્રભુજીને અભિષેક માટે ઉપાશ્રય નીચેના અનુષ્ઠાન મંડપમાં વાજતે ગાજતે લઈ જવામાં આવ્યા. ત્યાં ૧૮ અભિષેકોનો પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં મંગળ વિધિ થયો. આ દરમ્યાન ઉજવણી મંડપમાં બપોરે ઊજવાનાર પુત્ર વિવાહ પ્રસંગમાં પૂ. સાધુ સાધ્વી મહારાજની ઉપસ્થિતિના ઔચિત્યને સ્પષ્ટ કરતું પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજનું બુલંદ ધ્વનિથી પ્રવચન થયું. જેમાં પ્રભુજીએ કરેલ વિવાહ 'અનાસક્ત ભાવે ભોગાવલી કર્મ અને ભોગોને ખતમ કરવા માટે જ વજ્રઘાત સમાન હતો' એ વિષયનું પણ સુંદર

સ્પષ્ટીકરણ થતાં લોકોનો જિજ્ઞાસાભાવ તૃપ્ત થયો.

૧૮ અભિષેક બાદ ફરી મંડપમાં વાજતે ગાજતે પધારેલ પ્રભુ સમક્ષ માતાપિતા અને કૌટુંબિકજનોએ કરાવેલ ચન્દ્રસૂર્ય દર્શન તથા પ્રભુજીનું 'ઋષભ' એવું નામ સ્થાપન તથા આ પ્રસંગે શ્રી મહાવીર પ્રભુનો પણ અંજન-વિધિ હોવાથી વાજતે ગાજતે પ્રભુજીને શાળામાં પધરામણી. ત્યાં બ્રાહ્મણ વેશે આવેલ ઇન્દ્રે પૂછેલા વ્યાકરણ સંબંધી જટિલ પ્રશ્નોનું પ્રભુજીએ કરેલ સમાધાન, વગેરે ભૂલ્યાં ન ભુલાય તેવાં નયનરમ્ય દૃશ્યોની રજૂઆત થઈ.

બપોરે પ્રભુજીને લગ્નચોરીમાં પધરાવી સુનંદા સુમંગળા સાથે ઇન્દ્ર-ઇન્દ્રાણી વગેરે દેવતાઓએ હાજર રહી કરાવેલા પાણિગ્રહણ તથા વેવાઈ વેવાણ વગેરેનાં કૃત્યનાં દૃશ્યોની રજૂઆત થઈ હતી. મધ્યકાલીન અવકાશમાં પૂ. આચાર્યદેવશ્રીએ પણ પ્રસંગના રહસ્યને સમજાવતું માર્મિક ટૂંકું પ્રવચન કર્યું હતું.

ચૈત્ર વદ-૦)), ગુરુવારે, રાજ્યાભિષેક :

રાજ્યાભિષેકનો પ્રસંગ ઊજવાયો, રાજ્યધુરા વહન કરવા સમર્થ બનેલા પ્રભુજીને નાભિનૃપે મંગળ મુહૂર્તે રાજ સિંહાસન પર આરૂઢ કર્યા. આ પ્રસંગે શ્રી લલિતભાઈ ધામીએ સુંદર ગીતથી શ્રોતાઓનાં હૈયાં ડોલાવી દીધાં હતાં, તેમજ અવસર્પિણી કાળમાં સર્વતો પ્રથમ નૂતન રાજવી સમક્ષ સમસ્ત પ્રજાવતી પોતાની ભક્તિ વ્યક્ત કરતા નૃત્યકારને નૂતન રાજવીએ બહુ મૂલ્ય પુરસ્કાર સપ્રેમ અર્પણ કર્યો હતો.

૬૩ લાખ વર્ષ પૂર્વ લગી પ્રજાનું વાત્સલ્ય ભાવથી પાલન કર્યા બાદ રાજવી ઋષભનો દીક્ષા ગ્રહણ અવસર નજીક જાણી નવ લોકાંતિક દેવોએ તીર્થ પ્રવર્તાવવા ગદ્‌ગદ સ્વરે વિજ્ઞપ્તિ કરી. રાજવી ઋષભસ્વામીએ પણ ભોગકાળ બહુક્ષીણ થયો જાણી દીક્ષા ગ્રહણ કરવા પૂર્વે ૧ વર્ષ સુધી **'વરવરિકા'** ઘોષણા પૂર્વક દાન દીધેલ તેના પ્રતીક રૂપે ભગવાનની વતી ભગવાનનાં માતાપિતા બનેલાએ અહીં દાન દેવાનો આરંભ કર્યો. આ પ્રસંગે દૃષ્ટા લોકોનાં હૈયાં ઉપર પણ વિરાગની અસર સુંદર વર્તાઈ રહી હતી. પ્રસંગને દીપાવે એવું સુંદર પ્રવચન પૂજ્યશ્રીએ ફરમાવ્યું.

વૈશાખ સુદ-૨, સવારે પ્રભુજીની દીક્ષાના વરસીદાનનો વરઘોડો હોઈ પ્રભુજી સાથે અલંકૃત શિબિકામાં બેસી પ્રભુજીની વતી કોણ વરસી દાન દે, એની બોલી બોલાતાં એક ભાગ્યશાળીએ ૧૫૦૦ મણ સુધી પહોંચેલા આંકડા પર સીધો જ ૫૦૦૦ મણનો આંક બોલતાં સભામાં સન્નાટો છવાઈ ગયો. પછી તો એના પર સભામાંથી ૬૦૦૦, ૭૦૦૦ મણ બોલાતાં આ ભાગ્યવાન સીધો ૧૧૦૦૦ મણનો

આંક બોલ્યા. એના ઉપર ૧૨ હજારનો આંક આવતાં ૧૫ હજાર મણની બીટ મૂકી તોય એટલેથી અટક્યું નહિ. આંકડો આગળ વધ્યો. ખરેખર આ એક અનેરો બોલી પ્રસંગ હતો.

પ્રભુજીના દીક્ષા કલ્યાણકના વરઘોડામાં જ દીક્ષાર્થીઓના પણ દીક્ષા વરસી દાનનો પ્રસંગ હતો. તેથી વરઘોડાના ૩ રથ વગેરેની બોલીઓમાં સારો રંગ હતો.

દીક્ષાર્થીઓને ત્યાં પૂજ્યશ્રીનાં પગલાં :

ચૈત્ર-૦)) પ્રભાતે દીક્ષાર્થી શ્રી પુનમચંદ બાબુના આગ્રહથી એમના નિવાસસ્થાને પૂ. આચાર્યદેવશ્રી સપરિવાર વાજતે-ગાજતે પધાર્યા. એમના બહોળા સ્નેહીવર્ગે ગુરુપૂજન કર્યું, માંગલિક સંભળાવ્યા પછી પૂજ્યશ્રીએ શ્રીમાન બાબુજીના મહાન પરાક્રમની અનુમોદના કરવા અને ચારિત્ર જ એક જીવન લક્ષ્ય બનાવવા અંગે ટૂંકું પ્રવચન આપ્યું, જેથી ખાસ કરીને પુનમબાબુનાં પ્રેમાળ ધર્મપત્ની શ્રીમતી સુશીલાબેન તથા સુપુત્રો અશોક-દિલીપકુમારને એમના વિયોગનો શોક ન રહે.

વૈશાખ સુદ-૧ બીજા દીક્ષાર્થીઓના નિવાસસ્થાને પૂજ્યશ્રી સપરિવાર પધારતાં ગુરુપૂજન તથા પ્રવચન થયું. ઉપસ્થિત સંબંધીઓએ દીક્ષા ન લેવાય ત્યાં સુધીના માટે કાંઈ ને કાંઈ ત્યાગના અભિગ્રહ કર્યા.

વૈશાખ સુદ-૧, શુક્રવારે, સવારે ૮-૩૦ કલાકે પૂ. મુનિશ્રી ચંદ્રશેખર વિ. મહારાજનું ૧। કલાક સુધી અવિચ્છિન્ન ધારાએ પ્રવચન થયું. તે પછી પાંચમે અને છઠ્ઠે માળે તથા ત્રીજે માળે વૈ.સુ. ૬ ને દિવસે ચલ પ્રતિષ્ઠિત થનારા ૭ નૂતન અંજનવિધિ વિભૂષિત રમ્ય જિનબિંબોની ગાદીનશીન કરવા અંગેની બોલીઓ બોલાવાઈ. જેમાં વિખ્યાત ક્રિકેટરના દાવ વખતે ઝડપથી વધતા સ્કોરબોર્ડના આંકડાં કરતાં પણ વધુ ઝડપથી વધતા આંકડાઓએ સભાને મુગ્ધ કરી દીધેલ. બપોરે વિજય-મુહૂર્તે દીક્ષાર્થી શ્રી પુનમચંદ બાબુ નાહર પરિવાર તરફથી લઘુ શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું.

વરસીદાનનો વરઘોડો :

વૈશાખ સુદ-૨, શનિવારના મંગળ પ્રભાતે મલાડ પૂર્વ દિશાનાં ગગનચુંબી ટેકરાઓ પાછળથી સૂર્યનારાયણે ઉત્સુકતાથી પોતાની ડોક ઊંચી કરી. આજે આ મલાડમાં શું થઈ રહ્યું છે, એ નિહાળવાની એને પણ જાણે ભારે ચટપટા થઈ રહી હતી. ઉપાશ્રય સમીપે સુંદર રીતે સજાવેલા ટ્રકો, બેન્ડોની હારની હાર લાગી ચૂકી હતી. મંગળ વાજિંત્રોના ગુંજારવ ચારે દિશામાં રેલાઈ રહ્યા હતા. મુંબઈ તેમજ બહારગામથી પધારેલ હજારોની જનમેદનીની સમયસર ઉપસ્થિતિ હતી. લોકોનાં

હૈયામાં ખીચોખીચ ભરાયેલો આનંદ મુખની સપાટી ઉપર છલકાઈ રહ્યો હતો. રાજાધિરાજ ઋષભદેવ આજે પોતાનું સમસ્ત રાજપાટ ફગાવી ધન વૈભવ સમૃદ્ધિ અને સત્તાને તરછોડી સ્વજન સંબંધીઓને વિછોડી સાધુદીક્ષા અંગીકાર કરવા માટે, ત્યાગ વૈરાગ્ય કષ્ટમય જીવન જીવવા માટે, કર્મસત્તા સાથે ઘોર સંગ્રામમાં ઊતરવા માટે, રાગ-દ્વેષ આદિ શત્રુઓના ફુરચે ફુરચા ઊડાડી દેવા માટે, મહાભિનિષ્ક્રમણ કરી રહ્યા હતા. તે સાથે સેંકડો દિવસોથી સંયમ માટે તલસી રહેલા શેઠ પૂનમચંદ નગીનચંદ ઝવેરે વગેરે ૧૬-૧૬ મુમુક્ષુજનો પણ શ્રી ઋષભદેવ વગેરે તીર્થંકરોથી આચીર્ણ પવિત્ર દીક્ષાના પંથે સંચરવા તલસી રહેલ બધાનો વર્ષીદાનનો અને ગૃહત્યાગનો ભવ્ય વરઘોડો પણ આ જ હતો. મલાડ પૂર્વ અને પશ્ચિમના મુખ્ય મુખ્ય માર્ગ પર લગભગ ૨-૩ માઈલ ફર્યો અને એને નિહાળનાર હજારો ભાવિકોના હૈયામાં વિરાગના સાથીયા પૂરતો ગયો. વરઘોડો વિશાળ મંડપમાં ઊતર્યા બાદ સ્ટેજ ઉપર સજાવેલ પુરિમતાલ ઉદ્યાનમાં અશોક વૃક્ષ હેઠળ ભગવાનની શિબિકા પધરાવવામાં આવી. પ્રભુની દીક્ષાના પ્રસંગે કુલમહત્તરાએ પિતાશ્રી નાભિરાજાએ અને મરુદેવા માતાએ દુ:ખાતા હૈયે ગદ્‌ગદ સ્વરે પ્રભુજીને આશીર્વાદનાં વચનો ઉચ્ચાર્યા ત્યારે સમક્ષ સભાજનનું હૈયું પણ વિરાગની લાગણીઓથી ભાવવિભોર બની ગયું હતું. ત્યારબાદ પૂ. આચાર્યદેવશ્રીએ પ્રભુજીનો લોચવિધિ કર્યો અને ગંભીર સ્વરે ત્રણવાર ભંતે શબ્દ રહિત સામાયિક સૂત્રપાઠ ઉચ્ચાર્યા બાદ પ્રભુજીને મનપર્યયજ્ઞાનની ઉત્પત્તિ અને ઈન્દ્રે પ્રભુ સ્કન્ધ પર કરેલ દેવદુષ્ય સ્થાપન વગેરે પ્રસંગોની ઊજવણી થઈ. ત્યારબાદ ત્યાં જ પ્રભુ સમક્ષ સકળસંઘે દેવવંદન કર્યું.

અક્ષય તૃતીયા ૧૬ દીક્ષાઓ :

વૈશાખ સુદ-૩, રવિવારના પ્રભાતે ઉપર આભલિયામાં રંગબેરંગી સોનેરી કિરણો ચમકી રહ્યા હતાં. ગઈકાલે વર્ષીદાનના વરઘોડાને નિહાળ્યા બાદ વધુ આતુર બનેલ ભાવુક લોકો વિશાળ સંખ્યામાં આજે ૧૬-૧૬ મુમુક્ષુઓના ભવ્ય દીક્ષા પ્રસંગના દર્શનાર્થે સવારથી જ વિશાળ મંડપમાં હાજર થઈ ગયા હતા. મંડપ ચિક્કાર ભરાઈ ગયેલ. બહાર પણ હકડેઠઠ ભીડ હતી. ૪૦-૫૦ હજારની માનવમેદનીએ દીક્ષા પ્રસંગ નિહાળ્યો હશે. એક પછી એક દીક્ષાર્થીઓનું સ્ટેજ ઉપર આગમન થયું. બીજા પણ ચતુર્થ વ્રત અંગીકાર કરનાર ભાગ્યશાળીઓ ઉપસ્થિત થયેલ. બરાબર નવ વાગે પૂ. આચાર્યદેવશ્રી વિશાળ સાધુ પરિવાર સાથે મંડપમાં સ્ટેજ ઉપર બિરાજમાન થયા. આજનું દશ્ય જ કોઈ અપૂર્વ કોટિનું હતું. મલાડનાં આંગણે આવો અનેરો પ્રસંગ પણ પહેલવહેલો હતો. વિશાળ સ્ટેજ ફલક ઉપર વચ્ચોવચ્ચ સમવસરણમાં ચતુર્મુખ ભગવાન બિરાજમાન કર્યા હતા. આજુબાજુ

વિવિધ વેશભૂષાથી અલંકૃત દીક્ષાર્થીઓ ચરવલો મુહપત્તી લઈ પ્રભુ સમક્ષ સંસાર સાગર તરવાને નતમસ્તક થઈ ઊભા રહી ગયા હતા. તેમના દીક્ષાવેષની છાબો પણ સ્ટેજ ઉપર હારબંધ શોભી રહી હતી. દીક્ષાર્થીઓ ઉપર હજારો ભાવુકો દર્શનાર્થીઓના આશીર્વાદની અમીવૃષ્ટિ થઈ રહી હતી. માઈક ઉપરથી શ્રી કુમારપાળ વિ. શાહ વગેરે દીક્ષાવિધિ અંગેની સુંદર સમજૂતી લોક સમક્ષ રજૂ કરી રહ્યા હતા. પૂ. આચાર્યદેવશ્રીએ મંગળ મુહૂર્તે દીક્ષાવિધિની શરૂઆત કરી. દીક્ષાર્થીઓએ પ્રભુને ૩ પ્રદક્ષિણા કરી દેવવંદન ગુરુવંદન નંદીસૂત્ર શ્રવણ પછી 'ઇચ્છકારી ભગવન તુમ્હે અમ્હં મમ મુંડાવેહ મમ પવ્વાવેહ મમ વેસં સમપ્પેહ'ના આદેશ મંગાવડાવ્યા. ત્યારબાદ દીક્ષાર્થીઓના સ્વજનોએ પોતપોતાની છાબમાંથી ઓઘો મુહપત્તી લઈ પૂ. આચાર્યદેવશ્રીને વહોરાવ્યા અને શુભ દીર્ઘ સમયથી મુમુક્ષુઓ જે સોનેરી પળની પ્રતીક્ષા કરી રહ્યા હતા તે ધન્ય પળ આવી પહોંચી અને 'જૈનં જયતિ શાસનમ્' 'દીક્ષાર્થી અમર રહો' વગેરે ગગનભેદી હર્ષધ્વનિઓ વચ્ચે પૂ. આચાર્યદેવશ્રીએ ઊભા થઈ પ્રત્યેક દીક્ષાર્થીને ક્રમશ **'સુગ્ગહિયં કરેહ'** 'તમે લીધેલ રજોહરણ સફળ કરો' એવા આશીર્વાદ સાથે ઓઘો મુહપત્તીનું અર્પણ કર્યું. ઓઘો હાથમાં આવતાં જ જાણે ત્રૈલોક્યનું 'રાજ્ય હાથમાં આવ્યું ન હોય એવા આનંદથી દીક્ષાર્થીઓ પણ એવા નાચી ઊઠ્યા હતા કે જેની 'તસ્વીરો ઝડપવી શી રીતે ?' એ સમસ્યા ફોટોગ્રાફરો સમક્ષ પણ ખડી થઈ ગઈ હતી.

મુંડન સ્નાન અને વેષપરિવર્તન માટે દીક્ષાર્થીઓને મંડપની પાછળના ભાગમાં તેડી જવામાં આવ્યા. એક બાજુએ આ ક્રિયા ચાલુ હતી, બીજી બાજુ મંડપમાં ઉપસ્થિત જનમેદની સમક્ષ પ.પૂ. મુનિરાજશ્રીનું બુલંદસ્વરે દીક્ષાના મહત્ત્વને સમજાવતું પ્રવચન થયું. ત્યાર બાદ વિવિધ ઉછરામણીઓ ચાલી એટલે મલાડ સંઘના અનન્ય ઉપકારી અને મલાડમાં જ સ્વર્ગસ્થ બહુશ્રુત પૂજ્યપંન્યાસ શ્રીમદ્ ચરણવિજય મહારાજ સાહેબની મૂર્તિ ભરાવવા માટેની બોલી બોલાવવામાં આવી. પૂ. આચાર્યદેવશ્રી તથા ટ્રસ્ટના આગેવાન શ્રી શાંતિભાઈએ પૂ. પંન્યાસજીના અનોખા વ્યક્તિત્વની રજૂઆત કરી. ઉપાશ્રયના પહેલા માળના ગુરુમંદિરમાં એક દેહરીમાં ટ્રસ્ટી શ્રી રાયચંદભાઈ તથા શ્રી પ્રતાપભાઈને પ્રવીણભાઈ તરફથી પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની મૂર્તિ અને પાસે જ બીજી એક દેહરીમાં પૂ. પંન્યાસજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવાની હતી. ત્યાર બાદ ટ્રસ્ટ બિલ્ડિંગના ઉપાશ્રય અંગેના થયેલા ખર્ચ માટે જરૂરી ફાળો એકત્રિત કરવાની જાહેરાત થતાં તે માટે પણ દાતાવર્ગે ઉદારતા દાખવી ને મોટી રકમોનું દાન જાહેર કર્યું. તે ઉપરાંત શ્રી ગિરનાર તીર્થે સહસાવનમાં સાકાર બની રહેલ વિશાળ સમવસરણ મંદિરમાં

મૂળનાયક તરીકે સ્થાપિત કરવા માટે જૂનાગઢ સંઘના દહેરાસરમાંથી પ્રાપ્ત થયેલ વિશાળકાય ચિત્તાકર્ષક શ્રી નેમનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમાને હાલ પૂરતું સહસાવનમાં એક કામચલાઉ સ્થાનમાં વૈશાખ સુદ-૧૩ ના રોજ ચલ પ્રતિષ્ઠિત કરવા અંગેની ઉછરામણી બોલાવવામાં આવી, ત્યાં જ અચાનક થાળીડંકાનો જોરશોરથી ધ્વનિ ગુંજી ઊઠતાં સભાજનોનું ધ્યાન વેષ પરિવર્તન કરીને પધારેલા નૂતન દીક્ષિતો પ્રત્યે દોરાયું. 'દીક્ષાર્થીનો જય હો' વગેરે બુલંદ જયઘોષોથી સભાજનોએ નૂતન દીક્ષિતોનું સ્વાગત કરી ઉમળકાભેર વધાવી લીધા. એકસાથે ૧૬ પુણ્ય દીક્ષિતોને જોવાનો એક લહાવો હતો.

શુભ મુહૂર્તની પળો ઝપાટાબંધ પસાર થવા લાગી તે સ્વાર્થ નૂતન દીક્ષિતોનો પવિત્ર લોચ વિધિ પણ ઝડપભેર પસાર થયો. હવે સમસ્ત સભા નૂતન દીક્ષિતોના પરિવર્તન શુભ નામો શ્રવણ કરવા આતુર બની. પૂ. આચાર્યદેવશ્રીએ ગંભીર ઘોષપૂર્વક નામકરણવિધિથી નૂતન દીક્ષિત ૧૦ મુનિવરો અને ૬ સાધ્વીઓ પર શુભ નામ અંકિત કર્યા. શ્રી કુમારપાળ વિ. શાહે તે નામો માઈક ઉપર સભા સમક્ષ જાહેર કર્યા. ત્યાર બાદ પૂ. આચાર્યદેવશ્રી તથા નૂતન દીક્ષિત મુનિવરોને સમસ્ત સભાજનોએ વિધિપૂર્વક વંદન કર્યું તથા વસ્ત્ર પાત્ર વગેરે વહોરાવવા માટે પડાપડી થઈ રહી.

નામો આ પ્રમાણે જાહેર થયાં -

દીક્ષિત	ગુરુનું નામ	નૂતન દીક્ષિતનું નામ
૧. પુનમચંદ બાબુ	આ.શ્રી વિજય ભુવનભાનુસૂરિજી	મુનિશ્રી પુરંદરવિજયજી
૨. અમૃતભાઈ	આ.શ્રી વિજય ભુવનભાનુસૂરિજી	મુનિશ્રી અકલંકવિજયજી
૩. સુરેશભાઈ	પંન્યાસશ્રી જયઘોષવિજયજી	મુનિશ્રી સૂર્યકાંતવિજયજી
૪. રમેશભાઈ	મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી	મુનિશ્રી રાજભૂષણવિજયજી
૫. હસમુખભાઈ	મુનિશ્રી હેમચંદ્રવિજયજી	મુનિશ્રી હિરણ્યબોધિવિજયજી
૬. અશોકભાઈ	મુનિશ્રી નિપુણચંદ્રવિજયજી	મુનિશ્રી અનંતબોધિવિજયજી
૭. શાંતિલાલ	મુનિશ્રી જિનેન્દ્રવિજયજી	મુનિશ્રી શિવસુંદરવિજયજી
૮. દશરથકુમાર	મુનિશ્રી હેમરત્નવિજયજી	મુનિશ્રી ચંદ્રરત્નવિજયજી
૯. વીરેન્દ્રકુમાર	મુનિશ્રી વરબોધિવિજયજી	મુનિશ્રી વિમલબોધિવિજયજી
૧૦. રાજુભાઈ	મુનિશ્રી સૂર્યકાંતવિજયજી	મુનિશ્રી રવિકાંતવિજયજી
૧૧. ઝવેરબેન	સાધ્વીજી શ્રી રોહિતાશ્રીજી	સા.શ્રી દિવ્યરત્નાશ્રીજી

૧૨. સરલાબેન	સા.શ્રી અનંતકીર્તિશ્રીજી	સા.શ્રી શીલવર્ધનાશ્રીજી
૧૩. દમયંતીબેન	સા.શ્રી દિવ્યરત્નાશ્રીજી	સા.શ્રી દિપ્તિરત્નાશ્રીજી
૧૪. કુમુદબેન	સા.શ્રી રોહિતાશ્રીજી	સા.શ્રી કૈવલ્યરત્નાશ્રીજી
૧૫. નિર્મલાબેન	સા.શ્રી રોહિતાશ્રીજી	સા.શ્રી નિર્વેદરત્નાશ્રીજી
૧૬. નીતાબેન	સા.શ્રી શીલવર્ધનાશ્રીજી	સા.શ્રી નંદીવર્ધનાશ્રીજી

નૂતન દીક્ષિતોને ત્યાંથી વાજતે ગાજતે શ્રી શ્રેયાંસનાથ ગૃહમંદિરે દર્શન ચૈત્યવંદન અર્થે લઈ જવાયા. પૂ. આચાર્યદેવશ્રીએ ઉપાશ્રય નીચે મંડપમાં પધારી શ્રી અધિષ્ઠાયક દેવોને અંજનવિધિ કર્યો. બપોરે નવાણું પ્રકારની પૂજા ભણાવવામાં આવી તથા શ્રી ગુરુમૂર્તિઓનો અભિષેકવિધિ અને દેવી પૂજન વગેરે થયાં.

તે જ દિવસે રાત્રિએ ૯ કલાક પછી પ્રત્યેક પ્રભુ બિંબ સંબંધી અત્યંત પવિત્ર અધિવાસનાની વિધિ થઈ તેમજ પરોઢિયે અત્યંત શાંત અને પવિત્ર વાતાવરણમાં કેવળજ્ઞાન કલ્યાણક સંબંધી સર્વતોમુખ અંજનશલાકાનો પવિત્રવિધિ પૂ. બંને આચાર્યદેવોશ્રીના પુનીત હસ્તે મન-વચન-કાયાની તીવ્ર એકાગ્રતા પૂર્વક થયો. નેત્રોન્મિલનની વિધિ સમાપ્ત થઈ. પ્રત્યેક પ્રભુ બિંબમાં આ રીતે વંદન, પૂજન, સત્કાર, સન્માન પ્રયોજક પરમાત્મતત્ત્વનું માંગલિક આરોપણ થયું. ચોથની સવારથી જ નૂતન પ્રાણ પ્રતિષ્ઠિત જિન બિંબોનાં દર્શને ભાવુકોનાં ટોળે ટોળાં ઊભરાવા માંડ્યાં.

વૈશાખ સુદ-ચોથ, સોમવારે, સવારે નૂતન દીક્ષિતોને વાજતે ગાજતે વહોરવા તેડી જવા માટે વિશાળ સ્વજન વર્ગ હાજર થઈ ગયો હતો. વહોરી આવ્યા બાદ નૂતન દીક્ષિતોને તપશ્ચર્યાનાં પારણાં થયાં.

ઉપાશ્રયથી કેવળજ્ઞાન કલ્યાણકનો વરઘોડો ૮-૩૦ કલાકે ચઢ્યો. અયોધ્યાનગરીના મંડપમાં સુશોભિત સમવસરણની રચના કરવામાં આવેલ. તેમાં પ્રભુ શ્રી આદિશ્વર ભગવાન બિરાજમાન થયા. પોંખણા વગેરેની વિધિ થયા બાદ ચતુર્વિધ સંઘે દેવવંદન કર્યું. ત્યારબાદ સૌધર્મેન્દ્ર પ્રભુજીને દેશનામૃતની વર્ષા કરવા માટે ભાવભીની વિનંતી કરી. ઋષભદેવ ભગવાને આપેલ દેશનાનો પૂ. આચાર્યદેવશ્રીએ અનુવાદ કર્યો તે પછી કેવળજ્ઞાન કલ્યાણકનો વરઘોડો ચડ્યો. નિર્વાણ કલ્યાણકના ૧૦૮ અભિષેકની મંગળવિધિ ઉપાશ્રય નીચેના મંડપમાં ચાલી.

બીજી બાજુ મંડપમાં પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબનું અખંડધારાબદ્ધ સાર ગર્ભિત પ્રવચન થયું. વ્યાખ્યાન સાંભળવા માટે આવનાર ભાગ્યશાળીઓ પ્રવચનના અંત સુધી સ્થિરાસને બેસી રહેતા હતા.

પ્રવચન બાદ ઉપાશ્રયના મંડપમાં શ્રી ઋષભદેવ પ્રભુના નિર્વાણ કલ્યાણક સંબંધી વિધિ વિધાનો થયાં. આ રીતે સમસ્ત પ્રતિમાઓને ઉદ્દેશીને પાંચેય મંગળ કલ્યાણક પ્રસંગોની ઊજવણી અને વિધિવિધાન થયા બાદ મોક્ષ કલ્યાણકનો વરઘોડો નીકળ્યો.

વૈશાખ સુદ પંચમી મંગળવારના રોજ સવારે ૯-૦૦ કલાકે પ.પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજનાં મંગળ પ્રવચનો થયાં. બપોરે ૧ વાગે અષ્ટાપદજી પૂજાનો પ્રારંભ થયો. સાતમી પૂજામાં પૂ. આચાર્યદેવશ્રી પણ પધાર્યા અને વિવિધ રાગમાં પૂજા ભણાવતાં શ્રી ઋષભદેવ ભગવાન સંબંધી અષ્ટાપદજીની એક પૂજાના ભાવાર્થની સરળ સમજૂતી આપી. એનાથી પૂજા ભણાવનાર અને સાંભળનારાઓના ઉલ્લાસ અને ભાવમાં નોંધપાત્ર ઉમેરો થયો.

વૈશાખ સુદ છઠ્ઠને બુધવારે ટ્રસ્ટ બિલ્ડિંગના ત્રીજા, પાંચમા અને છઠ્ઠા માળે "ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રિયન્તાં પ્રિયન્તાં"ના બુલંદ ઘોષો ગાજવા માંડ્યા. મંગળ મુહૂર્તનો સ્પર્શ થતાં જ ત્રીજે માળે શ્રી મૂળનાયક ભગવાનની ડાબી બાજુ નૂતન પ્રતિષ્ઠિત શ્રી શાંતિનાથ ભગવાનને, પાંચમે માળે નૂતન પ્રતિષ્ઠિત મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનાં ત્રિગડાની અને છઠ્ઠે માળે મૂળનાયકશ્રી આદિશ્વર ભગવાનના ત્રિગડાની મંત્રોચ્ચારપૂર્વક ચલપ્રતિષ્ઠા (ગાદીનશીન) કરવામાં આવ્યા. ચતુર્વિધ સંઘે નૂતન પ્રભુજી સમક્ષ ચૈત્યવંદન કર્યું. ત્યારબાદ પૂ. આચાર્યદેવશ્રી તરત જ નીચે વ્યાખ્યાન મંડપમાં પધાર્યા. અહીં ગણિપદવીનો પ્રસંગ ઊજવાઈ રહ્યો હતો તે જોવા પધારેલ ભાઈ બહેનોથી આખો મંડપ ખીચોખીચ ભરાઈ ગયો હતો. પ.પૂ. આચાર્યદેવશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્ર વિ. ગણિવર જેઓ સકળ સંઘમાં મધુર વક્તા તરીકે વિખ્યાત છે અને જેમણે પૂ. ગુરુદેવશ્રીની આજ્ઞાપૂર્વક અનેક સ્થળોએ અલગ ચાતુર્માસ કરી શ્રી સંઘમાં અનેરા ધર્માનુષ્ઠાનોની આરાધના કરાવી સકળ સંઘનાં દિલ જીતી લીધાં છે, તેઓની યોગ્યતાને ધ્યાન પર લઈ પૂ. ગુરુદેવશ્રીએ પંચમાંગ શ્રી ભગવતી સૂત્રના યોગોદ્વહન પૂ.પં. શ્રી ગુણાનંદવિજય મહારાજનાં હસ્તે કરાવેલ તેમની ગણિપદવીનો આજે આનંદ અવસર હતો. સૌનાં મન પ્રફુલ્લિત હતાં. પૂ.પં. શ્રી જયઘોષ વિ. મહારાજે ગણિપદવી અંગેની દેવ વાંદવા વગેરે વિવિધ ક્રિયાઓ વિધિપૂર્વક કરાવ્યા બાદ પૂજ્ય આચાર્યદેવશ્રીએ પધારી તેમને ગણિપદનું સમર્પણ કરી મન્ત્રાક્ષરોનું શ્રવણ કરાવ્યું. તે પછી સકલ સંઘ વતી કામળી ઓઢાડવાનું કાર્ય ગુરુ પૂજનરૂપ હોઈ એની બોલી દેવદ્રવ્યમાં જશે. એ જાહેરાત પૂર્વક નૂતન ગણિવર્યને પહેલી કામળી ઓઢાડવાની ઉછરામણી

બોલાવવામાં આવી. બોલી બોલનાર ભાગ્યશાળીએ તેમજ બીજાઓએ પણ પૂ. આચાર્યદેવશ્રી તથા નૂતન ગણિવર્યને કામળી વગેરે વસ્ત્ર વ્હોરાવ્યાં. ગિરનારમાં શ્રી નેમનાથ ભગવાનની ચલ પ્રતિષ્ઠા અંગેની અધૂરી રહેલ બોલી આજે આગળ વધી અને આદેશ અપાયો. નવ પ્રતિષ્ઠિત ભગવાન અંગે દ્વારોદ્‌ઘાટનની બોલીઓ બોલવામાં આવી. ત્યારબાદ પૂ. આચાર્યદેવશ્રી તથા પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજનું હૃદયસ્પર્શી પ્રવચન થતાં સભામાં એકદમ શાંતિ છવાઈ ગઈ.

બપોરે વિજય મુહૂર્તે શ્રી બૃહદ્‌અષ્ટોત્તરી સ્નાત્ર મહોત્સવ ઊજવાયો.

મહોત્સવ દરમ્યાન રોજ રાત્રે ઉપાશ્રયના મંડપમાં શ્રી લલિતભાઈ ધામી વગેરેની મંડળીઓએ ભાવનામાં ભક્તિરસની અપૂર્વ લહાણી કરી દૂરદૂરથી પણ લોકો રાત્રે સાંભળવા આવતા હતા.

નૂતન દીક્ષિતોની દીક્ષા બાદ તેમનાં દર્શન વંદનાર્થે પણ ભાવુક લોકોના જોરદાર ધસારાને પહોંચી વળવું દુઃશક્ય બન્યું હતું.

વૈશાખ સુદ-સાતમને ગુરુવારે પ્રાતઃકાળે નૂતન પ્રતિષ્ઠિત ભગવાનનાં દર્શનાર્થે દ્વારોદ્‌ઘાટન કરવા બોલી બોલનાર ભાગ્યશાળીઓ સપરિવાર વાજતે-ગાજતે આવી પહોંચ્યા. મંગળ મુહૂર્તે ચાર માળે દ્વારોદ્‌ઘાટન વિધિ થયા બાદ પ્રભુદર્શન કરી શ્રીસંઘના આરાધક ભાઈ-બહેનોનાં હૈયાં હર્ષઘેલાં બન્યાં. સામૂહિક ચૈત્યવંદન થયું.

બપોરે ૨-૩૦ કલાકે સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી. સાંજે ૪-૧૫ કલાકે સપરિવાર પૂજ્ય આચાર્યદેવશ્રીનો શાંતાક્રુઝ શિબિર હોઈ તે તરફ વિહાર થયો.

સમસ્ત મહોત્સવ દરમ્યાન રોજ પ્રભુજીને વિશિષ્ટ પ્રકારની આંગી રચવામાં આવતી હતી. બહારગામથી પધારનારા સાધર્મિકોની ભક્તિ માટે તેમજ તેમને ઊતરવા માટે પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. વૈશાખ સુદ-૨ અત્રેના ઝવેરી ભાઈઓ તરફથી, વૈશાખ સુદ-૩ શ્રી પુનમચંદ બાબુ તરફથી અને વૈશાખ સુદ-૬ ત્રિગડા ભરાવનારાઓ તરફથી એમ સમસ્ત સંઘનાં ત્રણ સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવેલાં.

જુદા જુદા ભાઈઓ તરફથી સંઘપૂજન થતાં હતાં. મહોત્સવ દરમ્યાન ૭૦ પૂ. મુનિવરોની સંખ્યાએ શ્રી સંઘના ઉત્સાહમાં ભારે વૃદ્ધિ કરી હતી. પ્રત્યેક વિધિ વિધાનોમાં પ.પૂ. આચાર્યદેવશ્રી તથા વિધિકારક શ્રી નવીનભાઈ ટ્રસ્ટીઓ વગેરે ખૂબ જ શુદ્ધિ અને પવિત્રતા જળવાય તથા અવિધિ ન થાય તે માટે અપ્રમત્તપણે

સતત તકેદારી રાખી રહ્યા હતા.

મહોત્સવનાં પ્રત્યેક પ્રસંગોમાં સ્થાનિક અને બૃહદ્‌ મુંબઈના ભાવિક આત્માઓએ વિશાળ સંખ્યામાં હાજરી આપીને શાસન શોભા વધારવાનો લાભ લઈ મહોત્સવને દીપાવ્યો હતો. મુંબઈ અને પરાંઓમાંથી દર્શનાર્થીઓનો પ્રવાહ ચાલુ રહેતો.

ટ્રસ્ટી કાર્યકરો શ્રી રાયચંદભાઈ તથા બુહદ્‌ મુંબઈના આગેવાન શ્રી ભાણાભાઈ (ઉર્ફે શાન્તિલાલ સોમચંદ ચોક્સી) તથા શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહ તથા શ્રી લલિતભાઈ ધામી...વગેરે વગેરે...

મહાનુભાવોએ ઉમંગભેર મહોત્સવના સમસ્ત કાર્યભારને વહન કરવામાં સક્રિય ફાળો નોંધાવ્યો હતો.

ત્રિગડા તેમજ છૂટક પ્રતિમા ભરાવનારા ભાગ્યશાળીઓની ભક્તિગર્ભિત ઉદારતાના કારણે મહોત્સવ ખૂબ જ શાનદાર રીતે ઊજવી શકાયો હતો.

મહોત્સવ દરમ્યાન ગરીબોને અન્ન વસ્ત્ર વગેરે છૂટે હાથે વહેંચવામાં આવ્યું હતું. તેમજ જીવદયાની રકમ બોલાવામાં આવેલ. તમામ ઉછરામણીઓથી દેવદ્રવ્યની અપૂર્વ વૃદ્ધિ થઈ તેમજ શાંતિસ્નાત્ર અને બૃહદ્‌ અષ્ટોત્તરી સ્નાત્ર પ્રસંગે જીવદયાની ટીપમાં પણ ઘણી સારી રકમ નોંધાવાઈ હતી તેથી તાત્કાલિક અનેક મૂંગા પ્રાણીઓને અભયદાન દેવાયેલ.

મહોત્સવ દરમ્યાન પણ ઉપાશ્રયમાં બિરાજમાન મુનિ ભગવંતોમાં પરસ્પર અધ્યયન અધ્યાપન વગેરે તથા દિવસકાળ દરમ્યાન અને રાત્રે પણ બાળમુનિઓના સ્વાધ્યાયના ઘોષે અનેક ભાવિકોના હૈયામાં સૂત્ર સ્વાધ્યાય પ્રત્યે આકર્ષણ જગાડ્યું હતું.

એકંદર રીતે જોઈએ તો પ્રસ્તુત અંજનશલાકા, દીક્ષા, પ્રતિષ્ઠા, ગણિપદવી મહોત્સવ દ્વારા જૈન જૈનેતરોમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ રત્નત્રયથી ઝળહળતા શ્રી જૈન શાસનની અપૂર્વ પ્રભાવના થવા પામી એ નિઃશંક આનંદજનક હકીકત છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૮,અંક-૧૧,તા.૧-૧૨-૧૯૭૯

વાર્ષિક ૧૧ કર્તવ્યોની મુંબઈ નગરે અભૂતપૂર્વ સંઘશાહી ઉજવણી

● **મુંબઈ (લાલબાગ)** : અત્રે વાર્ષિક ૧૧ કર્તવ્યોની સમૂહ ઉજવણી ભવ્ય રીતે ઉજવાઈ. પર્યુષણામાં પાંચ કર્તવ્યોની જેમ શ્રાવક વર્ષભરમાં ઉજવવાના ૧૧

કર્તવ્યોના ઉપદેશ વખતે પૂ. આ. શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ** પ્રેરણા કરી કે વરસો વરસ આ કર્તવ્યો એના મહત્ત્વ સાથે સાંભળવા મળે છે, પરંતુ મધ્યમ અને સામાન્ય સ્થિતિના ભાગ્યશાળીને વર્ષભરમાં અગિઆરેય ઉજવવાનું ઓછું બને છે. તેથી જો સંઘશાહી ઉજવણી થાય અને એમાં જેની જે શક્તિ હોય તે પ્રમાણે ફાળો નોંધાવી લાભ લે તો દરેકે દરેકને ૧૧ કર્તવ્ય ઉજવવાનું થાય.

અલબત આ પૂર્વે અંતરીક્ષજી તીર્થ રક્ષા અંગે મોટી લગભગ પચાસ હજાર રૂપિયા જેવી ટીપ થઈ ગયેલી. એ પૂર્વે ચાતુર્માસની આરાધનાઓ અંગે પણ મોટો ફાળો થયેલો છતાં જીવનમાં કદી આવી ૧૧ કર્તવ્યોની સંઘશાહી ઉજવણી નહિ થયેલી તેની આજે પ્રેરણા પ્રોત્સાહન મળતાં ટીપ કરવામાં આવી અને લગભગ લાખ રૂપિયા જેવી ટીપ થઈ ગઈ. સૌનો ઉત્સવ વધી ગયો. એમાં વળી ઉજવણી વખતે સંઘ પૂજનમાં તિલક કોના હાથે થાય, તીર્થ યાત્રામાં સંઘવી કોણ બને વગેરેની બોલી બોલાતાં ટીપમાં આંકડો વધી ગયો. એમાં દેવદ્રવ્યમાં વૃદ્ધિના કર્તવ્યમાં તીર્થમાળ કોણ પહેરાવે, અષ્ટાહ્નિકા મહોત્સવમાં શાંતિસ્નાત્રના ચઢાવાં, રથયાત્રા કર્તવ્યમાં ચઢાવા વગેરેની ૬૦ હજાર ઉપર આવક થઈ.

આસો સુદ ૬ થી ૧૧ કર્તવ્યોની ઉજવણી શરૂ થયેલ એમાં દેવદ્રવ્યની વૃદ્ધિ સુંદર થઈ. આસો સુદ ૯, રવિવારે અનોખી રથયાત્રા કાઢવામાં આવી. ૧૧ કર્તવ્યોની ઉજવણી ભવ્ય રીતે થાય એ માટેનું સઘળું આયોજન અમદાવાદવાળા પરસોત્તમદાસ છોટાલાલના સુપુત્રો શ્રી વિનોદભાઈ તથા જયંતભાઈને સોંપવામા આવેલું. મુંબઈ શહેરમાં રથયાત્રા વરઘોડામાં હાથી ફેરવવાની પરમીટ મળવી મુશ્કેલ છતાં મેળવી લીધેલી અને હાથી મેળવવા લગભગ સવાસો કીલો મિટર ટેક્ષી દોડાવીને પણ હાથીની સગવડ કરી લીધી. આસો સુદ ૯ અદ્‌ભુત રથયાત્રા વરઘોડો નીકળ્યો. એમાં હાથી ઉપરાંત પાંચ તો રથ લાવવામાં આવેલા. અનેક બેન્ડો યોજેલા, સાંબેલા, ગાડીઓ, સાયકલ સવારો, પનિહારીઓ, બેનર યુવકો પૂ. આચાર્યદેવશ્રી ૫૦ મુનિવરો સાથે વિશાળ સાધ્વી વગેરેથી વરઘોડો ખૂબ જ દેદીપ્યમાન બની લાલબાગ ઉપાશ્રયેથી ચડી ભૂલેશ્વર, ઝવેરી બજાર, પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી, ગુલાલવાડી, નળબજાર, સેન્ડહર્સ્ટ રોડ, પ્રાર્થના સમાજ, વી. પી. રોડ, સી. પી. ટેન્ક વગેરે માર્ગો પર ફરી લાલબાગ ઉપાશ્રયે ઉતર્યો.

મુંબઈ નગરની ધમાલિયા જીવનમાં વાયદાના વેપારે ઉજવણી કરવા જતાં તેટલો રસ ન રહે ત્યારે આસો સુદ ૬ થી આસો વદ-૬ લગભગમાં ૧૧ કર્તવ્યો બજાવવાના હતા. એટલે શાસન પ્રભાવનાનું કાર્ય વરઘોડા સાથે સામેલ રખાયેલનું

કર્તવ્ય આ વરઘોડો તે જે જે રસ્તેથી વરઘોડો પસાર થવાનો હતો તે તે રસ્તે જન સામાન્યને અગાઉથી લાડુના પેકેટ વહેંચી દેવામાં આવતા, મહોત્સવ દરમિયાન એક રાત્રિના રાત્રિ જાગરણનું કર્તવ્ય ભવ્ય રીતે ઉજવવામાં આવેલ. આ દિવસોમાં અષ્ટાહ્નિકા મહોત્સવનું કર્તવ્ય પણ અનોખી રીતે ઉજવાયું. પૂજા ભાવનાંઓમાં સંગીતકારો દીનાનાથ ગવૈયા, નટવરલાલ નવસારીવાલા, કાન્તિલાલ ગવૈયા, ઓનરી સંગીતકારો સુરેન્દ્રભાઈ, શ્રી સોભાગચંદ, શ્રી મેઘકુમાર વગેરેને આમંત્રવામાં આવેલા. પૂજાઓમાં ભક્તિ સંગીતની રંગત જામેલી. એમાં પૂજાઓમાં પૂ. આચાર્યદેવ પધારતા ત્યારે એઓશ્રી મધુર કંઠે પૂજા ભાવિકોમાં અનેરો ઉલ્લાસ વ્યાપી જતો.

શ્રી વિનોદભાઈનું આયોજન એટલે જેમ એમણે અમદાવાદમાં બહારની વાડીએ બે લાખના ખર્ચે અઠ્ઠાઈ મહોત્સવનું આયોજન કરી પ્રારંભે આમંત્રણ પત્રિકાનું જ ૨૧-૨૧ રૂ.ના મીઠાઈના પેકેટ સાથે ઘર ઘર જઈને કરેલ વિતરણ અને વાડીનો શણગાર ઠેઠ રોડ પરથી વાડીની અંદર જિન મંદિર સુધી ભવ્ય દરવાજાઓ, કમાનો તોરણો, ધજા વાવટા પૂજામાં નૈવેદ માટે ૦॥-૦॥ ૧-૧ કીલોના પેંડા, બરફી વગેરે બહારગામોથી સ્પેશિયલ મંગાવેલ ફળો, વાડીમાં ચાલુ બેન્ડવાજાના મધુરાનાદ વગેરેથી આયોજન કરેલ એ રીતે અત્રે પણ લાલબાગ ઉપાશ્રયનો શણગાર તથા પૂજાઓના નૈવેદ્ય ફળના ઠાઠ કરેલ.

એક બાજુ ઉદ્યાપન પણ કિંમતી છોડો તથા દર્શન જ્ઞાન ચારિત્રની ભવ્ય ઉપકરણોથી ગોઠવવામાં આવેલ અને એ રીતે ઉદ્યાપન કર્તવ્યની ઉજવણી થયેલ.

અષ્ટોત્તરી સ્નાત્ર વખતે તો આયોજનમાં કમાલ કરેલી. ઉપાશ્રયમાં પેસવાની બે બાજુ જાણે પુષ્પોની દિવાલ ખડી કરેલી. મહાસ્નાત્રના મીઠાઈ ફળ લગભગ ૧૫-૨૦ ફુટના મોટા સાથિયાના ઘાટમાં ગોઠવવામાં આવેલ. એ મહા સાથિયામાં ચાર પાંખો પણ ખાસી ૨-૨॥ ફુટ જેવી જાડી ને એમાં પણ અવાન્તર સાથિયા ગોઠવેલા. બધું જ ૦॥-૧ કિલોની એકેક મીઠાઈ અને મોટમોટા સફરજન દાડમ વગેરે ફળોથી બતાવાયેલ. શ્રી રમણભાઈ આંગીવાળાએ મહોત્સવમાં અંગરચનાઓ અદ્‌ભુત કરેલી એની સાથે રોજની નવ નવી પુષ્પોના બેકગ્રાઉન્ડ ફોટગ્રાઉન્ડની અનેરી રચનાઓ થતી. દર્શનાર્થીઓના પૂર ઉમટતા એમાં અષ્ટોત્તરસ્નાત્રની સાંજે ને રાત્રિ લગભગ ૧૨॥ વાગ્યા સુધી દર્શનાથીઓની ભીડ જામેલી. મુંબઈના ઈતિહાસમાં આવી રીતે અઠ્ઠાઈ મહોત્સવ અને મહાસ્નાત્રની ઉજવણી કદાચ પહેલીજવાર થઈ હશે. કેમકે આવી મોટી મોટી મીઠાઈઓ અને મોટા મોટા ફળો

તથા મંદિરનો શણગાર ક્યારેય નહિ થયો હોય.

આસો વદ-૬ મહાપૂજાનું કર્તવ્ય બજાવવાનું હતું. લાલબાગ દેરાસરની આજુબાજુ મકાનોથી ગીચ કંજેસ્ટેડ જગા તેથી મંદિરના ભવ્ય શણગાર દૂરદૂર સુધી જોઈ શકાય નહિ તેમજ જવા-આવવાના બહુ સાંકડા તેથી ઉમટી પડેલી જનતાને પેસવું નીકળવું મુશ્કેલ અને મહાપૂજાના કર્તવ્યમાં તો મૂર્તિ અને મંદિરના અતિ ભવ્ય રોનકદાર શણગાર કરવાના હોય છે એટલે આ વિશિષ્ટ મહાપૂજા માટે શ્રીપાલનગરનું પ્રથમ તીર્થપતિ આદીશ્વર ભગવાનની વિશાળ કાય પ્રતિમાવાળું વિશાળ મંદિર પસંદ કરવામાં આવેલ. દિવાલો અગાઉથી મહાપૂજાના આયોજનની તૈયારી ચાલેલી. જાળીઓને હારગુચ્છા જાળીઓ તોરણો વગેરેની સમજ સાથે ઓર્ડરો અપાઈ ગયેલા. પ્રભુનો દરબાર એટલે મોટા ચક્રવર્તીનો દરબાર એની ભૂમિ એવી જ શોભિતી જોઈએ તેથી રંગમંડપ લાલ વેલવેટ બિછાવી દીધેલ. લોકોને પગ મૂકતાં પહેલ પહેલાં તો સંકોચ થતો.

શ્રીપાલનગરના ગગનચુંબી શિખરબંધી ભવ્ય જિન મંદિરના કમ્પાઉન્ડમાં પેસતાં જ આપણને એમ લાગે કે મોટા રાજરાજેશ્વરના આવાસ આગળ આવી ઊભા છીએ, નીકળવાના પેસવાના જુદા જુદા માર્ગમાં સુશોભિત કોર્ડન વચ્ચેથી પસાર થવાનું હતું. આગળ એક આર્ટિફિસિયલ ફુવારો ઊભો કરાયેલ. મંદિરના બંને તરફના પગથિયાની આજુબાજુ સારું ડેકોરેશન કરેલ. મંદિરની અંદરમાં જમીનપર પૂર્વે લખ્યા મુજબ ડનલોપ પર લાલ વેલ્વેટ બિછાવેલ. એના પર ચાલીને પ્રભુ પાસે જવાતું. મંદિરનો શણગાર તો અદ્‌ભુત કોટિનો હતો. થાંભલાઓ પર રંગીન વેલ્વેટ, ટૂકડા ચોડી રંગબેરંગી બનાવાયેલ. ગભારામાં દીવાલો પર, પ્રભુજીની આગળ ગભારા બહાર ફુલોના એવા વિવિધ શણગાર હતા કે માણસ એક જોતાં બીજું ભૂલે.

દર્શન માટે સાંજના છ વાગ્યાથી મુકાયેલ, પરાઓ અને શહેરમાંથી એટલી બધી મેદની ઉતરી પડેલ કે દર્શનાર્થીઓમાં ક્યુ લાગેલ. તે કહે છે શ્રીપાલનગર દરવાજેથી ઠેઠ દરિયા નજીકના પ્લેઝેન્ટ પેલેસ સુધી પહોંચેલો. ક્યુમાં ભલે દોઢ કલાકે વારો આવે, પરંતુ કોઈને ખસવું નહોતું. એટલી બધી દર્શનની તમન્ના હતી. એક પારસી બાબુ તો ક્યાં સુધી ઊભા ઊભા પ્રભુ દર્શન કરી રહ્યા હતા. કોઈએ એમને પૂછ્યું 'તમે અહીં ?' એ કહે હા, મને આવા પ્રભુ દર્શનમાં મન કરીને ઘણું ઘણું ચિંતવવાનું મળે છે; નેવું વરસના બુઢ્ઢા કહેતા કે અમે 'જીંદગીમાં

આવી મહાપૂજા જોઈ નથી.' મહાપૂજામાં કોઈ મોટું શાંતિસ્નાત્ર કે સિદ્ધચક્રપૂજન જેવું કશું ભણાવવાનું હોતું નથી. એમાં તો માત્ર પ્રભુ અને મંદિરને એવો શણગાર કરવામાં આવે છે કે જે અલૌકિક અદ્‌ભુત હોય અને મહાન જહેમત તથા ઉદાર ધનવ્યયથી કરાયો હોય. અહીં મંદિરના બહારમાં ઠેઠ શિખર સુધી, મંદિરમાં તથા બહાર કમ્પાઉન્ડમાં અને ગેઈટની બહાર રોશનીનો ચમકાર ભારે હતો. સાંજના ૬ થી ૧૧ વાગ્યા સુધી વાજા બેન્ડવાળા મધુર સંગીત રેલાવી રહ્યા હતા. લાખો દર્શનાર્થીઓના દિલમાં ઉભરાતા પ્રભુદર્શન અને ભક્તિના શુભ ભાવ જોતા પૈસા, મહેનત અને સજાવટ વસૂલ થઈ ગયાનું દેખાતું.

સ્નાત્ર મહોત્સવનું વાર્ષિક કર્તવ્ય પણ ભવ્ય ઉજવાયું. વીરસૈનિક સર સેનાધિપતિ શ્રી લલિતભાઈ ધામીએ ખૂબ રંગ જમાવ્યો. સ્નાત્રની એકેક ઢાળ પૂર્વે ભૂમિકા સુંદર રચાતા આજના કાળે સ્ટેજ પર દશ વરસ ઉપરની બાળાઓના દિક્કુમારીઓનાં હાવભાવ સાથેના કાર્યક્રમ યુવાનોને ભડકાવનારા લાગવાથી કુમારોને જ વિશિષ્ટ વેશ સાથે દિક્કુમારીના દર્પણ કળશ વગેરેનાં દર્શનનો કાર્યક્રમ સોંપાયેલ.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૮,અંક-૨૦,તા.૨-૨-૧૯૮૦

શ્રીપાળનગરમાં ઉપધાનમાં જળહળેલી ધર્મજ્યોત

● **મુંબઈ :** પૂ.આ.શ્રી વિજય ભુવનભાનૂસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ઉપધાન તપ સમિતિ તરફથી માગશર વદ-૧ થી શરૂ થયેલ ઉપધાન તપ આરાધનમાં ૩૦૦ જેટલા ભાઈ-બહેનોએ ભવ્ય આરાધના કરી ૭૦ લગભગ પુરુષો હતા અને ૧૮૦ ઉપર માળ પહેરનાર હતા. ૮ વર્ષની ઉંમરના ૬-૭ બાળકો હતા અને ૪-૫ બાળિકાઓ હતી. સમ્યગ્ દર્શનના ૬૭ વ્યવહાર ઉપર પ. પૂ. આચાર્યદેવશ્રીના તથા મોહ-અજ્ઞાન ઉપરના પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.ના જોશીલા સંવેગ વૈરાગ્યભર્યા વ્યાખ્યાનો તેમજ ૧૦૦ ખમાસમણ પૈકી ૨૫-૨૫ ખમાસમણાના આંતરે આંતરે પૂ. આચાર્યદેવશ્રીના મંદિર વિધિ પરના તત્ત્વ પૂર્ણ પ્રવચનોએ આરાધકોમાં અનેરો આરાધના-રંગ જમાવી દીધેલ. પૂ. સાધ્વીજી શ્રી રોહિતાશ્રીજી મહારાજ આદિ બેનોને આરાધના કરાવતા. પૂજ્ય સાધ્વીજી મહારાજ કહેતા કે બેનોમાં કોઈ નીવિ માટેની કૂથલી નિંદા થતી નહિ. સૌ જાપ આરાધનામાં લીન રહેતા, આરાધકોમાં કેટલાય તો વ્રત-નિયમો થયા, જેવા કે વરસમાં ૫૧ દિવસથી વધારે શરીરે સાબુ

લગાડવો નહિ. વરસમાં ૨૫-૫૧ પુરિમડ્ઢ પચ્ચકખાણ, ૧ ક્રોડ નમો અરિહંતાણં જાપ, ૫૦૦ આયંબિલ, વરસમાં અમુક સામાયિક, જિનપૂજા, અમુક આયંબિલ, વગેરે વગેરે...

આરાધકોને ૧૪ નિયમો અને બાર વ્રતોનો ઉપદેશ અપાતાં મહા સુદ ૨ના બસો જેટલા ભાઈ-બેનોએ બાર વ્રત ઉચ્ચર્યા. તે પછી પરમ ગુરુદેવ સકલાગમ રહસ્યવેદી પૂ. સ્વ. આચાર્ય ભગવંત શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજના ગુણગાન સાંભળતાં પૂજ્યશ્રીના અસાધારણ ઉપકાર તથા પ્રભાવનાના સંભારણાં ઝીલ્યા.

પોષ વદ ૯-૧૦ ઉપધાન માળ પહેરાવાની બોલી બોલાઈ જે ભારતભરમાં અભૂતપૂર્વ હતી. ઉપધાનમાં કુટુંબના કુટુંબો જોડાયેલા. એમાં એક ભાઈએ સાતમી ૮૦ હજાર બોલી સાથે તેટલી તેટલી રકમથી બાકીના ચારેય કુટુંબ સભ્યોની માળા લીધી, બીજી પણ બોલીઓમાં સાથે સાથે તેટલી રકમમાં જ માળા બોલી લીધેલી. ૩૦ માળ પછી તો ૩૧૦૧,-૨૧૦૧,૧૧૦૧,માં ગૃપમાં જોડાયેલા.

મહા સુદ ૧ માળના વરઘોડામાં ચાર રથ વગેરેની બોલીઓ ભવ્ય બોલાઈ.

મહા સુદ ૩ માળાનો વરઘોડો શ્રીપાળનગરથી ચઢી મુંબઈના મુખ્ય રાજમાર્ગોએ ફરી ભૂલેશ્વર-લાલબાગ જિન-મંદિરે ઉતર્યો, વિશેષતા તો એ થઈ કે પૂ. આચાર્યદેવશ્રીની ૧૦૮મી વર્ધમાન તપ આયંબિલ ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તના ઓચ્છવમાં ભારતભરના વિશિષ્ટ તપસ્વી ૧૦૮ ભાગ્યશાળીઓ દરેકનું ૧-૧ હજારથી ૧૦૮ જણ તરફથી સન્માન કરવાનો કાર્યક્રમ કારણવશ મુલત્વી રહેલો તે મહા સુદ ૩ ના રોજે રાખવામાં આવેલો. ૧૦૮ને બદલે ૧૩૬ વિશિષ્ટ તપસ્વીઓને આમંત્રણ મોકલાયેલા, લાલબાગ ધર્મશાળામાં એમને ઉતારો આપવામાં આવેલ તથા વિશિષ્ટ ભક્તિ કરવામાં આવેલ.

મહા સુદ ૩ વાલકેશ્વર શાંતિનગર સોસાયટીના વિશાલ કમ્પાઉન્ડમાં ઊભા કરાયેલ મંડપમાં ઉંચા સ્ટેજ પર વચમાં પૂ. આચાર્યદેવાદિ પચાસેક મુનિવરો, એકબાજુ વિશિષ્ટ તપસ્વીઓ, બીજી બાજુ એમને સન્માન કરનારા કુટુંબો, સન્માનિત ગૃહસ્થો તથા નીચે હજારોની જનમેદની ગોઠવાયેલી. પૂ. આચાર્યદેવશ્રીના પ્રવચન પછી વિશિષ્ટ તપસ્વીઓનું દરેકને રૂ. ૬૦૧ પહેરામણી તથા સમ્યગ્ જ્ઞાનના પુસ્તકો માનપત્ર વગેરેથી બહુમાન કરવામાં આવેલ.

બપોરે માળાના વરઘોડા ભેગો જ વિશિષ્ટ તપસ્વીઓનો વરઘોડો યોજવામાં

આવેલ તેથી વરઘોડો લાંબે સુધી વિસ્તરેલો હતો, કહે છે વિ. સં. ૧૯૯૮ના શેઠ માણેકલાલ ચુનીલાલના ૧૧૦૦ જણના ઉપધાનના લગભગ ૫૦૦ માળના વરઘોડા પછી આટલો લાંબો વરઘોડો આ જ ચડ્યો હશે, વિશિષ્ટ તપસ્વીઓને વિશિષ્ટ રીતે ગાલીચા-ફુલહાર અને ડેકોરેટીવ કોચ-ખુરસીઓવાળી ટ્રકોમાં બિરાજમાન કરવામાં આવેલ, બેન્ડવાળા વિશિષ્ટ શણગારેલી મોટરગાડીઓ પ્રભુજીના ૪ રથ વગેરેથી દીપતા આ વરઘોડાના લાખો લોકો દર્શન કરી પાવન થયેલા.

માળા મહોત્સવમાં શ્રી સિદ્ધચક્રપૂજન, શ્રી નવપદ મહાપૂજા, શ્રી ભકતાચર પૂજન, શ્રી ચિંતામણિ પાર્શ્વપૂજન, શ્રી શાંતિસ્નાત્ર વગેરે ભણાવાયેલા, વાલકેશ્વર ભક્તિ મંડળ તથા અન્ય સંગીતકારોએ પૂજા-ભાવનામાં ભક્તિ રસની ધૂમ મચાવેલી.

મહા સુદ પના મંગળ દિવસે માળારોપણ સમારોહ ઉજવાયો. શેઠશ્રી ભાણાભાઈના તથા શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહના માર્ગદર્શન નીચે એજ શાંતિનગર સોસાયટીમાં આગળ વધારાયેલા સ્ટેજ ઉપર માળારોપણનો વિધિ કરવામાં આવેલ, પછી એ સ્ટેજ ખાલી કરી એકેક માળ પહેરનાર અને એમને માળા પહેરાવનારનું દશ્ય એવું ગોઠવાયેલું કે હજારો માણસો દૂરદૂરથી પણ જોઈ શકે ૩૦ માળ પછી ગ્રુપવાર માળા પહેરનારા તે સ્ટેજ પર લાવવામાં આવેલ તેથી સમયનો સારો બચાવ થયેલ.

ઉપધાનની માળ પહેરનારાઓને આ અદ્ભૂત વ્યવસ્થા હજારોની માનવમેદની અને ઉપધાનમાં થયેલી વિશિષ્ટ આરાધનાથી હરખ માતો નહોતો, કેટલાક લોકોએ તો વિશિષ્ટ નિયમ લઈ પૂ. આચાર્યદેવશ્રીના વરદ હસ્તે માળા પહેરેલી.

મહા સુદ ૩ અને સુદ ૫ શ્રીપાળનગરના વિશાળ કમ્પાઉન્ડમાં ઊભા કરાયેલ દેદીપ્યમાન મંડપમાં હજારો સાધર્મિકોનું જમણ રખાયેલ. શ્રીપાળનગર સોસાયટીવાળાઓએ સુંદર સેવા આપેલી.

મહોત્સવ પ્રસંગમાં ૬૧ છોડનું ઉજમણું પણ વિશાળ શ્રી જિનમંદિરની બહાર મંદિરને ઘેરીને ત્રણે બાજુના પટાંગણમાં ગોઠવવામાં આવેલ. સાથે બીજા મંડપમાં પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મહારાજે તૈયાર કરાવેલ આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન ચિત્ર પ્રદર્શની ગોઠવવામાં આવેલ. જેમાં ૪૦ આસપાસ બોધક ચિત્રો હતા.

સંઘપૂજનો સહિત પ્રભાવનાઓમાં દરેક ઉપધાન તપસ્વીને રૂ. ૪૦૦-૫૦૦ની રકમની પહેરામણી થયેલ.

સારાંશ, શ્રીપાળનગરમાં ઉપધાન તથા માળારોપણનો સમારોહ એક સ્વપ્ન બની ગયું.

પૂ. આચાર્યદેવશ્રી મહા સુદ ૬ વિહાર કરી મલાડમાં પૂ. પંન્યાસ શ્રી યશોભદ્રવિજયજી તથા પૂ. ગણિવર શ્રી રાજેન્દ્ર વિજયજી મ.ની નિશ્રામાં ચાલી રહેલ ઉપધાન તપ સમારોહની માળા બોલી તથા માળારોપણ પ્રસંગ નિમિત્તે શ્રી સંઘની વિનંતીથી પધાર્યા છે. હીરસૂરિજી જૈન ઉપાશ્રય, દફ્તરી રોડ, મલાડ.

• અમદાવાદ કાળુશીની પોળે અદ્‌ભુત તપમહોત્સવનાં ડંકા બજયા. અમદાવાદના આંગણે વર્ધમાન તપની ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે ભવ્ય મહોત્સવ :

પ. પૂ. આચાર્યદેવ વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાવર્તી પૂ. સાધ્વીજી દેવશ્રી મ. સા.ના શિષ્યા સા. શ્રી હંસકીર્તિશ્રીજી મ.ના શિષ્યાઓ પૂ. સા. શ્રી જશકીર્તિશ્રીજી મ.ની વર્ધમાન તપની ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિ તથા પ. પૂ. સા. શ્રી પરમહંસાશ્રીજી મ.ના સળંગ ૫૦૦ આયંબીલ તથા સા.શ્રી નિર્મોહાશ્રીજી અને અભયહંસાશ્રીજીના એકાંતરે ૫૦૦ આયંબીલ પ્રસંગે તેઓના પરિવાર તથા સ્નેહીઓ તરફથી અમદાવાદ કાળુશીની પોળમાં જિનેન્દ્ર ભક્તિનો દશાન્હિકા મહોત્સવ ઉજવાયો. પ્રસંગને પામીને જુદા જુદા ભકતો તરફથી તૈયાર કરાયેલ ૩૬ છોડનું ઉજમણું પણ યોજવામાં આવેલ. તે પોળના બેનોના નૂતન ઉપાશ્રયમાં ગોઠવેલ. આ ભવ્ય ઉજમણું અમદાવાદના વર્ષોના ઇતિહાસમાં અદ્‌ભુત તેમજ અનુમોદનારૂપ બન્યું હતું.

પ્રસંગને અનુલક્ષીને ઘણા સમય અગાઉથી મહોત્સવનું આયોજન થયેલ, જેમાં સિદ્ધચક્રપૂજન તથા શાંતિસ્નાત્ર સહિત ૩૬ છોડના ઉજમણા સહિત અનેક કાર્યક્રમો વિચારેલ.

પોષ સુદ ૧૩થી પોષ વદ-૭ સુધીનો મહોત્સવ ગોઠવાયો. પ. પૂ. આચાર્યદેવ વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ. સાહેબને પાટણથી મહોત્સવ પ્રસંગે અમદાવાદ પધારવા વિનંતી કરેલ તે અંગેની સંમતિ મળતાં મહોત્સવના પ્રથમ દિવસે પોષ સુદ ૧૩ સવારે ૮.૩૦ વાગે હાજા પટેલની પોળના પગથીયાના ઉપાશ્રયેથી વાજતે ગાજતે સામૈયા સહીત પૂ. આચાર્યદેવશ્રીને ચતુર્વિધ સંઘ સાથે કાળુશીની પોળે લાવ્યા. બાદ માંગલિક પ્રવચન થયું અને વાપીવાળા મુમુક્ષુ ચંદ્રિકાબેન તરફથી સંઘપૂજન થયું, તે જ દિવસે કુંભ સ્થાપના, પૂજા તથા રાત્રે ભાવના થઈ. બીજા-ત્રીજા

દિવસે પૂજાઓ તથા ભાવના રાખેલ. પાંચમે દિવસે સિદ્ધચક્ર પૂજન ઘાણેરાવવાળા સ્વ. અંજનાબેન તરફથી ભણાવાયું. શ્રી બાબુભાઈ કડીવાળાએ ભાવપૂર્વક પૂજન તથા રાતના શ્રી શ્રીપાળ મહારાજના રાસનું વાંચન કરેલ. છઠ્ઠો દિવસ પણ પૂજાનો હતો. સાતમો દિવસ સંઘના અતિ આનંદનો હતો. આ દિવસે રવિવાર હોવાથી અગાઉથી જ રથયાત્રાનો વરઘોડો કાળુશીની પોળના શ્રી સંઘ તરફથી રાખેલ. વરઘોડાની ઉછામણી અગાઉના દિવસોમાં રાખેલ જેમાં સારી ઉપજ થઈ. આ દિવસે સવારથી સંઘનો આનંદ હિલોળે ચઢ્યો. સવારે ૯.૧૫ વાગે રથયાત્રાનો વરઘોડો શરૂ થયો, રાજમાર્ગો ઉપરથી પસાર થઈ ૧૧.૧૫ વાગે પાછો ફર્યો, ત્યારબાદ પોળના રહીશ હાલ મુંબઈ વસતા શ્રી સુધાકરભાઈ તથા મુંબઈ ચોપાટી સંઘના અન્ય ભાગ્યશાળીઓ તરફથી સાધાર્મિક વાત્સલ્ય પોળના જૈન-અજૈન બંને માટે રાખેલ. બપોરે શ્રી અષ્ટાપદજીની મહાપૂજા તથા રાત્રે ભાવના થઈ. આઠમા દિવસે નવગ્રહ પૂજન હતું. સવારે પૂજય આચાર્યદેવશ્રી સહિત સંઘની પૂજા જોટાણાવાળા છોટાલાલ વસ્તાચંદ તરફથી થઈ. રાત્રે બેનોનું ગાવાનું રાખેલ.

નવમો દિવસ શા માટે વિશિષ્ટ હતો ? પૂ. સાધ્વીજી મા. સા.ના પારણાનો દિવસ હતો. સવારે ચૈત્યપરિપાટીનો કાર્યક્રમ હતો, ત્યારબાદ મહેન્દ્ર રસીકલાલે પ્રસંગને અનુલક્ષી સુંદર ગીત ગાયું. તે પછી પૂ. આચાર્યદેવશ્રીનું "તપનો મહિમા" ઉપર માંગલીક પ્રવચન થયું અને શ્રી પનાલાલ રતીલાલ તરફથી સંઘ પૂજન થયું ત્યારબાદ સાધ્વીજી મા. સા.ના સંસારી કુટુંબીજનો તરફથી ગુરુપૂજન તથા પૂ.શ્રીને સંયમના ઉપકરણો વહોરાવાયા. બપોરે સાધર્મિક વાત્સલ્ય જેતારણવાળા ગૌરીલાલ તરફથી થયેલ. શ્રી ભગવાનદાસ બાલાભાઈ (સંસારી પિતાશ્રી) પરિવાર તરફથી શ્રી શાંતિસ્નાત્ર ભણાવાયું તથા રાત્રે ભાવના તથા ધારાવાડીનો કાર્યક્રમ રાખેલ. છેલ્લો દિવસ સત્તરભેદી પૂજા ભણાવી પૂર્ણ થયો.

આમ દશ દિવસનો આ મહોત્સવ અમદાવાદના આંગણે અનુપમ રીતે ઉજવાયો. ઉત્સવ દરમ્યાન બેનોનો સવારે પ્રભાતિયાં ગાવાનો કાર્યક્રમ હતો. ઉત્સવ દરમ્યાન સુંદર ફૂલોથી દરેક સ્થાનો શણગારેલ, લાઈટોનું ડેકોરેશન પણ સૌને આકર્ષણરૂપ બનેલ. પૂજા તથા ભાવનાઓના કાર્યક્રમમાં વિવિધ મંડળીઓ અને ગવૈઆઓએ ભક્તિની રમઝટ મચાવી, જેમાં છેલ્લે દિવસે ભાવના દરમ્યાન થયેલ આરતી તથા મંગળ દીવાનું ઘી રેકાર્ડ થયું. વરઘોડાની વિશેષતામાં અનુકંપાદાન શ્રી છોટાલાલ જોઈતારામ (જોટાણાવાળા) તરફથી હતું. પ્લાસ્ટીક બેગમાં ફુડપેકેટ તૈયાર કરાવી ગરીબોને વહેંચાયા તથા શ્રી સિદ્ધચક્ર પૂજન તથા શ્રી શાંતિસ્નાત્રના દિવસોએ

જીવદયાની ટીપોમાં પણ સારી રકમ થઈ. દશે દિવસ પ્રભુજીને અવનવી સુંદર અંગ રચના કરવામાં આવી હતી, જેના દર્શનનો જૈન-જૈનેતરોએ સારી સંખ્યામાં લાભ લીધો.

પારણાના દિવસે વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીને આયંબીલની ભેટ કરવા ટેલ નંખાઈ. એક તો પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભદ્રંકરસુરીશ્વરજી મ. વર્ધમાન તપોનિધિ હતા, તેમજ આ પ્રસંગ પણ તેવો જ હતો. તેથી ચતુર્વિધ સંઘમાં ઉત્સાહ આવી ગયો. સહુએ ઉલ્લાસપૂર્વક દશ હજાર આયંબીલ કુલ્લે નોંધાવ્યા, વિશેષમાં એક વરસી તપ તથા ત્રણસો એકાવન ઉપવાસની ભેટ થઈ, સવાસો ઉપર પૂ. સાધ્વીજી મહારાજો ઉપસ્થિત હતા એમના તરફથી ૨૦૦૦ આયંબિલ નોંધાયેલા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા ૩૬ છોડના ઉજમણાની ગોઠવણ, મહોત્સવ દરમ્યાન વ્યવસ્થિત દરેક કાર્યક્રમોનું સંચાલન અને ઉછામણી બોલાવવા અંગેની જવાબદારી શ્રી રસીકભાઈ ભોગીલાલે અદા કરી, પોળના યુવકોએ દસે દિવસ ખડે પગે ઊભા રહી વ્યવસ્થા અંગેની અનુપમ સેવા બજાવી હતી.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૯,અંક-૧૨,તા.૬-૧૨-૧૯૮૦

● **શ્રીપાલનગર (મુંબઈ) :** અત્રે આસો સુદ ૧૫ થી ઉપધાન તપ ચાલી રહ્યા છે. તેની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ માળારોપણના પ્રસંગે ઉપધાન તપ કરાવનાર શિવગંજવાળા શાહ સોલંકી સરેમલજી તથા શ્રી ઘીસુલાલજી, કપૂરચંદજી આદિ તરફથી જે શ્રી સંઘ આમંત્રણ પત્રિકા બહાર પડેલ છે. તેમાં જણાવવામાં આવેલ છે કે...

વિશેષ અમારા માતુશ્રી પૂજ્ય ગંગા સ્વરૂપ શ્રીમતી ભીખીબેન કપુરચંદને ઉપધાન તપ કરાવવાનો અભિગ્રહ પૂ. આચાર્યદેવશ્રી વિજય હિમાચલસૂરીશ્વરજી મહારાજ પાસે લીધેલ હોવાથી અને એમને પોતાને પણ ઉપધાન તપ કરવાની અભિલાષા હોવાથી અત્રે સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્યસૂત્રધાર સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર વ્યાખ્યાન વાચસ્પતિ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના આશીર્વાદથી પ.પૂ. વર્ધમાન તપોનિધિ ન્યાયશાસ્ત્રનિપુણમતિ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શ્રીપાલનગર જૈન ઉપાશ્રયના ટ્રસ્ટીઓના સહકારથી આસો

સુદ ૧૫ થી ઉપધાન તપ આરાધનાનો મંગળ પ્રારંભ કરાવેલ. અમારા માતુશ્રી શ્રીમતી ભીખીબેન પ્રથમ ઉપધાન દેવગુરુકૃપાએ સારી રીતે પૂર્ણ કરી રહ્યા છે. લગભગ ૪૫ પુરુષો સહિત અને ૯૦ માળાવાળા યુક્ત લગભગ ૨૦૦ આરાધકો સુંદર આરાધના કરી રહેલ છે. આમાં નાના બાળક-બાળિકાઓ લગભગ ૧૨ હશે. હવે ઉપધાન તપની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ નજીકમાં હોઈ ઉપધાન તપ માળારોપણનો ભવ્ય મહોત્સવ ઊજવવાનો છે તો આ પ્રસંગે આપ સૌને સપરિવાર મહોત્સવનો લાભ લેવા અમે ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

વિશેષ અનુમોદનીય વસ્તુ એ બની કે તપોનિધિ પૂ. આચાર્યદેવશ્રીની વૈરાગ્ય નીતરતી દેશનાથી આ ઉપધાનમાં જીવનભરના કે વર્ષભરના નિયમો સારા લેવાયા. જેવા કે રોજની ૦॥ ગાથા ગોખવી, અથવા ૦। કલાક ગોખી જવું, પોરિસી, પુરિમઢ, એકાસણા મહિનામાં અમુક કરવા, ૫૦૦ આયંબિલ, પાકું પાણી તથા અચિત્ત વસ્તુ વાપરવી, મહિનામાં પાંચ યા વધુ દેવવંદન, રોજ અરિહંતપદનો ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૧ કલાક બિનજરૂરી ન બોલવું, પ્રગટ ગુસ્સો થઈ જાય તો અમુક દંડ, કલાકે નમો અરિહંતાણં, મુઠ્ઠિસહિયંપચ્ચકખાણ, ચારશરણા દુષ્કૃતનિંદા સુકૃત અનુમોદના દિવસમાં અમુકવાર વગેરે તપસ્યાઓ ચાલુ, ઉપધાનમાં છઠ્ઠ-અઠ્ઠમ ૪-૮-૧૪ ઉપવાસ થયેલ, નાના બાળક-બાળિકાઓએ પણ છઠ્ઠ કરેલો.

(૧) વિશેષ માળારોપણ પ્રસંગે મલાડના વતની ભાઈશ્રી હિંમતલાલ મફતલાલ તથા વાલકેશ્વરના વતની ભાઈશ્રી **જગતકુમાર** ચંદુલાલની ભાગવતી દીક્ષાનો પણ મહામંગળમય સમારોહ ઊજવવાનો છે.

(૨) મહોત્સવમાં શ્રી ભક્તામર પૂજન, શ્રી ઉવસગ્ગહ-સ્તોત્ર પૂજન, શ્રી પંચનમસ્કારચક્ર મહાપૂજન તથા શ્રી અષ્ટાપદજીની મહાપૂજા સહિત શ્રી શાંતિસ્નાત્રની ભવ્ય ઉજવણી થશે.

(૩) સોનામાં સુગંધની જેમ માળારોપણદિન માગશર સુદ પાંચમે શ્રીપાળનગરના તીર્થસ્વરૂપ જિનમંદિરની પ્રતિષ્ઠા સાલગીરીનો પણ મંગળમય અવસર આવી લાગ્યો છે.

(૪) વિશેષ જણાવતા આનંદ થાય છે ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિ-મુંબઈ તરફથી અત્રે શ્રી શ્રુતભક્તિ સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

માગશર સુદ એકમથી પાંચમ સુધીના મુખ્ય કાર્યક્રમોમાં અમાસે માળાની બોલીના આદેશો, તથા માગશર સુદ ચોથના રોજ માળા તથા વરસીદાનનો વરઘોડો

અને સુદ પાંચમના રોજ દીક્ષા તથા માળારોપણવિધિ આદિ નક્કી થયેલ છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૯,અંક-૧૪,તા.૨૦-૧૨-૧૯૮૦

કર્મસાહિત્ય આદિ ૧૩ ગ્રંથોનો પ્રકાશન સમારોહ તથા જૈન સાહિત્ય દર્શનિકાનો શ્રીપાલનગર (મુંબઈ)ને આંગણે અનોખો પ્રસંગ ઉજવાયો.

ભારતીય પ્રાચ્યતત્ત્વ પ્રકાશન સમિતિ તથા બીજી સંસ્થાઓ દ્વારા તૈયાર કરાયેલ ૧૩ ગ્રંથો, પુસ્તકોનો પ્રકાશન સમારોહ મુંબઈ ખાતે ઉજવાયો. પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ વિશાળ શિષ્ય પરિવાર સમેત સંઘની વિશાળ ઉપસ્થિતિમાં ૮ ડિસેમ્બર સોમવારે સવારે ૯ કલાકે ઉજવાયેલ શ્રુતભક્તિ મહોત્સવ યાદગાર અને અનુમોદનીય બની રહ્યો.

સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પુનીત પ્રેરક માર્ગદર્શનથી કર્મવિષયક વિપુલ સાહિત્યનું સર્જન શરૂ કરાયેલ. આ પૂર્વે આ વિષયના કેટલાક સ્વતંત્ર ગ્રંથોના પ્રકાશનો થયા હતા. પૂજ્યશ્રીના કાળધર્મ પછી આ કાર્ય અનેરા ઉત્સાહ અને ઉમંગપૂર્વક પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયભુવન ભાનુસૂરીશ્વરજી મહારાજ અને એમના વિદ્વદ્વર્ય શિષ્યોએ સતત ચાલુ જ રાખ્યું. જેમ જેમ ગ્રંથોના સર્જન થતા રહ્યા તેમ એના પ્રકાશન વ્યવસ્થિત રીતે સમિતિ દ્વારા પ્રકાશિત થતા રહ્યા. આ વિષયના બીજા સાત ગ્રંથો તૈયાર થયા. આ સિવાય અત્યંત આવશ્યક અને ઉપયોગી બીજા **૬ પુસ્તકોનું પ્રકાશન** પણ **દિવ્યદર્શન ટ્રસ્ટ,** તથા જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા તૈયાર થયા. આ ૧૩ ગ્રંથો, પુસ્તકોનો પ્રકાશન સમારોહ સંયુક્ત રીતે ગોઠવાયો.

ગ્રંથ, પુસ્તક પ્રકાશન માટે આર્થિક સહયોગ આપનાર ટ્રસ્ટો, સંઘો અને વ્યક્તિગત દાતાઓનો આભાર વ્યક્ત કરવા પૂર્વક એમની શ્રુતજ્ઞાન પ્રચાર, પ્રસાર ભાવનાની અનુમોદના કરાઈ. ગ્રંથોના જ્ઞાન પૂજનની ઉછામણી થતાં સારી ઉપજ થઈ. ઉછામણી બોલનાર ભાવિકોએ ભાવોલ્લાસપૂર્વક જ્ઞાન પૂજન કરવા પૂર્વક ગ્રંથો વહોરાવવાની વિધિ કરી સુંદર લાભ લીધો.

સમિતિના સંયોજક શ્રી લાલચંદજી છગનલાલ પિંડવાડાવાળા, તથા શ્રી રમણલાલ વજેચંદભાઈ (અમદાવાદ) સમિતિનો પ્રશંસનીય પ્રગતિવર્ધક પરિચય

તથા શ્રી કુમારપાળ વિ. શાહે પ્રાસંગિક વક્તવ્યો કર્યા હતા. પૂજ્યશ્રીના પ્રેરક પ્રવચન પછી સમારોહ પૂર્ણ થયો.

(પ્રકાશિત થયેલ ગ્રંથો, પુસ્તકોનો પરિચય આ અંકમાં અન્યત્ર અપાયો છે.)

ગ્રંથ પ્રકાશન સમારોહ પ્રસંગે પ્રકાશિત થયેલ ગ્રંથો અને પુસ્તકોનો પરિચય

(૧) **કર્મપ્રકૃતિ-ચૂર્ણિ-ટિપ્પણ** (પ્રતાકાર) મૂલગ્રન્થકાર-૧૪ પૂર્વધર આચાર્ય મહર્ષિ શ્રી શિવશર્મસૂરિ, ચૂર્ણિકાર-અજ્ઞાત મહર્ષિ (પૂર્વધરકાલીન)

સમગ્ર વિશ્વની ઘટનાઓમાં ભાગ ભજવતાં કર્મ તત્ત્વની સ્થૂલ-સૂક્ષ્મ ચિત્ર વિચિત્ર ઘટનાઓ જેવી કે બંધન સંક્રમણ ઉદ્વર્તના અપવર્તના ઉદીરણા ઉપશમના આદિ રહસ્યો આ ગ્રંથ દ્વારા અદ્ભુત પ્રકાશ પથરાઈ રહ્યો છે. ટિપ્પનકાર આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજે એનાં કેટલાક ગુઢ રહસ્યો પર ઢંકાયેલા પડદાનું અનાવરણ કર્યું છે. ટિપ્પનસહિત સૌ પ્રથમવાર પ્રકાશિત થઈ રહેલા આ અદ્ભુત ગ્રંથરત્નનાં અભ્યાસવિના જૈન દર્શનનો અભ્યાસ અધુરો રહી જાય છે, અને સાથે જ વિશ્વનું તાત્ત્વિક દર્શન પણ અપૂર્ણ રહે છે.

દ્રવ્યસહાયક : કલ્યાણભાઈ મણિભાઈ રાવ તથા તેમના પુત્ર મનુભાઈ કલ્યાણભાઈ રાવ પરિવાર અને શ્રી મુનિવ્રતસ્વામી જૈન સંઘ જ્ઞાનખાતુ ઘાટકોપર (મુંબઈ)

કિંમત રૂા. ૫૦-૦૦

(૨-૩) **ઉત્તરપયડિબંધો-ઉત્તરપયડિરસંબંધો ભૂયસ્કાર.** (પુસ્તક આકારે)

પ્રાચીન કર્મસાહિત્યમાં વિકીર્ણ કર્મબંધવિષયક ગૂઢ પદાર્થોને એક ગ્રંથમાં સુરક્ષિત સંકલિત કરવાની સ્વ. સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની સદ્ભાવના અને સંગીન પ્રેરણામાંથી મૂર્તિમન્ત બનેલા બન્ધવિધાન મહાગ્રંથના ૧૩-૧૪માં ભાગ રૂપે પ્રગટ થતા આ ગ્રંથમાં ગતિ આદિ ભિન્ન ભિન્ન માર્ગણાદ્વારોથી ભૂયસ્કાર તત્ત્વની છણાવટ કરવામાં આવી છે.

દ્રવ્યસહાયક : (૨) સ્વ. ચેલાજી વનાજી કોલ્હાપુરવાળાના સુપુત્રો બાબુભાઈ, ભૈયાજી, નવલમલ અશોકકુમાર

(૩) દલાલ મુલચંદ ડાહ્યાભાઈ ખંભાત

શાહ રમણલાલ વજેચંદ અમદાવાદ

કિંમત (૨) રૂા. ૩૫-૦૦ અને

કિંમત (૩) રૂા. ૩૦-૦૦

(૪-૫-૬) બંધવિધાન પ્રશસ્તિ ભાગ ૧-૨ તથા બંધવિધાન મહાગ્રંથ પ્રશસ્તિ :

સમગ્ર, બંધવિધાન મહાગ્રંથની રચના થયા બાદ અંતે મહાવીરપ્રભુનાં શાસનમાં પાટ પરંપરાએ થઈ ગયેલા ધર્મપરાક્રમી મહાપુરુષોની યશોગાથા-જીવન-ચરિતનું આલેખન આ ગ્રંથોમાં કરવામાં આવ્યું છે, તદુપરાંત પ્રસ્તુત બંધ-વિધાન મહાગ્રંથની રચના પાછળ સ્વ. પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા તેઓના શિષ્ય-પ્રશિષ્ય મુનિ-મંડળે કેવો અથાગ પરિશ્રમ વેઠીને કઈ ભૂમિકા ઉપર કેવા વિષમ સંજોગોમાં, કેવી વિકટ પરિસ્થિતિમાં મુનિજીવનની નિયંત્રિત મર્યાદાઓના પાલન સાથે આ વિષય પંચમકાળમાં મહાગ્રંથની રચના કરી છે એનો પણ ટૂંકો ભવ્ય ઈતિહાસ ગુજરાતી અનુવાદ સાથે આલેખવામાં આવ્યો છે.

દ્રવ્યસહાયક : (૪) શેઠ મોતીશા લાલબાગ જૈન ચેરીટીજ ભુલેશ્વર-મુંબઈ.

(૫) દશાપોરવાડ સોસાયટી જૈનસંઘ-પાલડી-અમદાવાદ

કિંમત (૪-૫) રૂા. ૩૦-૦૦

(૭) શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય-ભાગ બીજો :

તર્કસમ્રાટ મહાન જૈનાચાર્ય શ્રીમાન હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત આ આકરગ્રંથ સમગ્ર ભારતીય દર્શનોનાં સિદ્ધાંતના સારભૂત નિચોડરૂપ છે. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે રચેલી 'સ્વાદ્વાદકલ્પલતા' નામની આ ગ્રંથની વિશદ વ્યાખ્યા નવ્ય ન્યાયની વિકસિત શૈલીમાં દાર્શનિક ચર્ચાઓથી ભરપૂર છે. બનારસ ગવર્મેન્ટ સંસ્કૃત યુનિવર્સિટીના ચાન્સેલર (કુલપતિ) શ્રી બદરીનાથ શુકલ વિરચિત હિન્દી વિવેચન સાથે પ્રથમવાર પ્રગટ થાય છે. આ બીજા ભાગમાં ધર્મ-અધર્મ, હિંસા-અહિંસા, ઈશ્વર કર્તૃત્વવાદ સમીક્ષા તથા પંચકારણ સામગ્રીવાદની મુખ્યપણે ચર્ચા છે. કિંમત રૂા. ૩૦-૦૦.

દ્રવ્યસહાયક : જીવણલાલ અબજી જૈન જ્ઞાનમંદિર સંઘ, માટુંગા

ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ, વિલેપાર્લા (પૂર્વ)

(૮) જૈન તત્ત્વજ્ઞાન ચિત્રાવલી :

આ લઘુકાય સચિત્ર પુસ્તકમાં જૈન દર્શનનાં વિશાળ સિદ્ધાંતો જેવા કે વિશ્વસ્થિતિ-જમ્બૂદ્વિપરચના-પુદ્ગલ પરાવર્તન-સમ્યકત્વ અને ગ્રન્થિભેદપ્રક્રિયા-નવતત્ત્વ-જીવભેદ વગેરેનો સચિત્ર પરિચય રજૂ કરવામાં આવેલ છે. ભણવા અને ભણાવવા માટે વિદ્યાર્થી અને શિક્ષકો બધાને એકસરખી રીતે ઉપયોગી છે. ચિત્રાનકશાઓ ખૂબજ ચોકસાઈપૂર્વક બનાવવામાં આવ્યા છે.

કિંમત રૂા. ૭-૦૦

(૯) હારિભદ્રયોગભારતી :

આ એક સંગ્રહગ્રંથ છે જેમાં શ્રીમદ્ હરિભદ્રસૂરિ-પુંગવ વિરચિત ચાર સટીક યોગ ગ્રન્થો પ્રથમવાર જ એક સાથે મુદ્રિત થયા છે.

૧-યોગવિંશિકા-ટીકાકાર શ્રી ઉપાધ્યાય યશોવિજયગણી

૨-યોગશતક-સ્વોપજ્ઞટીકા સહ

૩-યોગદૃષ્ટિસમુચ્ચય-સ્વોપજ્ઞટીકા સહ

૪-યોગબિંદુ-ટીકા સહ

ચારેયનાં મૂળ શ્લોકોનો સંમિલિત અકારાદિ ક્રમ પણ પાછળ આપેલો છે.

દ્રવ્યસહાયક : શ્રી પ્રિન્સેસ સ્ટ્રીટ, લુહાર ચાલ, જૈન સંઘ, મુંબઈ. શ્રી મહાવીરનગર શ્વેતાબર મૂર્તિપૂજક જૈન સંઘ, કાંદીવલી-મુંબઈ.

કિંમત રૂા. ૨૦-૦૦

(૧૦) પ્રવચન સારોદ્ધાર (પ્રતાકાર) ભા. ૧ :

વિક્રમની બારમી શતાબ્દીમાં રચાયેલ આ વિશાળ ગ્રંથમાં ખરે જ શ્રી જૈનપ્રવચનનાં તત્કાલિન ઉપલબ્ધ તમામ સિદ્ધાંતગ્રંથોના સારનું સંકલન કરી લેવામાં આવેલ છે. મૂલગ્રંથકાર શ્રી નેમીચન્દ્રસૂરિદેવે અલ્પ શ્લોકોમાં લગભગ ૨૭૬ દ્વાર (વિષય શીર્ષકો) દ્વારા મહત્ત્વની અનેકાનેક બાબતો પર ભવ્ય પ્રકાશ પાથર્યો છે તેમજ વ્યાખ્યાકાર શ્રીમદ્ સિદ્ધસેનસૂરિ મહારાજે એકપણ દ્વારનાં વિવરણમાં સહેજ પણ કચાશ રહેવા દીધી નથી. જૈન દર્શન અને જૈન ધર્મના સિદ્ધાંતોના સર્વાંગી અધ્યયન માટે આ ગ્રંથ એક મહાકોશની ગરજ સારે એવો મહત્ત્વનો હોવાથી સંસ્કૃતજ્ઞો માટે ઘણો ઉપયોગી છે.

દ્રવ્યસહાયક : શ્રી શ્રીપાળનગર જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ

(૧૧) પંચસૂત્ર-ષોડશક પ્રકરણ યુગલ :

પંચસૂત્ર એ આત્મઉન્નતિના સોપાન પર આરોહણ કરવામાં અદ્ભુત પ્રેરણાદાયક એક અજ્ઞાત મહર્ષિકૃત પ્રાચીનતમ અમર કૃતિ છે. જે બહુશ્રુત સમર્થ શાસ્ત્રકાર તર્કસમ્રાટ શ્રી હરિભદ્રસૂરિ મહારાજની પંજિકા નામની સંક્ષિપ્ત વ્યાખ્યાથી અલંકૃત છે, 'ષોડશક' પણ તે જ મહાપુરુષની મૂળ ગ્રંથાકાર બહુમૂલ્ય રચના છે જે આ શ્રી યશોભદ્રસૂરિકૃત ટીકા તથા મહોપાધ્યાય શ્રી યશોવિજયગણિ વિરચિત યોગદીપિકાટીકા-બે ટીકાથી ઉપશોભિત છે. વર્ષોથી અપ્રાપ્ય આ ગ્રંથયુગલનાં પૂર્વમુદ્રણમાં અનેક આવશ્યક સુધારા વધારા સાથે પુનર્મુદ્રણ કરવામાં આવ્યું છે.

કિંમત રૂા. ૨૦-૦૦

દ્રવ્યસહાયક : શ્રી ગીરધરનગર જૈન સંઘ-અમદાવાદ

(૧૨) પદાર્થ પ્રકાશ-(ભાગ ૨ જો)

'દંડક તથા સંગ્રહણી'ના પદાર્થોનો સંગ્રહ તથા ગાથા અને શબ્દાર્થ આમાં આપેલ છે. ચોવીશ દંડકમાં રખડતા જીવના શરીર, અવગાહનાદિ ચોવીશ વસ્તુઓની વિચારણા દંડકમાં છે. સંગ્રહણીમાં જંબૂદ્વીપની ભૂગોળનું વર્ણન છે. અંતે શાશ્વત મંદિરોના સ્થાનો બતાવી વંદના કરવામાં આવી છે.

કિંમત રૂા. ૩-૦૦

દ્રવ્યસહાયક : સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ

(૧૩) જીવવિચાર-દંડક(સટીક) : (પ્રતાકાર)

પૂર્વાચાર્ય ભગવંતોએ રચેલ જીવવિચાર તથા દંડક પ્રકરણની ગાથાઓને સમજાવતી વિસ્તૃત સંસ્કૃત ટીકાનું પ્રકાશન પ્રતાકારે કરેલ છે.

કિંમત રૂા. ૫-૦૦

દ્રવ્યસહાયક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ મુંબઈ

:: પ્રાપ્તિસ્થાન ::

નીચેના નંબરના પુસ્તકો આ સ્થળે મળશે.

૧ થી ૬, ૮, ૧૧, ૧૨-ભારતીય પ્રા. ત. પ્ર. સમિતિ પિંડવાડા-અમદાવાદ-મુંબઈ.

૭-૯ - **દિવ્યદર્શન ટ્રસ્ટ**-૬૮, ગુલાલવાડી મુંબઈ-૪.

૧૩-૧૪ - જિનશાસન આરાધના ટ્રસ્ટ. ૭ બીજો ભોઈવાડો-મુંબઈ-૨.

• શ્રીપાલનગર (મુંબઈ) ખાતે ઉપધાનતપ માળારોપણ મહોત્સવ તથા ત્રણ મુમુક્ષુઓની ભાગવતી પ્રવજ્યા અંગીકાર કરવાનો અનેરો પ્રસંગ.

માગશર સુદ-૪ શનિવારનો મુમુક્ષુઓ અને માળ પહેરનાર ઉપધાન તપના આરાધકનો ભવ્ય વરઘોડો દર્શનીય બની રહ્યો. માગશર સુદ-૫ ના દિવસે તો વહેલી સવારથી જ ભાવિકોની શ્રીપાલનગરને આંગણે ભારે ઉપસ્થિતિ રહી. હકડેઠઠ સંઘની ઉપસ્થિતિમાં અનેરા ઉલ્લાસ અને ઉત્સાહમાં ઉજવાયેલ આ બંને સંયુક્ત પ્રસંગો અનુમોદનીય અને યાદગાર બની ગયા.

શ્રી ઘીસુલાલજી, લાલચંદજી કપુરચંદજી સોલંકી શીવગંજવાળા ધર્મપ્રેમી પરિવારે ઉપધાનતપ કરાવવાનો લાભ લીધો એટલું જ નહિ શ્રી ઘીસુલાલજીના માતુશ્રી ધર્મપ્રેમી ભીખીબેને તો ઉપધાન તપની જાતે આરાધના પણ કરી. પરિવારના બધા જ સભ્યો આરાધકોની ખડે પગે ભક્તિ કરતા. આજના આ પ્રસંગે એમના આખા ય કુટુંબમાં અનેરો ઉત્સાહ દેખાતો હતો. ભીખીબેને પ્રથમ માળની ઉછામણી બોલી માળ પહેરી ત્યારે હજારોની ભાવિક જનતાએ રોમ હર્ષ હૈયે ઉદારતાની અનુમોદના કરી.

શ્રી શ્રીપાલનગર જૈન શ્વે. મૂ. દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી લાલચંદભાઈએ અનુમોદન પત્રનું વાંચન કરી સ્વાગત સન્માન સહ અનુમોદન પત્ર અર્પણ કર્યું હતું. ઉપધાન તપના અન્ય આરાધકોએ પણ આ પરિવારનું અભિવાદન સહ અનુમોદન પત્ર અર્પણ કર્યું. નાના બાળકો બાળિકાઓ સહિત ૨૦૦ જેટલા આરાધકોને સમતા અને શાતાપૂર્વક પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં આરાધના કરતા જોઈને વારંવાર શ્રી ઘીસુલાલજી અને એમના પરિવારજનો પારાવાર અનુમોદના કરતા રહ્યા. અમારે તો હજી બીજા ૫૦૦ આરાધકો સામૂહિક આરાધના કરે એવા ઉપધાન કરાવવા હતા. આ ઉદ્‌ગારો એકથી વધારે વાર વ્યક્ત કર્યા છે.

આજે વહેલી સવારથી જ માળારોપણ કાર્યક્રમ પહેલાં ત્રણ મુમુક્ષુઓની દીક્ષા વિધિનો મંગળ પ્રારંભ થયો હતો. શુક્રવારનો કામકાજનો ચાલુ દિવસ હોવા છતાં વિશાળ ઉપસ્થિતિ સૌનું ધ્યાન ખેંચે તેવી હતી. યુવાન મુમુક્ષુ શ્રી જગતકુમાર ચંદુલાલ અને શ્રી દિલિપકુમાર તથા ધર્મપ્રેમી શ્રી હિંમતભાઈ ભાગવતી પ્રવજ્યા અંગીકાર કરવા નાણ સમક્ષ ભાવોલ્લાસપૂર્વક થનગની રહ્યા હતા. દીક્ષા વિધિ ખૂબ શાંતિપૂર્વક આગળ ચાલતી જ રહી. સૌના હૈયે સંયમ અને ત્યાગ ધર્મની અનુમોદના ઉછળતી સ્પષ્ટ દેખાતી રહી. પૂજ્યપાદ આચાર્યશ્રીએ શ્રી જગતકુમારને મુનિશ્રી જિતમંગળવિજયજી મહારાજ (પૂજ્ય મુનિશ્રી જયસોમવિજય મહારાજના શિષ્યરત્ન) શ્રી હિંમતભાઈને મુનિશ્રી હરિઘોષવિજયજી મહારાજ (પૂજ્ય પં. શ્રી જયઘોષવિજયજી મહારાજના શિષ્યરત્ન) અને શ્રી દિલિપભાઈને મુનિશ્રી રાજભૂષણવિજયજી મહારાજ (પૂજ્ય પં. શ્રી રાજેન્દ્રવિજયજી ગણિના શિષ્યરત્ન) જાહેર કર્યા ત્યારે હજારોની મેદનીએ હર્ષનાદ અને જયનાદોથી વધાવી લીધા હતા.

ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, સોસાયટીના ધર્મપ્રેમી પરિવારો, ધર્મસેવામાં ખડે પગે સતત ઉપધાન તપ મહોત્સવ અને દીક્ષા મહોત્સવને સફળ બનાવવા સહયોગ આપનાર સૌનું અભિવાદન કરાયું. શ્રી લાલચંદજી છગનલાલે ભાવવિભોર શબ્દોમાં પૂજ્યશ્રીના ઉપકારો બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરેલ.

માળારોપણ અને દીક્ષા વિધિ પૂર્ણ થતાં ૧૨-૩૦ મિનિટે બપોરે પૂજ્યશ્રીને શ્રીપાલનગરથી ગુજરાત વિહારનો પ્રારંભ કરી દીધો. લાલબાગ શ્રીસંઘની વિનંતીથી પૂજ્યશ્રી ૧॥ કલાક માટે લાલબાગ પધાર્યા. અને એક કલાકનું પૂજ્ય મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ તથા પૂજ્ય આચાર્યશ્રીનું પ્રેરક પણ અંતિમ મનનીય પ્રવચન થયું. પૂજ્યશ્રીએ કહ્યું કે "સાધુ જવાથી શોક ન કરતા કે શાંતિ ન અનુભવતા. પણ સાવધ અને સાવધાન બનજો. સન્ટ્રી પોલિસની જેમ સતત સજાગ રાખતા સાધુનો વિયોગ થાય એટલે તો સ્વયં રખેવાળ બની ધર્મસાધનાને વધુ જોમવંતી બનાવતા રહેવાનું એ ચૂકી ન જવાય એ લક્ષ્યમાં રાખજો."

ચાલુ દિવસે બપોરે પૂજ્યશ્રીને વિદાય આપવા લાલબાગ ઉપાશ્રયનો હોલ ખીચોખીચ ઊભરાઈ ગયો હતો. સૌના હૈયા ભારે હતા દૂર દૂર સુધી વિદાય આપવા આવેલ ભાવિકોને જ્યારે માંગલિક સંભળાવ્યું ત્યારે સૌની આંખો અશ્રુભીની થયેલી જોવા મળી હતી. પૂજ્યશ્રીએ દાદર, અંધેરી, ગોરેગામ, ભાઈંદર થઈ હાઈવે રસ્તે પોતાનો પવનવેગી વિહાર પ્રારંભ કરી મુંબઈ નગરમાંથી યાદગાર વિદાય લીધી.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૯,અંક-૨૧,તા.૭-૨-૧૯૮૧

અગત્યનો સુધારો

દિવ્યદર્શન અંક નં. ૧૪ના પેજ નં. ૮૫ ઉપર "પૂજ્યશ્રીના કાળધર્મ પછી આ કાર્ય અનેરા ઉત્સાહ અને ઉમંગપૂર્વક પૂજ્યપાદ આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અને એમના વિદ્વદ્વર્ય શિષ્યોએ સતત ચાલુ જ રાખ્યું." આ રીતે લખાયું છે તે શરતચૂકથી અધૂરું રહી ગયું છે. તેની બદલે "પૂજ્યશ્રીના કાળધર્મ પછી આ કાર્ય અનેરા ઉત્સાહ અને ઉમંગપૂર્વક પૂજ્યપાદ આચાર્યશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્યપાદ આચાર્યશ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજ અને એમના વિદ્વદ્વર્ય શિષ્યોએ સતત ચાલુ જ રાખ્યું." આ પ્રમાણે વાંચવું.

- તંત્રી

• • •